Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યોગ દૃષ્ટિ સમુચ્ચય

## વ્યાખ્યાનો

ભાગ ૧

: વ્યાખ્યાતા :

પ.પૂ.આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી કલ્યાણ પાર્શ્વનાથાય નમઃ

૧૪૪૪ શાસ્ત્રનિર્માતા તર્કસમ્રાટ જૈનાચાર્ય
પૂ. આચાર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે રચેલ

# યોગદૃષ્ટિ સમુચ્ચય

મહાશાસ્ત્ર પરનાં વ્યાખ્યાનો

**ભાગ - ૧**

卐

: વ્યાખ્યાતા :
વર્ધમાનતપોનિધિ દર્શનશાસ્ત્રનિપુણમતિ પૂજ્યપાદ
આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ

: અવતરણકાર :
પૂ. મુનિરાજશ્રી કલ્પરત્નવિજયજી મહારાજ

: સંપાદક :
પૂ. પંન્યાસ શ્રી પદ્મસેનવિજયજી ગણિવર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

● પ્રકાશક ●

**દિવ્યદર્શન ટ્રસ્ટ**
C/O. કુમારપાળ વિ. શાહ
૩૯, કલિકુંડ સોસાયટી,
ધોળકા - ૩૮૭ ૮૧૦. જિ. અમદાવાદ.

બીજી આવૃત્તિ
વિ.સં. ૨૦૪૯

**કિંમત**
**પડતર - રૂા. ૬૦-૦૦**
**મૂલ્ય - રૂા. ૩૫-૦૦**

● સૌજન્ય ●

**શ્રી ચોપાટી જૈન સંઘ**
શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જૈન દેરાસર ઉપાશ્રય
ચોપાટી, મુંબઈ - ૭
હસ્તે : પ્રમુખ
**શ્રી મનસુખલાલ ધનજીભાઈ વોરા**

● પ્રાપ્તિ સ્થાન ●

**દિવ્યદર્શન ટ્રસ્ટ**

**કુમારપાળ વિ. શાહ**
૩૯, કલિકુંડ સોસાયટી,
ધોળકા - ૩૮૭ ૮૧૦.
ફોન : ૨૨૨૯૬ / ૨૩૯૮૧

**ભરતકુમાર ચતુરદાસ**
૮૬૮, કાળુશીની પોળ, કાળુપુર,
અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન : ૩૮૪૨૭૩

મુદ્રક :
**લાક્રિએટા**
૪/૫, જે. પી. ટાવર, ટાગોર રોડ, રાજકોટ. ફોન : ૪૫૦૭૮

**ટાઈપ સેટીંગ : ઓમ કોમ્યુનીકેશન, રાજકોટ.**

For Private and Personal Use Only

# પ્રકાશકનું સંવેદન

વિશ્વવત્સલ શ્રી તીર્થંકરદેવ સ્થાપિત શ્રી ચતુર્વિધ સંઘમાં પ્રાચીનકાળથી જ સુવિહિત આચાર્યભગવંતોની નિશ્રામાં તાત્ત્વિકશાસ્ત્ર ગ્રન્થોની વાચનાઓ અને વ્યાખ્યાનોનાં શુભ આયોજનો થતા આવ્યા છે તે ઘણા આનંદની વાત છે.

વિ.સં. ૨૦૩૮ વર્ષે પાલનપુર સંઘના જૈન મિત્રમંડળ તરફથી પ. પૂ. ન્યાયવિશારદ આચાર્યદેવશ્રીને સપરિવાર ચાતુર્માસ પધારી તાત્ત્વિક વાચનાઓનો અમૂલ્ય લાભ આપવા માટે આગ્રહભરી વિનંતી થઇ. પૂજ્યશ્રીએ સમગ્ર ચાતુર્માસ દરમ્યાન પ્રાતઃકાળે શાન્ત પ્રફુલ્લિત વાતાવરણમાં પૂજ્યપાદ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ વિરચિત શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય જેવા અર્થગંભીર ગ્રન્થના ગૂઢ ભાવો પ્રકાશિત કરતી તાત્ત્વિક છણાવટવાળી વાચનાઓ આપી.

ચતુર્વિધ શ્રી સંઘે વાચનાઓનો સારો લાભ લીધો. પાલનપુર સંઘના શ્રી જૈન મિત્ર મંડળના આગેવાન ભાઇઓને ભાવના થઇ કે આવી ઉત્તમ વાચનાઓ જો ગ્રંથાકારે પ્રગટ થાય તો વર્તમાન અને ભાવિ સકળ સંઘને ઘણો લાભ થાય. તેથી પૂજ્ય આચાર્ય ભગવંતશ્રીને ગ્રંથ તૈયાર કરી આપવા વિનંતિ કરી. તેના શુભ પરિણામે પૂજ્યશ્રીના પ્રવચનો પ્રકાશિત કરતાં અમારા ટ્રસ્ટને આ વાચનાઓ પણ પ્રકાશિત કરવાનો ઉત્તમ લાભ પ્રાપ્ત થયો હતો. તેની પ્રથમ આવૃત્તિ અલભ્ય થતાં આ બીજી આવૃત્તિ પ્રકાશન કરવા માટે **શ્રી ચોપાટી જૈન સંઘ, શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જૈન દેરાસર ચોપાટી મુંબઇ-૭ના પ્રમુખ શ્રી મનસુખલાલ ધનજીભાઇ વોરાને** વિનંતી કરતાં તેમના સૌજન્યપૂર્ણ આર્થિક સહયોગથી આ ગ્રંથ તૈયાર થઇ શકયો છે. તે બદલ ચોપાટી શ્રી સંઘનું અમો હાર્દિક અનુમોદન કરીએ છીએ.

આ માટે અમે પૂજ્ય વાચનાપ્રદાતા આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજા સાહેબના અત્યંત ઋણી છીએ. તદુપરાંત જે અવતરણો ઉપરથી આ ગ્રન્થ પ્રગટ થઇ શકયો તે વાચનાઓના અવતરણોને શબ્દદેહ આપવામાં બહુમૂલ્ય પરિશ્રમ કરનાર પૂજ્યશ્રીના અંતેવાસી પૂ. મુનિરાજશ્રી કલ્પરત્નવિજયજી મ. તથા આ વાચનાઓનું ગ્રન્થાકારે સફળ સુંદર સંપાદન કરનાર પૂજ્ય મુનિરાજશ્રી પદ્મસેનવિજયજી મ. (હાલ પૂ.પંન્યાસ) ના તેમજ વિહંગાવલોકન- પ્રસ્તાવના લખી આપવા બદલ પૂ. મુનિરાજશ્રી જયસુંદર વિજયજી મ.(હાલ પૂ.પંન્યાસ) ના પણ અમે ઋણી છીએ. આ ગ્રન્થની શુદ્ધ પ્રેસ કોપી તૈયાર કરી આપનાર વયોવૃદ્ધ પૂ. મુનિરાજશ્રી હિતેશ્વરવિજયજી મહારાજના પણ અમો ઋણી છીએ.

પૂજ્યશ્રીની વાચનાઓ પ્રત્યે સકળ સંઘમાં સારું આકર્ષણ પ્રવર્ત્તતું આવ્યું છે. આ વ્યાખ્યાન ગ્રન્થમાં જે ઉત્તમ તત્ત્વભરપૂર જીવનોત્થાનની સામગ્રી પથરાયેલી છે તેનાથી તત્ત્વજિજ્ઞાસુ વર્ગ ખૂબ જ લાભાન્વિત થશે- આનંદિત થશે અને અંતરના ઉમળકાથી વધાવશે એમાં કોઇ શંકા નથી. ગ્રન્થના પ્રારંભમાં આપેલી વિસ્તૃત અનુક્રમણિકા વાચકોને ઘણી અનુકુળતા આપશે તથા જે વિસ્તૃત પ્રસ્તાવના છે તેને તટસ્થભાવે, પૂર્વાગ્રહમુકતપણે શાંત ચિત્તે વાંચનારા સાચા જિજ્ઞાસુઓ હવે સમજી ગયા છે કે એકાન્તવાદતિમિરભાનુ પૂજ્યશ્રીના શાસ્ત્રાનુસારી પ્રવચનો અંગે જે અણસમજભરેલો બિનજરૂરી વિવાદ ઇરાદાપૂર્વક ઊઠાવાયો છે તે પાયા વગરનો છે.

આવા ઉત્તમ ગ્રન્થરત્નના સ્વાધ્યાયથી મુમુક્ષુ જીવો આત્મશ્રેય સિદ્ધ કરે તે જ શુભેચ્છા.

**પ્રકાશક - દિવ્ય દર્શન ટ્રસ્ટ**

**કુમારપાળ વિ. શાહ**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિહંગાવલોકન


## લેખક : પૂ. વિદ્વાન મુનિરાજશ્રી જયસુંદરવિજયજી મહારાજ

(હાલ - પૂ. પંન્યાસશ્રી જયસુંદરવિજયજી મહારાજ)


સકલ શ્રી જૈન સંઘના સદ્ભાગ્યે, તાર્કિક શિરોમણિ- જૈનશાસનના શણગાર પ.પૂ. આચાર્ય દેવ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજની ઉત્તમ પ્રસાદી જેવા **'યોગદષ્ટિ સમુચ્ચય'** નામના અદ્ભુત ગ્રન્થ ઉપર ન્યાયવિશારદ પૂજયપાદ આચાર્યભગવંત શ્રીમદ્ વિજય **ભુવનભાનસૂરીશ્વરજી** મહારાજ સાહેબે કરેલા માર્મિક વ્યાખ્યાનો ગ્રન્થારૂઢ થઇને જિજ્ઞાસુ-મુમુક્ષુ અભ્યાસી વર્ગના કરાલંકાર બની રહ્યા છે એ અસીમ આનંદની વાત છે.

શ્રી જૈનશાસન વિશ્વમાં અજોડ છે, અદ્વિતીય છે, અને અદ્ભુત પણ છે. એની એક એક વાતો એક બાજુ વિશ્વના ગૂઢ રહસ્યોનું અનાવરણ કરે છે, બીજી બાજુ અન્તઃચક્ષુને તેજસ્વી બનાવે છે, તો ત્રીજી બાજુ અંધારી અમાસના જેવી કલિકાલની રાત્રિમાં મુક્તિના પ્રવાસીને સચોટ અને સરળ માર્ગદર્શન પૂરું પાડે છે. કારણ, શ્રી જૈનશાસનમાં જે કાંઇ કહેવાયું છે તે વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની પુણ્યવાણીની સરવાણી જેવું છે. એમાં કોઇ અધૂરપ નથી, સંદિગ્ધતા નથી, અનિશ્ચિતતા જેવું કશું નથી. શ્રી જૈન શાસ્ત્રો અને જૈન શાસનની નીતિઓનો બારીકાઇ અને ઊંડાણથી અભ્યાસ કર્યા પછી 'દુનિયામાં જે કાંઇ અભ્યસનીય છે તે બધું જ આ મહાશાસનમાંથી પ્રસ્ફુરિત ઝરણાઓ જેવું છે' આવા નિષ્કર્ષ ઉપર આવ્યા વિના રહેવાતું નથી. એટલે જ શ્રીમદ્ ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે ત્યાં સુધી કહ્યું છે કે અન્ય દર્શનની વાતોને, પરાર્ધ્ય (એક મોટી સંખ્યા) માં સોની સંખ્યાની જેમ, સમાવિષ્ટ કરી દેખાડતા ન આવડે તો સાચો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય નથી. (જુઓ અધ્યાત્મસાર ૨/૩૬). આ દૃષ્ટિથી જોઇએ તો પૂ. હરિભદ્રસૂરિજી મહારાજે આ યોગદષ્ટિ સમુચ્ચયમાં જૈનશાસનની સરણીને મુખ્ય ઇમારતરૂપે ચણીને એની આજુબાજુ અન્ય દર્શનની હકીકતો અને પરિભાષાઓના અલંકારોથી શણગારવાનું ખૂબ જ મહત્ત્વપૂર્ણ કાર્ય પ્રસ્તુત કર્યું છે.

## જૈનદર્શનમાં યોગ :-

જૈન શાસ્ત્રોમાં 'યોગ' શબ્દ પ્રાચીન કાળથી જ વપરાતો આવ્યો છે. મન વચન અને કાયાની પ્રવૃત્તિને જીવના યોગ રૂપે ઓળખાવવામાં આવી છે. વિકાસક્રમના ૧૩મા ગુણસ્થાનક સુધી જીવને સયોગીરૂપે ઓળખવામાં આવ્યો છે, જ્યારે ૧૪ મા ગુણસ્થાનકે અયોગીરૂપે ઓળખાવ્યો છે. જૈનશાસનની આ વાત ઘણી જ સૂચક અને મહત્ત્વની છે કે 'યોગ' એ જીવનું ચરમ લક્ષ્ય નથી, પરંતુ 'અયોગ' અર્થાત્ તત્ત્વકાય અવસ્થા એ અંતિમ લક્ષ્ય છે. એ અવસ્થામાં પહોંચવા માટે અશુભ મન-વચન-કાયયોગનો નિરોધ અને શુભ પ્રશસ્ત મન-વચન- કાયયોગનું પ્રવર્ત્તન અનિવાર્ય છે. અધ્યાત્મના ક્ષેત્રમાં 'અશુભ યોગનો નિરોધ' એ અર્થમાં કાળ જતાં યોગ શબ્દ રૂઢ બની ગયો છે. પાતંજલ યોગસૂત્રમાં ચિત્તવૃત્તિ નિરોધને યોગ કહ્યો છે, એમાં પણ ઉપાધ્યાયજી મહારાજે 'ક્લિષ્ટ ચિત્તવૃત્તિઓનો નિરોધ' આવો મહત્ત્વનો પરિષ્કાર સૂચવ્યો છે, શ્રી જૈનશાસનમાં યોગ શબ્દનો માત્ર 'વૃત્તિનિરોધ' એવો સંકુચિત અર્થ કરવામાં આવ્યો નથી કિંતુ 'मोक्षेण योजनाद् योगः सर्वोपि धर्म-व्यापारः' એ ઉક્તિ વડે નીચેથી માંડીને ઉપરના પગથિયા સુધીના તમામ મોક્ષસાધક ધર્મવ્યાપારને 'યોગ' રૂપે ઓળખાવ્યો છે. એટલે શ્રી જૈનશાસનમાં 'યોગ' તત્ત્વને સાંગોપાંગ ઓળખવા માટે કોઇ એકાદ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્ર વાંચી લેવાથી કામ સરી જતું નથી, જુદા જુદા શાસ્ત્રોમાં યોગનું જુદી જુદી અનેક શૈલીથી નિરૂપણ કરાયેલું છે. પ્રાચીનમાં પ્રાચીન **આવશ્યક નિર્યુક્તિ** શાસ્ત્રમાં શ્રી ભદ્રબાહુ સ્વામીએ जोगज्झयण (યોગાધ્યયન)માં સંગ્રહ કરવા યોગ્ય ૩૨ પ્રકારના યોગ દેખાડયા છે. શ્રી હરિભદ્રસૂરિ મહારાજે **'યોગવિંશિકા'** પ્રકરણમાં 'સ્થાન-ઉર્ણ-અર્થ-આલમ્બન-નિરાલમ્બન' પાંચ ભેદથી યોગપ્રક્રિયા દેખાડી છે. **'યોગશતક'** ગ્રન્થમાં તેઓએ સત્‌જ્ઞાન-સદ્દર્શન-સચ્ચારિત્રના સંબંધને નિશ્ચય-દૃષ્ટિથી અને એના હેતુભૂત ગુરુવિનયાદિને વ્યવહારદૃષ્ટિથી યોગ કહ્યો છે. તેઓએ જ યોગ-બિન્દુમાં અધ્યાત્મ-ભાવના-ધ્યાન-સમતા-વૃત્તિસંક્ષય આ પાંચ ભેદથી યોગની પ્રરૂપણા કરી છે. તેઓએજ 'યોગદૃષ્ટિસમુચ્ચય'માં આઠ દૃષ્ટિના ભેદથી યોગનું નિરૂપણ કર્યું છે, અને એના પ્રથમ શ્લોકના વિવરણમાં જ સૂચિત કર્યું છે કે વિસ્તારથી યોગનું નિરૂપણ ઉત્તરાધ્યયન-યોગનિર્ણયાદિમાં કરાયેલું છે. કલિકાલ-સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજે પોતાના યોગશાસ્ત્રમાં જ્ઞાનદર્શનચારિત્ર- રત્નત્રયીને યોગ કહ્યો છે, તથા પાંચસમિતિ- ત્રણ ગુપ્તિ આ આઠ પ્રવચનમાતાને પણ યોગરૂપે ઓળખાવી છે. આનાથી એ ફલિત થાય છે કે શ્રી જૈનશાસનમાં યોગ માત્ર ધ્યાન કે સમાધિ રૂપ જ નથી, પરંતુ તેનો અર્થ અને તેની પ્રક્રિયા ઘણાં જ વ્યાપક છે. ટૂંકમાં એમ કહી શકાય કે મુક્તિપ્રાપક કોઇ પણ સાધનાનું નામ જ યોગ છે. જૈનેતર પાતંજલયોગાદિ ગ્રન્થોમાં જે યોગની પ્રક્રિયાનું દિગ્દર્શન છે તેના કરતાં જૈન ગ્રન્થોમાં યોગની પ્રક્રિયાનું દિગ્દર્શન કેટલું વિસ્તારથી, ઊંડાણથી અને વ્યાપકરૂપે કરાયેલું છે તેનો આ ઉપરથી સહેજે આછો ખ્યાલ આવી શકે છે.

## સદ્‌યોગ વિના શાસ્ત્રો પણ સંસાર :

જૈન શાસ્ત્રોમાં જે વ્યાપક અર્થમાં 'યોગ' પદાર્થનું વિસ્તૃત વિવેચન ઉપલબ્ધ છે, તેના અભ્યાસ પછી પણ જો યોગાભ્યાસ જીવનના ક્ષેત્રમાં અમલી ન બને તો કોરી યોગચર્ચાનું કાંઇ ફળ રહેતું નથી. પૂ. હરિભદ્રસૂરિજી મહારાજે યોગબિંદુમાં એક ખૂબજ માર્મિક શ્લોક (૫૦૯)માં જણાવ્યું છે કે - ● **'જેમ મૂઢ ચિત્તવાળા મનુષ્યો પુત્ર-પત્ની વગેરેનો સંસાર ઊભો કરે છે, તેમ શુદ્ધ યોગના અભ્યાસ વગરના વિદ્વાન, પંડિતો શાસ્ત્રમય સંસાર ઊભો કરે છે.'** આનાથી એ ફલિત થાય છે કે શાસ્ત્રોનો અભ્યાસ શુદ્ધ યોગાભ્યાસની સાધના માટે છે, નહીં કે તથ્યહીન વાદ-વિવાદની પરંપરા લંબાવવા માટે. અન્યથા એ પણ એક સંસાર જ બની જાય છે. પતંજલિએ પણ કહ્યું છે કે અનિશ્ચિતવાદ અને પ્રતિવાદમાં પડયા રહેનારા, તલ પીલનારી ઘાણીના બળદની જેમ કયારેય તત્ત્વના રહસ્યને પામી શકતા નથી. એટલે સદ્‌યોગના અભ્યાસીઓ હંમેશા શાસ્ત્રોના તાત્પર્યને નજર સમક્ષ રાખીને, તથા જે નયથી પોતે પ્રરૂપણા કરે છે તેનાથી ભિન્ન ભિન્ન નયની પ્રરૂપણાઓ પ્રત્યે સાપેક્ષભાવ રાખીને જ શાસ્ત્રીય પદાર્થોની ચર્ચા કરે છે. ચર્ચા પણ માત્ર ખંડન-મંડનના આંતરિક રસને લીધે નહીં કિંતુ શુદ્ધ જિજ્ઞાસાભાવથી અથવા અજ્ઞોને સુજ્ઞ બનાવવાના શુભ આશયથી કરે છે. **એનાથી એક લાભ એ થાય છે કે જે લોકોએ શાસ્ત્રોની માત્ર એકતરફી વાતો સાંભળી કે વાંચીને કેટલાક મજબૂત અભિપ્રાયો બાંધી લીધા હોય છે તે કદાગ્રહમાં પરિણમે તે પૂર્વે જ તેઓને અન્ય તરફી શાસ્ત્રોની વાતો જાણવા મળવાથી પૂર્વબદ્ધ અભિપ્રાયોને પરિષ્કૃત કરી લેવાની તક મળે છે.**

એક ઉદાહરણ આપું, વિ.સં. ૨૦૨૭માં અમારું સિરોહીમાં ચોમાસું હતું. ચોમાસુ પૂરું થયા પછી ત્યાં પાટણથી પૂજ્યપાદ વિદ્વાન આચાર્યદેવ (તે વખતે પંન્યાસ શ્રી મુક્તિવિજયજી ગણિવર્ય) શ્રી વિહાર કરતાં પધાર્યાં. શાસ્ત્રની વાતો કરતાં કરતાં મેં તેઓશ્રીને કહ્યું કે સાહેબ ! આપના વ્યાખ્યાનમાં મેં એક વાર સાંભળ્યું છે કે સાધુ જો સર્વવિરતિનો ઉપદેશ કર્યા વિના દેશવિરતિનો ઉપદેશ કરે તો તેને સ્થાવરજીવોની હત્યામાં અનુમતિનો દોષ લાગે જ.

---

● पुत्रदारादिसंसारः पुंसां संमूढचेतसां । विदुषां शास्त्रसंसारः सद्योगरहितात्मनाम् ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજ્યશ્રીએ કહ્યું કે હા, બિલકુલ બરાબર છે. ઉપમિતિમાં એવો પાઠ પણ છે એના આધારે ભારપૂર્વક હું આ વાત બોલું છું.

મેં કહ્યું- સાહેબ ! એ વાત ઠીક છે, પણ યોગશતક ગ્રન્થની સ્વોપજ્ઞ ટીકામાં (આ ટીકા તે વખતે પહેલી વાર તાજી જ છપાયેલી અને મારા વાંચવામાં આવેલી, તેમાં) પૂજ્યપાદ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ શ્લો૦ ૨૮ અને ટીકામાં ભારપૂર્વક પહેલાં દેશવિરતિનો ઉપદેશ કરવાનું જણાવે છે તથા ખુલાસો કરે છે કે સર્વવિરતિનો ઉપદેશ કર્યા પહેલાં જ દેશવિરતિના વ્રતો આપે તો પેલો દોષ લાગે પણ ઉપદેશ કરવામાં નહીં.- એનું શું ?

પૂજ્યશ્રીએ કહ્યું કે ક્યાં છે ? લાવો આપણે જોઇએ ! એટલે મેં એ શ્લોક અને ટીકા એ ગ્રન્થમાંથી કાઢી દેખાડયા.

अथ किमर्थं सुप्रसिद्धमादौ साधुधर्मोपदेश-मुल्लङ्ध्यास्य श्रावकधर्मोपदेशः? इत्याह -

**तस्साऽऽसण्णत्तणओ**
**तम्मि दढं पक्खवायजोगाओ ।**
**सिग्घं परिणामाओ**
**सम्मं परिपालणाओ य ॥२८॥**

'तस्य'- श्रावकधर्मस्य आसन्नत्वाद् गुणस्थानक-क्रमेण भावप्रतिपत्तिं प्रति प्रत्यासन्नः, यथोक्तम् "सम्मत्तम्मि उ लद्धे पलियपुहत्तेण'(विशेषा०१२२२) इत्यादि, अत एव कारणात् 'तस्मिन्'-श्रावकधर्मे द्ढम्' अत्यर्थं 'पक्षपातयोगात्' आसन्ने हि भाव-तस्तत्स्वभावसम्भवेन पक्षपातभावात् । अत एव कारणात् 'शीघ्रं' तूर्णं 'परिणामात्-क्रियया परिणम-नात् तत्पक्षपाते तद्भावापत्तिरिति कृत्वा तथा 'सम्यग्' यथासूत्रं 'परिपालनातश्च' परिणति-गुणेनेति । सुप्रसिद्धत्वं चाऽऽदौ साधुधर्मो-पदेशस्याणुव्रतादिप्रदानकाल-विषयम्, अन्यथोक्त-विपर्यये दोषः । इति गाथार्थः ॥२८॥

પૂજ્યશ્રીએ આગળ-પાછળ બરાબર સંદર્ભ તપાસીને કહ્યું કે તારી વાત બરાબર છે. પણ આ મારે પહેલીવાર જ વાંચવામાં આવ્યું. એ પછી બીજી પણ ઘણી શાસ્ત્રની વાતો થઇ.

ટૂંકમાં કહેવાનું એટલું જ કે શાસ્ત્રનાં એકતરફી પાઠો વાંચીને કે સાંભળીને જે અભિપ્રાય બંધાયો હોય તે શાસ્ત્રના બીજી તરફના પાઠો વાંચવા-જાણવા મળ્યા પછી સુજ્ઞ પુરુષો પહેલાં બાંધેલા અભિપ્રાયને પકડી રાખતા નથી પરંતુ એમાં પરિષ્કાર કરી લે છે.

આ રીતે પરસ્પર વિરુદ્ધ ભાસતા ભિન્ન ભિન્ન નયોને અવલંબીને શાસ્ત્રોમાં પ્રરૂપાયેલા અનેક વિધાનોની પરસ્પર સાપેક્ષતાનો બોધ થવાથી શાસ્ત્રવ્યુત્પત્તિ વધે છે, અને સારાસારનો વિવેક જાગ્રત્ થાય છે. એના બદલે અન્ય નયની પ્રરૂપણાઓનો સર્વથા તિરસ્કાર કરીને ખોટો ઊહાપોહ કે વિવાદ ઊભો કરવાથી આત્મહિત ગુમાવવાનું થાય છે, યોગાભ્યાસ બાજુ પર રહી જાય છે, ને બીજાઓને પણ વ્યુદ્ગ્રાહિત અને અભિનિવેશિત કરવાનું થાય છે, તથા માનવજીવન હારી જવાય છે. આ વિચારણાને સદા લક્ષમાં રાખનારા પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ 'યોગદષ્ટિસમુચ્ચય' જેવા અર્થગંભીર ગ્રન્થરત્ન ઉપર સર્વ નયને સાપેક્ષ રહીને કરેલા વ્યાખ્યાનો ચતુર જિજ્ઞાસુવર્ગને એક ઉત્તમ સ્વાધ્યાયનું આલમ્બન પુરું પાડશે એમાં કોઇ શંકા નથી.

આ પૂર્વે પૂજ્યપાદશ્રીએ શ્રી 'લલિતવિસ્તરા' ગ્રન્થના વિવેચન રૂપે **'પરમતેજ'** ભા. ૧-૨ તથા શ્રી 'પંચસૂત્ર' ગ્રન્થના વિવેચનરૂપે **'ઉચ્ચપ્રકાશના પંથે'** આ બે ગ્રન્થો શ્રી સંઘ સમક્ષ મૂકીને શાસનની ઉત્તમ સેવા બજાવી છે. એ બે ગ્રન્થોનાં સુજ્ઞ વાચકોએ નિષ્પક્ષપણે એની મુક્ત કંઠે પ્રશંસા કરી છે. વળી યોગદષ્ટિસમુચ્ચય ગ્રન્થની પીઠિકારૂપે એકવાર પૂર્વે પણ પૂજ્યશ્રીના પ્રવચનો પ્રસિદ્ધ થયેલાં છે. આ ગ્રન્થોનાં વાચકોએ તેના સ્વાધ્યાયથી જે નિર્જરા સિદ્ધ કરી છે, તેમાં પ્રગટ થતાં આ નવા ગ્રન્થથી અપૂર્વ વૃદ્ધિ થવાની પૂરી સંભાવના છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વોપજ્ઞ ટીકા સહિત યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રન્થ ઘણો સંક્ષિપ્ત તથા ગૂઢ હોઇને પ્રબુદ્ધ સંસ્કૃતજ્ઞોને પણ તેના સ્વાધ્યાયથી વંચિત રહેવું ન પડે એ માટે પૂજ્યપાદશ્રીએ આ ગ્રંથની ગૂઢગ્રંથિઓને આ વ્યાખ્યાનોમાં ખોલી આપીને મહાન ઉપકાર કર્યો છે. કવચિત્ પ્રશ્નોત્તરની શૈલીથી તો કવચિત્ વિધાનાત્મક શૈલીથી પૂજ્યશ્રીએ ગ્રન્થના ગૂઢ તત્ત્વોને ખૂબ જ સુંદર રીતે સમજાવ્યા છે. વળી ગ્રન્થનાં વિષયોને સમજવા માટે જ્યાં અન્ય અન્ય વિષયોની માહિતીની જરૂર હતી ત્યાં પૂજ્યશ્રીએ પ્રાસંગિક રીતે રજૂ કરવામાં કયાંય સંકોચ રાખ્યો નથી એનાથી વાચકોને મોટો લાભ એ થશે કે ગ્રન્થાન્તર્ગત વિષયો ઉપરાંત પણ જૈન-જૈનેતર શાસ્ત્રોના અન્ય પણ અનેક સિદ્ધાન્તોનું સચોટ જ્ઞાન પ્રાપ્ત થશે, જે ગ્રન્થના વિષયોને સમજવા માટે પણ ઘણું જ ઉપયોગી બનશે. વાચકવર્ગને એક વિષયની જિજ્ઞાસા શમે કે તરતજ અન્ય વિષયની જિજ્ઞાસા ઊભી થતી રહે અને આગળ એનું સમાધાન પણ મળતું રહે એ રીતે ગ્રન્થ વાંચવામાં તત્ત્વજ્ઞાનનો રસ અતૂટ જળવાઇ રહે એવી સુંદર વ્યાખ્યાનોની શૈલીથી ગ્રન્થના મર્મો પ્રગટ કરવામાં પૂજ્યપાદશ્રીએ ઉત્તમ કૌશલ્ પ્રાપ્ત કર્યું છે એ 'પરમતેજ' વગેરે ગ્રન્થોના વાચકોને તો અનુભવસિદ્ધ હશે જ, ઉપરાંત આ ગ્રન્થ વાંચીને પણ તેવો જ અનુભવ થશે એમાં કોઇ શંકા નથી. વાસ્તવમાં આ વ્યાખ્યાનગ્રન્થ અનેક બહુમૂલ્ય અનુભવો, ગૂઢ શાસ્ત્રચિંતન અને શાસ્ત્રવિધાનોના આંતરિક રહસ્યોના પ્રગટ ખજાના જેવો બની ગયો છે. આમાં કોઇ અતિશયોક્તિ લાગતી હોય તો સ્વયં નિમ્નનિર્દિષ્ટ સ્થાનોનું અવલોકન કરવા વાચકોનું ધ્યાન દોરું છું.

## વ્યાખ્યાનગ્રન્થની વિશેષતાઓ :-

શરૂઆતમાં જ બીજા પેજ ઉપર પૂ. હરિભદ્રસૂરિ મહારાજના 'આ ગ્રન્થની મૌલિકતા' દેખાડનારી પૂજ્યશ્રીએ (૧) અને (૨) નંબરના પેરેગ્રાફમાં કરેલી રજૂઆત, એ પછી પેજ ૩ ઉપર 'પાત્રને વિશિષ્ટ પમાડવાનું કામ સમર્થ'નું એ પેરેગ્રાફ.

પેજ ૬ માં શિષ્ટ પુરુષની વ્યાખ્યા. પેજ ૭ માં બીજી કોલમમાં કર્મક્ષય સાધક શુભ અધ્યવસાયમાં આશ્રવ- સંવર અને નિર્જરા એ ત્રણ તત્ત્વોનો સમાવેશ કઇ રીતે થયો તે.

એ પછી પૃ. ૯ થી ૨૪ માં ધર્મકાય - કર્મકાય અને તત્ત્વકાય આ ત્રણ અવસ્થાઓનું વિવેચન ખૂબ જ હૃદયંગમ બન્યું છે. આ વિષયથી લગભગ ઘણાં અપરિચિત છે અને તેઓને આનાથી ઘણું જ સુંદર જાણવા મળશે.

પૃ. ૧૦ માં 'અધ્યાત્મદંભિઓની ભ્રમણા' વાળો પેરેગ્રાફ. પૃ. ૧૨માં 'મોક્ષમાં ભવ્યત્વનો નાશ કેવી રીતે' એની રજુઆતમાં કર્મસંયોગ અને તથાભવ્યત્વ બંને અનાદિ હોવા છતાં સ્વભાવરૂપ તથાભવ્યત્વનો નાશ કઇ રીતે ? આ પ્રશ્ન અને એનું સમાધાન પૂજ્યશ્રીની અદ્ભુત પ્રતિભાનો પરિચય આપવા માટે પૂરતું છે.

પૃ. ૧૪માં વરબોધિ જુદું કેમ ? આ રજુઆત પણ ખૂબ જ માર્મિક છે. પૃ. ૧૬માં તીર્થંકરપણાની પુણ્યાઇના કારણભૂત વીશ સ્થાનકનાં નામ સહેલાઇથી યાદ રાખવા માટે પૂજ્યશ્રીએ ખૂબ જ સુંદર રજુઆત કરી છે.

પૃ. ૧૮માં તીર્થંકર ભગવાનના અનન્ય ઉપકારો અને જૈન ધર્મની આગવી વિશેષતાઓનું નિરૂપણ સુંદર છે. આવી અનેક વિશેષતાઓનાં, આ ગ્રન્થમાં ઠેરઠેર જિજ્ઞાસુઓને દર્શન થશે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન ઉપદેશકની કુશળતા

આ વિશેષતાઓ ઉપરાંત, કોઇપણ જાતની આ લોક-પરલોકની પૌદ્‌ગલિક આશંસા છોડાવવા માટે પૂજ્યપાદશ્રીએ કેવી કુશળતાપૂર્વક પ્રતિપાદન કર્યું છે તે નીચેના ફકરાઓ વાંચનારને બરાબર ખ્યાલમાં આવશે. - (જુઓ પેજ ૧૭૫) ચારિત્ર જ નહિ, પણ ગૃહસ્થપણાની ય દેવ-દર્શન-પૂજા વગેરે ધર્મક્રિયા પણ ઓઘદૃષ્ટિ રાખીને ઐહિક કામનાઓથી કરી. દા.ત. ''દેવદર્શન-પૂજા- આદિ ધર્મક્રિયા સારી રીતે કરીએ તો ધર્માત્મામાં ખપીએ, તો વેપારમાં શાખ સારી પડે, ધર્મી કુટુંબોની કન્યાઓ આપણાં દીકરાઓ વેરે આવે'' ... ''ઘોડીયાં-પારણું લઇએ તો ઘરે વહુ ને દીકરો જન્મે એનું ઘોડિયાં-પારણું બંધાય....'' આમ વિષયરાગથી ધર્મક્રિયા થઇ...

(જુઓ- પેજ ૧૭૬) ''સારાંશ, ઓઘદૃષ્ટિથી રંગાયેલી ધર્મક્રિયાઓમાં ધર્મયોગોમાં દૃષ્ટિ અને પ્રીતિ દુન્યવી વિષયો પર, કાયિક સુખો પર; પણ આત્માનાં- આત્મહિતનો કશો વિચાર જ નહિ.''

આ રીતે પૂજ્યશ્રીએ યોગદૃષ્ટિથી રંગાયેલી ધર્મક્રિયાઓ કરતા ઓઘદૃષ્ટિની ક્રિયાઓને સ્પષ્ટ અલગ પાડી બતાવી દીધી છે. એ સૂચવે છે કે તેઓ ધર્મક્રિયાઓનું જરાપણ અપમાન ન થાય અથવા ધર્મક્રિયાઓમાં કોઇને હેયબુદ્ધિ ન થઇ જાય તે રીતે પૌદ્‌ગલિક આશંસાઓની હેયતાનું સચોટ નિરૂપણ કરે છે.

તે છતાં પણ ત્યાં એમ કહેતા નથી કે ''આવી સંસારમાં ઉપસ્થિત થયેલી આપત્તિના નિવારણ યા જરૂરી કાર્યના સંપાદનના ઉદ્દેશથી કરેલી ધર્મક્રિયાઓ તમને સંસારમાં રખડાવી મારશે - નુકશાન કરશે, કે સાવ નકામી છે અને તે રીતે ન જ થાય.'' એમ નહિ કહેવાનું કારણ એ છે કે **શ્રાવક સંસાર - ઘરવાસમાં રહે તો પણ ધર્મને જ મુખ્ય કરનારો હોય છે.** કેમ કે ધર્મ પર એને એવી શ્રદ્ધા છે કે ઠેઠ મોક્ષ સુધીના સમસ્ત વાંછિતો ધર્મથી જ સિદ્ધ થાય છે. માટે શ્રાવક વાતે વાતે ધર્મને જ આગળ કરે છે, ધર્મનું જ શરણું લે છે. તો પછી મોક્ષ સિવાયના બીજા કાર્ય માટે કે આપત્તિના નિવારણ માટે એ પોતે ધર્મનું જ શરણું લે, ધર્મસાધના કરે એમાં કાંઇ ભવના ફેરા વધતાં નથી પરંતુ ધર્મ શ્રદ્ધા વધે છે. પરિણામે દૃઢધર્મી થાય છે.

પૂજ્યશ્રી એવું જરાય ઇચ્છતા નથી કે ધર્મશ્રદ્ધાળુ વર્ગ વૈરાગ્યાદિને ભૂલી જાય. તેથી જ તો પૃ. ૧૧૭ માં પહેલાં જ કહી આવ્યા છે કે - ''દર્શન - પૂજા ત્રિભુવનચક્રવર્તી તીર્થંકર ભગવાનના કરવા છતાં વાસ્તવમાં પ્રભુ પાસેથી થોડો ય વૈરાગ્ય નથી લેવાતો, એટલે પ્રભુ પાસે તુચ્છ ચીજની ભીખ મંગાય છે! તેમ શ્રદ્ધાબળ નથી લેવાતું કે 'અરિહંત પરમાત્મા અચિન્ત્ય પ્રભાવી છે, એટલે જગતનું ય સારું મળશે તો તે આ નાથના પ્રભાવે જ મળશે, એમના પ્રભાવે જરૂર મળશે, માટે 'નમું તો આ નાથને જ, ભજું તો આ પ્રભુને જ, સ્મરું - જપું તો આ અરિહંતને જ' - આ શ્રદ્ધાબળ ન હોય એટલે પછી બજાર-વેપાર- ઇજ્જત વગેરે પર યા દોરા - ધાગા-મંતર-જંતર વગેરે પર શ્રદ્ધા કરાય છે!''

આ રીતે પૂજ્યશ્રી, સંસારમાં આવશ્યક કર્તવ્યપાલન કે આપત્તિ નિવારણના ઉદ્દેશથી કરાતી જિનોક્ત ધર્મક્રિયાથી મળતા ફળ દ્વારા ધર્મ-શ્રદ્ધા વધવાના કારણે લોકો દોરા-ધાગા-મંતર-જંતર યા મિથ્યા દેવદેવીની માન્યતાના અનિષ્ટથી બચતા રહે એ સારી રીતે સમજે છે. એટલે એને વિષક્રિયાનું લેબલ લગાડીને ક્યાંય વખોડી કાઢતા નથી. આ રીતે તેઓ પૂર્વાચાર્ય ભગવંતોની વ્યાખ્યાનશૈલીને પણ પૂરેપૂરા અનુસરે છે. હજુ પણ આગળ જુઓ. (પૃ. ૨૪ કોલમ ૨) ''હેયઉપાદેયના વિવેકીને જે કાંઇ કરવાનું રહે તે પોતાનું શુદ્ધ સ્વરૂપ શુદ્ધ તત્ત્વ પ્રગટ કરવા માટે જ કરવાનું હોય.'' આ કીધા પછી એ સાવધાની આપે છે કે જોજો દરેક ધર્મપ્રવૃત્તિમાં અનંતર પ્રયોજનની ઘોર ઉપેક્ષા કરીને માત્ર ચરમ લક્ષ્ય (પ્રયોજન) પોતાનું શુદ્ધ સ્વરૂપ (મોક્ષ) જ નજરમાં નહિ રાખતા, પરંતુ નિકટનું શુભ પ્રયોજન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ ખાસ નજરમાં રાખજો.''

એટલે એ જ પૃષ્ઠમાં ''એમ આધ્યાત્મિક જીવનમાં દયા-દાનાદિ આચાર પાળે એ શા માટે ? તો કે સમ્યક્ત્વરૂપી ફળ માટે. સમ્યક્ત્વ આવ્યું, હવે એના ૬૭ આચાર શા માટે આરાધે ? તો કે બાર વ્રતની સાધના માટે. એ શા માટે કરે ? તો કે અંતરાત્મામાં દેશવિરતિ ભાવ પ્રગટાવવા, ને પંચમ ગુણસ્થાનકરૂપી ફળ માટે. એ ફળ પણ, એક દિવસ સંસાર-ત્યાગ કરી સાધુજીવન લઈ એની સાધના કરાય એ ફળ માટે. એ પણ અંતરાત્મામાં સર્વવિરતિ ભાવરૂપી ફળની પ્રાપ્તિ માટે અને એના સંવર્ધન માટે કરાય. એ પણ ઉત્તરોત્તર અપ્રમત્તભાવ, અપૂર્વકરણ વગેરે ફળ માટે, ને એ પણ અનાસંગયોગ અને વિતરાગભાવરૂપી ફળ માટે કરાય. એ પણ કેવળજ્ઞાન માટે, ને એ પણ અંતે અયોગ અને શૈલેશી રૂપ ફળ માટે છે. તેમજ એ પણ સર્વ કર્મક્ષય કરવા માટે છે. અને એ પણ સર્વથા શુદ્ધ અનંત - જ્ઞાન - સુખાદિમય -આત્મતત્ત્વ-આત્મસ્વરૂપ પ્રગટ કરવા માટે કરાય છે.''

(પૃ. ૨૩ કોલમ ૧ ) ''જીવનમાં આ ચરમ અને પરમ ફળસ્વરૂપ તત્ત્વકાય-અવસ્થાનું જો લક્ષ્ય બંધાઈ જાય તો એની પૂર્વના-પૂર્વે કહ્યા એ આત્મવિકાસનાં જ ફળ નિપજાવવાની લાલસા રહે, પણ તુચ્છ દુન્યવી સુખ-સન્માન વગેરેની લાલસા ન રહે. શુદ્ધ આત્મસ્વરૂપ સુધીના ફળની લાલસામાં દુન્યવી ફળની લાલસા મરી પરવારે.''

(પૃ. ૩૦ કોલમ ૨) 'પ્ર૦- તો શું રાગદ્વેષ ન ટળે ત્યાં સુધી સમ્યગ્જ્ઞાન નહિ ભણવાનું ? ધર્મક્રિયા નહિ કરવાની ?

ઉ૦- સમ્યગ્જ્ઞાન જરૂર ભણવાનું, અને ધર્મક્રિયા પણ જરૂર કરવાની, પરંતુ તે રાગદ્વેષ ટાળવાના ઉદ્દેશથી કરવાની.

(પૃ. ૪૭ કોલમ ૧) ''શુદ્ધ ધર્મ કરવાની જ ધગશ હોય, તો જ ઇચ્છાયોગની સાધનામાં આવી શકાય. નહિતર નહિ. જગતમાં સંમૂર્છિમ ક્રિયા કરનારા હોય છે, વિષક્રિયા કરનારા હોય છે, પણ એ ઇચ્છાયોગમાં નહિ ગણાય, કેમકે એ શુદ્ધ ધર્મની સાચી ઇચ્છા નથી.''

આ બધા પ્રતિપાદનથી એક વાત નિશ્ચિત જ છે કે પૂજ્ય ગુરુદેવશ્રી એવું જરાય ઇચ્છતા નથી કે 'લોકો ભલે સંસારમાં જ રહે અને ધર્મક્રિયા કરતાં રહે.' તથા એવું પણ ઇચ્છતા નથી કે 'મલીન આશયથી ધર્મક્રિયા કરીને સંસારમાં ભલે રખડયા કરે.' તેમ એવું પણ ઇચ્છતા નથી કે 'પાપક્રિયાને બદલે માત્ર ધર્મક્રિયા કર્યા કરે, પછી ભલેને મોક્ષે ન જાય' ત્યારે 'પાપક્રિયાને બદલે જીવ ધર્મક્રિયાઓ જ કરતા રહે' એવું તો જરૂર ઇચ્છે છે કે જેથી એ ધર્મક્રિયાથી પરંપરાએ તેમાં યોગ્યતા પ્રગટ થવા સાથે મોક્ષ માટે પ્રગતિ કરતા થાય.

કેવલિભાષિત શુભ ધર્મ-સાધનાઓનું જૈન શાસનમાં ઘણું ઘણું મહત્વ છે. એના જેવી બીજી કોઈ શ્રેષ્ઠ સાધના નથી, શ્રેષ્ઠ ક્રિયા નથી. એમાં એવી શકિત પડેલી છે કે જે ચરમાવર્ત્તવર્ત્તી જીવોમાં યોગ્યતાદિના આધાન દ્વારા ભાવને પણ ખેંચી લાવનારી થાય છે. એટલે કે ક્રિયાનયની દૃષ્ટિએ શુભક્રિયાઓનો સ્વતંત્ર મહિમા છે. એટલે જ જયારે જયારે એમ કહેવાય છે કે ભાવપૂર્વકની જ ક્રિયા મોક્ષ હેતુ છે ત્યારે એનો અર્થ એ કરાય છે કે ભાવસંપાદન દ્વારા ક્રિયા મોક્ષહેતુ બને છે. નહિ કે ભાવપૂર્વકત્વરૂપે ક્રિયા મોક્ષમાં હેતુ છે. - જો ભાવપૂર્વકત્વરૂપે ક્રિયાને મોક્ષ હેતુ માનીએ તો ઉપા૦ શ્રી યશોવિજયજી મહારાજ જણાવે છે તેમ - ભાવ અન્યથાસિદ્ધ (અર્થાત્ અહેતુ) થઇ જાય. માટે મોક્ષ પ્રત્યે ક્રિયાની કારણતા ભાવપૂર્વકત્વરૂપે નહિ પણ સ્વતંત્ર શકિતવિશેષરૂપે કહી છે. ( જુઓ યોગલક્ષણ બત્રીસી ૧૦ મી શ્લોક ૨૭ ટીકા - कारणता च तस्याः शक्तिविशेषेण न तु भावपूर्वकत्वेनैव, भावस्याऽन्यथासिद्धिप्रसंगात्) આ રીતે ચરમાવર્ત્તવર્તી જીવોને મોક્ષમાર્ગે પ્રગતિ કરાવનારી હોવાથી ધર્મક્રિયાઓ ખૂબ જ મહત્વની છે, અને તેથી જ શાસ્ત્રકાર ભગવંતોએ મોક્ષના આશય વિના પણ યથાકથંચિત્ તે લાયક જીવો દ્વારા કરાતી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મક્રિયાઓને અવગણવાને બદલે આવકારી છે. કારણ, મોક્ષપુરુષાર્થની જેમ ધર્મપુરુષાર્થ પણ ઘણો ઘણો વખાણ્યો છે, પણ અર્થ-કામની જેમ એને વખોડયો નથી.

અહીં જો એવો પ્રશ્ન કરવામાં આવે કે -

પ્રશ્ન - કલિકાલસર્વજ્ઞ પૂજયપાદ હેમચંદ્રસૂરિ મહારાજે ત્રિષષ્ટિશલાકાના દશમા પર્વના તેરમાં સર્ગમાં મોક્ષને જ વાસ્તવિક પુરુષાર્થ જણાવીને સંસારના કોઇપણ હેતુથી ધર્મ કરવાનો નિષેધ અને મોક્ષના હેતુથી ધર્મ કરવાનું વિધાન કર્યું છે એનું શું ?

ઉત્તર- તો આના ઉત્તરમાં પહેલા એ શ્લોકો ધ્યાનમાં લઇએ.

पुमर्था इह चत्वारः कामार्थौ तत्र जन्मिनाम् ।
अर्थभूतौ नामधेयादनर्थौ परमार्थतः ।।१।।
अर्थस्तु मोक्ष एवैको धर्मस्तस्य च कारणम् ।
संयमादिर्दशविधः संसाराम्भोधितारणः ।।२।।
अनन्तदुःखः संसारो मोक्षोऽनन्तसुखः पुनः।
तयोस्त्याग-परिप्राप्तिहेतुर्धर्मं विना न हि ।।३।।
मार्गं श्रितो यथा दूरं क्रमात् पंगुरपि व्रजेत् ।
धर्मस्थो घनकर्माऽपि तथा मोक्षमवाप्नुयात्।।४।।

આ શ્લોકોમાં અર્થ અને કામને જેમ પરમાર્થથી અનર્થરૂપે જણાવ્યા **તેમ ધર્મને અનર્થરૂપે જણાવ્યો નથી.** એનાથી એ ફલિત થાય છે કે મોક્ષ જ એક પુરુષાર્થ છે એમ કહેવામાં અર્થ અને કામનો જ વ્યવચ્છેદ ઇષ્ટ છે, નહિ કે ધર્મનો પણ. વળી સંસ્કૃત ભાષાનો જાણકાર કોઇપણ આ ચાર શ્લોક વાંચીને એવું કહેવાની હિંમત નહી કરે કે આ શ્લોકોમાં મોક્ષ સિવાયના કોઇપણ હેતુથી ધર્મ કરવાનો નિષેધ કર્યો છે. ઊલટું ચોથા શ્લોકમાં જે કહ્યું છે

**" માર્ગ પર રહેલો પાંગળો પણ ક્રમશઃ દૂર પહોંચી શકે છે એ રીતે ભારેકર્મી પણ ધર્મમાં રહ્યો હોય તો મોક્ષને પામી શકે છે".**

આનાથી તો ઊલટું એ ફલિત થાય છે કે મોક્ષનો આશય તત્કાળ ન હોય અને સંસારની વ્યથા નિવારવાનો હેતુ હોય તો પણ ચરમાવર્ત્તવર્ત્તી ભારેકર્મી જીવો ધર્મ માર્ગે ચાલે તો પરંપરાએ તેને પણ મોક્ષ પ્રાપ્તિ થઇ શકે છે. કારણકે ધર્મ એ મોક્ષના માર્ગરૂપ છે.

જો કલિકાસર્વજ્ઞને મોક્ષ જ એક પુરુષાર્થ તરીકે ઇષ્ટ હોત અને ધર્મ ઇષ્ટ ન હોત, તો, વીતરાગ સ્તોત્રમાં 'कुमारपाल भूपालः प्राप्नोतु फलमीप्सितम्' આ વીતરાગ સ્તવનાથી કુમારપાળ રાજાને વાંછિતફળ પ્રાપ્ત થાઓ - આવો ઐહિક-પાર-લૌકિક ફલપ્રાપ્તિનો આશીર્વાદ આપત ખરા ?★

પ્ર૦ - અહીં કુમારપાળનું વાંછિત ફળ એટલે મોક્ષ જ હોય ને ?

ઉ૦ - પૂજ્યશ્રી પ્રભાચંદ્રસૂરિ મહારાજે આની ટીકામાં 'ઐહિક-પાર-લૌકિક' એવો જ અર્થ કર્યો છે. એટલે ' મોક્ષરૂપી જ વાંછિતફળ' નો આશીર્વાદ આપ્યો છે એવી રજૂઆત શાસ્ત્રગર્ભિત કે કદાગ્રહ ગર્ભિત ? તદુપરાંત,

तुल्ये चतुर्णां पौमर्थ्ये पापयोरर्थकामयोः ।
आत्मा प्रवर्त्तते हन्त, न पुनर्धर्ममोक्षयोः ।।

આ શ્લોક દ્વારા અર્થ-કામને પાપપુરુષાર્થ દર્શાવી, જીવો ધર્મ-મોક્ષ પુરુષાર્થમાં નથી પ્રવર્તતા તેનો ખેદ દર્શાવે છે. વળી સ્વયંબુદ્ધ મંત્રીએ રાજાને કરેલા ઉપદેશમાં તેઓશ્રી

पुंसां शिरोमणीयंते धर्मार्जनपरा नराः ।
आश्रीयन्ते च संपद्भिर्लताभिरिव पादपाः ।।

અર્થાત્ ધર્મનું ઉપાર્જન કરનારા (ધર્મપુરુષાર્થ આદરનારા) મનુષ્યો પુરુષોમાં શિરોમણિ ભાવને ધારણ કરે છે, અને જેમ વૃક્ષો વેલડીઓથી વિંટાઇ એ રીતે સંપત્તિઓથી વરાય છે.

આમ કહીને ધર્મપુરુષાર્થના શિરોમણિ ભાવને

★ આ વિષયમાં ઊંડાણથી જાણવા માટે મુનિ શ્રી અભયશેખર વિજયજી આલેખિત 'તત્ત્વાવલોકન- સમીક્ષા' ગ્રન્થ અવશ્ય વાંચવો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્પષ્ટ શબ્દોથી જણાવી રહ્યા છે. અહીં એમ નથી કહ્યું કે માત્ર મોક્ષપુરુષાર્થનું ઉપાર્જન કરનારા જ શિરોમણિભાવ ધરનારા છે. વળી એમાં જ આગળ

विद्याधरनरेन्द्रत्वं धर्मेणैव त्वमासदः ।
अतोऽप्युत्कृष्टलाभाय धर्ममेव समाश्रय ॥

આ શ્લોકમાં રાજાને મંત્રીએ કરેલા ઉપદેશમાં ફરમાવે છે કે ધર્મથી જ તને વિદ્યાધરોમાં નૃપપણું પ્રાપ્ત થયું છે હવે એનાથી પણ ચઢિયાતા લાભ માટે ધર્મનો જ આશ્રય કર.

અહીં નૃપત્વ કરતાં પણ ચઢિયાતા સ્વર્ગાદિ યાવત્ મોક્ષ સુધીના બધા લાભો છે અને એના માટે ધર્મનો આશ્રય કરવાનું સ્પષ્ટ જણાવે છે. એનાથી ફલિત થાય છે કે *સાંસારિક પદાર્થના આશયથી પણ જીવો ધર્મમાં જોડાય તે તેઓને ઇષ્ટ જ છે કારણકે ચરમાવર્ત્તમાં આવેલા જીવો ધર્મમાર્ગે આવીને જ મોક્ષમાર્ગે પ્રયાણ કરતા થાય છે. એટલે જીવો માટે ધર્મ પ્રવૃત્તિનો પુરુષાર્થ ખૂબ ખૂબ કર્તવ્ય છે, એવો જ્ઞાનીઓનો આશય છે.

એટલે 'अर्थस्तु मोक्ष एवैकः' એ વિધાનથી એકમાત્ર મોક્ષપુરુષાર્થની જ પ્રધાનતાનો એકાંત પકડી લઇને ધર્મપુરુષાર્થને ઉતારી પાડવાનો કાંઇ અર્થ નથી. આ તો કલિકાલસર્વજ્ઞ ભગવંતની વાત થઇ. કિંતુ બીજા પણ મહાપુરુષોને, જીવો સાંસારિક વસ્તુઓના આશયથી ધર્મ કરે તે પણ (પરંપરાએ મોક્ષ હેતુક ધર્મ તરફ વળે એ આભ્યન્તર આશયથી) કેટલું ઇષ્ટ છે તે હવે જોઇએ.

તદુપરાંત નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિ મહારાજના શિષ્ય આચાર્યશ્રી વર્ધમાનસૂરિજી મહારાજ વિરચિત ગ્રન્થ **'મણોરમા કથા'** ના અષ્ટપ્રકારી પૂજાની કથાઓમાં પૃષ્ટ ૧૯૪ ઉપર - ઉપદેશકર્તા શ્રી પ્રિયંકરસૂરિ સમુદ્રદત્તને ગંધપૂજાના ઉપસંહારમાં કહે છે કે -

जइ इच्छह धणरिद्धिं गुणसंसिद्धिं जयम्मि सुपसिद्धिं
तो गंधुध्धुरधुवेहि महह जिणचंदबिबाई ॥२६४॥

**"જો ધન -ઋદ્ધિ અને જગતમાં સુપ્રસિધ્ધ ગુણ સંસિદ્ધિને ઇચ્છતા હો તો અતિશયિતસુગંધી ધૂપ વડે શ્રી જિનચંદ્ર બિંબોની પૂજા કરો."**

**તથા પૃ. ૨૨૨ માં અક્ષત પૂજાના અંતે કહે છે**

चक्करामररिद्धिं इच्छह जइ मोक्खसोक्खमखंडं ।
तो अखंडे विमले जिण-पुरओ अक्खए खिवह ॥४६२॥

**જો ચક્રવર્તીની, દેવતાઓની ઋદ્ધિ કે અખંડ મોક્ષસુખને ઇચ્છતા હો તો ભગવાનની સમક્ષ નિર્મલ અખંડ અક્ષત સ્થાપો.**

**પુષ્પમાલા ગ્રન્થ મલધારી શ્રી હેમચંદ્રસૂરિ મહારાજનો સટીક બનાવેલો છે. તેમાં જીવો ધર્મમાં સ્થિર થાય તે હેતુથી ધર્મસ્થિરતા દ્વારમાં કહ્યું છે કે (શ્લોક ૪૭૫)** किंच यदि विषयतृप्त्यादिनि सुखानि वाञ्छसि तथापि धर्म्म एवोद्यमं कुर्वित्युपदिशन्नाह -

वरविसयसुहं सोहग्ग-संपयं, पवरस्वजसकीत्तिं ।
जइ महसि जीव ! निच्चं, ता धम्मे आयरं कुणसु ॥

**"હે જીવ! જો તું ઉત્તમ વિષયસુખ, સૌભાગ્યસંપત્તિ, સુંદર રૂપ, યશ અને કીર્ત્તિને ઇચ્છતો હોય તો ધર્મમાં જ આદર કર."**

**આ રીતે શાસ્ત્રકાર ભગવંત વિષયસુખાદિ માટે પણ ધર્મનો આદર કરવાનું સિદ્ધાન્તરૂપે સ્પષ્ટ ફરમાન કરે છે. ત્યારે અહીં પણ 'મોક્ષનો આશય હોય તેને જ ધર્મ કરવાનું ફરમાવ્યું છે' એવો આડકતરી રીતે વિપરીત આશય યેન કેન પ્રકારેણ ઉદ્ભાવિત કરવો એ શાસ્ત્રકારના આશયની વિડંબના**

* ખાસ ધ્યાનમાં લેવાની વાત એ છે કે 'સાંસારિક પદાર્થના આશયથી કરાતો ધર્મ' અને 'સંસાર માટે કરાતો ધર્મ' આ બેમાં ઘણો ઘણો ફરક છે. કોઇપણ સુજ્ઞ શાસ્ત્રકારે આજ સુધી સંસાર માટે ધર્મ કરવાનું કહ્યું નથી- એ જ રીતે સુવિહિત ગીતાર્થ પ.પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. પણ સંસાર માટે ધર્મ કરવાનું ક્યારે પણ કહેતા નથી. છતાં પોતાની નબળાઇઓ ઢાંકવા માટે અને લોકોની આંખમાં ધૂળ નાખવા માટે કેટલાક લોકો તરફથી જાણી બુઝીને એવો આક્ષેપ થાય છે એ પાયા વગરનો છે.

For Private and Personal Use Only

કરવા જેવું છે. વળી આ શ્લોકાર્થના પ્રકાશમાં **'અજિત શાંતિ સ્તવ'**માં 'અહવા કિત્તિં સુવિત્થડં ભુવણે' એ છેલ્લી ગાથાનો આશય પણ સ્પષ્ટ થઇ જાય છે. ત્યાં પણ 'મોક્ષના આશયથી જ કીર્તિ માટે ધર્મમાં આદર કરે' એવો આશય ફલિત કરવા જવું તે ઝાંઝવાના નીરથી તરસ મટવાની આશા રાખવા જેવું છે. હજુ પણ આગળ જોઇએ- **શ્રાદ્ધવિધિગ્રન્થમાં** આચાર્ય પુંગવ બહુશ્રુત શ્રી રત્નશેખરસૂરિ મહારાજે શ્રાવકે શું શું કરવું જોઇએ તે વિધાનોના નિરૂપણમાં એક પ્રસંગે જણાવ્યું છે કે -

समुदितक्रयविक्र यादिप्रारम्भे चाऽविघ्नेनाभिमत लाभादिकार्यसिध्द्यर्थं पञ्चपरमेष्ठिस्मरण-श्रीगौतमादि -नामग्रहण- कियत्तद्वस्तुश्रीदेवगुर्वाद्युपयोगित्वकरणादि कर्त्तव्यं धर्मप्राधान्येन सर्वत्र साफल्यभावात् ।"

અર્થ: 'જથ્થાબંધ (અથવા અનેકની ભાગીદારીમાં) ખરીદ-વેચાણનો પ્રારંભ કરતા પૂર્વે નિર્વિઘ્નપણે ઇષ્ટલાભ-કાર્ય સિદ્ધિ થાય એ માટે પાંચ પરમેષ્ઠિ ભગવંતોનું સ્મરણ કરવું, શ્રી ગૌતમસ્વામી ભગવાનનું નામ લેવું, લાભમાંથી અમુક હિસ્સો દેવ-ગુરુને ઉપયોગી બને એવું કરવાનો સંકલ્પ વગેરે કરવું. કારણ કે સઘળે ઠેકાણે સફળતા ધર્મને પ્રધાન કરવાથી મળે છે.'

આનાથી સ્પષ્ટ ફલિત થાય છે કે સંસારમાં ફસેલા શ્રાવકોએ પોતાની આજીવિકામાં સફળ થવા માટે ધર્મને આગળ કરીને પંચપરમેષ્ઠી ભગવંતો આદિનું સ્મરણ કરે તે શાસ્ત્રકાર ભગવંતને ઇષ્ટ છે.

કારણ કે, જેને મોક્ષ પ્રત્યે દ્વેષ નથી, કે જે મોક્ષની શ્રદ્ધાવાળા છે, એટલે જ જેમને દેવાધિદેવ અરિહંત પ્રભુ પર અને એમના અચિંત્ય પ્રભાવ પર શ્રદ્ધા છે, એ માનનારા હોય છે કે, **'જિનભકતે જે નવિ થયું રે, તે બીજાથી નવિ થાય રે'** એટલે હવે જીવનમાં નાના મોટા પ્રસંગમાં વીતરાગ પ્રભુને જ આગળ કરે છે. દા.ત. સવારે જાગ્યા તો પહેલું સ્મરણ 'નમો અરિહંતાણં'નું. પહેલુ કાર્ય શય્યાની બહાર નીકળી ૫-૭ નવકાર ઉચ્ચારણ દ્વારા પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવાનું. કેમ વારું ?

પરમેષ્ઠિ-નમસ્કાર એ મહાન ધર્મ છે; અને ધર્મ એ સર્વ પુરુષાર્થમાં પ્રધાન છે. (જુઓ **ધર્મસંગ્રહ**માં શ્રાવકની દિનચર્યા) માટે ધર્મપુરુષાર્થને સર્વ પુરુષાર્થમાં આગળ કરવાનો. એનાથી જ જીવનમાં મંગળ થાય, ઇષ્ટ-સિદ્ધિ થાય, અનિષ્ટો દૂર થાય. એટલે જ ખાતા-પીતાં- બધે જ પહેલું નવકાર-સ્મરણ કરાય. શ્રાવક ધંધાર્થે જવા નીકળે તો પહેલા નમસ્કારાદિ મંગળ કરીને નીકળે.

જીવનમાં ધર્મને પ્રધાન સ્થાન આપવા જો ધર્માત્મા ધર્મને ઠામ ઠામ ગોઠવી દે, તો મોટા પ્રસંગમાં તો જરૂર ધર્મને આગળ કરે એ સહજ છે. એ નિષ્પાપ પ્રવૃત્તિ છે. એને વિષક્રિયા ન કહેવાય. ધન-કમાઇ અર્થે પરદેશ જવા નીકળવું છે તો સારી રીતે ભગવાનની પૂજા-ભકિત વગેરે ધર્મ કરીને નીકળવાના દ્રષ્ટાંત શાસ્ત્રોમાં ભર્યા પડયા છે ! શું આ બધાંએ વિષક્રિયા કરી ? કે ત્યાં મોક્ષ માટે જ ધર્મ કર્યો ?

**સુલસા** મહાશ્રાવિકાએ જોયું કે "પતિ પુત્ર વિના ચિંતાગ્રસ્ત રહે છે, ને પતિને ઘણું સમજાવવા છતાં એમની ચિંતા મટતી નથી. તેથી હવે પુત્ર થાય તો જ ચિંતા મટે એવી છે તો હું પુત્ર માટે શા સારું મેલા દેવદેવી વગેરેમાં ફાંફાં મારું ? હું ધર્મ જ વધારું, કેમ કે ધર્મ પિતા છે, માતા છે, બંધુ છે, સર્વદાતા છે" એમ વિચારી એણે જીવનમાં ધર્મ વધાર્યો. અહીં સ્પષ્ટ છે કે એણે અત્યારે ધર્મ વધાર્યો એ મોક્ષના જ હેતુથી નહીં પણ પુત્ર-પ્રાપ્તિ અર્થે; તો શું એણે વિષક્રિયા કરી ? મિથ્યાત્વ પોષ્યું ? શું એવી દુર્ગતિ ઉપાર્જી ? શું ભવના ફેરા વધાર્યાં ? ના, મોક્ષાર્થી જીવ જીવન-પ્રસંગોમાં ધર્મને પ્રધાન કરે, ધર્મને આગળ કરે, એ એના દિલની, ધર્મશ્રદ્ધાની, અરિહંત શ્રદ્ધાની વડાઇ છે.

**માનતુંગસૂરિજી**નું પારખું કરવા રાજાએ એમને ૪૪ બેડીઓ પહેરાવી. ઓરડામાં પૂર્યા. એમણે એ બેડીઓ તોડવાના ઉદ્દેશથી ત્યાં નવીન જ અરિહંતની ભકિતભર્યું **ભકતામરસ્તોત્ર** રચ્યું અને બેડીઓ તૂટી ગઇ !

**મનોરમા સતી**એ પતિ સુદર્શન શેઠ પર ચડેલું ખોટું કલંક ઉતારવા અને શૂળીની સજા રદ કરાવવા જ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાઉસ્સગ્ગ લીધો, અને શાસન-દેવતાએ આવી ચમત્કાર સજર્યો. શૂળીનું સિંહાસન કર્યું. ને આકાશવાણીથી રાણીનો પ્રપંચ જાહેર કર્યો. તો અહીં શું સતી મનોરમાએ કાઉસગ્ગરૂપી ધર્મ આદર્યો, એ વિષક્રિયા કરી?

**મોતીશા શેઠ**ના વહાણ દરિયામાં કયાંય અટવાઇ ગયા. શેઠે સંકલ્પ કર્યો કે 'જો આ વહાણ ખેમ કુશળ આવી જાય તો એની બધી આવક જિનમંદિરમાં ખરચવી.' આમાં વહાણ આવી જવાના ઉદ્દેશથી શ્રી જિનમંદિર માટે ખરચ કરવાનું કર્યું, તે શું વિષક્રિયા થઇ?

ધવલના વહાણ શિકોતરી વ્યંતરીએ અટકાવેલા. ધવલની વિનંતિથી **શ્રીપાલકુમારે** નવપદનું સ્મરણ કરી વહાણ ચલાવી આપ્યા. આ નવપદ-સ્મરણ દુષ્ટ દેવતાને હટાવવા તથા વહાણ ચલાવવાના ઉદ્દેશથી કરેલ, તો શું એ નવપદ-સ્મરણનો ધર્મ કોઇ વિષક્રિયા કહેવાય?

શ્રેયાંસનો જીવ સ્વયંપ્રભાદેવી ગુજરી ગઇ ત્યારે પતિ ઋષભદેવ ભગવાનનો જીવ **લલિતાંગ દેવ** ઝૂરતો હતો, પછી સ્વયંપ્રભા મરીને અનામિકા બ્રાહ્મણી થયેલી, અને એણે જૈન મુનિના ઉપદેશથી વ્રત નિયમ તથા અનશન લીધેલું. એની પાસે લલિતાંગદેવે આવી ઓળખ આપી, ફરીથી સ્વયંપ્રભા થવા નિયાણું કરાવે છે, ને અનામિકા તેથી નિયાણું કરી મરીને ફરીથી સ્વયંપ્રભા દેવી થાય છે. આમાં અનશનનો પાછલો ભાગ સ્પષ્ટ દેવી થવાના ઉદ્દેશથી આરાધ્યો, છતાં એ વિષક્રિયા ન થઇ અને ભવનાં ભ્રમણ ન વધ્યા. વિષક્રિયા ન થવાનું કારણ, અનામિકાને સ્વર્ગના વિષયસુખની કામના ન હતી એમ નહીં, પરંતુ પતિ તરીકે લલિતાંગ એક ઉત્તમ ગુણિયલ પૂર્વપરિચિત આત્મા મળે છે, તો એના સથિયારાની લાલસા હતી. આ કાંઇ મોક્ષની લાલસા નહોતી, છતાં અનામિકા સ્વયંપ્રભા દેવી થઇ, ને લલિતાંગની સાથે સાથે ઠેઠ શ્રેયાંસના ભવે પહોંચી, જ્યાં લલિતાંગ એ ઋષભદેવ થયા છે.

જન્મીને તરતમાં અઠ્ઠમ કરનાર **નાગકેતુ** પૂર્વભવમાં પટેલના દીકરા હતા, અને ઓરમાન મા એમને બહુ પીડતી. તેથી એણે શ્રાવક મિત્રને પોતાનું દુઃખ કહી શું કરવું એમ પૂછયું. ત્યારે મિત્ર કહે, 'આ તેં પૂર્વ જન્મે તપ નથી કર્યો, તેથી અહીં પરાભવ પામે છે, ને અહીં પણ તપ નહિ કરે તો આગળ પર શું પામીશ? એ વિચાર કરી જો. માટે તું તપ કર, માતા પર રોષ ન કરીશ.' ખેડૂતપુત્રે મંજૂર કરી પજુસણમાં અટ્ઠમથી તપ શરુ કરવાનું નક્કી કર્યું. આ તપધર્મ કયા ઉદ્દેશથી? કહો, ભવાંતરે અપમાન-ટોણાં-તિરસ્કારાદિ પીડા ન આવે એ ઉદ્દેશથી. છતાં એ વિષક્રિયા નહિ પણ એવી ઉત્તમ ધર્મક્રિયા બની કે બીજા ભવે જ જનમતાં અટ્ઠમ, નાગકેતુ તરીકે મહાશ્રાવકપણું, અને પુષ્પપૂજામાં કેવળજ્ઞાન તથા તદ્ભવે મોક્ષ પામ્યા!

જીવનમાં આવા આપત્તિના પ્રસંગ આવે કે ઇષ્ટ સિદ્ધિ કરવી હોય ત્યારે ધર્મનું શરણું લેવાય એની પાછળ દિલ જોવાનું છે કે દિલમાં ફકત ધર્મથી આ ફળ લઇ લઉં એવી ફળની આકાંક્ષા જ મુખ્ય છે? અને ધર્મને તો એનું માત્ર એક સાધન બનાવાય છે? યા ધર્મ જ મુખ્ય છે, તેથી ફળની આકાંક્ષામાં પણ ધર્મનું જ શરણ ખપે છે? દુન્યવી ઇષ્ટ સાધવા પુરતો જ ધર્મ પકડવો એ જુદી વસ્તુ છે, ને મારે તો બધે ધર્મ જ આધાર, તેથી ઇષ્ટ માટે પણ ધર્મનો જ આશરો લઉં, એ જુદી વસ્તુ છે. પહેલામાં અશુભ વિષક્રિયા છે, બીજામાં શુભ તદ્હેતુ ક્રિયા છે. આ શુભ ક્રિયાવાળો ભવી જીવ મોક્ષ માટેનો ધર્મ કરે જ છે, પરંતુ દુન્યવી આફત નિવારવા કે કયારેક ઇષ્ટ સિદ્ધિ કરવાના ઉદ્દેશથી ય ધર્મ કરે છે. એમાં અલબત્ મોક્ષનો ઉદ્દેશ નથી, છતાં એ વિષક્રિયા નથી, પણ ધર્મ-શ્રદ્ધાવર્ધક શુભ ક્રિયા છે. માટે તો 'જયવીયરાય સૂત્રમાં' પ્રભુ આગળ **'ઇષ્ટફળ સિદ્ધિ'**ની માંગણી મૂકી છે.

પ્ર૦- ભગવાન પાસે કે ધર્મ પાસે દુન્યવી ઇષ્ટ ફળ મંગાય?

ઉ૦- મંગાય, એ ઇષ્ટના અભાવમાં ચિત્ત ખિન્ન રહેતું હોય, દા.ત. આજીવિકાના સાંસા હોય, યા સખ્ત શિરશૂળ હોય, ને તેથી ચિત્તને સમાધિ ન રહેતી હોય, આર્તધ્યાન થયા કરતું હોય, શાંતિથી દેવદર્શનાદિ ધર્મસાધના ન થઇ શકતી હોય, તો એ ઇષ્ટફળ સિદ્ધિ મંગાય. એ જ આશયથી ગણધર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાને જયવીયરાય સૂત્રમાં એ માંગણી મૂકી છે. પ્રભુની પૂજા-સ્તવના કરીને આ માગે એમાં ઇષ્ટ તરીકે મોક્ષ નથી માગ્યો, સાંસારિક ફળ ઇષ્ટ વસ્તુ માગી છે, છતાં ત્યાં ધર્મક્રિયા એ વિષક્રિયા નથી થતી. ધર્મશ્રદ્ધાળુ શ્રાવક સરકારી લફરામાં ખોટો ફસાયો હોય, ત્યાં એમાંથી છૂટવા માટે ધર્મનો આશરો ન લે તો કોનો આશરો લે ? ધર્મનો આશરો લે એમાં શું એ ધર્મનો ગુનેગાર થયો ?

વાંઢા ધર્મી યુવાનને કન્યા ન મળતી હોય, સંયમ કે જીવનભર બ્રહ્મચર્યની તાકાત નથી, ને દુરાચારના માર્ગે જવું નથી, વેદનો ઉદય બહુ પીડે છે, હવે એ પ્રભુની વિશિષ્ટ પૂજાભક્તિ-તપસ્યા કરીને પ્રભુ પાસે માગે કે 'પ્રભુ વેદનો ઉદય પીડે છે, ચિત્તની સમાધિ રહેતી નથી, દુરાચારના માર્ગે નહિ જવાનો નિર્ધાર છે, તો મારા પર કૃપા કર.' આ જો માગે, તો શું એણે ગુન્હો કર્યો ? વિષક્રિયા કરી ?

દીકરાને ભૂત વળગ્યું હોય, એ ઉતારવાના આશયથી શંખેશ્વર ભગવાનની બહુ ભાવથી પૂજા ભક્તિ કરે તો શું એમાં મહાપાપ કર્યું ? અને 'ના, વિષક્રિયા ન કરાય, ભગવાન પાસે આવું ન મગાય,' એમ કરી એના બદલે બાવા ફકીર પાસે જાય અને બકરાનો બલિ કરાવે તો એમાં શું એણે ઓછું પાપ કર્યું ?

દ્વારિકાનો દાહ અટકાવવા માટે નેમનાથ પ્રભુએ જ આયંબિલાદિ તપસ્યાઓ જિનભક્તિ તથા જીવરક્ષા વગેરે ધર્મ કરવાના કહ્યા. અહીં શું પ્રભુએ વિષક્રિયા બતાવી ? આ ધર્મ કરવા પાછળ મોક્ષનો આશય હતો એમ તો કહેવાશે નહીં.

ધર્મને પ્રધાન કરવાથી સાંસારિક કાર્યમાં શ્રાવક સફળ થાય ત્યાં તેને ધર્મ ઉપર શ્રદ્ધા-આદર-બહુમાન વગેરે વધે અને એ બધું વધતાં ધીમે ધીમે છેક સંસારત્યાગના ધર્મ સુધી પહોંચી શકે, એવો શાસ્ત્રકાર ભગવંતોનો શુભ આશય છે. જો આ બરાબર ધ્યાનમાં લેવાય તો આજના કેટલાક તથ્યહીન વિવાદો ટાઢા પડી જાય.

'ધર્મસંગ્રહ' વિશાળ ગ્રન્થ-કર્તા પૂ. ઉપાધ્યાયશ્રી માનવિજયજી મહારાજે પણ શ્રાદ્ધવિધિના પાઠનું અનુમોદન કર્યું છે- એટલું જ નહિ શ્રાવકોમાં ધર્મશ્રદ્ધા વધે (અને ભાવીમાં મોક્ષાર્થી બને) એવા પવિત્ર આશયથી પૂર્વાચાર્ય ભગવંતોએ સાંસારિક ઇષ્ટપ્રાપ્તિના આશયથી ધર્મક્રિયાના કરનારાઓને પણ નિષેધ કરવાનું દુઃસાહસ કર્યું નથી.

જો પૂર્વાચાર્યો ભગવંતોના વિધાનોનું તાત્પર્ય એવું જ હોત કે ''ધર્મક્રિયા સાંસારિક પદાર્થના આશયથી ન જ થાય; આવો જ ઉપદેશ સાધુઓએ કરવાનો હોય, અન્ય પ્રકારનો નહીં જ'' તો ભરતેશ્વરબાહુબલીવૃત્તિ ગ્રન્થ તથા શ્રી ઉપદેશ તરંગિણી ગ્રન્થમાં ધર્મોપદેશના પ્રકરણમાં પૃષ્ઠ ૨૬૪ ઉપર 'लज्जातो भयतो.. ' શ્લોક મૂકીને અને એમ 'લજ્જા, ભય....'' વગેરે દરેક પદનું દૃષ્ટાન્ત સાથે વિવેચન લખીને શુદ્ધ અર્થાત્ જિનોક્ત ધર્મને લજ્જા, ભય, વિતર્ક, મત્સર, સ્નેહ, લોભ, હઠ, અભિમાન, વિનય, શ્રૃંગાર, કીર્તિ, દુઃખ કૌતુક, વિસ્મય વ્યવહાર, ભાવ, કુલાચાર કે વૈરાગ્યથી જેઓ ધર્મ કરે છે તેઓને અમાપ ફલ પ્રાપ્ત થાય છે'' આવી લજ્જા વગેરેથી થતા ધર્મની પ્રશંસા મુદ્દલે ય ન કરી હોત. ઉપદેશતરંગિણીકારે તો આ એકેકના સ્પષ્ટ ઉદાહરણો પણ ત્યાં જ દર્શાવી દઇને છેલ્લે કહ્યું છે કે- **"શું બહુ કહેવું- દરેક રીતે કરેલો ધર્મ મહાલાભ માટે થાય છે."** આનાથી એ સ્પષ્ટ છે કે આવા બધા પ્રશંસા વાક્યો જીવનને ધર્મમાં પ્રવર્તાવવા માટે છે, અને તે માત્ર મોક્ષના આશયથી જ પ્રવર્ત્તાવવા માટે છે એમ નહીં કિન્તુ સાંસારિક પ્રયોજનથી પણ પ્રવર્તતા હોય તો તે માટે પણ કહેલા છે. પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ આજ સુધી જે કાંઇ લખ્યું છે તે ધ્યાનથી વાંચી જનારને એ વાતની પણ પૂરી પ્રતીતિ થશે કે તેઓશ્રી બોલતી કે લખતી વખતે બીજા નયની માન્યતાની તદ્દન ઉપેક્ષા થઇ જાય એવું થવા દેતા નથી. એટલે જ તેઓશ્રીના વ્યાખ્યાનોમાં જ્યારે કોઇ એક નયનું સમર્થન ચાલતું હોય ત્યારે તેને સંપૂર્ણ ન્યાય મળેલો જોઇ શકાય છે. વળી બીજા નયની પ્રરૂપણાનો અવસર આવે ત્યારે એ નયની માન્યતાનું પણ સચોટ સમર્થન અને એને પણ પૂર્ણ ન્યાય મળેલો દેખાશે. એવું નહિ દેખાય કે એકવાર જે નયનું સમર્થન કર્યું હોય પછી કાયમ માટે

For Private and Personal Use Only

એજ નયનો આગ્રહ બંધાઇ ગયો હોય અને એનું ને એનું જ સમર્થન અને પુષ્ટિ કર્યા કરતા હોય. ભિન્ન ભિન્ન નયોને ન્યાય આપવાના આ પ્રકારના વલણને કારણે તેઓશ્રીના વ્યાખ્યાનોમાં જુદે જુદે અવસરે સર્વ નયોની માન્યતાની પ્રરૂપણામાં એકરૂપતા જળવાઇ રહે છે અને પરસ્પર વિરોધને અવકાશ મળતો નથી.

પૂર્વાચાર્ય ભગવંતોનો આશય વિચિત્ર અર્થાત્ ભિન્નભિન્ન પ્રકારનો હોય છે. કયારેક તેઓ કોઇ એક નયથી વાત કરે તો કયારેક એની તદન સામી બાજુના નયથી. એટલે જૈન શાસનના આરાધકો કયારેય પૂર્વાચાર્ય ભગવંતોના વિધાનોમાંથી કોઇ એક જ નયને પકડી લેવાની ઉતાવળ કરતા નથી કિંતુ ઉભય નયને સમજીને ઉભયનય સમ્મત પદાર્થનો સ્વીકાર કરે છે.

શાસ્ત્રગ્રન્થો ચરિત્ર-ગ્રન્થોનો ગુરુગમથી અભ્યાસ કરનાર પણ એ જોઇ-જાણી શકે છે કે શાસ્ત્રોમાં પણ ઠેર ઠેર આપત્તિનિવારણ કે આવશ્યક પ્રાપ્તિ અર્થે ધર્મ કરનારને ઘણા ઘણા લાભ યાવત્ મોક્ષ પ્રાપ્ત થયાના દૃષ્ટાન્તો જોઇએ એટલા મળે છે, પણ એથી ધર્મ કરનારને એકાન્તે નુકસાન જ થયાનું એમાં જાણવા મળતું નથી. પૂર્વે જે શાસ્ત્રકાર ભગવંતોના વિધાનો દર્શાવ્યા છે એનાથી હવે એ પણ સમજી શકાય તેમ છે કે ધર્મનો મહિમા બતાવવા મોક્ષના અ-દ્વેષવાળા જીવો ધર્મ કરતાં મોક્ષ સિવાયના લાભ થયાના દૃષ્ટાન્તો ઉપદેશમાં કહેવા તે એનો દુરુપયોગ નહીં પણ સદુપયોગ છે. **"ઉપદેશતરંગિણી"** શાસ્ત્ર અને **'ભરતેશ્વરવૃત્તિ'** શાસ્ત્રમાં શાસ્ત્રકાર ભગવંતોએજ લજ્જા વગેરેથી ધર્મ કરવાના વિધાનના સમર્થનમાં એ બધા દૃષ્ટાન્તો ટાંકી દેખાડયા છે. માટે એ બધાના દૃષ્ટાન્તો ના લેવાય એમ કહેવું તે પણ વ્યાજબી ઠરતું નથી. કારણ કે તેમાં શાસ્ત્રકાર ભગવંતોની અવગણના થવા પૂરેપૂરો સંભવ છે.

અહીં શંકા થઇ શકે કે તો પછી પૌદ્ગલિક આશયથી થતી ધર્મક્રિયાને વિષાનુષ્ઠાન અને ગરાનુષ્ઠાન કેમ કીધી ?

આનો ઉત્તર ખૂબ જ શાંત ચિત્તે પૂર્વાગ્રહરહિતપણે ઊંડાણથી વિચારવાની જરૂર છે. આ વિષાદિ અનુષ્ઠાનનો અધિકાર પૂજયપાદ આચાર્યશ્રી હરિભદ્રસૂરિ મહારાજ આદિના 'યોગબિન્દુ' વગેરે ગ્રન્થમાં જોવા મળે છે માટે સૌ પ્રથમ એનો સંદર્ભ જોઇએ :-

**१. गुर्वादि पूजनान्नेह तथा गुण उदाहृतः ।**
**मुक्त्यद्वेषाद्यथात्यन्तं महापायनिवृत्तितः ॥१४९॥**

गुर्वादिपूजनादुक्तरूपात्सकाशात् न-नैव इह-पूर्वसेवायाम् 'तथा गुणः' पूजकोपकारः उदाहृतो-मतिमद्भिः। मुक्त्यद्वेषाद्-गुर्वादिपूजा-भावेऽपि यथात्यन्त-मतीव गुणो, महापाय-निवृत्तितो-महापायस्य संसार - नामकस्याऽपारस्य पारकरणान्निवृत्तेः ॥१४९॥

**२. एतद्युक्तमनुष्ठानमन्यावर्तेषु तद्ध्रुवम् ।**
**चरमे त्वन्यथा ज्ञेयं सहजाल्पमलत्वतः ॥१५२॥**

एतद्युक्तं-भवाभिष्वङ्गानाभोगसङ्गतम्, अनुष्ठानं-गुरूदेवादिपूजनरूपम् अन्यावर्तषु-चरमावर्तविलक्षणेषु, तत्पूर्वसेवारूपतयोपन्यस्तम् ध्रुवं निश्चितम् चरमे तु-चरमे पुनः परावर्ते अन्यथाऽन्यप्रकारं ज्ञेयम्, कुत इत्याह 'सहजाल्पमलत्वतः' स्वाभाविककर्मबन्धयोग्यतालक्षणमलतुच्छभावात् ॥१५२॥

ततोऽपि किमित्याह -

**एकमेव ह्यनुष्ठानं कर्तृभेदेन भिद्यते ।**
**सरुजेतरभेदेन भोजनादिगतं यथा ॥ १५३ ॥**

एकमेव ह्येकाकारमेव-अनुष्ठानं देवतापूजनादि कर्तृभेदेन-चरमाऽचरमावर्तवर्तितया कारकजन्तुना-नात्वेन भिद्यते-विशिष्यते । दृष्टान्तमाह-सरुजेतर-भेदेन, भोजनादिगतं-भोजनापानशयनासनादिगतं, यथा-येन प्रकारेण एतस्य रोगवृद्धिहेतुत्वादन्यस्य च बलोपचयार्थत्वादिति ॥ १५३ ॥

**३. एतदेव दृढयन्नाह -**

**इत्थं चैतद्यतः प्रोक्तं सामान्येनैव पञ्चधा ।**
**विषादिकमनुष्ठानं विचारेऽत्रैव योगिभिः॥ १५४ ॥**

इत्थमिदम्प्रकारम् 'चकारः' पूर्वोक्तभावनार्थः एतदनुष्ठानभेदलक्षणं वस्तु यतो-यस्मात्, प्रोक्तम्

सामान्येनैव न तु चरमाऽचरमावर्तभेदमपेक्ष्य पञ्चधा-पञ्चभिः प्रकारैः, विषादिकं विषगरादिभेदमनुष्ठानं प्रस्तुतमेव विचारे पर्यलोचने अत्रैवा-ऽस्मिन्नेव योगमते पतञ्जलिप्रभृतिभिः योगिभिः ॥१५४॥ इदमेव दर्शयति-

**विषं गरोऽननुष्ठानं तद्धेतुरमृतं परम् ।**
**गुर्वादिपूजानुष्ठानमपेक्षादि विधानतः ॥१५५॥**

विषं-स्थावरजङ्गमभेदभिन्नम् ततो विषमिव विषम्, एवं गरोऽपि योजनीयः परं गरः - कुद्रव्यसंयोगजो विषविशेषः, अननुष्ठानं-अननुष्ठानाभासम्, तथा तद्धेतुरनुष्ठानहेतुः, अमृतमिवामृतममरणहेतुत्वात् । परं-प्रकृष्टं, गुवादिपूजानुष्ठानम् प्रकृतमेव वर्तते । कुत इत्याह अपेक्षादि विधानतः - अपेक्षाया इहलोपरलोक - फलस्पृहानुरुपाया आदि शब्दादनाभोगादेश्च यद्विधानं विशेषस्तस्मात् ॥१५५ ॥

विषादित्वमेव भावयन्नाह-

**विषं लब्ध्याद्यपेक्षात इदं सचित्तमारणात्**
**महतोऽल्पार्थनाज्ज्ञेयं लघुत्वापादनात्तथा ॥१५६॥**

विषं लब्ध्याद्यपेक्षातो-लब्धिकीर्त्यादिस्पृहा-लक्षणायाः सकाशात्, इदमनुष्ठानं वर्तते । कुत इत्याह सच्चित्तमारणात् - परिशुद्धान्तः करणपरिणाम-विनाशनात् महतोऽनुष्ठानस्य अल्पार्थनाद् अति-तुच्छलब्ध्यादि स्पृहणात्सकाशात् लघुत्वापादनं-लघुभावाधानं तस्मात् । 'तथा' इति हेत्वन्तर-भावनार्थः । ज्ञेयमिदं विषमिति ॥१५६ ॥

**दिव्यभोगाभिलाषेण, गरमाहुर्मनीषिणः ।**
**एतद्विहितनीत्यैव कालान्तरनिपातनात् ॥१५७॥**

दिव्यभोगाभिलाषेण- ऐहिकभोगनिःस्पृहस्य स्वर्ग - स्थानभवभोगाभिष्वङ्गरूपेण गरमनुष्ठानम् आहुर्म-नीषिणो मतिमन्तः एतद्देवादिपूजाद्यनुष्ठानम् 'विहितनीत्यैव' सच्चितमारणादिरूपयैव, परं-कालान्तरनिपातनात्कालान्तरे भवभवान्तररूपेऽनर्थ-सम्पादनाद् आत्मनः किल विषं सद्य एव विनाशहेतुः गरश्च कालान्तरेणेत्येवमुपन्यस्तमिति ॥१५७ ॥

**अनाभोगवतश्चैतदननुष्ठानमुच्यते ।**
**सम्प्रमुग्धं मनोऽस्येति ततश्चैतद्यथोदितम् ॥१५८॥**

अनाभोगवतश्च इहलोकपरलोकयोरपि संमूर्छनज-तुल्यप्रवृत्तितया क्वचिदप्रणिहितमनसः पुनः पुंसः 'एतद्' गुरूदेवपूजाद्यनुष्ठानं तथाविधसमुदयादि-वशाद्विधीयमानमपि अननुष्ठानमुच्यते अनुष्ठानमेव न भवतीत्यर्थः। कुत एतदित्याह 'सम्प्रमुग्धं-सं इति सर्वतः प्रकर्षेण मुग्धं सन्निपातोपहतस्येव मोहमनध्यवसायमात्ररूपमापन्नं मनः-अन्तःकरणं अस्य-अनाभोगवतः 'इति' पादपरिसमाप्तौ । यत एवं 'ततश्च ' मनः सम्प्रमोहादेव हेतोः एतद्प्रागुक्तम् 'यथोदितं-' यथा निरूपितं तथैवेति ॥१५८ ॥

**एतद्रागादिदं हेतुः श्रेष्ठो योगविदो विदुः ।**
**सदनुष्ठानभावस्य शुभभावांशयोगतः ॥ १५९ ॥**

एतद्रागात्-सदनुष्ठानभावबहुमानात् इदं आदि-धार्मिककालभावि देवपूजाद्यनुष्ठानं क्रियमाणम् हेतुः कारणम् श्रेष्ठो-ऽवन्ध्यो वर्तते एतद्योगविदो विदुः-जानते, कस्य हेतुरित्याह 'सदनुष्ठानभावस्य'-तात्त्विकदेवपूजाद्याचार परिणामस्य । कुत इत्याह 'शुभभावांशयोगतः' मुक्त्यद्वेषेण मनाग्मुक्तयनु-रागेण वा शुभभावलेशसङ्गमात् ॥ १५९ ॥

**जिनोदितमिति त्वाहुर्भावसारमदः पुनः ।**
**संवेगगर्भमत्यन्तममृतं मुनिपुङ्गवाः ॥ १६० ॥**

जिनोदितं-जिननिरूपितं 'इति तु' अनेनैवाभि-प्रायेण विधीयमानं आहुर्ब्रुवते 'भावसारं' शुद्धश्रद्धा-प्रधानम् । अदोऽनुष्ठानं पुनः तथा संवेगगर्भमन्तः-प्रवेशितनिर्वाणाभिलाषम् अत्यन्तमतीव अमृतममरण-हेतुत्वादमृतसंज्ञम् 'मुनिपुङ्गवाः' गौतमादिमहामुनय इति ॥ १६० ॥

**४. अथ प्रस्तुतमेवाधिकृत्याह-**

**'एवं च कर्तृभेदेन चरमेऽन्यादृशं स्थितम् ।**
**पुद्गलानां परावर्ते गुरूदेवादिपूजनम्' ॥१६१॥**

एवं चा-ऽस्मिंश्चानुष्ठानपञ्चविधत्वे स्थिते सति कर्तृभेदेना-ऽनुष्ठातृविशेषेण चरमेऽपश्चिमे अन्यादृशं-मुक्त्यद्वेषादेः पूर्वपरावर्तकालभाविनो देवादिपूजना-द्विलक्षणम् स्थितं-प्रतिष्ठितम् पुद्गलानां परावर्ते गुरूदेवादिपूजनमुक्त रुपमेवेति ॥१६१॥

एतदेव समर्थयति–

**यतो विशिष्टः कर्तायं तदन्येभ्यो नियोगतः ।**
**तद्योगयोग्यताभेदादिति सम्यग्विचिन्त्यताम् ॥१६२॥**

यतः- यस्मात्कारणात् विशिष्टो-विलक्षणः कर्ता - देवपूजनादिनाम् अयं-चरमावर्तवर्ती जन्तुः तदन्येभ्यः-प्राच्यपरावर्तवर्तिभ्यः कर्तृभ्यः, नियोगतो-नियमेन । कुत इत्याह 'तद्योगयोग्यता भेदात्' स चासौ योगयो-ग्यतायाः योगनिमित्तभावस्य भेदो विशेषस्तस्मात् इतिः- एवम् सम्यग्विचिन्त्यतां विमृश्यतामिति । पूर्वं ह्येकान्तेन योगाऽयोग्यस्यैव देवादिपूजनमासिच्चरमा-वर्ते तु समुल्लसितयोगयोग्यभावस्येति चरमावर्तदेवा-दिपूजनस्यान्यावर्तदेवादिपूजनादन्यादृशत्वमिति ॥१६२॥

**५. एतेषु च यच्चरमावर्ते स्यात्तदाह-**

**चतुर्थमेतत्प्रायेण ज्ञेयमस्य महात्मनः ।**
**सहजाल्पमलत्वं तु, युक्तिरत्र पुरोदिता ॥ १६३ ॥**

चतुर्थं-तुरीयम्, एतदनुष्ठानं-तद्धेतुनामकम् प्रायेण-बाहुल्येन ज्ञेयमस्य चरमावर्तभाज आदि-धार्मिकस्य महात्मनः- प्रशस्तभावस्य, अनाभोगादिभ्यः कदाचिदन्यथापि स्यादिदमिति प्रायोग्रहणम् । एतदपि कुतः, यतः 'सहजाल्पमलत्वं तु'- सहजो जीवसमानकाल- भावित्वेनाल्पस्तुच्छो मलो वक्ष्यमाणस्मो यस्य स तथा तद्भावस्तत्त्वं पुनः युक्तिः-हेतुः अत्रा-ऽस्मिन्नर्थे पुरोदिता प्रागुपन्यस्तेति ॥१६३॥

अथ मलमेवाधिकृत्याह-

**सहजं तु मलं विद्यात् कर्मसम्बन्धयोग्यताम् ।**
**आत्मनोऽनादिमत्त्वेऽपि नायमेनां विना यतः ॥१६४॥**

सहजं तु-सहजं पुनः, मलं विद्याज्जानीयात् कामित्याह कर्मसम्बन्धयोग्यतां ज्ञानावरणादिकर्म-संश्लेषनिमित्तभावम् कस्येत्याह आत्मनः जीवस्य । कुत इत्याह 'अनादिमत्त्वेऽपि' बन्धस्य, न नैव, अयं-बन्धः, एनां योग्यतां जीवस्य विना अन्तरेण, यतः-यस्मात्कारणात् किलानादिमान् भावो गगनादिर्न कञ्चन हेतुं स्वस्वभावलाभेऽपेक्षते, बन्धश्च प्रवाहापेक्षयैवाना-दिमान्, ततो न जीवयोग्यतामन्तरेणैष उपपद्यते, अन्यथाऽनेकदोष प्रसङ्गात् ॥ १६४ ॥

[1]યોગબિંદુ શ્લો. ૧૪૯માં મુક્તિ-અદ્વેષના પ્રભાવે ચરમાવર્ત્તવર્ત્તી જીવોના પૂર્વસેવારૂપ ગુરુ આદિ પૂજાના અનુષ્ઠાનથી અત્યન્ત ગુણ થવાનું જણાવે છે. ત્યાર પછી [2]શ્લોક ૧૫૨-૧૫૩ માં સ્પષ્ટ જણાવે છે કે જૈન શાસનમાં એક જ અનુષ્ઠાન કર્ત્તાભેદથી ભિન્ન ભિન્ન છે. અહીં આશયભેદને પ્રધાન ન કર્યો. અર્થાત્ મોક્ષના આશય અને પૌદ્ગલિક આશયથી અનુષ્ઠાનભેદ ન કર્યો. કર્ત્તાભેદે ભેદ કર્યો. એમાં પણ કાળભેદને મુખ્ય કરતા ટીકામાં સ્પષ્ટ લખ્યું કે ચરમાવર્ત્તવર્ત્તી અને અચરમાવર્ત્તવર્ત્તીપણાથી કર્તાભેદ છે. આ રીતે એ સ્પષ્ટ ફલિત થયું કે સંસારના આશયથી અચરમાવર્ત્તવર્ત્તી જીવ જે ધર્મક્રિયા કરે એના કરતાં ચરમાવર્ત્તવર્ત્તી જીવ કરે તે જુદા જ પ્રકારની છે. અહીં પ્રકારભેદમાં મુક્તિ-અદ્વેષની પ્રધાનતા જરૂર છે, પણ મોક્ષ પ્રાપ્તિની ઇચ્છાની નહીં.

આ સંદર્ભમાં તેઓશ્રીએ પાતંજલયોગ મતમાં પ્રસિદ્ધ સમગ્ર પાંચ અનુષ્ઠાન વિષાદિ શ્લોક ૧૫૫ થી ૧૬૦ માં કહ્યા. તેની શરૂઆત કરતા પૂર્વે એમ કહ્યું કે (શ્લોક ૧૫૪ માં) પતંજલિ વગેરેએ આ ભેદો પૂર્વોક્ત કાળભેદને અનુલક્ષીને કહ્યા નથી. (જ્યારે જૈનશાસને તો કાળભેદને મુખ્ય કર્યો છે.) જો કે જે પાંચ અનુષ્ઠાન દેખાડયા છે તે પાતંજલ યોગની જ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રક્રિયા છે એવું નથી. ૧૬૦ શ્લોક સુધી પાંચ અનુષ્ઠાન દેખાડયા બાદ ૧૬૧માં શ્લોકમા પુનઃ જૈનશાસનની નીતિ મુજબ આને કેવી રીતે સ્વીકારવા એનો વિવેક કરતાં કહ્યું કે- મુક્તિઅદ્વેષાદિ (આદિ પદથી કાંઇક મુક્તિનો રાગ વિકલ્પે લેવાનો છે.) ના પ્રભાવે અચરમાવર્ત્તકાળભાવી દેવપૂજનાદિ અનુષ્ઠાન કરતાં ચરમપુદ્ગલપરાવર્ત્તમાં તે જુદા જ પ્રકારનું સિદ્ધ થાય છે. આના જ સમર્થનમાં શ્લોક ૧૬૨માં કહ્યું કે અચરમાવર્ત્તવર્ત્તી જીવો કરતાં ચરમાવર્ત્તવર્ત્તી જીવ રૂપ અનુષ્ઠાનકર્તા અવશ્ય જુદો જ છે કારણ કે અચરમાવર્ત્તમાં એકાન્તે યોગઅયોગ્ય દેવાદિપૂજન હતું જયારે ચરમાવર્ત્તમાં યોગની યોગ્યતા ઉલ્લસિત= પ્રગટ થઇ છે. આ રીતે અહીં પણ કાળભેદે યોગ્યતા પ્રધાન કરી પણ મોક્ષની ઇચ્છાને નહીં. (કારણ કે તે અવસ્થામાં સાંસારિક ચીજ-વસ્તુનો આશય સંભવે છે.)

પ''હવે આ ચરમાવર્ત્તવર્ત્તી જીવને કયું અનુષ્ઠાન હોય તેની સ્પષ્ટતા કરતાં શ્લોક ૧૬૩ માં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે- 'પ્રશસ્તભાવવાળા આ ચરમાવર્ત્તવર્ત્તી મહાત્માને સહજમલના હ્રાસના સહજમલની અલ્પતાના પ્રભાવે (મોક્ષના આશયના પ્રભાવે એમ ન કહ્યું) મોટા ભાગે ચોથું તદ્ધેતુ (કે જે ઉપાદેય છે) અનુષ્ઠાન હોય છે.' અહીં 'એ જ હોય છે' એમ નહીં કહેતાં 'મોટા ભાગે' એટલા માટે કીધું કે અનાભોગાદિથી કદાચ તેને બદલે અન્ય અન્ય પણ હોઇ શકે. શ્લોક ૧૬૪માં સહજમલને કર્મસમ્બન્ધની યોગ્યતારૂપે ઓળખાવ્યો છે. ચરમાવર્ત્તવર્ત્તી જીવને તે અલ્પ થઇ ગયો હોવાથી પ્રાયઃ ચોથું અનુષ્ઠાન હોવાનું જણાવ્યું. (નહીં કે મોક્ષની જ ઇચ્છા પ્રગટી હોવાથી.)

આ મીમાંસાથી નીચે મુજબ ફલિત થાય છે કે-

(૧) પાતંજલયોગમતની વિષાદિ પાંચ અનુષ્ઠાનની વિગતો સર્વાંશે જૈનશાસનને માન્ય નથી (કારણ કે)

(૨) જૈન શાસનમાં માત્ર આશયભેદથી જ નહીં પણ કાળભેદથી ય અનુષ્ઠાન ભેદ છે (અર્થાત્ વિષાદિ ત્રણ અનુષ્ઠાન અચરમાવર્ત્તવર્ત્તી જીવને હોય અને બાકીના બે તદ્ધેતુ અને અમૃત તે પ્રાયઃ ચરમાવર્ત્તવર્ત્તી જીવને હોય.)

(૩) ચરમાવર્ત્તવર્ત્તી જીવને જ મુક્તિ પ્રત્યે દ્વેષ ન હોવાના કારણે (મુક્તિનો સંપૂર્ણપણે રાગ ન પ્રગટયો હોય તો પણ) પ્રાયઃ તદ્ધેતુ નામનું ચોથું અનુષ્ઠાન હોય, નહીં કે વિષાદિ, પછી ભલે કયારેક સંસારની વસ્તુના આશયથી ય ધર્મક્રિયા કરતો હોય. (કયા આશયથી કરે છે તેનું તે દશામાં ખાસ મહત્ત્વ નથી.)

(૪) સાંસારિક વસ્તુના આશયથી ધર્માનુષ્ઠાન કરનાર જીવ અચરમાવર્ત્તકાળવર્ત્તી છે કે ચરમાવર્ત્તકાળવર્ત્તી તે જાણ્યા વિના તેના અનુષ્ઠાનને પ્રાયઃ વિષાદિ અનુષ્ઠાનમાં ખતવી શકાય નહિ.

અહીં એટલું તો સમજી રાખવાનું છે કે ચરમાવર્ત્તવર્ત્તી જીવનું સાંસારિક વસ્તુના આશયથી પણ થતું ધર્માનુષ્ઠાન તદ્ધેતુરૂપ એટલા માટે છે કે તે તેનો જે તાત્ત્વિક અર્થાત્ કેવલિભાષિત એવા જિનપૂજાદિઆચારનો પરિણામ છે તે મુકિતના અદ્વેષથી અથવા કંઇક મુકિત પ્રત્યે તે જીવને અનુરાગ પ્રગટયો હોવાથી શુભભાવથી ગર્ભિત છે તથા કેવલિભાષિત ક્રિયાઓ અને અનુષ્ઠાનો પ્રત્યે (એ અનુષ્ઠાનો કેવલિભાષિત છે કે નહીં તેની એને ખબર ન હોય તો પણ સહજ અલ્પમલતાના કારણે) બહુમાન-આકર્ષણ પ્રગટ થયું હોય છે. અર્થાત્ સાંસારિક પાપક્રિયાઓ કરતાં એમાં એને (મોક્ષની ઇચ્છા હોય કે ન હોય તો પણ) સહજ રુચિ જાગ્રત થઇ હોય છે.

કદાચ અહીં એવી શંકા થાય કે મુક્તિઅદ્વેષ માત્રથી જ ચરમાવર્ત્તવર્ત્તી જીવને તદ્ધેતુ અનુષ્ઠાન સંભવિત હોય તો ગ્રૈવેયક સુખ પ્રાપ્તિ માટે મુક્તિ-અદ્વેષથી અભવ્ય જે અનુષ્ઠાન કરે છે તે પણ તદ્ધેતુ કેમ ન બને ?

એકાન્તવાદીઓની ચિરકાલીન રૂઢ-પ્રરૂઢ આ શંકાનો પ. પૂ. બહુશ્રુત ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજય મહારાજે આજથી ૩૦૦ વર્ષ પૂર્વે સુંદર ખુલાસો કર્યો છે. તે જોઇએ -

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુક્તિ-અદ્વેષપ્રાધાન્ય નામની ૧૩મી **બત્રીશીમાં** શ્લોક ૨૦-૨૧ માં તેઓશ્રી જણાવે છે કે - અભવ્યને સ્વર્ગપ્રાપ્તિહેતુ મુક્તિ-અદ્વેષ હોવા છતાં તે સદનુષ્ઠાન-રાગનું (ક્રિયારાગ) પ્રયોજક નથી. બાધ્યફલાપેક્ષારૂપ સહકારી હોય તોજ મુક્તિ-અદ્વેષ સદનુષ્ઠાન રાગ પ્રયોજક બની શકે. અભવ્યની જે ફલાપેક્ષા છે તે બાધ્યકોટિની નહીં કિન્તુ અબાધ્યકોટિની હોય છે.

બાધ્ય સ્વભાવવાળી ફલાપેક્ષા એટલે કે જે સાંસારિક ફલાપેક્ષા આગળ જઇને તત્ત્વોપદેશથી નિવૃત્ત થાય એવી હોય. દા. ત. સૌભાગ્યાદિ ફલની અપેક્ષા હોય તો પણ એ સદનુષ્ઠાનનો રાગ જગાડનારી હોય અને જ્યારે એ 'વિષયો ભયંકર છે - ઝેર જેવા છે' વગેરે ઉપદેશકનો ઉપદેશ સાંભળે ત્યારે નિવૃત્ત થનારી હોય એ બાધ્ય કહેવાય. વિષયોની નિંદા સાંભળીને તરત જ એની ઇચ્છા નાબૂદ થઇ જાય એવું નહીં, પણ 'વિષયો ભૂંડા છે' આવું એને વારંવાર સાંભળવા મળે તો ધીમે ધીમે વિષય ફળની આકાંક્ષા ઢીલી પડતી જાય. કોઇકને એક ઝાટકે વિષયકાંક્ષા નાબૂદ થાય, કોઇકને એક ઉપદેશકથી તો કોઇકને બીજા ઉપદેશકથી, કોઇકને એક વાર ઉપદેશ સાંભળવાથી તો કોઇકને વાંરવાર ઉપદેશ સાંભળવાથી બને; આવો બધો અનેક પ્રકારનો સંભવ છે. પણ અહીં ખાસ એ ધ્યાન રાખવાનું છે કે ઉપદેશક વિષયોની ભયંકરતા સમજાવીને તેની વિષયાકાંક્ષા નાબૂદ કરવા યત્ન કરે છે, પણ નહીં કે વિષયાકાંક્ષાથી થતાં ધર્માનુષ્ઠાનને ત્યાજ્ય દર્શાવીને કે ધર્માનુષ્ઠાનની પણ ભયંકરતા દેખાડીને - આ ખાસ સમજવાનું છે. આ જ કારણથી પૂજ્યપાદ ગુરુદેવશ્રીનું કોઇપણ પુસ્તક ખોલીને જોઇશું તો તેમાં વિષયોની ભારે નિંદા ઠેર ઠેર દેખાશે પણ વિષયાકાંક્ષાથી થતા ધર્માનુષ્ઠાનની નહીં - આટલું પ્રાસંગિક.

શ્લો. ૨૨ માં પૂજ્ય ઉપાધ્યાયજી મ. જણાવે છે કે અબાધ્ય ફલાપેક્ષા (અભવ્યાદિની, તે) મોક્ષાર્થક શાસ્ત્રશ્રવણ વિરોધી હોય છે. (અર્થાત્ એને તો મોક્ષાર્થકશાસ્ત્ર સાંભળવાનો પણ રસ ન હોય.) જ્યારે, મુક્તિ અદ્વેષ હોય અને ફલાપેક્ષા હોય તો પણ તે બાધ્ય કક્ષાની હોવાના કારણે તથા એનાથી ઉચિત યોગ્યતાના પ્રભાવે મોક્ષાર્થક શાસ્ત્રશ્રવણ કરવામાં જાગેલા રસના પ્રભાવે બુદ્ધિ માર્ગાનુસારી બને છે અને તીવ્રપાપક્ષય થવાથી સદનુષ્ઠાન રાગ જન્મે છે.

શ્લો. ૨૩ માં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ જણાવે છે કે સૌભાગ્યાદિ - ફલાકાંક્ષાવાળાને શાસ્ત્રકાર ભગવંતોએ જ જે રોહિણી વગેરે તપ કરવાનું દેખાડયું છે તે મુગ્ધ જીવોને માર્ગપ્રવેશ કરાવવા માટે ગીતાર્થો સૂચવે છે. પણ 'એ તો સંસારના આશયથી થયું એટલે વિષાનુષ્ઠાન બની જશે' એવી ભ્રમણા દૂર કરવા પૂજ્યશ્રીએ કહ્યું કે ફલાપેક્ષા બાધ્ય કોટિની હોવાથી એ અનુષ્ઠાન વિષાદિરૂપ બનતું નથી પણ તદ્ધેતુરૂપ જ રહે છે.

આ રીતે પૂર્વાચાર્ય ભગવંતોએ ગૂંચના સુંદર ઉકેલો દર્શાવ્યા હોવાથી કોઇ વિવાદને અવકાશ જ રહેતો નથી. ધર્મોપદેશના શ્રોતાઓ બધાજ બુધ કક્ષાના કે મધ્યમ કક્ષાના જ હોતા નથી કિંતુ બહુધા મુગ્ધ કક્ષાના હોવાનો સંભવ વધુ છે. (હા, કોઇ ઉપદેશકની સભામાં વર્ષોથી એકના એક જ મોટાભાગના પ્રબુદ્ધ શ્રોતાઓ હાજરી આપતા હોય ત્યારે તે બુધ જીવોની કક્ષાનો જ ઉપદેશ કર્યા કરે તેમાં કોઇ વાંધો નથી.) એટલે જ પૂર્વાચાર્ય ભગવંતોએ **પુષ્પમાલાદિ** શાસ્ત્રોમાં, મોક્ષ સિવાયના આશયથી પણ ધર્મ કરવાનું વિધાન કરેલું છે. **મોટી શાંતિમાં** પૂ. વાદિવૈતાલ શ્રી શાંતિસૂરિ મહારાજ જેવાએ પણ આશીર્વાદના શબ્દોમાં 'અક્ષીણકોષકોષ્ઠાગારા નરપતયશ્ચ ભવન્તુ સ્વાહા' અર્થાત્ 'રાજાઓ અખૂટ કોશ અને કોષ્ઠાગારવાળા થાઓ' એમ જે કહ્યું છે, તથા 'સાધુ - સાધ્વી - શ્રાવક - શ્રાવિકાઓના રોગ-ઉપસર્ગ-વ્યાધિ-દુઃખ દુકાળ-દુર્મનસ્કતા દૂર થાઓ' તથા શત્રુઓ પરાङ્મુખ થાઓ', તથા શ્રીસંઘથી માંડીને સમગ્ર બ્રહ્મલોકમાં શાંતિ થાઓ' વગેરે વગેરે જે આશીર્વાદના સૂચક શબ્દો વાપર્યા છે તેમાં અખૂટ કોશ વગેરે શબ્દનો અર્થ આડકતરી રીતે મોક્ષ જ કરવો જોઇએ કે નહિ એવા કોઇ વિવાદને અવકાશ રહેતો નથી. તમામ ભવભીરુ પંચમહાવ્રતી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાત્માઓનો ઉપદેશપ્રવૃત્તિમાં ઊંડે ઊંડે એવો અભિપ્રાય તો રહેલો જ હોય છે કે જીવો આ રીતે પણ ધર્મમાં જોડાય, ધીમે ધીમે વિષયોની નિંદા સાંભળી વિષયાકાંક્ષા છોડે, ને મોક્ષની ઉપાદેયતા સમજીને ક્રમે કરી મુકિતએ જાય. આવો ઉદ્દેશ અંતરમાં ન હોય તો તે વાસ્તવ ઉપદેશક જ કહી ન શકાય.

## ઉપદેશકનું કર્તવ્ય :-

આ બધી ચર્ચાનો સાર એ છે કે શાસ્ત્રકાર ભગવંતોના ભિન્ન ભિન્ન આશયવાળી દેશનાઓમાંથી શ્રોતાઓ કયારે ય પણ એકાન્ત ન પકડી જાય એ ઉપદેશ કરતી વેળા ઉપદેશકે ધ્યાનમાં રાખવાનું હોય છે. જો આ ધ્યાન રાખવામાં ન આવે અને કોઇ એક નયથી પ્રરૂપાયેલ એકબાજુની જ શાસ્ત્રવાતોને ઘુંટાવ્યે રાખી હોય તો એનું અનિષ્ટ પરિણામ એ આવે છે કે જયારે એ શ્રોતાઓને કોઇ બીજા ઉપદેશકના ઉપદેશથી એનાથી સામેની બાજુની શાસ્ત્રવાતો જાણવા-સાંભળવા મળે ત્યારે એ શ્રોતાવર્ગમાં એવો ઉકળાટ આવી જાય છે, કે જે શાસ્ત્રોના આધારે એ બીજી બાજુની વાત થઇ હોય તે શાસ્ત્રો પર અને એની એ વાતો પર અનાદર કે અરુચિ અથવા અવિશ્વાસ પ્રગટે છે; તેમજ તે શાસ્ત્રની વાતો રજૂ કરનાર પ્રત્યે પણ દ્વેષ ભાવના વગેરે જાગૃત થાય છે ! પરિણામે બિનજરૂરી વિવાદનો વાવંટોળ જાગી ઊઠે છે. શાસ્ત્રીય વિધાનોમાં મુખ્યતા અને ગૌણતા પણ આપેક્ષિક હોય છે પણ ઐકાન્તિક નથી હોતી; અર્થાત્ ભિન્ન ભિન્ન ઉચિત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-સ્થાન વગેરેનું ઔચિત્ય ધ્યાનમાં લઇને તે તે નયથી પ્રરૂપણા બીજા અન્ય નયને જરાય અન્યાય કરવાનો આશય ન આવી જાય તે રીતે કરવાની હોય છે, પણ આંખ મીંચીને નહીં. નયભેદે દેશના થાય તેમાં પણ ઉપદેશક મહાત્માઓનો આશય પરમ્પરાએ જીવને મોક્ષ પ્રાપ્ત કરાવવાનો જ હોય, તો પછી પૂ.શ્રી ઉપાધ્યાયજી મહારાજે યોગદષ્ટિ સજઝાયમાં ચોથી ઢાળના ૨૦-૨૧ મી ગાથામાં જણાવ્યા મુજબ કોઇ ઝઘડાને અવકાશ રહેતો નથી - તે જુઓ,

''શિષ્યભણી જિનદેશનાજી કે (કહે) જન પરિણતિ ભિન્ન; કે (કહે) મુનિની નય દેશનાજી; પરમારથથી અભિન્ન. (૨૦) શબ્દભેદ-ઝઘડો કિસ્યોજી? પરમારથ જો એક; કહો ગંગા કહો સુરનદીજી, વસ્તુ ફિરે નહિ છેક. (૨૧) ધર્મ ક્ષમાદિક પણ મીટેજી, પ્રગટે ધર્મસંન્યાસ; તો ઝઘડાઝોંટા તણો જી, મુનિને કવણ અભ્યાસ ?'' (૨૨)

આ રીતે પૂજય ઉપાધ્યાયજી મહારાજ મુનિઓની વિવિધ નયદેશનાને પરમાર્થથી અભિન્ન જણાવી એમાં ઝઘડો ન હોવાનું ખાસ જણાવે છે, તથા ક્ષાયોપશમિક ધર્મો પણ અંતે હેય હોવાથી મુનિઓને તેમાં ઝઘડા ન કરવાનું જણાવે છે.

પૂજયપાદ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ પણ શ્રી યોગદૃષ્ટિ૦ ગ્રન્થના ૧૪૮ મા શ્લોકમાં જણાવે છે કે ● 'મુકિતમાં ક્ષાયોપશમિક બધા ધર્મો છોડવાના છે, માટે મુમુક્ષુઓએ કોઇપણ બાબતમાં આગ્રહ રાખવો તે પરમાર્થથી અયુકત છે.' નહીં તો પછી પૂ. આનંદઘનજી મહારાજે કહ્યું છે તેમ 'હેતુવાદે હો તર્ક પરમ્પરા, પાર ન પહોંચે કોય' એવી દશા ઊભી થાય.

વર્તમાનકાળના શ્રોતાઓએ તો ખાસ ધ્યાન રાખવું પડશે કે 'એક ઉપદેશક આમ કહે છે તો બીજા ઉપદેશક કેમ આમ કહે છે? માટે એ બીજા ઉપદેશકની વાત સાવ ખોટી', - આવા કુવિકલ્પોમાં કે વિવાદમાં પડવાને બદલે શાંતચિત્તે, સૂક્ષ્મબુદ્ધિથી, એકાગ્રતાપૂર્વક પૂર્વાચાર્ય ભગવંતોના શાસ્ત્રીય વિધાનો અને તદનુરૂપ વર્તમાન ઉપદેશક મહાપુરૂષોના વિધાનોમાં પરમાર્થથી કઇ રીતે ભેદ અને અભેદ છે તે તરફ લક્ષ લઇ જવું જોઇએ; નહીં તો સંભવ છે કે એક તરફી શાસ્ત્ર વાતોના આગ્રહથી ઉન્માર્ગ ભણી જવાનું થઇ જાય.

## ખંડનમંડનનો આશય : -

ઉપરોકત ચર્ચા પણ પ્રસ્તાવનામાં એ જ આશયથી દાખલ કરી છે કે ભવભીરુ શાસ્ત્રમર્મજ્ઞ યથાર્થ ઉપદેશક મહાત્માઓની નયભેદે ભિન્ન ભાસતી દેશનાઓથી જરાય બુદ્ધિભેદ કોઇને ન થાય.

● ग्रहः सर्वत्र तत्त्वेन मुमूक्षूणामसंगतः । मुक्तौ धर्मा अपि प्रायस्त्यक्तव्याः किमनेन तत् ॥

For Private and Personal Use Only

રાગ-દ્વેષથી વેગળા રહીને શુદ્ધ આશયથી (નહીં કે એકબીજાના મલિન ખંડન-મંડનના આશયથી) શાસ્ત્રીય પદાર્થોની નયભેદે ઉગ્ર ચર્ચા થાય તે શ્રી જૈનશાસનનું દૂષણ નહીં પણ ભૂષણ છે. આ વાત પ્રબુદ્ધ શ્રોતાઓએ તો ખાસ ભૂલવી જોઇએ નહીં.

અહીં એક એવી શંકા થાય કે જયારે એક નયથી પ્રતિપાદન કરનાર ઉપદેશક બીજા નયની માન્યતાનું ખંડન પણ કરતા હોય તો એમનું પ્રતિપાદન નયાત્મક કેમ કહેવાય, દુર્નયરૂપ કેમ ન કહેવાય ?

આ શંકાનો જવાબ પૂ. ઉપા૦ મહારાજે સુંદર આપ્યો છે તે જ જોઇએ - **'ઉપદેશ રહસ્ય'** શ્લોક ૫૩ ની ટીકામાં પોતે અંતે કહ્યું છે કે ''પોતાના નયના વિષયનું પ્રાધાન્ય દર્શાવવા માટે બીજા નયોના માન્ય અર્થનું નિરસન પણ સંગત છે; પરંતુ જો પોતે જે નયનું નિરૂપણ કરી રહ્યા છે તે નયનું પ્રાધાન્ય દર્શાવવવાનો અભિપ્રાય નહીં રાખતાં, ખંડન કરવાનો જ ઉદ્દેશ રાખે તો તે દુર્નય બની જાય.''

તથા **નયરહસ્ય**માં પણ આ જ વાત બતાવી છે કે (જુઓ નૂતનમુદ્રિત પુસ્તકનું પૃષ્ઠ ૩૬) ''વસ્તુના બીજા અંશનો પ્રતિક્ષેપ કરવાથી પ્રતિપાદન દુર્નય થઇ જતું નથી, એ બીજા અંશનો પ્રતિક્ષેપ સ્વનયની પ્રધાનતા દર્શાવવામાં ઉપયોગી છે.'' 卐

આનાથી એ ફલિત થાય છે કે એક ઉપદેશક બીજા ઉપદેશકના નયનું પોતાના અભ્યંતર ખંડનરસથી જ ખંડન કરે તો તે જરૂર દુર્નય બને; પણ માત્ર શ્રોતાઓની દૃષ્ટિ શાસ્ત્રાનુસારી બીજા નયના વિષયો ઉપર દોરીને તેનું પણ પ્રાધાન્ય સૂચવવા માટે આનુષંગિક બીજા નયના ઉપદેશકની વાતોનું નિરસન કરે, તો તે આહાર્ય અર્થાત્ કૃત્રિમ હોવાથી વાસ્તવમાં દુર્નયરૂપ નથી બનતું પણ વસ્તુ-વ્યુત્પાદક બને છે.''

'કયા નયનો ઉપદેશ પ્રધાન કે અપ્રધાન એ બાબતમાં તો ઉપાધ્યાયજી મહારાજે (નયરહસ્ય પૃ. ૧૯૪ માં ) સુંદર ખુલાસો કર્યો છે કે 'નયોની બલવત્તા અને દુર્બલતા અપેક્ષાને આધીન છે.''×

આનાથી એ ફલિત થાય છે કે શાસ્ત્રોના ભિન્નભિન્ન નયોના વિધાનોમાં ઉપદેશક મહાત્માએ કયા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવની અપેક્ષાએ કયા નયના પ્રતિપાદનને ગૌણ કે મુખ્ય બનાવવું તે પોતાના શ્રુતાનુસારી ક્ષયોપશમાદિથી બરાબર તપાસીને તે તે નયનું પ્રતિપાદન કરે તો કોઇ દોષ નથી તેમજ એમાં બીજા નયના પ્રતિપાદનની અવગણના પણ નથી..

## કુતર્કો ભાવશત્રુ :-

મહાશ્રાવિકા સુલસા વગેરેના જયારે દૃષ્ટાન્તો અપાય છે ત્યારે ઘણા એમ કહે છે કે ''ઝેર ખાઇને પણ કોઇ બચી ગયું હોય તો તેનો દાખલો લેવાતો હશે ? અગાસીમાંથી ભોંય ઉપર પડતું મેલીને પણ કોઇ બચી ગયું હોય તો જીવવા માટે આપઘાત કરો એમ કહી શકાય ? કોઇએ મરવા માટે તળાવમાં ઝુકાવ્યું છતાં ડૂબી જવાને બદલે બચી ગયો એટલે શું બચવું હોય તો તળાવમાં ભૂસકો મારવાનું વિધાન થાય ?

આવા બધા કુતર્કો કોઇ ગમે તેટલા કરે આનાથી કયારે ય સત્ય છુપાતું નથી. ઝેર ખાઇને પણ જયારે કોઇ બચી જાય છે ત્યારે કોઇ અલ્પજ્ઞ પણ એમ નથી કહેતો કે તે ઝેરના પ્રભાવે બચ્યો. બધા જાણે છે કે ઝેર તો મારે જ, પણ આ તો એનું નસીબ પાંસરું, અથવા દેવગુરુની કૃપા, અથવા તાત્કાલિક સદ્ભાગ્યે કોઇ ડોકટર મળી ગયા અને ઝેર ઓકી નખાવ્યું અથવા ઝેર જ નકલી હશે એટલે બચી ગયો; નહીં કે ઝેરના પ્રભાવે બચ્યો. જયારે અહીં તો સુલસા વગેરેને સાંસારિક વસ્તુ કે કાર્યના આશયથી કરેલા ધર્મથી પણ જે મોક્ષમાર્ગે પ્રગતિ થઇ તે તો એ ધર્મના પ્રભાવે થઇ છે તેનો કોણ ઇન્કાર કરી શકે એમ છે ? અને એટલે જ શાસ્ત્રકાર ભગવંતોએ એમના દાખલા ધર્મનો પ્રભાવ

卐 न चैवमितरांशप्रतिक्षेपित्वाद् दुर्नयत्वम्, तत्प्रतिक्षेपस्य प्राधान्यमात्र एवोपयोगात् ।

× एतेषु च बलवत्त्वादिविचारेऽपेक्षैव शरणम् ।

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગાવા માટે ટાંકી બતાડયા છે.

અગાશી ઉપરથી પડતું મેલીને પણ કોઇ બચી જાય તો ત્યાં કોઇ અલ્પજ્ઞ પણ એમ નથી કહેતો કે એ ઉપરથી પડયો માટે બચ્યો. બચ્યો તો એના નસીબથી, ધર્મના પ્રભાવે, કોઇ નીચે માલ ભરેલા ખટારા જેવું વાહન આવી ગયું એટલે, નહીં કે પડયો માટે બચી ગયો. એ તો પડયો માટે બચી ગયો ત્યારે જ કહેવાય કે મકાનમાં ભયંકર આગ લાગી હોય અને એમાંથી બેત્રણ માળ ઉપરથી કૂદી પડયો હોય. ત્યારે સાંસારિક કાર્યસિદ્ધિના આશયથી ધર્મ કરીને પણ જેઓ તરી ગયા ત્યાં કોઇને પણ પૂછો કે કેમ તર્યા તો એમ જ કહેશે કે ધર્મના પ્રભાવે.

જયારે બંને બાજુની વાત જ સાવ જુદી છે ત્યારે આપણને ન ગમતી શાસ્ત્રીય વાતોનું ખંડન કરવા માટે આવા કુતર્કોનો આશરો લેવો એ ડાહ્યા માણસો માટે શોભાસ્પદ ન કહેવાય. તર્ક જ કરવા હોય તો એવા પણ થઇ શકે કે મરવાના જ આશયથી અમૃત પીધું હોય તોય માણસ બચી જાય અને અમર થઇ જાય ખરો કે નહીં ? ભલેને ઘાસની ઇચ્છાથી અનાજ વાવ્યું હોય, તો પણ અનાજ ઊગે ખરું કે નહીં ? ભલેને પોતાની સાજા રહેવાની ઇચ્છા ન હોય પણ બીજા કોઇ આશયથી આરોગ્યના નિયમો પાળે તો માણસ સારો થઇ જાય કે નહીં ? બેભાનપણામાં પોતાને કોઇ સુધ-બુધ નથી, પણ બીજાઓ યોગ્ય ઉપચાર કરે તો તે હોશમાં આવી જાય ખરો કે નહીં ? જયારે તર્ક જ કરવા હોય ત્યારે આવા સીધા તર્કો કરવાને બદલે કુતર્કોનો આશરો શા માટે લેવો ? કોઇ પણ શાસ્ત્રકાર ભગવંતે દુન્યવી કાર્યસિદ્ધિ કે આપત્તિ-નિવારણના આશયથી થતા ધર્મને વખોડવા આવા ઉટપટાંગ તર્કો દેખાડયા નથી, ને એવા કુતર્કોથી ધર્મને વખોડયો નથી, ઊલટું એવા દાખલાઓ ટાંકીને ધર્મથી એવા પણ જીવોને મુકિત સુધીના લાભો કેવા કેવા પ્રાપ્ત થયા એનું જ વર્ણન પરાપૂર્વથી શાસ્ત્રકાર ભગવંતો કરતા આવ્યા છે. જો સાંસારિક કાર્ય પ્રસંગમાં પણ ધર્મનું જ શરણું લેવાના આશયથી ધર્મ કરનારાઓને નુકશાન જ નુકશાન હોત તો શું 'શ્રાદ્ધવિધિ' શાસ્ત્રકાર વિષાદિ અનુષ્ઠાન વગેરે જાણતા નહોતા કે જેથી તેઓએ શ્રાવકોને ઉદ્દેશીને ધંધામાં ઉચિત લાભ મેળવવા માટે શ્રી પંચપરમેષ્ઠી ભગવંતનું તથા ભગવંત શ્રી ગૌતમ સ્વામી વગેરેનું ખાસ સ્મરણ કરવાનું વિધાન કર્યું ?

જેઓ એમ માને છે કે રોહિણી વગેરે તપ કરવાનું શાસ્ત્રકારોનું વિધાન માત્ર મુગ્ધબુદ્ધિવાળા જીવો માટે જ છે - તેઓએ **શ્રી પંચાશક** * શાસ્ત્રનો તે સંપૂર્ણ સંદર્ભ બરાબર ધ્યાનપૂર્વક ફરી એક વાર વાંચી જવાની જરૂર છે - જુઓ,

### જૈન તપના ૪ લક્ષણો :-

છેલ્લા પંચાશકમાં બાર પ્રકારના તપના વર્ણનમાં પહેલા કલ્યાણક તપ વગેરેનું વિધાન કર્યા બાદ શ્લોક ૨૩માથી મુગ્ધ લોકોને હિતકારી રોહિણી આદિ તપોનું વિધાન કર્યું અને કહ્યું કે આ રીતે લોકરૂઢ દેવના ઉદ્દેશથી કરાય તે પણ તપ જ છે. એના ઉપર શંકા થઇ આવી કે શું આ બધું પણ તપ? (અહીં બાર પ્રકારના તપનું વર્ણન ચાલે છે.) એટલે એના જવાબમાં શ્લોક ૨૬માં તપ કોને કહેવાય એની ચોકૃખી દિવા જેવી વ્યાખ્યા આપી કે જે તપમાં (૧) કષાયનું દમન (૨) બ્રહ્મચર્ય પાલન (૩) જિન પૂજા અને (૪) ભોજન ત્યાગ (અનશન) આ ચાર અંગ વિદ્યમાન હોય તે બધું જ તપ કહેવાય, અને અહીં 'विसेसओ मुद्धलोयंमि' વિશેષે કરીને મુગ્ધ લોકો માટે તો ખાસ, એમ કહ્યું પણ 'માત્ર મુગ્ધ લોકો માટે જ' એવું તો જરાયે કહ્યું નહીં. - એનાથી એ સ્પષ્ટ ફલિત થાય છે કે આશય દુન્યવીકાર્યનો હોય (અલબત્ અતિશય ભૂંડો લોકનિંદ્ય તો ન જ હોય) પણ જેમાં ઉપરોકત ચાર અંગ વિદ્યમાન હોય તો રોહિણી આદિ પણ સામાન્યતઃ દરેક વ્યકિત માટે તપ જ છે - વિશેષે કરીને મુગ્ધ લોકો માટે, કેમ આમ ? તો કે મુગ્ધ લોકો (અવ્યુત્પન્ન બુદ્ધિવાળા લોકો) પહેલાં એ રીતે પ્રવર્ત્તે, બાદમાં અભ્યાસથી (નહીં કે એક જ ઝાટકે કોઇ કહી દે કે મોક્ષ સિવાયના બીજા કોઇ પણ કાર્ય માટે ધર્મ ન

* શાસ્ત્રનો પંચાશક શાસ્ત્રનો આ સંદર્ભ પ્રસ્તાવના પૂરી થયા પછીના પૃષ્ઠ ૩ ઉપર છાપેલો છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ થાય એટલે તરત જ. કિન્તુ વારંવાર એ રીતે કરવાથી ) કર્મક્ષયના ઉદ્દેશથી પણ પ્રવર્ત્તે છે, પણ પહેલેથી જ કર્મક્ષય માટે જ તેને પ્રવર્તાવવાનું શકય નથી. જો કાયમ કર્મક્ષયના ઉદ્દેશથી જ ધર્મ કરવાનો ઉપદેશ કરવાનો હોય તો પંચાશક શ્રાદ્ધવિધિ ધર્મ સંગ્રહ વગેરે શાસ્ત્રોનાં વિધાન કયારે ઉપદેશવાના ?

હવે મુગ્ધ કોને કહેવાય એ પણ એક પ્રશ્ન છે - શ્લો.૨૩ની ટીકામાં એનો અર્થ અવ્યુત્પન્નબુદ્ધિ એવો કર્યો છે. શ્લો. ૨૬ની ટીકામાં મુગ્ધ શબ્દનો અર્થ કર્યો નથી પણ મુગ્ધેતર લોકો કેવા હોય તેનું વર્ણન કરતાં કહે છે કે सद्बुद्धयस्तु... અર્થાત્ સદ્બુદ્ધિવાળા તો 'મોક્ષ માટે જ આ તપ વિહિત છે' એમ સમજીને તપસ્યા કરે છે. (ઉપદેશક કહે એ જુદી વસ્તુ છે અને વ્યકિત પોતે આમ સમજે એ જુદી વસ્તુ છે.) તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે 'વિશિષ્ટમતિવાળો ઉત્તમ પુરુષ મોક્ષ માટે જ પુરુષાર્થ કરે છે.'

આ રીતે એ સ્પષ્ટ થાય છે કે જેઓને 'આ મોક્ષ માટે જ વિહિત છે' એવી સદ્બુદ્ધિ છે તેઓ મુગ્ધેતર થયા. એનો વિશિષ્ટ ખુલાસો તત્ત્વાર્થસૂત્રની પંકિતમાં કર્યો એમાં વિશિષ્ટમતિવાળા ઉત્તમ પુરુષની વાત કરી, એટલે વિશિષ્ટમતિવાળા ઉત્તમ પુરુષો એ મુગ્ધેતર થયા અને મધ્યમ-વિમધ્યમ વર્ગ બધો જ મુગ્ધકક્ષામાં આવી ગયો. આ વાતમાં હવે શંકા રહેતી નથી. એટલે જે લોકો ઉભયલોકહિતાર્થી અથવા માત્ર પરલોક હિતાર્થી છે તેઓ બધાના ખાસ હિત માટે શાસ્ત્રકારોએ રોહિણી આદિ તપનું વિધાન કર્યું. કોઈપણ વિચક્ષણ ભવ્યજીવ સમજી શકે તેમ છે કે લગભગ દરેક કાળમાં (ખાસ કરીને આજના કાળમાં) ઉપર કહ્યા એવા ઉત્તમ લોકો તો ઘણા ઓછા હોય કે જેઓ માત્ર મોક્ષ માટે જ પ્રયત્ન કરે, (મોટા ભાગે તો આવા સાધુમહાત્માઓ જ હોય.) તો પછી ઉપદેશકો સર્વ સામાન્ય સભામાં કઇ રીતે એમ કહી શકે કે 'ધર્મ મોક્ષ માટે જ થાય અને મોક્ષ સિવાય બીજા કોઈપણ આશયથી લેશમાત્ર થાય જ નહીં ?'

શ્રી પંચાશક શાસ્ત્રની શ્લો. ૨૭ ની ટીકામાં પણ એક ખૂબ જ સુંદર સ્પષ્ટતા કરી દીધી છે કે નિરુપસર્ગતા (સંસારમાં કોઇ ઉપદ્રવ ન આવે) ઇત્યાદિ આશયથી સાધર્મિક દેવતા (રોહિણી-અમ્બા વગેરે)ને ઉદ્દેશીને જે કુશલાનુષ્ઠાન તરીકે તપરૂપ પ્રવૃત્તિ થાય છે તેના વડે કષાયદમન આદિની પ્રધાનતાથી મોક્ષ-માર્ગને અનુકૂળ અધ્યવસાય (કે જે પૂર્વે ન પણ હોય) પ્રાપ્ત થઇ અનેક મહાનુભાવો કેવલિભાષિત ચારિત્ર ધર્મનો લાભ પામી ગયા. જે શાસ્ત્રકાર ભગવંતો રોહિણી-અંબા આદિના ઉદ્દેશથી કરાયેલા કષાયત્યાગ-બ્રહ્મચર્ય-જિનપૂજા આદિની પ્રધાનતાવાળા તપથી અનેક મહાનુભાવોને ચારિત્ર-લાભ થવાનું જણાવતા હોય, એ કોઇ દિવસ એવું વિધાન કરે ખરા કે 'સાંસારિક લાભના આશયથી ધર્મ કરે તો સંસારવૃદ્ધિ થાય ?'

શ્લો. ૨૮થી સર્વાંગસુંદર આદિ તદ્દન સાંસારિક લાભના પ્રયોજક તપ વગેરે દેખાડયા. ત્યાં પણ કોઇએ શંકા કરી કે 'આ બધા તપ તો 'સાભિષ્વંગ' (સાંસારિક વસ્તુની આસકિતવાળા) થતા હોવાથી મુકિતમાર્ગ ન કહેવાય.' તો આ શંકાનો ઉત્તર શ્લો. ૨૯માં સ્પષ્ટ જણાવી દીધો કે **માર્ગપ્રાપ્તિના હેતુભૂત હોવાથી ઉપચારથી એ પણ માર્ગ જ છે.** (આ રીતે મુકિતમાર્ગ પ્રાપકતાના હેતુથી ઉપચારથી માર્ગ કહીને એનું સમર્થન કર્યું, પણ વિષાદિ-અનુષ્ઠાન કહીને ત્યાજ્ય હોવાનું ન કહ્યું, એ કેટલું બધું માર્ગદર્શક છે! કોઇની પણ મતિ શુદ્ધ કરવા પૂરતું છે.)

## સર્વાંગસુંદર આદિ તપ એ નિયાણું નથી :-

વળી આગળ આ બધા સર્વાંગસુંદર તપો સનિદાન હોવાની કોઇએ શંકા કરી તો એના નિરાકરણ માટે અને આ તપોમાં પ્રવૃત્તિ પણ નિર્નિદાન છે એ દેખાડવા માટે શ્લો.૪૧ ની ટીકામાં કહ્યું કે 'આ બધી તપઃક્રિયા ધર્મબહુમાનગર્ભિત હોવાથી નિર્નિદાન છે, બોધિબીજરહિત જીવોને બોધિબીજ-સંપાદક છે,... યાવત્ ભવવિરાગાદિનું નિમિત્ત છે.'

સમગ્ર આ સંદર્ભ શાંતચિત્તે પૂર્વગ્રહ મુક્તપણે વાંચી જનારને ખાતરી થશે કે સામાન્યતઃ મોક્ષના અ-દ્વેષી સર્વલોકોથી, વિશેષતઃ મુગ્ધલોકોથી જીવનમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મ જ એક શરણ્ય માની પ્રયોજનવશ કરાતો ધર્મ અહિત કરનાર નથી. કારણ કે ચરમાવર્તમાં આવી ગયા હોય તેઓને ચારિત્ર, યાવત્ મોક્ષ સુધીના લાભોનું કારણ છે.

જો સાંસારિક પ્રયોજનના આશયથી તપાદિ ધર્મ કરવાનું વિધાન માત્ર મુગ્ધ જીવોને જ ઉદ્દેશીને હોત તો શું શ્રી પુષ્પમાલાના રચયિતાને તથા શ્રી શ્રાદ્ધવિધિકારને એ ખબર ન હતી ? કે જેથી એમણે સર્વ શ્રાવકોને ઉદ્દેશીને ધંધો કરવા જતી વેળા સમુચિત ઈષ્ટ લાભના પ્રયોજક શ્રી પંચપરમેષ્ઠી સ્મરણાદિ કરવાનું વિધાન કર્યું ? શું એમને ખબર ન હતી કે સાંસારિક કાર્યોની લાલસા મારનારી છે ? શું એમને ખબર ન હતી કે જ્ઞાનીઓએ વિષાનુષ્ઠાન - ગરાનુષ્ઠાન અને અનનુષ્ઠાનને 'અસદ્ અનુષ્ઠાનો' તરીકે જણાવીને એનો નિષેધ કર્યો છે ? શું એમને ખબર ન હતી કે અર્થકામ પરમાર્થથી અનર્થભૂત છે, એમ જ્ઞાનીઓએ કહ્યું છે ? આ બધી ખબર હોવા છતાં તેઓએ શ્રાવકોને ઉદ્દેશીને ધંધામાં લાભ મેળવવા જતાં વગેરેમાં શ્રી પંચપરમેષ્ઠી ભગવંતનું સ્મરણ કરવા કેમ જણાવ્યું ?

જ્ઞાનીઓએ કરેલા જુદા જુદા નયને અનુસરતાં વિધાનો પ્રત્યે જ્ઞાનીઓએ આપેલા દૃષ્ટાંતોને ઉદ્દેશીને 'કોઇ ઝેર ખાઇને બચી જાય એટલે ઝેર ખાવાનું કહેવાય ?' આવા આવા કુતર્કોનો ઉપયોગ કરવામાં શાસ્ત્રો અને શાસ્ત્રકારોની અવગણના થાય માટે એવા કુતર્કોનો ઉપયોગ નહિ કરવો જોઇએ.

પૂજ્યપાદગુરુદેવશ્રીની નિશ્રામાં રહેવાથી આવી સુંદર જાણવા મળેલી શાસ્ત્રલક્ષી વાતો ખરેખર પૂજ્ય ગુરુવર્યશ્રીની સર્વનયોની સંમત વસ્તુ પ્રતિપાદન કરવાની કુશળતા તરફ લક્ષ દોરી જાય છે.

આ યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રન્થના પ્રારમ્ભાંશના વ્યાખ્યાનોમાં તથા તે પછી પ્રગટ થનારા બીજા ભાગોમાં જિજ્ઞાસુ મુમુક્ષુઓને સ્વાધ્યાયની સુંદર સામગ્રી મળશે, તેમજ મોક્ષમાર્ગે પ્રગતિ કરવાની નયગર્ભિત ઉત્તમોત્તમ પ્રેરણાઓ પ્રાપ્ત થશે, તેમાં કોઇ શંકા નથી.

પ્રાન્તે એક વાત પૂજય ઉપાધ્યાયજી મહારાજના શબ્દોમાં કહીએ તો (જુઓ નયરહસ્ય પૃષ્ઠ ૨૩૪) ''દુર્બુદ્ધિઓની વાસના શાસ્ત્રમાંથી દૂષણો શોધી કાઢવામાં તત્પર બને છે, જ્યારે સદ્બુદ્ધિવાળા વાચકો ઐદમ્પર્યના જાણકાર હોઇ (ગ્રન્થ વાંચનથી) આનંદિત થાય છે. તેવા જે કોઇ હોય તેઓને અમારા નમસ્કાર.''

શાસ્ત્રકારોનો એવો આમ્નાય છે કે ઉપદેશ કર્યા પછી તેમાં કદાચ કાંઇક અનાભોગથી કે ગેરસમજથી પણ જિનાજ્ઞા-વિપરીત કથન થઇ ગયું હોય તો છેલ્લે જરૂર મિચ્છામિ દુક્કડમ્ દઇ દેવો. સ્વ. પૂજયપાદ પરમ ગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ પણ આ હકીકત ઉપર અવારનવાર ખૂબ ભાર આપતા કહેતા હતા કે પ્રરૂપણાશુદ્ધિ માટે એ પરમ આવશ્યક છે. હવે જો બોલું કે લખું હું અને એમાં કાંઇક વૈપરીત્ય હોય તે માટે બીજા મિચ્છામિ દુક્કડમ્ દે તો એનાથી મને કોઇ લાભ નથી* - એ માટે તો મારે જ મિચ્છામિ દુક્કડં માગવો જોઇએ. એટલે,

આ પ્રસ્તાવનાદિના આલેખનમાં જિનાજ્ઞા વિપરીત મારાથી કાંઇ પણ લખાયું હોય -વિચારાયું હોય, તો તે બદલ મિચ્છામિ દુક્કડં દેવા સાથે સજ્જનોને પ્રાર્થના કે એમાં જે કાંઇ વૈપરીત્ય હોય તે સૂક્ષ્મબુદ્ધિથી તપાસીને તેનું પરિમાર્જન કરે.

* શાસ્ત્રકારવ્યાખ્યાનના અંતે સ્વયં મિચ્છામિદુક્કડમ્ દેવાને બદલે પોતાનું વ્યાખ્યાન છપાવનાર એના માટે મિચ્છામિ દુક્કડં માગે આવી ગલત પરમ્પરા ક્યાંક ક્યાંક છેલ્લા ૫૦-૬૦ વર્ષથી શરૂ થયાનું જાણવા મળ્યું છે.

For Private and Personal Use Only

# पञ्चाशकशास्त्रसन्दर्भः

**अण्णोऽपि अत्थि चित्तो तहा तहा देवयाणिओएण ।**
**मुद्धजणाण हिओ खलु रोहिणिमाई मुणेयव्वो ॥ २३ ॥**

किंच-'अण्णोऽवी' त्यादि, अन्यदपि अस्ति विद्यते चित्रं तप इति गम्यते, तथा तथा=तेन तेन प्रकारेण लोकरूढेन देवतानियोगेन=देवतोद्देशेन मुग्धजनानां= अव्युत्पन्नबुद्धिलोकानां हितं खलु=पथ्यमेव विषया- भ्यासरूपत्वात् , रोहिण्यादिदेवतोद्देशेन यत्तद्रोहिण्यादि 'मुणेयव्वो' त्ति ज्ञातव्यं, पुलिंगता च सर्वत्र प्राकृतत्वात् । इति गाथार्थः ॥ २३ ॥

**जत्थ कसायणिरोहो बंभं जिणपूयणं अणसणं च ।**
**सो सव्वो चेव तवो विससओ मुद्धलोयंमि ॥२६ ॥**
**एवं पडिवत्तीए एत्तो मग्गाणुसारिभावाओ ।**
**चरणं विहियं बहवो पत्ता जीवा महाभागा ॥ २७ ॥**

अथ कथं देवतोद्देशेन विधीयमानं यथोक्तं तपः स्यादित्याशंक्याह- 'जत्थे' त्यादि, यत्र तपसि कषायनिरोधो ब्रह्म- 'जिनपूजनमिति व्यक्तं अनशनं च=भोजनत्यागः 'सो' त्ति तत् सर्वं भवति तपो, विशेषतः मुग्धलोके, मुग्धलोको हि तथा प्रथमतया प्रवृत्तः सन्नभ्यासात्कर्मक्षयोद्देशेनापि प्रवर्त्तते न पुनरादित एव तदर्थं प्रवर्तितुं शक्नोति, मुग्धत्वादिवेति सद्बुद्धयस्तु मोक्षार्थमेव विहितमिदमिति बुद्ध्यैव तपस्यन्ति, यदाह-"मोक्षायैव तु घटते विशिष्टमतिरूत्तमःपुरुषः" इति, मोक्षार्थ-घटना चागमविधिनैव, आलंबनान्तरस्यानाभोगहेतुत्वात् । इति गाथार्थः ॥२६॥

न चेदं देवतोद्देशेन तपः सर्वथा निष्फलमैहिकफलमेव वा चरणहेतुत्वादपीति चरण- हेतुत्वमस्य दर्शयन्नाह-'एव'मित्यादि, एवमित्युक्तानां साधर्मिकदेवतानां कुशलानुष्ठानेषुनिरूपसर्गत्वादि- हेतुना प्रतिपत्त्या=तपोरुपोपचारेण तथा इतः= उक्त - रूपत्कषायादिनिरोधप्रधानात्तपसः पाठान्तरेण एवमुक्त - कारणेन मार्गानुसारिभावात्=सिद्धिपथानुकूलाध्य- वसायात् चरणं चारित्रं विहितं आप्तोपदिष्टं बहवः=प्रभूताः प्राप्ता=अधिगताः जीवाः सत्त्वाः महाभागा=महानुभावाः । इति गाथार्थः ॥ २७ ॥

**पढियो तवो विसेसो अण्णोहिवि तेहि तेहिं सत्थेहिं ।**
**मग्गपडिवत्तिहेऊ हंदि विणेयाणुगुण्णेणं ॥२९ ॥**

किमिति ?, आह-पठितः=अधीतस्तपोविशेषः = तपोभेदः अन्यैरपि ग्रन्थकारैः तेषु तेषु शास्त्रेषु नानाग्रन्थेष्वित्यर्थः, नन्वयं पठितोऽपि साभिष्वङ्गत्वान्न मुक्तिमार्गइत्याशंक्याह-मार्गप्रतिपत्ति- हेतुः=*शिवपथाश्रयणकारणं, यश्च तत्प्रतिपत्तिहेतुः* स मार्ग एवोपचारात्, कथमिदिमिति चेद् उच्यते- हंदीत्युपप्रदर्शने विनेयानुगुण्येन= शिक्षणीयसत्त्वा- नुरूप्येण, भवन्ति हि केचित् ते विनेया ये साभिष्वङ्गानुष्ठानप्रवृत्ताः सन्तो निरभिष्वङ्गमनुष्ठानं लभन्ते । इति गाथाद्वयार्थः ॥२९॥

**एएसु वट्टमाणो भावपवित्तीए बीयभावाओ**
**सुद्धासयजोगेणं अणियाणो भवविरागाओ ॥४१ ॥**
**विसयसरुपणुबंधेहिं तह य सुद्धं जओ अणुट्ठाणं ।**
**णिव्वाणंग भणियं अण्णेहिवि जोगमग्गंमी ॥४२ ॥**
**एयं च विसयसुद्धं एगंतेणेव जं तओ जुतं ।**
**आरोग्गबोहिलाभाइपत्थणाचित्ततुल्लंति ॥ ४३ ॥**

अथ सर्वाङ्गसुन्दरादितपस्सु सनिदान एव प्राणी प्रवर्तते ततो न्याय्यान्येतानीत्याशंकापरिहारार्थमनिदान -तामेषु प्रवृत्तस्य दर्शयन्नाह-एतेष्वनन्तरोक्ततपस्सु प्रवर्तमानो=व्याप्रियमाणो जीवः एतेसुं बहुमाणा इति पाठान्तरं व्यक्तं च, कया?-भावप्रवृत्या= बहुमानसार- क्रियया अनिदान इति योगः, कुत इति ?, आह-बीज- भावात्=बोधिबीजविकलस्य देहिनो बोधिबिज- भवनेन, एतदेव कथमिति?, आह-शुद्धाशययोगेन = शुभाध्यवसायसंबन्धेन, शुभाध्यवसायाद्धि बोधिबीजं- स्यात् अनिदानो=निदानरहितः स्यात्, तथा भवविरागात्-संसारनिर्वेदात्,यत् किल भवविरागादि-

निमित्तं तन्निदानं न भवति बोध्यादिप्रार्थनमिव, भवविरागादिहेतवश्चोक्त तपांसि केषांचिदतो निर्निदानानि । इति गाथार्थः ।।४१ ।।

निर्निदानत्वादेवैतेषां निर्वाणांगतामाचार्यान्तर-मतेनापि दर्शयन्नाह विषयो=गोचरः उक्तपसामालंब-नीयस्तीर्थकरनिर्गमादिः स्वरुपं=उक्ततपसामेव स्वभाव आहारत्यागब्रह्मचर्यपूजासाधुदानादिलक्षणः अनुबन्धश्च-तत्परिणामाव्यवच्छेदतः प्रकर्षयायिताऽ-तस्तेषु विषयस्वरुपानुबन्धेषु, तथा चेति समुच्चये, शुद्धं=निरवद्यं यतो=यस्मात्कारणात् अनुष्ठानं-क्रिया निर्वाणांगं=मुक्तिकारणंभणितं - उक्तं अन्यैरपि = तंत्रान्तरीयैः किं पुनर्जिनैः? योगमार्गे-अध्यात्म-शास्त्रपथे, अतो विषयादिशुद्धतयैतेषां निर्वाणाङ्गत्वान्निर्निदानतेति हृदयमिति ।। ४२ ।।

एतच्च=एतत्पुनरनन्तरोक्तं तपः विषयशुद्धं निर्दोषगोचरं सकलदोषमोषिजिनपतिविषयत्वात् एकान्तेनैव सर्वथैव यद्=यस्मात् ततः=तस्माद्धेतोः युक्तं-सङ्गतं प्रार्थनार्गभमपीदं तपः, कुत इति ?, आह-आरोग्यबोधिलाभादीनां "आरोग्गबोहिलाभं समाहिवरमत्तमं दिंतु" इत्येवंरुपा या प्रार्थना-याञ्चा तत्प्रधानं यच्चित्तं-मनस्तेन तुल्यं-समानं यत् तदारोग्यबोधिलाभादिप्रार्थनाचित्ततुल्यं इति कृत्वा । इति गाथाद्वयार्थः ।।४३।।

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ગ્રંથ પરિચય | ૧ | સંસાર ઘોર કેમ ? | ૪૦ |
| ગ્રંથકાર શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ | ૧ | કલકત્તાના યુવાને દીવો કર્યો | ૪૦ |
| નમસ્કારની જરૂર શી ? | ૬ | ૪ પ્રકારના યોગી | ૪૨ |
| મંગળથી વિઘ્નનાશ શી રીતે થાય ? | ૭ | બુદ્ધિના ૮ ગુણ | ૪૩ |
| ધર્મકાય-કર્મકાય-તત્ત્વકાય | ૯ | ઈચ્છાયોગ | ૪૫ |
| મોક્ષમાં ભવ્યત્વનો નાશ કેવી રીતે ? | ૧૨ | ઈચ્છાયોગની ૪ ખાસિયત | ૪૬ |
| તથાભવ્યત્વને પકવવાના ૩ ઉપાય | ૧૩ | શુદ્ધ ધર્મ ઈચ્છા કેવી હોય ? | ૪૭ |
| વીસ સ્થાનક આરાધના એટલે ? | ૧૫ | કાળમાં શું શું તણાઈ રહ્યું છે ? | ૪૮ |
| વીસ સ્થાનકના નામ યાદ રાખવાની ચાવી | ૧૬ | દેવપાલની કથા | ૫૦ |
| કર્મકાય અવસ્થા કયારથી શરૂ ? | ૧૮ | સજ્જને ગોપવવાની ૯ વસ્તુ ઓ | ૫૩ |
| જૈન ધર્મની વિશેષતાઓ | ૧૯ | રૂપાળી સ્ત્રીના દર્શનથી વર્ષોના | |
| શૈલેશી એટલે શું ? | ૨૧ | તપ-બ્રહ્મચર્યને નુકશાન | ૫૫ |
| જીવનમુક્ત-વિદેહમુક્ત | ૨૧ | સત્ત્વ ગુમાવવાથી ૧૩ નુકસાન | ૫૫ |
| સિદ્ધ અવસ્થાના ૮ ગુણ | ૨૨ | ધર્મક્રિયાની સફળતા શેમાં ? | ૫૬ |
| "વીર" શબ્દના ૪ અર્થ | ૨૩ | દ્રવ્યક્રિયાની મહત્તા | ૫૭ |
| આપત્તિ સહવાના ૫ લાભ | ૨૬ | લૌકિકમાંથી અલૌકિક તરફ | ૫૯ |
| ૯૮ પુત્રોનો ઉપદેશ | ૨૬ | જીવનમાં અલૌકિકતા કયાં કયાં ભેળવાય ? | ૬૧ |
| સુરસંદરીની શીલ રક્ષણાર્થે વિચારણા | ૨૮ | સંસારમાં બે જાતની માપાબંધી | ૬૩ |
| જિણાણં...તિણ્ણાણં..નો ક્રમ અને ભાવ | ૩૦ | અલૌકિક જીવનમાં માપાબંધી | ૬૩ |
| ચારિત્ર એટલે નિષ્પાપ જીવન | ૩૧ | ઈચ્છાયોગમાં શું જોઈએ ? | ૬૪ |
| પાપવિકલ્પ રોકવામાં મહાવીર્યની જરૂર | ૩૨ | શાસ્ત્રયોગ | ૬૫ |
| પ્રભુએ ગુફામાં બેઠા ધ્યાન કેમ ન કર્યુ ? | ૩૩ | શાસ્ત્રયોગનું ૧ લું લક્ષણ પ્રમાદરહિતતા | ૬૫ |
| નમિ રાજર્ષિની વીરતા | ૩૪ | ૪ વિકથા : કુથલી | ૬૬ |
| ૯૮ પુત્રોની વીરતા | ૩૪ | આત્માનું સ્વાભાવિક -વૈભાવિક સ્વરૂપ | ૬૭ |
| ઈશ્વર જગત્કર્તા કેમ નહિ ? | ૩૫ | ઘાતી-અઘાતી કર્મ | ૬૮ |
| દ્રવ્યસ્તવ-ભાવસ્તવના બે અર્થ | ૩૫ | ઘાતીના નાશ માટે પુરૂષાર્થ | ૬૯ |
| ચારિત્ર એટલે સકલ સત્ત્વ-હિતાશય | ૩૭ | પ્રમાદની આદત કેમ ટળે | ૭૧ |
| ભવાભિનંદી જીવોની દુર્દશા | ૩૮ | પૂર્વસાધકોની અપેક્ષાએ આપણે કયાં ? | ૭૨ |
| અપુનર્બંધક જીવ કેવો હોય ? | ૩૯ | ધર્મ કષ્ટ વેઠીને થાય | ૭૩ |


For Private and Personal Use Only

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| કુમારપાળના નિયમો | ૭૫ |
| ચંદ્રાવતંસકનું ધ્યાન | ૭૫ |
| શાસ્ત્રયોગીનું ૨ જું લક્ષણ શ્રદ્ધા | ૭૬ |
| પરિણતિ : આંતરવૃત્તિ | ૭૭ |
| નિશ્ચય-વ્યવહાર | ૭૮ |
| વ્યવહાર વિના તીર્થવિચ્છેદ | ૭૮ |
| નિશ્ચય વિના તત્ત્વ વિચ્છેદ | ૭૮ |
| એકાંત નિશ્ચયનયનું ખંડન | ૭૯ |
| ધર્મના ફળનો અધિકારી કોણ ? | ૮૪ |
| પ્રભુદર્શન કેવી રીતે થાય ? | ૮૪ |
| પાપ-વિકલ્પોથી નુકસાનો | ૮૬ |
| ભાવનો અચિંત્ય પ્રભાવ | ૮૭ |
| ધર્મશ્રોતાના ૧૦ ગુણ | ૮૯ |
| શાસ્ત્રયોગનું ૩ જું-૪ થું લક્ષણ | ૮૯ |
| ૩ - પટુબોધ-૪ યોગની અખંડિતતા | ૮૯ |
| બ્રાહ્મણ વિદ્યાર્થીનું દૃષ્ટાંત | ૯૦ |
| ગૌતમસ્વામીનો દેવશર્માને ઉપદેશ | ૯૪ |
| શાસ્ત્ર સાંભળવાની અભિલાષાઓ | ૯૫ |
| ત્રણ મિત્ર - કાયા - કુટુંબ - ધર્મ | ૯૬ |
| પોષધની મહત્તા | ૯૯ |
| કામવાસના જાગવાનું મૂળ | ૧૦૧ |
| વિકલ્પો કેમ ઘટે ? | ૧૦૧ |
| સામર્થ્યયોગ | ૧૦૨ |
| ધ્યાન ગુફામાં કેમ નહિ ? | ૧૦૪ |
| જિનભક્તિયોગ | ૧૦૫ |
| પ્રતિમા-દર્શને ઉદ્ધારના દાખલા | ૧૦૯ |
| જિનભક્તિભાવથી ઇન્દ્રિય-નિગ્રહ કેમ ? | ૧૧૦ |
| સામર્થ્યયોગ શાસ્ત્રથી અગમ્ય | ૧૧૧ |
| કારણ બે જાતના | ૧૧૧ |
| ૧. સ્વરૂપયોગ્ય કારણ : | ૧૧૧ |
| ૨. ફલોપધાયક કારણ | ૧૧૧ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સમ્યગ્દર્શનમાં વિશુદ્ધિ કેવી રીતે થતી આવે ? | ૧૧૩ |
| જિનવચનોપાસના | ૧૧૪ |
| દર્શનાચાર વૃદ્ધિ | ૧૧૫ |
| સમકિતના ૬૭ વ્યવહાર | ૧૧૬ |
| સમ્યક્ત્વની કરણી | ૧૧૮ |
| પ્રાતિભજ્ઞાન | ૧૧૯ |
| ધર્મસન્યાસ-યોગસંન્યાસ | ૧૨૧ |
| 'ક્ષયોપશમ'નું સ્વરૂપ | ૧૨૨ |
| ક્ષયોપશમનો ઉપાય | ૧૨૪ |
| કરણ એટલે શું? | ૧૨૬ |
| જીવતત્ત્વની સાબિતી | ૧૨૬ |
| રાગદ્વેષની ગ્રન્થિ | ૧૨૬ |
| આત્મહિત સાધવામા મુખ્ય સાધન શુભ અધ્યવસાય | ૧૨૭ |
| ચરમ યથાપ્રવૃત્ત કરણ | ૧૨૮ |
| અપૂર્વકરણથી પાંચ અપૂર્વ કાર્યો | ૧૨૯ |
| કર્મ પર ૮ કરણો | ૧૩૧ |
| સમ્યક્ત્વના ૫ લક્ષણ | ૧૩૨ |
| અંતરકરણ અને ત્રણ પુંજ | ૧૩૨ |
| પ્રવજ્યાની યોગ્યતા : ૧૬ ગુણ | ૧૩૫ |
| જ્ઞાનયોગ | ૧૩૮ |
| શાસ્ત્રો શા માટે ભણવા ? | ૧૩૮ |
| સામર્થ્યયોગનું બીજું સ્વરૂપ યોગ સંન્યાસ | ૧૩૯ |
| આયોજ્યકરણ શા માટે ? | ૧૪૦ |
| શૈલશીકરણ અને યોગસંન્યાસ | ૧૪૨ |
| 'અયોગ' એ યોગ કેમ ? | ૧૪૩ |
| યોગના ૮ અંગ | ૧૪૪ |
| ૮ ત્યાજ્ય ખેદાદિ દોષ | ૧૪૪ |
| ઉપાદેય અદ્વેષાદિ ૮ ગુણ | ૧૪૪ |
| ઓઘદૃષ્ટિ | ૧૪૫ |
| ભવાભિનંદીના ૮ લક્ષણો | ૧૪૬ |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પ્રથમ ૪ દૃષ્ટિમાં દર્શનભેદ કેમ ? | ૧૪૭ |
| મિથ્યાદર્શનોમાં દર્શનભેદ | ૧૪૮ |
| છેલ્લી ૪ દૃષ્ટિમાં દર્શનભેદ કેમ નહિ ? | ૧૪૯ |
| એકત્ર વિરુદ્ધ ધર્મો કેમ ઘટે ? | ૧૫૦ |
| નય : દ્રવ્યદૃષ્ટિ - પર્યાયદૃષ્ટિ | ૧૫૧ |
| સ્યાદ્વાદ દૃષ્ટિ | ૧૫૩ |
| અનેકાન્તવાદની જીવનમાં કેટલી બધી જરૂર છે ? | ૧૫૪ |
| શું જૈનો ઇશ્વરને નથી માનતા ? | ૧૫૫ |
| મૈત્રી આદિની પરતંત્રતા | ૧૫૬ |
| અસદ્ આગ્રહ | ૧૫૮ |
| અસદ્ આગ્રહ ત્યાં કરુણા-પ્રમોદ કેમ નહિ? | ૧૫૯ |
| ગંભીર આશય એટલે ? | ૧૬૧ |
| ગંભીરતા ને મૈત્રી આદિને સંબંધ | ૧૬૨ |
| ઉદાર આશય એટલે ? | ૧૬૩ |
| પરાર્થ પ્રવૃત્તિના ૩ અર્થ | ૧૬૪ |
| મહાવ્રતોથી પરાર્થકરણ | ૧૬૪ |
| ચારિ-સંજીવની ચારકનું દૃષ્ટાંત | ૧૬૬ |
| વિવિધ દૃષ્ટિનો ઉપસંહાર | ૧૬૮ |
| ૮ યોગદૃષ્ટિનો સંક્ષિપ્ત પરિચય | ૧૭૦ |
| ૧. મિત્રાદૃષ્ટિ | ૧૭૨ |
| ૨. તારાદૃષ્ટિ | ૧૭૪ |
| ઓઘદૃષ્ટિથી રંગાયેલી ધર્મક્રિયા | ૧૭૫ |
| યોગદૃષ્ટિથી રંગાયેલી ધર્મક્રિયા | ૧૭૬ |
| ૩. બલાદૃષ્ટિ | ૧૭૭ |
| ૪. દીપાદૃષ્ટિ | ૧૭૮ |
| ૫. સ્થિરાદૃષ્ટિ | ૧૮૦ |
| પ્રણિધાનાદિના ૫ આશય | ૧૮૩ |
| સાધકના ૩ વિઘ્નજય | ૧૮૫ |
| ૬. કાન્તાદૃષ્ટિ | ૧૮૬ |
| ૭. પ્રભાદૃષ્ટિ | ૧૮૮ |
| જૈનશાસનનું ધ્યાન | ૧૮૮ |
| ૮. પરાદૃષ્ટિ | ૧૯૦ |
| ૮મી દૃષ્ટિમાં અનુષ્ઠાન કેમ નહિ ? | ૧૯૧ |
| ૮ દૃષ્ટિમાં વિશેષ સ્પષ્ટતા | ૧૯૧ |
| પ્રીતિ અનુષ્ઠાન | ૧૯૩ |
| ૪ થી દૃષ્ટિમાં ભક્તિ અનુષ્ઠાન | ૧૯૪ |
| ૫ મી દૃષ્ટિમાં અપ્રતિપાતી,વર્ધમાન અપર દુઃખકારી બોધ | ૧૯૪ |
| તપમાં આંતરક્રિયા | ૧૯૫ |
| પૂજા-સ્તુતિમાં આંતરક્રિયા | ૧૯૬ |
| સુલસાના ધર્મસત્ત્વની પરીક્ષા | ૧૯૭ |
| દેવપાલની જિનભક્તિ | ૧૯૮ |
| કાન્તાદૃષ્ટિમાં વિશિષ્ટ અપ્રમાદ | ૧૯૯ |
| ભજનમંડળીની ઇર્ષ્યા કેવી રીતે ટળી ? | ૧૯૯ |
| ગંભીર આશય | ૨૦૦ |
| ૭ મી પ્રભાદૃષ્ટિની વિશિષ્ટતાઓ | ૨૦૦ |
| જૈનેતર બાઇ સાધુચર્યાથી પ્રભાવિત | ૨૦૨ |
| પ્રતિક્રમણમાં સ્વ-ભાવમાં ગમન | ૨૦૨ |
| છ આવશ્યક કેવી રીતે સ્વભાવમાં લાવે ? | ૨૦૨ |
| કારક એટલે | ૨૦૩ |
| પ્રભુને ૬ કારક આત્મતત્વમાં | ૨૦૩ |
| સંવેગ વૈરાગ્યની મધુરતા | ૨૦૫ |
| સંવેગ એ મધુરતા કેવી રીતે ? | ૨૦૬ |
| સાંખ્ય દર્શન મત, ન્યાય દર્શન મત | ૨૦૭ |
| સાંખ્યમતથી ન્યાયમતનું ખંડન | ૨૦૭ |
| જૈન મતે સાંખ્ય-બૌદ્ધમતનું ખંડન | ૨૦૭ |
| અનેકાંતવાદથી જ સમાધાન | ૨૦૮ |
| ૮ યોગાંગ, ૮ દોષ, ૮ ગુણ | ૨૧૦ |
| યોગના ૮ અંગેનો પરિચય | ૨૧૨ |
| ત્યાજ્ય ૮ દોષનો પરિચય | ૨૧૩ |
| ૮ ગુણસ્થાન | ૨૧૪ |


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૮ ગુણનો પરિચય | ૨૧૪ |
| પતંજલી આદિને 'ભગવાન' શબ્દ કેવી રીતે લાગે ? | ૨૧૫ |
| તામલિ તાપસનો ભવ્ય વૈરાગ્ય | ૨૧૬ |
| કાર્તિક શેઠનો વૈરાગ્ય | ૨૧૮ |
| દૃષ્ટિ એટલે શ્રદ્ધા સંપન્ન બોધ | ૨૧૯ |
| ધનાજીનું દર્શન | ૨૨૦ |
| દર્શન નિષ્પ્રત્યપાય | ૨૨૧ |
| કુભક્ત ન્યાય | ૨૨૨ |
| અસત્પ્રવૃત્તિ કેમ છૂટે ? | ૨૨૩ |
| દૃષ્ટિ એટલે શ્રદ્ધાભીનું જ્ઞાન | ૨૨૩ |
| વેદ્ય-સંવેદ્ય એટલે ? | ૨૨૪ |
| સર્વજ્ઞ જ સાચા હેય-ઉપાદેય કહી શકે. | ૨૨૪ |
| આધુનિક કેળવણી એ જ્ઞાન કેમ નહિ ? | ૨૨૫ |
| વિજય ચોરનું દૃષ્ટાન્ત | ૨૨૬ |
| શરીર સંયમનું ખૂન શી રીતે કરે ? | ૨૨૬ |
| પુસ્તકનો આદર શા માટે ? | ૨૨૭ |
| ગુણસેન રાજાને સર્વજ્ઞવચનની કદર | ૨૨૭ |
| વેદ્ય સંવેદ્યપદ પહેલાં શું કરવું પડે ? | ૨૨૮ |
| યોગદૃષ્ટિ પુરુષાર્થથી મળે | ૨૨૯ |
| "ષટ્સ્થાન" પતિત એટલે | ૨૩૧ |
| પાપાનુમોદનાની અવિરતિનું જંગી પાપ | ૨૩૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સંવાસાનુમતિ શ્રાવક એટલે ? | ૨૩૪ |
| હિંસાની-અનુમોદના નહિ કરવા છતાં કેમ પાપ લાગે ? | ૨૩૪ |
| ચારિત્રનું ઊંચું મૂલ્ય શાથી ? | ૨૩૪ |
| સંશયથી પ્રવૃત્તિ થાય ખરી ? | ૨૩૫ |
| કર્મની શિરજોરી સામે યત્નમાં ૩ લાભ | ૨૩૬ |
| આંતરગુણની રક્ષાના ૭ ઉપાય | ૨૩૬ |
| પ્રભુભક્તિથી મન પર ઘેરી અસર | ૨૩૭ |
| સદ્દૃષ્ટિનું પતન એ દુઃખનું કારણ | ૨૩૯ |
| મહાવીરપ્રભુને કેમ અપાય ? | ૨૪૦ |
| દૃષ્ટિઓ સાપાય-નિરપાય | ૨૪૧ |
| સમકિતી જીવને દુઃખમાં દુઃખ કેમ ન લાગે ? | ૨૪૨ |
| હેયોપાદેયમાં ખતવણીથી શુભાશય | ૨૪૩ |
| ઈન્દ્રિય નિગ્રહ માટે વિચારણા | ૨૪૪ |
| 'પાવંતિ ન દુક્ખ-દોગચ્ચં'નો ભાવ | ૨૪૫ |
| પુણ્ય દુબળાં એટલે ? | ૨૪૫ |
| પરસ્ત્રી-પરધનમાં જોવા જેવું શું છે ? | ૨૪૬ |
| સત્ત્વ કેવી રીતે ટકે ? | ૨૪૬ |
| અસમાધિમાં મૃત્યુ એટલે દુર્ગતિમાં પ્રયાણ | ૨૪૬ |
| યોગદૃષ્ટિ-પ્રયાણમાં વીસામાતુલ્ય દેવભવ | ૨૪૬ |
| યોગદૃષ્ટિની સાધના એ આંતરિક નિર્મળ અધ્યવસાયની સાધના | ૨૪૭ |
| જીવનમાં અતિ જરૂરી સત્ત્વ ને સમાધિ | ૨૪૮ |


For Private and Personal Use Only



**વંદના પાપ નિકન્દના રે મુનિરાજકું સદા મોરી વંદના**

જે ગુરુદેવ સંયમવૃદ્ધિ અને સંયમશુદ્ધિ માટે જીવનભર ઉદ્યમશીલ હતા, જેઓએ સાધુસમુદાયને વાત્સલ્યના અમીપાન કરાવ્યા, જેમણે અતિવિશાલ કર્મસાહિત્ય સરજી-સરજાવીને નવો યુગ પ્રવર્તાવ્યો જેમણે શ્રીસંઘની આધ્યાત્મિક ઉન્નતિ માટે અથાગ પ્રયત્નો કર્યા તે

સિદ્ધાન્તમહોદધિ સ્વ. પૂજયપાદ

**આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી**

મહારાજ સાહેબના ચરણકમલમાં કોટિ કોટિ વંદના

# પરમતેજ

## ( શ્રી લલિતવિસ્તરા શાસ્ત્ર વિવેચન )

(ગુજરાતી)

| પરમતેજ ભાગ - ૧ (દ્વિતીય આવૃત્તિ) | પરમતેજ ભાગ - ૨ (પ્રથમ આવૃત્તિ) |
|---|---|
| સં. ૨૦૪૨ | સં. ૨૦૨૫ |
| **મૂલ્ય : રૂા. ૩૦=૦૦** | **મૂલ્ય : રૂા. ૨૫=૦૦** |
| પૃષ્ઠ સંખ્યા : ૩૮૬ સાઈઝ : ક્રાઉન ૮ | પૃષ્ઠ સંખ્યા ૫૦૬સાઈઝ : ક્રાઉન ૮ |

**'ઉપમિતિ ભવ પ્રપંચકથા'** નામના વૈરાગ્યરસથી છલકાતા કથાગ્રંથના કર્તા શ્રી સિદ્ધર્ષિગણી બૌદ્ધદર્શનનું જ્ઞાન મેળવવા બૌદ્ધગુરુઓ પાસે ગયા. ત્યાં તેમના મતથી પ્રભાવિત બની તેમને બૌદ્ધદીક્ષા લેવી હતી ત્યારે સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિજી મહારાજાનો જે ગ્રંથ વાંચીને તે પુનઃ જિનવચનમાં પક્કા શ્રદ્ધાવાન બન્યા હતા તે ગ્રંથ એટલે 'શ્રી લલિતવિસ્તરા'.

ચૈત્યવંદનની વિધિમાં અનિવાર્ય અવશ્ય અને પૌષધ ઉપધાનમાં વારંવાર જે 'નમુત્થુણં' સૂત્ર બોલવામાં આવે છે તે 'નમુત્થુણં' સૂત્રની વૃત્તિનું બીજું નામ છે 'શ્રી લલિતાવિસ્તરા'ઈ

આ અભૂતપૂર્વ અનુપમ ગ્રંથ પરમાત્મા અને પરમાત્મદશા ભર્યા ભર્યા પ્રકાશના પુંજરૂપ છે તેથી ગુજરાતીમાં તેનું નામ આપ્યું 'પરમતેજ' પરમ પરમાત્માએ વિશ્વને દીધેલ અપૂર્વ તેજ આ ગ્રંથમાં ગ્રંથસ્થ છે તેથી તેનું નામ 'પરમતેજ'. પરમ એટલે શ્રેષ્ઠ. આ ગ્રંથ શ્રેષ્ઠ તત્ત્વો, યોગ અને આચાર વગેરેના તેજથી ઝળહળતો છે. તેથી તેનું ગુજરાતી નામાભિધાન 'પરમતેજ'. પરમપદ મોક્ષ અને પરમસુખ, નિરુપાધિક આનંદ પામવાના તેજસ્વી ઉપાયો ગ્રંથકારે આ ગ્રંથમાં બતાવ્યા હોવાથી તેનું નામ 'પરમતેજ.'

આ મહાન ગ્રંથમાં ગ્રંથકાર મહર્ષિશ્રીએ મંગલમય ભક્તિ અનુષ્ઠાન 'ચૈત્યવંદન' માં બોલતાં, 'નમુત્થુણં' 'અરિહંત ચેઈયાણં' 'લોગસ્સ', પુક્ખરવર', સિદ્ધાણં બુદ્ધાણં અને 'જયવીયરાય' સૂત્રોની વિવેચના કરી છે. અર્થગંભીર સૂત્રાત્મક વૃત્તિ પર પૂર્વાચાર્ય શ્રી મુનિચંદ્રસૂરિજી મહારાજે 'પંજિકા' નામે સંક્ષિપ્ત વ્યાખ્યા લખી છે. વૃત્તિ એને વ્યાખ્યા બંને મૂળ સંસ્કૃત ભાષામાં છે. આ બંને સંસ્કૃત ગ્રંથ ઉપર પૂજ્ય આચાર્યશ્રીએ પોતાની બોધગંભીર ગહન શૈલીમાં અનુભવપૂત વિવેચન કર્યું છે.

ગુજરાતી વિવેચનામાં ગ્રંથકાર મહર્ષિની મૂળ વૃત્તિ અને તેનું વિશદ પ્રશ્નશૈલીમાં વિવરણ છે.

'લલિતવિસ્તરા' ગ્રંથ દેખીતી રીતે તો ટીકાગ્રંથ છે. પરંતુ તેનો સર્વાંગી અભ્યાસ પ્રતીતિ કરાવે છે કે તે એક બેનમૂન અને અજોડ મહાશાસ્ત્ર છે. શ્રી તીર્થંકર પરમાત્માની સ્તુતિ કરતાં જે જે વિશેષણોનો ઉપયોગ કરવામાં આવ્યો છે તે દરેક વિશેષણમાં કેવું ગહન, તાર્કિક તત્ત્વજ્ઞાન ગોપિત છે તેનું આ ગ્રંથમાં અનાવરણ કરાયું છે.

પરમતેજના પ્રથમ ભાગમાં 'લોગપજ્જોઅ-ગરાણં' સુધી સર્વગ્રાહી વિવેચના છે. ચૈત્યવંદનનું ફળ શું ? ચૈત્યવંદન વગેરે વિધિપૂર્વક કરવાનો આગ્રહ શા માટે ? નવકાર અને ૨૪ જિનનામથી મન સ્થિર કેમ બને ? ધર્મનો અધિકારી કોણ ? ચૈત્યવંદનના અધિકારી કોણ ? ઉચિત વૃત્તિ એટલે શું ? ઉત્સર્ગ અને અપવાદ માર્ગ, અપુનર્બન્ધકનાં લક્ષણ, શુદ્ધ દેશના કઈ ? ચૌદ ગુણસ્થાનક, પહેલાં દયા કેમ ? જીવનમાં દયાનું સ્થાન, વિધિનું મહત્ત્વ, માર્ગાનુસારિના રૂપ ગુણો, ધર્મનું બીજ, ભાવ નમસ્કાર, ઈચ્છાયોગ, સામર્થ્યયોગ, સમ્યક્ત્વના ૬૭ પ્રકારના વ્યવહાર, જીવાજીવાદિ સાત તત્ત્વોની આ પ્રથમ ભાગમાં સદૃષ્ટાંત વિચારણા વિશદ રીતે કરવામાં આવી છે.

**પરમતેજ ભાગ - ૨**

આ બીજા ભાગમાં 'નમુત્થુણં'ના બાકીના પદોની વિચારણા પૂર્ણ થાય છે. અને 'અરિહંત ચેઈયાણં, અન્નત્થ, લોગસ્સ, સવ્વલોએ, પુક્ખરવરદીવટ્ઠે, સિદ્ધાણં બુદ્ધાણં, વેયાવચ્ચગરાણં, જયવીયરાય' સૂત્રોનાં રહસ્યનું રસગંભીર વિવેચન છે.

આ બીજા ભાગમાં આ સૂત્રોની પદોની વિશદ વિચારણા કરી છે અનેકવિધ તત્ત્વોનું રહસ્ય છતું કરાયું છે. બહુ ઓછાને ખબર હશે કે ચૈત્યવંદનની સાધના સિદ્ધ કરવા માટે આદિ ધાર્મિકનાં તેત્રીસ કર્તવ્યો કરવાં જરૂરી છે. આ કર્તવ્યો અવશ્ય જાણવા યોગ્ય છે. વિચારવા યોગ્ય છે. અને આચરણમાં મૂકવા પણ તેટલા જ અનિવાર્ય છે.

પરમાત્મભક્તિપ્રેમી સહિત બુદ્ધિવાદી અને તર્કવાદીઓને પણ અધ્યયનથી પ્રસન્નતા થાય તેવી ગહન પ્રસાદી પરમતેજ વિવેચનામાં ઠાંસી ઠાંસીને ભરવામાં આવી છે. સમ્યક્ સાધનાની બહુમૂલ્ય માહિતી અને જૈનધર્મને સમજવા માટે ગાઈડ ભોમિયારૂપ પરમતેજ ભાગ-૧ અને પરમતેજ ભાગ - ૨ છે.

**સમગ્ર રીતે જોતાં શ્રી 'લલિતવિસ્તરા'માં કેવા અદ્‌ભુ ત વિષયો છે ! દા. ત.**

૧) પરમાત્માનું સાચું સ્વરૂપ ૨) પરમાત્માની ઉત્કૃષ્ટ સાધના ૩) જૈનધર્મની અનન્ય વિશિષ્ટતાઓ
૪) ઈતર દર્શનોની સમીક્ષા ૫) યોગ-અધ્યાત્મ માર્ગ ૬) આત્મ-ઉત્થાનના ૧૦ ગુણ.....

For Private and Personal Use Only

### ૧૪૪૪ શાસ્ત્ર-નિર્માતા સુવિહિત શિરોમણિ
### પૂ. આચાર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ વિરચિત

# યોગદૃષ્ટિ સમુચ્ચય

## મહાશાસ્ત્ર પરનાં વ્યાખ્યાનો

ॐ अर्हं नमः ।

प्रणम्य श्री महावीरं, प्रेमसूरिं च सद्गुरूम् । प्रोच्यते बालभाषायां योगदृष्टिसमुच्चयः ।।

અષ્ટપ્રાતિહાર્યયુક્ત ચોત્રીશ અતિશયોથી અલંકૃત ત્રિલોકનાથ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને નમસ્કાર કરીને સ્વકીય તારણહાર ગુરુ, સુવિશાળ શ્રમણ-સાર્થાધિપતિ, કર્મ સાહિત્ય સુત્રધાર, સિદ્ધાન્ત મહોદધિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજને વંદન કરીને સમર્થ શાસ્ત્રકાર આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે રચેલ ''શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય'' નામના મહાન શાસ્ત્રનું અહીં બાલભોગ્ય ગુજરાતી ભાષામાં વ્યાખ્યાન કરાય છે.

### ગ્રંથ પરિચય :

અનાદિ અનંતકાળથી ઓઘદૃષ્ટિમાં રમતો જીવ કેવી રીતે એમાંથી બહાર નીકળી, ક્રમસર વધુ ને વધુ વિકાસવંતી યોગની આઠ દૃષ્ટિમાં ચઢે છે, તે તે દૃષ્ટિમાં આત્માએ કેવો વિકાસ સાધ્યો હોય છે, ઇત્યાદિ વસ્તુ-સ્થિતિનું ''યોગદૃષ્ટિ સમુચ્ચય'' શાસ્ત્રમાં સુંદર નિરુપણ છે. ગ્રન્થ આમ તો શબ્દોથી ઘણો નાનો, પરંતુ અર્થથી મહા ગંભીર અને વિશાળ છે; આમાં નવાઇ નથી; કેમકે આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજનાં વચનો સૂત્ર જેવાં વચન તરીકે પ્રસિદ્ધ છે. એઓશ્રીએ આગમ ઉપર અને પૂર્વાચાર્યોના શાસ્ત્રો ઉપર રચેલ વિવેચનની પણ ભાષા સૂત્ર જેવી છે; ટૂંકી અને અર્થગંભીર છે. એટલે સૂત્રની જેમ આ વિવેચનનાં એમનાં વચનોનું પણ વિસ્તૃત અર્થ-વ્યાખ્યાન થાય; એ જરૂરી છે.

જિનશાસનમાં ધર્મ-આરાધના માટે બીજાં શાસ્ત્રો છે, એમાં આચાર અને અનુષ્ઠાનનાં વર્ણન છે, વ્રત-નિયમોનાં વર્ણન છે; જ્યારે આ 'યોગદૃષ્ટિ સમુચ્ચય' શાસ્ત્રમાં આંતરિક પરિણતિ કેવી કેવી બનાવીએ, માનસિક વલણ કેવું કેવું ઘડીએ, સ્વાત્માના આશયો કેવા કેવા વિકસાવીએ તો આત્માની યોગિક દૃષ્ટિ ઉત્તરોત્તર વિકાસ પામતી રહે એનું નિરૂપણ છે.

### ગ્રંથકાર :

આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ પૂર્વધર મહર્ષિની નિકટના કાળમાં વિક્રમની લગભગ ૬ ઠ્ઠી સદીમાં થયેલા છે. રાજપુરોહિત બ્રાહ્મણપણામાંથી એ જૈન મુનિ બનેલ, ને પછી સમર્થ શાસ્ત્રકાર પ્રખર વિદ્વાન ધુરંધર જૈનાચાર્ય બનેલા. એમણે લાખો શ્લોક પ્રમાણ ૧૪૪૪ શાસ્ત્રોની રચના કરી છે. એમાંનું આ ''યોગદૃષ્ટિ સમુચ્ચય'' નામનું એક શાસ્ત્ર છે. 'પૂર્વ' શાસ્ત્રોની વાતો વીસરાવા લાગી હતી તેથી એમણે એ પદાર્થોને સ્વનિર્મિત ગ્રન્થોમાં આરૂઢ કરી દીધા. એવા આ ગ્રંથના પદાર્થ 'પૂર્વ' શાસ્ત્રોના ઝરણાંરૂપ છે. એટલે કોઇક આક્ષેપ કરે કે 'હરીભદ્રસૂરિએ યોગદૃષ્ટિની વાતો બૌદ્ધદર્શન વગેરેની લીધી છે' તો તે ખોટી છે. કેમકે, પૂર્વ નામનાં શાસ્ત્રોમાં અઢળક તત્ત્વજ્ઞાન ભરેલું હતું, તો એમાં યોગદૃષ્ટિ વગેરે શાસ્ત્રોના બધા પદાર્થ સમાવિષ્ટ હોય એમાં નવાઇ શી ?

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આક્ષેપ કરનારની અજ્ઞાનદશા કેવી કે એ જોતાં ન આવડયું કે,

(૧) જેની અન્ય દર્શનોને ગંધ સરખી નથી એવા કમ્મપયડી શાસ્ત્રના કર્મ અંગેના બંધન સંક્રમણ ઉદ્વર્તના અપવર્તનાદિ કરણો તથા ૧૪ ગુણસ્થાનકાદિ જેવા અતિ સૂક્ષ્મ પદાર્થ માટે જૈનાચાર્યોને બીજા પાસે જવું નથી પડયું, શું મિત્રા-તારા-બલા-દીપ્રા વગેરે કે મૈત્રી આદિ ભાવનાઓ જેવાં અતિ સ્થૂલ પદાર્થ સમજવા માટે જૈનેતર શાસ્ત્રો પાસે જવું પડે ? અસલમાં શ્રી જિનાગમોને પુસ્તકારૂઢ કરનાર પૂર્વ મહર્ષિ શ્રી દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ મહારાજ શ્રી વીર પ્રભુની સ્તુતિ કરતાં કહે છે, 'जयइ सुआणं पभवो' અર્થાત્ વીતરાગ સર્વજ્ઞ શ્રી મહાવીર પરમાત્મા સમ્યક્શ્રુતો અને મિથ્યાશ્રુતોના મૂળ ઉત્પત્તિસ્થાન છે. મિથ્યાશાસ્ત્રોનાં ? હા, આ રીતે કે, પ્રભુએ ગણધરોને અર્થથી દ્વાદશાંગી આપી. એમાંનાં કોઇ કોઇ પદાર્થને ઊંચકી મિથ્યાદૃષ્ટિ આત્માઓએ મિથ્યાશાસ્ત્ર પ્રવર્તાવ્યા. પરંતુ એ એકાન્ત નયદૃષ્ટિથી પ્રરૂપ્યા, તેથી એ મિથ્યાશ્રુત રૂપ બન્યા. હવે એ જ પદાર્થ અનેકાન્ત નયદૃષ્ટિથી અર્થાત્ સ્યાદ્વાદ શૈલીથી શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ જેવાં મહર્ષિઓએ પોતાનાં રચેલાં શાસ્ત્રોમાં અંકિત કર્યા. તો તે શું મિથ્યા શાસ્ત્રોમાંથી લીધા ગણાય ? કે મૂળ તો જિનવાણી જિનાગમશ્રુતનાં જ ગણાય ?

(૨) વાસ્તવમાં શ્રુતજ્ઞાનનાં મહાસાગર સમાં ૧૪ પૂર્વનામનાં શાસ્ત્રોમાં સૂક્ષ્મ સ્થૂલ એક પદાર્થ પણ વણનોંધ્યો નહોતો રહ્યો. ચૌદ પૂર્વધરમુનિઓનાં શ્રુતને સર્વાક્ષર-સંનિપાતી કહેવાય છે.

સર્વાક્ષર સંનિપાતી એટલે શું ?

'સર્વાક્ષર સંનિપાતી' એટલે અ-આ-ક-ખ... વગેરે અક્ષરોનાં જેટલાં સાર્થક સંનિપાત યાને સંયોગ થઇ શબ્દો બને, એ સમસ્ત શબ્દો જેમાં સમાવિષ્ટ છે એવું શ્રુત (આગમસમૂહ). પછી આમાં જૈનેતર આગમોનાં શબ્દો ને એ આગમોની વાતો ય કેમ સમાઇ ગઇ ન હોય ? એટલે કે અક્ષરોના સંયોગથી જેટલા સાર્થક શબ્દ બને એ બધાયને સમાવી લેનાર શ્રુત-આગમોમાં જૈનેતર શાસ્ત્રોએ બતાવેલ પદાર્થો પણ ન નિર્દેશ્યા શાના બાકી હોય ? અસ્તુ.

## આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ

એ એવા ધુરંધર વિદ્વાન યુગપુરૂષ હતા કે મૌલિક શાસ્ત્રો ઉપરાંત આગમ વિવેચનાનાં એમનાં વચનોને પછીના આચાર્યો પોતાના ગ્રંથમાં ઉદ્ધરણ તરીકે લે છે. એવા આ મહાપુરુષે મૌલિક શાસ્ત્રો ઉપરાંત વિવેચનનાં ય શાસ્ત્રો લખ્યાં, જેમ કે શ્રી લલિતવિસ્તરા, શ્રી પંચસૂત્રવૃત્તિ, શ્રી આવશ્યક સૂત્રવૃત્તિ... વગેરે. એના પણ વાકય સૂત્ર જેવા છે, જેના પર સારું વિવેચન થઇ શકે. આ રચનાનો બધો પ્રતાપ શ્રી જિનાગમોનો છે, કેમકે પોતે જ એક સ્થાને લખે છે કે -

**'હા ! અણાહા કહં હુંતા,**
**જઇ ણ હુંતો જિણાગમો'**

અર્થાત્ 'અરે ! જો જગતમાં શ્રી જિનેશ્વર ભગવાનના આગમ ન હોત તો અમે અનાથ બની રહ્યા હોત અને તો અમારું શું થાત ?' અર્થાત્ અજ્ઞાન-મિથ્યાજ્ઞાનના અંધકારમાં અહંત્વ અને મિથ્યા પ્રવૃત્તિમાં રાચ્યામાચ્યા રહી શેષ ભવના ગુણાકાર કર્યા હોત !

આ ઉદ્ગાર સૂચવે છે કે એમને જિનાગમ પર ભારોભાર અને અનન્ય બહુમાન હતું ! તેમજ શાસ્ત્રો રચવામાં ય ઉપયોગી બોધ અને પ્રેરણા એમણે જિનાગમોમાંથી લીધી હતી.

## જિનાગમ પર આટલું બધું બહુમાન શાથી ?

એક અપેક્ષાએ કહીએ તો કહેવાય કે, જૈનકુળમાં જન્મેલાને તો જન્મથી આ મળે એટલે 'છે, છે ને છે,' એમ આ મળવાની નવાઇ નહિ, પરંતુ એમને તો ન મળવાનું મળ્યું હતું. જન્મ જૈનકુળમાં નહિ પણ બ્રાહ્મણકુળમાં જન્મેલા અને એ કુળના જે સંસ્કાર તથા એ કુળની જ વેદ, પુરાણ વગેરેની વિદ્યા પામેલા ! તે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ જ જો જીવનભર રહ્યા હતા તો એમને જૈન ધર્મ જૈન આગમ દેખવા ય કયાં મળવાનાં હતાં ? પરંતુ એમના નસીબનો સીતારો ચમકયો અને આ જિનાગમ વગેરે ન મળવાનું મળી ગયું. એટલે જિનાગમ વગેરે ન મળવાનું મળી ગયું. એટલે એમને નવાઇનો પાર નથી. અને જિનાગમ પર અથાગ રાગ બંધાઇ ગયો છે. 'અહો ! 'મારા જેવા અપાત્રને અહો આ વિશ્વોત્તમ જિનાગમની પ્રાપ્તિ !' નિરંતર આ અહોભાવને લીધે જિનાગમમાંથી રત્નો ખેંચી ખેંચીને મૂળ અને ટીકા શાસ્ત્રો બનાવ્યે જ ગયેલાં.

સવાલ થાય છે કે બ્રાહ્મણકુળમાં હતા તો જિનાગમ શી રીતે પામ્યા ? આનો ટૂંકો અહેવાલ એ છે કે એ ચિત્તોડના મહારાણાના માન્ય પુરોહિત બ્રાહ્મણ હતા. દર્શન શાસ્ત્રો સહિત હિંદુ શાસ્ત્રોની વિદ્વતા એટલી બધી કે એમને અભિમાન હતું કે 'જગતમાં કોઇ શાસ્ત્ર એવું નથી કે જેને હું ન સમજી શકું' અને સાથે માનસિક પ્રતિજ્ઞા સંકલ્પ હતો કે 'કદાચ ન સમજું તો સમજવા માટે જરૂર પડયે સામાનો જીવનભરનો ગુલામ બની જાઉં.'

એકવાર સાધ્વીજીના મુકામ પાસેથી જતાં સંગ્રહણી શાસ્ત્રની **'ચક્કી દુગં હરિપણગં પણગં ચક્કીણ કેસવો ચક્કી'**... એ ગાથા સાંભળી. અર્થ તો સીધો હતો કે આ ભરતક્ષેત્રમાં પહેલા ૨ ચક્રવર્તી થયા, પછી ૫ વાસુદેવ, પછી ૫ ચક્રી પછી એક વાસુદેવ.. વગેરે, પરંતુ એ જૈન ઇતિહાસના અજાણ હોઇ અર્થ ન સમજયા. સાધ્વીજીના મુકામમાં ગયા. ત્યાં સાધ્વીઓના મોટા સમુદાયને શાંત-પ્રશાંત અને જ્ઞાન-ધ્યાન મગ્ન જોઇ એમના તરફ અને જૈન ધર્મ તરફ આકર્ષિત થઇ ગયા. 'હેં! બાઇ માણસો અને આટલી શાંત !' પ્રવર્તિની સાધ્વીને અર્થ પૂછતાં, એ અર્થ તો જાણતા હતા છતાં પોતાની હોશિયારી ન બતાવી, કેમકે એ ગુરુ-આચાર્ય પ્રત્યે વિનયભાવવાળા હતા. તેમજ જીવો પ્રત્યે ભાવ-કરુણાવાળા હતા. એટલે વિચાર્યું કે 'આ ભાઇ વેશ પરથી વિદ્વાન લાગે છે, તો આ ઉત્તમ પાત્રને વિશિષ્ટ વસ્તુ પમાડવાની મારી ત્રેવડ નહિ, મારું સામર્થ્ય નહિ. આચાર્ય મહારાજ પાસે જશે તો કંઇક વિશિષ્ટ પામશે.'

**પાત્રને વિશિષ્ટ પમાડવાનું કામ સમર્થનું :**

ગુરુદેવ આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ ગૃહસ્થપણે પ્રેમચંદભાઇ પહેલીવાર સિદ્ધગિરિ ગયા. નવી તીર્થયાત્રા તપસ્યાથી કરીએ તો સફળ થાય. એમણે અઠ્ઠાઇ કરીને યાત્રાઓ કરી ! ભાવ વધી ગયા, 'અનંતાને મોક્ષ પહોંચાડનાર સિદ્ધગિરિ મને મળ્યો !' બોલો છો ને 'નિજ સાધ્યસાધન સુર-મુનિવર કોડીનંત એ ગિરિવરં, મુકિત રમણી વર્યા રંગે...' શું 'સુર' એટલે દેવતાઓ આ ગિરિ પર મોક્ષે ગયા ? જાય નહિ. 'નિજ સાધ્ય સાધન શૂર મુનિવર'= પોતાનું સાધ્ય મોક્ષ, એની સાધના કરવામાં શૂરવીર મુનિવરો, એવો અર્થ છે. પ્રેમચંદભાઇને લાગ્યું કે ''આવા અનંતાના તારણહાર મહાતીર્થને પામીને મારે ભટકવું નથી, સંસારવાસથી ભવનાં ભ્રમણ નીપજે. માટે મારે સંસારવાસ ન જોઇએ.'' એટલે પહોંચ્યા ત્યાં એક મુનિ પાસે, કહે છે 'મારે દીક્ષા લેવી છે, મને દીક્ષા આપો,' મુનિએ પાત્ર ઉત્તમ જોઇ કહ્યું 'ભાઇ ! મારી પાસે દીક્ષા લઇને શું કરીશ ? તું સારું ભણી શકે એવો છે, માટે ઘોઘા જા, ત્યાં ઉપાધ્યાય વીરવિજયજી મહારાજ અને એમના વિદ્વાન શિષ્ય દાનવિજયજી મહારાજ છે. એમની પાસે દીક્ષા લે.' મુનિએ નિસ્પૃહતા રાખી આ પાત્રને સમર્થ સ્થાન ચીંધ્યું. એના પછીથી અતિ અતિ અદ્ભુત અનેકાનેક ફળ આપણે જોઇએ છીએ.

## હરિભદ્રમાં પરિવર્તન

હરિભદ્ર બ્રાહ્મણને પણ પ્રવર્તિની સાધ્વીજીએ પાત્ર જોઇ સમર્થ ગુરુ આચાર્ય શ્રી જિનભટસૂરિજી (શ્રી જિનભદ્રસૂરિજી) પાસે જઇ અર્થ પૂછવા કહ્યું. હરિભદ્ર સાંજે ઘેર પહોંચ્યા, રાતભર સાધ્વીઓના પવિત્ર શાંત આશ્રમ ને પવિત્ર પ્રશાંત આચારો પર ચિંતન કરતા રહ્યા. સવારે નિત્ય કાર્ય પતાવી આચાર્યશ્રીના મુકામની આગળના જિનમંદિરમાં ગયા, આ જ મંદિરમાં પૂર્વે મિથ્યાત્વ અવસ્થામાં આવેલા ત્યારે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભિમાનથી બોલેલા 'मूर्तिरिव तवाचष्टे स्पष्टं मिष्ट-भोजिताम्' અર્થાત્ 'તમારી તગડી મૂર્તિ જ કહી રહી છે કે તમે મીઠાઇ ઉડાવનારા છો,' એ હવે જૈન ધર્મ તરફ આકર્ષિત થયેલ હોવાથી એક શબ્દ ફેરવીને બોલે છે, 'मूर्तिरिव तवाचष्टे स्पष्टं वीतरागताम्' અર્થાત્ 'તમારી સ્ત્રી-શસ્ત્ર-શૃંગાર વગેરેથી રહિત મૂર્તિ જ કહી રહી છે કે તમે વીતરાગ છો' એક મિથ્યાદૃષ્ટિ અભિમાની વિદ્વાન આત્મા પર પણ સાધ્વીઓની પ્રશાંતતા અને પવિત્ર આચાર-પાલન જોવા મળ્યાનો કેવો પ્રભાવ !

પછીથી વિદ્વાન હરિભદ્ર બ્રાહ્મણ ત્યાંથી આચાર્ય મહારાજ પાસે પહોંચી નમસ્કાર કરીને ગઇ સાંજની વિગત કહી વિનંતી કરે છે, ''કૃપા કરી મને 'ચક્કી દુગં..' ગાથાનો અર્થ સમજાવો.'' આચાર્યશ્રી પણ સમયના પારખુ, તે જુએ છે કે,

'આકૃતિ, વેશ અને બોલ પરથી આ ઉત્તમ પાત્ર લાગે છે. આવા જીવને અત્યારે માત્ર સીધે સીધો અર્થ બતાવી રવાના ન કરાય. આવાને વિશેષ પમાડવું જોઇએ'. એટલે કહે છે,

અર્થ જાણવો હોય તો એકડે એકથી ભણો. એટલે ક્રમશઃ આ ગાથા આવતાં અર્થ સમજાશે.

હરિભદ્ર કહે, 'ભણાવો, તૈયાર છું ભણવા.'

સૂરિજી કહે, ''આવા પાપના કપડે ઉત્તમ વિદ્યા ભણવી છે ? આ કપડામાં તો ૧૮ પાપસ્થાનક ખુલ્લા છે, સાધુનો વેશ લો, સર્વ પાપવ્યાપારના ત્યાગની પ્રતિજ્ઞારૂપ સાધુતા સ્વીકારો. તો ૧૮ પાપસ્થાનક બંધ થઇ પવિત્ર જીવન આવે એટલે તમને પવિત્ર વિદ્યા આપીએ.''

વિદ્વાન હરિભદ્ર બ્રાહ્મણ પોતાની મનોમનની પણ પ્રતિજ્ઞા પાળવા કટીબદ્ધ છે, સામાના ગુલામ થવું પડે તો થવાનું. તે ત્યાં જ કહે છે, ''એ માટે પણ તૈયાર છું. લાવો સાધુવેશ અને આપો પ્રતિજ્ઞારૂપ સાધુતા.'' બસ, આટલી જ વાર, ઘરે ને રાજાને સમજાવી દીધા, ને આવીને ત્યાંને ત્યાં જ સર્વવિરતિ ચારિત્ર દીક્ષા લઇ લીધી. હવે હરિભદ્ર મુનિ બન્યા, અને જૈન આગમશાસ્ત્રો ભણ્યા. હવે તો એમને ચારિત્ર અને જિનાગમની બીજા ધર્મોમાં ઝાંખી ય દેખાતી નથી, એવું બીજે ન દેખવાનું અહીં દેખાવા મળ્યું. એટલે જિનાગમની વાતોમાં એમનો આત્મા ઓતપ્રોત થઇ ગયો. એમાં બૌદ્ધોની દુષ્ટતાથી એમના બે ભાણેજ શિષ્ય હંસ-પરમહંસ મુનિના ઘાત થયેલ જોઇ બૌદ્ધો સાથે વાદ કરવા ગયા, એકેક બૌદ્ધ વિદ્વાનને જીતતા ગયા. શરત મુજબ હારેલા ૧૪૪૪ બૌદ્ધોને મરવાનું હતું.

ત્યાં એમને માફી અપાવી દેવા તથા હરિભદ્રસૂરિજી મહારાજનો ગુસ્સો શાંત કરવા એમના ગુરુજીએ ''સમરાદિત્ય કેવળી'' મહર્ષિના અને દુશ્મન બનેલા અગ્નિશર્માના નવભવનાં નામ તથા નગરોની ગાથાઓ મોકલી. એ વાંચી શ્રી હરિભદ્રસૂરિજી મહારાજની નજર સામે લાખો પૂર્વ વર્ષોની માસખમણના પારણે માસખમણની અતિ ઉગ્ર તપસ્યાવાળા પણ અગ્નિશર્માને અંતે ગુસ્સો ભવે ભવે કેવા કરપીણ કામ અને સરવાળે કેવો અનંત સંસાર નીપજયો એ નજર સામે તરવરી આવ્યું, અને એથી પોતાના ગુસ્સા માટે ભારોભાર પસ્તાવો થયો તેમજ ગુરુની કરુણા પર આંખમાં આસું ઉભરાયા. ગુસ્સો શાંત થઇ ગયો. બૌધ્ધોને ક્ષમા આપી દીધી તથા ગુરુ પાસે આવી પ્રાયશ્ચિતમાં ૧૪૪૪ શાસ્ત્ર રચવાનો દંડ લીધો...

આવો દંડ ? હા, પ્રાયશ્ચિત-શાસ્ત્ર કહે છે, પ્રાયશ્ચિત આપવામાં અપરાધ કેવો ? કયા કારણે કર્યો ? કેવા ભાવથી કર્યો ?... ઇત્યાદિ જોવા ઉપરાંત અપરાધ કરનાર પુરુષ કોણ છે, એ પણ જોવું જોઇએ, અને તદનુસાર પ્રાયશ્ચિત અપાય... એ હિસાબે હરિભદ્રસૂરિજી મહારાજને ગુરુ તરફથી ૧૪૪૪ શાસ્ત્ર રચના રચવાનો દંડ અપાયો. અને એમણે એ રચ્યા, એમાં એમ કહેવાય છે કે છેલ્લે મૃત્યુ પૂર્વે સંસાર દાવાનલની સ્તુતિ રચતાં છેલ્લી ગાથાની પહેલી લીટી 'આમુલા લોલ૦' લીટી બોલતાં ગળામાં કફ ભરાઇ આવ્યો તે અટકી ગયા ત્યાં ખોંખારો ખાતાં જોસથી 'ઝંકારારાવસારા'... લીટી બોલ્યા, એટલે સંઘમાં આ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીટી સમૂહમાં મોટા અવાજે બોલવાનું શરુ થયું...

આ ૧૪૪૪ શાસ્ત્રો પૈકીનું એક શાસ્ત્ર આ ''શ્રી યોગદષ્ટિ સમુચ્ચય શાસ્ત્ર'' છે. આમાં ક્રમશઃ મિત્રા, તારા વગેરે આઠ યોગ દષ્ટિનાં વર્ણન છે. એકેક યોગદષ્ટિ બરાબર સમજાય એટલા માટે એની સાથે ત્રણ સિરિયલ (સાંકળ) જોડી છે. એ ત્રણમાં (૧) યોગના ૮ અંગોની (૨) વિકાસના ૮ ગુણોની, અને (૩) ત્યાજય ૮ દોષોની સાંકળ, અર્થાત્ આત્મામાં એકેક યોગદષ્ટિ સાથે સાથે (૧) યમ, નિયમ, આસન વગેરે ૮ યોગાંગમાંથી કેવો એકેક યોગાંગ જોડાયો રહે છે, (૨) અદ્વેષ જિજ્ઞાસા, શુશ્રુષા... વગેરે ૮ વિકાસ ગુણમાંથી કેવો એકેક ગુણ સંલગ્ન રહે છે, તેમજ (૩) સાધનાના ઘાતક ખેદ, ઉદ્વેગ, ક્ષેપ...વગેરે ૮ દોષમાંથી કેવો એકેક દોષ છૂટતો ચાલે છે, એનું પણ વર્ણન છે. આમ આ એકેક યોગદષ્ટિની સાથે આ ત્રણ સાંકળનું વર્ણન સાંભળતા જાઓ, ત્યારે લાગે કે 'અહો ! જીવને અંતરાત્માથી ઊંચે ઊંચે લઇ જનાર કેટલા બધા તાત્ત્વિક પદાર્થ આમાં જાણવા મળે !' માટે આ ગ્રંથ બહુજ બોધક અને કર્તવ્ય-પ્રેરક છે !

હવે, 'યોગદષ્ટિ સમુચ્ચય' શાસ્ત્ર પર ગ્રંથકાર મહર્ષિએ પોતે જ ટીકા (વિવેચન) લખી છે. એનો 'યોગતન્ત્ર-પ્રત્યાસની ભૂતર્સ્ય'ના વાકયથી શરુ કરતાં કહે છે કે આ યોગદષ્ટિ સમુચ્ચય શાસ્ત્ર યોગના શાસ્ત્રોને નિકટ થયેલ છે. એટલે તમે આ શાસ્ત્ર ભણો, એટલે બીજા યોગશાસ્ત્રો સમજવા માટે તમે નિકટ થયા. એવા આ શાસ્ત્રની વ્યાખ્યા શરુ કરવામાં આવે છે. એમાં અહીં મૂળ શાસ્ત્રના પ્રારંભે જ આચાર્ય (૧) શિષ્ટ પુરુષોની આચાર મર્યાદાનું પાલન કરવા માટે, અને (૨) વિઘ્ન સમૂહને યા વિઘ્નરૂપી ભૂતને સારો શાંત કરવા માટે, અને (૩) પ્રયોજનાદિ દર્શાવવા અર્થે શ્લોક સૂત્ર રજુ કરે છે -

''नत्वेच्छायोगतोऽयोगं...''

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી યોગદૃષ્ટિ-સમુચ્ચય

नत्वेच्छायोगतोऽयोगं योगिगम्यं जिनोत्तमम् ।
वीरं वक्ष्ये समासेन योगं तद्दृष्टि-भेदतः ॥१॥

**અર્થ :-** અયોગી યોગીઓને સમજાય એવા; અને જિનોમાં શ્રેષ્ઠ એવા શ્રી વીર પરમાત્માને ઇચ્છાયોગથી નમસ્કાર કરીને હું યોગને એની દૃષ્ટિઓના પ્રકાર વર્ણવવા દ્વારા કહીશ.

**વ્યાખ્યાન :-** પૂર્વે કહ્યું શિષ્ટ પુરુષોની મર્યાદાના પાલન માટે પ્રયોજનાદિ દર્શાવીશ, એમાં શિષ્ટ પુરુષોની મર્યાદા કઇ ? તો કે શિષ્ટ પુરુષો કોઇ પણ પોતાને ઇષ્ટ વસ્તુમાં પ્રવર્તમાન થાય છે ત્યારે ઇષ્ટ દેવને નમસ્કાર કરવા પૂર્વક પ્રવર્તે છે. પહેલા પોતાના જે ઇષ્ટદેવ હોય, તેમને નમસ્કાર કરવાનો અને પછી ઇષ્ટ કાર્યમાં લાગવાનું. ત્યારે આ શાસ્ત્રના રચયિતા આચાર્ય પણ શિષ્ટ નથી એમ નહિ અર્થાત્ શિષ્ટ જ છે.

'શિષ્ટ' શબ્દ સંસ્કૃત 'શાસ્' ધાતુ પરથી કર્મણિ ભૂતકૃદંતનું રૂપ છે. શિષ્ટ એટલે શાસિત, માથે કોઇના શાસનને ધરનારો, પ્રસ્તુતમાં કોના ? તો કે પૂર્વ મહર્ષિઓના શાસનને માથે ધરનાર એટલે એમનાં વચનને પરતંત્ર હોય. વચનનો ભાર માથે રાખીને બોલે ચાલે તે શિષ્ટ. આ ભાર વિનાનો સ્વતંત્ર સ્વચ્છંદ પુરુષ તે દુષ્ટ કહેવાય. એમ શિષ્ટ એટલે જગતના સદ્વ્યવહારનું અનુશાસન માથે ધરનારો. સદ્વ્યવહારને ન માને તે શિષ્ટ નહિ પણ દુષ્ટ ગણાય.

પ્રસ્તુત શાસ્ત્રના કર્તા પણ પૂર્વ મહર્ષિનું શાસન માથે ધરનારા છે, માટે શિષ્ટ જ છે. તેથી એ શિષ્ટના આચારના પાલન માટે આ શ્લોકમાં પોતાને ઇષ્ટ દેવાધિદેવ શ્રી વીર પ્રભુને નમસ્કાર કરે છે. કહ્યું છે, - ''શિષ્ટોનો આ આચાર - આ મર્યાદા છે કે તે એ તમામ શુભ કાર્યમાં હંમેશા ઇષ્ટ દેવની સ્તુતિ પૂર્વક પ્રવર્તે છે'' સ્તુતિ એ પણ નમસ્કાર છે, વાચિક નમસ્કાર.

### નમસ્કારની જરૂર શી ?

નમે એ સૌને ગમે. નમસ્કાર વિનય છે, ને વિનય ધર્મનું મૂળ છે. નમસ્કાર મંગળ છે, મંગળથી વિઘ્નો દૂર થાય. અહીં જરૂર આટલા માટે છે કે શ્રેય કાર્યો બહુ વિઘ્નવાળા હોય છે. કહ્યું છે,

''શ્રેયાંસિ બહુવિઘ્નાનિ ભવન્તિ મહતામપિ।
અશ્રેયસિ પ્રવૃત્તાનાં ક્વાપિ યાન્તિ વિનાયકાઃ''॥

અર્થાત્ મોટા પુણ્યવંતા માણસોને પણ શ્રેય કાર્યો બહુ વિઘ્ન ભરેલા હોય છે, તો નાના અલ્પ પુણ્યવાળા માણસોને બહુ વિઘ્નો હોવાનું પૂછવું જ શું ? બાકી અશ્રેય અહિતકારી કાર્યમાં પ્રવર્તતાને તો વિઘ્ન પિશાચો કયાંય ભાગી જાય છે.

વ્યવહારમાં દેખાય છે, વેપારમાં ન્યાય નીતિ પાળવી હોય તો મુશ્કેલ. કેમકે, એમાં વિઘ્નો ઘણા, દા. ત. ઘરાક એવા મળે કે જેમને માલનો વેપારી ભાવ કહે એના કરતાં અડધા જ ભાવે માગવા જોઇએ. આવા ઘરાક નીતિ પાળવામાં વિઘ્નભૂત કહેવાય. ત્યાં ન્યાય નીતિ સાચવીને ભાવ વગેરે કહેવું, ભળતો માલ ન દેખાડવો, ને વેપાર કરવો એ બધું કઠીન કામ છે. ત્યારે જેને ચોરી અનીતિ કરવી હોય એને આવા ઘરાક મળે એની ચિંતા નથી. કેમકે પહેલેથી જ એણે ભળતો જ માલ દેખાડી સારા માલનો ઊંચો ભાવ કહ્યો હોય છે, તેથી થોડું આઘું પાછું કરી સોદો પતે છે. એટલે એવા ઘરાક એને વિઘ્નભૂત ન થયા. આ જગતમાં ચોરીઓ કરનાર કેટલા ? અને પોલિસથી પકડાય કેટલા ? થોડા જ. કેમ થોડા જ પકડાય છે ? કારણ કે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોરી એ અહિત પ્રવૃત્તિ છે એટલે એમાં પ્રવૃત્તિ કરવા જનારને પોલિસ લગભગ અથડાતી જ નથી. કારણ કે આ ચોરી કયાંય કરતા હોય ત્યારે પોલિસ કદાચ વિઘ્નરૂપે આ રસ્તે ફરતી આવી હોય તો ય તે બીજી બાજુ જ વળી જતી હોય એવું દેખાય છે. યાત્રાસંઘ કાઢવો હોય તો કેટલાય વિઘ્ન ઉભા થશે, પણ પિકનિક પાર્ટી યોજવી છે, તો વિઘ્ન નહિ નડે.

આ સૂચવે છે કે સારાં કામમાં સો વિઘ્ન. આ યોગદૃષ્ટિ-પ્રકરણની રચના પણ શ્રેય કાર્ય છે. કેમકે એ સમ્યગ્જ્ઞાનનું કારણ છે. શ્રેયકાર્ય તે કે જેનાથી આત્માનું હિત થાય, દા.ત. જ્ઞાન-દર્શન-ચારિત્ર-અને ચારિત્ર અંતર્ગત અહિંસાદિ ક્ષમાદિ ભાવો, દર્શન અંતર્ગત જિનભકિત આદિ...આ બધા આત્માનાં હિત છે. એની પુષ્ટિ કરે એ શ્રેયકાર્ય છે. આ શાસ્ત્ર જ્ઞાનસમ્યગ્જ્ઞાનની પુષ્ટિ કરનારું છે, માટે શ્રેયોભૂત કાર્ય છે. તેથી એમાં વિઘ્ન યાને અંતરાય કર્મ હોય તો તેનો નાશ કરવો જોઇએ. એટલા માટે અહીં વીર ભગવાનના ગુણોની સ્તુતિપૂર્વક પ્રભુને નમસ્કાર કરાય છે, અને તે મંગળ છે. મંગળથી વિઘ્નો નાશ પામે છે.

## મંગળથી વિઘ્નનાશ શી રીતે થાય ?

આ રીતે, કે મંગળરૂપે દેવાધિદેવને સ્તુતિ વંદના કરાય એટલે ચિત્તમાં શુભ અધ્યવસાય ઊભા થાય છે, અને શુભ અધ્યવસાયની તાકાત છે કે, અશુભ અધ્યવસાય અશુભ ભાવથી ઉપાર્જેલા વિઘ્ન અંતરાય વગેરે અશુભ કર્મ તોડી નાખે. કેમકે ''પરિણામે બંધ'' અર્થાત્ 'આત્માના જેવા શુભ યા અશુભ ચિત્ત-પરિણામ હોય તેવાં તેવાં શુભ યા અશુભ કર્મ બંધાય' આ નિયમ છે, એટલે અશુભ કર્મોનો બંધ જો અશુભ ચિત્ત-પરિણામોએ કરાવ્યો, તો સ્વાભાવિક છે કે શુભ ચિત્ત-પરિણામ શુભ પ્રશસ્ત પવિત્ર અધ્યવસાય એ અશુભ કર્મોનો ક્ષય કરાવે. આ હિસાબે મંગળથી અશુભ કર્મની અન્તર્ગત અંતરાય વિઘ્નનો નાશ થાય.

પ્ર૦- 'પરિણામે બંધ'ના હિસાબે તો શુભ અધ્યવસાયથી શુભ કર્મ બંધાય, પરંતુ અશુભકર્મનો ક્ષય શી રીતે થાય ?

ઉ૦- કર્મક્ષય આ રીતે, કે શુભ અધ્યવસાયમાં ૩ તત્ત્વ છે, - આશ્રવ, સંવર અને નિર્જરા (૧) શુભ અધ્યવસાયમાં શુભ મનોયોગ છે, અને યોગ એ આશ્રવ છે, આશ્રવથી કર્મ બંધ થાય, એ હિસાબે શુભ મનોયોગથી શુભ કર્મ બંધાય. (૨) શુભ મનોયોગથી અશુભ મનોયોગ-આશ્રવનો નિરોધ થાય તેથી અશુભ કર્મ બંધાતા અટકે, તેમજ (૩) શુભ અધ્યવસાય એ અશુભ મનોવૃત્તિનો સંક્ષેપ, તથા મનની સંલીનતારૂપ બાહ્ય તપ છે, તેમજ અનુપ્રેક્ષા સ્વાધ્યાયરૂપી આભ્યન્તર તપ છે, તેથી કર્મની નિર્જરા થાય એ સહજ છે.

## ગ્રંથપ્રારંભે અનુબંધ -ચતુષ્ટય :-

ગ્રન્થના પ્રારંભે એકલું મંગળ કરવાથી ન નભે, પરંતુ (૧) પ્રસ્તુત શાસ્ત્ર કયા **પ્રયોજનથી** રચાયું છે ? (૨) શાસ્ત્રમાં કયા **વિષયનું** પ્રતિપાદન છે ? (૩) આ શાસ્ત્ર ભણવાનો **અધિકારી** કોણ ? તેમજ (૪) આ શાસ્ત્રને કોઇ સાથે **સંબંધ** છે કે રચનારની પોતાની ઉત્પ્રેક્ષાકલ્પનાનું સર્જન છે ? એ બધું પણ શાસ્ત્રના પ્રારંભે બતાવવું જોઇએ. એટલે શ્લોકમાં પ્રયોજનાદિનું પ્રતિપાદન કર્યું, અને તે વિચારપૂર્વક કરનારાઓ આ શાસ્ત્રના અધ્યયન પ્રવૃત્તિ કરે એ માટે જરૂરી છે. વાત વ્યાજબી છે કે, અવિચારી કામ કરનારા તો આંધળિયા કરનારા હોય, એમને તો કોઇ પણ કામમાં પ્રવૃત્તિ કરવી તે કરવી, પણ એ પહેલાં શા કારણે ? શું પરિણામ ? શો વિષય ? શું પ્રયોજન ? વગેરે કશું જાણવાની જરૂર જ એમને લાગતી નથી; પરંતુ કોઇ કામમાં પ્રેક્ષાપૂર્વકકારી એટલે કે વિચારપૂર્વક પગલું માંડનાર તો આ બધું જુએ કે પ્રસ્તુત શાસ્ત્ર રચવાનું પ્રયોજન શું ? વિષય શો ? વગેરે. કહ્યું પણ છે,

'સર્વસ્યૈવ હિ શાસ્ત્રસ્ય' બધા જ શાસ્ત્રનું અથવા કોઇ પણ કાર્યનું ય જ્યાં સુધી પ્રયોજન ન બતાવાય ત્યાં સુધી એને કોણ હાથમાં લે છે ? તેમ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમાં ઇષ્ટ વિષય ન હોય એવા શાસ્ત્રનું પ્રયોજન શું ? એ પણ કહી શકાતું નથી. જેમકે આ સવાલ કોણ કરે છે કે 'કાગડાના દાંતની પરીક્ષા આદિ કરો' કેમકે કાગડાને પરીક્ષાના વિષયભૂત દાંત જ નથી હોતા, એટલે દાંતની પરીક્ષા કરવાનો પ્રયોગ પણ થતો નથી. એટલે આવું કોઇ બોલે તો તે વચન નિર્વિષયક હોવાથી આદેય નથી બનતું. વળી ગ્રંથમાં 'આનુ આ ફળ છે' એવા પ્રકારનો શાસ્ત્ર સાથે કશાનો યોગ એ સંબંધ કહેવાય છે. પરંતુ એ તો શાસ્ત્રની અન્તર્ગત જ હોવાથી કેટલાકો વડે 'સંબન્ધ' એ જુદો નિર્દેશ્ય નથી મનાતો. હવે ગ્રન્થ વ્યાખ્યા -

આ શાસ્ત્રમાં પ્રારંભે કહ્યું 'નત્વેચ્છા...વીર' અર્થાત્ ''અયોગી, યોગિગમ્ય અને જિનોત્તમ એવા વીર પ્રભુને નમસ્કાર કરીને'' એવો એનો અર્થ થાય. આમ કરીને ઇષ્ટદેવની સ્તુતિ બતાવી. બાકી રહ્યું 'વક્ષ્યે...ભેદતઃ' એમાં કહ્યું 'યોગને એની દૃષ્ટિના પ્રકારો દ્વારા સંક્ષેપમાં કહીશ' આમ કહીને પ્રયોજન-વિષય-સંબન્ધ એમ ત્રણેય કહી દીધા. આ શ્લોકસૂત્રનો સામૂહિક અર્થ થયો.

હવે શ્લોકના એકેક અવયવ યાને પદને લઇને વ્યાખ્યા કહે છે. 'નત્વા..વીર' એટલે કે શ્રી વીરપ્રભુને પ્રણામ કરીને; એમ એ બે પદનો યોગ કરવો સંબંધ જોડવો. વચ્ચે જે 'ઇચ્છાયોગતઃ' તથા 'અયોગ' વગેરે પદો છે એ નમસ્કારનો પ્રકાર અને વિરવિભૂનાં વિશેષણ સૂચવે છે. એટલે કે નમસ્કાર કેવી રીતે કર્યો ? તો કે ઇચ્છાયોગથી; આ નમસ્કાર ક્રિયાનું વિશેષણ કહ્યું. આ ખાસ જે ઇચ્છાયોગથી કહ્યું તે શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગના નિષેધ માટે કહ્યું. અર્થાત્ ગ્રંથકાર કહે છે, હું શાસ્ત્રયોગ સામર્થ્યયોગથી નમસ્કાર કરવાનો દાવો નથી રાખતો.. આ નિષેધ પોતાને ઇષ્ટ છે, કેમકે પોતે સમજે છે કે 'હું આ ઊંચા શાસ્ત્રયોગ વગેરેના ઘરના નમસ્કાર કરવાનો અધિકારી નથી. તેથી, એવો નમસ્કાર કરવાનો દાવો કેમ રખાય ? એમ કરવા જતાં તો પ્રકરણનાં પ્રારંભમાં જ પોતાનામાં જે નથી તે હોવાનું કહેવા જતાં મૃષાવાદ થાય. શિષ્ટ પુરુષો મૃષાવાદનો ત્યાગ કરવા પૂર્વક સર્વત્ર ઔચિત્ય જાળવીને કાર્યના આરંભમાં પ્રવર્તનારા હોય. આ બતાવવા માટે આ ઊંચા યોગનો પોતાનામાં નિષેધ કર્યો. અહીં પ્રશ્ન થાય કે ઇચ્છાયોગ અને સામર્થ્યયોગનું શું સ્વરૂપ છે ? તો એનો ઉત્તર એ છે કે એનું સ્વરૂપ આગળ પર બતાવવામાં આવશે.

અહીં શાસ્ત્રકાર મહર્ષિએ જે સર્વત્ર ઔચિત્ય જાળવીને કાર્ય પ્રયત્ન કરવાનો કહ્યો એ બહુ સૂચક છે. માણસ ધર્મની આરાધના કરે ત્યારે આરાધનાના વિધિવિધાન પર ખ્યાલ રાખે છે, પરંતુ જીવનમાં સર્વત્ર ઔચિત્યપૂર્વક પ્રવર્તવું એટલે આરાધના સાથે ઔચિત્યપાલન પણ જોઇએ જ, એ એના ખ્યાલમાં નથી હોતું. જયારે આવા સમર્થ શાસ્ત્રકાર અને ધુરંધર વિદ્વાન ઠેઠ અપુનર્બન્ધક દશા એટલે કે સમકિત પ્રાપ્તિની પૂર્વની દશાથી માંડીને ઔચિત્યની આવશ્યકતા બતાવે છે, અરે ! એની પૂર્વની સહજમલ -હ્રાસની અવસ્થામાં પણ ઔચિત્ય પાલનની આવશ્યકતા બતાવે છે. તો એ ઔચિત્ય જાળવવું જીવનમાં કેટલું બધું જરૂરી ? આ સહજમલ હ્રાસની અવસ્થાના ગુણ 'દુક્ખિતેષુ દયાત્યન્ત..' ગાથાથી શાસ્ત્રકાર પોતે આગળ બતાવવાના છે, અને અપુનર્બંધક દશાનું વર્ણન શાસ્ત્રમાં આ રીતે આવે છે,

पावं न तिव्वभावा कुणइ
न बहु मन्नइ भवं घोरं ।
उचियठिइं च सेवइ
सयाऽपुणबंधगो जीवो ॥

અર્થાત્ તીવ્ર ભાવે યાને નિર્ધ્વંસપણે-નિર્ભીકપણે પાપ ન કરે, ઘોર સંસાર સુખો પર બહુમાન પક્ષપાત ન ધરે, અને ઉચિત આજીવિકાદિ સેવે. દીન-હીન વગેરે સૌની પ્રત્યે ઉચિત રીતે વર્તે, એ અપુનર્બન્ધક જીવ છે. શાસ્ત્રકાર મહર્ષિ જૈનશાસનનું આ રહસ્ય જુએ છે કે, આત્મા ધર્મની ભૂમિકામાં આવે ત્યાં એ બધે જ પ્રવૃત્તિ કરતી વખતે ઔચિત્ય જાળવીને પ્રવૃત્તિ કરે. દાન દેવા કે પ્રભુભક્તિ કરવા નીકળે અને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દીનહીનને તિરસ્કારતો હોય, તો તે અનુચિત પ્રવૃત્તિ છે. ઔચિત્ય પહેલું જાળવવું જોઇએ. એટલા જ માટે અહીં ગ્રંથકાર દેખે છે કે, વીરપ્રભુને નમસ્કાર ઇચ્છાયોગથી નમસ્કારનો દાવો રાખવો એ અનુચિત છે. તેથી પોતે એનો નિષેધ કરે છે કે, મારો નમસ્કાર શાસ્ત્રયોગ સામર્થ્યયોગથી નથી.

આ ત્રણેય યોગોનું સ્વરૂપ આગળ કહેશે.

હવે અહીં શ્લોકના પદોનો વિચાર કરવામાં આવે છે, - શ્રી વીર ભગવાનને નમસ્કાર કર્યો. તો એ ભગવાન કેવા ગુણવાળા ? તો કે 'જિનોત્તમ' આ પ્રભુનું વિશેષણ છે. અહીં 'જિનોત્તમ' એટલે કે જિનોમાં શ્રેષ્ઠ.

## શું જિન અનેક પ્રકારના હોય છે ?

હા.

જિન એટલે રાગાદિને જીતનારા વિશિષ્ટ, શ્રુતધર વગેરેને જિન કહેવાય છે. અલબત્ત વિશિષ્ટ શ્રુતધર તરીકે ૧૦ પૂર્વધર તથા ૧૪ પૂર્વી અને 'આદિ' પદથી અવધિજ્ઞાની તથા મનઃપર્યાયજ્ઞાની, હજી વીતરાગ નથી બન્યા કેમકે, એમણે સુક્ષ્માતિસૂક્ષ્મ સુધીના સમસ્ત રાગદ્વેષનો નાશ નથી કર્યો, છતાં બીજા જીવોની અપેક્ષાએ વિશિષ્ટ જ્ઞાનના બળે રાગદ્વેષ પર ભારે વિજય મેળવ્યો છે તેથી એમને શાસ્ત્રો જિન તરીકે ઓળખાવે છે.ઉપરાંત કેવળજ્ઞાની તો વીતરાગ બનેલા જ છે, એટલે એ તો જિન છે જ. આ જિનો કરતાં તીર્થંકર ભગવાન ઉત્તમ છે, શ્રેષ્ઠ છે. કેમકે એ પ્રભુ ધર્મશાસન સ્થાપે એટલે પછી એનાં આલંબને આ બધાં જિન બને છે.

## ધર્મકાય - કર્મકાય - તત્ત્વકાય

પ્રભુનું 'જિનોત્તમ' વિશેષણ કહીને પ્રભુની કર્મકાય અવસ્થા બતાવી અને 'અયોગ' વિશેષણ કહીને 'તત્વકાય' અવસ્થા બતાવી. પ્રભુને કર્મકાય પહેલાં 'ધર્મકાય' હોય જ છે; એમ કહીને અહીં ધર્મકાય-કર્મકાય-તત્ત્વકાય એમ ૩ કાય બતાવી. અહીં પ્રશ્ન થાય, -

પ્ર૦ - ધર્મકાય એટલે શું ?

ઉ૦ - ત્રણેય કાયમાં 'કાય' શબ્દનો અર્થ અવસ્થા છે. એ હિસાબે 'ધર્મકાય' એટલે ધર્મ સાધવાની અવસ્થા. ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન જયારે છેલ્લા ભવમાં સંસાર ત્યાગ કરી ચારિત્ર ધર્મ સ્વીકારે છે, ત્યાર પછી જે અહિંસા-સંયમ-તપધર્મની સાધના કરે છે, એ ધર્મઅવસ્થા છે, એને ધર્મકાય કહેવાય છે. એમ તો બીજા મુનિઓની પણ સંયમસાધના એ ધર્મ અવસ્થા છે, પરંતુ તીર્થંકર ભગવાનની એ ધર્મ-સાધના લોકોત્તર વિશિષ્ટ કોટિની હોય છે, એવી કે જયાંસુધી ભગવાન વીતરાગ સર્વજ્ઞ ન થાય ત્યાં સુધી હંમેશા રાતદિવસ કાયોત્સર્ગ ધ્યાને રહે છે. 'લગભગ' એટલા માટે કે દિવસના માત્ર ત્રીજા પહોરમાં આહાર-નિહાર-વિહારની પ્રવૃત્તિ કરે, બાકી ૮ પહોરની અહોરાત્રિમાં ૭ પહોર કાયોત્સર્ગ અવસ્થામાં એટલે કે કાયાને ખડીખડી રાખી ધ્યાનમાં મગ્ન રહે છે. ત્યાં દિવસે શું કે રાતે શું, પણ કયારેય જમીન પર પલાંઠી માંડીને બેસવાની વાત નહિ ! તો સૂવાની તો વાત જ કયાં ? પછી ભલે કયાંક ભયંકર પરીસહ-ઉપસર્ગ સહવાના આવ્યા તો એનાથી અત્યંત શ્રમિત બનેલા શરીરને પણ સુવાડવાની કે બેસાડવાની વાત નહિ. સહેજ ગોદોહિકા ઊભડક આસને બેસે, બાકી તો કાયોત્સર્ગ ધ્યાનમાં જ ખડા ખડા રહેવાની જ વાત.

આ ધ્યાનમાં પણ સ્થિરતા એટલી બધી કે પરીસહ-ઉપસર્ગ આવે તો પણ તે પૂર્વેથી જે તત્ત્વ-ચિંતન ચાલુ હોય એ જ ચાલુ રાખે, કિન્તુ એમાં વચમાં 'ઠંડી બહુ' 'ગરમી બહુ' 'મચ્છર બહુ'.. 'ઉપસર્ગ કષ્ટ ભારે આવ્યું'.. 'કયાં સુધી આ પીડા ચાલશે ?' એવો ય કોઇ જ વિકલ્પ પણ નહિ, વિચાર જ નહિ ! એટલી બધી તત્ત્વધ્યાનમાં રમણતા, લયલીનતા !

શું કયારેક શરીર અત્યંત શ્રમિત ન થાય ? થાય તો કદાચ બહુ અલ્પસમય ગોદોહિકા આસને ઉભડક પગે બેસે, પણ પાછા થોડી જ વારમાં કાઉસ્સગ્ગ મુદ્રામાં ખડા થઇ જાય. આ કાયોત્સર્ગમાં ખડાખડા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્યારેક જ ઔદારિક કાયાના સ્વભાવે એક ક્ષણ સહેજ ઝોકું આવી જાય એ સિવાય કોઇ નિદ્રાની વાત નહિ ઋષભદેવ ભગવાનને ૧૦૦૦ વર્ષનાં ચારિત્રમાં કુલ ઝોકાનો કાળ માત્ર એક અહોરાત્ર એટલે ૨૪ કલાક જેટલો ! તો બોલો ૧-૧ વર્ષના ફાળે સરેરાશ કેટલો સમય આવ્યો ? કહો ૨૪ કલાકની ૧૪૪૦ મિનિટ, ૧૫૦૦ મિનિટ પૂરી નહિ ! ૧૦૦૦ વર્ષથી એને ભાગો, દર વર્ષ માટે નિંદ્રાની સરેરાશ ૧।। મિનિટ પૂરી ન આવી !

મહાવીર ભગવાનને ઉપસર્ગ બહુ આવ્યા, અને બે વાર અનાર્ય દેશમાં વિચરી જાતે ઉપસર્ગને આમંત્ર્યા! એવા ઢગલાબંધ ઉપસર્ગોમાં અને એમાં વળી ૧૨।। વર્ષમાં ૧૧।। વર્ષ જેટલા ઉપવાસની ઘોર તપસ્યામાં શરીર ભારે થાકે, ઝોકાં સહેજે આવી જાય છતાં ૧૨।। વર્ષમાં કુલ ઝોકાનો કાળ માત્ર એક મુહૂર્ત યાને બે ઘડી એટલે કે ૪૮ મિનિટ ! તો કહો દર વર્ષે સરેરાશ આ પ્રમાદનો સમય કેટલો તો કે માત્ર ચાર જ મિનિટ ! એટલે વર્ષની ૧૪૪૦ x ૩૦ x ૧૨ = ૫૧૮૪૦૦ મિનિટો એટલે કે ૫ લાખ મિનિટોમાં માત્ર ૪ મિનિટ જ પ્રમાદ !! જુલ્મ કરનાર પર પણ ભયંકર દેવતાઇ ઉપસર્ગોમાં પ્રભુની ધર્મકાય - અવસ્થા કેટલી બધી કષાય રહિત કે તીર્થંકર ભગવાનની કરુણા ભારોભાર વરસી. દા.ત. મહાવીર ભગવાનને સંગમ દેવતાએ ૬-૬ મહિના સુધી બહુ રંજાડયા છતાં પ્રભુ ચલાયમાન ન થયા. તે પછી હારી થાકીને એના ચાલી જવાના અવસરે ભગવાનના દિલમાં 'અરે ! આ બિચારો મારું નિમિત્ત પામીને ઘોર કર્મ બાંધી ગયો ! 'એને બિચારાને' દુર્ગતિમાં કેવા ભયંકર દુઃખ સહવા પડશે !' એ વિચારે કરુણા એટલી બધી ઊભરાઇ આવી કે આંખમાં આંસુ આવી ગયા.

આ તો આવી પડેલા ઘોર ઉપસર્ગ સમતાથી સહી લેવા ઉપર કરુણાની વાત; પરંતુ એથી ય અધિક કરુણા-વાત્સલ્ય તો પ્રભુએ ત્યાં ઘર્યાં કે જયારે એક ગોવાળિયો પ્રભુના કાનમાં ખીલા ઠોકવા માગતો હતો અને ખીલો કાન પર ઠોકવા જાય ત્યારે માથું હટી જવાથી ખીલો શી રીતે કાનમાં ઘૂસે ? ત્યાં પ્રભુએ ગોવાળિયાને પ્રેમ-કરુણાથી જાણે સહાય કરવા માથું થાંભલાની જેમ સ્થિર રાખ્યું ! અને પેલાએ ઠોકી ઠોકીને બંને કાનમાં વાંસના ખીલા ઠેઠ અંદર ઘુસાડી દીધા....

બસ, પ્રભુની આવી વિશિષ્ટ અલૌકિક ચારિત્ર ધર્મની સ્થિતિનો મુકાબલો કોણ કરી શકે ? પ્રભુની આ ધર્મકાય અર્થાત્ ધર્મ સાધવાની અવસ્થા હતી. વિશેષ ખૂબી તો એ, કે પ્રભુની ધર્મકાય અવસ્થા કેટલી બધી ઊંચી કે એવા ઉપસર્ગ-પરીસહના ઘોર કષ્ટ વખતે પણ પ્રભુના મનમાં 'અરે! આ ભારે કષ્ટ આવ્યું...ઠંડી બહુ પડી... માણસ અનાડી...' એટલો ય વિકલ્પ નહિ ! તો સાધના વખતે બીજા ત્રીજા વિચારો વિકલ્પોની તો વાતે ય શી ? એ તો મનને સાધનામાં તત્ત્વચિંતનમાં ચોંટાડયું તે ચોંટાડયું, અને બીજે લઇ જ જવાનું નહિ! કઠોર ચારિત્ર પાળવું સહેલું, કઠોર તપ સહેલો, **કઠોર કષ્ટ સહી લેવા સહેલા, પરંતુ મનમાં એનો કે બીજો એક વિકલ્પ પણ ન ઊઠવા દેવો, એ અતિ મહા કઠીન !** ભારે ઠંડીમાં પણ 'કામળી હોત તો ઠીક' એટલો ય વિચાર નહિ ! કેમ નહિ ? પ્રભુ સમજતા હતા કે 'ઠંડીમાં કામળીની ઇચ્છા, એમાં સ્પર્શનેન્દ્રિયની આસક્તિ છે,' વીતરાગ થવા માટે આસક્તિ માત્ર તોડવાની છે. તેથી એવી અપેક્ષા જ ન રખાય. એટલા જ માટે ભયંકર ઉપસર્ગ કરનાર માટે પણ 'આ ખરાબ માણસ છે' એટલો ય વિચાર નહોતા કરતા; કેમકે એ વિચાર કરાવનાર સ્પર્શનેન્દ્રિયની આસક્તિ છે. પ્રભુ તો ધર્મકાય અવસ્થામાં ચારિત્ર લે ત્યારથી જ આ બધી આસક્તિઓ તોડવાના પ્રબળ પુરુષાર્થમાં લાગી જાય છે એટલે અહીં સમજવાનું છે કે ધર્મકાય અવસ્થા ચારિત્ર ધર્મનો પુરુષાર્થ શરુ કરે ત્યારથી જ ગણાય છે, - પણ નહિ કે ગૃહસ્થપણાની માત્ર મનની વિરક્ત અવસ્થાથી. નહિતર પ્રભુને ગૃહસ્થપણે અતિ ઉચ્ચ કોટિનો વૈરાગ્ય હોય છે; મન ખૂબ જ સ્વચ્છ પવિત્ર હોય છે; છતાં ત્યાં ધર્મકાય-અવસ્થા નથી માની. એ તો સર્વ સાવદ્ય-ત્યાગની પ્રતિજ્ઞા લઇ એનો અમલ કરવા માંડે ત્યારથી જ ધર્મકાય-અવસ્થા માની છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અધ્યાત્મદંભીઓની ભ્રમણા :-

આ ન સમજનાર આજના અધ્યાત્મ-દંભીઓ ઘી-કેળાં ઉડાવતા રહીને માત્ર શુદ્ધ જ્ઞાતાદૃષ્ટા બનવાના દંભ ઉપર ધર્મ સાધવાનું માને છે. પરંતુ પ્રતિજ્ઞા-પૂર્વકના ચારિત્ર, સાધ્વાચારો અને તપ વિનાની અધ્યાત્મભાવના ધૂળના ઘર જેવી છે, ટકે નહિ. ધર્મની સાધનાને ઉવેખીને અધ્યાત્મભાવ શો ?

અધ્યાત્મદંભી કહે છે કે "ધર્મસાધના એ તો જડ કાયાની ક્રિયા છે. એ આત્મા પર શી અસર કરે ? એક દ્રવ્યની બીજા દ્રવ્ય પર કશી અસર ન થાય, નહિતર મહાવીર પ્રભુની તો પ્રચંડ સાધના અને વિશ્વ કરુણા હતી, તો એની અસર જગતના જીવો પર પડીને એ જીવોનો ઉદ્ધાર કેમ ન થયો ? માટે જડની ક્રિયા અને જડના ધર્મથી દા.ત. બાહ્ય ત્યાગ-તપસ્યાથી આત્માનું કલ્યાણ માનવું એ મિથ્યાત્વ છે. બાહ્ય નિમિત્ત કશું કરતું નથી. ઉપાદાનશક્તિ યાને યોગ્યતા જ કામ કરે છે."

પરંતુ આ ખોટું છે; કેમકે જો બાહ્ય ત્યાગથી આત્મકલ્યાણ ન હોય તો પ્રભુએ બાહ્ય સંસારનો ત્યાગ શા માટે કર્યો ? પ્રભુ તો ઘરમાં પણ અનાસક્ત યોગી જેવા હતા, તો એમને સંસારત્યાગની શી જરૂર ? ઘરવાસમાં જ એમને ધર્મકાય-અવસ્થા યાવત્ કેવળજ્ઞાન કેમ નહિ ? પ્રભુએ ચારિત્ર લીધું, ને તપ તથા સંયમચર્યાઓ આચરી એ જ સૂચવે છે કે બાહ્યત્યાગ અને જડ કાયાના ધર્મરૂપ તપ પણ આત્મા પર, કર્મોનો ક્ષય કરવા રૂપ અસર કરે જ છે, માટે એ જરૂરી છે.

દંભીની 'નિમિત્ત કાંઇ કરતું નથી. ઉપાદાન શક્તિ જ કામ કરે છે,'- એ વાત પણ પોતાના વર્તાવથી જ ખોટી ઠરે છે; કેમકે દા.ત. એનું પ્રવચન ન સમજી શકનારને એ કહે છે, "આ તો સૂક્ષ્મ તત્ત્વ છે. એ એમ એક પ્રવચનથી ન સમજાય; એ સમજવા માટે તો અહીં ૨-૩ મહિના રહી સાંભળો એટલે સમજાશે." -આમાં ચોક્ખું પોતાના પ્રવચનનું નિમિત્ત કામ કરતું બતાવી રહેલ છે.

સારાંશ, ખાલી અધ્યાત્મભાવના નહિ, પણ સાથે અહિંસા-સંયમ-તપની સાધના જ આત્મા પર અસર કરે છે. માટે પ્રભુ એ સંયમ અપનાવે ત્યારથી જ ધર્મકાય-અવસ્થા શરુ થાય છે, તે પહેલાં ગૃહસ્થવાસમાં નહિ.

પ્રભુની આ ધર્મકાય-અવસ્થા એટલી બધી જોરદાર હોય છે કે એ આગળની કર્મકાય-અવસ્થાને નિકટ નિકટ કર્યે જાય છે. એ નિકટ કરવા માટે તો વિપુલ કર્મક્ષય કરતા ચાલવું જોઇએ, તો એ કામ પ્રભુ ધર્મકાય-અવસ્થામાં ઉગ્ર વિહાર, ઘોર તપસ્યા, કઠોર પરિસહ, અને ભયંકર ઉપસર્ગ તથા અત્યંત એકાગ્ર સળંગ તત્ત્વચિંતન-ધારા રાખીને કરી રહ્યા છે. આમાં જન્મો જુના કર્મોના ય ભુક્કા બોલાવી રહ્યા છે. ધર્મકાય-અવસ્થામાં આ જ એક વિપુલ કર્મક્ષયનું જ લક્ષ હોવાથી વિપુલ કર્મક્ષયકારી સાધનામાં શું કામ બાકી રાખે?

## ૨. કર્મકાય અવસ્થા : વિશિષ્ટ તથાભવ્યત્વ

'કર્મકાય' એટલે કે તીર્થંકર નામકર્મ ભોગવવાની અવસ્થા. 'ધર્મકાય' અવસ્થામાં ધર્મ સાધનાને અંતે જયારે વીતરાગતા અને કેવલજ્ઞાનની સિદ્ધિ થાય એટલે તીર્થંકર નામકર્મ ઉદયમાં આવે ને ત્યારે હવે 'કર્મકાય' અવસ્થા શરૂ થાય છે. ભવિષ્યમાં તીર્થંકર થનાર આત્માને જ આ કર્મની પુણ્યાઇ ઊભી થાય છે, પણ બધા મોક્ષમાર્ગ-સાધકને નહિ. એનું કારણ એ છે કે આ કર્મ ઊભું થવામાં મૂળભૂત કારણ વિશિષ્ટ તથાભવ્યત્વ છે. એ ભવિષ્યમાં તીર્થંકર બનનાર આત્મામાં જ હોય, બીજામાં નહિ. બીજામાં તથાભવ્યત્વ હોય તે જુદું જુદું વૈયક્તિક ભવ્યત્વ હોય ખરું, પરંતુ તે સામાન્યથી તથાભવ્યત્વ હોય; જયારે ભવિષ્યમાં તીર્થંકર બનનાર આત્મામાં તેમના કરતાં વિશિષ્ટ કોટિનું તથાભવ્યત્વ હોય છે; અને તે અનાદિ કાળથી હોય છે. કેમકે જગતમાં જીવો અનાદિ કાળથી જ બે જાતના હોય છે, -ભવ્ય અને અભવ્ય. 'ભવ્ય' એટલે સિદ્ધ-મુકત થવાને યાને સિદ્ધિ-મોક્ષ પામવાને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગ્ય. 'અભવ્ય' એટલે મુકત થવા યાને મોક્ષ પામવાને અયોગ્ય. ભવ્યમાં ભવ્યત્વ હોય. અભવ્યમાં અભવ્યત્વ. આ ભવ્ય-અભવ્ય અનાદિ કાળથી હોય એટલે ભવ્ય એ કદી અભવ્ય ન થાય, અભવ્ય કદી ભવ્ય ન થાય. 'આપણો જીવ ભવ્ય ? કે અભવ્ય'? 'આપણો મોક્ષ થશે કે નહિ' ? આવી જો શંકા પણ પડે તો નિશ્ચિતપણે આપણે ભવ્ય છીએ. અભવ્ય કદી મોક્ષ તત્ત્વ જ ન માને, એટલે એને 'મારો મોક્ષ થશે કે નહિ' એવી શંકા પણ ઊઠે નહિ; એને ભવ અર્થાત્ સંસાર સિવાય કાંઇ માનવાનું છે જ નહિ. એટલે 'મારે ભવમાં જ રખડવું પડશે' ?-એવો ભય પણ થાય જ નહિ. 'હું અભવી તો નહિ હોઉ ? શું મારે ભવમાં જ ભટકયા કરવાનું ?' આવો ભય ભવીને જ થાય. એવા ભવીમાં-ભવ્યમાં ભવ્યત્વ હોય એટલે કે મોક્ષ પામવાની લાયકાત હોય....

હવે ભવ્યત્વ સઘળા ભવ્ય જીવોમાં આમ તો મોક્ષની લાયકાત રૂપે એક જાતનું છે, છતાં બધા જ ભવ્ય એક સરખા નિમિત્તથી કે એક જ કાળે મોક્ષસાધક નથી બનતા; પરંતુ કોઇ કેવા નિમિત્ત પામી કેવા કાળે મોક્ષમાર્ગ આરાધે છે, અને કેવા કાળે મોક્ષ પામે છે. તો બીજા વળી બીજા જ નિમિત્ત પામી અને બીજા જ કાળે સાધક બની મોક્ષ પામે છે. આ સૂચવે છે કે ભવ્ય છતાં અન્યાન્ય સાધનાથી અને અન્યાન્ય કાળે મોક્ષ થાય છે, માટે એના મૂળમાં કારણભૂત યોગ્યતા યાને ભવ્યત્વ વ્યકિતદીઠ જુદું જુદું માનવું જ પડે. એને 'તથાભવ્યત્વ' કહે છે. એ પણ સઘળા ભવ્યોને અનાદિથી જ ચાલુ છે. એ ભવ્યોમાં જે ભવિષ્યમાં તીર્થંકર બનનાર ભવ્યાત્માઓ હોય છે, એમનામાં વળી વિશિષ્ટ કોટિનું તથાભવ્યત્વ હોય છે; કેમકે એમની સાધનાઓ, નિમિત્તો વગેરે જુદી જ કક્ષાના હોય છે.

અહીં એક વસ્તુ ખાસ ધ્યાન દેવા યોગ્ય છે કે આ ભવ્યત્વ તથાભવ્યત્વ કે વિશિષ્ટ તથાભવ્યત્વ અનાદિ સિદ્ધ હોવા છતાં જીવ મોક્ષ પામતાં એ નષ્ટ થઇ જાય છે. મોક્ષમાં ભવ્યત્વ ન રહે. દૂધમાં દૂધપાક નથી બન્યો ત્યાં સુધી દુધપાક બનવાની યોગ્યતા કહેવાય. પરંતુ દુધપાક બની ગયે 'આ દૂધપાકમાં દૂધપાક બનવાની યોગ્યતા છે' એમ ન કહેવાય.

### મોક્ષમાં ભવ્યત્વનો નાશ કેવી રીતે ? :-

પ્ર૦- કર્મસંયોગ ભલે અનાદિથી ચાલુ છે, પરંતુ તે તો પ્રવાહથી અનાદિ છે, બાકી તો આત્મા પર કોઇ કર્મ અનાદિના ચોંટેલા હોતા નથી જ. દરેક કર્મ નવાં જ ચોંટે છે. નવાં જ બંધાય છે, ને એ ઉદય પામતાં ભોગવાઇને નષ્ટ થાય છે. એટલે છેલ્લે અયોગ-અવસ્થામાં યોગ નથી એટલે નવાં કર્મ બાંધવાના જ નથી, અને જુનાં કર્મ બધાં જ ભોગવાઇ જઇ નષ્ટ થવાનાં છે; તેથી હવે કર્મસંયોગ સર્વથા નષ્ટ થયો કહેવાય. પરંતુ તથાભવ્યત્વ તો કર્મસંયોગની જેમ પ્રવાહથી અનાદિનું નથી, કિન્તુ આત્માના અનાદિ સ્વભાવરૂપ છે, તો જેમ જ્ઞાન, જીવત્વ વગેરે આત્માના અનાદિ સ્વભાવરૂપ હોઇ એનો મોક્ષમાં નાશ નથી થતો, તો પછી આત્માના અનાદિ સ્વભાવરૂપ આ તથાભવ્યત્વનો નાશ કેમ થાય ?

ઉ૦- અહીં બંને વચ્ચે ફરક સમજવાનો છે, જ્ઞાન, જીવત્વ વગેરે એ યોગ્યતારૂપ નથી, કિન્તુ આત્માનું સ્વરૂપ છે; જયારે ભવ્યત્વ તથાભવ્યત્વ એ મોક્ષ પામવાની યોગ્યતારૂપ છે. જેમ કાષ્ઠમાંથી કે પાષાણમાંથી શિલ્પી પ્રતિમા બનાવે છે, ત્યાં પહેલાં એ કાષ્ઠ કે પાષાણમાં પ્રતિમા બનવાની યોગ્યતા જુએ છે. જો યોગ્યતા જુએ તો જ એના પર ઓજાર લગાવી લગાવી એને ઘડી ઘડીને પ્રતિમા બનાવી શકે છે. જયારે કાષ્ઠ કે પાષાણ પ્રતિમારૂપ બની ગયા પછી એમાં કાંઇ પ્રતિમા બનવાની યોગ્યતા નથી કહેવાતી. પૂરી પ્રતિમા બની ગઇ એ કાષ્ટમય કે પાષાણમય હોવા છતાં હવે એમ નથી કહેવાતું કે આ કાષ્ઠ કે પાષાણમાં પ્રતિમા બનવાની યોગ્યતા છે; કેમકે હવે કાંઇ એના પર ઓજાર પ્રયોગથી બીજી નવી પ્રતિમા ઘડી શકાતી નથી, ઘડી શકાય એવું રહ્યું નથી. એ સૂચવે છે કે પ્રતિમા બની ગઇ પછી એનામાં હવે પ્રતિમા બનવાની યોગ્યતા નથી, યોગ્યતા નષ્ટ થઇ ગઇ.

બસ, એ રીતે મૂળ જીવમાંથી જ શિવ થાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'શિવ' એટલે સિદ્ધ, પરમાત્મા. પરંતુ જીવ શિવ તો જ બને કે જો જીવમાં સિદ્ધ મુકત બનવાની યોગ્યતા હોય. તેથી જ જયારે અભવી જીવમાં મૂળમાં જ સિદ્ધ બનવાની યોગ્યતા નથી, તો પછી યોગ્યતાના હિસાબનું કદી કશું ઘડામણ-ઘડતર થતું જ નથી, ને એ જીવ કયારેય પણ સિદ્ધ-મુકત થઇ શકતો નથી. એટલે જેનામાં મૂળમાં યોગ્યતા હોય છે એ જ ઘડતર પામીને સિદ્ધ-બુદ્ધ-મુકત બને છે, પરંતુ જેમ પેલું કાષ્ઠ કે પાષાણ પ્રતિમા બની ગયા પછી એનામાં પ્રતિમા બનવાની હવે યોગ્યતા નથી એમ જીવ ખુદ સિદ્ધ મુકત બની ગયો, પછી એનામાં હવે સિદ્ધ બનવાની યોગ્યતા ન માની શકાય. જીવની આ સિદ્ધ બનવાની યોગ્યતા એટલે જ 'ભવ્યત્વ'; ને જીવની આ વ્યકિતગત યોગ્યતા એ 'તથાભવ્યત્વ' છે. સિદ્ધ બનતાં પહેલાં ભવ્યજીવ જયારે છેલ્લા યાને ચરમ પુદ્ગલ પરાવર્તમાં એટલે કે ચરમાવર્ત કાળમાં આવે ત્યારે જ સાધનાથી એના પર ઘડતર શરુ થાય છે.એ પૂર્વે અચરમાવર્ત કાળમાં સંસાર-સુખની લાલચે અનંતીવાર ચારિત્ર લે, છતાં એનામાં ઘડતર નથી થતું...

## આત્મા પર ઘડતર એટલે ?

માર્ગાભિમુખતા, માર્ગપતિતા, માર્ગાનુસારિતા, સકૃદ્બન્ધકતા, અપુનર્બંધક દશા... વગેરે એ કશું ઘડતર અ-ચરમાવર્ત કાળમાં આત્મા પર આવી શકતું નથી. એનું કારણ ત્યાં એ તથાભવ્યત્વ અપક્વ દશામાં છે, પાકને અયોગ્ય દશામાં છે, એ તો જીવ જયારે ચરમાવર્તમાં આવે ત્યારે જ એનામાં પાકને યોગ્ય દશા ઊભી થાય છે; જેમ કાષ્ઠ હમણાં જ લીલાવૃક્ષમાંથી કાઢેલું હોય તો એ લીલું હોય ત્યાં સુધી એના પર ઓજારથી ઘડાવાની યોગ્યતા પાકી નથી. એ તો જયારે સુકાઇ જાય પછી જ એનામાં રહેલી યોગ્યતા હવે પાકવાની સ્થિતિમાં આવે, ને ત્યાં શિલ્પીના ઓજારથી પ્રતિમા યોગ્ય ઘડતર શરુ થાય છે.

જીવમાં પણ યોગ્યતા યાને ભવ્યત્વ (તથાભવ્યત્વ) ચરમાવર્ત કાળમાં પાકવાને યોગ્ય બને છે. સામગ્રી-નિમિત્તો મળી આવતાં સાધના થતી જાય તેમ તેમ તથાભવ્યત્વ પાક પર ચડયું.

**તથાભવ્યત્વને પકવવા માટે શ્રી 'પંચસૂત્ર' શાસ્ત્રે ૩ ઉપાય બતાવ્યા છે :-**

(૧) અરિહંતાદિ ચાર શરણનો સ્વીકાર,

(૨) દુષ્કૃત ગર્હા-સંતાપ, તથા

(૩) સુકૃત-આસેવન-અનુમોદન.

આ ત્રણ સાધનની સાધનાથી જેમ જેમ તથાભવ્યત્વ પાકતું જાય, તેમ તેમ આત્મામાં ઉચ્ચ ઉચ્ચ ગુણસ્થાનકની અવસ્થા આવતી જાય છે. બી કોઠીમાં પડયું હોય ત્યાં સુધી એ પાકવાની સ્થિતિમાં નથી. પરંતુ એને રસાળ ધરતીમાં વાવે પછી વરસાદ પડે, એટલે પાકવાની સ્થિતિ શરુ થાય છે. બીજમાંથી અંકુર પ્રગટે છે. પછી જેમ જેમ પાણી અને સૂર્યનો તાપ મળતો જાય તેમ તેમ બીજમાં રહેલી યોગ્યતા વધુને વધુ પાકવા રૂપે ક્રમશઃ નાળ-પત્ર-પુષ્પ-(મહોર) પ્રગટતા જાય છે, હજી પેલી યોગ્યતા પૂર્ણ પાકી નથી ગઇ, એ જયારે છોડ પર પાક યાને દાણા આવી પૂરા પક્વ બને. બસ, અહીં બીજમાં રહેલ યોગ્યતાનું કાર્ય પૂર્ણ થયું. એટલે હવે પાક-ફળ-વખતે પેલી બીજની યોગ્યતા કશી જ ઊભી નથી, એ તો ગઇ, નષ્ટ થઇ ગઇ.

જીવની પણ આ સ્થિતિ છે, એની આ તથાભવ્યત્વ રૂપી યોગ્યતા પાકતી પાકતી ચરમસીમાએ પહોંચી એટલે જે શિવ-સિદ્ધ-બુદ્ધ-મુકત અવસ્થા બનવા માટેની યોગ્યતા હતી તે -સિદ્ધ અવસ્થા પ્રગટ થઇ જતાં હવે પૂરી થઇ, નષ્ટ થઇ જ કહેવાય, કેમકે સિદ્ધ અવસ્થા માટેની યોગ્યતા હતી તે સિદ્ધાવસ્થા પ્રગટ થઇ ગઇ, તો હવે યોગ્યતા શી ? તેથી મોક્ષ-યોગ્યત્વ અર્થાત્ તથાભવ્યત્વ નષ્ટ થયું, ક્ષય-પરિક્ષય પામ્યું, અને મુકત-સિદ્ધ અવસ્થા એવી ઊભી થઇ કે જેમાં જીવમાં પરમજ્ઞાન-પરમસુખ યાને કેવળજ્ઞાન અને અનંત અવ્યાબાધ સહજ સુખ પ્રગટ થઇ રહ્યા ! અલબત્ કેવળજ્ઞાન સંસાર અવસ્થામાં જ પ્રગટ થઇ ગયેલું છે, પરંતુ એ મોક્ષ અવસ્થામાં ય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલુ રહે છે. તેથી સિદ્ધ અવસ્થાની તત્ત્વકાય-અવસ્થાને પરમજ્ઞાન સુખ સ્વરૂપ કહે છે. આવી જ્વલંત અત્યન્ત શુદ્ધ અવસ્થા વખતે એ યોગ્યતા શી ?

## વરબોધિ જુદું કેમ ? :-

તીર્થંકરનો આત્મા પાક પર ચડેલા આ વિશિષ્ટ તથાભવ્યત્વના પ્રભાવે બીજા અતીર્થંકર સિદ્ધ થવાવાળા જીવોનાં સમ્યક્ત્વ-બોધિ કરતાં ઉત્તમ બોધિ યાને વરબોધિ પ્રાપ્ત કરે છે. એ વરબોધિ એટલા માટે છે કે એમાંથી અનેરી અરિહંત-વાત્સલ્ય વગેરે સાધના પ્રગટ થાય છે, જેના બળ ઉપર એમને જ તીર્થંકર-નામકર્મ આદિનાં ઉત્કૃષ્ટ પુણ્ય ઊભા થાય છે. તીર્થંકર બન્યા વિના મોક્ષ પામનાર જીવોએ મોક્ષસાધનામાં સામાન્યથી સમ્યક્ત્વ, અરિહંત-વાત્સલ્ય,.... વગેરેની સાધના કરી તો હોય છે, પરંતુ એનાથી એમની તીર્થંકર નામકર્મની પુણ્યાઇ ઊભી થઇ હોતી નથી, અને તીર્થંકરના જીવને તો આ પુણ્યાઇ પ્રાપ્ત થઇ હોય છે. એ સૂચવે છે કે આમના સમ્યક્ત્વ યાને બોધિ એ વરબોધિ હોવાથી, તથા અર્હદ્-વાત્સલ્યાદિ સાધનાઓ વિશિષ્ટ કોટિની હોવાથી એના બળે તીર્થંકર નામકર્મ વગેરે ઉત્કૃષ્ટ પુણ્ય ઊભા થાય છે... રાજા શ્રેણિક, સુલસા શ્રાવિકા, વગેરેને આ વરબોધિ, અર્હદ્-ભક્તિ વગેરે વિશિષ્ટ કોટિના હતા, તો એમણે તીર્થંકર નામકર્મ ઉપાજર્યું. ત્યારે ચંદનબાળા વગેરેને મૂળમાં જ અનાદિ વિશિષ્ટ તથાભવ્યત્વ નહિ, તેથી વરબોધિ વગેરેની પ્રાપ્તિ નહિ; એટલે તીર્થંકર નામકર્મ ઉપાજર્યા વિના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી મોક્ષ-માર્ગની ઉત્તમ સાધના કરી સીધા જ કેવળજ્ઞાન અને મોક્ષ પામી ગયા. અહીં સવાલ થાય,-

પ્ર૦- તીર્થંકર થવા ન થવામાં તથાભવ્યત્વનો ફરક કારણભૂત કહો, સામાન્ય જીવોને વિશિષ્ટ તથાભવ્યત્વ નહિ તેથી તીર્થંકર નામકર્મ ન ઉપાર્જે અને તીર્થંકર થનાર જીવોને વિશિષ્ટ તથાભવ્યત્વ હોય તેથી એ એ પુણ્ય ઉપાર્જે, પરંતુ સમ્યક્ત્વ-બોધિમાં ફરક કારણભૂત કેમ કહો છો ? 'બીજા જીવોને સામાન્ય બોધિ અને તીર્થંકર થનાર જીવોને વરબોધિ', એમ ફરક પાડવાનું શું કારણ ?

ઉ૦- આ ફરક પાડવાનું કારણ એ કે તીર્થંકર થવામાં સીધું વિશિષ્ટ તથાભવ્યત્વ કારણ નથી, કિન્તુ એના બળ ઉપર ઊભો થનાર તીર્થંકર-નામકર્મ આદિનો ઉત્કૃષ્ટ પુણ્ય-સમૂહ કારણભૂત છે. એ ઉત્કૃષ્ટ પુણ્ય સમૂહ પણ સીધો જ વિશિષ્ટ તથાભવ્યત્વના બળ ઉપર ઊભો નથી થતો, કિન્તુ વિશિષ્ટ બોધિ-સમ્યક્ત્વ આદિ દ્વારા ઊભો થાય છે. તીર્થંકર નામકર્મ આદિનો પુણ્ય-સમૂહ એ કર્મ છે ને ? તો કર્મને ઊભા થવા આશ્રવ જોઇએ. એટલે આ નિયમ છે કે, શુભાશુભ મનોયોગ અને શુભાશુભ ભાવથી શુભાશુભ કર્મ ઊભા થાય. એટલે તીર્થંકર-નામકર્મ રૂપી શુભકર્મ ઊભું કરનાર શુભ ભાવ, શુભ અધ્યવસાય જોઇએ. વિશિષ્ટ તથાભવ્યત્વ એ કાંઇ મનોયોગરૂપ-અધ્યવસાયરૂપ નથી, પણ સમ્યક્ત્વ બોધિ આદિ એ શુભ અધ્યવસાયરૂપ છે. હવે સમ્યક્ત્વાદિ તો બીજા જીવો ય ઉપાર્જે, પરંતુ એથી કાંઇ એમને તીર્થંકર-નામકર્મ નથી ઊભું થતું, અને તીર્થંકર જીવના સમ્યક્ત્વાદિથી એ પુણ્ય ઊભું થાય છે. એ સૂચવે છે કે, એમનું સમ્યક્ત્વ યાને બોધિ વિશિષ્ટ કોટિનું હોય છે, સામાન્ય બોધિ નહિ, એ વરબોધિ છે. માટે જ એના બળ ઉપર એવા વિશિષ્ટ અર્હદ્-વાત્સલ્ય વગેરે ઊભા થાય છે કે જેના પ્રભાવે તીર્થંકર નામકર્મ ઊભું થાય છે. આમ તથાભવ્યત્વના ફરક ઉપરાંત બોધિમાં પણ ફરક માનવો જ પડે....

એટલે જ એવા વરબોધિ યાને વિશિષ્ટકોટિના સમ્યક્ત્વના હિસાબે જ એમના અર્હદ્ વાત્સલ્ય વગેરે પણ એવા અનેરા ઊભા થાય છે, કે એ બધાના બળે તીર્થંકર નામકર્મ આદિની પુણ્યાઇ જન્મ પામે છે... એક સવાલ થાય,-

**પ્ર૦- તીર્થંકર નામકર્મને ઊભું કરનાર બોધિ એ વરબોધિ કહેવાય છે તો એમના ચારિત્રને વરચારિત્ર કેમ નથી કહેવાતું ?**

ઉ૦- એના ત્રણ કારણ છે,-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧) બોધિ-સમ્યક્ત્વ ચારિત્રમાં વણાયેલું છે, તે ઠેઠ ઉપરના ગુણસ્થાનકોની ક્ષપક અવસ્થા સુધીમાં વણાયેલું હોય છે. એટલે બોધિની ઉત્તમતાથી એ ચારિત્ર વિશિષ્ટ કોટિનું બની જ જાય છે... તેથી એને વર-ચારિત્ર કહેવાની જરૂર નથી રહેતી.

(૨) તીર્થંકર-નામકર્મ ઉપાર્જનાર બધા જ જીવો કાંઇ ચારિત્ર પામીને જ એ કર્મ ઉપાર્જે છે, એવું નથી બનતું. કેટલાક ચારિત્ર નથી પામ્યા હોતા, છતાં આ પુણ્યાઇ ઉપાર્જે છે. એ વરબોધિ સાથે વિશિષ્ટ અર્હદ્-વાત્સલ્ય વગેરેની સાધના કરે, અને ચારિત્ર ન લીધું હોય તો ય, તીર્થંકર નામકર્મ ઉપાર્જે છે. એવા આત્માઓ શ્રેણિક-કૃષ્ણ વગેરે અનેક. વળી,

(૩) 'બોધિ' શબ્દ વ્યાપક છે. 'બોધિ' શબ્દનો અર્થ શાસ્ત્રો 'જૈન ધર્મની પ્રાપ્તિ' એવો કરે છે. 'જૈન ધર્મ' = 'જિનોએ કહેલ ધર્મ' શું છે ? સમ્યક્ત્વથી માંડી વીતરાગતા સુધીના બધા જ ધર્મ એ જૈન ધર્મ છે. એટલે જ ક્ષાયિક સમ્યક્ત્વવાળા પણ 'અરિહંત ચેઇયાણં'વગેરે બોલી કાઉસ્સગ્ગ કરે છે, એમાં 'બોહિલાભ-વત્તિયાએ' પદ બોલે છે, ને તે સાર્થક છે. નહિતર જો 'બોધિલાભ' એટલે સમ્યક્ત્વના લાભના નિમિત્તે કાઉસ્સગ્ગ કરવાનો હોય, તો તો ક્ષાયિક સમકિતીને તો હવે સમકિત ક્ષાયિક છે અર્થાત્ સર્વથા મિથ્યાત્વ-ક્ષયથી નિષ્પન્ન હોઇ શાશ્વત છે, યાવચ્ચંદ્રદિવાકરૌ કાળ માટે પ્રગટેલું છે, એટલે હવે એ પરલોકમાં ભવિષ્યમાં કયારે ય પણ નષ્ટ થવાનું નથી. તો એના નિમિત્તે કાઉસ્સગ્ગ શો ? ત્યારે 'બોધિલાભ' એટલે વીતરાગતા સુધીના ધર્મ લેવાના હોય, તો ક્ષાયિક સમકિતીને હજી વીતરાગ ન થાય ત્યાં સુધી એ ઉપરના ધર્મ પ્રાપ્ત કરવા નિમિત્તે કાઉસ્સગ્ગ કરવાનો રહે. આ બોધિને તીર્થંકર થનારના વરબોધિ તરીકે ઓળખાવતાં એ વરબોધિમાં સમ્યક્ત્વ તો આવે જ, ઉપરાંત વીતરાગ બનવા સુધીના અર્હદ્ -વાત્સલ્ય ચારિત્ર વગેરે બધા ધર્મ સમાય. એટલે વરબોધિ કહેવામાં ચારિત્ર વગેરે બધા ધર્મ આવ્યા. એથી વરચારિત્ર, વર અપ્રમત્તતા, વગેરે કહી શકાય.

અહીં તીર્થંકર નામકર્મના કારણ તરીકે વરબોધિની સાથે અર્હદ્-વાત્સલ્ય કહ્યું એ ઉપલક્ષણ છે, સૂચક છે. એ સૂચવે છે કે બીજા સિદ્ધ-વાત્સલ્ય, પ્રવચન-વાત્સલ્ય, આચાર્ય-વાત્સલ્ય, સ્થવિર-વાત્સલ્ય, ઉપાધ્યાય-વાત્સલ્ય, અને સાધુ-વાત્સલ્ય વગેરે ૧૯ સ્થાનક પણ કારણભૂત છે-અલબત્ કુલ વીસે વીસ સ્થાનકની આરાધના કરીને પણ તીર્થંકર નામકર્મ ઉપાર્જનારા થયા છે. ત્યારે કેટલાંક ૨૦ થી ઓછા ૧૯/૧૮/૧૭ વગેરે સ્થાનક યાવત્ એક માત્ર અર્હદ્ વાત્સલ્યનું સ્થાનક આરાધીને પણ એ પુણ્ય ઉપાર્જનારા થયા છે.

## વીસ સ્થાનકની આરાધના એટલે ? :-

પ્ર૦ - આ વીસ સ્થાનકની આરાધના કરવાની એટલે શું કરવાનું ? એકેક સ્થાનકના ૨૦-૨૦ ઉપવાસ, જાપ અને દેવવંદન, કાઉસ્સગ્ગ, ખમાસમણાં, પ્રતિક્રમણ, બસ એટલું જ ?

ઉ૦ - ના, આ ઉપવાસાદિ આરાધના તો કરતો હોય, પરંતુ બીજી બાજુ એમાં શકિત પ્રભાવ અરિહંતનો માનવાને બદલે પોતાની શકિતને આગળ કરતો હોય; એમ ગુણ અરિહંતના ગાવાના બદલે પોતાના ગુણ ગાતો હોય; તો શું મોટું તીર્થંકરપણાનું પુણ્ય મળે ? ના મળે; કેમકે ઉપવાસાદિ કરીને આરાધના તો કરી, પરંતુ અરિહંતને બદલે પોતાની જાત આગળ કરી ! એમાં અરિહંતની અવજ્ઞા કરી; વિરાધના કરી. વિરાધના કરે, અવજ્ઞા કરે, એ મલિનભાવવાળો છે. એને શાનું આવું જગત્ પૂજ્ય બનાવનારું ઉચ્ચ પુણ્ય મળે ? તીર્થંકરપણાનું પુણ્ય તો અત્યંત નિર્મળ અધ્યવસાય અને વિશિષ્ટ સમ્યક્ત્વ પર મળે; ને આ બંને આવી આવી આરાધનાથી જાગે અને પુષ્ટ થાય.

## વીસ સ્થાનકની આરાધનામાં શું શું આવે ?

દા.ત. 'અરિહંત' પદની આરાધનામાં અરિહંતના પ્રભાવ પર ભારે વિશ્વાસ કરાય. બીજા મિથ્યાત્વી દેવ-ગુરુનો પડછાયો ય ન લે; અરિહંતના વારે વારે ગુણગાન, પ્રાર્થના, સ્તુતિ, સ્તોત્રોમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીનતા રાખે; અરિહંતના જાપ-સ્મરણ -ધ્યાન તથા અરિહંતનાં દર્શન-પૂજન કરે, અને પૂજનમાં પોતાના કિંમતી દ્રવ્યોનું સમર્પણ કરે. અરિહંતના મંદિર કરાવે, જિનમંદિરના જીર્ણોદ્ધાર કરાવે. યાત્રા-સંઘ, તથા મહોત્સવાદિ ઊજવે. પોતાના અને કુટુંબના સારા પ્રસંગોમાં અરિહંત-ભક્તિને આગળ કર્યા કરે. અરિહંતના સ્વરૂપ-દર્શક વ્યાખ્યાનના ઊછળતા પ્રેમથી શ્રવણ તથા એના પર મનન-ભાવન કરે. લોકોમાં અરિહંતનો પ્રચાર કરે, અને અરિહંતનો પ્રભાવ પાડે; બીજાઓને અરિહંતના ભકત બનાવે. અરિહંત ખાતર ત્યાગ, તપસ્યા, જાપ, દેવવંદનાદિ કરે... આવું બધું અરિહંતપદની આરાધનામાં આવે. માટે જુઓ, સુલસા અરિહંતની આવી આરાધક હતી, અંબડ પરિવ્રાજકે એને પરખવા બ્રહ્માદિનાં જીવંતરૂપ કર્યા ! લોક જોવા ઊમટયું, પણ સુલસા ન ગઇ! એક જ હિસાબે કે

"મારા ચિંતામણિ-તુલ્ય મહાવીર પ્રભુમાં શું ઓછું છે, તે હું કાચના ટૂકડા સમાન ઇતરદેવને જોવા જાઉં ? મારે મારા મહાવીર પ્રભુનું ઘણું ઘણું જોવા - ચિંતવવાનું કામ છે, ને એ કરવામાંથી બીજાને જોવા કરવાની મને ફુરસદ જ નથી,-" આ અનન્ય શ્રદ્ધા-બહુમાન હતા. એમ, પછીથી એ જ અંબડે સુલસાને મહાવીર પ્રભુએ મોકલેલ ધર્મલાભનો સંદેશો કહેતાં, તે સાંભળીને સુલસા પાણી પાણી થઇ ગઇ ! અને આંખમાં ભરચક આંસુ સાથે પ્રભુનો લાખ લાખ ઉપકાર માનતી પ્રભુની દિશામાં ઊઠી ઊઠીને ખમાસમણા દે છે !

શ્રેણિકે અરિહંત ઉપાસના એવી રાખેલી કે દા. ત. એને રોજ ત્રિકાળ જિન પૂજામાં તાજા ઘડેલા સોનાના જવલાથી સાથિયો કરવા જોઇતો હતો ! નેપાલ દેશના આવેલા વેપારી પાસેથી રાણીઓ માટે ૧૬ તો નહિ પણ અતિ પ્યારી પટ્ટરાણી ચેલણા માટે એક રત્નકંબલ પણ લેવાની જે શ્રેણિકની તૈયારી નહોતી, તે વીર પ્રભુની સુખશાતાનો જે આંખે દેખ્યો અહેવાલ લાવી સંભળાવે એને સોનૈયા કે માણેક મોતીનાં મોટાં વધામણી-દાન દઇ દેતા ! અરિહંતના શાસનની બહારમાં હલકાઇ થાય એવું જરાય ચલાવી લેતા નહિ...એટલો બધો અરિહંત પ્રભુ પ્રત્યે પોતાની રગેરગમાં ઉત્કટપ્રેમ - ગૌરવ - ભકિત - બહુમાન વહી રહ્યા હતા ! એ બધું અરિહંત પદની આરાધનામાં કરવાનું આવે.

એમ સિદ્ધપદ વગેરે ૧૯ પદની આરાધનામાં પણ તે તે પદની શ્રદ્ધા-ભકિત વગેરે કરવાનું આવે.

**વીસસ્થાનકનાં નામ યાદ રાખવા સહેલા :-**

આ વીસ સ્થાનકનાં નામ યાદ રાખવા સહેલા છે, તે આ રીતે, નવપદના નામ તો ખૂબ પ્રસિદ્ધ છે. એમાં પહેલાં પાંચ પરમેષ્ઠિમાં, આચાર્ય પહેલાં 'પ્રવચન' પદ ઉમેરાય. કેમકે પ્રવચન પામીને જ આચાર્ય થાય, તથા આચાર્ય પછી ગચ્છની સંભાળ રાખનાર 'સ્થવિર' પદ ઉમેરાય. એમ બે પદ ઉમેરાતાં અરિહંત-સિદ્ધ-પ્રવચન-આચાર્ય-સ્થવિર-ઉપાધ્યાય-સાધુ એમ ૭ સ્થાનક થયા. પાંચ ચરમેષ્ઠિ પછીના ચાર પદમાં દર્શન જ્ઞાન ક્રમ છે, એના બદલે અહીં જ્ઞાન દર્શન પદ લેવાના; અને તે પછી તરત 'વિનય'પદ ઉમેરી પછી 'ચારિત્ર' પદ લેવાનું. તે પછી 'બ્રહ્મચર્ય' અને 'ક્રિયા' પદ ઉમેરવાના. કેમકે ચારિત્રમાં આ બે રોજિંદા છે, ને તે પછી 'તપ' પદ લેવાનું. આમ બીજાં સપ્તકમાં જ્ઞાન-દર્શન-વિનય-ચારિત્ર-બ્રહ્મચર્ય-ક્રિયા-તપ એમ ૭ પદ. પૂર્વના ૭ અને આ ૭, એમ ૧૪ સ્થાનક થયા. એમાં શીલ અને તપ આવ્યા, પણ દાન નથી આવ્યું, તેનું હવે ૧૫ મું દાનપદ લેવાનું. આમાં ગૌતમ સ્વામીનું દાન અદ્ભુત, કેમકે પોતાની પાસે નહિ એવા કેવળજ્ઞાનનું એમણે ૫૦ હજાર શિષ્યોને દાન કર્યું; તેથી ૧૫ મું 'ગૌતમપદ' પણ કહેવાય છે. એ પછીના ૫ પદ યાને ૫ સ્થાનક જિન, સંયમ સમાધિ, અભિનવ જ્ઞાન, શ્રુત અને તીર્થપદ છે.

**તીર્થંકર નામકર્મમાં કારણભૂત અર્હદ્ વાત્સલ્ય વગેરે વીસ સ્થાનકની આરાધનામાં વરબોધિ વણાયેલું રહે છે.** એ ઉપરાંત સર્વ જીવો પ્રત્યેની ભાવકરુણા પણ તીર્થંકર-નામ-કર્મનું પુણ્ય બાંધવામાં કારણભૂત છે; કેમકે શ્રી પંચસંગ્રહ શાસ્ત્રમાં કહ્યું છે કે માત્ર પોતાના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માની કરુણા ચિંતવે એ મુંડ કેવલી થાય છે. 'મુંડ કેવલી' એટલે માત્ર પોતાના આત્માને તારે એવા કેવળજ્ઞાની. જ્યારે, પોતાની જ્ઞાતિ-ગામ-દેશ વગેરેના જીવોની કરુણા ચિંતવે એ ગણધર થાય છે ત્યારે, વિશ્વના સમસ્ત જીવોની કરુણા ચિંતવે એ તીર્થંકર થાય છે, અર્થાત્ તીર્થંકરપણાનું ઉત્કૃષ્ટ પુણ્ય ઉપાર્જે છે.... આ હિસાબે એ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરવામાં સર્વજીવ-ભાવકરુણા પણ કારણભૂત છે, આવશ્યક છે.

પ્ર૦- તો પછી અહીં શાસ્ત્રકારે કેમ એનું ગ્રહણ ન કર્યું ? કેમ માત્ર 'વરબોધિથી સંવલિત અર્હદ્વાત્સલ્યથી તીર્થંકર નામકર્મ પ્રાપ્ત થવાનું લખ્યું ?

ઉ૦- જેવી રીતે 'અર્હદ્વાત્સલ્ય' શબ્દ બીજા સ્થાનકોનું સૂચક છે, એમ સર્વ જીવ કરુણાનું પણ સૂચક સમજવાનું છે; કેમકે જ્યારે 'પંચસંગ્રહ' અને 'તત્વાર્થ મહાશાસ્ત્ર' આને આવશ્યક બતાવે છે, તો પ્રસ્તુત ગ્રંથકારને એ સંમત જ હોય.. અહીં એક પ્રશ્ન થાય, -

પ્ર૦- સર્વજીવ-કરુણા એ જ આત્માઓ ચિંતવી શકે એમ કેમ કહ્યું ? એ તો સૌ કોઇ મોક્ષાર્થી જીવ ચિંતવે; કેમકે ધર્મના પાયામાં જ મૈત્રી કરુણા વગેરે ભાવ જરૂરી માન્યા છે. ત્યાં જો મૈત્રીભાવ યાને સ્નેહ સર્વ જીવ પ્રત્યે રાખવાનો છે, તો કરુણાભાવ પણ સર્વ દુઃખી પ્રત્યે રાખવાનો હોય જ ને ? અને એમ જો સૌમાં એ હોય તો પંચસંગ્રહ શાસ્ત્રમાં કેમ તીર્થંકર બનનાર જીવોને જ સર્વજીવ-કરુણા હોવાનું કહ્યું ?

ઉ૦- કારણ એ છે કે કરુણા એટલે દુઃખીના દુઃખ દૂર થાઓ એવી માત્ર ભાવના નહિ; કેમકે એવી ભાવના તો મૈત્રીની ભાવના છે. મૈત્રી ભાવનામાં જેમ 'સૌનું ભલું થાઓ, સૌ સુખી થાઓ', - એવી ભાવના આવે, એમ 'સૌનાં દુઃખ દૂર થાઓ' એવી ભાવના પણ આવે. 'સૌ સુખી થાઓ', - એ જો મૈત્રી ભાવના છે, તો 'સૌનાં દુઃખ દૂર થાઓ', - એ કેમ મૈત્રી ભાવના નહિ ?

ત્યારે કરુણાભાવના શું છે ? આ, કે 'દુઃખીના દુઃખ હું દૂર કરું' - એવી ભાવના. 'પ્રશમરતિ શાસ્ત્ર' કહે છે :

"परहितचिन्ता मैत्री,

परदुःख-विनाशिनी तथा करूणा ।

परसुखतुष्टिर्मुदिता, परदोषोपेक्षणमुपेक्षा ॥"

અર્થાત્ - પરના હિતની ભાવના 'પરનું હિત થાઓ, ભલું થાઓ' એવી ભાવના એ મૈત્રી છે; પરના દુઃખનો નાશ કરનારી કરુણા છે; પરના સુખ પ્રત્યે આનંદ એ પ્રમોદભાવ છે; ને પરના દોષોની ઉપેક્ષા કરવી એના તરફ દૃષ્ટિ ન લઇ જવી, એ ઉપેક્ષા (માધ્યસ્થ્ય) ભાવ છે, આમાં કરુણાને પરના દુઃખનો નાશ કરનારી કહી એટલે કે પોતે જાતે પરના દુઃખ દૂર કરે એને કરુણા (દયા) કહી. એટલે એથી કરુણાભાવના 'હું પરના દુઃખ દૂર કરું' એવી ઇચ્છાએ પ્રાપ્ત થાય છે..

એથી જ શાસ્ત્રવાર્તાની ટીકામાં ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે લખ્યું 'परदुःख - प्रहाणेच्छा करूणा' પરના દુઃખ પોતે દૂર કરવાની ઇચ્છા રાખે' એ કરુણાભાવના છે; ને એ પોતાની શકિત અનુસાર થઇ શકે. એટલા જ માટે એમણે સમકિતના ૬૭ વ્યવહારની સજ્ઝાયમાં સમ્યક્ત્વના પાંચ લક્ષણ પૈકી 'અનુકંપા' લક્ષણ માટે લખ્યું, -

**'દ્રવ્ય થકી દુઃખિયાની જે દયા,**
**ધર્મ-હીનાની રે ભાવ;**
**ચોથું લક્ષણ અનુકંપા કહી,**
**નિજ શકતે મન લાવ.**

અર્થાત્ દુઃખીના 'દ્રવ્ય-દુઃખ', - ભૂખ - તરસ - રોગ - મારપીટ વગેરે, એ દૂર કરાય એ દ્રવ્યદયા; અને ધર્મહીન આત્માની ભાવદયા અર્થાત્ જીવનાં 'ભાવ દુઃખ', -ધર્મહીનતા, અજ્ઞાન, કષાય, દુર્બુદ્ધિ... વગેરે, એ દૂર કરાય, એ ભાવદયા. એને તું તારી શકિત અનુસાર મનમાં લાવ. અર્થાત્ એવી ઇચ્છા રાખ કે જીવોના દ્રવ્ય - દુઃખ, ભાવ-દુઃખ હું મારી શક્તિ અનુસાર દૂર કરું' - આવી ભાવનાને દયા-કરુણા કહી, એટલું જ નહિ પણ એ માટે કોશીશ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે એને દયા કહી.

અહીં 'નિજ શકતે મન લાવ' કહ્યું એ સૂચક છે. જો અનુકંપામાં-કરુણામાં પરભાર્યું ને પોણાબાર 'દુઃખીના દુઃખ દૂર થાઓ' એવી જ ભાવના કરવાની હોત તો એમાં 'નિજ શકતે' કહેવાની શી જરૂર હતી ? એવી ભાવના કરવામાં એવી કોઇ શક્તિ નથી જોઇતી, એ તો સૌ કોઇ કરી શકે. શક્તિની જરૂર ત્યાં પડે છે કે જ્યાં પોતાને કાંઇ કરવાનું હોય... સારાંશ, કરુણા ભાવનામાં પોતે પરદુઃખ દૂર કરવાની ઇચ્છા છે, ને એમાં નિજ શક્તિ જોવી પડે.

ત્યારે આખા જગતના જીવોની કરુણા-ભાવનામાં 'હું સમસ્ત દુઃખી જીવોનાં દુઃખ દૂર કરું' એવી ઇચ્છા આવે. ભાવિમાં તીર્થંકર થનાર આત્મા આ વિચારે છે કે, -

'અહો ! જગતના જીવો બિચારા કર્મપિશાચથી પીડાય છે ! ચારે ગતિમાં જનમ મરણ વગેરે દુઃખ પામે છે ! ક્યારે મારી એવી તાકાત આવે કે આ બધાને મોક્ષમાર્ગ પમાડી દઉં, જેથી એમનાં એ સમસ્ત દુઃખ નષ્ટ થઇ જાય. સવિ જીવ કરું શાસન-રસી.'

આ ભાવના કરવાનું બધાનું ગજું નહિ, માટે મોક્ષાર્થી બધા જીવ તો એટલું વિચારી શકે કે 'સૌના દુઃખ દૂર થાઓ,' પણ સૌના દુઃખ હું દૂર કરું એ નહિ, એ તો તીર્થંકરના આત્મા જ વિચારી શકે. અસ્તુ.

**કર્મકાય-અવસ્થા કયારથી શરૂ ? :-**

આ તીર્થંકર નામકર્મનો જ્યારે ઉદય થાય, અને એ આત્મા ભાવથી તીર્થંકર બને, ભાવથી અરિહંત બને, ત્યારે એમની કર્મકાય અવસ્થા અર્થાત્ તીર્થંકર નામકર્મના ભોગવટાની અવસ્થા શરૂ થાય છે. એ અવસ્થા પરંપરાર્થને સાધનારી છે. 'પરાર્થ ' એટલે પરનાં હિતકારી પ્રયોજન; એ પણ સામાન્ય હિતકારી નહિ, કિન્તુ 'પરં' એટલે કે ઉત્કૃષ્ટ હિતને કરનારા પ્રયોજન. એનું સંપાદન કરનારી; એને સધાવી આપનારી કર્મકાય-અવસ્થા હોય છે.

ભગવાન તીર્થંકરપણે કર્મકાય અવસ્થામાં જગત પર કેવો અનુપમ ઉપકાર કરે છે, જગતના જીવોને કેવું ઊંચું આત્મહિત સધાવે છે, એ અનેક મુદ્દાથી વિચારીએ ત્યારે તીર્થંકર ભગવાન અને એમના શાસનની અનન્યતા અદ્વિતીયતા અને સર્વોત્કૃષ્ટતા પર આપણું હૈયું ઓવારી જાય ! એમાંના કેટલાંક મુદ્દા જોઇએ -

**કર્મકાય અવસ્થામાં તીર્થંકર ભગવાનના અનન્ય ઉપકાર :-**

(૧) પહેલું તો એ ભગવાનની પૂર્વ ભવની સમ્યક્ત્વ અને વીસસ્થાનકની અનન્ય સાધના, તથા સર્વજીવ કરુણા, અને છેલ્લા ભવની ઉત્કૃષ્ટ અહિંસા-સંયમ-તપની સાધના ભવ્ય જીવોને મહાન આલંબન આપે છે, કર્તવ્યની પ્રેરણા આપે છે. એવી સાધના જગતના કોઇ ફિરસ્તામાં નથી કે આલંબન- આપે. એ આલંબનદાન એ પ્રભુનો મોટો ઉપકાર છે.

(૨) તીર્થંકર ભગવાનના પૂર્વના ભવના અને છેલ્લા ભવના અનન્ય સદ્ગુણો જેવા કે અસાધારણ વૈરાગ્ય, પ્રખર સહિષ્ણુતા, પરાર્થવૃત્તિ, જીવલેણ અપકાર કરનાર પર પણ નીતરતું વાત્સલ્ય અને કરુણા, સાગરવર-ગંભીરતા, પરમ ઔદાર્ય, સર્વોચ્ચ સરળતા, અદ્ભૂત પવિત્રતા, સાધના કાળમાં સાધનામાં નિર્વિકલ્પ એકાગ્રતા..વગેરે વગેરે પણ ભવ્ય જીવોને મહાન આલંબન આપે છે.

(૩) તીર્થંકર ભગવાને જીવ-વિજ્ઞાન આપ્યું છે તેવું બીજા કોઇ ધર્મના ફરિસ્તા નથી આપી શકતા. ઠેઠ નિગોદ-એકેન્દ્રિય સુધીના જીવ કોણ બતાવી શકે છે ? પાણીમાં હજી પોરા વગેરે જીવ છે એમ કહેશે, માટે પાણી ગળીને વાપરવાનું કહેશે, પરંતુ પાણી ખુદ અસંખ્ય જીવોનાં શરીર છે એમ કોણ કહે છે ? એ તો તીર્થંકર ભગવાન અને એમનો જૈન ધર્મ જ કહે છે.

(૪) જ્યારે બીજાઓને એવું પૂરું જીવજ્ઞાન નથી, તો એ સમસ્ત જીવોની સંપૂર્ણ અહિંસા પણ ક્યાંથી બતાવી શકે ? એટલે માત્ર તીર્થંકર ભગવાન જ સંપૂર્ણ અહિંસા ઉપદેશી શકે છે, અને તે પણ ખૂબ જયણાવાળી અહિંસા બતાવે છે. આવી જયણાવાળી અહિંસા બતાવનાર બીજાઓ નહિ. દા.ત. પાણીમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોટા જીવો માન્યા પછી અને પાણી ગળીને વાપરવાનું કહ્યા પછી એ ગળણાં પર જે હજારો પોરા જેવા સૂક્ષ્મ જીવો આવ્યા, એની રક્ષા-જયણા-અહિંસાના ઉપદેશનું ગજુ બીજાઓનું કયાં છે ? એ તો તીર્થંકર ભગવાન અને એમનો જૈન ધર્મ જ કહે છે કે પાણી ગળાતાં એ ગળણા પર આવેલા જીવોને બચાવવા માટે એ ગળણાને પણ એથી બમણા પાણીમાં પાછા ભળી જાય એ રીતે ઝબોળવું જોઇએ; નહિંતર પોતાના ગળેલા પાણીમાં તો ત્રસ જીવ ન લઇ અહિંસા કરી, પરંતુ એ જીવોને ગળણા પર સુકાઇ મરી જવા દીધા ! ત્યાં જયણા-યતના ન થઇ. એમ ચૂલો-વાસણ-પાટલો વગેરે વાપરતા પહેલાં મુલાયમ પૂંજણીથી સાવધાનીથી પુંજી લેવા, જેથી ઊડતા જીવ પણ ત્યાં બેઠેલા ઊડી જઇ બચી જાય. આ ગૃહસ્થની જયણા થઇ. એમાં કદાચ એ વખતે જીવ ન હોત તો એ વસ્તુ વગર પૂંજયે વાપરતાં જીવ હિંસા ન થાત, છતાં પૂંજવામાં 'જીવહિંસા ન થાઓ' એવા હૃદયના પરિણામ હોવાથી પૂંજવાની ક્રિયા જયણાવાળી થઇ. આમ અહિંસાના ઉદ્દેશથી કરાતી જયણા પણ મહાનધર્મ છે. ઇતર ધર્મવાળા આટલી સૂક્ષ્મતાએ નથી પહોંચી શકયા.

## (૫) જૈન ધર્મની એક આગવી વિશેષતા વિરતિ માર્ગની છે.

### વિરતિનું મહત્ત્વ :-

ઇતર ધર્મવાળા કહે છે, - 'કરે તે ભરે,' અર્થાત્ ખોટું કરો તો પાપ લાગે. પરંતુ જૈન ધર્મ આગળ વધીને કહે છે 'વરે તે પણ ભરે,' અર્થાત્ ભલે ખોટું આચરતો નથી, પરંતુ જયાં સુધી ખોટું ન કરવાની, અર્થાત્ ખોટાના ત્યાગની પ્રતિજ્ઞા નથી ત્યાં સુધી એ ખોટાને **હૈયાથી** વરેલો છે. એ અવિરતિ છે, ને એથી અઢળક પાપકર્મ બંધાય છે. પ્રશ્ન થાય, -

પ્ર૦- પાપ યાને ખોટું કામ ન કરે છતાં પાપકર્મ કેમ લાગે ?

ઉ૦- પાપ એટલા માટે લાગે છે કે એ ભલે ખોટું આચરતો નથી, પરંતુ મનમાં પાપની અપેક્ષા ઊભી રાખી છે. તે આ રીતે, કે એ પાપત્યાગની પ્રતિજ્ઞા અર્થાત્ વિરતિ-વ્રત-નિયમ એટલા માટે નથી કરતો કે એના મનમાં અપેક્ષા છે કે 'આમ તો પાપ નહિ કરું દા.ત. રાત્રિભોજન નહિ કરું, પરંતુ એવો કોઇ અવસર કદાચ આવે તો એ કરવું પડે, તેથી બાધા ન લઉં'. તો જેમ પાપાચરણ એ પાપ છે, એમ દિલમાં આ પાપની અપેક્ષા ઊભી રાખી એ પણ પાપ છે. ત્યાગની પ્રતિજ્ઞા યાને વિરતિ કરવાથી આ અપેક્ષા તૂટે છે. એ પાપની અપેક્ષા તૂટવાથી પાપ કામ-ખોટાં કામ સાથે એનો સંબંધ તૂટી જાય છે.

પ્ર૦- શી ખાતરી કે જીવને પાપ સાથે સંબંધ અનાદિ કાળનો છે ?

ઉ૦- પાપ સંબંધ જુગજૂનો છે માટે જ પાપની વૃત્તિ સહેજે થાય છે. અને પાપનો ત્યાગ મન મનાવીને કરવો પડે છે. કેમકે પાપત્યાગનું કામ નવું છે. માટે પાપવૃત્તિ તોડવા અને પાપ સાથેના અનાદિ સંબંધ તોડવા પાપત્યાગની પ્રતિજ્ઞા યાને વિરતિ જોઇએ, તો જ પાપકર્મ બંધાતા અટકે. અવિરતિમાં આત્મા પર ક્ષણે ક્ષણે પાપકર્મનો વરસાદ ચાલુ; દા.ત. માનો કે તમે ભાગીદાર સાથે વેપારમાંથી સંબંધ બંધ કર્યા વિના બે મહિના બહારગામ હવા ખાવા ગયા, ને એ ગાળામાં ભાગીદારના હાથે વેપારમાં મોટી ખોટ આવી. અલબત્ એ વેપાર તમે નથી કર્યો, છતાં એ ખોટમાં ભાગ તમારા માથે ચડે છે. જો વેપારના સંબંધ કાપીને ગયા હો તો ખોટનો ભાગ તમારા માથે ન ચડે. બસ, એજ રીતે ત્યાગની પ્રતિજ્ઞા કરી પાપ સાથે સંબંધ બંધ કરો, તો કર્મભાર માથે ન ચડે. પ્રતિજ્ઞા ન હોય તો પાપ ન કરવા છતાં કર્મભાર માથે ચડે જ. વિરતિનું આ મહત્ત્વ જિન-શાસન જ બતાવે છે.

એમ મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને યોગથી જીવ કર્મ બાંધે છે. એ કર્મ મૂળ પદાર્થ પૌદ્ગલિક કાર્મણ-વર્ગણા છે, અને જીવ પર ચોંટયા કે તરત એના જ્ઞાનાવરણીય વગેરે આઠ વિભાગ અને આયુષ્ય ન બંધાતુ હોય તો એ વિના સાત વિભાગ પડે છે. એ આઠ કર્મના ઉત્તરભેદ ૧૫૮ છે. તેમજ એ કર્મ પર સંક્રમણ-ઉદ્વર્તના-અપવર્તના-નિધત્તિ-નિકાચના -

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદય - ઉદીરણા વગેરે કરણોની પ્રક્રિયા ચાલે છે, જીવની અમુક ગતિ, અને ત્યાં અમુક ગુણસ્થાનક, ને એના પર અમુક અમુક બંધ, અમુક અમુક ઉદય, વગેરે વગેરે વિસ્તૃત અને સૂક્ષ્મ વિજ્ઞાન માત્ર જિન-શાસનમાં જ મળે છે, બીજા કોઇ ધર્મમાં નહિ.

### (૬) ૧૪ ગુણસ્થાનક : જૈનધર્મની જ વિશેષતાઃ-

ત્યારે મિથ્યાત્વ ગુણસ્થાનકથી માંડી અયોગી ગુણસ્થાનક સુધીના ચૌદ ગુણસ્થાનકની આત્માની ઉત્ક્રાન્તિનો માર્ગ જિનશાસનમાં જોવા મળે છે. એમાં સાતમા અપ્રમત ગુણસ્થાનકથી જે સૂક્ષ્મ આત્મભાવોનું નિરુપણ છે, એની બીજા ધર્મવાળાને ગંધ સરખી નથી. શુદ્ધ વીતરાગ બનનાર પણ જો કર્મોની ઉપશમના કરતો કરતો ચડયો હોય તો ઠેઠ ૧૧ મા ગુણસ્થાનક સુધી ચડયા પછી ઉપશાંત કર્મ ઉદયમાં આવીને જીવને નીચેના ગુણસ્થાનકોમાં ઉતારી દે છે. એ સૂક્ષ્મતા બીજે કયાં જોવા મળે ?

### (૭) અનેકાંતવાદ આદિ સિદ્ધાન્ત જૈન શાસનમાં જ :-

ત્યારે અનેકાંતવાદ - નયવાદ - સાપેક્ષવાદ - ભેદાભેદવાદ, એ માત્ર જિનશાસનની વિશિષ્ટ આગવી બક્ષીસ છે. બીજા તમામ દર્શનો એકાંતવાદી છે, અને એકાંતવાદના લીધે એમના જ દર્શનોમાં સામસામા ખંડન-મંડન ચાલે છતાં અનેકાંતવાદ તરફ એમની દૃષ્ટિ જ નથી પહોંચતી ! આ બધા સર્વશ્રેષ્ઠ જીવવિજ્ઞાન સર્વોત્કૃષ્ટ અહિંસા, વિરતિ-માર્ગ, કર્મ-સિદ્ધાન્ત, ૧૪ ગુણસ્થાનક, અનેકાંતવાદ, વિસ્તૃત ચારિત્રમાર્ગ, એમાં ઉત્સર્ગ-અપવાદમાર્ગ, પ્રાયશ્ચિત.... વગેરેની અતિ સૂક્ષ્મ અને વિસ્તૃત છણાવટ આ અસાધારણ અને અન્યત્ર અલભ્ય તત્ત્વોના વિશ્વને પ્રકાશ આપવાનો ઉપકાર તીર્થંકર ભગવાન કરે છે.

(૮) ભગવાન 'કર્મકાય'-અવસ્થામાં જેમ આ તત્ત્વ-પ્રકાશ આપવાનો ઉપકાર કરે છે, એમ જગતને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો મોક્ષમાર્ગ આપવાનો અનન્ય ઉપકાર કરે છે.

વળી એ માર્ગ બરાબર પળે એ માટે વ્યવસ્થિત કાનૂનબદ્ધ ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે, જેના પ્રતાપે આજસુધી જિનશાસન અણીશુદ્ધ તત્ત્વો સહિત ચાલ્યું આવે છે.. આમાં મુખ્યતા કોની ? અરિહંત પ્રભુની ? કે આ ત્યાગ તપ વગેરે સાધનાની ? કહેવું જ પડે કે સાધનાની નહિ, કેમકે બીજા રાગદ્વેષી મિથ્યા દેવનાં આલંબને આ બધું કરીએ તો એવા ઊંચા ફળ ન મળે, કિન્તુ અરિહંતનું આલંબન લઇ કરીએ તો એવા ઊંચા મોક્ષ સુધીનાં ફળ મળે. માટે મુખ્યતા આલંબનની, આલંબન દાતા અરિહંતની. આ તીર્થંકર ભગવાનનો કર્મ-પીડિત જગતને આલંબન-દાનનો ઉચ્ચ કોટિનો ઉપકાર છે.

શ્રી તીર્થંકર ભગવાન તત્ત્વજ્ઞાન, માર્ગદર્શન, ઉપરાંત આલંબનનું દાન કરવાનો પણ શ્રેષ્ઠ ઉપકાર કરે છે. આપણે કોઇપણ દેવદર્શન-પૂજન-ગુણગાન - ધ્યાન-પ્રાર્થના-સ્મરણ, સાધુ સેવા, જીવદયા, ત્યાગ, તપ, જપ, સ્વાધ્યાય, દાનશીલ, વ્રત-નિયમ, ક્ષમા-મૃદુતા.... વગેરે ધર્મની સાધનામાં વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર શ્રી અરિહંત ભગવાનનું આલંબન રાખીએ તો આપણને ફળમાં ઉત્કૃષ્ટ શુભ અધ્યવસાય, ઉત્કૃષ્ટ કર્મનિર્જરા... યાવત્ વાસ્તવ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

આમ વિશ્વના કર્મપીડિત જીવોને સત્ય તત્ત્વ, સન્માર્ગ, અને સદ્આલંબનનાં હિત સધાવી આપનાર જે કર્મકાય-અવસ્થા, એને શાસ્ત્રકારે અહીં 'પરંપરાર્થ' યાને શ્રેષ્ઠ પરાર્થ મોક્ષ પર્યંતના આત્મહિતોની સંપાદની કહી.

શ્રી યોગદૃષ્ટિ-શાસ્ત્રના મંગળ શ્લોકમાં શ્રી વીર ભગવાનને ઇચ્છાયોગથી નમસ્કાર કરતાં એમનું એક વિશેષણ 'જિનોત્તમ' મૂકયું, એથી ભગવાનની આવી કર્મકાય-અવસ્થા સૂચવી.

### (૯) અયોગપદથી 'તત્ત્વકાય-અવસ્થા' સૂચવી.

ભગવાનનું બીજું વિશેષણ 'અયોગ' છે, એનાથી હવે એમની તત્ત્વકાય-અવસ્થા સૂચિત થાય છે, 'અયોગ' પદમાં યોગ શબ્દ છે. એનો અર્થ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'કાય-વાઙ્-મનઃકર્મ યોગઃ' એ સૂત્રના અનુસારે 'કાયા-વાણી-મનની ક્રિયા' એવો લેવાનો છે. એ મન-વચન-કાયાની સૂક્ષ્માતિસૂક્ષ્મ પણ ક્રિયા જ્યાં સર્વથા બંધ થઇ ગઇ હોય, એ અયોગ અવસ્થા છે. અલબત્ આ અયોગઅવસ્થા ૧૪મા ગુણસ્થાનકે 'શૈલેશી' અવસ્થામાં પ્રાપ્ત થાય છે, પરંતુ ત્યાં હજી શેષ કર્મ ભોગવી લેવાનો કાળ છે, કિંતુ એ બહુજ અલ્પ કાળ છે; 'અ-ઇ-ઉ-ઋ-લૃ' એ પાંચ હ્રસ્વ અક્ષર બોલતાં જેટલી વાર લાગે એટલો જ કાળ છે; પણ પછી સર્વ કર્મથી મુકત થઇ સિદ્ધપદ પામતાં, પછીથી અનંતાનંત કાળમાં, કહો, હવે શાશ્વત કાળમાં અયોગ અવસ્થા જ રહે છે; કેમકે ત્યાં શરીર નથી, વાણી નથી, મન નથી, એટલે એની ક્રિયારૂપ યોગ હોય જ શાનો ?

પ્ર૦ - એમ તો ૧૪મા ગુણઠાણે શૈલેશી અને અયોગ અવસ્થા બંને સાથે શરૂ થાય છે, તો અયોગને શૈલેશીના ઉત્તર કાળમાં થનારો કેમ કહેવાય ?

ઉ૦ - વાત સાચી, પરંતુ ૧૪ ગુણઠાણોનો કાળ કેટલો ? અતિ અલ્પ! પેલા પાંચ હ્રસ્વાક્ષર -ઉચ્ચારણ જેટલો જ. એ અતિ અલ્પકાળની વિવક્ષા ન કરતાં મોક્ષના જંગી ભાવી અનંત કાળની અયોગ-અવસ્થા ગણતરીમાં લઇ શાસ્ત્રકાર મહર્ષિ કહે છે કે ''અયોગ અવસ્થા 'શૈલેશ્યુત્તર કાલ ભાવિની' અર્થાત્ 'શૈલેશીના ઉત્તરકાળે થનારી હોય છે.''

અહીં 'શૈલેશી' એટલે 'શૈલેશીકરણ પ્રક્રિયા' સમજીએ તો તે ૧૩મા ગુણઠાણાના અંત સુધી ચાલે, અને એમાં સર્વયોગનિરોધનું કાર્ય પૂર્ણ થાય; તેથી ૧૪મા ગુણઠાણે 'અયોગ' અવસ્થા ચાલે. આ હિસાબે કહેવાય કે 'શૈલેશી'=શૈલેશીકરણ-પ્રક્રિયા પૂર્ણ થયાના ઉત્તર કાળે અયોગ-અવસ્થા આવીને ઊભી રહે. ૧૪મા ગુણઠાણાનો અતિ અલ્પકાળ પૂર્ણ થવાના અંતે મોક્ષ થાય. એમાં અયોગ-અવસ્થા ચાલે. તેથી અહીં 'અયોગ' કહીને ભગવાનની તત્ત્વકાય-અવસ્થા સૂચવી.

અહીં પ્રશ્ન થાય, -

## શૈલેશી એટલે શું ?

શૈલેશી એ ૧૪મા ગુણસ્થાનકે રહેલા આત્માના આત્મ-પ્રદેશોની તદ્દન સ્થિર અવસ્થા છે. 'શૈલ' એટલે શિલા-પાષાણનો બનેલો તે, પર્વત એનો 'ઇશ'=સ્વામી તે મેરુ પર્વત, એ 'શૈલેશ' કહેવાય. એના જેવી સ્થિર નિષ્પ્રકંપ અવસ્થા એ 'શેલેશી' અવસ્થા. સંસારમાં જયાં સુધી આત્મા મન, વચન કે કાયાના યોગ (પ્રવૃત્તિ)વાળો હોય છે ત્યાં સુધી એના આત્મપ્રદેશો અસ્થિર-કંપનશીલ હોય છે. ઊકળતા પાણીના તપેલામાં પડેલો રૂમાલ પાણીના હલન-ચલનથી હાલ્યા જ કરે, એમ શરીરમાં આત્માના પ્રદેશો યોગથી હાલ્યા જ કરે છે. એ સ્થિતિ અનાદિથી ચાલુ છે. સ્થિર એવા ઝાડના જીવના પણ આત્મ -પ્રદેશો અંદરમાં હાલતા-ચાલતા જ હોય છે; કેમકે એને પણ કાયયોગ ચાલુ છે. આત્માના પ્રદેશો તદ્દન સ્થિર થવાનું ત્યારે જ બને કે યોગ સર્વથા બંધ થઇ જાય, અને તે ૧૩મા ગુણસ્થાનકના અંતે બને છે. એને યોગ-નિરોધ કહે છે. ત્યાં સુધી સયોગ અવસ્થા છે.

## સયોગી-અયોગી:

## જીવનમુકત-વિદેહમુકત :

૧૩મા ગુણઠાણે આત્મા 'સયોગી-કેવળી' = કેવળજ્ઞાની કહેવાય છે. એ વીતરાગ સર્વજ્ઞ છે. હવે એ જીવન-મુકત બન્યા. હવે એમને કોઇ સાધના કરવાની હોતી નથી; કેમકે એ સિદ્ધ થયેલા છે. પરંતુ એમને આહાર-વિહાર હોય ત્યાં કાયયોગ-વચનયોગ બંને કામ કરે છે. હવે જયારે એ અતિ નિકટ કાળમાં પોતાના સર્વકર્મ સહિત આયુષ્યકર્મનો ક્ષય પામવાનું જુએ, ત્યારે ૧૩મા ગુણઠાણાના અંત ભાગમાં સયોગી અવસ્થાથી જ શૈલૈશીકરણની પ્રક્રિયા શરુ કરી ક્રમશઃ પોતાના મન-વચન-કાયાના બાદર તથા સૂક્ષ્મ યોગોનો નિરોધ કરે છે, અટકાયત કરે છે; અને ૧૩માના અંતિમ સમયે સર્વથા યોગ-નિરોધ થઇ જાય એટલે ૧૪મા ગુણઠાણાના પહેલા સમયે એ અયોગી બને છે. ત્યાં ૧૪મું 'અયોગી-કેવળી'

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. હવે અહીં ૧૪મા ગણસ્થાનકે યોગ નથી, એટલે સ્થિર આત્મ-પ્રદેશની શૈલેશી અવસ્થા છે.

આ શૈલેશી અવસ્થાનું ૧૪મું ગુણસ્થાનક કેટલો વખત રહે ? તો કે પૂર્વે કહ્યું તેમ પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચારણ-કાળ જેટલો વખત જ રહે છે. એટલા કાળમાં ત્યાં શેષ સમસ્ત કર્મ ભોગવી લે છે, એટલે ૧૪મા ગુણસ્થાનકના અંતે આત્મા જીવનમુકત-જીવનસિદ્ધમાંથી હવે સમસ્ત કર્મથી રહિત વિદેહ મુકત-સિદ્ધ શુદ્ધ બુદ્ધ બને છે. અહીં શુદ્ધ આત્મતત્ત્વ યાને શુદ્ધ આત્મસ્વરૂપ પૂર બહારમાં પ્રગટ થઇ જાય છે. એ જ તત્ત્વકાય અવસ્થા છે.

## તત્ત્વકાય યાને સિદ્ધ અવસ્થાના ૮ ગુણ :

અહીં તીર્થંકર ભગવાનને ચાર અઘાતી કર્મ સહિત આઠેય કર્મોનો સર્વથા ક્ષય થયો હોઇ સિદ્ધ થયેલ તત્ત્વકાય અવસ્થામાં આઠ ગુણો પ્રગટ થાય છે. એમના આત્મામાં (૧) અનંત જ્ઞાન, (૨) અનંત દર્શન (૩) અનંત સુખ, (૪) વીતરાગતા, (૫) અક્ષય-અજર-અમરપણું, (૬) અગુરુલઘુપણું, (૭) અરૂપીપણું અને (૮) અનંત વીર્યાદિ લબ્ધિ પ્રગટ રહે છે. અહીં પ્રભુ નિરંજન-નિરાકાર બનેલા હોય છે. એમના આત્માનું શુદ્ધ તત્ત્વ, શુદ્ધ સ્વરૂપ કાયમી પ્રગટ થાય છે. એટલે કે એમની જે 'તત્ત્વકાય' અવસ્થા શરૂ થાય છે તે શાશ્વતકાળ રહે છે. એમાંથી કદી ભ્રષ્ટ થવાનું નથી, એટલે એમને હવે અવતાર લેવાના હોતા નથી. એવા એ અશરીરી, અ-કર્મ, નિરુપાધિક અર્થાત્ તન-મન, રાગ-દ્વેષ, સુખ-દુઃખ, હરખ-ખેદ, જસ-અપજસ, વગેરે સઘળા દ્વન્દ્વોથી પાર થઇ ગયેલા અને સદાને માટે મુકત બનેલા હોય છે. અસાંયોગિક નિરપેક્ષ નિરાબાધ-અક્ષય-અનંત સુખમાં એ સદાને માટે ઝીલતા રહે છે. ભગવાન તત્ત્વકાય-અવસ્થામાં 'નિષ્ઠિતાર્થ' બનેલા છે, - 'અર્થ'એટલે પ્રયોજન, અહીં સર્વ પ્રયોજન નિષ્ઠિત યાને પૂરા થઇ ગયા, સંપૂર્ણ સિદ્ધ થઇ ગયા છે, એટલે પ્રભુ કૃતકૃત્ય બન્યા છે. હવે એમને કોઇ કૃત્ય કરવાનું બાકી રહેતું નથી. કરવાનાં કૃત્યો પૂર્વે કરાઇ ગયા. છેલ્લે છેલ્લે શૈલેશી અને સર્વ કર્મક્ષય કરવાનું કાર્ય, તે પણ કરાઇ ગયું. હવે તો મોક્ષ-અવસ્થામાં આત્મા એકલા શુદ્ધ સ્વરૂપમાં રહેલો છે. એને હવે શું કરવાનું રહે ? શા માટે કાંઇ પણ કરવાનું રહે ? હેય-ઉપાદેયના વિવેકીને જે કાંઇ કરવાનું રહે તે પોતાનું શુદ્ધ સ્વરૂપશુદ્ધ તત્ત્વં પ્રગટ કરવા માટે જ કરવાનું હોય. એ થઇ ગયું. એટલે જ આ તત્ત્વકાય-અવસ્થા એ પરમફળ-અંતિમ ફળ-સર્વ શ્રેષ્ઠ ફળ છે. એનાથી વધીને પામવા જેવું કોઇ ફળ નથી. શૈલેશીથી નીચે -નીચેની પ્રવૃત્તિનાં ફળ-ઉપર ઉપરનાં ફળ સાધવા માટે હોય છે. મોક્ષથી ઉપર હવે કઇ ફળ નથી, જેને સાધવા માટે કશું કરવું પડે.

લૌકિક જીવનના સાંસારિક વ્યવહારમાં માણસ ધંધા-ધાપાની પ્રવૃત્તિ કરે તે પૈસાની પ્રાપ્તિરૂપ ફળ માટે કરે છે; પરંતુ એ ફળ પણ સુખ-સાધનોના સંગ્રહ રૂપી ફળ સાધવા માટે હોય છે,ને એ ફળ વળી સુખ-ભોગ-રંગરાગના આનંદરૂપી ફળ માટે હોય છે. હવે પૂછો આ સુખ-ભોગનો આનંદ શા માટે જોઇએ છે? તો કે કશા માટે નહિ. સંસાર-વ્યવહારમાં એ છેલ્લું ફળ છે, આનંદ સ્વતઃ ઇષ્યમાણ છે,

## પૂર્વ-પૂર્વ સાધના ઉપર-ઉપરનાં ફળ માટે :

એમ આધ્યાત્મિક જીવનમાં દયા-દાનાદિ આચાર પાળે એ શા માટે ? તો કહે સમ્યકૃત્વરૂપી ફળ માટે. સમ્યકૃત્વ આવ્યું હવે એના ૬૭ આચાર શા માટે આરાધે ? તો કે બાર વ્રતની સાધના માટે. તો એ શા માટે કરે ? તો કે અંતરાત્મામાં દેશવિરતિભાવ પ્રગટાવવા. પંચમ ગુણસ્થાનકરૂપી ફળ માટે. એ ફળ પણ, એક દિવસ સંસાર-ત્યાગ કરી સાધુ-જીવન લઇ એની સાધના કરાય એ ફળ માટે. એ પણ અંતરાત્મામાં સર્વવિરતિ ભાવરૂપી ફળની પ્રાપ્તિ માટે અને એના સંવર્ધન માટે કરાય. એ પણ ઉત્તરોત્તર અપ્રમત્તભાવ, અપૂર્વકરણ... વગેરે ફળ માટે; ને એ પણ અનાસંગ યોગ અને વીતરાગ ભાવરૂપી ફળ માટે કરાય. એ પણ કેવળજ્ઞાન માટે, ને એ પણ અંતે અયોગ અને શૈલેશીરૂપ ફળ માટે છે, તેમજ એ પણ સર્વ કર્મક્ષય કરવા માટે છે. તે એ પણ સર્વથા શુદ્ધ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનંત જ્ઞાન-સુખાદિમય આત્મતત્ત્વ-આત્મસ્વરૂપ પ્રગટ કરવા માટે કરાય છે. આ અનંત જ્ઞાન-સુખ શા માટે ? તો કે એ છેલ્લું ફળ છે. એની પછી હવે કશું કરવા જેવું-મેળવવા જેવું રહેતું નથી. માટે ત્યાં કૃતકૃત્યતા-નિષ્ઠિતાર્થતા આવીને ઊભી રહે છે.

જીવનમાં આ ચરમ અને પરમ ફળરૂપ તત્ત્વકાય-અવસ્થાનું જો લક્ષ્ય બંધાઇ જાય, તો એની પૂર્વનાં - પૂર્વે કહ્યા એ આત્મવિકાસના જ ફળ નીપજાવવાની લાલસા રહે; પણ તુચ્છ દુન્યવી સુખ-સન્માન વગેરેની લાલસા ન રહે. શુદ્ધ આત્મત્સ્વરૂપ સુધીના ફળની લાલસામાં દુન્યવી ફળની લાલસા મરી પરવારે.

## પ્રભુ યોગિગમ્ય :-

મંગળ-શ્લોકમાં હવે ભગવાનનું એક વિશેષણ 'યોગિગમ્ય' મૂક્યું, તેનો વિચાર આ છે કે ભગવાન શ્રુતજિન અવધિજિન વગેરે યોગીઓથી ગમ્ય એટલે કે સમજી શકાય એવા છે. આમ કહીને સમ્યગ્દષ્ટિ અયોગી અને મિથ્યાદૃષ્ટિ જીવોનો નિષેધ સૂચવ્યો કે એવા જીવોથી ગમ્ય નથી, બરાબર સમજાય એવા નથી. જેમ ડોકટરની હોશિયારી બીજો ડોકટર સમજી શકે, ઇજનેરની હોશિયારી ઇજનેર સમજી શકે, એમ પરમ યોગી ભગવાનની વિશેષતા યોગી સમજી શકે.

મિથ્યાદૃષ્ટિ જીવ તીર્થંકર ભગવાનને એટલા માટે ન સમજી શકે કે એ હજી ચરમ યથાપ્રવૃત્તિકરણના શુભ અધ્યવસાય સુધી ઊંચે આવ્યો નથી. કે જેની ઉત્તરમાં અપૂર્વ-કરણાદિ થઇને તરત સમ્યક્ત્વ પ્રગટ થવાનું હોય છે; અને સ્થિતિ એ છે કે ચરમ યથાપ્રવૃત્તિકરણ લાગે પછી જ 'તીર્થંકર ભગવાન કેવા સ્વરૂપવાળા હોય ?' એવી જિજ્ઞાસા થાય છે, પણ તે પહેલાં નહિ. તો મિથ્યાદૃષ્ટિને જ્યાં એવી ભગવદ્-જિજ્ઞાસા પણ ન થાય, તો પછી ત્યાં ભગવાનને સમજી શકવાની તો વાતે ય ક્યાં ?

ત્યારે સમ્યગ્દષ્ટિ પણ જે શ્રુતજિન યાને ચૌદપૂર્વધર કે દશપૂર્વધર નથી. એમને પરમાત્માની વિશેષતાઓ બરાબર સમજવા જોગો પૂરતો શાસ્ત્રબોધ નથી. એ પણ પરમાત્માને બરાબર સમજી શકે નહિ. એટલે વીર પ્રભુને અહીં યોગિગમ્ય કહ્યા.

એવા યોગિગમ્ય 'વીર' પ્રભુ છે. આ 'વીર' શબ્દ સાન્વર્થ છે, સાર્થક છે, કેમકે 'વીર' પ્રભુમાં ઘટે છે, સંગત થાય છે.

## 'વીર' શબ્દના ૪ અર્થ :-

(૧) વીર્યથી વિરાજતા માટે વીર; (૨) વિશેષતયા ઇરણ કરનારા માટે વીર; (૩) શત્રુ સામે વિજેતા ભડવીર માટે વીર અને (૪) કૈવલ્ય કન્યા એમને સ્વયં વરી, માટે વીર. આમ 'વીર' નામ પાછળ ચાર હેતુ કામ કરી રહ્યા છે. તેથી અહીં મહાવીર પ્રભુ કેમ 'વીર' છે એ માટે ટીકાકાર મહર્ષિ ચાર હેતુ રજુ કરે છે, -

(૧) અનુપમ તપવીર્યથી શોભતા હોવાથી વીર;

(૨) કર્મનું વિદારણ કરનાર હોવાથી વીર;

(૩) કષાય આદિ આંતરશત્રુને જિતનાર હોવાથી વીર; ને

(૪) કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીએ એમને સ્વયં વરેલા હોવાથી વીર.

એમ ચાર હેતુથી મહાવીર પ્રભુ વિક્રમી - પરાક્રમી 'વીર' તરીકે પ્રસિદ્ધ છે.

## (૧) અનુપમ તપવીર્યથી વીર : ઉગ્ર બાહ્ય તપ :-

અહીં મહાવીર પ્રભુમાં અનુપમ તપવીર્ય છે, જે બીજા કોઇ જ ધર્મફિરસ્તામાં નથી. વીર્ય તો આપણામાં પણ છે, કિન્તુ એ વીર્ય ખાનપાનનું છે, યથેચ્છ રસ ભોગવવાનું છે, એશઆરામી કરવાનું છે, મન-ઇન્દ્રિયોની વિષયો તરફની ધૂમધામ પ્રવૃત્તિનું વીર્ય છે ! તેથી જ એ ખાનપાનાદિ યથેચ્છ રીતે ચાલ્યા કરે છે, હોંશથી ચાલે છે, ખુશી-ખુશાલીથી ચાલે છે. કેમકે એનાથી ઊભા થતા આ જનમ અને જન્મોજન્મના અપાયો યાને અનર્થો તરફ દૃષ્ટિ નથી, કોઇ દૃષ્ટિ ખેંચે તો ય આંખ-મિંચામણાં છે, એ અનર્થોનો ભય નથી.

ત્યારે ત્રિલોકપતિ ભગવાન મહાવીર પ્રભુએ તપનું વીર્ય અમલી કર્યું. કેવું? બાર પ્રકારના તપમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહેલું તો 'અનશન' તપ, એનું વીર્ય એવું પ્રગટ કર્યું કેવું ? બાર પ્રકારના તપમાં પહેલું તો 'અનશન' તપ, એનું વીર્ય એવું પ્રગટ કર્યું કે પ્રભુએ દીક્ષા લીધી ત્યારથી ઓછામાં ઓછા તપ તરીકે છઠને પારણે છઠ શરૂ કર્યા. પારણે એકાશન-તે ઠેઠ કેવળજ્ઞાન પામવા સુધી ચાલુ રહ્યાં ! એમાં વચમાં વચમાં બે છમાસી, નવ ચોમાસી, બબ્બે અઢીમાસી-દોઢમાસી, નવ ચોમાસી, બબ્બે અઢીમાસી-દોઢમાસી, બાર માસખમણ, ૭૨ પાખમણ (પક્ષક્ષપણ)... વગેરે તપનાં વીર્ય અજબ ગજબ ફોરવ્યા !

આ છમાસી-ચોમાસી એટલે ? આજની માફક છ મહિના ચાર મહિના સુધી ઉપવાસને પારણે ઉપવાસ, વચમાં બેસણું, એમ નહિ, કિન્તુ સળંગ ૬ મહિના ને ૪ મહિના સુધી નકોડા ઉપવાસ ! એમ કુલ ઉપવાસોની સંખ્યા લઇએ તો સાડા બાર વર્ષના છદ્મસ્થ ચારિત્ર-સાધનાના કાળમાં સાડા અગિયાર વર્ષથી અધિક જેટલા ઉપવાસો કર્યા ! કાંઇ કલ્પનામાં આવે ? આ પણ ઉપવાસો ઘોર ઉપસર્ગો-પરીસહો સહવા સાથે ! અને રાતદિવસ લગભગ ખડાખડા કાયોત્સર્ગ ધ્યાનમાં રહીને ! શું ?

**વીર પ્રભુ સાડા બાર વરસમાં દિવસે કે રાત્રે એક ક્ષણ પણ ભૂમિ પર પલાંઠી માંડીને મુદ્દલ બેઠા નથી, તો સૂવાની વાત જ કયાં ? કવિ કહે છે,**

"સાડા બાર વરસ જિન ઉત્તમ
વીરજી ભૂમિ ન ઠાયા હો,
ઘોર તપે કેવળ લહ્યા એહના
પદ્મ વિજય નમે પાયા....
તપસ્યા કરતાં કરતાં હો,
કે ડંકા જોર બજાયા હો."

આપણી એક ઉપવાસ કરીને પણ રાતભર ઊભા ઊભા કાયોત્સર્ગમાં રહેવાની ત્રેવડ નથી; ત્યારે પ્રભુ ૧૨ાા વરસ સુધી, વિહરણ બાદ કરીને, ઊભા ઊભા કાયોત્સર્ગમાં રહ્યા હતા ! અને એમાં ૧૧ાા વરસના દિવસો જેટલા ઉપવાસ સાથે ! એમાં (૧) ઉપવાસોનાં અનશન તપ ઉપર એકાશનથી પારણાં કેવા ? એક જ ઘરમાં પોતાની પાસે પાત્રા નહિ, પણ બે હાથની અંજલિમાં સામો જેટલું અને જે દ્રવ્ય નાખે એટલું જ અને એ દ્રવ્ય વાપરવાનું ! એમાં આવે એજ વિગઇઓ વાપરવાની ! એટલે (૨) ઊનોદરી તપ, (૩) વૃત્તિસંક્ષેપ તપ અને (૪) રસત્યાગના પણ તપ જોરદાર ! ત્યારે (૫) કાયકષ્ટ તપનું તો કલાકો દિવસો અને મહિનાઓ સુધીના કાયોત્સર્ગમાં પૂછવાનું જ શું ? એમ (૬) છઠ્ઠો બાહ્ય તપ 'સંલીનતા,' એમાં સાડા બાર વરસ મૌન એટલે વાક્-સંલીનતા; કાયા આહાર-વિહાર-નિહાર પૂરતી જ હાલતી ચાલતી, બાકી કાયસંલીનતા (સ્થિરતા); અને તત્ત્વધ્યાન સિવાય મનની સંલીનતા (સંગોપન) આ બાહ્યતપની ઉગ્રતા કેવીક ?

પ્ર૦- કેમ વારુ, પ્રભુ આટલો બધો ઉગ્ર તપ કરતા ? પોતે જાણતા તો હતા જ કે આ ભવને અંતે નકકી મોક્ષ છે, તો પછી આટલો બધો ચારે બાજુએ ભયંકર તપ કરવાનું શું કારણ ?

ઉ૦ - કારણ આ, કે મોક્ષપામવા માટે કર્મક્ષય કરવો પડે, અને તે કર્મક્ષય માટે આટલો બધો તપ કરતા હતા, અહીં પૂછશો, -

પ્ર૦ - પણ કર્મક્ષય માટે તો છેલ્લો ઉપાય શાસ્ત્રો ધ્યાનને કહે છે, અને પ્રભુ ધ્યાન કરે એ કેટલું બધું જોરદાર હોય ? તો તે તો પ્રભુ કરી શકતે; કિન્તુ સાથે ૧૧ાા વરસ જેટલા ઉપવાસનો ભયંકર તપ કરવાની શી જરૂર ? બીજા ભગવાનોએ કયાં આટલા બધા ઉપવાસ કર્યા હતા ? તેમ કાયોત્સર્ગ, પરીસહ-ઉપસર્ગો સહન...વગેરે ઘોરાતિઘોર કાયકષ્ટ ઉપાડવાની શી જરૂર ?

ઉ૦ - પ્રભુ કર્મક્ષય માટે તપ કરતા, અને ધ્યાનથી ઉત્કૃષ્ટ કર્મક્ષય થાય એ વાત સાચી, પરંતુ એવું ઉત્કૃષ્ટ ધ્યાન તો શુકલધ્યાન છે, ને એ લાવવા માટે સંપૂર્ણ અનાસકત યોગ જોઇએ, જયાં કોઇ વસ્તુ પર આસકિત ન હોય. એટલે કહો,

**આસકિત તોડવા માટે ૬ બાહ્યતપનાં કષ્ટ પ્રભુએ ઉપાડયા.**

**પ્રભુ એ ધ્યાન ગુફામાં બેસીને કેમ ન કયુ`?**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ખડા ખડા કાયોત્સર્ગમાં કેમ?**

ધ્યાનથી કર્મક્ષય તો ગુફામાં ય થઇ શકતે, તો કાયોત્સર્ગ ધ્યાનનો આગ્રહ શા માટે ? કહો, ગુફામાં બેસી ધ્યાન કરે ત્યાં તો કાયાને આરામી મળવાથી કાયાની આસક્તિ પોષાય, રાગ પોષાય ને એ પોષાય ત્યાં સુધી વીતરાગ ન થવાય. આ આસક્તિ તૂટે... એ માટે જગતના પદાર્થો યાવત્ પોતાની કાયા અને ઇન્દ્રિયો તથા અહંત્વ પર પણ આસક્તિ ન જોઇએ. ત્યારે જો માત્ર ગુફામાં બેસીને ધ્યાન જ કરવાનું હોય, અને અનશન, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયકષ્ટ....વગેરે સહવાનું ન હોય, તો કાયા અને ઇન્દ્રિયો તથા અહંત્વપર આસક્તિ એમ જ ઊભી રહે. માટે કહો, પ્રભુએ એ અનશન, એ દ્રવ્ય-સંકોચ આદિ વૃત્તિસંક્ષેપ, રસ-ત્યાગ, ખડા ખડા કાયોત્સર્ગ, પરિષહ-ઉપસર્ગનું સહન...વગેરે કાયકષ્ટ ઇત્યાદિ ઘોર બાહ્ય તપ ઉપાડયા. એ કાયા અને ઇન્દ્રિયો તથા અહંત્વ વગેરેની પણ આસક્તિ તોડતા રહેવા માટે ઉપાડયા. આમાં,

**અહંત્વ-સ્વાભિમાનની આસકિત** એ રીતે, કે ગમે તેવો હાલી મવાલી માણસ ખોટો કનડવા આવે ત્યાં માથું ઊંચકાય, એને સંભળાવી દેવાય કે - 'તારે મને કનડવો છે ? આમ આવ, લે, જો...' એમ કરી, એ પામરને દબાવવા જરાક બળ બતાવાય એ અહંત્વની આસકિત. પરંતુ પ્રભુમાં પગના અંગૂઠે મોટો મેરુ પર્વત ડોલાવવા જેવી શકિત છતાં એમણે એમાંનું કશું ન કર્યું, મૂંગે મોઢે પ્રસન્નતાથી બધું સહી લીધું ! એ પોતાના અહંત્વ-સ્વમાનની પણ આસકિત તોડવા માટે.

**આમ, અનશનાદિ બધા પ્રકારના બાહ્ય તપ ઘોરાતિઘોર ઊઠાવ્યા, એ કાયા-ઇન્દ્રિયો-અહંત્વની આસક્તિઓ તોડવા માટે ઊઠાવ્યા.**

તે પણ કેટલો કાળ ? સાડા બાર વરસ ! તો જ પ્રભુ અનાસકત બની શુકલધ્યાન પર ચઢી શકયા અને વીતરાગ સર્વજ્ઞ બન્યા. કહો -

**બાહ્ય તપ વીતરાગ બનવા જરૂરી આસક્તિ - નાશ માટે છે.**

વિચારજો, આપણે ખાલી એક ઉપવાસ કરવો હોય તો વિચાર થઇ પડે છે કે 'ભૂખ લાગી જાય તો ? અશકિત આવી જાય તો ? સોસાઇ જવાય તો ?' આ બધું શું છે ? કાયાની ભારોભાર આસક્તિ. ત્યાં પ્રભુના ૧૨ાા વરસમાં ૧૧ાા વરસ જેટલા ઉપવાસ નજર સામે નથી આવતા. એમ પ્રભુના બીજા પણ બાહ્ય તપ અને એમાંય ભયંકર કાય કષ્ટ આપણા ધ્યાન પર નથી આવતા. એટલે વાતવાતમાં સુંવાળાગીરી સેવાય છે. પ્રભુને તે ભવે મોક્ષ નિશ્ચિત છતાં આવા ઘોર તપ અને કષ્ટ સહવાની જરૂર લાગી. કેમ ? કવિ કહે છે ને, -

''તે ભવ મુગતિ જાણે જિનવર
ત્રણ-ચઉ જ્ઞાને નિયમા;
તો તપ - આચરણ નવિ મૂકે
અનંતગુણો તપ મહિમા.
હો પ્રાણી ! તપપદને પૂજીજે.''

અર્થાત્- પ્રભુ અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનથી તે ભવના અંતે પોતાની નિયમા (નિશ્ચિત) મુક્તિ જાણે છે, છતાં તપનું આચરણ છોડતા નથી આવા તીર્થંકર ભગવાન જેવા સતત તપ આચરે એ સૂચવે છે કે તપનો મહિમા અનંતગુણ છે.

અનાસકત યોગી જેવા પ્રભુને આવા ઘોર તપની જરૂર ખરી, અને આસક્તિઓથી ભરચક ભરેલા આપણે એ અનશન, એ વૃત્તિસંક્ષેપ, એ રસત્યાગ, એ કાયકષ્ટ, એ મન-વચન-કાયાની સંલીનતા-સંગોપન..વગેરે કશાની જરૂર નહિ ? તે મનમાન્યું ખાતાં પીતાં અને એશઆરામી ને સુખશીલતા તથા હરામ હાડકાં રાખતાં રાખતાં આસક્તિઓ છૂટી જશે ? 'ભગવાન ! ભગવાન !' કરો, એમ આસક્તિ ના છૂટે. અહીં આવા પ્રભુનું આપણને આલંબન મળ્યું છે એ આપણી જાતની અગાધ પુણ્યાઇ માની, એમના આલંબને છએ પ્રકારના બાહ્ય તપમાં સતત ધરખમ આત્મવીર્ય ફોરવી પુરુષાર્થ કરવાની જરૂર છે. પ્રભુ વીર હતા તે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### (૨) કર્મના વિદારણથી વીર :-

બીજી રીતે પ્રભુ 'વીર' કર્મોનું 'વિ+ઈર=વીર, કર્મોનું વિશેષ રૂપે ઈરણ કરવાથી, કર્મોને રવાના કરવાથી, કર્મોનું વિદારણ કરવાથી વીર હતા. એ કેવી રીતે ?

આ રીતે, - પ્રભુની સામે ભયંકર દુષ્ટો આવ્યા, એમણે પ્રભુ પર ભયંકર દુષ્ટતાઓ કરી જુલ્મ વરસાવ્યા ! છતાં પ્રભુએ પ્રસન્નતાથી સહી લીધું; કેમકે એમાં પ્રભુએ જોયું કે...

'આ ભયંકર દુઃખો સહન કરવામાં મારી કાયઆસકિત અને મારા જાલિમ કર્મોના વિધ્વંસ થઈ રહ્યો છે; ને એથી વીતરાગતા તથા સર્વકર્મક્ષયરૂપ મોક્ષ નિકટ થઈ રહ્યો છે. જો દુષ્ટોનું આ સહન ન કરતાં સામનો કરું તો આંતરશત્રુજય અને કર્મક્ષય સાધવાનો રહી જાય માટે જો ઘોર સહન કરવાનું મળે છે તો એમાં ઘોર કર્મક્ષય થઈ રહ્યાનો આનંદ માણવાનો.' એમ સમજી પ્રભુ અનહદ સહન કર્યે જ ગયા અને એમાં બાહ્ય દુશ્મનનું નિયંત્રણ નહિ, આંતરશત્રુઓ રાગ-આસકિત વગેરેના નિયંત્રણ સાથે કર્મોનું વિદારણ કરતા જ રહ્યા. માટે 'વીર' કહેવાયા.

ત્યારે આ નજર સામે રાખી જોઈએ તો દેખાય કે સંગમ દેવતાએ પ્રભુને ૬-૬ મહિના ઘોર રંજાડયા છતાં પણ પ્રભુએ તેના પર દયાની લાગણી થઈ આવી! એના પર ઈતરાજી કેમ ન થઈ? કહો, એમ પ્રભુએ આંતર શત્રુજય અને કર્મક્ષયનો મહાલાભ થયેલો જોયો. પછી શું કામ ઈતરાજી કરે ? રાજી જ થાય ને ?

### આપત્તિ સહવાના ૫ લાભ :-

ત્યારે આપણે આ કાંઈ ધ્યાન લેવા જેવું ખરું ? જરાક કષ્ટ-દુઃખ-આપત્તિ આવે ત્યાં 'શું કરું ? કેવો મારે અશુભ કર્મનો ઉદય !' એમ વિચારી દીન બનીએ છીએ, લાચારી અનુભવીએ છીએ. ખરું જોતા,

દુઃખમાં અશુભના ઉદયને જોવાને બદલે અશુભ કર્મોનો ક્ષય થતો ચાલ્યો એ જોઈએ, તો કશી દીનતા ન કરાય, કશી લાચારી ન દેખાડાય, પ્રસન્નતા રખાય. કહો, ડગલેને પગલે એક યા બીજા પ્રકારની આફત છે એ તક છે; શાની ? આવા પ્રભુનું આલંબન લઈ કર્મક્ષય થઈ રહ્યાની તક છે, એમાં પ્રસન્નતા અનુભવવાની સોનેરી તક છે. એમાં આપત્તિના કર્મોનું વિદારણ તો છે જ, પરંતુ કષ્ટોમાં પ્રસન્નતા રાખ્યાથી (૧) બીજા જ્ઞાનાવરણ આદિ અઢળક કર્મોનો ક્ષય છે ! તેમજ (૨) મનોરત્નનું વિશુદ્ધિકરણ છે, વળી (૩) અશુભ અનુબંધો (પાપબીજ-પાપસંસ્કારો)નો ક્ષય છે તથા (૪) અનંત કલ્યાણકર શ્રી જિનાજ્ઞાનું ભવ્ય પાલન છે, તથા (૫) ભાવી પાપિષ્ઠ જીવન મટી ધર્મિષ્ઠ જીવનનો આ પાયો છે.

આ મહાન લાભોને જોઈ કેમ આપણે અશુભોદય ભૂલી અશુભના ક્ષયો તરફ જ દૃષ્ટિ ન રાખીએ ? કેમ આપણે આપત્તિમાં કર્મક્ષયથી હરખી પ્રસન્નતા ન રાખીએ ? આમ પ્રભુ કર્મ-વિદારણ કરતા રહેવાથી વીર હતા. આ 'વીર' શબ્દનો બીજો અર્થ.

### (૩) આંતર શત્રુ 'કષાયો'ને જિતનારા માટે વીર :-

ગ્રન્થના મંગળ માટે પ્રારંભે વીર પ્રભુને નમસ્કાર કર્યો એમાં ટીકામાં પ્રભુ 'વીર' શાથી, એના ચાર હેતુ બતાવ્યા. એમાં ''તપો વીર્યથી વિરાજતા હોવાથી'' તથા ''કર્મોનું વિદારણ કરતા હોવાથી'' એમ બે હેતુની વિચારણા કરી. હવે 'કષાયરૂપી આંતર શત્રઓને જીતતા હોવાથી વીર' એ ત્રીજા હેતુનો વિચાર કરીએ. સંસારી જીવના ખરેખરા શત્રુ હોય તો તે રાગ-દ્વેષ, કામ-ક્રોધ-લોભ, મોહ-મત્સર,... વગેરે કષાય રૂપ આંતર શત્રુઓ છે. કેમકે જીવને નરકાદિ સુધીની અધમ દુર્ગતિઓ અને એના ભયંકર દુઃખો દેખાડનાર કોઈ બાહ્ય શત્રુ નથી, પરંતુ રાગદ્વેષાદિ કષાય રૂપી અભ્યંતર શત્રુઓ જ છે. માટે તો, ૯૮ પુત્રોને ઉપદેશ

ઋષભદેવ પ્રભુએ ૯૮ પુત્રોને આ જ સમજાવ્યું કે '' તમે ભરતને દુશ્મન શું દેખો ? એ કાંઈ તમને દુર્ગતિમાં જવાનો ફોર્સ ન કરી શકે, જો તમે કષાયોથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અલિપ્ત હો. પરંતુ જો તમે આ તૃષ્ણા-અભિમાન વગેરે આંતર કષાયોને તમારા પર વિજેતા બનાવો, મતલબ તમારા પર એ જીતે, અને તમે એ બધાથી હારી એની ગુલામી કરો તો તમારે નિશ્ચિત દુર્ગતિ છે.''

૯૮ પુત્રો સમજી ગયા, ભરત પર વિજય મેળવવાની બુદ્ધિ પડતી મૂકી, અને આંતરશત્રુ પર જ વિજય મેળવવા માટે એમણે ત્યાં ને ત્યાં જ સંસાર ત્યાગ કરી સાધુ દીક્ષા લઇ લીધી ! આ પ્રતાપ કોનો ? ઋષભદેવ પ્રભુએ પોતે પહેલા આંતર શત્રુ સામે વિક્રમી સંગ્રામ ખેડી એના પર સંપૂર્ણ વિજય મેળવ્યો છે એનો પ્રભાવ કે એમના ઉપદેશની ૯૮ પુત્રો પર અસર થઇ.

એમ મહાવીર પ્રભુએ પણ પોતાની ઉપર શૂલપાણી યક્ષ વગેરેના જુલમ વરસ્યા કે ઈંદ્રોએ વારાફરતી આવી શાતા પૂછી, સન્માન કર્યાં, છતાં ન દ્વેષ કર્યો કે ન રાગ. રાગદ્વેષાદિ આંતરશત્રુને મચક જ ન આપી.

આંતર શત્રુને જીતે તે વીર. આપણે આવા વીર પ્રભુનાં સંતાન ખરા ને? ક્ષત્રિયનાં સંતાન ક્ષત્રિય હોય કે ખત્રી ? ક્ષત્રિય જ હોય. તો વીરનાં સંતાન આપણે વીર કે કાયર ? અલબત્ પ્રભુની જેમ પૂરા વીર ન બન્યા હોઇએ, પરંતુ થોડા અંશે તો વીર ખરા ને ? રાગાદિ સામે લડવાની કોશીશમાં તો હોવા જોઇએ ને ?

બે મલ્લ લડતા હોય તો નીચે પટકાનારો મલ્લ ઝટ ઊભો થઇ એની છાતી પર ચડી બેઠેલા સામાને પછાડવાની કોશીશમાં હોય છે, તો જ એ મરદ-વીર-મલ્લ છે; નહિતર કાયર... એમ 'આપણે વીરના સંતાન છીએ,' એ યાદ રાખી જયાં રાગ-દ્વેષ-કામ-ક્રોધાદિ આંતર શત્રુથી પછડાતા હોઇએ ને એ આપણા હૃદય પર ચડી બેસતા હોય, ત્યાં આપણે તરત સજાગ સશકત બની એને પછાડવાનું-દબાવવાનું કાર્ય કર્યે જવાનું છે; ને તે વીર પ્રભુનું જીવન નજર સામે રાખવાથી અને એમની ટેકનીક-ધર્મકળા અજમાવવાથી બને, તો જ આપણે વીરના સાચા સંતાન છીએ; નહિતર કાયર કંગાલ અને નમાલા કપુત છીએ; પ્રભુનું નામ લજાવનારા છીએ.

## સંસાર એટલે સદા ૧૮ પાપસ્થાનકનું આક્રમણઃ માટે એની સામે જીવનસંગ્રામ :-

અહીં સમજી રાખવાનું કે આ આંતર શત્રુ સામે લડી એને દબાવતા રહેવાનો સંગ્રામ જીવનભર ખેલતા રહેવાનું છે, જીવનભર લડતા રહેવાનું છે. કેમકે સંસારમાં ૧૮ પાપસ્થાનકનાં નિત્ય આક્રમણ છે. ત્યાં સંસારની એકએક ચીજથી વિષયોના રાગદ્વેષ તથા હિંસા-પરિગ્રહાદિની વૃત્તિઓમાંથી ગમે તે વૃત્તિ ગમે તે એક યા બીજી રીતે નિરંતર આપણા હૃદય પર ચડી બેસતી હોય છે. એની સામે નિરંતર લડતા રહેવાનું છે, ને તે દેવ-ગુરુ -ધર્મના સહારે એ રાગદ્વેષની વૃત્તિને દબાવી શકાય છે.

## ઈષ્ટદેવ કેમ વીતરાગ જોઇએ ?

પરંતુ જોજો, દેવ વીતરાગ જોઇએ, જો સરાગી દેવને આપણી સામે આદર્શ તરીકે રાખ્યા તો આ લડાઇ થઇ રહી, એમ ગુરુ નિર્ગ્રન્થ મહાવૈરાગી અને નિસ્પૃહી તથા સજ્ઞાન જોઇએ; નહિતર જો સ્પૃહાવાળા રાગી મિથ્યાજ્ઞાની ગુરુ પકડાયા, તો એવો એ ઉપદેશ આપશે કે જેથી સામાની રાગ-દ્વેષની હોળીમાં ઘાસતેલ છંટાવાનું થશે, ત્યાં 'ઘરનો બળ્યો વનમાં ગયો વનમાં ઊઠી આગ' જેવું થશે, એમ ધર્મ પણ શુદ્ધ અર્થાત્ સર્વજ્ઞનો કહેલો દયા-વૈરાગ્ય- સમતા આદિમય ધર્મ જોઇએ; નહિતર અસર્વકથિત અશુદ્ધ ધર્મથી તો ૧૮ પાપસ્થાનકની વૃત્તિઓ હૃદય પર ઉભેલી રહેવાની.

## ક્ષમતા - સમતાદિની પ્રેરણા :

દા. ત. ભકત પોતાના શુદ્ધ ધર્મદાતા સુગુરુ પાસે ગયો અને એમની આગળ પોતાના ઘર-કલેશની માંડી, ત્યાં એ સુગુરુ કહેશે; ''ગાડા ! તું શું કામ ક્રોધે ભરાય છે ? જરાક તો જિન-શાસનની ક્ષમા-સમતાની રીતરસમ ધ્યાન પર રાખીએ ને ? 'કડવાં ફળ છે ક્રોધનાં, ફળ ક્ષમાના મીઠાં રે' જગતની તુચ્છ ચીજો તો પુણ્ય-પાપના આધારે રહેનારી-જનારી છે, તારાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કષાયના આધારે નહિ. તારા કષાય કાંઇ લીલું વાળે નહિ, પછી એ તુચ્છ ચીજ ખાતર તું એ ફોગટિયા કષાયો કરી તારા આત્માનું શા સારુ બગાડે ? એમાં તો પછી રાગ-દ્વેષાદિની વૃદ્ધિ અને નિંદા-આક્ષેપ-આરોપ વગેરે કેટલાય આંતરશત્રુ હૃદય પર ચડી બેસે છે, ત્યાં વીરના સાચા સંતાન શી રીતે બન્યા રહેવાશે ? આ તો મહાપુણ્યે પ્રાપ્ત થયેલા આ કિંમતી જૈન જીવનમાં ખાસ કમાઇ લેવાની ખામોશ ક્ષમા સમતા અને ઉમદા દિલ માટેની ખરી તક ગણાય.

**ક્ષમાના વેપાર ક્રોધ-પ્રસંગના બજારમાં થાય :**

ત્યાં ૨-૩ કે ૧૩ પ્રસંગમાં જ નહિ, પરંતુ દીર્ઘકાળ ક્ષમા-સમતાદિ રાખવાની ઉદારતા કરવી પડે, લોકોત્તર દ્રષ્ટિએ તો ગુસ્સો સારો નથી જ પરંતુ લૌકિક દ્રષ્ટિએ પણ ગુસ્સો સારો નહિ,''

આમ સુગુરુ વીરપ્રભુની ક્ષમા વગેરે તરફ ધ્યાન દોરી ભક્તની વીરપ્રભુના સાચા સંતાન બનવા માટે ક્ષમાદિની પ્રેરણા-પ્રોત્સાહન આપે.

વાત આ છે ગ્રંથકાર અહીં ગ્રંથ-પ્રારંભે વીરપ્રભુને નમસ્કાર કરતાં વીરપણું આંતરશત્રુઓને જીતવામાં બતાવે છે, એ પરથી સૂચિત થાય કે આપણે વીરના સાચા સંતાન તરીકે આંતરશત્રુને દબાવતા રહેવાની વીરતા કરવાનું જીવન જીવીએ,

## સુરસુંદરી પર કર્મના જુલ્મ :

જુઓ રૂપ-રૂપની અંબારસમી સતી સુર-સુંદરી કર્મવશ પતિથી પરદેશમાં ત્યજાયેલી, ને કેટલાય વિઘ્નો-ઉપદ્રવો પોતાનું શીલ સાચવીને પસાર કરતી એકવાર એને ઊભે બજારે વેચાવાનો પ્રસંગ આવ્યો ! અને એક વેશ્યા એને ખરીદી ઘરે લઇ જઇ પોત પ્રકાશ્યું,-'હું વેશ્યા છું. તું અહીં ઊંચા રૂપાળા ઘરાકોનાં વિષયસુખમાં આનંદમંગળ કર, અને ઢગલો ધન કમાતી રહે.' જુઓ જાત વેશ્યાની એટલે દ્રષ્ટિ ચામડાના સુખ અને માટીના ધન પર છે, આત્માના મહા કિંમતી શીલ આદિ સદ્‌ગુણ પર નહિ !

**આજના જમાના વાદમાં ફસેલી સ્ત્રીઓની દ્રષ્ટિ પણ પોતાના ચામડાનાં રૂપના પ્રદર્શન પર જ રહે છે, નહિ કે આત્માના શીલ-સદ્‌ગુણ પર !**

દ્રષ્ટિ શીલ-સદ્‌ગુણ પર ન હોય એ પોતાના રૂપને બજારુ બનાવે એમાં નવાઇ નથી. વેશ્યાને શીલની પડી નથી, એટલે પોતાની કાયાને બજારુ બનાવે છે, પણ તે તો ધન લઇને; ત્યારે આજની ઉદ્‌ભટ વેશવાળી તો મફતમાં પોતાના રૂપને બજારુ બનાવે છે ! વેશ્યા કરતા એ વધારે મુરખ નહિ ?

વેશ્યા ધનની ભૂખી જુએ છે કે 'આ સુરસુંદરીનાં અપ્સરા-શા રૂપમાં એક પંખેરું ફસાયું કે હજારો રૂપિયાનો વરસાદ !' એટલે સુરસુંદરીને લલચાવે છે-'જો અહીં જરિયાન સાડીઓ ને મોતીના દાગીના પહેર, ઘી કેળાંના ભોજન કર, અને લષ્ટપુષ્ટ ઘરાકો સાથે અમનચમન કર, તારી જીંદગી સફળ !' ભાન ભૂલી વેશ્યાને બિચારીને ખબર નથી કે આ તો પ્રાણના સાટે શીલને સાચવનારી મહાસતી છે.

## સુરસુદરીની શીલરક્ષણાર્થે વિચારણા :

ત્યાં સુરસંદરી પોતાની કર્મ-વિટંબણા વિચારે છે-

**"કર્મે વેચાણી ઇહાં રે,**<br>
**વેશ્યા દુરજન સંગ;**<br>
**ખલ પાસે રહેતા થકા રે,**<br>
**શિયળ તણો હોય ભંગ,**<br>
**રે ભવિયા ! કર્મ તણી ગતિ જોય,**<br>
**કર્મ સમો નહિ કોય રે ભવિયા...."**

''અરે ! વિશુદ્ધ શીલને ધરનારી અને રાતદિવસ જિન-ધર્મનું રટણ કરનારી મારે ય આમ વેશ્યામાં ફસાવું પડે ? આ સૂચવે છે કે કર્મ સમો સત્તાધીશ કોઇ નહિ. માટે મને વધુ સાવધાન થઇ જવા દે, આ બધા રૂપના ભૂતડા ! ચામડીના સગા ! ભોગના ભિખારી ! વિષયસુખના દલાલ ! આવા દુર્જન સંસર્ગમાં રહેવાય નહિ; કેમકે અહિ આવનારા કેવા ? ચામડીના ચળકાટના પતંગિયા, રૂપના ભમરા, અને દ્રષ્ટિના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોર ! એટલે પહેલું તો અહીંથી ન છૂટાય ત્યાં સુધી એકાંતવાસ જ રહેવા દે, જેથી પહેલું તો પર-પુરુષનાં દર્શનથી જ બચું,''

સુરસુંદરીમાં શીલની વીરતા હતી, એટલે એને જરાય કુશીલના રંગરાગમાં લલચાવું નથી; તેથી વેશ્યાને કહે,- 'જો હું આવા આવા ત્રાસ વેઠીને આવી છું, તેથી હમણાં મને થોડા દિવસ એકાંતમાં શાંતિથી રહેવા દે.' કેમ વારું ?

**પાપના કામ ખોરંબે નાખવાથી બચી જવાય. તેથી પાપમાં વિલંબ સારો; પણ ધર્મમાં ઉતાવળ સારી ;**

નહિતર ધર્મ-ભાવના ચંચળ તે ધર્મમાં વિલંબ કરવા જતા પડી જાય, તો ધર્મ કરવો રહી જાય, વેશ્યાનું પાપ વિલંબમાં નાખ્યાથી સુરસુંદરી એકાંતમાં લાગ મળતાં એક દિવસ ભાગી છૂટી, ને વેશ્યાના સકંજામાંથી બચી ગઇ! શીલની વિરતા સાચવવા સુરસુંદરી બધાં પ્રલોભન છોડવા તૈયાર છે, બધી આપદા સહવા તૈયાર છે.

વાત આ છે, આપણે વીરના સંતાન, આંતરશત્રુ સામે વીરતાનો અભ્યાસ કરનારા, આંતરશત્રુને દબાવતા ચાલવાનું છે, ત્યાં નાના નાના દુઃખમાં કે તુચ્છ અગવડમાં આપણે મગજની સ્વસ્થતા ગુમાવીએ છીએ, દ્વેષ-અરતિ-શોક-ઉદ્વેગ કરીએ છીએ, ને આ આંતરશત્રુથી હારી જઇએ છીએ. ત્યાં આ જોવા જેવું છે કે-

ભગવાન મહાવીર પરમાત્માએ કેવા કેવા સંયોગોમાં અતુલ બળ અતુલ ધૈર્ય વાપરીને આ આંતરશત્રુઓ પરનો વિજય મેળવ્યો છે ! સંગમદેવતા ૬-૬ મહિના જાલિમ ઉપદ્રવો કરતો પૂંઠે પડ્યો, પરંતુ પ્રભુએ ધર્ય રાખી લેશ માત્ર ખેદ ન કર્યો કે સંગમ પર દ્વેષ ન કર્યો ! એવું બીજે *કામ-ક્રોધ-રાગ-દ્વેષ-મોહ વગેરે લેશ માત્ર ન કર્યા!* એમ આંતરશત્રુ કષાયોને સંપૂર્ણ જીતી લીધાથી 'વીર' કહેવાયા. વીર પ્રભુના સાર્થક જીવનમાં એવા આંતરશત્રુ પર વિજયના અનેકાનેક પ્રસંગ છે જે આપણે અહીં વિચારતા વિસ્તાર થઇ જાય; પરંતુ એટલું ખરું કે આંતરશત્રુથી હારે તે કાયર અને આંતરશત્રુને જીતે તે 'વીર' હોવામાં આ ત્રીજો હેતુ બતાવ્યો, હવે ચોથા હેતુની વાત-

## (૪) કેવલશ્રી સ્વયં વર્યાથી 'વીર'

ભગવાન મહાવીર કહેવાયા એના ત્રણ હેતુ વિચાર્યા, ચોથો હેતુ ટીકાકાર મહર્ષિ આ બતાવે છે કે 'કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી પ્રભુને સ્વયં આવીને વરી, માટે પ્રભુ વીર કહેવાયા છે.' પૂર્વે અસાધારણ ગુણ-સંપન્ન ક્ષત્રિય કન્યાઓના સ્વયંવર થતાં; જેમ કે સીતાજી માટે સ્વયંવર થયેલ એમાં એ કન્યાઓ જેના ગળામાં સ્વયં વરમાળા પહેરાવતી, એ વીર હતા તેથી એમને વરમાળા પહેરાવતી. કેવળલક્ષ્મીને પ્રભુએ યાચના નથી કરી કે તું મને વર. કેમકે મહાવીર પ્રભુ તો વીરતાથી પોતાની સાધનામાં રકત હતા, એકાકાર હતા, અને એમા ઉચ્ચ કક્ષાએ પહોંચતા એવા અનાસકત યોગવાળા બનેલા, કે એમને હવે 'મને કેવળજ્ઞાન મળે, મારો મોક્ષ થાય,' એવીય કશી ઝંખના નહોતી છતાં કેવળજ્ઞાન પ્રગટ થયું! ત્યાં એમ કહેવાય કે કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી સ્વયં આવીને પ્રભુને વરી.

કેવળલક્ષ્મી માયકાંગલાને નથી વરતી, એ તો આત્મ-વીરને વરે છે. જગતના શત્રુઓને દબાવવામાં, કે મહાન રજપુતાણી કન્યા જેને સ્વયં વરે એમાં, યા રાજયપાટ આદિ મહાસમૃદ્ધિ મળવાના પરાક્રમ ખેડવામાં, જે પરાક્રમી છે તે વીર ખરા, પણ કહેવાના વીર છે.

**સાચા વીર તો તે છે કે જે જગતના સર્વ સુખને તુચ્છ નિસ્સાર નાશવંત અને મહા અનર્થકારી ગણી તેની પરવા છોડી દે છે, તેમજ સર્વ પાપોનો પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ કરી *સમભાવના માર્ગે ચાલી નીકળે છે.***

અને પછી સામે ગમે તેટલા ઉપદ્રવો આવો કે પ્રલોભનો આવો, પરંતુ પોતાના આદરેલા સમભાવના માર્ગમાં અડગ રહે છે; વળી એમ પોતાના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માર્ગની સાધનામાં આગળ વધતાં યોગમાર્ગમાં શત્રુભૂત રાગ-દ્વેષ-મોહનો સંપૂર્ણ નાશ કરે છે, એ જ સાચા વીર છે; પછી ભલે કાયાથી દુબળા હોય. એવા સાચા વીરને કેવળલક્ષ્મી સ્વયં વરે છે. બાકી તો જગતના સુખોના લંપટ છે, એમાં જ સાર દેખે છે, જેમને એના ત્યાગની ભાવના જ નથી, તેથી જ એને પોષનારા આરંભ-પરિગ્રહાદિના પાપોમાં જે કૂદે છે, એ માયકાંગલા છે. કેવળલક્ષ્મી આવા માયકાંગલાને વરતી નથી.

**'જિણાણં....તિણ્ણાણં....'નો ક્રમ અને ભાવ :**

અહીં શાસ્ત્રકારે કેવળલક્ષ્મી વરે તે કહીને એ સૂચવ્યું છે કે કેમ જાણે કેવળલક્ષ્મી વરમાળા લઇને જ ઊભી છે, માત્ર તમે વીતરાગના થાઓ, વીતરાગતાનો રાધાવેધ સાધો એટલી જ રાહ જુએ છે. એટલે તમે વીતરાગ થાઓ કે ઝટ કેવળલક્ષ્મી તમને વરી લે છે. આનો અર્થ એ, કે કેવળજ્ઞાન લાવવું છે એટલે અનંતુ અજ્ઞાન ટાળવું પડશે, તે વીતરાગ બન્યા પછી જ ટળે, એટલે પહેલા મોહને ટાળો, રાગ-દ્વેષાદિને ટાળો, પછી સહેજે અજ્ઞાન સર્વથા ટળી અનંતજ્ઞાન પ્રગટ થશે. એટલા જ માટે 'નમુત્થુણં' સ્તુતિમાં પ્રભુને સ્તવવા માટે પહેલાં જિણાણં કહ્યું, પછી 'તિણ્ણાણં,' ને પછી 'બુદ્ધાણં' 'મુત્તાણં' કહ્યું.

'જિણાણં' એટલે કે જિનને અર્થાત્ રાગ-દ્વેષ-મોહને જીતનારને, યાને મોહનીય કર્મનો સર્વથા નાશ કરનારને, એ ૧૦માં ગુણઠાણાના અંતે જિન બને. પછી,

'તિણ્ણાણં' એટલે અજ્ઞાનના સાગરને તરી જનારને, અર્થાત્ સંપૂર્ણ જ્ઞાનાવરણ-દર્શનાવરણ કર્મનો નાશ કરનારને. એ ૧૨મા ગુણઠાણાના અંતે બને. પછી,

'બુદ્ધાણં' અર્થાત્ સંપૂર્ણ જ્ઞાન કેવળજ્ઞાન પામેલાને. એ ૧૩મા ગુણઠાણાના પહેલા સમયે બને; અને તે પછી કહ્યું,

'મુત્તાણં' અર્થાત્ સર્વ કર્મ ક્ષય કરી સંસારથી મુક્ત થયેલાને. એ ૧૪મા ગુણઠાણાના અંતે બને.

આમ પહેલાં રાગાદિ મોહને જીતી લેવાનો ને વીતરાગ બનવાનું; પછી અજ્ઞાન સાગર તરાય. સમુદ્રમાં મગરમચ્છના મોંમાં કોઇ પકડાયો હોય, તો પહેલાં એણે મગરમચ્છના મોં પર મુક્કા-મુક્કી કરી એની પકડમાંથી છૂટવું પડે, પછી જ સમુદ્ર તરી જઇ શકાય. તરી ગયે એ કાંઠાનો પ્રકાશ પામે, અને પછી ઇષ્ટ સ્થાને પહોંચી શકે. એમ પહેલાં મોહરૂપી મગરની પકડમાંથી છૂટવું પડે, પછી અજ્ઞાન ટળે. આનો અર્થ એ, કે

**પરમાત્મપણાની આડે અજ્ઞાન કરતાં રાગદ્વેષ એ પ્રબળ વિઘ્ન છે.** માટે રાગદ્વેષ ટાળવા પહેલો અને પ્રબળ પ્રયત્ન કરો. અહીં પૂછો,

પ્ર૦- તો શું રાગદ્વેષ ન ટળે ત્યાં સુધી સમ્યગ્જ્ઞાન નહિ ભણવાનું ? ધર્મ-ક્રિયા નહિ કરવાની ?

ઉ૦- સમ્યગ્જ્ઞાન જરૂર ભણવાનું, અને ધર્મક્રિયા પણ જરૂર કરવાની, પરંતુ તે રાગદ્વેષ ટાળવાના ઉદ્દેશથી કરવાની. એટલે જ્ઞાનયોગ-ક્રિયાયોગ સાધતાં સાધતાં આ જોતાં જ રહેવું પડે કે 'હું દુન્યવી પદાર્થ અંગેના રાગદ્વેષ ઓછા કરતો ચાલું છું ને ?'

**જ્ઞાન અને ક્રિયા એ રાગદ્વેષ ઓછા કરવા માટે જ છે.**

અને એ ચારિત્ર-જીવનમાં જ સહેલાઇથી બને; કેમકે ચારિત્ર લીધું એટલે જ પહેલાં તો ઘણાં ઘણાં રાગદ્વેષ કાઢી મૂકયા. તે પછી રહ્યા-સહ્યા રાગદ્વેષ જ્ઞાન-ક્રિયાયોગ સાધતાં સાધતાં ટળી જાય. એટલે તો તીર્થંકર ભગવાન જનમથી અવધિજ્ઞાન જેવું મહાન જ્ઞાન ધરાવે છે, છતાં ચારિત્ર સ્વીકારે છે ! કેમકે ચારિત્ર લેવાય તો જ નિષ્પાપ જીવન બને. અર્થાત્ આરંભ-વિષય- પરિગ્રહ વગેરેનાં કોઇ પણ પાપ ઊભાં ન રહે, અને એ વિષય-પરિગ્રહાદિનાં પાપ ઊભાં ન હોય તો જ રાગદ્વેષને સાવ ઘસારે પાડી નાખવાનું સરળ બને. નહિતર તો એ પાપનાં નિમિત્તે રાગદ્વેષ કર્યે જ છૂટકો. પ્રભુ ચારિત્ર લઇને રાગદ્વેષના અનેક પ્રસંગોમાં રાગદ્વેષ ન કરવા તનતોડ મહેનત કરે છે, અને એ કરતાં સર્વથા રાગદ્વેષનો ક્ષય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી વીતરાગ બને છે. એ બનવાનું સપાપ ગૃહસ્થ-જીવનમાં નહિ, પણ નિષ્પાપ ચારિત્ર-જીવનમાં જ કરે છે. તેથી કહો.

**ચારિત્ર એટલે પંડિતાઈ નહિ, પણ નિષ્પાપ જીવન, પવિત્ર જ્ઞાનાચારાદિ પંચાચારનું જીવન.**

પછી ભલે ચારિત્ર જીવનમાં મોટું કામ જ્ઞાન ભણવાનું રહે છે, છતાં કહેવાય શું ? "ક્રોડ પૂર્વનું ચારિત્ર પાળ્યું." પણ "ક્રોડ પૂર્વ સુધી જ્ઞાન ભણ્યા" નથી કહેવાતું. એટલે આજે જે કહે છે કે 'અમે ચારિત્ર શું લઈએ ? અમે ભણ્યા નથી, ને હવે ઉંમર પાકી થઈ એટલે ભણી શકાય એમ નથી,' આ કહેનાર જાણે એમ જ સમજે છે કે 'ચારિત્ર એટલે પંડિતાઈ !' આ ભ્રમ છે, વાસ્તવમાં

**'ચારિત્ર એટલે નિષ્પાપ જીવન.'**

તો ચારિત્ર કેમ લેવાતું નથી ?

કહો, આરંભ-વિષય-પરિગ્રહાદિનાં પાપ હૈયાને ખૂંચતાં નથી. બાકી નહિ ભણ્યાનું તો બહાનું છે.

**જેને પાપ ખૂંચે એને જ ચારિત્રની ભૂખ હોય.**

**જેને પાપની પાછળના રાગદ્વેષ ખૂંચે એને જ ચારિત્ર ગમે.**

ચારિત્ર કેમ ગમે ? એટલા માટે કે એમાં સર્વપાપના ત્યાગપૂર્વક પંચાચારનું જીવન જીવવા મળે છે, ને તેથી રાગદ્વેષ મરવા પડે છે. આમાં કયાં પંડિતાઈની વાત આવી ? શાસ્ત્ર નથી કહેતું કે 'ચૌદ પૂર્વ ભણ્યા હોય એને જ કેવળજ્ઞાન મળે.' અરે ! ૧૧ અંગ પણ નહિ ભણેલા, છતાં જ્ઞાનીની પાછળ પાછળ પંચાચારના માર્ગે ચાલતાં ચાલતાં કેવળજ્ઞાન પામી ગયેલા અનંતા !

શું પુંડરીક ગણધરની જેમ એમની સાથે અનશન કરનારા પાંચ ક્રોડ મુનિ બધાય પંડિત બનેલા હતા ? ના, છતાં ગણધર ભગવાનની પાછળ પાછળ સંયમનું નિષ્પાપ જીવન અને પંચાચાર પાળવાના પ્રભાવે રાગદ્વેષ ઘસારે પાડતા આવ્યા, તો સિદ્ધગિરિ પર અનશન કરીને સર્વથા રાગાદિનો ક્ષય કરી વીતરાગ બની ગયા ! પછી તો કેવળ-શ્રી અને મોક્ષશ્રી એમને સ્વયં વરી. રાગદ્વેષ અંતર શત્રુઓનો જોરદાર વિધ્વંસ કરવા બેઠા ત્યારે એમણે 'મારે કેવળજ્ઞાન મેળવવું છે, મોક્ષ મેળવવો છે,' એવી કોઈ ઝંખના રાખી નહિ. એના પર કશી દૃષ્ટિ જ ફેરવી નહિ. એમણે તો દૃષ્ટિમાત્ર રાગદ્વેષાદિના સંપૂર્ણ નિગ્રહ પર, એ અંતર ખરાબીઓના સંપૂર્ણ વિધ્વંસ પર રાખી; તે એવી જોરદાર કે સંપૂર્ણ વીતરાગ બન્યા ત્યારે જંપ્યા, સાધકદશા પૂર્ણ કરી. મહાવીર પ્રભુએ ન તો આ વીતરાગ બનવામાં કે ન વીતરાગ બન્યા પછી કેવળ જ્ઞાનની ઝંખના કરી, છતાં વીતરાગ બનતાં જ અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામ્યા ! એ સૂચવે છે કે સ્વયંવરની જેમ કેવળશ્રીએ સ્વયં એમને વરમાળા આરોપી. કેવળશ્રી એમને સ્વયં વરી.

'વીર' શબ્દની પાછળ કામ કરતા આ ચાર હેતુની વિચારણા અહીં વિસ્તારથી કરી, એમાં એ દેખાશે કે મોક્ષાર્થી કોઈ પણ જીવને 'શી શી સાધના કરવી ? સાધના કેવી રીતે કરવી ?' એ વિચારવા માટે જીવનને ઉચ્ચ સાધનામય બનાવવા માટે આ વીરપણાના ચાર હેતુ અથવા 'વીર' શબ્દના ચાર અર્થ ખૂબ જ પ્રેરક છે, તેથી

**આપણા જેવા અલ્પ સત્ત્વવાળા જીવોએ એને વારંવાર વિચારવા જેવા છે.**

એટલા માટે પુનરુક્તિનો દોષ વહોરીને પણ અહીં ફરીથી સંક્ષેપમાં 'વીર' શબ્દના ચાર અર્થ જોઈ લઈએ. અહીં પહેલા હેતુમાં તપોવીર્યથી વિરાજતા તરીકે વિચાર્યું એના બદલે હવે 'મહાવીર્યથી વિરાજમાન' અર્થ લઈ વિચારશું.

### 'વીર' શબ્દના ૪ અર્થ :

(૧) 'વીર' એટલે જ મહાવીર્યથી વિરાજે છે, શોભે છે;

(૨) 'વીર' એટલે જે ૧૨ પ્રકારના તપથી કર્મોને વિદારે છે;

(૩) 'વીર' એટલે જે કષાયાદિ આંતરશત્રુ-ભાવશત્રુઓને જીતે છે; અને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૪) 'વીર' એટલે જે, કેવળજ્ઞાનરૂપ લક્ષ્મીએ જેમને સ્વયં વરવાથી, વિક્રાન્ત છે, વિક્રમવાળા પરાક્રમવાળા છે, પ્રસિદ્ધ છે.

ત્રિલોકનાથ ભગવાન મહાવીર પરમાત્માને નમસ્કાર કરતાં ઓળખી લેવા જોઇએ. શાસ્ત્રકાર અહીં ઓળખ આપે છે.

## મહાવીર્ય શેમાં ? પાપવિકલ્પ રોકવામાં :

(૧) ભગવાન વીર છે અર્થાત્ મહાવીર્યથી વિરાજતા છે. આ 'મહાવીર્ય' જગતમાં મોટા સમ્રાટ રાજાને કોઇ જીત મેળવવા માટે કરવા પડતા મોટા સંગ્રામનું વીર્ય નથી લેવાનું, કિન્તુ સંયમના મહાકષ્ટ તથા મોટા મોટા પરીસહો, ઉપસર્ગોની ભયંકર વેદના વખતે સામા પર દ્વેષ, અભાવ કે હાયવોય યા અસમાધિ ન થવા દેવાનું મહાવીર્ય લેવાનું છે, અને વિશેષમાં એ વખતે તત્ત્વ-ચિંતન સિવાય, બીજો કોઇ વિકલ્પ પણ મનમાં ન આવવા દેવો એટલું જબરદસ્ત વીર્ય લેવાનું છે.

આ વીર્ય નાનુંસૂનું નથી. માણસ બહારમાં બધે તાકાત બતાવી શકે છે, પરંતુ પોતાના અંતરમાં પાપ વિકલ્પો અને મહાદુ:ખ-દીનતાના વિકલ્પો રોકવાની તાકાત નથી બતાવી શકતો. અરે ! 'આ દુ:ખ ભારે' એટલો પણ વિચાર રોકવાની તાકાત નથી બતાવી શકતો ! તેથી દુન્યવી દુશ્મનના વિજેતાના મગજ પર આવા રાગભર્યા વિચાર ચડી બેસે છે.

## મહાવીર પ્રભુનું મહાવીર્ય કેવું કે

''આર્ય દેશમાં કષ્ટ ઓછા આવે છે, બહુ નહિ; અને હલકા અલ્પ પીડાના આવે છે, ભારે નહિ; ને ભારે કષ્ટ વિના ભારે કર્મ ખપે નહિ, અને મારે ભારે કર્મનો નીકાલ કરવાનો છે, તો લાવ, જાઉં અનાર્ય દેશમાં, જેથી ત્યાં ભારે અને ઘણાં કષ્ટ આવે તેથી મારાં ભારે કર્મ ખપી જાય.'' આટલું વિચારી અનાર્યદેશમાં વિચર્યા ! આટલો વિચાર માત્ર કરવાનું વીર્ય પણ ફોરવવું કેટલું કઠિન છે ? કેમકે અનાર્યદેશમાં અનાડી લોકો તરફના ત્રાસની કલ્પનામાત્રથી દિલ ભડકે એવું છે ! ત્યાં 'એ હું સહન કરું' એ વિચારવાની તાકાત લાવે કયાંથી ? ત્યારે પ્રભુએ તો એવું વિચાર્યું ! તો કેવુંક વીર્ય એમનું ! વળી પ્રભુ તો માત્ર એટલો વિચાર કરીને બેસી ન રહ્યા, પણ ગયા અનાર્ય દેશમાં ! અને એમણે ૬-૬ મહિના સુધી અનાર્યો તરફથી ગડદા-પાટુ-સોટીઓના માર, અપમાન,તિરસ્કાર, શિકારી કૂતરાના બચકા.... વગેરે રોજિંદા ભયંકર ત્રાસ સમતાભાવે ખુશમિશાલ સહન કરવાનું મહાવીર્ય દાખવ્યું !

એકી કલમે કોઇ મોટો ઉપદ્રવ સહી લેવો હજી સહેલો, પરંતુ આ રોજિંદા ભારે ત્રાસ ૬-૬ મહિના સુધી લગાતાર સહવા કઠણ ! આવું ૬ મહિના નહિ, ૬ અઠવાડિયા નહિ, ૬ દિવસ પણ સહવાની તાકાત કોની ? દુ:ખ આવી પડે ને સહી લેવું એ જુદું; પણ પ્રભુએ એ સહર્ષ સહવાનું દુ:ખ જાતે ઊભું કરીને સહ્યું ! ત્યારે ત્યાં એ સહવા કેટલું બધું વીર્ય દાખવ્યું ! માટે વીર પ્રભુ મહાવીર્યથી શોભતા કહેવાય.

## શત્રુ પર પ્રભુને કરૂણાના આંસુ :-

ત્યારે જે સંગમ દેવતાએ પ્રભુની ઉપર એક રાતમાં મોટા ભયંકર ૨૦ ઉપસર્ગો વરસાવ્યા ત્યાં પણ 'આ દુ:ખ દેનાર ખરાબ' યા 'આ દુ:ખ ખરાબ' એટલો વિકલ્પ પણ મનમાં ન ઊઠવા દેવાનું વીર્ય ! અને પછી પણ ૬-૬ મહિના સુધી એણે પ્રભુને ભારે રંજાડયા, યાવત્ ગોચરીય લેવા દીધી નહિ, ને પ્રભુને ૬ માસના સળંગ ચોવિહારા ઉપવાસ થયા ત્યાં પણ 'કયાં સુધી આ દુ:ખ ?' એટલું ય ન વિચારવાનું વીર્ય વિકસાવ્યું ! ને લેશ પણ ખેદ ન કરવાનું વીર્ય દાખવ્યું ! એવા એ સંગમના હારીને હવે જવા વખતે પ્રભુએ પોતાના દિલમાં એના પર એટલી કરુણા ઉભરાવી કે એમાં પ્રભુની આંખમાં આંસુ આવ્યા ! સંગમદેવના ભાવી દુ:ખ વિચારી આ બિચારાને કેટલાં બધાં નરકાદિનાં દુ:ખ સહન કરવાના આવશે ! અરે ! એમાં હું નિમિત્ત પામી આ બિચારાએ એવાં પાપ કર્યાં ?' આ ભયંકર જુલ્મગાર ઉપર પણ આંખમાં આંસુ આવવા સુધીની આ કરુણાનું વીર્ય ફોરવ્યું !

આવા જીવલેણ દુશ્મન પર પણ મનમાં દ્વેષ ન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાવતાં આંખમાં આંસુ આવી જવા સુધીની કરુણા ચિંતવવી સહેલી છે ? ના, પણ વીર પ્રભુજીએ એ કરુણાનું વીર્ય પ્રગટ કર્યું ! તો એ કરુણા કરવાનું વીર્ય-તાકાત કેટલી બધી જબરદસ્ત ! !

## પોતાને ખીલા ઠોકાવામાં સહાય કરવાનું અનેરું વીર્ય :

વળી મહવીર પ્રભુએ આ અનેરું વીર્ય દાખવ્યું,- ગોવાળિયાને પ્રભુનાં બે કાનમાં ખીલા ઠોકવા હતાં, પણ પ્રભુ કાંઇ ભીંતને અઢેલીને ધ્યાનમાં ઊભા નહોતાં કે જેથી માથું એકબાજું ટેકાયેલું રહે તો બીજી બાજુ કાનમાં ખીલા ઠોકતાં એ અંદર કાન ફાડીને ઘૂસી શકે, ત્યારે ત્યાં બીજો કોઇ ગોવાળિયો કે માણસ પણ હતો નહિ કે જે જો બીજી બાજું માથું સજ્જડ પકડી રાખે તો, આ બાજુ કાનમાં ખીલો ઠોકીને અંદર ઘુસાડી શકાય. આ સ્થિતિમાં ગોવાળિયો એકલે હાથે વાંસના ખીલા પર ઘા ઠોકી ઠોકી એને શી રીતે પ્રભુનાં કાનની ઠેઠ અંદર ઘૂસાડી શકયો ? કેમકે ખીલા પર ઘા ઠોકતાં જ માથું બીજી બાજું હલી જાય, પછી ખીલો અંદર જાય શી રીતે ?

કહો, પ્રભુએ એને એનું ઇચ્છિત સાધવામાં સહાય કરી ! પ્રભુનું દીલ આવા ગોવાળિયા પર પણ વાત્સલ્યભરેલું હતું, એટલે "આવ, મારાં ભઇલા ! તારે ખીલો ઠોકવો છે ને ? લે, હું મારું માથું સજ્જડ બનાવી રાખું છું, ઠોક ખીલો" એમ એનાં પર ઉભરાતા પ્રેમથી એને એનાં ઇષ્ટની સિદ્ધિ માટે પ્રભુએ પોતાનું માથું થાંભલાની જેમ સજ્જડ સ્થિર રાખ્યું, અને પેલાએ આસાનીથી બે કાનમાં ખીલા ઠોકી ઠોકી કાન ફાડીને અંદર ઘુસાડી દીધા !

પ્રભુએ આ આપણી કલ્પના-બહારના સક્રિય વાત્સલ્યનું અને ભયંકર દુઃખ સહવાનું મહાવીર્ય દાખવ્યું ! આ જેવું તેવું વીર્ય છે ? પોતાનાં ઉપર દુશ્મનને એનો ભયંકર જુલ્મ વરસાવવામાં સહાયતા કરવાનું વીર્ય બીજા કોની મજાલ હતી કે દાખવી શકે ? અસ્તુ..... માટે મહાવીર્યથી વિરાજતા પ્રભુ આ એક રીતે વીર હતા.

(૨) બીજી રીતે 'વીર' તે કર્મોનું વિદારણ કરવાથી 'વીર' હતાં.

## પ્રભુએ ચારિત્ર લઇને કર્મોનાં ભુક્કા બોલાવવાનો ભેખ લીધો.

બાર પ્રકારના તપથી કર્મોના ભુક્કા બોલાવ્યા ! તો પ્રભુએ અનશન, ઊનોદરી, વૃત્તિસંક્ષેપ, રસ-ત્યાગ, ભયંકર પરીસહ-ઉપસન સહવા સુધીના કાયકષ્ટ સહ્યા ! તેમજ ૧૨ા વર્ષ સુધી સળંગ મૌન, ને લગભગ કાયોત્સર્ગ તથા તત્ત્વમાં માનસિક એકાગ્રતા;- આ વાણી કાયા અને મનની સંલીનતા રાખી ! સ્વાધ્યાય અને ધર્મ-ધ્યાનથી સાધનાઓ એવી ખેડી કે ભયંકર કર્મો પણ માત્ર ૧૨ા વર્ષમાં નષ્ટ થઇ ગયા ! કર્મોની વિશેષરૂપે ઇરણ કરી માટે પ્રભુ વિ+ઇર = વીર હતા. 'ઇરણ' એટલે પ્રેરણા, જવાનો બળાત્કાર કર્મો પર કર્યો. કર્મોને કાયમ માટે ધકેલી દીધા. આ કરવામાં પ્રભુનો એક એક પ્રકારનો તપ અદ્ભુત અને વિશિષ્ટ કોટિનો હતો. અનશન તપમાં પ્રભુએ ૧૨ા વર્ષમાં ૧૧ા વર્ષ જેટલા તો ઉપવાસ કર્યા !

## વીર પ્રભુનો સંલીનતા તપ :

'સંલીનતા' એટલે મન-વચન કાયાને ગોપવી રાખવા. એમાં (૧) વાક્સંલીનતા એવી કે કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી સજ્જડ વાક્સંલીનતા રાખી. એટલે કે મૌન; પછી ભલેને હજાર વર્ષ મૌન રાખવું પડે ! (૨) કાંઇ સંલીનતામાં પણ કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી લગભગ કાયોત્સર્ગ-ધ્યાનમાં ખડા ખડા રહેવાનું !

## પ્રભુએ ગુફામાં બેઠા ધ્યાન કેમ ન ધયુ ?

ખૂબી કેવી કે પ્રભુએ ગુફામાં રહી પદ્માસને બેઠા બેઠા ધ્યાન ન ધર્યું ! કેમકે એમાં એકલો કાયાનો રાગ ને કાયાની સુખશીલતાના રાગદ્વેષ-મમતા-આસક્તિ પોષાય. પ્રભુને તો વીતરાગ થવું છે, એટલે આટલો પણ દેહાભ્યાસ-દેહ મમતા શા માટે પોષે ? તેથી ખડા ખડા કાયોત્સર્ગમાં રહી કાયાની સંલીનતા કરી ધ્યાન કર્યું ! આમાં (૩) મનની સંલીનતા પણ ઉચ્ચ કોટિની કરી ! મનને બીજા ત્રીજા કોઇ વિકલ્પમાં ન જવા દેતા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિશ્ચિત ચોક્કસ પ્રકારના એક વિષયના ધ્યાનમાં જ ગોપવી રાખ્યું ! આમ આપણી કલ્પનામાં ન આવે એવા વિવિધ બાહ્ય અભ્યન્તર તપથી પ્રભુએ કર્મોનું વિદારણ કર્યું ! વિધ્વંસ કર્યો ! માટે એ પ્રભુ વીર મહાવીર બન્યા. વળી,

(૩) 'વીર' એટલે વિજેતા યોદ્ધા, પ્રભુ એવા બન્યા કે પ્રભુએ આત્માના જે સર્વોત્કૃષ્ટ શત્રુ કષાયો, એના પર વિજય મેળવ્યો ! આ જગતમાં જીવને પોતાના આંતર કષાયો કામ-ક્રોધ-લોભ-માન-મદ-હર્ષ... વગેરે જેવા કોઇ શત્રુ નથી. નરકમાં એ લઇ જાય છે, બહારના શત્રુ નહિ, ત્યારે એને જીતવા પણ ભારે કઠણ છે.

## નમિ રાજર્ષિની વીરતા :

નમિ રાજર્ષિના ત્યાગ-વૈરાગ્યની પરીક્ષા કરવા આવેલા ઇન્દ્રને એમણે આ જ કહ્યું કે ''સંગ્રામમાં જે હજારો-લાખો સુભટોને જીતે એના કરતાં પોતાના કષાય ભરેલા આત્માને જીતે, કાબૂમાં લે, અર્થાત્ કષાયોનો સર્વથા નિગ્રહ કરે, એ મારે મન સાચો શ્રેષ્ઠ વીર છે ! શ્રેષ્ઠ વિજેતા છે.''

## ૯૮ પુત્રોની વીરતા :

ઋષભદેવ ભગવાન પાસે ૯૮ પુત્રો ધા લઇને આવ્યા કે 'મોટો ભાઇ ભરત અન્યાયી રીતે અમારા પર વર્ચસ્વ સ્થાપવા માટે લડવા ઇચ્છે છે. અમારે એનું નથી જોઇતું, પરંતુ જો એને અમારું લૂંટવું છે, ને લડાઇ કરવી છે, તો અમે એને બતાવી દઇશું.' પરંતુ પ્રભુએ એ અઠ્ઠાણું પુત્રોને આત્માના ખરા શત્રુ જે આંતર શત્રુ કષાયો, એની ઓળખ કરાવી. ખાસ કરીને '(૧) અહંત્વ, અને (૨) જડ-ચેતન પદાર્થોની તૃષ્ણા-મમતા. 'એ આંતર શત્રુ આત્માની અનંત અનંત કાળથી કેટકેટલી ખરાબી કરતા આવ્યા છે, અને નરક-નિગોદ સુધીનાં કેવાં દુઃખો દેતા આવ્યા છે!' એ સમજાવ્યું. ત્યાં અઠ્ઠાણું પુત્રોને લાગી ગયું કે, 'અરે ! તો પછી આપણે ભરતને શો દુશ્મન દેખીએ ? અને રાજયપાટ, મોહમાયા પર શી મમતા રાખીએ ? તેમ વિષયોની શી તૃષ્ણા ઊભી રાખીએ ?....' એમ વિચારતાં એમને મહાવૈરાગ્ય જળહળી ઊઠયો ! અને ત્યાં જ સંસાર ત્યાગ કરી પ્રભુ પાસે સાધુ દીક્ષા લઇ લીધી ! શત્રુ બનેલા ભરત પર વિજય મેળવવાને બદલે આંતર શત્રુ કષાયો પર વિજય મેળવ્યો !

આમ મહાવીર પ્રભુ પણ કષાયો પર પરમ વિજય મેળવવાથી 'વીર' કહેવાયા. કષાયો પર પરમ વિજય કેવો ! કે, સંગમ દેવતાએ પ્રભુના માથા ઉપર હજારો મણ વજનનું કાળચક્ર પછાડવા સુધીના ઉપસર્ગ કર્યા; ઉપસર્ગ કેવા જાલિમ કે ધરણી ધ્રૂજતી હતી પરંતુ પ્રભુ અડોલ હતા ! અંતરની ક્ષમા સમતા અને ધૈર્યથી અડોલ હતા ! લેશ માત્ર પણ ગુસ્સો કે અકળામણ નહિ !

'હવે આ ત્રાસ કયાં સુધી ?' એવો ય લેશમાત્ર ખેદ નહિ ! અરતિ નહિ !

સંગમે જાલિમ ઉપસર્ગ કરતાં કરતાં છ-છ મહિના થવા આવ્યા છતાં 'આ ત્રાસ બહુ ખરાબ ! હવે આ કયાં સુધી ?' એનો ખેદ કર્યો નહિ ! એવો કષાય પર નિગ્રહ કરેલો.

ગોવાળિયો, 'તેં મારું સાંભળ્યું નહિ ? લાવ, તારા કાનમાં ખીલા ઠોકું છું' એમ બોલી કાનમાં ખીલા ઠોકવા આવે છે, પણ એની સામે પ્રભુએ 'હું જન્મીને તરતમાં લાખ જોજનનો મેરુ પર્વત ડોલાવનાર, હેં ? તારે મારા કાનમાં ખીલા ઠોકવા છે ? આમ આવ'- એવો લેશ માત્ર ગુસ્સો કે અભિમાન ન કર્યું ! તેમ આ ઉપસર્ગથી પોતાની કાયાને બચાવી લેવાનો લેશ માત્ર લોભ ન કર્યો ! તેમજ સાધનામાં લેશ માત્ર પોતાની શક્તિ છુપાવવાની માયા ન કરી ! એવો હતો વીર પ્રભુનો કષાયો પર વિજય ! તેથી વીર ગણાયા.

(૪) પ્રભુનું 'વીર' નામ એટલા માટે પણ સાર્થક હતું કે કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી પ્રભુને સ્વયં સામે આવીને વરી ! 'સામે આવીને' એટલા માટે કે પ્રભુને કેવળજ્ઞાનની ઝંખના ન કરવી પડી, કે 'મને કેવળ જ્ઞાન મળે, મને કેવળજ્ઞાન મળે !' એવી ઝંખના વિના પ્રભુનું મન તો માત્ર સાધનામાં હતું, અને કેવલ્યલક્ષ્મી સામે આવી વરી ! વીર પુરુષને કન્યા સામી આવીને વરે, એ તો જેમ કોઇ રાજકન્યાના સ્વયંવરમાં વિક્રમી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજકુમાર માત્ર રાધાવેધ સાધવામાં દત્ત-ચિત્ત બને, અને એ સધાતાં કન્યા સ્વયં સામે આવીને એના ગળામાં વરમાળા નાખી એને વરે, એના જેવું થયું. અહીં પ્રભુએ પોતાની કઠોર અને ઉગ્ર કષ્ટમય સાધનામાં દત્ત-ચિત્ત બની વીતરાગતારૂપ રાધાવેધ સાધ્યો ! એટલે કેવલ્ય લક્ષ્મી સામે આવીને પ્રભુને વરી ! આવા વિક્રમી પ્રભુ હતા એટલે વીર કહેવાયા.

## ભાવસ્તવ : સદ્‌ભૂત સ્તવ :

ગ્રંથકારે મંગળ શ્લોકમાં આ રીતે ઇષ્ટ દેવતા 'વીર ભગવાન'ની સ્તુતિ કરી, એ ઉપરાંત પ્રભુની 'અયોગ'- 'યોગિગમ્ય' ને 'જિનોત્તમ' પદોથી સ્તવના કરી એ 'ભાવ સ્તવ' છે. એ એટલા માટે કે પ્રભુના 'યથાભૂત' યાને સદ્‌ભૂત અર્થાત્ પ્રભુમાં ખરેખર હયાત છે તેવા ગુણોથી સ્તુતિ કરી, પણ નહિ કે ઔપચારિક ગુણોથી, યા અતિશયોક્તિ કરીને. લોકો અન્ય દેવોની સ્તુતિ કરે છે એ ઔપચારિક ગુણોથી કરે છે; પણ વાસ્તવમાં એ ગુણો એમનામાં હોતા નથી; તેમજ કોઇ નાનો ગુણ હોય તો એની અતિશયોક્તિ કરીને મહાન ગુણ તરીકે સ્તુતિ કરે છે. ત્યારે વીર પ્રભુમાં તો વાસ્તવમાં એ સ્તવના કરાતા ગુણો છે જ.

વળી વીર પ્રભુના એ વર્ણિત ગુણો 'અન્યાસાધારણ' છે. બીજા કયા દેવ અયોગ-અવસ્થાવાળા છે ? કે માત્ર યોગિગમ્ય છે ? યા જિનોત્તમ હોય છે ? કોઇ નહિ. બીજા દેવો સરાગ હોય છે, સયોગ હોય છે, અયોગની એમને ગંધ સરખી નથી હોતી. આવા અદ્‌ભૂત અને અસાધારણ ગુણોથી સ્તુતિ એ પરમાત્માપણાના ભાવની સ્તુતિ છે. માટે એ ભાવસ્તવ કહેવાય.

## જગતનાં સર્જન-સંહાર એ પરમાત્માપણાના ભાવ નહિ :

## ઈશ્વર જગત્કર્તા કેમ નહિ ? :

'પ્રભુ જગતના સર્જક છે, જગતના પાલક છે, અને સંહારક છે....' વગેરે વગેરે ગુણોથી સ્તુતિ કરાય, એ ગુણો કાંઇ પરમાત્માપણાનો ભાવ નથી; કેમકે 'પરમાત્મા' એટલે શુદ્ધ આત્મા, ઘાતી કર્મોથી સર્વથા રહિત વીતરાગ સર્વજ્ઞ આત્મા. એમને હવે રાગ-દ્વેષ-અજ્ઞાન ન હોવાથી સર્જન-પાલન-સંહાર કરવાનો હોય નહિ, રાગ નથી માટે દેવોને સ્વર્ગમાં લહેર કરાવવા સ્વર્ગનાં સર્જન કરવાનાં હોય નહિ; તથા નરકના જીવોને પીડવાનો દ્વેષ હોય નહિ; તેમજ જીવો પાપો કરશે તો એમને કેવા ભાવિમાં દુઃખ અનુભવવા પડશે. એનું અજ્ઞાન હોય નહિ; ને તેથી આરંભ-સમારંભ-પરિગ્રહ વગેરેના ઉપદેશ આપે નહિ, યા એમાં પ્રેરક બને નહિ; યા 'ભગવાનને એક બાજુ સર્વ શક્તિમાન માની બીજી બાજુ અજ્ઞાન-અબુઝ જીવોને પાપ કરતાં અટકાવવાની શક્તિ વિનાના માનવા પડે !' એવું બને નહિ. તાત્પર્ય, બીજાઓ અ-પરમાત્માની પરમાત્મા તરીકે સ્તુતિ કરે છે એ સદ્‌ભૂત સ્તવ નથી, ભાવસ્તવ નથી.

## દ્રવ્ય સ્તવ-ભાવસ્તવનો બીજો અર્થ :

અથવા સ્તવ-સ્તવન બે પ્રકારે- (૧) દ્રવ્ય-સ્તવ, અને (૨) ભાવસ્તવ. એમાં 'દ્રવ્યસ્તવ' એટલે ભગવાનની ઉત્તમ દ્રવ્યોથી પૂજા કરવી તે; અને 'ભાવસ્તવ' એટલે પ્રભુના ગુણગાન દ્વારા કે પ્રભુની આજ્ઞાના સ્વીકાર અને પાલન દ્વારા આપણા ચિત્તમાં શુભ અધ્યવસાય ઉત્પન્ન કરવા તે. અહીં વીર પ્રભુના 'અયોગ' વગેરે ગુણોનું ઉત્કીર્તન કરીને એ કર્યું, માટે એ ઇષ્ટ દેવતાનો ભાવસ્તવ થયો. ઇષ્ટ દેવતાની સ્તુતિ એ મંગળ છે. ગ્રંથારંભે વિઘ્ન-નાશ માટે મંગળ કરવું જોઇએ, અને ઇષ્ટ દેવતાની સ્તુતિ એ વિઘ્નનાશક હોઇ મંગળ છે. સવાલ થાય-

પ્ર૦- વીર પ્રભુ ઇષ્ટ દેવતા શી રીતે ?

ઉ૦- ગ્રંથકારને ભગવાન ગુણથી ઇષ્ટ છે; અને ભગવાન ગુણપ્રકર્ષ રૂપ છે, ઉત્કૃષ્ટ ગુણમય છે, તેથી સહેજે પરમ ઇષ્ટ હોય. ગુણથી ઇષ્ટ એટલા માટે કે ગ્રંથકાર આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે મહાવીર ભગવાનને પોતાના ઇષ્ટ દેવ તરીકે પકડયા છે, તે પોતાના કાકા-મામાના થાય છે માટે નહિ; યા વીર પ્રભુ પોતાને દુન્યવી સુખ આપે છે માટે નહિ; કિન્તુ પોતાને ગુણો જોઇએ છે, ને એ માટે સામે ગુણોનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદર્શ જોઇએ. વીર પ્રભુ એવા છે, તેથી પ્રભુને ઇષ્ટ દેવ તરીકે પકડયા છે. એમણે અન્યત્ર કહ્યું છે-

**पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।**

**युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥**

અર્થાત્ મને વીર ભગવાન પર પક્ષપાત નથી કે કપિલ વગેરે ઇતર દર્શન-પ્રણેતા પર દ્વેષ નથી; છતાંય વીર પ્રભુને એટલા માટે પકડયા છે કે જેનું વચન યુકિત-યુકત હોય એને ઇષ્ટ આપ્તજન તરીકે પકડવા જોઇએ, એવો શિષ્ટોનો નિયમ છે. આમ આમાં એમણે વીર ભગવાનનો 'યથાર્થ વકતૃત્વ' ગુણ લઇને એમને પોતાના ઇષ્ટ દેવતા તરીકે માથે ધર્યા. એમ ધૈર્ય-ગાંભીર્ય-ઔદાર્ય-સહિષ્ણુતા-ક્ષમા-સમતા-અહિંસા-સંયમ-તપ વગેરે પોતાને જોઇએ છે માટે એના આદર્શભૂત વીર પ્રભુને પકડયા છે. ઇષ્ટ દેવ તરીકે વીર પ્રભુને 'દેવતા' એટલા માટે કહ્યા કે એમણે પરમગતિ-મોક્ષગતિ પ્રાપ્ત કરી છે. જગતમાં ઊંચી ગતિ દેવગતિ, એને પ્રાપ્ત કરનારા તે સામાન્ય દેવતા છે; ત્યારે પ્રભુ પરમ ઉચ્ચ ગતિ મોક્ષગતિ પામેલા છે, માટે પરમ દેવતા કહેવાય.

અહીં સુધી પહેલા શ્લોકમાં **'नत्वा... वीरं'** એટલા અંશની વ્યાખ્યા થઇ. હવે **'वक्ष्ये समासेन योगं तद्‌दृष्टि भेदतः ।'** એટલા અંશની વ્યાખ્યા કરે છે.

આ અંશથી ગ્રંથ-પ્રારંભે નિર્દેશ કરવા જરૂરી પ્રયોજન અભિધેય અને સંબંધ એ ત્રણનો નિર્દેશ કરે છે, એ કેવી રીતે ? તો કે આ રીતે -

'વક્ષ્યે યોગં સમાસેન' એટલે કે સંક્ષેપમાં' એટલા માટે કહ્યું કે વિસ્તારથી યોગ તો 'ઉત્તરાધ્યયન, યોગ-નિર્ણય'... વગેરે શાસ્ત્રમાં કહ્યો છે. તેથી અહીં યોગ વિસ્તારથી ન કહેતાં સંક્ષેપમાં કહેવાના છે.

અહીં વિચારવા જેવું છે કે શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ પૂર્વ મહર્ષિઓએ વિસ્તારથી કહેલા યોગને જયારે સંક્ષેપમાં કહેવાના છે, ત્યારે એમની કલમમાં કેટલા ઊંડા રહસ્ય અને કેટલા તાત્ત્વિક પદાર્થોનાં સૂચન પડયાં હશે ! માટે જ આ 'યોગદૃષ્ટિ સમુચ્ચય' શાસ્ત્રના પદાર્થ ખૂબ ગંભીરતાથી, સૂક્ષ્મતાથી, નિપુણ બુદ્ધિએ અને ઠેઠ ઐદંપર્ય સુધી વિચારવા જેવા છે. આપણે અહીં એ એટલા વિસ્તૃત વિશાળરૂપમાં વિચારવાનું આપણું ગજુ શું ? કારણ કે જ્ઞાનાવરણ કર્મનો એવો ક્ષયોપશમ નથી; તેમ અનેકાનેક શાસ્ત્રોના પહેલા પાનાથી માંડી છેલ્લા પાના સુધીના બધા પદાર્થો ઉપસ્થિત નથી, યાદ નથી. તેથી અહીં એ ગર્ભિત પદાર્થો યત્કિંચિત્ રૂપમાં વિચારવા છે.

પ્રસ્તુત શાસ્ત્રકારે શાસ્ત્રારંભે પહેલાં વિઘ્નનાશાર્થ મંગળ કર્યું ને પહેલા શ્લોકમાં એ 'નત્વા વીરં' કહીને અંકિત કર્યું.

પ્ર૦- મંગળ ગ્રંથમાં અંકિત કરવાની શી જરૂર ? મનમાં મંગળ કરી લીધું હોય તો ન ચાલે ?

ઉ૦- મંગળ ગ્રંથાંકિત એટલા માટે કર્યું છે કે એક તો શિષ્યો પણ સમજે કે ગ્રંથાદિ શુભ કાર્યના પ્રારંભે મંગળ કરવું જોઇએ, ને પછી પોતે મંગળ કરે. બીજી વાત એ છે કે વિદ્વાન શિષ્ટ પુરુષોનો આ આચાર છે કે ગ્રંથ રચતાં પ્રારંભમાં 'અનુબંધ ચતુષ્ટય' હોવા જોઇએ, એટલે કે ચાર વસ્તુને ગ્રંથમાં જોડવી જોઇએ. ગ્રંથ પ્રારંભે એનો ઉલ્લેખ કરવો જોઇએ, એટલે શિષ્ટાચાર પાળવા રૂપે એ ચતુષ્ટય પૈકી પહેલું મંગળ, તેનો ગ્રંથમાં ઉલ્લેખ કર્યો.

**અનુબંધ ચતુષ્ટય આ છે :**

(૧) મંગળ, (૨) પ્રયોજન, (૩) અભિધેય, અને (૪) સંબંધ.

આ ચારનો ઉલ્લેખ એટલા માટે જરૂરી કે,

(૧) ગ્રંથ ભણનારો પણ મંગળ વાંચી મંગળ કરે તો એને ગ્રંથ નિર્વિઘ્ને અને સંપૂર્ણ ભણાય. ગ્રંથપઠનને રોકનારા વિઘ્ન (અંતરાય ભૂત-કર્મ) મંગળથી નષ્ટ થાય.

(૨) કહેવત છે કે કમઅક્કલવાળો પણ પ્રયોજન વિના પ્રવૃતિ નથી કરતો, એટલે ગ્રંથ-પ્રારંભે પ્રયોજન જણાવ્યું હોય તો વાસ્તવિક અને સુંદર પ્રયોજનથી આ ગ્રંથ રચાયો છે, એ જાણીને તેવા પ્રયોજનવાળા લોકો આ ગ્રંથ ભણવામાં પ્રવર્તમાન થાય, તેમ 'શિષ્ટ પુરુષ નિષ્પ્રયોજન પ્રવૃત્તિ ન કરે, સપ્રયોજન જ પ્રવૃત્તિ કરે'

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ હિસાબે ગ્રંથ વાંચનારો ગ્રંથકારની શિષ્ટતા સમજે.

(૩) 'અભિધેય' એટલે ગ્રંથમાં શાનું અભિધાન-કથન કરવું છે એ વિષય. એનો ઉલ્લેખ કરવાથી એના અર્થીનો આ ગ્રંથમાં આદર થાય, પ્રવૃત્તિ થાય.

(૪) 'સંબંધ' એટલે કે ગ્રંથને (૧) ઇષ્ટસિદ્ધિ સાથે શો સંબંધ છે ? અથવા (૨) પૂર્વના શાસ્ત્રો સાથે શો સંબંધ છે ? એ બતાવવું. એથી વાચકને આ ગ્રંથ પર વિશેષ આદર થાય અને લાગે કે આ ગ્રંથના રચયિતા પોતાની મતિ કલ્પનાનું નથી કહેવાના, પરંતુ પૂર્વના મહર્ષિઓનાં વચનના આધારે કહેવાનાં છે.

આમ અનુબંધ ચતુષ્ટય ગ્રંથ પ્રારંભે કહેવાના. એમાં પહેલાં મંગળની વાત થઇ. હવે પ્રયોજન વગેરે ત્રણની વિચારણા કરવામાં આવે છે. ગ્રંથકાર કહે છે, અહીં યોગને 'તદ્ દષ્ટિભેદતઃ' અર્થાત્ યોગની દષ્ટિના પ્રકાર દ્વારા કહીશ, તાત્પર્ય, આઠ યોગ-દષ્ટિના નિરૂપણથી યોગનું પ્રતિપાદન કરવાનું છે. એટલે પ્રયોજન યોગનિરૂપણ થયું, તે યોગની દષ્ટિનિરૂપણ દ્વારા.

## ગ્રંથકારનું ગ્રંથરચનાનું પ્રયોજન :-

અહીં સંક્ષેપમાં યોગનું કથન એ ગ્રંથકારનું ગ્રંથ રચનામાં પ્રયોજન છે, હેતુ છે. યોગની આઠ પ્રકારની દષ્ટિ વર્ણવવાનો હેતુ ય આ છે, કે યોગનું પ્રતિપાદન કરવું. ગ્રંથકારનું આ સાક્ષાત્ પ્રયોજન છે, અને પરંપરાએ પ્રયોજન મોક્ષ છે; કેમકે આ ગ્રંથ રચીને એમને સરવાળે મોક્ષ પ્રાપ્ત કરવો છે. પ્રશ્ન થાય.

પ્ર૦- શું આ ગ્રંથ રચવાથી મોક્ષ મળે ?

ઉ૦- હા, ગ્રંથ રચવામાં ગ્રંથકારનો શુદ્ધ આશય છે, કે 'ભવ્યજીવોને યોગ-યોગદષ્ટિઓનો નિર્મળ બોધ થાય, જેથી એ બોધ પામીને જીવો એમાં પ્રવૃત્ત થાય, અને એથી ક્રમસર ઊંચી ઊંચી પ્રવૃત્તિથી ઊંચી ઊંચી યોગદષ્ટિ પ્રાપ્ત કરતાં કરતાં ઠેઠ મોક્ષ સુધી પહોંચી શકે.' આ જ આશયથી જીવોને હિતકારી આ ગ્રંથરચનાની પ્રવૃત્તિ કરે છે; માટે આ ગ્રંથ રચવા પાછળનો આશય ખરેખર નિર્મળ છે; અને નિર્મળ આશય એ મોક્ષનું અવન્ધ્ય અર્થાત્ નિશ્ચિત સફળ બીજ છે. આ બીજ નિષ્ફળ જાય જ નહિ. એનું કારણ એ છે કે ચારિત્ર સાથે ગ્રંથરચના એ સકલ જીવોના હિતનો વિશિષ્ટ શુભાશયરૂપ છે, ને તેથી મોક્ષમાર્ગ છે. મોક્ષ-સાધક છે.

## શ્રી લલિત- વિસ્તરા શાસ્ત્રમાં કહ્યું છે,-

ચારિત્ર એટલે સકલ સત્ત્વ હિતાશય :-

'સકલસત્ત્વ-હિતાશય - લક્ષણઃ ચારિત્રપરિણામ :

અહીં 'સત્ત્વ' એટલે જીવ. ચારિત્રનો ચિત્તપરિણામ સર્વ જીવોના હિતના અધ્યવસાયરૂપ છે. 'મારે સર્વ જીવોનું અર્થાત્ કોઇ પણ જીવનું અહિત નહિ કરવાનું' એવા દિલના આશય સ્વરૂપ છે. એટલા જ માટે ચારિત્રધારી મુનિનો હાર્દિક ભાવ, પોતાના નિમિત્તે સૂક્ષ્મ-સ્થૂલ કોઇ પણ જીવને દુઃખ ન પહોંચે, એની તકેદારીવાળો હોય છે. આ હાર્દિક ભાવ એ સકલ સત્ત્વના હિતનો આશય છે, એજ ચારિત્રનો ભાવ છે; અને ચારિત્રનો ચિત્ત-પરિણામ એ મોક્ષનું નિશ્ચિત કારણ છે; કેમકે 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ :' એ સૂત્ર છે.

પ્ર૦- ચારિત્રનું આ એકલું સકલસત્ત્વ-હિતાશય લક્ષણ કેમ બાંધ્યું ? શું એમાં અહિંસાના આશયની જેમ સત્ય-અસ્તેયાદિના આશય નથી ?

ઉ૦- છે; પરંતુ ચારિત્રમાં અહિંસાદિ પાંચ મહાવ્રત પૈકી મૃષાત્યાગ વગેરે ચાર મહાવ્રત એ પહેલા અહિંસાના મહાવ્રતનું સારું પાલન કરવા માટે છે, જો એ સારું પાળવું હોય તો જૂઠ બોલાય નહિ, ચોરી કરાય નહિ... વગેરે; કેમકે જૂઠ વગેરે સેવવા જતાં જીવોની હિંસા થાય છે. એટલે જે અણીશુદ્ધ અહિંસા-મહાવ્રત પાળે છે, એનામાં મૃષાત્યાગ વગેરે સમાઇ જ ગયા હોય છે. આમ અહિંસા મહાવ્રત એ મુખ્ય મહાવ્રત થયું. 'એમાં કોઇપણ જીવને દુઃખ ન પહોંચો' એ હિતાશય છે, કલ્યાણ આશય છે; કેમકે જીવમાત્રને દુઃખ નથી ગમતું, તો આપણે કોઇ પણ જીવને દુઃખ ન આપવાનો હાર્દિક ભાવ રાખીએ, એવો આત્મ-પરિણામ બનાવીએ, એ સકલ જીવ પ્રત્યેનો હિતાશય છે, ને એમાં પહેલા મહાવ્રતનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવ પણ સમાયેલો છે, અને પછીના ચાર મહાવ્રતનો ભાવ પણ સમાયેલો છે. એટલે, કહો કે પાંચ મહાવ્રતનો આશય એ ચારિત્ર, એમ સકલસત્ત્વ-હિતાશય એ પણ ચારિત્ર જ છે, ને એ મોક્ષનું કારણ છે.

આમ જયારે જીવોના હિતનો આશય એ શુદ્ધ આશય હોઇ પરંપરાએ મોક્ષનું કારણ બને છે, તો પછી પ્રસ્તુત 'યોગદૃષ્ટિ-સમુચ્ચય' શાસ્ત્ર રચવાની પ્રવૃત્તિમાં પણ જીવોના આત્મહિતનું સંપાદન કરવાનો આશય હોઇને, એ આશય પણ પરંપરાએ મોક્ષનું નિશ્ચિત કારણ બને, અમોઘ યાને સફળ કારણ બને, એમાં નવાઇ નથી. તેથી ગ્રંથ-રચનાનું પરંપરાએ પ્રયોજન મોક્ષ કહ્યું.

(૩) હવે ગ્રંથ-પ્રારંભે નિર્દેશાતા અનુબંધ ચતુષ્ટય પૈકી મંગળ અને પ્રયોજનનો નિર્દેશ કર્યા પછી અભિધેયનો નિર્દેશ કરે છે,- 'અભિધેય' એટલે ગ્રંથમાં અભિધાન-કથન-નિરૂપણ કરવા યોગ્ય વિષય. તો આ ગ્રંથમાં અભિધેય વિષય તરીકે યોગ છે. 'વક્ષ્યે... યોગં' કહીને યોગને જ બતાવ્યો. તાત્પર્ય, આ ગ્રંથમાં 'યોગ' વિષય પર વિવેચન કરવામાં આવશે એ સૂચવ્યું.

(૪) અનુબંધ ચતુષ્ટયમાં ચોથો છે સંબંધ. ગ્રંથ-પ્રારંભે એ બતાવવું જોઇએ કે, "ઉચ્ચ માનવભવનું સાધ્ય જે મોક્ષ, એની સાથે ગ્રંથ અને ગ્રંથ-વિષયનો શો સંબંધ છે ? આ સંબંધ પણ જાણવો એટલા માટે જરૂરી છે કે, ગ્રંથ ગમે તેવો વિદ્વતાપૂર્ણ હોય પરંતુ જો જીવન સાધ્ય સાથે એને કશો સંબંધ ન હોય તો સાધ્ય-લક્ષ્યી ભવી જીવ આ ગ્રંથમાં પ્રવૃત્તિ ન કરે. તેથી અહીં સંબંધ તરીકે સાધ્ય-સાધન-સંબંધ બતાવે છે, આ સંબંધ બતાવવાનો માર્ગ બધા ધર્મશાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. પ્રસ્તુત ગ્રંથમાં સાધ્ય-સાધન સંબંધ આ રીતે લાગુ થાય છે, પ્રસ્તુત ગ્રંથ 'યોગ' વિષયનો છે, અને **'मोक्षेण योजनाद् योगः'** મોક્ષ સાથે આત્માને જે જોડી આપે તેનું નામ 'યોગ'. તેથી યોગ એ મોક્ષરૂપી સાધ્યનું કારણ થયું, સાધન થયું, એટલે ગ્રંથ અને ગ્રંથવિષય-'યોગ'ને મોક્ષરૂપી સાધ્ય સાથે સાધ્ય-સાધન સંબંધ થયો.

પ્ર૦- મોક્ષ સાથે યોગને તો સંબંધ કહેવાય. પરંતુ ગ્રંથને સંબંધ શી રીતે ?

ઉ૦- ગ્રંથ એ 'યોગ'નો પ્રતિપાદક' છે. આવા ગ્રંથ વિના 'યોગ'નું ભાન જ શી રીતે થાય ? તેથી જો મોક્ષ માટે યોગ જરૂરી છે, તો યોગ-પ્રતિપાદક શાસ્ત્ર પણ જરૂરી છે, માટે ગ્રંથને પણ મોક્ષ સાથે પરંપરાંએ સાધ્ય-સાધન સંબંધ છે.

## શ્રોતાનું પ્રયોજન

અહીં શાસ્ત્રકાર ગ્રંથ રચનામાં પોતાનું પ્રયોજન બતાવ્યા પછી હવે ગ્રંથના શ્રોતાનું પણ પ્રયોજન બતાવે છે.

શ્રોતાને આ ગ્રંથ સાંભળવાનું સાક્ષાત્ પ્રયોજન 'યોગદૃષ્ટિ' પ્રકરણના પદાર્થનો વ્યાપક બોધ છે; કેમકે પ્રયોજન એટલે ફળ, તે શ્રોતા આ શાસ્ત્ર સાંભળે તો એને એ ફળ સિદ્ધ થાય છે. ત્યારે શ્રોતાનું પણ પરંપરાએ ફળ યાને પ્રયોજન મોક્ષ છે. એનું કારણ એ કે શ્રોતાઓને આ 'યોગદૃષ્ટિ' પ્રકરણના પદાર્થોનું લક્ષણ સ્વરૂપ, કર્તવ્ય વગેરે સંકલનાબદ્ધ જ્ઞાત થવાથી સહેજે એ યોગદૃષ્ટિઓની સાધનામાં જ ઔચિત્યપૂર્વક પ્રવૃત્ત થવાનો; તેથી ક્રમશઃ પરાકાષ્ઠાએ પહોંચતા એ વીતરાગતા, કેવળજ્ઞાન અને મોક્ષરૂપી અંતિમ મહા ફળ પામી જવાનો; કેમકે યોગદૃષ્ટિમાં ઔચિત્યપૂર્વકની પ્રવૃતિ એ મોક્ષનું 'અમોઘ' યાને નિષ્ફળ ન જ જાય એવું બીજ છે, યાને સાધન છે.

## ભવાભિનંદી જીવોની દુર્દશા :-

પ્ર૦- અહીં શ્રોતા માટે જે આ કહેવાય છે તે શું ભવાભિનંદી સંસારરસિક જીવો પણ એ પ્રમાણે બોધ ગ્રહણ કરીને પ્રવૃતિ કરે જ ?

ઉ૦- ભવાભિનંદી જીવો ઓઘદૃષ્ટિમાં રમનારા હોય છે. એમને બસ સંસારનો જ રસ હોય છે. એમાં 'મારા આત્માનું શું થશે ?' એવો કોઇ ભય કે વિચાર પણ હોતો નથી. આવા આત્મ વિમૂખ જીવોને યોગ-દૃષ્ટિ શાસ્ત્ર સાંભળવાની કોઇ રૂચી કે ઇચ્છા થાય નહી. એવાને તો મન બસ પૈસાટકા-ખાનપાન-સત્તા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સન્માનાદિમાં જ લયલીન રહે છે. કદાચ યોગદૃષ્ટિ સાંભળવા આવનારને સારી પ્રભાવના મળે છે તો એની લાલચે આવે ને સાંભળે, અથવા 'યોગદૃષ્ટિ' ભણી લેવાથી પછી વિદ્વાન તરીકેની કીર્તિ મળે એવી છે તો ભણે. પરંતુ વાસ્તવમાં એમણે યોગદૃષ્ટિનું શ્રવણ અને સમજ નથી કર્યા. એમણે તો પૈસા-માનપાન વગેરેના સાધનનું શ્રવણ અને સમજ કર્યા ! એટલે એવા ભવાભિનંદિ જીવ વાસ્તવમાં આના શ્રોતાય નથી, અને બોધ પામનારાય નથી, તેમજ યોગદૃષ્ટિમાં પ્રવૃતિ કરનારાય નથી. જ્યારે ઓઘદૃષ્ટિમાંથી બહાર નીકળ્યા હોય ને યોગદૃષ્ટિમાં પ્રવેશ યોગ્ય બન્યા હોય, એવા જીવો આ શાસ્ત્રના સાચા શ્રોતા બને છે, તેમજ એમને જરૂર આમાંથી બોધ મળે છે, અને એ તદનુસાર પ્રવૃતિ પણ કરે છે, તથા આગળ વધતા ઠેઠ મોક્ષ ફળ પણ પામે છે.

અહીં આ શાસ્ત્ર-પ્રકરણના પદાર્થોના જ્ઞાનથી ઔચિત્યપૂર્વક એમા પ્રવૃતિ કરવાનું અને એને પરંપરાએ મોક્ષ-સાધક બનવાનું કહી શાસ્ત્રકારે ઔચિત્ય પર પણ ભાર મુકયો, એ ખાસ લક્ષમાં લેવાનું છે. ઔચિત્ય બીજે પણ કેવું જરૂરી ગણ્યું એ જુઓ. આગળ પર પણ કહેવાના છે કે જીવ ચરમાવર્ત-ચરમ પુદગલ-પરાવર્ત યાને મોક્ષ જવાના છેલ્લા પુદ્ગલ-પરાવર્ત્ત કાળમાં આવે ત્યાં સાથે અનાદિનો સહજમળ સારો ઘસારે પડેલો હોય છે, એટલે ત્યા એનામાં દુઃખિત જીવો પર અત્યંત દયા, ગુણવંતપર અદ્વેષ, એ બે ગુણની જેમ 'ઔચિત્યપૂર્વક સેવન' ગુણ પ્રગટવાનું કહ્યું છે. એમા ઔચિત્ય જરૂરી ગણ્યું. એવી રીતે સમ્યગ્દર્શન પામે એની પૂર્વે અપુનર્બંધક દશા પામે છે. પૂર્વાચાર્યોએ એના ત્રણ ગુણમાં એક ગુણ ઔચિત્ય બતાવ્યો.

## અપુનર્બંધક જીવ કેવો હોય ?

**पावं न तिव्वभावा कुणइ**
**न बहुमन्नइ भवं घोरं ।**
**उचियं ठिइ य सेवइ**
**सयाऽपुणंबंधगो जीवो ॥**

ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે પણ અમૃતવેલની સજઝાયમાં આનો અનુવાદ કર્યો :

''પાપ નવિ તીવ્ર ભાવે કરે,
જેહને નવી ભવ રાગ રે,
ઉચિત સ્થિતિ જેહ સેવે સદા,
તેહ અનુમોદવા લાગ રે.
-ચેતન જ્ઞાન અજવાળિયે.''

આમાં પણ ઉચિત સ્થિતિ યાને ઔચિત્ય સેવવાનું કહ્યું ત્યારે, અહીં યોગદૃષ્ટિ શાસ્ત્રના પદાર્થમાં પ્રવૃતિ પણ ઔચિત્ય પૂર્વક કરવાનું કહે છે. આ સુચવે છે કે જીવનમાં ઔચિત્યપાલન કેટલુ બધું જરૂરી છે ? પાછુ ઔચિત્ય પણ કયાં કયાં જાળવાનું ? તો કહ્યું 'સર્વત્ર જીવનના બધાજ ક્ષેત્રમાં ઔચિત્ય જાળવવાનું. આ સુચવે છે કે આપણા બોલ, આપણી મુખમુદ્રા આપણો જીવન વ્યવસાય, આપણી ચાલ, આપણા વ્યવહાર સૌની સાથેના આપણા સંબંધ વગેરેમાં બધે ઔચિત્ય નહીં ચૂકવાનું બતાવ્યું. પ્રસંગવશાત્ અહીં અપુનર્બંધક દશાની વાત આવી તો એને જરાક વિચારી લઇએ, કેમકે એને સમકિત પહેલા પ્રાપ્ત કરવાની છે. સમકિતનો ફાંકો રાખતા હોઇએ તો પહેલાં આ જોવાનું છે કે આપણામાં અપુનર્બંધક દશાના ત્રણ ગુણ આવ્યા છે ? પહેલો ગુણ :

## (૧) તીવ્ર ભાવે પાપ ન કરે :-

જીવ સંસારમાં બેઠો છે, અને સંસાર એટલે પાપનું ઘર, એટલે પાપ કર્યા વિના સંસારમાં ચાલવાનું નથી, પાપ કરવા પડવાના છે; પરંતુ તે તીવ્ર ભાવથી કરે નહિ; અર્થાત્ નિર્ધ્વંસપણે રાચીમાચીને કરે નહિ. મનને એમ ન થાય કે 'સંસારમાં બેઠા એટલે પાપ-બાપ શું ? એ તો કરવા જ જોઇએ. ચાલો ઉપાડો કરવાનું.' આ વૃત્તિ નિર્ધ્વંસ ચિત્ત-પરિણામ છે. પછી ત્યાં પાપ ભલે નાનાં હોય, પરંતુ રાચીમાચીને કરે એટલે મોટા થઇ જાયઃ ત્યારે ક્ષત્રિય રાજાને કદાચ દુશ્મન રાજા ચડાઇ લઇને આવ્યો તેથી એની સામે ખૂનખાર લડાઇ લડવી પડી, તો એમાં પંચેન્દ્રિય મનુષ્યો સુધીની હિંસા છે એટલે એ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોટાં પાપ છે, પરંતુ જો એના દિલમાં નિર્ધ્વંસતા-નિષ્ઠુરતા નથી, પાપને પાપરૂપે ન માનવાનું નથી. મનને ઊંડાણમાં એમ છે કે 'કેવો ગોઝારો રાજયપાટનો સંસાર કે આવા ઘોર હિંસાના પાપ કરાવે છે !' તો ત્યાં પાપમાં નિર્ધ્વંસતા યાને તીવ્રભાવ ન હોવાથી એ મહાહિંસાદિ પાપ પણ નાનાં પાપ થઇ જાય છે.

**પાપ કેવું છે એના મહત્ત્વ કરતાં પાપ કેવા ભાવથી કરો છો એ વધારે મહત્ત્વનું છે.**

તીવ્રભાવથી પાપ કરો એટલે ત્યાં સમકિત તો નહિ, પરંતુ અપુનર્બંધક અવસ્થા પણ ન રહે; ત્યાં મિથ્યાત્વ મંદ ન હોય, પણ ગાઢ મિથ્યાત્વ આવે. માટે ત્યાં નાનું પણ પાપ મોટું કહેવાય, પ્રબળ કહેવાય.

દિલમાં પાપનો ખેદ હોય ત્યાં પાપસેવન તીવ્રભાવે અર્થાત્ નિર્ધ્વંસપણે નહિ સેવાય. સંયોગવશાત્ પાપ કરવા પડે છે માટે કરે છે, પણ પાપ કરવાનો રસ નથી, હોંશ નથી એ અપુનર્બંધક દશામાં જીવની વિશેષતા છે, ને એ મિથ્યાત્વ મંદ પડયું અને અનંતાનુબંધી કોટિના રાગ-દ્વેષ મંદ પડયા એટલે એ વિશેષતા આવી છે કે પાપ તીવ્રભાવે રાચીમાચીને નિર્ધ્વંસ પણે નથી કરતો. **એમ ઘોર સંસારને બહુ માને નહિ.**

## (૨) સંસાર ઘોર કેમ ?

અપુનર્બંધક દશા પામેલો જીવ સંસારમાં પહેલી તો જન્મમરણની ઘોર વિટંબણા અને નાલેશી દેખે છે, સંસારમાં પરાધીનપણે ગમે તે ગતિમાં જનમવું પડે એ વિટંબણા છે. એમાંય જીવ હમણાં દેવ છે, સુગંધમય વાતાવરણમાં જ રહેનારો, પરંતુ દેવ મરીને હવે કદાચ જો ભૂંડ તરીકે જનમવું પડે તો જીવની કેવી નાલેશી ? ત્યાં કેવી દુર્દશા ? એને દુર્ગંધમય વિષ્ઠા જ ખાવામાં રસ પડે ! સંસારમાં અનિચ્છાએ પણ આવા જનમમાં પૂરાવું પડે એ વિટંબણા નથી ? એમ જીવ સંસારમાં મોટો ઈંદ્ર કે ચક્રવર્તી બન્યો હોય, પરંતુ એને ય સર્વનાશસર્જક મૃત્યુ પામવું પડે એ ય કેવી વિટંબણા ! સંસારમાં આવા સર્વવિનાશ સર્જનારા મરણ જીવ અનંતવાર પામ્યો, ને હજી એવા મરણ ઊભા છે, તો શું એ વિટંબણા નથી ? ત્યારે સંસારમાં બીજી રોગ -શોક- દુઃખ - દારિદ્રય - અપમાન,તિરસ્કાર-ઇષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ વગેરે વિટંબણાઓ કેટલી બધી ? માટે આવો વિટંબણા-ભર્યો ને નાલેશીભર્યો સંસાર ઘોર છે, ભયાનક છે. સોહામણો નહિ પણ બિહામણો છે. તેથી અપુનર્બંધક જીવને આવા ઘોર સંસાર પર બહુમાન ન હોય, ગ્લાનિ હોય; નિરાંત ન હોય, અકળામણ હોય. જરાક શાંતિથી બેસીને સંસારનો વિચાર કરાય તો સંસાર જરૂર એવો ઘોર જ લાગે; ને એ ખરેખર ઘોર લાગે તો જીવ સ્વાત્માનું હિત સાધી લેવા ઊભો થઇ જાય; કેમકે સમજે કે

**વિટંબણા અને નાલેશીભર્યા સંસારમાં માનવજીવન આત્મહિતનું અજવાળું કરી લેવા માટે જ જીવવાનું છે :**

### કલકત્તાના યુવાને દીવો કર્યો :

બહુ વર્ષો પૂર્વે કલકત્તામાં એક ૩૦ વરસની ઉંમરના યુવાન રહે. એને એક મોડી સાંજે અંધારું થયે એની ૧૦ વર્ષની બેબી કહે :

'બાબુ ! અંધારું થયું ને હજી દીવો નથી કર્યો ?'

બસ, આટલા જ બોલ પર એ યુવક વિચારમાં પડી ગયો કે 'આ બેબી શું કહે છે ? હજી દીવો નથી કર્યો ?' ખરેખર આ જિંદગીના ૩૦-૩૦ વરસ ભગવાનના ભજન વિના મોહમાયાની વેઠમાં એટલે અંધારામાં વહી ગયા ! આત્માનું કશું હિત સાધ્યું નહિ ? હજી ભગવદ્ભજનનો દીવો નથી કર્યો ? જન્મ-મરણાદિ મહા વિટંબણાભર્યા સંસારમાં માંડ અહીં મનુષ્ય-અવતારમાં આવ્યો, કે જ્યાં મોહમાયાની વેઠ મૂકી ભગવદ્ભજન કરી શકાય; અને તો જ વારંવારના જનમ-મરણની વિટંબણાનો અંત આવે. તે ૩૦-૩૦ વર્ષ ગયા હજી સુધી ભગવદ્ભજનમાં લાગ્યો નહિ ?'

બેબીના કહેવા હિસાબે એણે બાહ્ય દીવો તો સળગાવ્યો, પણ પછી યુવાન પત્નીને કહે :

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'સાંભળ્યું ? આ બેબી શું કહે છે ? અંધારું થયું, હજી દીવો નથી કર્યો ? આ ઉત્તમ મનુષ્ય-જનમમાં મોહ-માયાના અંધારપટમાં ૩૦-૩૦ વરસ નીકળી ગયા. હજી ભગવદ્ ભજનનો દીવો નથી કરવો ?

પત્ની પણ આર્યદેશ આર્યકુળની હતી.

એણે કહ્યું 'જરૂર દીવો કરવો છે.'

પતિ કહે 'કયારે?'

પત્ની કહે: 'તમે કહો ત્યારે.'

પતિ કહે : 'સારામાં સો વિઘન. માટે આવતી કાલે જ અહીંનું મૂકી દઇ વૃંદાવનમાં જઇ જીવન ભગવદ્‌ભજનમાં જ ગાળીએ.'

બસ, બીજી સવારે બધી મિલ્કત ધર્માદા કરી દઇ ત્રણેય ગયા વૃંદાવનમાં ! અને ભગવદ્‌ભજનમાં જ જિંદગી પસાર કરી.

કેમ વારુ ? સંસાર જન્મ-મરણાદિ અનેક વિટંબણા તથા નાલેશીભર્યો; તેથી એને બહુ માન્યો નહિ, એના પરનો આદર ઊઠી ગયો; એટલે ભગવદ્‌ભજનમાં લાગી ગયા.

વાત આ હતી કે ઔચિત્યપાલનને કેટલેય ઠેકાણે અતિ જરૂરી ગુણ કહ્યો છે. બીજા ગુણ મેળવો, પણ સાથે ઔચિત્ય ચૂકશો નહિ. આ સૂચવે છે કે આપણે જો ખરેખર ધર્મસન્મુખ બન્યા હોઇએ તો આપણા બોલ અને આપણી ચાલમાં કયાંય અનુચિત ન આવવું જોઇએ. આપણા શબ્દ, આપણી પ્રવૃત્તિ, આપણા ધંધા-ધાપા અને બીજા સાથેના વ્યવહાર ઔચિત્યભર્યા હોવા જોઇએ.

## રાજા ગુણસેનમાં ઓચિત્ય :

એટલે જ જુઓ સમરાદિત્ય કેવળી પૂર્વના પહેલા ભવમાં રાજા ગુણસેન, તે રાજય છોડી ભાવથી સંસાર ત્યાગ કરીને ધ્યાનમાં બેઠા છે, ત્યાં દુશ્મન બનેલ અગ્નિશર્મા-તાપસ દેવ થઇ અહીં આવી ગુણસેનની ઉપર અગ્નિમય રેતીનો વરસાદ વરસાવે છે ! ત્યાં મહાત્મા બનેલા ગુણસેન પોતાના જીવનનો સ્ટોક લે છે, જીવનપ્રસંગોની આલોચના કરતા વિચારે છે, કે,

'આ જીવનમાં પેલા તાપસને મારાં કારણોના નિમિત્તે ત્રણવાર પારણું અટકયું, એ એક અનુચિત કાર્ય થયું, સિવાય આ જીવનમાં કશું અનુચિત આચર્યું નથી ; અને એમા પરમદયાળુ ગુરુદેવ મળ્યા ને મને સંસારમાં અતિ અતિ દુર્લભ જેવો જૈન ધર્મ પમાડયો ! ઉપશમ ભાવ જ આદરવાનું કહેનારા આ અમૃતસમાં જિનવચનને પામેલા સફળ કરજે.''

આમાં પહેલું શું વિચાર્યું ? આ જીવનમાં એક અનુચિત સિવાય બીજું કશું અનુચિત આચર્યું નથી. એ વિચાર બતાવે છે કે જીવનમાં ઔચિત્ય કેટલું બધું જરૂરી છે! ગ્રંથકાર શ્રોતાઓનું પ્રયોજન બતાવતાં કહે છે,-

**શ્રોતાઓનું પ્રયોજન :-** શ્રોતાઓને આ યોગદૃષ્ટિ પ્રકરણના પદાર્થોનો સંકલનાબદ્ધ બોધ એ પ્રયોજન ; એ થવાથી સહેજે એ યોગદૃષ્ટિઓની સાધનામાં જ ઔચિત્ય પૂર્વક પ્રવૃત્ત થવાનો.

અહીં યોગદૃષ્ટિ-શાસ્ત્રે કહેલા પદાર્થમાં શાસ્ત્રના અનુસારે પ્રવૃતિ કરવાની કહી, કિન્તુ પોતાની મતિ કે કલ્પનાના અનુસારે પ્રવૃત્તિ નહિ કરવાની; અને આવી પ્રવૃત્તિ મોક્ષનું અવન્ધ્ય કારણ યાને સચોટ નિશ્ચિત ફળ આપે જ એવું કારણ છે. પ્રશ્ન થાય,

પ્ર૦-શાસ્ત્રના અનુસારે જ પ્રવૃત્ત એ કેમ નિર્વાણ-બીજ ? પોતાની કલ્પનાથી કઠોર કષ્ટમય પ્રવૃત્તિ એ કેમ મોક્ષ-બીજ નહિ ?

ઉ૦-એનું કારણ છે, કે મોક્ષ અને મોક્ષને યોગ્ય અંતરાત્મામાં થતી ઉત્તરોત્તર શુભ અધ્યવસાયો કરાવનાર કર્મક્ષયોપશમની પ્રક્રિયા એ અતીન્દ્રિય છે. એને આપણે જોઇ અનુભવી શકતા નથી. એ સર્વજ્ઞ જોઇ શકે છે; અને એ પણ એવું જોઇ શકે છે કે કેવી કેવી પ્રવૃત્તિથી આ કેવી કેવી આંતરિક પ્રક્રિયા થાય છે. એટલે હવે એ ન દેખી શકતો અજ્ઞાની માણસ એ સર્વજ્ઞ ભગવાનના શાસ્ત્રના અનુસાર પ્રવૃત્તિ કરતો જાય, તો તો એને મોક્ષ-પ્રાપ્તિને યોગ્ય આંતરિક પરિણતિ તથા આંશિક કર્મક્ષય બનતો આવે; પરંતું શાસ્ત્ર પડતા મૂકીને સ્વૈચ્છિક કઠોર કષ્ટમય પણ પ્રવૃત્તિ કરે એથી એ ફળ કયાંથી નીપજે ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે જ આરાધક આત્માને પહેલું જરૂરી સર્વજ્ઞવચનની શ્રદ્ધા છે, સર્વજ્ઞ-કથિત શાસ્ત્રની શ્રદ્ધા છે. પ્રસ્તુત શાસ્ત્ર સર્વજ્ઞ-વચનાનુસારી છે, તેથી આમાં કહેલા પદાર્થમાં પ્રવૃત્તિ કરવી એ મોક્ષ-બીજ બનીને અવશ્ય એમાંથી ઉત્તરોત્તર અંકુર નાળ, પત્ર, વગેરેસ્વરૂપ ઊંચી ઊંચી પ્રવૃત્તિ થઇને અંતે વીતરાગતા, કેવળજ્ઞાન અને મોક્ષ પ્રગટ કરે જ.

## ૮ યોગદૃષ્ટિ સાથે ગુણોનું મિલાન :-

ગ્રંથકાર અહીં શ્રોતાનું આ પારંપરિક પ્રયોજન કહીને સિક્કો મારી આપે છે કે આ ગ્રંથમાં વર્ણવેલ મિત્રાદિ આઠ દૃષ્ટિ દ્વારા જો યોગની આરાધના તમે કરો, તો અવશ્ય પરમપદ મોક્ષ પ્રાપ્ત થશે...એ પરથી એ સૂચિત થાય છે કે દેવદર્શનાદિ અરિહંત-ભક્તિ કરો, સાધુ ઉપાસના કરો, દાનાદિ-ધર્મની સાધના કરો, સામાયિક-પોષધ-પ્રતિક્રમણ કરો, સંયમસાધના કરો...બધે યોગદૃષ્ટિનું મિલાન જોઇશે, 'યોગદૃષ્ટિમુચ્ચય' શાસ્ત્રમાં યોગદૃષ્ટિ વર્ણનના પ્રસંગમાં બતાવેલી ૮ યોગદૃષ્ટિ ઉપરાંત પાંચ યોગ-બીજો, ત્રણ અવંચક, યમાદિ આઠ યોગાંગ, ક્રિયાના ખેદાદિ દોષત્યાગ, અદ્વેષાદિ ૮ ગુણો, તેમજ બીજા અનેકાનેક પદાર્થો,-આ બધાને જીવનમાં ને આત્મામાં વણી લેવાના છે. એ વણાય તો જ દેવદર્શનાદિ બીજી સાધનાઓ સફળ થાય; ને એ મોક્ષ તરફ જીવને આગળ આગળ ખેંચી જાય. 'યોગદૃષ્ટિ' શાસ્ત્રના પદાર્થો જીવનમાં ઉતારવાની ઉપેક્ષા હોય, તો બીજી સાધના છતાં મોક્ષ તરફ આત્માની ગાડી આગળ ન ચાલે. આનું કારણ એક જ કે યોગદૃષ્ટિઓ અંતરાત્માનું ઘડતર કરે છે.એ આત્મ-પરિણતિ સાથે સીધો સંબંધ ધરાવથી હોઇ પરિણતિને વિશુદ્ધ-વિશુદ્ધતર કરતી ચાલે છે. ત્યારે આવી વિશુદ્ધ પરિણતિ સાથે કરાતી નાની દેવદર્શનની સાધનાથી માંડી મોટી ચારિત્ર સુધીની સાધનાઓનો રંગ જ કોઇ ઓર હોય છે. પછી એવી સાધના એવી સાધનાઓમાં ને સાધક જીવનમાં વણાઇ ગયેલ યોગદૃષ્ટિ-સમુચ્ચય શાસ્ત્રના પદાર્થોમાં સર્વત્ર ઔચિત્ય પાલન પૂર્વકની પ્રવૃત્તિ થાય એ નિર્વાણનું અવન્ધ્ય કારણ બને, અર્થાત્ નિશ્ચિતપણે નિર્વાણરૂપ ફળ નિપજાવે, એમા નવાઇ નથી.

આ પ્રમાણે ઇષ્ટ દેવતાની સ્તુતિરૂપ મંગળ કરી પ્રયોજનાદિ બતાવીને હવે આ યોગદૃષ્ટિ પ્રકરણને ઉપકારક પ્રાસંગિક વસ્તુ કહેવા માટે કહે છે:

**इहैवेच्छादियोगानां स्वरूपमभिधीयते ।**

**योगिनामुपकाराय व्यक्तं योगप्रसंगतः ॥२॥**

અર્થાત્ અહીં આ જ પ્રકરણમાં યોગનો પ્રસંગ હોવાથી યોગીજનોના ઉપકાર માટે 'ઇચ્છાયોગ' વગેરેનું સ્પષ્ટ સ્વરૂપ સ્પષ્ટપણે કહેવામાં આવે છે.

**ભાવાર્થ : ઇચ્છાયોગ-શાસ્ત્રયોગ-સામર્થ્યયોગ:**

પહેલા શ્લોકમાં ઇચ્છાયોગથી નમસ્કાર કર્યાનું બતાવેલું, એટલે શ્રોતાને સહેજે જિજ્ઞાસા થાય કે 'ઇચ્છાયોગ' કેવોક હોતો હશે? વળી આ ગ્રંથ જ યોગ વિષયનો છે, એટલે યોગના વર્ણનનો પ્રસંગ કહેવાય; એમાં ઇચ્છાયોગ વગેરેનું સ્વરૂપ બતાવવું એ પ્રાસંગિક કહેવાય. તેથી અહીં શાસ્ત્રકાર ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ, અને સામર્થ્યયોગ,-એ ત્રણ યોગનું સ્વરૂપ બતાવે છે.

શા માટે બતાવે છે ? તો કે યોગીઓને ઉપકાર થાય, લાભ થાય, એ માટે.

પ્ર૦- યોગી તો યોગવાળા થઇ ગયા, યોગ પામી ગયા, એમને હવે ઇચ્છાયોગાદિના વર્ણનથી શો નવો લાભ થવાનો ?

ઉ૦- અહીં 'યોગી' શબ્દનો અર્થ માત્ર 'યોગ પામી ગયેલા', 'યોગ જેને સિદ્ધ થઇ ગયો.' એટલો જ નથી, કિન્તુ જે યોગ સાધવા માંડે એ પણ યોગી જ છે. અસલમાં અહીં ગોત્રયોગી સિવાયના ત્રણ પ્રકારના યોગી લેવાના છે :

## ૪ પ્રકારના યોગી :

અલબત્ આમ તો 'યોગી' ચાર પ્રકારે છે, 'યોગી' શબ્દ ચાર ઠેકાણે વપરાય છે :

(૧) ગોત્ર યોગી,

(૨) કુળ યોગી,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૩) પ્રવૃત્તચક્ર યોગી,

(૪) નિષ્પન્ન યોગી.

આનું વિસ્તૃત વિવેચન આગળ પર આ ગ્રંથના છેડે આવશે. તેથી અહીં સામાન્ય સ્વરૂપ જોઇએ :

## (૧) ગોત્રયોગી :

આમાં 'ગોત્રયોગી' તે કે જેમના માત્ર ગોત્ર-નામ 'યોગી' છે એટલું જ, પરંતુ વાસ્તવમાં યોગ સાથે એમને ને એમના કુળને કશી નિસ્બત નથી. પેઢીઓ પૂર્વે એ વંશમાં યોગ સધાતા હશે, પરંતુ પછીથી એ સાધના નીકળી ગઇ ને માત્ર 'યોગી' ગોત્ર-નામ રહ્યું.

## (૨) કુળયોગી :

'કુળયોગી' તે કે જે યોગીના કુળમાં જન્મેલા હોય અને યોગીના પ્રારંભિક ગુણોને અનુસરનારા હોય; દા.ત.,

(૧) પોતાની માન્યતા પર એવો આગ્રહ નહિ કે એ માન્યતા વિનાના લોકો પર દ્વેષ થાય. સર્વત્ર દ્વેષ વિનાના; તેમ જ

(૨) ધર્મના પ્રભાવે ગુરુ પર, ઇષ્ટદેવ પર, અને સહધર્મિક પર પ્રીતિવાળા. એ આ કુળયોગીને પ્રિય લાગે; તથા

(૩) સ્વભાવે કરીને દયાળુ, અર્થાત્ દયાળુ સ્વભાવવાળા; કેમકે હવે ક્લિષ્ટ પાપ ઉદયમાં નથી, કે જે હૈયું નિર્દય-નિષ્ઠુર બનાવે; વળી

(૪) વિનીત અર્થાત્ સારા વિનયભાવવાળા હોય; કેમકે એ શુભ અનુબંધવાળી લાયકાત લઇને આ જનમમાં આવેલા હોય છે. અશુભ અનુબંધ અર્થાત્ અશુભ સંસ્કાર લઇને આવ્યા હોય એવાને વિનય ન આવડે, ઉદ્ધતાઇ આવડે; તથા

(૫) સમ્યગ્ બોધવાળા બનેલા હોય; કેમકે એમણે રાગદ્વેષની ગ્રંથિ ભેદી હોય છે. નહિતર ગ્રંથિનું જોર તો એવું કે સમ્યગ્ બોધ પામવા જ ન દે; તેમજ

(૬) ઇન્દ્રિયોનું સંયમન-દમન કરનારા હોય; કેમકે કાંઇક પણ ચારિત્રભાવ આવ્યો હોય. આવા ગુણસંપન્ન એ કુળયોગી કહેવાય છે. ત્યારે,

## (૩) પ્રવૃત્તચક્ર યોગી :

પ્રવૃત્તચક્ર યોગી તે છે જેમને યોગચક્રમાં પ્રવૃત્તિ શરૂ થઇ છે. એ ઉપરોકત ગુણોવાળા તો હોય જ, પરંતુ વધારામાં

(૧) 'ઇચ્છા'યમ અને 'પ્રવૃત્તિ'યમને સાધનારા હોય; અને

(૨) બાકીના બે 'સ્થૈર્ય'યમ અને 'સિદ્ધિ'યમની તીવ્ર આકાંક્ષાવાળા હોય કે 'એ કેમ પ્રાપ્ત થાય ?' એટલા માટે

(૩) એના સમ્યગ્ ઉપાયમાં પ્રવર્તમાન હોય; તથા

(૪) શુશ્રૂષા આદિ બુદ્ધિના ૮ ગુણોવાળા હોય.

## બુદ્ધિના આઠ ગુણ કયા ?

[૧]शुश्रुषा [૨]श्रवणं चैव [૩]ग्रहणं [૪]धारणं तथा ।

[૫]ऊहोऽ[૬]पोहो[૭]ऽर्थविज्ञानं [૮]तत्त्वज्ञानं च धीगुणा : ॥

આમાં પહેલો ગુણ (૧) 'શુશ્રુષા', એટલે કે તત્ત્વ સાંભળવાની તીવ્ર તાલાવેલી હોય; અને (૨) તત્ત્વવાણીનું 'શ્રવણ' કરે, સાંભળે. ત્યાં તત્ત્વ સાંભળતાં સાંભળતાં (૩) તત્ત્વનું 'ગ્રહણ' એટલે કે સમજવાનું કરશે. હવે શ્રવણ વખતે સમજી લીધું એટલેથી બસ નથી, કિન્તુ જે સમજતા જવાય એનું (૪) 'ધારણ' અર્થાત્ દિલમાં ટકી રહે, ભુલાઇ ન જવાય, એવું સ્થાપન કરવું જોઇએ. એ પછી એ ધારણા કરી રાખેલ તત્ત્વ પર (૫) 'ઊહ' અને (૬) 'અપોહ' કરાય. 'ઊહ' એટલે કે સાંભળી ધારી રાખેલ તત્ત્વનું સમર્થન થાય, તત્ત્વની હિતકારિતા સિદ્ધ થાય એવી વિચારણા કરવી, તે અનુકૂળ તર્ક-દૃષ્ટાન્ત. અને લાભ-દૃષ્ટિથી વિચારણા કરવી જોઇએ. તેમ જ 'અપોહ' અર્થાત્ તત્ત્વથી પ્રતિપક્ષી વસ્તુ દા.ત. અહિંસાની સામે હિંસા કેવી કેવી રીતે અહિતકર એની તર્ક-દૃષ્ટાંત અને ગેરલાભની દૃષ્ટિથી વિચારણા કરવી જોઇએ. એ પછી (૭) 'અર્થવિજ્ઞાન' થાય એટલે કે તત્ત્વ પદાર્થનો ભ્રમ-સંશય વિનાનો ચોક્કસ રૂપનો નિર્ણય કરી લેવાનો. અંતે (૮) 'તત્ત્વજ્ઞાન' અર્થાત્ પદાર્થ-નિર્ણય થવા પર વસ્તુના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહસ્યનું જ્ઞાન, વસ્તુના ઐદંપર્યનું-તાત્પર્યનું જ્ઞાન. દા.ત. 'અહિંસા હિતકર' એમ પદાર્થ-નિર્ણય થવા પર હવે હિંસા અત્યંત ત્યાજય હોવાનો નિર્ણય થાય, તેમજ 'જીવ જે હિંસાના પરિણામમાં પોતાના સ્વભાવથી ખસી વિભાવમાં જાય છે, તે હવે વિભાવમાંથી ખસી આ અહિંસાથી પોતાના સ્વભાવમાં આવે,' એવા તાત્પર્યનો બોધ થાય એ તત્ત્વજ્ઞાન કહેવાય.

માણસે પોતાની બુદ્ધિનો વિકાસ કરવો હોય તો આ 'શુશ્રૂષા'થી માંડી આઠમા સોપાન 'તત્ત્વજ્ઞાન' સુધી ચડીને વિકાસ કરી શકે; તેથી આ આઠ સોપાન બુદ્ધિને ઉપકારક છે, ગુણકારી છે, માટે એ આઠને 'બુદ્ધિના ગુણ' કહેવામાં આવે છે.

'ઇહૈવેચ્છાદિયોગાનાં....' ગાથામાં જે કહ્યું કે યોગીઓના ઉપકાર અર્થે ઇચ્છાદિ-યોગોનું સ્વરૂપ અહીં કહેવાનું છે તેમાં 'યોગીઓ' તરીકે પહેલા પ્રકારના ગોત્રયોગી તો બાદ જ કરી નાખ્યા; કેમ કે એમનામાં આ યોગશ્રવણની લાયકાત જ નથી, યોગ્યતા જ નથી. પણ તે પછીના યોગ્યતાવાળા બીજા તથા ત્રીજા પ્રકારના કુલયોગી અને પ્રવૃત્તચક્ર યોગીને અહીં યોગીઓ તરીકે લીધા.

ત્યારે સવાલ થાય કે ''તો પછી શ્રેષ્ઠ એવા જે ચોથા પ્રકારના 'નિષ્પન્નયોગ' નામના યોગીઓ છે, તેમને કેમ ન લીધા ? એ તો સર્વશ્રેષ્ઠ યોગ્યતાવાળા ગણાય.''

ઉત્તર એ છે કે એમને તો યોગ 'નિષ્પન્ન' અર્થાત્ સિદ્ધ થઇ ગયેલ છે, તેથી એમને કાંઇ હવે ઇચ્છાયોગ આદિ સાધવાનું રહેતું નથી; એટલે અહીં જે ઇચ્છાયોગાદિનું સ્વરૂપ કહેવાશે એથી એમના પર કશો ઉપકાર થવાનો નથી. એ તો સિદ્ધયોગી બની ગયા છે. એટલે એમનાથી જે અન્ય અ-સિદ્ધયોગ છે અર્થાત્ જેમને હજી યોગ સાધવાના છે, એમના ઉપકાર માટે અહીં ઇચ્છાયોગાદિનું સ્વરૂપ કહેવાય છે. આ ઉપકાર શો ? તો કે યોગના રહસ્યનો બોધ, ઇચ્છાયોગાદિના તાત્ત્વિક સ્વરૂપનો બોધ એ જ ઉપકાર થવાનો છે.

ઇચ્છાયોગાદિના સ્વરૂપનું નિરૂપણ કરાશે એમ કહ્યું એમાં એ નિરૂપણ કેવી રીતે કરાશે ? તો કહ્યું 'વ્યકત' અર્થાત્ સ્પષ્ટપણે નિરૂપણ કરાશે.

પ્ર૦- ગમે તેટલું સ્પષ્ટ નિરૂપણ હો, પરંતુ એનો અહીં પ્રસંગ શો ? પ્રસંગ વિનાનું તો અપ્રસ્તુત ગણાય.

ઉ૦- અહીં અપ્રસ્તુત નથી; કેમકે મિત્રાદિ આઠ યોગદૃષ્ટિનો અહીં અવસર જ છે. કારણ કે આ ગ્રંથ જ આઠ યોગદૃષ્ટિનાં સમુચ્ચયનો છે. એટલે યોગના પ્રસંગથી ઇચ્છાયોગાદિનું નિરૂપણ થાય એ શાસ્ત્ર-નિરૂપણમાં આવતી પ્રસંગ-સંગતિથી સિદ્ધ છે.

✤ ✤ ✤

For Private and Personal Use Only

# (૧) ઈચ્છાયોગનું સ્વરૂપ

ઈચ્છાયોગનું સ્વરૂપ બતાવવા આ પ્રમાણે લક્ષણો બતાવવામાં આવે છે,-

★"१कर्तुमिच्छोः २श्रुतार्थस्य,
३ज्ञानिनोऽपि ४ प्रमादिनः ।
५विकलो ६धर्मयोगो यः
स इच्छायोग उच्यते ।।"

અહીં ધર્મપ્રવૃત્તિને ઈચ્છાયોગ કહેવાય છે.

પણ તે (૧)વિકલ એટલે ખોડખાંપણવાળો,

(૨) એવો પણ ધર્મયોગ એ ઈચ્છાયોગ છે. ધર્મયોગ એટલે ચૈત્યવંદન, દેવદર્શન આદિ ધર્મક્રિયા; અર્થાત્ પુરુષાર્થ કરી સાધેલો ધર્મ, એ ઈચ્છાયોગ છે. ધર્મની માત્ર ઈચ્છા એ ઈચ્છાયોગ નહિ; વળી ધર્મયોગ પણ વિના ઈચ્છાએ થયેલો એ ઈચ્છાયોગ નહિ; કિન્તુ

(૩) कर्तुमिच्छो : - સ્વયં જેને ધર્મ કરવાની ઈચ્છા વર્તે છે, એનો ધર્મ-પુરુષાર્થ એ ઈચ્છાયોગ તરીકે લેવાનો છે. એટલું જ નહિ, કિન્તુ

(૪) श्रुतार्थस्य એટલે ધર્મયોગનું શાસ્ત્ર જેણે સાંભળ્યું છે તેનો ધર્મયોગ એ ઈચ્છાયોગ. શાસ્ત્ર સાંભળ્યા વિના મનમાની રીતે અને મનમાન્યો ધર્મયોગ કરાઈ જાય, એ નકામો છે. એ ઈચ્છાયોગમાં નહિ આવે. વળી ધર્મ કરવાની ઈચ્છાવાળો અને એનાં શાસ્ત્ર સાંભળનારો એનો ધર્મયોગ એટલું જ નહિ, ઉપરાંત

(૫) ज्ञानिनः - જે જ્ઞાની છે, અર્થાત્ સાંભળેલા શાસ્ત્રને સમજનારો છે, એ મુજબ વિધિ અને પોતાની સ્ખલનાને સમજનારો છે, તેનો યોગ લેવાનો છે. પાછું જ્ઞાની હોવા છતાં,

(૬) प्रमादिनः - જે પ્રમાદી છે, એટલે કે શાસ્ત્રે કહેલા યોગ્ય કાળને, તે તે ચોકકસ આસનમુદ્રાદિને, અને ચોક્કસ વિધિને જે પ્રમાદથી સાચવતો નથી, છતાં ઈચ્છાપૂર્વક ધર્મ કરે છે,

તેનો આવો ધર્મયોગ એ ઈચ્છાયોગ છે.

ઈચ્છાયોગ એટલે માત્ર ઈચ્છા નથી, પણ ધર્મનો પુરુષાર્થ છે, ધર્મની પ્રવૃત્તિ છે. તે પણ સ્વેચ્છાથી એટલે રાજીપાથી કરાતી પ્રવૃત્તિ છે. વળી ઉચ્ચ કોટિનો ધર્મ કરવાની ઈચ્છા હોય, અને પ્રવૃત્તિ હોય, એટલા માત્રથી ય ઈચ્છાયોગમાં પણ નથી અવાતું; પરંતુ જે ધર્મ કરવો છે, તેના પદાર્થને જેણે ગુરુમુખે શાસ્ત્રોમાંથી સાંભળ્યા છે, સાંભળીને પાછો જ્ઞાતા બન્યો છે, તેથી 'એના અંગે સાવચેતી અને વિધિવિધાન કયાં ? વિઘ્નો કેવા આવે ? કેવી રીતે એનો સામનો થાય ?' - આ બધી વાતોનો જ્ઞાતા હોય; અથવા સામાન્યથી કહીએ તો ધર્મ અંગેના આગમનો શ્રોતા હોય. ખૂબ સમજજો ઈચ્છાયોગીની કક્ષામાં આવવા માટે પણ કેટકેટલો અને કેવો કેવો પુરુષાર્થ જોઈએ છે.

### અર્થ એટલે આગમ શી રીતે ? :

અહીં 'શ્રુતાર્થ' એટલે સાંભળ્યા છે આગમ જેણે એવો અર્થ કર્યો. એમાં 'અર્થ' શબ્દનો અર્થ 'આગમ' કેમ કર્યો? એટલા માટે કે આગમ દ્વારા તત્ત્વને 'અર્થાય' છે, એટલે કે ઈચ્છાય છે, ઈષ્ટ બનાવાય છે, એની અપેક્ષા કરાય છે; જેના થકી તત્ત્વની અભિલાષા રહે તેનું નામ અર્થ. એટલે 'અર્થ'નો અર્થ કર્યો 'આગમ.'

### ઘણું છતાં ઈચ્છાયોગ ? :

જેણે આગમનું શ્રવણ કર્યું છે, તે શ્રુતાર્થ. વળી શ્રવણ માત્રથી ન ચાલે. શ્રવણ કરવા છતાં, વસ્તુનો, વસ્તુના વિધિવિધાનનો, તત્ત્વનો જ્ઞાતા ન બને, તો સારો ઈચ્છાયોગ નહિ સધાય. માષતુષ મુનિ જેવા પણ અલબત્ આગમના જ્ઞાતા નહોતા, છતાં એ પાયામાં જરૂરી પાંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ વગેરેના જ્ઞાતા તો ખરા જ. નહિતર, **જાણે નહિ તો પાળે શું ? :**

★ ૧. કરવાની ઈચ્છાવાળા, ૨. આગમના શ્રોતા, અને ૩. જ્ઞાની, છતાં ૪. પ્રમાદીની ૫. ખોડવાળી ૬. ધર્મપ્રવૃત્તિ, તે ઈચ્છાયોગ કહેવાય છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦ - ધર્મ કરવાની ધગશ થઇ, ગુરુ પાસે જઇ આગમનું શ્રવણ કરે; ને એ શ્રવણમાંથી જ્ઞાન મેળવ્યું. આટલું છે, અને પાછો ધર્મ તો સાધે જ છે, છતાં એને શાસ્ત્રયોગ નહિ કહેતાં ઇચ્છાયોગ કેમ કહો છો ?

ઉ૦- કારણ એ છે કે એ તત્ત્વનો વેત્તા બન્યો છતાં પ્રમાદી છે ! પ્રમાદી હોવાથી તેનો ધર્મયોગ કાળ-આસન-મુદ્રા વગેરેમાં ખોડખાંપણવાળો છે. શાસ્ત્રયોગીમાં પ્રમાદ હોય નહિ, તેથી એ ખોડખાંપણ લગાડે નહિ. પણ અહીં સાધક એટલો પ્રમાદને પરવશ છે કે ધર્મયોગમાં ખોડખાંપણ લગાડી દે છે. એ હિસાબે એ ઇચ્છાયોગી છે. છતાં એ સાચી ધર્મની અભિલાષાવાળો છે, તત્ત્વવેત્તા છે, એ વાતનો સ્વીકાર કરવામાં આવે છે.

## ઇચ્છાયોગમાં ચાર ખાસિયત :

**(૧) કરવાની ઇચ્છા, (૨) શાસ્ત્રશ્રવણ, (૩) કર્તવ્ય-બોધ અને (૪) પુરુષાર્થ, - ખાસ આ ચાર ખાસિયત ઉપર આ ધર્મયોગનો અધિકાર છે, એમ કહેવાય.** પણ પ્રમાદમાં હોવાથી યોગ વિકલદશાનો હોવાને લીધે ઇચ્છાયોગની સ્થિતિમાં છે. શાસ્ત્રયોગી તો પ્રમાદ નહિ સેવવાનો; આત્મસત્ત્વથી પ્રમાદ ત્યજવાનો. તેથી તેનો ધર્મયોગ વિકલ નહિ થવાનો, શાસ્ત્રાનુસારી થવાનો. 'શાસ્ત્રાનુસારી' એટલે શાસ્ત્રે જેવા કાળને, ક્ષેત્રને, દ્રવ્યને, અને ભાવને સાચવીને ધર્મ કરવાનો કહ્યો છે, તે મુજબ બરાબર સાચવીને કરનારો હોય.

કાયોત્સર્ગયોગ કરવાનો, એટલે પછી કાયોત્સર્ગના દોષો વિનાનો અને પ્રતિજ્ઞાના બરાબર પાલનથી કરવાનો. જેટલા આગારો રાખ્યા તેટલાથી ઉપરવટ નહિ થઇને કરવાનો. એ રીતે કરે અને તે પણ બરાબર જિનમુદ્રા સાચવીને, પ્રમાદને ત્યાગીને કરે, તો તો શાસ્ત્રયોગનો કાઉસ્સગ્ગ થાય. પાછું આની ઉપર સામર્થ્યયોગ ન આવે ત્યાં સુધી કેવળજ્ઞાન ન મલે. શાસ્ત્રયોગથી આગળ વધી સામર્થ્યયોગને સાધવાથી જ એ મળે.

## ઇચ્છાયોગમાં ધર્મની ખુમારી કે ધર્મનો સંતોષ ખોટો છે :

જે શાસ્ત્રયોગ આટલો ઊંચી કોટિનો છતાં સીધો કેવળજ્ઞાન આપનાર નથી, તો તેનાથી નીચેનો ઇચ્છાયોગ સીધો મોક્ષ કેમ જ આપી શકે ? આપણે એ ઇચ્છાયોગમાં કદાચ આવ્યા હોઇએ, તો પણ એ નીચેની કક્ષાના ઇચ્છાયોગમાં આવ્યા; પૂર્વપુરુષો આચરી ગયા એ ઉપર-ઉપરની કક્ષાના ઇચ્છાયોગમાં નહિ. એ આવ્યા વિના નીચેની કક્ષાના ઇચ્છાયોગની ધર્મ પ્રવૃત્તિ પર ધર્મિપણાની કેટલી ખુમારી કરી શકીએ ? યા એવો કેટલો સંતોષ માની શકીએ, કે 'અમુક પ્રકારની સાધના મેં કરી લીધી; હવે બસ, શકય બધું પામી ગયો !' સાચેસાચ ઇચ્છાયોગના ઘરની આપણી સાધના હોય, તો પણ શાસ્ત્રયોગના ઘરની આપણી સાધના હોય, તો પણ શાસ્ત્રયોગની કે મોટા ગણધર ભગવંતોના ઇચ્છાયોગની આગળ તો તે તુચ્છ છે, એ બરાબર લક્ષમાં જોઇએ. એ લક્ષમાં હોય તો ખોટી ખુમારી કે સંતોષ ન થાય.

અલબત્ આવી પણ ધર્મયોગની માત્ર ઇચ્છાને શાસ્ત્રકાર ઇચ્છાયોગ નથી કહેતા, કિંતુ તેવી શુદ્ધ ઇચ્છાપૂર્વક કરાતા ધર્મયોગને ઇચ્છાયોગ કહે છે. એ હિસાબે તેનો નમસ્કાર અહીંયા ધર્મયોગમાં રાખ્યો છે. ઇચ્છાયોગની નીચેના પૌદ્ગલિક આશંસાવાળોયોગ કે કષાયવાળાયોગ એ ધર્મયોગ નથી. 'ફલાણો શું દાનથી કીર્તિ ખાટી જતો'તો ? હું વધુ દાનથી એને બતાવી આપું,' એમ કરી દાન દે, એ અભિમાન કષાયયોગ થયો.

તો પહેલું એ વિચારવાનું છે કે 'જો ધર્મયોગને સાધીએ છીએ, તો એના માટેની ધગશ કેટલી છે ?' દર્શન કરવા જઇએ છીએ, સામાયિક-પ્રતિક્રમણ કરીએ છીએ, નવકારવાળી ગણીએ છીએ. ત્યાં ધગશ રાખીએ છીએ, પણ 'તે ધગશ એની કે બીજાની ?' 'મારે પરમાત્માનાં દર્શન કરવાં છે,' એ ધગશ કે ?, કે 'ક્રિયા પતાવવી એ ધગશ છે?' શું પતાવવાનું ? મોંમા પાણી ઘાલવા માટે દર્શન પતાવવાના, એમ ? મન કયાં જઇ રહ્યું છે ? શું ક્રિયાનીપતાવટ પર ? માત્ર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યવહારના પાલન પર ? શું શ્રાવકપણાનો આચાર 'પતાવવા' પર ? અરે મહાનુભાવ ! પતાવવા જેવી તો સંસારની વેઠ ? કે ઉત્તમ ધર્મક્રિયા ? **જેનાથી ભાવી અનંતકાળ સુધરી જાય એવી તરણતારણ ધર્મક્રિયા તો 'કેમ વધુ કરું'...એવું થવું જોઈએ.**

**શુદ્ધ ધર્મઈચ્છા કેવી હોય ? :**

ઈચ્છાયોગમાં શું લાવવું છે ? મનમાં થાય કે 'મારે પ્રભુની પૂજા કરવી છે. પૂજાની ક્રિયા તો પહેલી કરવાની છે. પ્રભુ-પૂજન વિના કાયા અને મન પવિત્ર કયાંથી બને ? ત્યારે એ વિના દિવસ કેમ જાય ? પરમ ઉપકારી પ્રભુની પૂજા વિના કૃતજ્ઞતા કયાં ?'

પછી શાસ્ત્ર શા માટે સાંભળવું છે ? કહો કે 'તે વિના આત્મા કેમ સુધરે ? આત્મા હિતમાર્ગે આગળ કેમ વધે ?'

શું સમજયા ? 'શાસ્ત્રોનું શ્રવણ આગળ વધવા માટે છે, ત્યાં ને ત્યાં ઊભા રહેવા માટે નથી;'- એટલું જો ધ્યાનમાં આવી જાય તો ઈચ્છાયોગની આ ક્રિયા પણ આત્માને ખૂબ જ આગળ લઈ જાય. આમ તમને ધર્મ કરવાની જ શુદ્ધ ઈચ્છા હોય, શુદ્ધ ધર્મ કરવાની જ ધગશ હોય, તો જ ઈચ્છાયોગની સાધનામાં આવી શકાય, નહિતર નહિ. જગતમાં સંમૂર્છિમ ક્રિયા કરનારા હોય છે, વિષક્રિયા કરનારા હોય છે, પણ એ ઈચ્છાયોગમાં નહિ ગણાય; કેમકે એ શુદ્ધ ધર્મની સાચી ઈચ્છા નથી. ગતાનુગતિ ક્રિયા કરે એના કરતાં માણસ એમ વિચારે કે ''નવકારવાળી વિના મારે ચાલે જ નહિ,'' એમ વિચારવામાં શું વાંધો નડે ? ગભરાશો નહિ કે 'ઉત્કૃષ્ટી ઈચ્છા તો અમારામાં આવતી નથી.' આવી ગભરામણ કરવાની જરૂર નહિ; કેમકે ઈચ્છા અને ઉલ્લાસની ઘણી કક્ષાઓ છે, એટલે એમાંની મધ્યમ કક્ષા પણ ઈચ્છાયોગમાં આવી શકે છે. માત્ર ક્રિયા શા માટે કરીએ છીએ, એનું ચોક્કસ નિદાન કરવાની જરૂર છે.

કોઈ પૂછે 'કેમ કંદમૂળ ખાતા નથી ?' તો શું એનો જવાબ એટલો જ કે 'બાધા છે ?' ના, એમ નહિ. ત્યાં કહેવાનું કે,-

'કંદમૂળમાં જીવહિંસા ઘણી, માટે એ ખવાય જ નહિ.'

કોઈ નિયમ લઈને કાર્ય શરૂ કર્યું, પછી રોજ શું વિચારવાનું ? એ જ કે 'અમારે હવે તૃષ્ણાનું પાપ કાઢવા માટે ઓછામાં જ ચલાવવાનું, એમ અમે નક્કી કર્યું છે. આનાથી વધુ નહિ જ વાપરવાનું.'

બાધા કરીને કાંઈ પણ છોડયું છે શા માટે ? ઓછામાં ચલાવવા માટે, ઈચ્છાઓ પર અને જરૂરિયાતો પર કાપ મૂકવા માટે, પાપ ઓછાં કરવા માટે.

'પ્રભુનાં દર્શન શા માટે કરો છો ?' એ પ્રશ્નના ઉત્તરમાં કહેવાનું કે -,

'પ્રભુનાં જ દર્શન કરવા લાયક છે માટે.'

'જૂઠું ન બોલતાં સાચું શું કામ બોલો છો ?' એટલા માટે કે,-

'માનવ-જીભે જૂઠું બોલાય જ નહિ, સત્ય જ બોલાય. માટે જૂઠું નથી બોલતા.'

વ્રત-ક્રિયા આદિના ઉદ્દેશ અંગે અંદર ઊતરીને વિચારશો તો પોતાની પામરતા, અજ્ઞાનતા જરૂર દેખાશે. અજ્ઞાનતા એવી છે કે સ્ટેશનની જ ખબર નથી. એટલે પચીસ વર્ષ પહેલાંનું જે સામાયિક, પૂજા કે દર્શન, તે જ આજે છે ! કદાચ એમે ય હોય કે પૂર્વે જે ધગશથી થતું હતું તે ધગશ આજે નહિ હોય. પહેલવહેલાં સિદ્ધગિરિદાદાના દર્શને આંખમાં આંસુ હશે, પણ પછી નહિ ! છે ને દુર્દશા ? ફરીથી દર્શને ભાવ ઘટયો ! ઈચ્છાયોગના ઘરની પહેલી શરત એ કે **''ધર્મકાર્ય સ્વતઃ શુદ્ધ ઈચ્છાથી અને ધગશથી કરીએ'** માટે સતત ધ્યાન એ જ જોઈએ કે **આ જીવનની કિંમત ધર્મ સાધવા પર છે, માનવની શાબાશી ધર્મ સાધવામાં છે, કર્મ સાધવામાં નહિ.** આ ધગશથી ધર્મ થતો જાય તેમ તેમ અંતરમાં ધર્મની ધગશ વધતી આવે. વળી

ધર્મની ઈચ્છા શી રીતે થાય ? તો કે એમ વિચારીને થાય કે 'કાળ જીવનું બધું ખેંચી જાય છે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાંથી બચાવવાનું ધર્મકાર્યથી બનશે.' દિવસ પર દિવસ ઊગે છે, એ પસાર તો થાય જ છે, પણ પાપમાં ! **ગઈ કાલનો કોઈ મહાન મહાત્મા હોય ને બીજો બદમાશ હોય, પણ બન્નેને નવું પ્રભાત મળે એટલે અહોરાત્રની ક્ષણોની નવી કોરી કરન્સી નોટો મળે છે! હવે તેનો જેવો ઉપયોગ કરવો હોય તેવો કરી શકે છે.**

જીવની શાબાશી એ કે તણાઇ જતામાંથી બચાવી લેવું. સવારે ઊઠયા ત્યારે ચોવીસ કલાકની જે ભેટ મળી, તેમાં અખંડ ત્રીસ સામાયિક કરવાની ભેટ છે. ચોવીસ કલાકમાં તો પૂજા, દર્શન, વ્રત, પચ્ચક્ખાણ, તપ-જપ વગેરે અનેક જાતના ધર્મ કરવાની તક છે ! પણ સાંસારિક સમયમાંથી એવું કેટલું બચાવવાની પડી છે ? મકાન, તિજોરી, બધું સલામત હોય, પણ માત્ર બે પૈસાની સાવરણી ય ન ખોવાય, તેની પણ કેટલી બધી સાવચેતી, સલામતી રખાય છે ? ત્યાં તો એટલું ય તણાઇ જવું ન જોઇએ ! અને અહીંયા બધું તણાઇ જાય, જતાં બચાવવાની વાત નહિ ! ! કેમ આમ ?'' **'મનુષ્ય જીવન તણાઇ જતી શક્તિ, સામગ્રી, અને સમયમાંથી બચાવી લઇ એને ધર્મમાર્ગે જોડવા માટે છે, ને એમ કરી પોતાના આત્માને દુર્ગતિમાંથી બચાવી લેવા માટે છે, એટલા જ માટે મારે ધર્મ કરવાની ઇચ્છા છે,** તે વાત નક્કી નથી કરી. જો બેસીને બરાબર વિચાર કરો કે 'કાળ તમારા જીવનમાંનું કેટકેટલું તાણી જાય છે,' તો એની ભયાનકતા ગજબની લાગે. શું શું તણાઇ-વેડફાઇ રહ્યું છે?

### (૧) તણાઈ જતો મોંઘેરો માનવ સમય :

માનવજીવનનો એકેક દિવસ જે મળે છે, તેમાં કેટલું ય સારું શકય હોય છે; પરંતુ એના બદલે એકેક દિવસનો કાળ જીવનમાં ઘણાં ઘણાં ઊલટા રસ્તે તણાઇ-વેડફાઇ જાય છે. અફસોસ કે હજારો દિવસોની તો કેટલી ય ગજબની ખોટ ! કહો કે કિંમતી લાખો માનવ ક્ષણો ખોટમાં તણાઇ જાય છે.

### (૨) માનસિક શક્તિ :

બીજી વેડફાઇ જતી વસ્તુ માનસિક શક્તિ છે. વિચારો, આ માનવના અવતારમાં ભારે સમજશક્તિ-વિચારશક્તિ મલી છે, તો એથી સારામાં સારી તત્ત્વવિચારણા કરી શકાય. આત્મચિંતવન, મૈત્રી આદિ ચાર ભાવના, કે અનિત્યતાદિ બાર ભાવના ભાવી શકાય. આજ્ઞાવિચયાદિ શુભ ધર્મધ્યાન ધ્યાઇ શકાય. મનથી ક્રમસર તીર્થો-મંદિરો ફેરવી શકો. અથવા 'ભરહેસર'ના મહાપુરુષોનાં જીવન વિચારી શકો. પણ એના બદલે અતત્ત્વની ભાંજગડમાં, તુચ્છ જડ પદાર્થોની ચિંત્વનામાં, અને ખોટી હર્ષ-શોક-ભય તથા મોહની લાગણીઓમાં જીવન કેવું તણાઇ રહ્યું છે? એમાં સમજશકિત અને વિચારશકિત બંનેય કેવી વેડફાઇ રહી છે ? જીવને કાળજી હોય તો શું આમાંથી કાંઇ જ બચાવી શકાય એવું નથી ? કાળજી ચીવટ હોય તો આડે માર્ગેથી ઘણી ય શક્તિ વેડફાતી બચાવી શકાય એમ છે. ખરાબ વિચાર, ખરાબ ચિંત્વન, ખરાબ ભાવના આવતા પહેલાં ઝટ સારી વસ્તુના વિચાર-ચિંતન-ભાવના મનમાં ગોઠવી શકાય એમ છે, એટલે તરત શક્તિ તણાતી બચે.

### (૩) તણાઈ જતા પૈસા :

બીજું, જુઓ કે આ જ માનવકાળે તમારા જીવનમાં ધનની કમાણીમાંથી કેટલું ય બધું પાપમાં તણાઇ જાય છે ! કેટલું ખરચામાં, કેટલું ફેશનમાં, અને કેટલું એશઆરામી માટે ખેંચાઇ જાય છે ? આ જરા બજારમાં જવું છે, ઝટ મનને થશે કે, 'ચાલો, રીક્ષામાં બેસી જઇએ.' શી જરૂર હતી ભાઇ ? ચાલી નાખ, પાંચ-સાત મિનિટનો રસ્તો છે. એ રીતે વધેલા પૈસા કોઇ દેરાસરમાં, પૂજામાં કે સાત ક્ષેત્રની પેટીમાં નાખજે-, તો એ તણાતું બચ્યું ગણાશે. આ સિવાય તો ઘણું ઘણું તણાઇ રહ્યું છે. જરા પેટ કે માથું દુખ્યું, ત્યાં એકાદ દિવસ ધીરજ ધરી ઉપવાસ ખેંચી કાઢે તો મટી જાય એમ હોય; પણ નહિ, એ ઝટ ડાકટરના ઘેર દોડવાનો. બે રૂપિયા દવાના, ત્રણ રૂપિયા ઇંજેકશનના, બે રૂપિયા મોસંબીના, એમ ધનને તણાઇ જવા દેવામાં સંકોચ નહિ ! માત્ર હિસાબ ગણવાનો જયાં આત્માનો બચાવ છે ત્યાં ! એટલે કયાં ? પ્રભુ-પૂજાની સર્વ વસ્તુ ખરીદી વાપરવામાં,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇ ટીપમાં લખાવવામાં, દાનમાં, જ્ઞાનમાં, પ્રભુભક્તિમાં, ગુરુભકિતમાં, સાધર્મિકભકિતમાં, અનુકંપા કરવામાં, જયાં આ બધે ખરચેલું એ બચેલું બને છે, ત્યાં ખરચતાં હિસાબ ગણવાનો ? વધુ ન ખરચાઇ જાય એ ધ્યાન રાખવાનું ? ત્યારે સંસારમાં તમારી હિસાબ વિના તણાઇ જવાની વાહ ઉદારતા ! સંસારના બિનજરૂરી ખરચામાં આખું ને આખું તણાઇ જાય ત્યાં કાંઇ વિચાર નહિ ?

## (૪) તણાઇ જતી શરીર શક્તિ:

હજુ વિચારો કે કેટલું ઉન્માર્ગે તણાઇ રહ્યું છે. શરીરની શક્તિઓ ઘણી ઘણી સારી પ્રવૃત્તિમાં જોડી શકાય એમ છે; પણ એના બદલે ફોગટ પ્રમાદમાં, વિષયકષાયના પોષણમાં, નિદ્રા કુથલીમાં, ખોટા યા મોજશોખના આરંભ સમારંભમાં, સાંસારિક દોડધામમાં શરીર-શકિતઓ તણાઇ રહી છે. એના બદલે દેવગુરુ અને ધર્મની સેવામાં શું કેટલીય શકિતઓ ખર્ચી શકાય એમ નથી ? ત્યાં શું સારા માર્ગે, પરમાર્થના કાર્યમાં, સુકૃતમાં તે શકિતઓ વાપરી શકાય એમ નથી ? બજારમાં શાક લેવા ગયો, લાવ, ત્યારે બજારમાં દહેરાસરના દર્શન પણ કરતો જાઉં, એવું ન કરી શકાય ? શું છાપાના વાંચનને બદલે ધર્મપુસ્તક ન વાંચી શકાય ? કસરતની સાથોસાથ પ્રતિક્રમણ કે ખમાસમણા ન બની શકે ?

## (૫) તણાતા સામગ્રી અને સંયોગ :

પોતાની ચીજ-સામગ્રી અને સંયોગો સંસારના કથલામાં કેટલા બધા તણાઇ જાય છે ! જો એને ધર્મખાતામાં કે પરોપકારમાં વાળી બચાવું, એવી ધગશ હોય તો કેટલો બચાવ કરી શકાય એમ છે ? માત્ર લક્ષ જોઇએ, આવડત અને ઉદ્યોગ ઉદ્યમ જોઇએ. આવડત હોય તો વિવેક કરી કરી બચાવવાનાં માર્ગ શોધી કઢાય, તે અનુસાર ઉદ્યમ થાય. એવા **ઉદ્યમથી દેખાશે કે આપણે માનેલી પાપ-સામગ્રી અને પાપ-સંયોગ એ ખરેખર હવે તો ધર્મસામગ્રી અને ધર્મસંયોગ બની ગયા છે !**

### પુણ્યસામગ્રી:

દા.ત. એ જ માનવદેહનો ઉપયોગ દયામાં દાનમાં, તથા દેવ-ગુરુ-સંઘ-સાધર્મિકની પૂજા-ભકિત- વૈયાવચ્ચમાં, અને તપસ્યામાં જેટલો થાય, તેટલા પ્રમાણમાં પુણ્યોપાર્જન નીપજે છે. એ હિસાબે એ દેહસામગ્રી પુણ્યસામગ્રી બની ગણાય. એમ જ ઇન્દ્રિયોનો સદુપયોગ થાય, એને અશુભમાંથી પાછી હટાવાય, પ્રશસ્તસ્થાનમાં નિયોજાય, તો એ જ ઇન્દ્રિયો પુણ્યસામગ્રી બને. દા.ત. ચક્ષુનો ઉપયોગ પર રૂપ જોવામાં, કે હિંસામય આરંભ-સમારંભ જોવા ઇત્યાદિમાં થાય એ ચક્ષુ પાપ-સામગ્રી; પણ શાસ્ત્રવાંચન, જીવદયા, ઇરિયાસમિતિ નિરીક્ષણ, દેવાદિદર્શન, વગેરેમાં ચક્ષુનો ઉપયોગ થાય તો એ ચક્ષુ પુણ્ય સામગ્રી. એમ પ્રભુગુણગાન, ધર્મોપદેશ વગેરેમાં વપરાતી જીભ એ પુણ્ય સામગ્રી. ત્યારે તત્ત્વચિંતન, પરોપકાર વિચારણા, ધર્મધ્યાન, વગેરેમાં વપરાતું મન એ પુણ્ય સામગ્રી. તેમ જિનપ્રતિમાદિ સાત ક્ષેત્રમાં અને અનુકંપામાં ખર્ચાતી લક્ષ્મી એ પુણ્ય સામગ્રી.

### પુણ્યસંયોગ :

તો સંયોગમાં પણ એવું જ છે. સારી પત્નીનો સંયોગ જો ધર્મકાર્ય કરવામાં ઉપયોગી થયો તો તે પુણ્યસંયોગ. કુપત્નીનો સંયોગ જો ધીરતા, ક્ષમા અને વૈરાગ્યદાયી બન્યો તો તેય પુણ્ય સંયોગ. કપરા દેશકાળના સંયોગ જો ત્યાગમાં જોડનાર બન્યા, મોજશોખ ઘટાડનાર બન્યા, અને ધર્મમાં વધુ ઉદ્યમી કરનારા બન્યા, તો એ પણ પુણ્ય સંયોગ.

### વિવેક :

બસ, આ ભેદ સમજીને પાપરૂપી બનતી સામગ્રી કે સંયોગને આપણે પુણ્યરૂપ બનાવી શકીએ. માત્ર આપણાં ધોરણ ફેરવવાની જરૂર છે. એ થાય તો તો લાગે કે આપણે તણાઇ જતું કેટલું ય બચાવી શકીએ **છીએ ! આ માટે કોઇપણ સામગ્રી કે સંયોગ અંગે થતી હલકી વિચારણા અને અધમ ધોરણમાં કઇ કઇ ભયંકરતા છે, અને એથી ઊલટું ઉત્તમ વલણ અને ઉમદા ધોરણમાં કઇ કઇ વિશેષતાઓ છે. એનો આલોક-પરલોકના**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અનેક દૃષ્ટિબિંદુથી વિચાર કરવો જોઇએ. ખેદની વાત છે કે એવી ઘણી સામગ્રી અને ઘણા સંયોગો આજે આપણને મળ્યા છે કે જે ઘરાર પાપ સામગ્રીરૂપ અને પાપ સંયોગરૂપ બની રહ્યા છે!**

હવે પાપસામગ્રીના દાખલા જુઓ.

**પાપસામગ્રી :-**

દા.ત. પહેલા નંબરની સામગ્રી માનવહદેવ, એ કેવી ઊંચી સામગ્રી ! પણ આજે એ ષટ્કાય જીવોનાં સંહારમય આરંભ-સમારંભમાં કારણભૂત બની થોકબંધ પાપકમાઇ કરાવી રહી છે ને ? એટલે દેહ એ પાપસામગ્રી થઇ. એ જ પ્રમાણે ઇન્દ્રિયો અને મન એ પણ વિષયોના સંગ અને કષાયોના સેવનમાં કારણભૂત બની સતત કર્મબંધ કરાવી રહ્યા છે, તેથી એ પાપસામગ્રી થયા. એવું જ લક્ષ્મી પણ ઘોર પાપસામગ્રી બની રહી છે, એ આજે પ્રત્યક્ષ દેખાય છે.

**પાપસંયોગ**ના દાખલા આજે પણ જુઓ. કોઇને પત્ની સારી પ્રેમાળ મળી છે, તો એ પણ એને પાપસંયોગરૂપ નીવડે છે, જો એ એટલા મોહમાં ચકચૂર રાખે છે કે એના સિવાય બીજી દેવ-ગુરુ-ધર્મની લગની જ ન લાગવા દે ! અને એની ખાતર અનેક પાપો-વેપારો, અભક્ષ્ય-સેવન, બીજાઓ સાથે કલેશ ટંટા વગેરે કરાવી પાપના થોક ઉપાર્જાવે ! આવી રૂપાળી પ્રેમાળ પણ પત્નીનો સંયોગ પાપ સંયોગ જ થયો. એથી ઊલટું જો એ કર્કશા પત્ની હોય, કુભારજા હોય, તો પણ એના સંયોગે પતિ કલેશ, કષાય અને શોક વગેરે દ્વારા કેટલાંય પાપ ઊપાર્જશે, માટે એ સંયોગ પાપરૂપ. બીજી રીતે જુઓ કે ગામમાં કે દેશમાં, ધંધામાં કે મિત્રમંડળમાં, અમુક પ્રકારના સંયોગ ઉપસ્થિત થાય, એના ઉપર પણ જીવો અઢળક રાગદ્વેષ કરી પાપ બાંધશે, તો એ પાપસંયોગ થયા.

**પણ જો હવે જૈનશાસનની સમ્યક્ શિક્ષા લો તો એ આવડત આવશે; કે જેથી એ પાપસામગ્રી અને પાપસંયોગોને ધર્મસામગ્રી અને ધર્મસંયોગોમાં પલટાવી શકાશે.**

મુખ્ય વાત આ છે કે ઇચ્છાયોગનો ધર્મયોગ આરાધો તો આ આવડત આવી જાય. કેમકે એમાં તો શુદ્ધ ધર્મની જ ઇચ્છા રાખવાની છે, એટલે એ ધર્મ-ઇચ્છા-પ્રબળ થઇ. પછી પાપસામગ્રી અને પાપસંયોગોને ધર્મસામગ્રી-ધર્મસંયોગોમાં પલટાવી દેવાનું સરળ છે. ધર્મની જ શુદ્ધ ઇચ્છા છે એટલે એમાં ભાવ ને ભાવના ફેરવવાથી એ પલટાવાનું બની શકે.

## દેવપાલની કથા

આ શુદ્ધ ધર્મ ઇચ્છા કેવી હોય તેમજ શુદ્ધ ધર્મની ઇચ્છાપૂર્વક ધર્મ કરાય એ કેવો હોય, એ આપણને અરિહંતપદના આરાધક દેવપાલના જીવનમાં આબેહૂબ જોવા મળે છે. દેવપાલ એક ક્ષત્રિય જાતિનો રજપુત, પણ કર્મસંયોગે એક શ્રાવક શેઠને ત્યાં ઢોર ચરાવવા લઇ જવાની નોકરી કરતો હતો. એકવાર ચોમાસાના દિવસમાં એ જંગલમાં ઢોરા લઇને ચરાવવા ગયેલો. એણે ત્યાં જોયું કે પર્વત પરની એક ભેખડ તૂટીને પડેલી નીચે, ને ભેખડ જયાંથી તૂટેલી ત્યાં ડુંગરાના પોલાણમાં ઋષભદેવ પ્રભુની પ્રતિમા હતી. જોઇને એ રાજીનો રેડ થઇ ગયો કે 'અહો ! મને ભગવાન મળ્યા !' પાસેની નદીમાં નહાઇ ધોઇને ભીની માટી લઇ આવ્યો, અને ડુંગરની નીચે એનાથી નાનું દેવળ બનાવ્યું; પછી ડુંગર પર ચડી સાચવીને ભગવાનને નીચે લઇ આવી એ માટીના દેવળમાં પધરાવ્યા. પધરાવીને જંગલમાંથી ફૂલો લાવી પ્રભુને ચડાવ્યા. પ્રભુની આગળ હવે હરખનાં આંસુ સાથે સ્તુતિ કરે છે, -

### દેવપાલની ભવ્યસ્તુતિ :-

'અહો ! પ્રભુ ! તું મને મળ્યો ? મારા ભાગ્યની અવધિ નથી. કયાં હું હીન ભાગી ? એક રાતી પાઇ મારી પાસે નહિ એવો કયાં દરિદ્ર હું ? અને તું ત્રિભુવનનો રાજા ! મને તું શે મળે ? મારાં તો મહાન ભાગ્ય ખુલી ગયાં ! આ મહામોંઘેરી મારી માનવ-જિંદગી પ્રભુ ! તારા વિના બેકાર જતી હતી, હવે તું મળી ગયો, એથી તારી ભક્તિમાં મારી જિંદગી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્યાલ થઇ જશે ! પ્રભુ ! પ્રભુ ! હવેથી મારે રોજ તારા દર્શન વગર મોંમાં પાણીનું ટીપું પણ નહિ નાખવાનો નિયમ.' પ્રભુ મળ્યાના હરખમાં નાચતો જાય ને ગાતો જાય, 'હેં મને ભગવાન મળ્યા ? ભગવાન મળ્યા ?' પાછો વળી નીચે બેસે, પ્રભુના ગુણ ગાય, 'નાથ ! તું મારો તારણહાર, તું મારો ઉદ્ધાર કરનારો, તું જગતદયાળુ, તું મળ્યો એ મને પરમનિધાન મળ્યું ! મારે હવે શી દરિદ્રતા ? તું મળ્યો એટલે મને બધું જ મળી ગયું.' વળી પાછો ઊઠી ઊઠીને પ્રભુને ખમાસમણાં દેતો જાય ! જંગલમાં છ કલાક રહ્યો ત્યાં સુધી પ્રભુનાં ગુણગાન કરતો રહ્યો. શું લેવા આ ભક્તિધર્મ કરી રહ્યો છે ? કશું લેવા નહિ એ આગળ દેખાશે. માત્ર ધર્મ કરવાની ઇચ્છાથી આ ધર્મ કરી રહ્યો છે. એ એનો ઇચ્છાયોગના ઘરનો ધર્મયોગ છે.

પછી તો ઢોર લઇ ઘેર ગયો, પણ મનમાં પ્રભુ જ પ્રભુ છે. હવે રોજ સવારે ત્યાં આવે છે, ને પ્રભુના દર્શન કરી ન્હાઇ ધોઇ ફૂલથી પ્રભુને પૂજી પ્રભુના સ્તુતિ-ભક્તિ-ગુણગાન કરતો રહે છે.

## દર્શનમાં અંતરાયે ઉપવાસધારા :-

એકવારના પ્રસંગે વરસાદની મોટી હેલી વરસી. પાણીના પૂર ખૂબ ચડી ગયા છે, ઉપરથી મૂશળધાર વરસે છે. દેવપાલ જંગલમાં જઇ શકયો નહિ, શી રીતે જાય ? ચારેકોર જળબંબાકાર છે, તે પણ માથાભર પાણી ! એમાં શે ચલાય ? સવારની સાંજ પડી, સાંજની સવાર પડી, વરસાદ મૂશળધાર ચાલુ છે. ઘરે ભૂખ્યો તરસ્યો બેઠો છે. એના મનમાં લેશ પણ ખેદ નથી કે 'મેં આવો નિયમ કયાં કર્યો ? ને કશી છૂટ ન રાખી ?' ના, એ તો દર્શનની ઝંખનામાં છે. શેઠ કહે 'જમી લે,' તો કહે છે; 'ના, જંગલમાં મારા ભગવાનના દર્શન-ભક્તિ કર્યા વિના મારે જમવાનું નથી.' સાત દિવસ લગાતાર વરસાદ ! તે ઠેઠ આઠમે દિવસે ઊઘાડ નીકળતાં પહોંચ્યો જંગલમાં, અને પ્રભુના દર્શન કરતાં રોઇ પડે છે ! રોતો રોતો કહે છે,-

'અરેરેરે પ્રભુ ! તારા દર્શન વિના મારા ૭-૭ દિવસ વાંઝિયા ગયા. માફ કરજે પ્રભુ ! મેં તારી ખબર ન લીધી. કેટલો કમનસીબ હું આ મોંઘેરી જિંદગીમાં ત્રણ જગતનો નાથ તું મને મળ્યા છતાં તારા દર્શન-પૂજન વિના માત્રએક દિવસ નહિ, પણ મારા સાત સાત દિવસ બરબાદ ગયા ! પ્રભુ ! આટલી મોટી મને સજા ? નાથ જોઇએ તો મને સાત નહિ, સત્યાવીસ દિવસ ભૂખ્યો રાખજે, પણ આવી દર્શન નહિ પામવાની સજા મને ના કરીશ તું. હે દીનદયાળ! હે અનાથોના નાથ! દયા રાખજે આ રાંક સેવક પર!'

આંખમાં ચોધાર આંસુએ રોતો જાય, ને પ્રાર્થના કરતો જાય છે. ખૂબી જુઓ, ૭ દિવસ ભૂખ્યો રહેવું પડયાનું એને કોઇ દુઃખ નથી; દુઃખ છે પ્રભુદર્શન ન મળ્યાનું. કેમ વારુ ?

ઇચ્છાયોગનો ભકિતધર્મ કરે છે એટલે એને મન ધર્મ જ મુખ્ય છે.

હવે ત્યાં દેવી આવીને દેવપાલ ને કહે, -

'હે દેવપાલ ! હું આ તારા ભગવાન ઋષભદેવની અધિષ્ઠાયિકા દેવી ચક્રેશ્વરી છું. શું તારી ભક્તિ !! તારી શુદ્ધ ભક્તિથી હું ખૂબ પ્રસન્ન થઇ અહીં આવી છું. ભક્તિના બદલામાં તું કાંઇ પણ માગી લે, હું શું તારું પ્રિય કરું ?'

દેવપાલ કહે, 'તું મને ભક્તિ આપ.'

દેવી કહે, 'અરે ભલા આદમી ! ભક્તિ તો તારી પાસે છે જ.'

દેવપાલ કહે, 'કયાં છે મારી પાસે ભક્તિ ? મારી પાસે હોત તો આ સાત દિવસ પ્રભુભક્તિ વિના મારા વાંઝિયા કેમ જાત ? માટે મને કાયમી ભક્તિ દઇ દે.'

દેવી કહે, 'અરે મહાનુભાવ ! વરસાદના કારણે તું ભલે કાયાથી અહીં આવી ન શકયો, પરંતુ સાતેય દિવસ તારા દિલમાં તો ભક્તિ જ ભક્તિ હતી. માટે હવે ભક્તિના બદલામાં દુનિયાનું કશું રાજ્યપાટ, ખજાના, જે જોઇએ તે માગી લે. જો હું દેવતા છું, દેવનું દર્શન નિષ્ફળ જાય નહિ. મારે આવા તારા જેવા પ્રભુભક્તની કશી સેવા કરવી જ જોઇએ; માગ ભક્તિના બદલામાં તું માગે તે આપું.'

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાં દેવપાલ કહે, - 'દેવી ! મને તું મૂરખ શું બનાવે ? ભક્તિના બદલામાં દુનિયાનું કશું માગું, એટલે મારી મહાકિંમતી પ્રભુભક્તિને વેચી મારું ? તને કયાં ખબર છે, પ્રભુ-ભક્તિતો મારે મન ઐરાવણ હાથી જેવી છે, ને એની સામે તું જે દુન્યવી મોટું રાજ્ય પણ આપે એ તો ગધેડા તુલ્ય છે. હવે ભક્તિના બદલામાં તારા કહેવા પ્રમાણે માગુ અને તું આપે, એનો અર્થ એવો થયો કે **ઐરાવણ હાથી વેચીને ગધેડો ખરીદું !** એવો હું મૂરખ નથી. ભક્તિના બદલામાં ઊંચી ભક્તિ આપી શકતી હોય તો આપ, બાકી બીજું કશું જ ભક્તિની હરોળમાં ઊભું રહી શકે નહિ કે જે ભક્તિના બદલામાં માગી શકાય.'

કોણ બોલાવે છે આ? એને ધર્મની ઇચ્છા કોઇ દુન્યવી વસ્તુની આશંસા-અભિલાષાથી નથી, પરંતુ પ્રભુક્તિરૂપ ધર્મ જે કરી રહ્યો છે એના ફળમાં પણ એને ભક્તિરૂપ ધર્મ જ જોઇએ છે માટે ભક્તિધર્મની ઇચ્છા છે. ઇચ્છાયોગનો ધર્મ સાધવો છે ? તો ધર્મના બદલામાં ધર્મ જ માગો. દેવપાલ એમાં મક્કમ છે એ શાનો દેવીના વરદાનથી લલચાય ? 'બીજા કશાની ઇચ્છા જ નથી.' એટલે દેવીને, ઘસીને ના પાડી દીધી.

હવે શું કહે ચક્રેશ્વરી ? હાથ જોડયા, બોલી 'શાબાશ શાબાશ દેવપાલ ! મારું આપ્યું તો તું નહિ લે, પણ તારી આ ઉત્કૃષ્ટ ભક્તિ હોવાથી એ તને આ જન્મમાં જ ફળશે, ને તે તત્કાલ ફળવાની છે ! આ ભક્તિનું પુણ્ય તને સાતમે દિવસે આ નગરીનો રાજા બનાવશે !'

છતાં આ સાંભળીને દેવપાલને આનંદ ન થયો, બલ્કે દિલમાં ખટકો થયો કે 'અરરર ! જો હું રાજા થઇશ તો રાજ્યખટપટ સંભાળવામાં આ મારા પ્રભુની દિવસભર ભક્તિ શી રીતે કરી શકીશ ? રાજા થઇશ તો મારી ભક્તિનું શું થશે ?'

શું છે આ ? માત્ર ભક્તિધર્મની જ શુદ્ધ ઇચ્છા. એના રોજના **પ્રભુ દર્શનનો ધર્મયોગ આવી શુદ્ધ ધર્મની જ ઇચ્છાપૂર્વકનો હતો, માટે એ ધર્મયોગ ખરેખરો ઇચ્છાયોગનો ધર્મ કહેવાય.** ધર્મના બદલામાં દુન્યવી કશું જોઇતું હોય તો શુદ્ધ ધર્મ-ઇચ્છા ગઇ, ને બીજું લફરું પેઠું ! પછી ત્યાં દુન્યવી વસ્તુની ઇચ્છા મુખ્ય થશે.

જીવનમાં ધર્મની ઇચ્છા મુખ્ય થાય એટલે તો એક મહાન લાભ એ છે કે, પ્રતિકૂળ સંયોગોમાં પણ હૈયાના ભાવ નહિ બગાડાય. દા.ત. પત્ની કે પુત્ર ઉગ્ર સ્વભાવના છે, તો ત્યાં વિચારશે કે 'ચાલો, આપણને (૧) ક્ષમાધર્મ કમાવા મળે છે, (૨) અશુભ કર્મનો ક્ષય થઇ રહ્યો છે, (૩) સંસાર પર વૈરાગ્ય વધે છે; કેમકે સંસારમાં આવા એક કે બીજા પ્રકારના વાંધા ભારે ઊભા છે. 'એવો સંસાર અસાર છે,' - આમ વિચારી મનને ખામોશ, સહિષ્ણુતા રખાશે. શુદ્ધ ધર્મની ઇચ્છા મુખ્ય છે તો સહેજે બિનજરૂરી પાપો અને પાપસ્થાનક ઓછા કરતા જ જવાશે; એટલે શુભભાવ ટકાવી શકે. તેથી ઇચ્છાયોગમાં સારો નંબર લાગે.

## આત્માના ઉદયની ઇચ્છાથી ધર્મ થાય એ ઇચ્છાયોગ :

ઇચ્છાયોગ શું માગે છે? 'આત્માના ઉદય માટે ધર્મ સાધવાની ઇચ્છા,-'ધર્મ વિના મારે ચાલે જ નહિ. કેમકે જીવનનું કર્તવ્ય ધર્મ જ છે, ધર્મથી જ આત્માનો ઉદય છે,' પણ એમ નહિ કે 'ધર્મ ન કરીએ તો લોકમાં આપણું ખરાબ દેખાય, પૈસા ટકા ન મળે,' કેમકે એ વૃત્તિમાં તો, ખાનગીમાં પાપ કરતાં ખરાબ નહિ દેખાતું હોય, તો ધર્મ મૂકીને પાપ આચરાશે !

કોઇ પૂછે 'બ્રહ્મચર્ય કે સદાચાર કેમ પાળો છો ?' તો કહીએ 'મારું જે આ જીવન છે, તે શીલ પાળવા માટે છે; જેથી એનાથી અનાદિના કુસંસ્કારો ભૂલાઇ-ભૂંસાઇ જાય, ને મારા આત્માનો ઉદય થાય,' પરંતુ 'મારું વ્રત ભાંગે તો હું કલંકિત થાઉં ! લોકમાં મારી હલકાઇ થાય.' તેવી જ માત્ર વાત નહિ. 'માનવ થઇને શીલ ગુમાવીએ તો ખલાસ, ભવ બગાડયો ! ભવ ગુમાવ્યો ! તક ગુમાવી,'આ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્તવ્ય સમજે એટલે પોતાના જીવનમાં શીલને બરાબર પકડી રાખે, એમાં પીછેહઠ નહિ. આ સમજ સાથે ઇચ્છાયોગનો ધર્મ સાધવા માંડે, એટલે ધર્મમાંથી પ્રાયઃ એને કોઇ ચલાયમાન ન કરી શકે.

### બાધામાંથી પતન કેમ ?:-

માણસ પતન પામે છે, તો કેવી રીતે ? એ વિચારશે કે 'પ્રતિજ્ઞા છે, માટે પાપ નહિ કરવાનું,' પણ એમ નહિ કે 'પાપ કરાય જ નહિ, પાપના ભવ બીજા, માનવનો નહિ.' પછી અવસર આવ્યે પ્રતિજ્ઞા તો ન ભાંગે, પણ નવો ઇશ્યુ કાઢશે ! ધારો કે બાધા છે કે 'જૂઠું ન બોલવું;' પણ જૂઠનો પ્રસંગ આવ્યે, છોકરાને બોલાવીને કહે કે 'જો આ મારે તો જૂઠ ન બોલવાનો નિયમ છે, પણ તું સમય વર્તી લે.' કેવું પતન ! અહીં જો એ સમજયો હોય કે 'જૈન માનવના જીવનમાં જૂઠું ન જ બોલાય,'તો પોતે તો ન બોલે, પણ બીજા પાસે ય ન બોલાવે. એના બદલે 'મારે બાધા છે માટે મારે જૂઠું ન બોલાય' એટલું જ માની બેસે, એટલે એટલા સિવાય જૂઠ-પાપના બધા દરવાજા ખુલ્લા ! સમજી રાખશે કે 'બીજાને એવી બાધા નથી તો એ જૂઠું બોલી શકે. મારે પણ જૂઠૂં બોલવાની જ બાધા છે, બોલાવવાની બાધા નથી.' આવા આવા લોચા વાળે, ત્યારે કેમ પતન ન પામે ?

પણ 'ધર્મ જ કર્તવ્ય છે, પાપ કરાય જ નહિ,' દા.ત. શીલ એ જ કર્તવ્ય માને તો બચે. શીલ પાળે તે એમ સમજીને કે 'શ્વાસોશ્વાસ એ કાયાનો પ્રાણ છે, તેમ શીલ એ આત્માનો પ્રાણ છે.' આત્મા અવિનાશી છે, તો એનો ગુણ 'શીલ' બચાવેલો અવિનાશી થઇ જાય. બાકી પુદ્‌ગલનો લોચો શરીર તો નાશવંત છે, એટલે એના પ્રાણ પણ નાશવંત છે.

તે નાસ્તિકને પણ કબૂલ કર્યે છૂટકો છે. **શરીર અને આત્માનો મૂકાબલો કરીએ એટલે શરીરની કિંમત જ નહિ લાગે.** એટલે જો આત્માના શિયળનું - શીલનું શક્ષણ થતું હોય, તો ભલે કાયા વહેલી પડી જાય ! પણ કાયાના રક્ષણમાં શીલનું ભક્ષણ થતું હોય તો તે નહિ થવા દેવાનું.

### કર્તવ્યપાલનની ઇચ્છાથી ધર્મ એ ઇચ્છાયોગ :

### પાપ ધોવાનું અહીં જ સુલભ છે :

ઇચ્છાયોગનું કર્તવ્ય બજાવ્યે શી તાકાત આપે ? સુકોમળ કાયાથી પણ ક્ષાત્રવટ દેખાડવાનું બળ આપે ! કંગાલ દેખાતામાં શૂરવીરતા લાવે ! 'સવંત્સરી પ્રતિક્રમણ કરવું તે કર્તવ્ય છે, વર્ષભરનાં પાપ ધોવાં છે,' એ બુદ્ધિથી પ્રતિક્રમણમાં આવ્યો હોય, તો સામાન્ય ગરમીની તો શું તાકાત છે, પણ કોઇ વિશેષ ગરમી વરસે તો પણ વધાવવા તૈયાર ! 'પાપ ધોવાનં મારું કર્તવ્ય છે માટે પ્રતિક્રમણ કરવું જ જોઇએ; ને આમ પાપ ધોવાનું આ જ જીવનમાં સુલભ અને સાધ્ય છે. માટે એ કર્તવ્ય તો અવશ્ય સાધવું જ જોઇએ,' એમ મનને રહેશે. એટલે અહીં ધર્મની ઇચ્છા થઇ તે કર્તવ્યપાલન માટે થઇ. એ શુદ્ધ ધર્મઇચ્છા છે, તેથી એ કર્તવ્યપાલન એ ઇચ્છાયોગનો ધર્મ થયો.

મહાસતી સુરસુંદરીને પરદેશમાં પતિએ ત્યજી દીધેલી તે કર્મસંજોગે અનેક આપદાઓ વટાવતાં વટાવતાં એક વિદ્યાધરના વિમાનમાં ઝીલાઇ જવાથી કહે છે,

'મને પડવા દો નીચે; શું કામ મને મરતી અટકાવો છો ? મારા માથે શીલ સાચવવામાં બહુ ભીતિ છે. જીવતી રહીને શીલનો અંત આવી જાય એના કરતાં શીલ રહીને જીવનનો અંત આવી જાય તો સારું; જેથી શીલ તો અખંડ રહે.'

વિદ્યાધર કહે છે, 'બેન ! મારાથી તું બી મા. હું તારો ભાઇ છું. તારી મુદ્રા જોતાં તું ઊંચા ખાનદાનનો જીવ લાગે છે; તો શા સારું આપઘાત જેવું અધમ કામ કરવા તૈયાર થાય ? તારું શીલ અખંડ રહેશે, વિશ્વાસ રાખ.'

વાત સાચી છે આયુષ્ય નકામું નષ્ટ ન કરાય. આયુષ્યની રક્ષા કરવી જોઇએ, ગોપવી રાખવું જોઇએ. અનુભવીઓ કહે છે :

### સજ્જને નવ વસ્તુ ગોપવવી

(૧) પહેલું તો આયુષ્ય ગોપવવું, સાચવવું,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખોટી રીતે નષ્ટ ન થવા દેવાય. એટલા માટે તો ખોટા સાહસ કરવાની મનાઇ છે. આપઘાત કરનાર અજ્ઞાન વહુઓ 'સાસુના ત્રાસ સહવા કરતાં મરી ગયા સારા' એમ માને છે ! પણ એને વિચાર નથી કે 'પછી માછલી થઇ કે મ્લેચ્છના ઘરે બકરો થઇ તો કઇ દશા થશે ? જીવતાં છાલ ઉઝરડાશે ! કડકડતા તેલમાં તળાવું પડશે ! માટે આપઘાતનો વિચાર ખોટો છે.' વાસ્તવમાં હાથમાં માનવ આયુષ્ય-જીવન એ અવ્વલ સુકૃતોપાર્જન અને પાપત્યાગ તથા પાપનાશનું અનન્ય સાધન છે. સાધન ગુમાવ્યે આ મહાદુર્લભ લાભ ગયા !

(૨) બીજું ધન ગોપવી રાખવું, પણ જેમ તેમ ઉડાઉ બિનજરૂરી ખરચામાં વેડફી ન નાખવું. ખૂબ સાદાઇ, કરકસર અને ત્યાગ કેળવીને ધન સંરક્ષવું; જેથી (i) વધુ કમાવાના પાપ ન કરવા પડે, ને (ii) સુકૃતને જગા રહે.

(૩) ત્રીજું ગોપવવાનું ઘરનું છિદ્ર; અર્થાત્ કુટુંબના દોષ યા રહસ્ય (ગુપ્ત વાત) બહાર નહિ કહેવા. એ બહાર કહેતાં ઘરની આબરૂ જાય; અને એ દોષ-રહસ્યવાળો કદાચ ઝેર ખાય !

(૪) વિષય ક્રિયા અને મોહની રમત ગુપ્ત રાખવી. સામાન્ય પ્રેમ-ચેષ્ટા પણ ત્રીજો દેખતો હોય ત્યાં ન કરાય. અરે ! મોહનો સામાન્ય બોલ પણ ત્રીજાના સાંભળતાં ન બોલાય. ત્રીજાના સાંભળતાં જો પત્નીને પતિ 'વહાલી' કહીને બોલાવે, તો ભૂંડો લાગે. ત્યાં તો ગંભીર અને શિષ્ટ બોલ જોઇએ.

(૫) ઔષધ પણ ગોપવીને અર્થાત્ એકાંતમાં લેવું જોઇએ; જેથી કયારેક કદાચ કોઇની નજર ન લાગે.

(૬) છઠ્ઠું ગોપવવાનું દાન. જમણા હાથે દીધેલું પોતાનો જ ડાબો હાથ ન જાણે. બીજો જાણે તો માન આપે, પ્રશંસા કરે, તો ફુલાઇ જવાય, અભિમાન કષાય થાય, અને મનને એવું થવા સંભવ કે 'દાન લેખે લાગ્યું !' અર્થાત્ દાનના મહાન પારલૌકિક લાભ કરતાં માનની કિંમત વધુ લાગી !

(૭) માન મળે એ મનમાં ગોપવી રાખવું, બહાર ગાતાં નહિ ફરવું; નહિતર આપ-બડાઇની સજ્જન લોકો હાંસી કરે; તેમજ બહાર કહેતાં સામો બીજાના અધિક ગુણ-સુકૃતની પ્રશંસા કરવા જાય ત્યાં પોતાને ઇર્ષ્યાથી કરમાવાનું થાય.

(૮) કોઇના તરફથી આપણું અપમાન થયેલું ગોપવી રાખવું, બીજાને કહેવું નહિ; નહિતર બહારમાં આપણી નમાલા તરીકેની પ્રસિદ્ધિ થાય; અથવા અપમાન પાછળ સમજફેર હોય, ને નીકળે જુદું, તેથી પછી ભોંઠા પડવું પડે.

(૯) નવમું ગોપવવાનું શીલ વગેરે ગુણો. આ ગુણોની પૂરેપૂરી રક્ષા કરવી. એ માટે સત્સંગ, સારું શ્રવણ, સારું વાંચન, વગેરે રાખવું જોઇએ; તેમજ પ્રલોભનથી લોભાઇ ન જવું, ને આપત્તિમાં ધીરતા ન ગુમાવવી, જેથી ગુણોનો ભંગ કરવાનું મન ન થાય. લોભાઇ જવામાં તો એક ગુણના ભેગો બીજો ગુણ પણ જવા લાગે છે.

ઇતર શાસ્ત્રોમાં આવે છે. વિશ્વામિત્ર ઋષિ વર્ષોથી તપ કરતા હતા, બ્રહ્મચર્ય પાળતા હતા, પરંતુ ઇંદ્રને ભય લાગ્યો કે, 'આ મારું સિંહાસન લઇ લેશે,' તેથી એમને ચળાવવા મેનકા અપ્સરાને મોકલી. એણે આવી હાવભાવ વગેરે કામના ચાળા કર્યા, પ્રલોભન આવ્યું. ઋષિ ચલાયમાન થઇ ગયા ! બ્રહ્મચર્ય ગુણ મૂક્યો, એટલે તપ મૂકાઇ ગયો !

**રૂપાળી સ્ત્રીનું એક આંખનું મટકું કે એક અંગનો ચાળો જોયેલો વર્ષોના તપ-બ્રહ્મચર્યને સાફ કરી નાખવા સમર્થ છે.**

બ્રહ્મા એમજ ચતુર્મુખ થયા. સિંહની ગુફા આગળ ૪-૪ મહિના સુધી ઉપવાસ કરીને કાઉસ્સગ્ગમાં ઊભા રહેવાની તાકાતવાળા મુનિને કોશા વેશ્યાના રૂપ-દર્શનનું પ્રલોભન મળ્યું તો ચલિત થઇ ગયા ! માટે શીલ વગેરે ગુણો ખૂબ ગોપવવા જેવા, અર્થાત્ ભારે પ્રયત્નથી એનું રક્ષણ કરવા જેવું; નહિતર જાતીય સંબંધોના અનાદિના સંસ્કાર એવા છે કે વિજાતીય પાત્રો સાથે વર્ષો નહિ, મહિના નહિ, ૨-૪ દિવસના પણ સંબંધમાં આવતાં, એ વિકારના અવનવા તોફાન જગાવ્યા વિના ન રહે. માટે જ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શીલ-બ્રહ્મચર્યની મર્યાદા અને નવ વાડ સાચવીને એની ખૂબ રક્ષા કરવાની છે. જો સાધુએ પણ મર્યાદા મૂકી, જો એ બ્રહ્મચર્યની વાડ ચૂકયા, તો મોહ જાણે કહે છે 'આવ તને માંકડાની જેમ નચાવીએ ! તારે જો વિકાર સુલભ કરવા છે, શીલ ગોપવવાની પડી નથી, તો સામે ભકતાણીના રૂપમાં ફસાવી તને ઊંચો-નીચો કરી મૂકીએ.'

આમાં જીવને એ જોવાની ફુરસદ કે પરવા નથી રહેતી કે મોહના આવેશમાં વિકારી બનવાથી આત્મામાં સારું શું વધે છે ? નિર્મળ જ્ઞાન વધે ? ધર્મશ્રદ્ધા વધે ? ચારિત્ર વધે ? ના, કશું જ નહિ, ઉલ્ટુ મનથી પણ સ્ત્રી તરફ ને ભોગ તરફ આકર્ષાઇ જવામાં એ વખતે જ્ઞાન-દર્શન-ચારિત્રનો ઉપયોગ ચૂકે ! વળી આત્મા સત્ત્વ ગુમાવે, રાગ થાય, એ થવાથી વીર્યનાશ થાય, માનસિક વિહ્વળતા વધે. બસ,

**આ અનર્થોથી બચવાના હેતુએ શીલધર્મની પૂરી રક્ષા કરાય, એ શુદ્ધ ઈચ્છાયોગનો ધર્મ બને.**

**આત્માની બદીઓ કાઢવાની ઈચ્છાથી ધર્મ કરાય એ ઈચ્છાયોગ :**

ધર્મની શુદ્ધ ઇચ્છામાં ઘણું સમાય છે. આત્માની બદીઓ કાઢવાની ઇચ્છાથી ધર્મ-સાધના કરાય એમાં પણ શુદ્ધ ધર્મ-ઇચ્છા જ છે.

**આત્મગુણ-વિકાસની ઈચ્છાથી ધર્મ કરાય એ ઈચ્છાયોગ :**

કેવળજ્ઞાન ક્ષપકશ્રેણિથી મળે છે, ને એ ક્ષપકશ્રેણિ અપૂર્વકરણથી નીપજે છે. અપૂર્વકરણ સાત્ત્વિક કરી શકે,કાયર નહિ. તેથી અપૂર્વકરણ માટે પ્રબળ સત્ત્વ જોઇએ. તો ધર્મયોગો સાધતાં સાધતાં સત્ત્વ વિકસાવ્યે જવાનું મોટું કર્તવ્ય થઇ પડે છે. બસ, આ સત્ત્વ કેળવવાની ઇચ્છાથી ધર્મયોગો સાધવામાં આવે એમાં પણ સત્ત્વ-ઇચ્છા એ પણ શુદ્ધ ધર્મઇચ્છા છે.

**પ્ર૦- સત્ત્વ શેનું કેળવવાનું ?**

ઉ૦- ઈંદ્રિયનિગ્રહ-મનોનિગ્રહ-કષાયનિગ્રહ-પ્રમાદનિગ્રહ વગેરેનું સત્ત્વ કેળવવા જેવું છે.

ધર્મની ઇચ્છા થાય તે ઈંદ્રિયનિગ્રહ વગેરેનું સત્ત્વ કેળવવા માટે થાય, તે ઇચ્છાથી ધર્મ થાય તે ઇચ્છાયોગનો ધર્મ. એટલે ધર્મ કરતાં મારે સત્ત્વ કેળવવું છે, આ જો લક્ષ રહે તો બ્રહ્મચર્ય પણ પાળવું સરળ બની જાય. કેમકે એમાં સત્ત્વ વધે એ ખરો અને અતિ મહાન લાભ છે. બાકી માણસ વિચારે તો દેખાય કે સત્વ ગુમાવી મન પર નિગ્રહ ન રાખી મનને વિકૃત બનાવવામાં કોઇ લાભ ? શું કોઇ સમ્યગ્દર્શનનો, જ્ઞાનનો, ચારિત્રનો કે તપનો પર્યાય વધે ખરો? ના, (૧) ઉલ્ટું એ પર્યાય હ્રાસ પામે, તો પછી શા સારું વિકારી થવું ? (૨) વિકાસ થવામાં આત્માની ઊંચામાં ઊંચી કોટિની મહાકિંમતી અને શરીરની રાજા સમાન ગણાતી ધાતુ જે વીર્ય, તે પાતળી પડી વિનાશને પામે છે (૩-૪) એનાથી ઈંદ્રિયોનાં તેજ ઘટે છે. મગજની ગ્રહણ-ધારણ-વિચારણ શકિત હણાય છે, અને (૫) ધીરવીર હૃદય પણ દુર્બળ બને છે. જગતમાં જીવન જીવવાની મઝા હોય તો સાત્ત્વિક, સબળ અને તેજસ્વી ઈન્દ્રિયો તથા મનના ઉપર છે. બ્રહ્મચર્યના ભંગથી વીર્યનો નાશ કર્યો ને વીર્યના નાશથી જો એ ઇન્દ્રિયો અને મનને નિઃસત્ત્વ, દુર્બલ અને માયકાંગલા બનાવી દીધા, તો પછી જીવન જીવવામાં શી મઝા ? પછી તો આયુષ્ય હોય એટલે જીવવાનું તો ખરું, પણ (૬) દહાડા એમ જ મુડદાલિયા જીવનથી પૂરા કરવા પડે. ચક્ષુમાં તેજ ન હોય, કાન બહેરા પડયા હોય, મગજમાં સ્મૃતિ-ભ્રંશ રહ્યાં કરે, તેથી ભૂલી બહુ જવાય; એટલું જ નહિ પણ (૭) મગજની શકિત મરી ગઇ તેથી મગજ સહેજ સહેજમાં ઉશ્કેરાઇ જાય. (૮) તુચ્છ વિચારો કરી નાખે, દીર્ઘ અને ઊંડા તત્ત્વચિંતન કરવામાં એ તદ્દન અસમર્થ હોય. આ તે કાંઇ જીવન છે ?

ત્યારે બીજી પણ એક વાત છે કે **બ્રહ્મચર્યનું મમત્વ, ને રસ જો નથી તો (૯) વિચારસરણી હલકી રહેવાની, અને (૧૦) કાર્યોમાં સારી સફળતા નહિ મળવાની.** કવિ કહે છે: ''અબ્રહ્મચારીનું ચિંતવ્યું કદીએ સફલ ન થાય;

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાપસ્થાનક ચોથું વરજીએ.'' **વિચારસરણીની હલકાઈ** એ રીતની કે (૧૧) મન સામે ગમે તેવા સદ્‌ગુણી પાત્ર હશે, એમાં ગુણ જોવાને બદલે રૂપલાવણ્ય જોશે ! આત્માની સ્થિતિને બદલે ચામડાની ગોરાશ અને ગાલની ગુલાબી જોયા કરશે ! એમાં પાછું (૧૨) અન્યાન્ય **કામ-પાત્રોમાં મુકાબલો કરી ટકા આંકશે !** આગળ વધીને કામની કલ્પનાસૃષ્ટિમાં **ચડી ભોગસુખના ઝાંઝવાના નીર જેવા વિકલ્પો કરશે !** વળવાનું કશું જ નહિ, પરંતુ સતત વિચારણા વિષય-ભોગની, વિષયોના સારા-નરસાપણાની ! ત્યારે બ્રહ્મચર્યના મમતાળુને અને અભ્યાસીને એ કોઇ લત નહિ. તેથી શુદ્ધ ગુણદર્શન અને તત્ત્વચિંતનના પવિત્ર ઉચ્ચજીવન જીવે. બ્રહ્મચર્ય ધર્મની ઇચ્છા થાય તે આ પવિત્ર જીવન જીવવા માટે થાય. એ ઇચ્છાથી કરાતો ધર્મ તે **ઇચ્છાયોગનો ધર્મ. અબ્રહ્મના રસમાં** એ પણ ખામી છે કે (૧૩) છતાં તારક દેવગુરુને, ને એમની સેવાને મૂકીને કામના પાત્રની ખોટી ગુલામી ઉઠાવવી પડે છે ! એની ખોટી શેહમાં પડવું પડે છે ! તેથી દેવગુરુ અને ધર્મને કાં સરાસર ભૂલાય છે, અગર તો ગૌણ કરાય છે. ત્યાગ, તપસ્યા વગેરેને જતા કરવા પડે છે. આવા આવા તો કેઇ નુકસાનો ખડા થાય છે. **અહાહાહા ! પ્રભુશ્રી વીરના વારસદાર થવા છતાંય આવી ભયંકર નુકસાનીઓ વહોરવી પડે તે શા કારણે ? એક અ-બ્રહ્મરસના જ કારણે ને ?** વિષયભોગના રસના કારણે ને ! ત્યારે આ એકજ દોષ જો દૂર કર્યો તો કેવી અદ્‌ભૂત કમાણી હાથવેંતમાં છે ! કેવા સુંદર અને સાચા વીરના વારસદાર બનાય છે !

અબ્રહ્મના લીધે કાર્યમાં નિષ્ફળતા પણ ઘણી, નિષ્ફળતા એટલે એ કાર્ય આત્માના લાભમાં ઊતરવાની વાત નહિ; કેમકે પાછળથી નિશ્ચિતતા, પ્રસન્નતા અને પ્રોત્સાહિતતા નહિ.

**આત્માના અસલી નિર્વિકાર અને જ્ઞાનમય સ્વરૂપની સામે લક્ષ રાખવાથી કામવાસના કાબૂમાં આવે છે,** સાથે, **સુદર્શનશેઠ, સ્થૂલભદ્રસ્વામી વગેરેનાં ચરિત્ર ખૂબ ખૂબ વિચારવા લાભદાયી બને છે.**

## ધર્મક્રિયાની સફળતા શામાં ?

અનંત ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ગ્રંથમાં પરમાત્માને નમસ્કાર કરે છે ઇચ્છાયોગથી.

ઇચ્છાયોગથી નમસ્કાર શા માટે ? એટલા માટે કે શાસ્ત્રયોગ ને સામર્થ્યયોગનો દાવો કરી શકીએ એ સ્થિતિ અત્યારે અમારી નથી. એમ છતાં શુદ્ધ ઇચ્છાયોગથી પણ નમસ્કાર કરવામાં ન આવે તો તે નમસ્કાર નિષ્ફળ જાય.

**શુદ્ધ ઇચ્છા માટે શું જોઇએ ? 'આત્માની શુદ્ધિ, મુકિત અને સમૃદ્ધિ સાધવી છે માટે ધર્મ કરું,' આ ઉદ્દેશ જોઇએ.**

**સાધેલો ધર્મ સફળ, જો શુદ્ધિ, મુકિત અને સમૃધ્ધિ :-**

પ્રાથમિક કક્ષામાં પણ ઇચ્છાયોગના ઘરની ધર્મક્રિયા બનવી જોઇએ; તો જ માની શકીએ કે ધર્મક્રિયાની સફળતા જે મળવી જોઇએ તે મળશે. **ધર્મક્રિયાની સફળતા એટલે ?** સ્વર્ગીય સુખ મળે તે નહિ, પણ

(૧) આત્મામાં શુદ્ધિ આવતી જાય, ઉપશમ-નિર્મળતાના માર્ગે આત્મા વિકાસ પામતો જાય,

(૨) મોહનાં બંધન, અસત્ કલ્પનાનાં બંધન, કષાયનાં બંધન અને કર્મનાં બંધનમાંથી મુકત થતો જાય,

(૩) પોતાના અનંતસુખ-સમૃદ્ધિની નજીક પહોંચતો જાય,

તેમાં ધર્મક્રિયાની સફળતા છે.

ત્યારે જો આમાં સાચી સફળતા હોવાનું માનીએ, એટલે તો કોઇ દિવસ એવા નિરાશ થવાની જરૂર ન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડે, કે "ભાઈ, હું આટલાં દેવદર્શન-પૂજા- સાધુસેવા -નવકાર જાપ તથા તપ-દાન-શીલ કરે જાઉં છું, છતાં તેનું કેમ કોઈ ફલ દેખાતું નથી ? અથવા મને બધું નિરાશા જેવું કેમ લાગે છે ?" આવું જે થઈ જાય છે, તેના કરતાં જો એ સમજતો હોય કે ધર્મક્રિયાની સફળતા (૧) આત્માના દોષોની શુદ્ધિમાં છે, (૨) જડની પરાધીનતામાંથી આત્માની ક્રમશઃ મુકિતમાં છે, અને (૩) આત્માના ગુણવૈભવનો ઉત્તરોત્તર વિકાસ કરી મોક્ષની નજીક જવામાં છે,' તો નિરાશા નહિ લાગે. કેમકે એ ફળ તો શુદ્ધ ધર્મક્રિયાની સઘાઈ જ રહ્યું છે.

## આત્માની શુદ્ધિમાં શું આવે ?

એ કે જે મિથ્યાત્વાદિ દોષો અને અવિનયાદિ દુર્ગુણોથી તથા કુવાસના-કુસંસકારોથી આત્મા કલુષિત હતો, તે તે હવે ઓછા ઓછા થતા આવે, હ્રાસ પામતા જાય.

## મુક્તિ એટલે ?

આત્માને જે સંસાર અને ઉપાધિઓ બાંધીને ગુલામીમાં રાખે છે, - મોહ- મમત્તાની ગુલામી, 'મારે આટલો ગુસ્સો, આટલું સ્વાભિમાન વગેરે રાખવું જ જોઈએ' એવી કષાયોની ગુલામી, તેમજ અસત્ કલ્પનાઓ ખોટાં ગણિત દા.ત., 'દિવસમાં ચાર વાર ખાઈએ તો સુખી રહીએ,'ની ગુલામી, તેમાંથી મુક્તિ, અર્થાત્ તેની પરાધીનતા પર કાપ.

## આત્માની સમૃદ્ધિની નજીક જવું એટલે શું ?

એટલે કે આત્માની પોતાની જે નિર્મળ જ્ઞાનમય દશા છે, નિવૃત્તિના ઘરના સુખની દશા છે, સ્વરૂપે મહાસત્વ ને વીર્યની દશા છે, એનો અલ્પાંશે પણ અનુભવ કરતા જવું, ઝાંખી કરતા જવું, એટલે આત્મ-સમૃદ્ધિની નજીક જવાય. આમ ધર્મક્રિયાથી આ સાધવાનું છે, - (૧) આત્મશુદ્ધિ - ભાવવિશુદ્ધિ (૨) બંધનોથી મુક્તિ અને (૩) આત્મસમૃદ્ધિ-જ્ઞાન ક્ષમાદિ ગુણવૈભવ. આ શુદ્ધિ-મુકિત-સમૃદ્ધિ માટે શુદ્ધ ધર્મ સાધવાની વાસ્તવિક ઇચ્છા કરે ત્યારે ઇચ્છાયોગના ઘરની ક્રિયામાં આવે. આ રીતે ધર્મક્રિયાઓ હવે વિચારો.

## ફરી વિચારો ક્રિયાના ઉદ્દેશ :-

**'સામાયિક શા માટે ?'** પાપમાંથી બચવાનો એ માર્ગ છે. **'આટલો પ્રભુની મૂર્તિને ઠાઠ શા માટે ?'** પ્રભુ પ્રત્યે દિલ ચોંટાડી રાખવા માટે. 'આ આંગી અને આ **થાળ ભરી ભરીને ફૂલ, ફળ, નૈવેદ્ય આ બધું શા માટે ?'** પાપમાં તણાતી લક્ષ્મીને યોગ્ય પાત્રે અર્પવી જ જોઈએ એ માટે. પરમાત્મા જેટલા ઊંચા, એટલા ઊંચા દ્રવ્યથી એમનો સત્કાર-બહુમાન કરી જ લેવા જોઈએ. પરમાત્મા ફરી નહિ મળે ! જો એ નહિ મળ્યા હોય ને હીરા-માણેક પણ મળ્યા હશે, તો તે શું કરવાના ?' આ ઇચ્છાયોગથી પૂજા કરનારો કેવોક ઉદાર હોય એમાં પૂછવાનું શું? ઇચ્છાયોગમાં શુદ્ધ ધર્મલેશ્યા જોઈએ છે. એ આવી, પછી તો આત્મામાં અપૂર્વ જોમ આવે છે.

## ઇચ્છાયોગ એક સમર્થ યોગ :-

ઇચ્છાયોગ તો માત્ર નામથી ઇચ્છાયોગ છે, બાકી તો એ મહાન સમર્થ યોગ છે ! સાતમે ગુણઠાણે અપ્રમત્ત ભાવ સુધી લઈ જનાર એ ઇચ્છાયોગ છે ! અલબત્ શાસ્ત્રયોગનું લક્ષ રહેવું જોઈએ. બાકી ઇચ્છાયોગ એક સમર્થ યોગ છે એમાં શંકા નથી. ત્યારે કોઈ સામર્થ્યયોગ એમ ને એમ નથી ઊતરી પડતો ! અનંતી દ્રવ્યક્રિયા પછી ભાવક્રિયા આવે છે ! એ ભાવક્રિયાના નક્કર અભ્યાસ પછી શાસ્ત્રયોગ સામર્થ્યયોગ, શુકલધ્યાન, ક્ષપકશ્રેણિ, ને કેવળજ્ઞાન આવે છે. આ અભ્યાસની દશામાં, એટલે કે આ ભાવક્રિયાની નિશાળે ભણવાની અવસ્થામાં કઈ ક્રિયા લાવવાની ? ઇચ્છાયોગના ઘરની, પણ એ ઇચ્છાયોગના ઘરની જે ક્રિયા આપણને ઊંચે લઈ જવા સમર્થ છે, જો તેને શાસ્ત્ર કહે છે એ પ્રમાણે ન બનાવીએ તો ત્યાંના ત્યાં ઊભા રહીએ !

## દ્રવ્યક્રિયાની મહત્તા :

પ્ર૦- અનિચ્છાએ કરેલો ધર્મ ઇચ્છાયોગમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માને ન લાવી આપે ?

ઉ૦- : જેને લાવવો હોય તેને લાવી આપે, બીજાને નહિ. 'પંચવસ્તુ' શાસ્ત્રમાં આજ શાસ્ત્રકારે દ્રવ્યશ્રુત-દ્રવ્યક્રિયાનું ગૌરવ ગાયું છે. કહ્યું છે, કોઇએ આક્ષેપ કર્યો કે - "દ્રવ્યશ્રુત અનંતવાર સેવ્યું, છતાં હજુ ભાવશ્રુત આવ્યું છે ? ના, માટે કહો કે દ્રવ્યશ્રુત કામનું નથી, ભાવશ્રુત જ કામનું છે." ત્યારે તેને આ શાસ્ત્રકાર ઉત્તર આપે છે કે 'તારી વાત અર્ધસત્ય છે. અનંતવારની દ્રવ્યક્રિયા નકામી ગઇ, તે અમે માનીએ છીએ. પણ એ સમજજે કે જયારે ભાવશ્રુત મળશે ત્યારે તે દ્રવ્યશ્રુતની સહાયથી જ મળશે. ભાવ વિનાની ક્રિયા નકામી એનો અર્થ એ નથી કે ક્રિયા નકામી. જમીન અને વરસાદ છતાં પાક કેમ નહિ ? કેમકે બીજ નહોતું વાવ્યું. તો પાક માટે બીજ કામનું અને વરસાદ નકામો એમ ? ના, એ તો પાછો જયારે જમીનમાંથી પાક થશે ત્યારે બીજ અને વરસાદ સિવાય નહિ જ. ભાવશ્રુતનું લક્ષ્ય ન રાખ્યું, તેથી અનંતવાર દ્રવ્યશ્રુત નકામા ગયા. પણ જયારે ભાવશ્રુત મળશે ત્યારે દ્રવ્યશ્રુત જ તે મેળવી આપશે. ભાવનું ધ્યેય રાખીને ક્રિયા કરતાં કરતાં, સાચા ભાવ અને ભાવક્રિયા પ્રગટશે. માટે તો સમકિત વિનાની દાનાદિ ક્રિયાને નકામી કહેનાર જ્ઞાનીઓએ જ સમકિત પામવાના સાધન તરીકે પાછા દાન, વ્રત, તપસ્યાદિને બતાવ્યા છે. કેમકે આ દાનાદિ ક્રિયા રૂપી દ્રવ્યશ્રુત સમકિત ભાવશ્રુતને પ્રગટ કરે છે.

**ભાવ બે પ્રકારના છે.** આજે ઉપવાસ કર્યો, મનને થાય, 'આજે કોઇ આહારની ગુલામી નહિ, કોઇ આહારની વિચારણા નહિ. આહારની લપમાંથી છૂટયા, આ છૂટયાનો મહાતોષ, એ ઉત્તમ ભાવ છે. હવે આ જેમ ભાવ છે, તેમ એ ભાવના ધ્યેયને પામવા માટે હૃદયમાં જે ઇચ્છા થાય છે તે પણ ભાવ કહેવાય છે. અર્થાત્ છતી ભૂખે ન ખાતાં આહારની ગુલામીમાંથી છૂટયાનો તોષ પામવાની સાચી તમન્ના એ પણ ભાવ છે. ઉચ્ચ કોટિના ભાવ લાવવાના હૈયાના ભાવને પણ ભાવ કહેવાય છે. એ રાખીએ તો દ્રવ્યક્રિયા નકામી નહિ.

આપણાં વ્રત-પચ્ચક્ખાણ અને અભિગ્રહોમાં કેવો અદ્ભૂત ચમત્કાર છે. એ ખૂબ ખૂબ સેવતાં કોઇક દિવસે ઊંચી કોટિના ભાવ જોવાનો સમય આવશે. પણ જેણે એ રાખ્યું જ નથી તેને તો આહાર - વિષયની બારે ભાગોળ ખુલ્લી ! એટલે ભાવ એ અંગેના મલિન ને મલિન જ આવ્યા કરવાના. પૂર્વ પુરુષોના ચરિત્રો જુઓ, વિચારો. એમાં વ્રત તપ વગેરે સેવતાં સેવતાં ઉત્તરોત્તર શુભ ભાવની ચઢતી થયાનું ઠામ ઠામ દેખાઇ આવશે.

## ધર્મક્રિયાની ઇચ્છા શા માટે?

કહો કે જીવનનો સાર જ ધર્મક્રિયા છે ! જીવનની સફળતા જ આમાં છે ! કથીરના સંયોગમાંથી સુવર્ણ સિદ્ધિઓ પ્રાપ્ત કરવાની સાધના ધર્મક્રિયામાં છે ! વિનાશી, અપવિત્ર અને પર એવી કાયામાંથી અવિનાશી, પવિત્ર ને સ્વકીય કલ્યાણ સાધવાનું કાર્ય આમાં છે ! નાસ્તિકને પણ કાયાના આ ધર્મો કબૂલ કર્યા વિના છૂટકો નહિ. સ્વ-પરના ભેદ જગતમાં નિર્ણીત થઇ ગયેલા છે. **તો કહો, કાયા દાસ ? કે આત્મા દાસ ?**

**આસ્તિકનું ડહાપણ :** નાસ્તિક ભલેને આત્માને મંજુર ન કરતો હોય, પણ કાયા પર એ શું એવો દાવો, સંતોષ કે ખુમારી ધરી શકે એમ છે કે 'આપણું કહ્યું કાયા માને જ ? આપણી ઇચ્છા મુજબ જ કાયા વર્તે ? આપણા કબજામાં જ એ રહે ?' ના, ત્યારે તું એ જો 'તારું ધાર્યું તે કરે ? કે તું એનું ધાર્યું કરે ? તારા હુકમ એ પાળે, કે એના હુકમ તું પાળે ? બધું ઊંધું ! આપણે એનું કહ્યું માનવાનું ! તેથી જ આસ્તિક આત્મા એમ વિચારે છે કે, 'એવી પણ આ કાયામાંથી જો હું ધર્મનો ઇચ્છાયોગ સાધું, જો હું ઇચ્છાયોગથી પણ ધર્મ સેવી લઉં, તો મારા આત્માનું અવિનાશીપદ, સાચી પવિત્રતા, ને સાચું સત્ત્વ હું સાધી શકું એમ છું. આટલા માટે મારે આ ધર્મક્રિયા કરવી છે.' આવી ઇચ્છા આપણને ઇચ્છાયોગનાઅધિકારી બનાવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઈચ્છાયોગ માટે લૌકિકમાંથી અલૌકિક તરફ

કોઈપણ ધર્મયોગને ખરેખરા ઈચ્છાયોગની કક્ષામાં લાવવા માટે એક ઉપાય આ પણ છે, કે આપણે લૌકિકમાંથી અલૌકિક તરફ પ્રયાણ કરીએ; જીવનમાં લૌકિકતા છોડી અલૌકિકતા લાવીએ, ને એ માટે અલૌકિક સાધનાઓ આચરીએ.

આ લૌકિક-અલૌકિકનો ભેદ સમજવા માટે એ જુઓ કે જગતમાં જીવન તો ઘણી જાતના છે. કીડા - કીડી, મચ્છર-માકણ, વીંછી-સાપ, વાઘ-વરુ, ઢેડ-ભંગી ... વગેરે અનેકનાં જીવન જુદા જુદા પ્રકારના જોવા મળે છે. એમાં કેટલાકનાં જીવન તો મહા ભયંકર દેખાય છે, દા.ત. માખીનો વાઘ, બિલાડી, ગિરોલી, સિંહ, વાઘ... વગેરેનાં. એમ શક્તિ-અશક્તિ, ગુલામી, શેઠ, ત્રાસ-સુખ... વગેરેથી પણ જીવન જુદા જુદા દેખાય છે. નારકીના જીવતાં જીવન એકલા ત્રાસમય ! ત્રાસ તે કેવા ? જીવતા કપાય-છોલાય - છૂંદાય, બળાય, કૂટાય...વગેરે ! ત્યારે દેવતાનાં જીવન એકલા સુખમય; અલબત્ અંતરમાં ઈર્ષ્યા-લોભ-વગેરેથી દુઃખી થાય એ માનસિક વાત. એમ મનુષ્યોમાં ય રાજા-અમલદાર-વેપારી-દલાલ, શેઠ - ગુમાસ્તો - નોકર-મજૂર વગેરેના જીવન જુદા જુદા દેખાય છે. છતાં આ બધાનાં જીવન મુખ્યતયા આહાર-વિષય-પરિગ્રહ તથા કષયોની સંજ્ઞાના પાયા પરના હોઈ લૌકિક જીવન છે. એમાં લોકના જેવી હિંસામય આરંભસમારંભ, ખાનપાન, ધંધો-વેપાર, વિષયો-કષાયો... વગેરેની પ્રવૃત્તિ રહે છે એ લૌકિક જીવન છે. ત્યારે, એની સામે સારા સંયોગ-સામગ્રીથી વિષયત્યાગ, સંયમ, અહિંસા-દયા, વ્રત-નિયમ, જિનભક્તિ-સાધુભક્તિ... વગેરેની પ્રવૃત્તિ કરાય, એ અલૌકિક પ્રવૃત્તિ છે. એનાથી અલૌકિક જીવન જીવાય છે. ખૂબી એ છે કે માનવ દેહ-ઈન્દ્રિયો-બુદ્ધિ વગેરે ઉત્તમ સામગ્રીથી પણ ઘણા લૌકિક જીવન જીવે છે ત્યારે સુદેવ-ગુરુ-ધર્મના સંયોગ સહિત માનવદેહ-ઈન્દ્રિયો-મન-બુદ્ધિ વગેરે સામગ્રીને કેટલાક ભાગ્યશાળી ત્યાગ-સંયમાદિના અલૌકિક જીવન જીવવામાં જબરદસ્ત કારણભૂત બનાવે છે. આ સંયોગ-સામગ્રીની કદર હોય તો અલૌકિક જીવન જીવવામાં જબરદસ્ત કારણભૂત બનાવે છે. આ સંયોગ-સામગ્રીની કદર હોય તો અલૌકિક જીવન જીવવાનું કરાય.

અહીં ઈચ્છાયોગના ધર્મયોગને અવકાશ મળે છે. મનને એમ થવું જોઈએ કે 'આવા રુડા સંયોગ-સામગ્રી મળ્યા છે, તો લાવ, લૌકિક જીવનના અંધારપટમાંથી બહાર નીકળી પ્રકાશમય અલૌકિક જીવનને જીવું.' બસ, આ ઈચ્છાથી જે સાધના થાય એમાં ધર્મયોગની જ શુદ્ધ ઈચ્છા હોવાથી એ વાસ્તવિક ઈચ્છાયોગ બને. પ્રશ્ન થાય,

પ્ર૦- આમાં ઈચ્છા તો અલૌકિક જીવન જીવવાની આવી, શુદ્ધ ધર્મ-ઈચ્છા ક્યાં આવી ?

ઉ૦- ધર્મ શું છે ? અંધકારમય લૌકિક જીવન પડતું મૂકી પ્રકાશમય અલૌકિક જીવનની પ્રવૃત્તિ એ ધર્મ જ છે. કોઈ પૂછે 'કેમ ધર્મ કરો છો ? કેમ દેવદર્શન-પૂજા, દયા-દાન-શીલ, ત્યાગ-તપ કરો છો ? તો કહેવાય કે અલૌકિક જીવન જીવવા માટે. દુનિયાદારી - ધંધાદારી - મજેના ખાનપાન-રંગરાગ એ તો લૌકિક જીવન છે, એટલે કે કીડા-કીડી, પશુ-પંખી, અનાર્ય મનુષ્યો વગેરે લોકસાધારણ જીવન છે, એવા લૌકિક જીવનથી આપણી શી વડાઈ ? **જયારે આપણે આર્ય માનવ જનમ પામ્યા એ અલૌકિક જનમ છે; તો એમાં જીવન પણ અલૌકિક જ જીવાય.**

અને તે અલૌકિક ધર્મવૃત્તિ અને અલૌકિક ધર્મપ્રવૃત્તિથી જ જીવન અલૌકિક બને.આવી ઈચ્છામાં ક્યાં એકલા ધર્મ સિવાય બીજા કશાની ઈચ્છા જ છે ?

વાત આ છે કે આપણને જે લોકોત્તર દેવાધિદેવ, સદ્ગુરુ, જૈનધર્મ તથા એના અંગભૂત શાસ્ત્રો-મંદિરો-સંઘ... વગેરેનો અલૌકિક સંયોગ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળ્યો છે, તેમજ સાથે સાથે રુડો આર્ય માનવદેહ-ઇન્દ્રિયો-મન-બુદ્ધિ વગેરે અદ્ભૂત સામગ્રી મળી છે, એ સંયોગ - સામગ્રીની કદર જોઇએ; તો એનાથી અલૌકિક જીવનની ઉત્તમ આરાધના કરવાનું જ મન રહ્યા કરે.

## નરકની પીડાઓ :

જગતના જીવોની તુલનામાં જોઇએ તો દેખાય કે આપણા પુણ્યની અવધિ નથી ! નરકના જીવો બિચારા કેવા ભયંકર મારપીટ તથા કપાવા-છૂંદાવા-પીસાવા, અગ્નિમાં શેકાવા-બળવા વગેરેના ત્રાસ, વેદના, રીબામણમાં પડયા છે! શાસ્ત્રો નરકના જે ત્રાસના વર્ણન આપે છે, એ સાંભળ્યા ય જાય એવા નથી ! ત્યારે ખરેખર એ ત્રાસ ભોગવતા જોવાનું તો શે સહન થાય ? એથી આગળ વધીને તો એ ત્રાસ ખુદ ભોગવનાર શે સહન કરી શકતા હશે ? મનને એમ થવું જોઇએ કે 'આજે મારે આવા કોઇ ત્રાસ નથી, પુણ્યોદયની સારાસારી છે, ઉત્તમોત્તમ દેવગુરુ-ધર્મશાસનની સારી પ્રાપ્તિ છે, તો સારાસારીમાં કેમ અલૌકિક જીવનની કરણી ન સાધી લઉં ?

વર્તમાન સંસારના તિર્યંચો પર વરસતા જુલ્મ સાંભળતાં ય સંસાર પર વૈરાગ્ય થઇ જાય એવું છે. જુલ્મ તે કેવા ?

## તિર્યંચગતિમાં પીડા :

અમેરિકા જેવામાં મોટા ઢોરોને સ્પેશિયલ ખેતરોમાં ઊછેરી તગડા કરી પછી યાંત્રિક કત્લખાનામાં એને રેંસી નાખી ચરબી કાઢવામાં આવે છે, જે કાપડની મુલાયમતા માટે વપરાય છે ! એ મરેલા ઢોરોના ચામડામાંથી સુંવાળા બૂટ બને છે. વળી વધારે સુંવાળા ચામડા માટે તો ઢોરોને લોખંડી પાઇપો વગેરે સાથે બાંધી એના પર ઉકળતા પાણી નાખી ઘોકાથી એને કૂટવામાં આવે છે. કેમ વારુ ? જનાવર જીવતું હોય ત્યાં સુધી કકળતા ગરમ પાણીએ શેકાવાથી અને ઘોકાએ કૂટાવાથી શરીરનું લોહી ચામડીમાં ભરાય, ને તેથી ચામડું કૂણું રેશમ જેવું બને ! આમ કેટલું ય એ બિચારા બંધને જકડાયેલ જનાવરને બાળ્યા-કૂટયા પછી એના જીવતા જીવે એની ચામડી ઊઝરડી લેવામાં આવે છે ! વિચારવા જેવી છે એ જીવોના જીવનની કરુણ દશા ! છતાં એ ત્રાસમય જીવન પણ લૌકિક જીવન છે; કેમકે એમાં અલૌકિક જીવનના અંગભૂત કોઇ ત્યાગવૃત્તિ, સંયમ, પ્રભુભક્તિ કે શુભભાવ-ભાવનાદિ નથી.

ત્યારે આજે સૌંદર્ય અને મોજશોખના સાધન બનાવવા, કે દવાઓ ઇન્જેક્શનો બનાવવા, યા બનાવેલાને ચકાસી જોવા માટે માછલા-સસલા-વાંદરા દેડકાં-હરણિયા-સાપ વગેરે પ્રાણીઓ પર જે ભયંકર ત્રાસ વરસી રહ્યાં છે, તે જોયા-સાંભળ્યા જાય નહિ એવા ! ભારતમાં વર્ષે ૫૦ હજાર તો સાપની જીવતા જીવે ચામડી ઉઝરડાય છે, લાખો - ક્રોડો દેડકાના પગ પીંખાય છે, કરોડો-અબજો માછલાને જીવતા સુકાવી એના લોટ કરાય છે ! અમેરિકામાં વાંદરા પરના જુલ્મથી એ વાંદરા કરુણ ચીસેચીસ પાડી ઊઠે છે ! પરંતુ કોણ એની દયા ખાવા જાય ? આ તો મનુષ્યકૃત ત્રાસ !

બાકી કુદરતના ત્રાસ પણ કેવા ? મોટું તળાવ સુકાવા આવ્યું ત્યાં અંદરના સેંકડો માછલાની કેવી દશા ! ઉપરથી સમડી-ગીધડા અને ધરતી પરથી શિયાળિયા-કુતરા વગેરે એના પર તૂટી પડે છે. ત્યારે સારા ગણાતા ઘોડાની પણ આખી રાત ડાંસ-મચ્છરથી ચવાતા રહેવાની કેવી કરુણ દશા ! એમ શિકારી પ્રાણીઓથી રેંસાઇ જતા એના શિકારભૂત જીવોની કેવી દુર્દશા ! એમ ગુલામીમાં પડેલા માનવોની ય કેવી દુઃખદ દશા !

આ બિચારા આટઆટલા દુઃખમાં છતાં એને અલૌકિક જીવન કયાં છે ? કેમકે એને ધર્મની સમજ જ નથી, વિવેક નથી, ધર્મના સંયોગ-સામગ્રીની સગવડ જ નથી.

એટલે જ આપણને એમ થવું જોઇએ કે 'જયારે અહીં ધર્મ માટે અનુકૂળ અતિ દુર્લભ સંયોગ-સામગ્રીની સગવડ મળી છે, ત્યારે પણ શું પશુ-સાધારણ આહારાદિ સંજ્ઞાઓ તથા ક્રોધાદિ કષાયોના લૌકિક જીવનમાં જ પડી રહીએ ? તો પછી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અલૌકિક જીવન જીવવાનું કયારે ? ભેંસના ભવમાં એ નહિ થાય; એ તો આવા ઉચ્ચ અવતારે જ શકય છે.'

## જીવનમાં અલૌકિકતા બે રીતે લેવાય :

પ્ર૦- પણ અહીં જેને લૌકિક જીવન પડતું મૂકવાની તાકાત ન હોય, એ કેવી રીતે લૌકિક જીવન જીવી શકે?

ઉ૦-લૌકિકમાં અલૌકિકતા ભેળવીને એ બની શકે. એમાં બે વાત છે,-

(૧) દુન્યવી લૌકિક જીવનની સાથોસાથ ધાર્મિક અલૌકિક જીવનની પ્રવૃતિ શકય એટલી વધારે કરતા રહેવાય; અને

(૨) લૌકિક પ્રવૃત્તિમાં અલૌકિકને ભેળવતા રહેવાય.

આમાં પહેલો પ્રકાર સ્પષ્ટ છે,-એમાં દેવદર્શન-પૂજા,દયા-દાન-શીલ,ત્યાગ-તપ-ભાવના, જિનભક્તિ-સાધુસેવા-શાસ્ત્રશ્રવણ, સામાયિક પ્રતિક્રમણ-પોષધ વગેરેની અલૌકિક જીવનકરણી કરતા રહેવાય.

બીજા પ્રકારમાં, ચાલુ સાંસારિક પ્રવૃત્તિમાં અલૌકિકતા ભેળવાય, દા.ત. રાગ-આસક્તિથી ખાવું-પીવું, પહેરવું-ઓઢવું વગેરે લૌકિક જીવન છે. પરંતુ એમાં ભક્ષ્યાભક્ષ્યાદિનો વિવેક કરે, અભક્ષ્યનો ત્યાગ કરે, અને રાગ-આસક્તિ ઓછી કરી વૈરાગ્ય રાખે, એ અલૌકિકતા ભેળવી ગણાય. નહિતર તો ખાવાની લૌકિક ક્રિયા કરતો કીડો અને એ જ કરતો માનવ, બેમાં ફરક શો ? ફરક વિવેક, ત્યાગ અને વૈરાગ્યથી પડે. માટે લૌકિક-અલૌકિકના ભેદ મનમાં અંકિત કરી લૌકિકમાં અલૌકિક ભેળવવા જેવું છે.

(૧) ભોજન એ લૌકિક છે. અભક્ષ્યનો ત્યાગ અને વૈરાગ્ય રાખે એ લૌકિકમાં અલૌકિકતા ભેળવી ગણાય.

(૨) ધનાદિના સ્વાર્થ સેવે એ લૌકિક,-દાનાદિ પરમાર્થ કરે એ અલૌકિક.

(૩) વિષયભોગ કરે એ લૌકિક; એમાં ત્યાગ માપ-સંયમ-નિયમ રાખે એ અલૌકિક.

(૪) વેપારરોજગાર કરે એ લૌકિક; એમાં સત્ય-નીતિ-દયા તથા મર્યાદા ને પરોપકાર જાળવે એ અલૌકિક.

(૫) ચૂલો સળગાવવો એ લૌકિક; એમાં પૂંજી-પ્રમાર્જી જીવ-જતના કરે એ અલૌકિક. એમ ઓછા અગ્નિએ પતાવે એ અલૌકિક.

(૬) કચરો ગાળવા પાણી ગળે એ લૌકિક; ગરણા પરના જીવની (સંખારાની) બીજા જળસંચયમાં ભેળવી રક્ષા કરે એ અલૌકિક.

(૭) પરણવું એ લૌકિક; પરંતુ એમાં પરસ્ત્રી-ત્યાગ સ્વસ્ત્રી સંતોષ અને તિથિનું બ્રહ્મચર્ય રાખે એ અલૌકિક.

## માનવજનમ અલૌકિક છે, તો જીવન પણ અલૌકિક જીવવું જોઇએ.

સર્વથા અલૌકિક ન બને તો ય લૌકિક જીવનમાં આમ અલૌકિકતા ભેળવવી જોઇએ. પ્રારંભે એ અલૌકિક કરણી અને ભાવ અલ્પ હોય, તો ય જેમ કસ્તૂરીનો કણ લિટર દૂધને મઘમઘાયમાન કરી મૂકે, એમ અલ્પ પણ અલૌકિક વૃત્તિ-પ્રવૃત્તિ લૌકિક કાર્યને મઘમઘાયમાન કરી દે છે.

## અલૌકિકનાં મિશ્રણ વિનાની એકલી લૌકિક કરણી ઝેરી, જંગલી અને પાપમય છે.

'ઝેરી' એટલે જાલિમ કુસંસ્કારના ઝેર નાખી આપે તેવી. 'જંગલી' એટલે ત્યાગના કશા બંધન વિનાની, યોગ્યાયોગ્યના વિવેક વિનાની, 'પાપમય' એટલે જીવના માથે નકરાં પાપ લાદનારી.

**ઈચ્છાયોગનો ધર્મ જીવનમાં અલૌકિકતા લાવવાની ઈચ્છાથી થાય** કે 'મારે મારું લૌકિક જીવન ઝેરી, જંગલી અને પાપમય ન બને, એ માટે એમાં તારણહાર અલૌકિકતા ભેળવવી છે; તેથી આ દેવદર્શનાદિ અલૌકિક ધર્મ કરું છું, આ અભક્ષ્યત્યાગ વૈરાગ્ય, જીવજતના વગેરેના અલૌકિક ધર્મ ભેળવું છું.' આ શુદ્ધ ધર્મ-ઈચ્છાથી ધર્મ કર્યો કહેવાય.

એમ 'શીલ કેમ પાળો છો ?' તો કે કુશીલ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અબ્રહ્મ-વિષયસંગ એ માનવ અવતારની દુર્ગંધ છે, અપવિત્રતા છે, લૌકિકતા છે. ત્યારે શીલ એ સુગંધ છે, પવિત્રતા છે, અલૌકિકતા છે. લૌકિક જીવનમાં શીલની આ અલૌકિકતા ભેળવું તો આત્માની કંઇક રક્ષા થાય. કોઇ દિવસે ય આ અલૌકિક શીલ ન પાળું તો પશુ અને વસવાયા કરતાં મારી શી વડાઇ ?

લૌકિકમાંથી અલૌકિક જીવન તરફ જવાની ઇચ્છાથી ધર્મ થાય, એમ

**વાસનાવિકારોના બંધનથી મુક્ત થવા, અને ગુણસંપત્તિ કમાવાની ઇચ્છાથી ધર્મ કરવામાં આવે એ ય ઇચ્છાયોગનો ધર્મ બને.**

દા. ત. 'કેમ દાન દો છો ?' તો કે ધનવાસના-ધનમૂર્ચ્છા કાંઇક ઘટે એ માટે; તેમજ ગુણીને દાન દીધાથી એમના ગુણોની સક્રિય અનુમોદના થાય અને મારામાં ગુણબીજાધાન થાય એ માટે જ છે. એટલે મનને થાય કે અલબત્ આ વાસના-મૂર્ચ્છાના હ્રાસ તથા ગુણબીજાધાન એ અલૌકિકતા. જીવનમાં આ અલૌકિકતા ન લાવું, તો એકલું લૌકિક જીવન એ છૂટું, સ્વચ્છંદ, અને મર્યાદાહિન અને પાપમય પશુજીવન જ બને.બાકી અલૌકિક ધર્મજીવન વિનાના એકલા સાંસારિક લૌકિક જીવનમાં

**યથેચ્છ વૈભવ-વિલાસો સેવાતા રહે એ આત્માનું કારમું મોત છે.** પછી સંકટ વખતે ય ધર્મ યાદ જ નથી આવતો ! કેવળ દુર્ધ્યાન અને અસમાધિ રહે છે.નવકાર કોઇ યાદ કરાવે તો ય રુચતો નથી ! માટે જ લૌકિક જીવનમાં ત્યાગના નિયમ, વ્રત, પચ્ચક્ખાણ, જિનભક્તિ, પરોપકાર.. વગેરેના અને સંવેગ-વૈરાગ્યના અલૌકિક જીવન જીવવા જેવા છે; જેથી પાપો અને પાપાનુબંધો ઓછા થઇ ભવાંતરે દુર્ગતિ-પરંપરા ન ચાલે. આ માટેની ઇચ્છાથી ધર્મયોગ સધાય, તે સાચા ઇચ્છાયોગનો ધર્મ બને.

ધ્યાનમાં રાખવાનું છે કે લૌકિક જીવનમાં અલૌકિકતા લાવવાની ઇચ્છાથી જ ધર્મ થાય, એ ઇચ્છાયોગને વધુને વધુ પ્રબળ કરે છે. ત્યારે બીજી-ત્રીજી ઇચ્છામાં તો પાછા પડવાનું જોખમ છે. દા.ત. 'શીલ કેમ પાળો છો ?', 'બાધા' છે માટે,' યા 'પુણ્ય મળે માટે,' આવી જો ઇચ્છા હશે તો સંભવ છે, કયારેક વાસના જોર મારતા શીલ ચૂકાઇ જશે! ત્યાં મન વાળી લેવાશે કે 'બાધાભંગનું પ્રાયશ્ચિત લઇ લઇશું' યા 'આજે શીલનું પુણ્ય નહિ કમાઇએ તો' બીજી રીતે પુણ્ય કમાઇ લઇશું.' આમ શીલ પર જોખમ છે, પરંતુ જો શીલને અલૌકિક જીવન તરીકે પાળવું છે, તો લોભાઇ જવાના એવા કચરાપટ્ટી વિચારો ય નહિ આવે, અને પતન પણ નહિ થાય. વાત આ, - **આહાર-વિષય-પરિગ્રહ અને આરંભ-સમારંભના લૌકિક જીવનમાં એના સંગ તથા વિકારો-વાસનાઓના બંધનોને ઓછા કરવાની અલૌકિકતા લાવવી જોઇએ.**

'શીલ-તપ-દાન વગેરે ધર્મ કેમ કરો છો ?' એનો જવાબ આ, કે 'મારા આત્મા પરના લાખો ગમે વિકારો અને વાસનાઓનાં બંધન ઓછા કરવા માટે ધર્મ કરું છું' લૌકિક જીવનમાં આ શીલ વગેરેની અલૌકિકતા ભેળવવા ધર્મ કરું છું,' - આ આશયથી શીલ આદિ ધર્મયોગ સધાય એ શુદ્ધ ધર્મઇચ્છાથી ધર્મયોગ સાધ્યો કહેવાય. એ ઇચ્છાયોગનો ધર્મ થયો. આના માટે...

આટલું સમજી જ રાખવાનું કે જગતમાં આપણી નજર સામે દેખાતા સઘળાં જીવન લૌકિક જીવન છે. એમાં માનવજીવન ધર્મથી અલૌકિક બનાવી શકાય એવું જીવન છે. 'સારું ખાઓ-પીઓ, મજા કરો, પરિગ્રહ ઊભો કરો, જયાં જયાં જરૂર લાગે ત્યાં ત્યાં ગુસ્સો-ધમધમાટ-રોફ કરતા રહો,સ્વાભિમાન ઊંચું રાખો...'આવા કોરા લૌકિક જીવન તો પશુ-જીવન છે. 'પશુ-જીવન' એટલે છૂટું નિયમ મર્યાદા રહિત સ્વચ્છંદ જીવન; રાગદ્વેષના તીવ્ર સંકલેશોવાળું જીવન. આવું કોરું લૌકિક જીવન જીવનારા પશુઓ કરતાં જયારે આપણને અલૌકિક આર્ય માનવજનમ મળ્યો છે, તો એમાં જીવનમાં અલૌકિકતા ભેળવવી જોઇએ. એ માટે કષ્ટ ઉઠાવવામાં તથા ભોગ આપવામાં પાછી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાની ન કરાય.

જુઓ સતી સુરસુંદરી પતિ દ્વારા એના અંગેની ખોટી ભ્રાન્તિ અને આવેશથી નિર્જન દ્વીપ પર ત્યજી દેવાયેલી ! એ પછીથી વિષયાંધ વહાણમાલિક, વેશ્યા, ચોર વગેરેના ફાંસલામાં ફસાઇ છે. ત્યાં જીવનમાં ભારે કષ્ટ આવ્યા છે, પરંતુ જીવનમાં એણે નવકાર-સ્મરણ, શીલ, તત્ત્વબોધ-તત્ત્વસમજ વગેરે અલૌકિકતાઓને ભેળવેલી છે, તો આ કષ્ટો ધીરતાથી પસાર કરી શકી છે. ચાલુ જીવનમાં આવી અલૌકિકતા વિના એકલા મોજ-વિલાસ અને ધનની જ ધૂન લગાવી હોય એને કષ્ટ આવતાં ધીરતા ન રહે, ને અનિચ્છનીય પાપોમાં પડી જાય ! જરૂર પડયે શીલ ચૂકે ! સદાચાર ચૂકે ! અને શું શું ય ન કરે એ કહેવાય નહિ.

**ત્યાગ-સંયમન-વિવેકની અલૌકિકતા ભેળવ્યા વિનાના સંસારના વધુ પડતા વૈભવ-વિલાસ સેવવા એ ભાવિ દુર્ગતિઓના કે અગણિત ભવોને સર્જવાનો ધંધો છે.**

મનને એમ થાય કે 'આજ સુધી અજ્ઞાનતામાં એ સેવાઇ ગયું, તો હવે એમાંથી બહાર નીકળી દયા-દાનાદિભર્યું, શીલ-વ્રત-નિયમભર્યું, અને સંવેગ-વૈરાગ્ય-શુભ ભાવનાઓથી છલકતું અલૌકિક જીવન બનાવી દઉં.' ઇન્દ્રિયો પર નિગ્રહ અને ક્રોધાદિ આવેશ પર સંયમન સ્થાપી દઉં. ઇન્દ્રિયોના જેટલા વિષયો સામે આવ્યા એટલા બધામાં જો ઇન્દ્રિયોને જોડી, તો એમાં સાત્ત્વિકતા નહિ, સત્ત્વનો નાશ છે. વીરતા નહિ, કાયરતા છે; માટે શકય એટલું વિષયોમાં ઇન્દ્રિયોને ન જોડું.'

સુરસુંદરી દમયંતી, સીતાજી વગેરે અબળા છતાં એવા ધીર વીર અને સાત્ત્વિક હતા, તો મરદને આંબે એવા હતા. ભારે કષ્ટમાં ય લૌકિક જીવનમાં અલૌકિકતા ન ચૂકયા. બાકી તો ખોળિયે મરદ છતાં અંતરથી નિઃસત્ત્વ, કાયર, ને કંગાળ, અને બાહ્યથી પશુસુલભ વાસના-વિકારોનું જ જીવન જીવનાર એ સાચા મરદ શાના ?

જીવનમાં આ અલૌકિકતા લાવવા માટે પશુસમાન કે અનાર્ય સમાન ભોગપ્રધાન જીવન નહિ કિન્તુ ત્યાગ-પ્રધાન જીવન બનાવવા જેવું છે. એ માટે આ એક ઉપાય છે કે આપણા જીવનમાં માપાબંધી રાખવાની.

માણસ સંસાર નભાવે છે. એમાં બે જાતની માપાબંધી નક્કી રાખે છે, -

**સંસારમાં બે જાતની માપાબંધી :**

(૧) એક માપાબંધી આ, કે પોતાનું શરીર પરિવાર અને પોતાની આવક જોઇને માપ નક્કી કરે છે કે 'મારા શરીરથી આટલી જ મહેનત કરવાની, પણ વધુ પડતી મહેનત નહિ. નહિતર આઘા જઇને પાછા પડવાનું થાય, બિમાર પડવાનું થાય, એમ ખર્ચ આવકના માપમાં જ રાખવાનો, જેથી દેવું ન થાય. એમ પત્ની-પુત્ર-ભાઇ વગેરેના સ્વભાવને જોઇ આવી રીતે જ રહેવાનું, તેથી અપ્રીતિ કે ઝઘડો ન થાય, ને સ્નેહ-સદ્ભાવ-શાંતિ બની રહે.'

(૨) બીજી માપાબંધી આ રાખે છે કે 'ઘરમાં આટલા વાસણ, આટલા ગાદલા-ગોદડા, આટલું ફરનીચર, આટલા કપડાલત્તા વગેરે તો જોઇએ જ. એમ સંસારમાં માનભેર રહેવું છે તો આટલો દમામ, આટલો રૂઆબ, આટલી હોંશિયારી તો રાખવી જ જોઇએ.'

લૌકિક સાંસારિક જીવનમાં આવી માપાબંધી આવડે છે, તો શું અલૌકિક ધર્મ-જીવનમાં માપાબંધી ન આવડે?

**અલૌકિક ધર્મજીવનમાં બે જાતની માપાબંધી :**

(૧)પહેલી માપાબંધીમાં મારે આટલા અભક્ષ્ય-અપેય ત્યાગ જ જોઇએ. મારે જુગાર-સિનેમા-તમાશા, તેમજ જયાં ત્યાં ને જયારે કયારે ય ભટકવાનું બંધ જ હોય, એમ -

(૨) બીજી માપાબંધીમાં 'મારે આટલી આટલી મારા દ્રવ્યથી જિનભકિત કરવી જ જોઇએ. આટલી સાધુ-સેવા, જિનવાણી-શ્રવણ કરવા જ જોઇએ. જીવનમાં આટલી ખામોશ, આટલી તૃપ્તિ, આટલી સહિષ્ણુતા રાખવી જ જોઇએ. એટલે કયારેક કદાચ કષાય કરવા જ પડે તો આટલાથી વધુ નહિ જ કરવાના.'

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આશ્ચર્ય છે કે માણસને સાંસારિક બાબતમાં ચોક્કસ પ્રકારની માપાબંધી જોઇએ છે, ને ધર્મની વાતમાં કશું નક્કી જ નહિ ! જો આ અલૌકિક માપબંધી ખપતી હોય, તો જીવન જીવતાં એનાં ધોરણ નક્કી રખાય. દા.ત., વિવિધ રસ ભોગવું છું, પણ રસ-ગારવ નહિ રાખવાનો; અર્થાત્ રસની આસકિત કે અભિમાન નહિ રાખવાનો. કયારે ય રસની આસકિતવશ રગડો કે પ્રશંસા ન કરું; યા અભિમાનવશ 'આપણે તો ભાઇ ! મુફલીસ પદાર્થ ન ખાઇએ. આપણે તો ઊંચી રસમય વસ્તુ જ ખાનારા,' આવું ન બોલું. એમ, 'શાતા તથા સમૃદ્ધિના પદાર્થના સંબંધ છતાં એના ગારવ તો ન જ કરું.' - આ લૌકિક જીવનમાં અલૌકિકતા છે. એમ લૌકિક જીવનની વચમાં જ અલૌકિકતા લાવવા માટે બને તેટલા ઓછા વિષયથી, ઓછા કષાયથી, ઓછી સંજ્ઞાઓથી, ઓછામાં ઓછી અસમાધિથી અર્થાત્ અસમાધિ લાવનાર રાગ-દ્વેષ , હરખ-ખેદ પર અંકુશથી જીવન જીવવાનું.

લૌકિક જીવનના આ વિષયો-કષાયો, અસમાધિ-દુર્ધ્યાન-ગારવ-શલ્ય-મોજશોખ વગેરેમાં ઘણી ઘણી કાપકૂપ કરીને જીવન ચલાવવાનું સમજે એ સાચો ધર્માત્મા જીવ કહેવાય. જેને આ કશું ઓછું કરવાનું જરૂરી ન લાગતું હોય, બધું સર્વાંશે જોઇતું હોય, એને મોક્ષ સાથે, અને મોક્ષ પ્રાપક ધર્મ સાથે તેમજ જિનશાસન સાથે શો સંબંધ ?

ઇચ્છાયોગની ધર્મસાધના ઊભી કરવી હોય તો એમાં માત્ર શુદ્ધ ધર્મની ઇચ્છા પહેલી જોઇએ; અને એ લૌકિક જીવનમાં આ બધી કહેલી અલૌકિકતા ભેળવવાની લગનથી ધર્મઇચ્છા થાય એ શુદ્ધ ધર્મ-ઇચ્છા છે. પછી તો આ લગનથી અલૌકિકતા માટે બને તેટલા વધુ ને વધુ ધર્મયોગ સાધતો જ રહે. પછી ત્યાં ધર્મસાધનામાં સંતોષ ન વળાય કે 'આપણાથી આટલો ધર્મ બને. વધારે શું થાય ?' આ સંતોષ વાળતાં પહેલાં મનને પૂછવું જોઇએ દા.ત., પૂજા અંગે 'અરે મૂર્ખ જીવ ! તું પૂજામાં સંતોષ વાળે છે. પરંતુ જરા એ તો જો, કે આ પરમાત્મા કોણ છે ? કેવા છે ?

**એ પ્રભુ એમના દરજજા પ્રમાણે કેવા સત્કાર-સન્માનને યોગ્ય છે ?**

**ને તું એમનાં છતી શક્તિએ કેવા મુફલીસ દરિદ્ર સત્કાર અને લુખ્ખા મામુલી સન્માન કરી રહ્યો છે ?**

ઘરે એક સામાન્ય મેમાન આવે તો ય એને એક ચહાનો કપ પણ જરા ય અનાદરથી નથી અપાતો, માનભેર અપાય છે, યા ચાલુ ભોજન નહિ,પણ વિશિષ્ટ ભોજન અપાય છે, તો ત્રણલોકના નાથની પૂજા કેટલા આદર-બહુમાનથી થાય ? ને કેવાં વિશિષ્ટ દ્રવ્યથી કરાય ? આમાં દેવાળું જોતાં એમ લાગે કે પરમાત્માને ને એમની ઉચ્ચતાને ઓળખી જ નથી.

## ઇચ્છાયોગમાં શું જોઇએ ?

જે ધર્મકાર્ય ઉપાડયું, (૧) તે ધર્મકાર્ય કરવાની શુદ્ધ ઇચ્છા, એ પહેલું જરૂરી. અને (૨) તેને માટે જરૂરી આગમનું શ્રવણ અને (૩) તત્ત્વનું જ્ઞાન પણ સાથે જોઇએ. આ ત્રણ વાતો જેનામાં આવે, એની ધર્મપ્રવૃત્તિ ઇચ્છાયોગના ઘરમાં આવી શકે. સાથે કહ્યું કે प्रमादेन विकलः અર્થાત્ વિકથા, સુસ્તી વગેરેથી જીવન પ્રમાદી હોવાથી તે ધર્મયોગ ખોડખાંપણવાળો છે. અર્થાત્ કાળ, મુદ્રા, આસન વગેરેની ક્ષતિવાળો છે. હવે શાસ્ત્રયોગમાં પહોંચવા માટે ઉચ્ચ કોટિની જે ધર્મસાધના કરવી છે તે માટે જે શુદ્ધ અને નિરતિચાર યોગ જોઇએ છે, તે આ ઇચ્છાયોગના દીર્ઘ અભ્યાસથી જ બની શકશે. વિકથા-વિષયકષાયની પરાધીનતાવાળી પ્રમાદ દશા હોય એટલે અતિચાર કરી બેસે છે, છતાંય પ્રબલ ધર્મેચ્છાદિવાળા એવા ય ઇચ્છાયોગને ધર્મયોગ કહેવામાં આવે છે. પણ એ ઇચ્છાયોગ માટે ત્રણ વાત ઉપર જે કહી, તે ખાસ લાવવી જોઇએ. ધર્મની શુદ્ધ ઇચ્છા, શાસ્ત્રશ્રવણ અને તત્ત્વબોધ-આ સાથેનો ધર્મયોગનો પુરુષાર્થ તે ઇચ્છા યોગ. આ પ્રમાદવાળો હોવાથી, હવે પ્રમાદ બંધ કરાય ત્યારે શાસ્ત્રયોગ આવવાનો.

ધર્મસાધનાની ત્રણ કક્ષામાંની પહેલી કક્ષા ઇચ્છાયોગની, એની વાત થઇ. હવે એની ઉપર બીજી કક્ષાનો યોગ શાસ્ત્રયોગ, તેનો વિચાર કરીએ.

* * *

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# (૨) શાસ્ત્રયોગનું સ્વરૂપ

હવે શાસ્ત્રયોગ કેવા સ્વરૂપનો હોય તે બતાવે છે, -

शास्त्रयोगस्तिवह ज्ञेयो यथाशक्त्यप्रमादिनः ।
श्राद्धस्य तीव्रबोधेन वचसाऽविकलस्तथा ॥४ ॥

અર્થાત્ અહીં યોગતત્ત્વમાં 'શાસ્ત્રયોગ' એટલે કે શાસ્ત્રપ્રધાન ધર્મયોગ (ધર્મવ્યાપાર) તેનો જાણવો જે

(૧) યથાશક્તિ નિદ્રા-વિકથાદિ પ્રમાદથી રહિત હોય,

(૨) તેવા પ્રકારના મોહના નાશથી સંપ્રત્યયાત્મક આદિ શ્રદ્ધાથી યુક્ત હોય, અને

(૩-૪) તીવ્રબોધ-પટુબોધથી યોગની આગમોક્ત અખંડિતતાવાળો હોય. કાળ-મુદ્રાદિ અંગેના દોષો કે સ્ખલનાઓથી બાધિત-ખંડિત થયા વિના અખંડ સાધનાવાળો હોય.

શાસ્ત્રયોગી આ જ લક્ષણવાળો હોય.

આ પટુબોધ વિનાનાને દોષ અતિચારોની ગમ જ ન હોય, તેથી શાસ્ત્રયોગને એ શું સાધી શકે ? તો શાસ્ત્રયોગ માટે શું શું જરૂરી ?

(૧) યથાશક્તિ પ્રમાદ-ત્યાગ,

(૨) સંપ્રત્યયાત્મક શ્રદ્ધા,

(૩) તીવ્રબોધ, અને

(૪) અવિકલ યોગ, યાને યોગની અખંડિતતા.

આ ચારની વિચારણા કરવી છે. એ વિચારણા એવી રીતે કરવી છે કે ઇચ્છાયોગની કક્ષાની સાધનામાંથી એવી શાસ્ત્રયોગની સાધનામાં જવા માટે શું શું કરવું જોઇએ એનો ખ્યાલ આવે. આ ખુલાસો એટલા માટે જરૂરી છે કે સાંભળતાં એમ ન લાગે કે આટલા ઊંચા શાસ્ત્રયોગના વર્ણનમાં આવી નીચેની ભૂમિકાની વાત કેમ કરો છો ? નીચેની ભૂમિકાની વાતો એટલા માટે સાથે સાથે જણાવવી જરૂરી છે કે શાસ્ત્રયોગની ભૂમિકાના તે તે ગુણોની દિશામાં જવા કેવા કેવા પ્રયત્નો કરવા જોઇએ એની સમજ આવે. અહીં ઇચ્છાયોગમાં ધર્મયોગ વિકલ અર્થાત્ ક્ષતિઓથી ખંડિત હતો, તે હવે શાસ્ત્રયોગમાં અખંડિત યોગસાધના બને છે. એ અખંડિત યોગસાધના માટે અહીં ત્રણ સાધન જરૂરી બતાવે છે, - (૧) અપ્રમાદ (૨) વિશિષ્ટ શ્રદ્ધા, ને (૩) તીવ્રબોધ.

## (૧) અપ્રમાદિતા : પ્રમાદરહિતતા

ત્યારે હવે એ જોઇએ કે, શાસ્ત્રયોગી કેવા અપ્રમાદી એટલે કે પ્રમાદ વિનાના હોય ?

પ્રમાદ આ છે, -નિદ્રા, વ્યસન, વિકથા, કુથલી, રાગદ્વેષાદિ કષાય, વિષયાસક્તિ, સ્મૃતિભ્રંશ, ધર્મક્રિયામાં ભ્રાંતિ, ધર્મમાં અનુત્સાહ, ધર્મ પ્રત્યે અનાદર, વગેરે.

શાસ્ત્રયોગી આમાંના એક પણ પ્રમાદને ક્યારેય પણ સેવનારા ન હોય શું રાત્રે કે શું દિવસે, શું છ દહાડે કે શું છત્રીસ દહાડે, એકવાર પણ એક પ્રમાદનું ય સેવન નહિ. જિનેશ્વર ભગવાન ચારિત્ર લઇને આવી શાસ્ત્રયોગની કક્ષાની અપ્રમત્ત સંયમની સાધના કરનારા શાસ્ત્રયોગી હોય છે.

**શ્રી ઋષભદેવ ભગવાને** ચારિત્ર લઇને કેવળજ્ઞાન પામવા પૂર્વે આવા અપ્રમત સંયમની સાધના સળંગ ૧૦૦૦ વર્ષ કરી ! કેવો જંગી કાળ ! આટલા મોટા કાળમાં શું દહાડે, કે શું રાત્રે, જમીન પર પલાંઠી માંડીને બેસવાની વાત નહિ, તો સૂવાની ને નિરાંતે નિદ્રા લેવાની વાતે ય શી ? તે ય હજારો વર્ષ મૌન રાખ્યું ! એટલે કાંઇ પણ બોલવું જ નથી પછી કોઇની ય સાથેના તો વિકથા, કુથલીને જગા જ ક્યાં ?

### ૧.વિકથા - કુથલી - પ્રમાદ

'વિકથા' એટલે પાપકથા; અર્થાત્ સ્ત્રી-ભક્ત-દેશ-રાજકથા: આ ચાર અને દર્શનભેદિની કથા, ચારિત્રભેદિની કથા વગેરે પાપકથામાંથી એકે ય પ્રકારની વાત નહિ કરવાની. ન સ્ત્રીયો સંબંધી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાતચીત, ન ભોજન સંબંધી વાતચીત, ન કોઈ દેશ - ગામ-નગર-ઉદ્યાનાદિ સંબંધી, કે ન કોઈ રાજ્ય સંબંધી વાતચીત.

(૧) સ્ત્રીકથામાં 'કામરુ દેશની સ્ત્રીઓ રૂપાળી હોય છે, મુલાયમ સ્વભાવની હોય છે,' એમ સામાન્યથી સ્ત્રીઓ અંગે વાત આવે; અથવા 'અમુક સ્ત્રી વિવેકવાળી' યા 'સારા ભક્તિભાવવાળી.' 'પ્રેમાળ' - વગેરે વાતચીત એ સ્ત્રીકથા છે. અરે ! એક જ બોલ, એ ય સ્ત્રીકથા છે, વિકથા છે. એમ, સ્ત્રી સાથે ય વાતોચીતો એ સ્ત્રીકથા ય નહિ કરવાની. મહાતપસ્વી મુનિ નંદીષેણે વેશ્યા સાથે વાતમાં ઊભા રહ્યા તો પતન પામ્યા.

(૨) ભોજનકથામાં ભોજનની એકાદ વસ્તુ અંગે પણ 'આ ચીજ આમ બને', 'આની સાથે આ વસ્તુ મેળવાળી ગણાય,' દા.ત. 'ખીચડી સાથે કઢીનો મેળ બરાબર બેસે,'... આવો આવો એક પણ બોલ એ ભોજનકથા થઈ. એમ ભોજનની વસ્તુ બનાવવાની રીત અંગે ચર્ચા-વિચારણા-વાતચીત એ ય ભોજનકથા છે;અથવા ભોજનની કોઈ વસ્તુની વિશેષતા અંગેનો બોલ, દા.ત. 'સુરતી જમણમાં ઘારીની વિશેષતા હોય છે,' આટલો ય ઉદ્ગાર એ ભોજનકથા છે. એમ ભોજનવસ્તુની પ્રશંસા ગુણગાન કે નિંદા, દા.ત. 'ગરમ ચહાથી તેજી આવે,' 'આજે લાપસી ખરાબ બની,' કારેલાના શાકના ગુણ સારા,' આવું કાંઈક પણ બોલાય એ ભોજનકથા છે.

(૩) દેશકથામાં કોઈ ગામ-નગર-વન -ઉદ્યાન -નદી પર્વન વગેરે અંગેની વાત આવે. દા.ત. 'અમેરિકા બહુ શ્રીમંત દેશ,'.. 'અમુક ગામમાં કંજૂસ બહુ,'.... 'મારવાડમાં પાંચ રત્ન,'. 'કાશ્મિરમાં નૈસર્ગિક સૌંદર્ય ભારે,'... 'મહાબળેશ્વર સારું હવા ખાવાનું સ્થળ,' ... 'ગંગા નદી ઘણા પ્રદેશને પાણી આપે છે,' ... 'સહરાના રણમાં પાણીના ફાંફા' ... આવો એકાદ પણ બોલ એ દેશકથા છે.

(૪) રાજકથા એટલે રાજ્યતંત્ર સંબંધી કે રાજ્ય કે રાજાની આબાદી વગેરે અંગે વાત, દા.ત. 'આજે ભારતની રાજ્યનીતિ બરાબર નહિ,' 'રશિયામાં સામ્યવાદી તંત્ર,' 'ઠાકોર રાજાઓ આપખુદ બની ગયેલા,' વગેરે એક પણ બોલ ઉક્તિ એ રાજકથા-રાજ્યકથા થઈ.

વિચારો, આપણા જીવનમાં આ ચાર વિકથામાંના કેટલા બોલ બોલાતા હશે ? લાંબી ચર્ચા જ માત્ર નહિ, કિંતુ એકાદ બોલ પણ વિકથા બને છે. એ ખતરનાક છે; કેમકે એ નકરા રાગદ્વેષને પોષે છે, ને બાહ્ય ભાવને અર્થાત્ બહિરાત્મભાવને પોષનાર બને છે. શાસ્ત્રયોગમાં આ એક અક્ષરની ય વિકથા ન હોય.

'કુથલી' એટલે બિનજરૂરી વાતચીત . અરે ! બિનજરૂરી એકાદ બોલ પણ બોલવાનો નહિ. દા.ત. 'રાતના માંકણ બહુ કરડયા,'.. આ બિનજરૂરી બોલ છે. વળી, ઘરાર દેખે છે કે માણસ નાહી રહ્યો છે, છતાં એને પૂછે, 'કેમ ? સ્નાન કરી રહ્યા છો ?' એ બિનજરૂરી બોલ છે. અથવા 'બજારે નીકળ્યા હતા, રસ્તામાં ભીંડા સારા આવેલા જોયા, તે લઈ લીધા પણ આજકાલ દગો-ભેળસેલ બહુ, એમાં ચાર ભીંડા સડેલા નીકળ્યા ! ... વેપારીઓ કેવા લુચ્ચા બની ગયા છે ! ...આ ફલાણા ભાઈનો દીકરો જુદું જમાવી બેઠો...' બસ, આ ચાલી કુથલી ! આવી બિનજરૂરી વાતોચીતોથી શું પામવાનું ?

**કુથલીમાં લાખેણા માનવ-સમયની બરબાદી પામવાની !** માનવ-જનમની લાખેણી એકેક ક્ષણમાં ભાવપૂર્વક કોઈ નવકારસ્મરણ, મહાપુરુષ-ગુણગાન, તત્ત્વચિંતન, કે તીર્થયાત્રા-ચિંતનથી લાખેણો એટલે કે અઢળક પાપક્ષય અને પુણ્યાનુબંધી પુણ્યનો લાભ મળે એવો બને એવો હતો;

**એ પાપક્ષય-પુણ્યલાભ આ કુથલીમાં હજારો ક્ષણ ગુમાવ્યો.**

અને વધારામાં એ કુથલી પાછળ (૧) કેટલાય રાગદ્વેષ કર્યા, (૨) જડની નિંદા-પ્રશંસા કરી જડને મહત્ત્વ આપ્યું, (૩) આર્તધ્યાન અને (૪) અસમાધિ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામ્યો, તેમજ (૫) નકરા બાહ્યભાવમાં રમતા રહી બહિરાત્મભાવ પોષ્યો, (૬) પોતાના આત્માનું સરાસર વિસ્મરણ કર્યું ! વળી, (૭) ફજૂલ-નિષ્ફળ વાણી -વિચારોથી, આજના માનસશાસ્ત્રીઓ પણ કહે છે તેમ મનને નિર્બળ બનાવ્યું ! સત્ત્વનાશ કર્યો !

આ બધા નુકસાનો જોતાં કુથલી એટલે કે બિનજરૂરી બોલ અને બિનજરૂરી વાતોચીતોમાં ક્ષણે ક્ષણે કેટલી મોટી બરબાદી !

**પ્ર૦ - કુથલીમાં સત્ત્વનાશ કેવી રીતે ?**

ઉ૦ - કુથલીમાં ખબર છે કે આ વાતોચોતીથી કશું સરવાનું નથી, વળવાનું નથી, છતાં મનમાં આવ્યું એટલું બધું જ બોલવાની ખણજ જાગે છે. એ ખણજને રોકવાનું સત્ત્વ નથી એટલે બોલાય છે.

**એવી તુચ્છ ખણજની પરવશતા ન સેવાય, ને ન બોલાય, ન ચલાય, એ સત્ત્વ છે, ત્યારે બોલી-ચાલી કાઢવામાં સત્ત્વ ગુમાવવાનું થાય છે.**

ઇન્દ્રિયોના વિષય અંગે પણ એવું જ છે. ઇન્દ્રિયોને ને મનને બાહ્ય વિષયોમાં જેટલી ઓછી લઇ જવાય એટલા સુખી, એટલા રાગદ્વેષ ઓછા કરવાના. પરંતુ એ ઇન્દ્રિયોની ખણજ એવી છે કે જીવ એને વશ થઇ ઇન્દ્રિયોને વિષયોમાં દોડાવે છે. ત્યાં સત્ત્વ ગુમાવવાનું થાય છે, સત્ત્વનો નાશ કરવાનું થાય છે. સત્ત્વની રક્ષા આ, કે 'ધરાર ઇન્દ્રિયોને વિષયોમાં જતી અટકાવીએ, ન જ જવા દઇએ,' ત્યારે વિચારો કે રોજ રોજ દિવસમાં કેટકેટલી વાર સત્ત્વનાશ કરતા હોઇશું? એ માપ કાઢવા જોવાનું કે દિવસમાં ઇન્દ્રિયોને કેટલા વિષયો પર અને એમાંય કેટકેટલીવાર જોડતા-ભટકાવતા હોઇશું ? અર્થાત્ ઇન્દ્રિયોનું વિષયોમાં ભ્રમણ કેટકેટલું ? તેથી જ હજી આ વિકથા, કુથલી તથા વિષયભ્રમણની યથેચ્છ અને નિઃસંકોચ પ્રવૃત્તિથી સારા ઇચ્છાયોગમાં ય આવવાની જો સ્થિતિ નહિ, પછી એમાં ઊંચા શાસ્ત્રયોગનું તો સ્વપ્નું ય શાનું ?

શાસ્ત્રયોગમાં પ્રમાદ નથી, અર્થાત્ નિદ્રાવિકથા - કુથલી-રાગદ્વેષ આદિ નથી. એના પર એટલો બધો કાબૂ છે કે પછી એના પર ઊભા થતા વિકથા-કુથલી અને ઇન્દ્રિયોનાં વિષયભ્રમણને અવકાશ જ ક્યાંથી હોય ? અહીં પ્રશ્ન થાય, -

# આત્માનું સ્વભાવિક -વૈભાવિક સ્વરૂપ

પ્ર૦ - રાગદ્વેષ, વિકથા, કુથલી, અને ઇન્દ્રિયોના વિષય-ભ્રમણ પર એટલો બધો કાબૂ શી રીતે આવતો હશે ?

ઉ૦ - આત્માના સ્વાભાવિક-વૈભાવિક સ્વરૂપ નજર સામે તરવરતું રહેવાથી રાગદ્વેષાદિ પર કાબૂ આવે. આત્માનું સ્વાભાવિક અને વૈભાવિક સ્વરૂપ શું ? અને એ વૈભાવિક સ્વરૂપ કેમ થયું ? એના ફળ કેવા ભયંકર ? ... એ જો નજર સામે ને નજર સામે રહે, તો રાગાદિ અટકાવવા સહેલા પડે. આત્માનું સ્વાભાવિક સ્વરૂપ શુદ્ધ અનંત જ્ઞાન-દર્શન-વીર્યમય અને વીતરાગતામય છે. મૂળ આત્મસ્વરૂપ રાગાદિ-વિકાસ-રહિત યાને નિર્વિકાર છે; જ્યારે, એના પર આ ઘાતી કર્મો છવાઇ ગયા છે, જ્ઞાનાવરણીય કર્મ, દર્શનાવરણીય કર્મ, મોહનીય કર્મ અને અંતરાય કર્મ, - એ ચાર ઘાતી કર્મના આવરણ લાગી ગયાં છે, જેના ઉદયમાં અજ્ઞાનતા વગેરે વિભાગ યાને ભાડુતી ભાવ આત્મામાં ઊભા થાય છે; એટલે જ આત્મા અજ્ઞાન, મૂઢ વગેરે બન્યો છે. એ એનું અનંતજ્ઞાનમય સ્વાભાવિક સ્વરૂપ દબાઇને વૈભાવિક સ્વરૂપ થયું કહેવાય. સ્ફટિકનું સ્વાભાવિક સ્વરૂપ સ્વચ્છ-ઉજ્જવળ છે; પરંતુ એની પાછળ લાલ કપડું લગાડ્યું હોય તો સ્ફટિક લાલ દેખાય છે. સ્ફટિકમાં ઉજ્જવળતા એ સ્વાભાવિક કહેવાય, અને આ લાલાશ એ વૈભાવિક કહેવાય. આત્માની આ અજ્ઞાનતા-મૂઢતા, ગુસ્સો-અભિમાન, હરખ-ખેદ, ..વગેરે વૈભાવિક દશામાં કેવી કરુણ અને કઢંગી દુર્દશા ! શાના ઉપર એ ? કહો ઘાતી કર્મો ઉપર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઘાતી - અઘાતી કર્મ

**આત્માનું ખરું બગાડનાર આ ઘાતી કર્મો છે; પણ વેદનીય કર્મ નામકર્મ વગેરે અઘાતી કર્મો એવું બગાડનારા નહિ.**

'ઘાતી' એટલે આત્માના પરમાત્મભાવનો વીતરાગ-સર્વજ્ઞભાવનો ઘાત કરે તે. એ જ્ઞાનાવરણાદિચાર. 'અઘાતી' એટલે આત્માના પરમાત્મભાવનો વીતરાગ-સર્વજ્ઞભાવનો ઘાત ન કરે તે. એ વેદનીયકર્મ આયુષ્યકર્મ આદિ ચાર છે. ઘાતી ગયા પછી ભલેને આ વેદનીયાદિ ઊભા હોય છતાં પરમાત્મભાવ નષ્ટ ન થાય.

પાલક પાપીની ઘાણીમાં પીલાઇ મરતા ૫૦૦ મુનિઓને અશાતા વેદનીય કર્મ એટલે કે અઘાતીકર્મ પ્રબળ ઉદયમાં હતાં, છતાં એણે એમના આત્માનું કશું બગાડયું નહિ ! એ વેદનીય વગેરે અઘાતી કર્મોએ વેદના આપવાનું કામ કર્યું, અને મુનિઓએ શુભ ધ્યાનથી ઘાતી કર્મોનો નાશ કરવાનું પોતાનું કામ કર્યું ! શું ? કર્મે એનું કામ કર્યું, આત્માએ પોતાનું કામ કર્યું. તો કેવળજ્ઞાન લીધું ! બાકીના અઘાતી કર્મોને તો ભોગવીને નષ્ટ કરી મોક્ષ પામી ગયા !

**આત્માનું બગાડનાર ઘાતી છે, અઘાતી નહિ.** માટે ડરવાનું હોય તો ઘાતી કર્મોથી ડરવાનું છે કે 'હાય ! આ રાગ-દ્વેષ મોહ....વગેરે કરાવનારા ઘાતી કર્મો ભારે જોર કરી રહ્યા છે ! મારું શું થશે ? મારા ભવ વધી જવાથી કેવી દુર્દશા !' એટલે હવે જો પૂછો કે

પ્ર૦ - ઘાણીમાં જીવતા પીલાવાની ઘોર વેદનામાં શી રીતે ઘાતી કર્મોનો નાશ કરી શકાય ?

ઉ૦ - એમને ઘાતીનો એવો ડર લાગી ગયો હતો, તેથી હવે મોકો દેખે છે કે 'ઘાણીમાં પીલાતાં તીવ્ર અશાતા વેદનીય યાને તીવ્ર વેદના ઊભી થઇ, એ અઘાતીનું નિર્ધારિત ફલ છે; અને એમાં કાયા પર રાગ, તથા પીલનાર પર દ્વેષ ઊભો થવા સંભવ છે, એ ઘાતીનું ફળ છે; પરંતુ અઘાતી કર્મની વેદના ભલે રહી, પણ ઘાતીકર્મ-જનિત રાગ અને દ્વેષને કચરી શકાય છે, તેથી એને મચક નથી આપવી. રાગ-દ્વેષ કચરવાનો આવો મોકો ફરીથી નહિ મળે, -'કર્મ ખપાવાનો અવસર એહવો ફરી નહિ મળશે પ્રાણી રે...' 'ઘાતી રહી જાય તો ?' મોટો ભય લાગ્યો હતો, તેથી ઘાતીને નામશેષ કરવા મક્કમ મનવાળા બની ગયેલા.

**આપણને ઘાતીનો ભય લાગવાની વાત તો દૂર, ઉલ્ટું આપણે ઘાતીને પંપાળવાનું કરીએ છીએ.**

નજીવા નજીવા પદાર્થ કે પ્રસંગમાં રાગ-દ્વેષ, હરખ-ખેદ કરી કરી ઘાતી કર્મોને પંપાળવાનું ચાલુ ! ત્યાં આત્માના પ્રદેશે પ્રદેશે ઘાતી કર્મ પથારી લાંબી કરીને સૂવાનાં ! ઘાતીના ઘરના રાગાદિનું કામ નાના છોકરા જેવું; એને પંપાળો તો માથે ચડી બેસે, લપડાક લગાવો તો ભાગે. ઘાતીને લપડાક આ, - 'વૈરાગ્ય, ક્ષમા, નમ્રતા, તૃપ્તિ, બ્રહ્મચર્ય, વગેરેનો જ આગ્રહ રાખી એને ખૂબ સેવતા રહેવાનું.' આ લપડાક લગાવવાનું જો ચાલુ, તો ઘાતી કર્મ કચરાતા રહે.

ઘાતી કર્મોમાં આ સરળતા કે ક્ષમાદિનો આગ્રહ રાખી એને કચરતા રહો તો એ કચરાય; જયારે કેટલાય અઘાતી હઠિલા, લપડાક નહિ, લાત મારો તો ય ન ખસે. ઘોર તપ કરતાં પણ આયુષ્યકર્મ વગેરે અઘાતી કર્મ ન મરે. મહાવિદેહ ક્ષેત્ર જેવામાં નાની ઉંમરમાં ઘોર તપ કરી કેવળજ્ઞાન પામે, પણ પછી જીવવાનું કેટલું, એ ઊભું રહે. લગભગ ક્રોડપૂર્વ વર્ષ ! એક 'પૂર્વ' વર્ષ એટલે કેટલા વર્ષ ? ૭૦૫૬૦ અબજ વર્ષ ! એવા લાખો પૂર્વ વર્ષ જીવવાનું થાય તે આયુષ્ય કર્મ, શરીરાદિના કર્મ, ગોત્રકર્મ અને વેદનીય કર્મ, - એ ચાર અઘાતી કર્મ ભોગવવા પર જીવવાનું હોય છે. એટલા બધા દીર્ઘકાળ સુધી ચાલે એ અઘાતીનો જુમલો કેટલો મોટો ? કેમ એ કેવળજ્ઞાન પમાડનારી ઉગ્ર સાધનાથી કેવળજ્ઞાન પામતાં ઘાતી કર્મો નાશ પામવાની સાથોસાથ નાશ ન પામી ગયા ? કહો, એ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો ભોગવાઇને જ નાશ પામનારા હઠિલા અઘાતી કર્મો; માટે ઉગ્ર સાધનાથી પણ નાશ ન પામ્યા ! એટલે, **મહેનત ઘાતીને જ કચરવાની કરવા જેવી છે, અઘાતીને નહિ.**

સનત્કુમાર ચક્રવર્તીને એકી કલમે ૧૬ રોગ આપનારા અશાતા વેદનીય કર્મ ઉદયમાં આવ્યા ! તો ચક્રવર્તીપણાની સગવડથી દરિયાપારથી કોઇ ઔષધિ મંગાવી, યા વિદ્યાધર વિદ્યા-મંત્ર મેળવી અઘાતી કર્મ વેદનીયને કચરવાનું ન કર્યું, પરંતુ છ ખંડ ચૌદરત્ન નવનિધાન, વિશાળ અંતઃપુર વગેરે મહાવૈભવી સંસારનો ત્યાગ કરી એના રાગને કરાવનાર ઘાતી કર્મને કચરવાનું કર્યું ! સંયમ લઇને ય દવા-ઔષધ કરવા - કરાવવાનું ન કર્યું, પરંતુ રોગિષ્ઠ શરીરે ય ઉગ્ર તપસ્યા માંડી ! સાથે ક્ષમા નમ્રતાદિ ૧૦ યતિધર્મની સાધના આવકારી ! તથા ઉગ્ર બાહ્ય-આભ્યન્તર તપ લગાવી ઇષ્ટનો રાગ, અનિષ્ટનો દ્વેષ, કામ-ક્રોધ-લોભ વગેરે કરાવનારા ઘાતી કર્મોને તોડવાનું કર્યું ! સાતસો-સાતસો વર્ષ સુધી એમ કર્યું ! સમજાય છે ? સાત દિવસમાં આપણે હેં હેં ફેં ફેં થઇ જઇએ, ત્યારે આ ચક્રવર્તીના અતિ સુંવાળા કોમળ શરીરે ૭૦૦ દિવસ નહિ ૭૦૦ મહિના નહિ, ૭૦૦ વરસ સુધી ઘાતીને તોડનારી ઉગ્ર કષ્ટમય સાધના કર્યે ગયા ! આપણે નીરોગી શરીરે સળંગ ૫૦૦ આંબેલ કરવા હોય તો ? સત્તર વિચાર પડે ! આમણે ૭૦૦ વરસ ૧૬ રોગની પીડામાં ઉગ્ર તપસ્યાદિ કષ્ટ ઉપાડયા ! કેમ વારુ ? સમજતા હતા કે **- અઘાતીના ઉદયે આવેલા રોગ દવાથી નહિ ખસે, પરંતુ ઘાતીના ઉદયે આવેલ દુર્બુદ્ધિને, કષાયને, રાગ-દ્વેષને, અને ધર્મપ્રવૃત્તિનિષ્ટ પ્રમાદને પ્રખર ધર્મપુરુષાર્થથી ખસેડી શકાય છે.**

## ઘાતી તોડવા વીર પ્રભુનો ભગીરથ પ્રયત્ન :-

એટલે તો ત્રિભુવન ગુરુ મહાવીર ભગવાને સંયમ લઇ ઘાતીને તોડવા પ્રખર ધર્મ-પુરુષાર્થ આદર્યો ! તપ પર તૂટી પડયા ! બાહ્ય તપમાં (૧) છઠ છઠથી ઓછા તપની તો વાત જ નહિ ! પાખમણ-માસખમણ-દોઢમાસી-બેમાસી-અઢીમાસી-ચોમાસી-છમાસી સુધીના જંગી અનશન તપ લગાવ્યે ગયા ! પાછું એમાં પારણે (૨) ઊનોદરી (૩) વૃત્તિ-સંક્ષેપ (૪) રસ ત્યાગ તથા (૫) કાયોત્સર્ગ અને પરીસહ-ઉપસર્ગનાં ઘોર કાય-કષ્ટ ઉપાડયા ! એમાંય (૬) કોઇને એની ફરિયાદનો એક શબ્દ પણ કહેવાનો નહિ એવી વાક્-સંલીનતા રાખી ! કાયોત્સર્ગમાં કાયા હલાવવાની નહિ એ કાય-સંલીનતા રાખી ! 'આ કષ્ટ ખરાબ' એવો એક વિચાર પણ નહિ એવી મનઃસંલીનતા ! વિના કાયોત્સર્ગે પણ શરીર પરથી માખી કે મચ્છર ઉડાડવાની વાત નહિ એટલી કાય-સંલીનતા !

પ્રભુનો આ બાહ્યતપ શા માટે ? ખાનપાનાદિના ને કાયાના રાગ-મમત્વ અર્થાત્ ઘાતી કર્મ તોડવા માટે. આભ્યન્તર તપમાં પ્રાયશ્ચિત આવે જ નહિ એવી સચોટ નિરતિચાર સંયમ-સાધના ! અત્યંત નમ્રતા-લઘુતા એ સંયમનો મહાવિનય ! તત્ત્વચિંતનનો પ્રચંડ સ્વાધ્યાય ! મોટા ભાગે ખડા ખડા કાયોત્સર્ગ ધ્યાન ! આમાં ય કચાશ ન રાખી. કેમ ? એક જ હિસાબ કે, -

**તપના ઉગ્ર ધર્મ-પુરુષાર્થથી ઘાતી કર્મોને જબરદસ્ત લપડાકો પડે છે, ઘાતી કર્મ તોડી શકાય છે,**

**ઘાતી હઠિલા નથી, આપણે હઠિલા છીએ.**

આવું આવું આપણા ભગવાન મહાવીર દેવનું જબ્બર સાધનાજીવનનું આલંબન મળવા છતાં દુષ્ટ ઘાતી કર્મોને કચરનારા બારે પ્રકારના તપ નહિ કરવામાં આપણે હઠિલા છીએ, નહિતર આવા પ્રભુના જીવન અને ઉપદેશનું આલંબન મળ્યું છતાં ઘાતી કર્મને કચરવાની ઉત્તમોત્તમ તક સમાન માનવ-અવતારને ઘાતી કર્મોનાં પોષણમાં અર્થાત્ રાગ-દ્વેષ-વિષયાસકિત તથા કામ-ક્રોધાદિ કષાયોનાં પોષણમાં બરબાદ કરીએ ખરા ?

જૈન શાસનના બળે ઘાતી કર્મોને તોડવાનું આપણે સામર્થ્ય ધરાવીએ છીએ. ત્યાં શું કહી ન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દઈએ કે 'કર્મો મને શું લપડાક લગાવે ? જિનશાસનના બાહ્ય-અભ્યન્તર તપનાં બળે કર્મોને હું લપડાક લગાવીશ.'

સીતાજીએ દિવ્ય કરી જયજયકારો બોલાવી સંસારમાં ઠરીઠામ બેસવાને ટાણે આ કર્યું હતું.

**'કર્મો મને શું કચરતા હતા ? ભગવાનના અહિંસા-સંયમ-તપથી કર્મોને હું કચરી નાખીશ,'** - આ નિર્ધાર કરી તરત ચારિત્ર લઇ ઘાતી કર્મોને કચરવા નીકળી પડયા હતા !

શાસ્ત્રયોગ અપ્રમાદ માગે છે. ઈંદ્રિય-વિષય-સંગ એ પ્રમાદ છે. પરંતુ પ્રમાદ જાય શી રીતે ? અપ્રમાદ શી રીતે આવે ? જ્ઞાનાવરણ-મોહનીય-અંતરાય કર્મને બંધાવનારા છે ઇન્દ્રિય-વિષયો. શું એ આવીને આપણને ચોંટે છે ? કે આપણે લાલસા કરી કરી વિષયોને શોધતાં ફરીએ છીએ ? વળી શોધી મેળવીને આપણે જ એને બાથ ભરીને ચોંટાડી ભેટાડી રાખીએ છીએ ? પાછી એ વિષય લાલસા મોળી ન પડે માટે એને વારંવાર મીઠા વિષય-સ્મરણના ગુંદર લગાડીએ છીએ ? પછી પ્રમાદ કેમ ન પોષાય ? કેમ પુષ્ટ ન રહે ? મોટો પ્રમાદ આ છે કે વિકથા-કુથલી તથા ડાફોળિયાં, ઇન્દ્રિયોની ખણજ, વિષયસંગ, રાગદ્વેષ વગેરે નિઃસંકોચ આદર્યે જવાય છે ! અને એમાં કશો વાંધો નથી લાગતો ! એવા આત્માના પરિણામ નિષ્ઠુર થઇ ગયા છે.

નિષ્ઠુર આત્મપરિણામથી તીવ્ર પાપાનુબંધો અને દીર્ઘ દુર્ગતિના ભવો સર્જાય છે.

માટે જ શાસ્ત્રયોગીનો અપ્રમાદ કેવો સચોટ કે લેશ માત્ર વિકથા-કુથલી-ઇન્દ્રિયવિકાર નહિ ! 'પેલું કોણ આવ્યું ?' - એટલું ય જાણવાની લેશ માત્ર આતુરતા નહિ ! એક ડાફોળિયું ય નહિ.પોતાની સાધનામાં લીન. જૈન શાસનના કહેલા પ્રમાદ-અપ્રમાદના વિભાગને સમજવા જેવો છે. મોટા ચૌદ પૂર્વધરને તત્ત્વ-ચિંતનમાં કોઇ શંકા પડી ને દૂર વિચરતા સર્વજ્ઞ ભગવાનને પૂછવા જવાનું યા વિચરતા તીર્થંકર ભગવાનનું સમવસરણ જોવા જવાનું મન થાય, અને આહારક લબ્ધિ વિકૂર્વી સૂક્ષ્મ પુદ્ગલોનું આહારક શરીર બનાવે એને પણ પ્રમત્ત અવસ્થા કહી છે. કર્મ ગ્રંથોમાં કહ્યું છે આહારક-શરીર નામકર્મનું પુણ્ય બાંધે, 'અપ્રમત' નામના સાતમા ગુણઠાણે પરંતુ એ પુણ્યનો ઉદય થાય 'પ્રમત્ત' નામના છઠ્ઠા ગુણઠાણે ! શાસ્ત્રયોગીને આ આતુરતાનો પણ પ્રમાદ નથી, પછી વિકથાદિ કે રાગદ્વેષનો પ્રમાદ તો હોય જ શાનો ?

શાસ્ત્રયોગીને કેમ પ્રમાદ નહિ ?

કહો, આગળ શાસ્ત્રકાર કહેશે તે સંપ્રત્યાત્મક શ્રદ્ધા છે, ને સૂક્ષ્મ પણ પ્રમાદ ન સેવવાનો પટુબોધ છે, ચકોરતા છે માટે આની સામે આપણા પ્રમાદ જોઇએ તો કેટકેટલા પ્રકારના ? ને કેવા કેવા જાલિમ પ્રમાદ ? એક દેવદર્શન કરતાં ડાફોળિયું ચાલુ ? વચમાં યુવતી આવી તો એને જોવાનો રાગ કરાય ! માળા ગણતાં બીજા-ત્રીજા વિચાર ચાલે ! પરંતુ અહીં ધર્મમાં જ આ પ્રમાદ હોં ! પણ ખૂબી તો એ, કે દસ હજાર રૂપિયાની નોટો ગણી લેવાની હોય, તો એમાં કશો પ્રમાદ નહિ ! બે નોટો ભેગી જાય ? ગણવામાં ભૂલ થાય ? કોઇ ડાફોળિયું ? કોઇ પરસ્ત્રી-દર્શનની આતુરતા ? કોઇ કુથલી ? કશું જ નહિ ! ધર્મ-ક્રિયામાં જ આ બધા પ્રમાદ ! વળી આ તો સામાન્ય પ્રમાદ; પણ મોટા વેપાર-ઉદ્યોગો અને વિષયોની ઉજાણી વગેરેના તથા મહા આરંભ-સમારંભ તથા પરિગ્રહના પ્રમાદ કેવા જાલિમ ?

ત્યારે શાસ્ત્રયોગીને સૂક્ષ્મ પણ આતુરતા જેવો ય પ્રમાદ નહિ એવી અપ્રમત્ત દશાને ધન્યવાદ આપવાનું મન થાય. ઇચ્છાયોગમાંથી શાસ્ત્રયોગમાં જવું હોય તો આ ખાસ ખ્યાલ રાખવાનો કે ધર્મયોગ સાધીએ એની સાથે આ વિકથા-કુથલી-ડાફોળિયું-વિષયાતુરતા- રાગદ્વેષ વગેરે પ્રમાદને ડામતા જઇએ.

## પ્રમાદને ડામતા જઇએ તો ધર્મરંગ જામે.

તે માત્ર ધર્મસાધના વખતે જ નહિ, કિન્તુ તે સિવાય પણ પ્રમાદને ડામતા-દબાવતા રહેવાનું છે. આ સમજી જ રાખવાનું કે (૧) અર્થ અને કામની લાલસા, (૨) વિષયોના રંગરાગ, તથા (૩) વૈભવ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને વિલાસનાં આકર્ષણ, એ આત્માના મોટા પ્રમાદ છે. એને નામશેષ કરતા જવું જોઇએ. એમ ક્રોધાદિ કષાયો રાગ-દ્વેષ , રતિ-અરતિ, ભય-શોકસંતાપ ચિંતા, એ પણ મોટા પ્રમાદ છે. એ કથલો ઓછો કરી નાખવો જોઇએ. એટલા માટે તો જ્ઞાન-વ્રત-નિયમ વડે સંયમિત જીવનથી એ પ્રમાદોનો કથલો ઓછો થાય. એટલા માટે તો,

**૧૮ દેશના સમ્રાટ કુમારપાળે** એવા મોટા મહારાજા બન્યા પછી સમ્યક્ત્વ સહિત ૧૨ વ્રત ઉચ્ચર્યા હતા. એમાંથી મોટા સમ્રાટ છતાં દર ચોમાસે કડક નિયમો અને સાધનાઓ રાખતા ! ચારે માસ એકાશન ! ચારે માસ લીલોતરી-ત્યાગ ! ચારે માસ પાંચ વિગઇ-ત્યાગ ! ચારે માસ પૂર્ણ બ્રહ્મચર્ય ! ચારે માસ મંદિર ઉપાશ્રય-મહેલ સિવાય લગભગ હરવા-ફરવાનું બંધ ! કેમ આ બધું ? જો સંસારનો જંગી કથલો માથા પર રાખવાના પ્રમાદમાં રહું, તો ગુરુદેવ હેમચંદ્રસૂરિજી મહારાજ આગળ સુખે બેસી ન શકાય, સુખે જિનભકિત-સામાયિક-પોષધ-પ્રતિક્રમણ ન થાય, એમ એ સમજતા હતા.

'સુખે ધર્મસાધના' એટલે એમાં કોઇ જ નિંદા-વિકથા-કુથલી-ડાફોળિયાં તો નહિ જ, કિન્તુ સંસારમાયાની કશી જ આતુરતા-આકર્ષણ પણ નહિ. તમને થશે

## પ્રમાદની આદત કેમ ટળે ? :-

પ્ર૦ - અનંત અનંત કાળની આ નિંદા-વિકથા કુથલીની આદત એકદમ કેમ ટળે ?

ઉ૦ - એટલે જો આટલો વિચાર રહે કે, ''શું હું એવો દુર્ભાગી જીવ છું કે જે જીભથી પ્રભુનાં ગુણગાન કરી શકાય, પ્રભુનાં સ્તોત્ર ભણી શકાય, ને શાસ્ત્રો ગોખી શકાય, એ જ જીભથી પાપવચનો બોલું ? નિંદા કરી લોકના દોષ ઊકેલું ? કુથલીઓ કરું ? એમાં વળી સામો પણ 'જૈસે કું તૈસા મિલા' એ ન્યાયે વાતોડિયો હોય, તો કેવો ઘાટ થાય ? 'સાપે સાપ મળ્યા તો જીભના લબકારા.' તો પછી સાપને જીભ મળીને મનેય જીભ મળી, એમાં શો ફરક ? '' બહુ બોલકણાઓ ભેગા થાય એટલે જોઇ લ્યો નિંદા-કુથલી-વિકથાઓનો જાણે બજાર જામ્યો ! કેમ જાણે નિંદા-વિકથા-કુથલીની એજન્સી રાખી ! હું શા માટે એવો હીનભાગી થાઉં ? એમ, જે મનથી પ્રભુના ગુણ, પ્રભુનું જીવન તત્ત્વોના વિસ્તાર, એકેક મહાપુરુષોનાં જીવન-પરાક્રમ... વગેરે વિચારી શકાય, એ મનમાં વિષયોના ને તુચ્છ નજીવી બાબતોના કચરા ઘાલું ?''

## પુણ્યે મળેલી જીભ અને મન પર તો પરમાત્માને વસાવાય.

''તો એ જે પવિત્રતા-પ્રસન્નતા અને પ્રોત્સાહન આપે, અવસરે એ મોટો દેવતા પણ ન આપી શકે ! ટૂંકાશા જીવનમાં ટૂંકીશી જીભ ! જેટલું સારું બોલવું હોય એટલું બોલવાની મારી પાસે સ્વતંત્રતા છે, અને એ બોલવામાં જીભ મને આશીર્વાદરૂપ થાય એમ છે, તો પછી આટલી બધી અનુકૂળતા છતાં શા સારું હું પ્રમાદમાં પડી આવો સુલભ સત્ પુરુષાર્થ ગુમાવું છું ? શું મારી જાતે જ મારી જ જીભ આંખ વગેરેની મારી પોતાની પ્રત્યે શ્રાપ-રૂપ બનાવું ? '' આ વિચારથી વિકથા કુથલી આદિ ટળે.

## કાયાના પ્રમાદો કેમ ટળે ? :-

આંખ જીભ વગેરે ઇન્દ્રિયો અને મનની જેમ કાયા અને ગાત્રોના પ્રમાદ અર્થાત્ અસત્ પ્રવૃત્તિઓ પણ બંધ કરવાની છે. વિના પ્રયોજને અમસ્તા મન મોકળું કરવા બજારમાં ઘુમવા નીકળ્યા,અમથાભાઇ-પેથાભાઇને સારા લાગવા મફતિયા મળવા ચાલ્યા, કે ફોનથી વાતો કરી; બેઠા બેઠા ખાલી હાથપગ હલાવતા રહ્યા, સહેજ નવરા પડયા કે આડા પડયા,...આવા આવા ક્ષુદ્ર કાય-પ્રમાદ જો બંધ ન થાય તો પછી આરંભ-સમારંભના અને વિષય-વિલાસો તથા ધન-માલ પરિગ્રહના મોટા કાય-પ્રમાદ શે ઓછા કરવા તરફ તારું ધ્યાન પણ જાય ? 'માનવભવની આમાં જાહોજલાલી નહિ, પણ સરાસર ભારે બરબાદી છે, એના પુણ્યની હોળી કરવાનો એ ધંધો છે; અનંત કલ્યાણકર શ્રી જિનશાસન પામીને હું એ ન પોષું,' એ નિર્ધારથી અને સત્સંગ-જિનભક્તિ વગેરેમાં ખૂબ રોકાયા રહેવાથી એ કાયપ્રમાદો પણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓછા થતા આવે.

**અપ્રમાદ યથાશકિત એટલે ?**

અહીં શાસ્ત્રયોગમાં 'યથાશક્તિ અપ્રમાદ' કહ્યું, એમાં ''યથાશક્તિ'' એટલા માટે કહ્યું કે જયાં શક્તિ ન હોય ત્યાં સંભવ છે પ્રમાદ થઇ પણ જાય. દા. ત. મગજશક્તિ મંદ પડી હોય અને કયાંય 'સ્મૃતિભ્રંશ' થઇ જાય તો એ આઠ પ્રકારના પ્રમાદમાંનો એક પ્રમાદ છે. અથવા શરીર ઉપસર્ગ પરિસહ અને કાયોત્સર્ગની સાધનામાં અત્યંત શ્રમિત થઇ ગયું અને સહેજ ઝોકું આવી ગયું, તો એ 'નિદ્રા' પ્રમાદ થઇ ગયો કહેવાય. નિર્ધાર તો છે સહેજ ક્ષણ પણ નિદ્રા ન આવવા દેવાનો, પરંતુ અત્યંત શ્રમિત શરીર અશકત બનવાથી કાબૂ બહાર ઝોકું આવી ગયું એ પ્રમાદ. જેમ,

**મહાવીર પ્રભુને ચારિત્ર-જીવનમાં અપ્રમાદ અજબ ! છતાં ક્ષણ પ્રમાદ ! :-**

પ્રભુને પ્રારંભે શૂલપાણિ યક્ષના સતત ૩ પહોર એટલે કે લગભગ ૯ કલાક જાલિમ ઉપસર્ગ નડયા, એમાં પ્રભુ ઉપસર્ગ કરનાર પ્રત્યે કે ઉપસર્ગ પીડા પ્રત્યે લેશ પણ દ્વેષ-ખેદ-અરૂચિ વગેરે કષાય પ્રમાદમાં ન પડયા, યા પોતાની કાયાના લેશમાત્ર રાગપ્રમાદમાં ન તણાયા ! તો અંતે શૂલપાણિ માફી માગી પ્રભુના ગુણ ગાય છે. પરંતુ પ્રભુને આ અત્યંત પીડાના અંગે શરીર અશકત બન્યું એમાં ઊભા ઊભા જ ક્ષણવાર ઝોકું નિદ્રા આવી ગઇ, ને એમાં દસ સ્વપ્ન દેખ્યા. આ નિદ્રાપ્રમાદ શક્તિ બહારનો હતો, કાબૂ બહારનો હતો. એટલે કહેવાય કે પ્રભુ ચાલ્યું ત્યાં તો અર્થાત્ યથાશક્તિ અપ્રમત્ત જ હતા.

અનાર્યોના ઘોર ઉપસર્ગોના કષ્ટમાં કે છ-છ મહિના ગોચરી ન મળતાં ભૂખ્યા રહેવાના કષ્ટમાં પણ અપ્રમત. એટલે જ ૧૨ાા વર્ષમાં અત્યંત શ્રમિત થતાં જયાં ન ચાલ્યું ત્યાં ત્યાં પ્રભુનો ક્ષણવાર ઝોકાનો પ્રમાદ બધો મળીને કુલ માત્ર એક મુહૂર્ત ! બે ઘડી ! અર્થાત્ ૪૮ મિનિટ ! એમાં કહેવાય કે પ્રભુ શક્તિ પહોંચી ત્યાં સુધી અપ્રમત્ત યાને યથાશક્તિ પ્રમાદરહિત હતા. શાસ્ત્રયોગમાં આ પહેલું લક્ષણ કે આ યોગવાળા યથાશક્તિ અપ્રમાદી હોય.

અપ્રમત્ત પ્રભુને ૧૨ાા વર્ષમાં ૪૮ મિનિટ નિદ્રા, તો સરેરાશ ૧ વર્ષે ૪ મિનિટ પ્રમાદ ગણાય. વર્ષની મિનિટો, રોજની ૧૪૪૦ લેખે ૩૬૦ દિવસની લગભગ ૫ લાખ મિનિટ એમાં ફકત ૪ મિનિટ શી વિસાતમાં ? એટલે પ્રભુએ ઘોર કષ્ટમય ચારિત્ર પાળ્યું એમાં નિદ્રા જેવો ય પ્રમાદ નહિ, તો બીજા વિકથા, વિષયાસકિત, હાસ્ય-શોક-હર્ષ-ખેદ વગેરે પ્રમાદની તો વાત જ શાની ? ત્યારે આપણે એકેક દિવસમાં સાડી ત્રણસો મિનિટની તો નિદ્રા ! ઉપરાંત હરખ-ખેદ કેટલા ? વિષયોનાં આકષર્ણ કેટલા ? ધર્મ કરીને, ને તે પણ કેટલી ય ખોડ-ખાંપણવાળો કરીને ઘમંડ કરવો છે કે 'હું ધર્મ કરૂં છું' ! યા સંતોષ માનવો છે કે અલ્પ જ્ઞાનમાં પણ ઘમંડ યા સંતોષ કે 'હું જાણકાર છું !' 'બને તેટલો ધર્મ તો હું કરું છું.'

**પૂર્વસાધકોની અપેક્ષાએ આપણે કયાં ?**

કેમ આમ ? કારણ કે આપણે પૂર્વ પુરુષોની અપેક્ષાએ કયાં ઊભા છીએ એનું ભાન જ નથી, એનો વિચાર જ નથી માટે. નહિતર, હમણાં જો વિચારીએ કે

| | |
|---|---|
| શ્રદ્ધામાં હું સુલસાની | અપેક્ષાએ કયાં ? |
| ભક્તિમાં ધરણશાહ પોરવાડની | ,, ,, |
| ત્યાગ-વૈરાગ્યમાં શાલિભદ્રની | ,, ,, |
| માત્ર સમ્યક્ત્વ છતાં નિર્વિકાર-દશામાં અનુત્તરવાસી દેવની | ,, ,, |
| સંતોષમાં પુણિયા શ્રાવકની | ,, ,, |
| ક્ષમામાં ગજસુકુમાળની | ,, ,, |
| તપસ્યામાં નંદન ઋષિ કે ધન્નાની | ,, ,, |
| શીલમાં સુદર્શન શેઠની | ,, ,, |

તો ધર્મનો ન ઘમંડ કરાય કે ન સંતોષ વળાય.

વ્યવહારમાં બધી ખબર રહે છે કે 'હું પૈસામાં, સત્તામાં, પરિવારમાં તબીયતમાં કયાં ઊભો છું,' તો એમાં સંતોષ નથી વળાતો, અને અહીં ધર્મની વાતમાં 'કયાં ઊભો છું' એ વિચારવું નથી ! પછી મહાપુરુષોની સામે જોઇ અધિક અધિક ધર્મ માટે શાનો પ્રયત્ન થાય ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## કષ્ટ વેઠીને ય ધર્મ સાધવાનું લક્ષ અને પ્રયત્ન એ શાસ્ત્રયોગનું કારણ :-

શાસ્ત્રયોગ એમ ને એમ નથી આવતો. ઊંચી ઊંચી કોટિના ઇચ્છાયોગના ધર્મ સંતોષ માન્યા વિના ખૂબ કર્યે રાખ્યા હોય, તો જ એ બને; પછી ત્યાં કષ્ટની પણ પરવા ન કરાય. 'કષ્ટ વેઠીને ધર્મ કરું' - એ ધગશ જોઇએ. ભગવાને ધર્મ ખાતર ઘોર કષ્ટ વેઠયા, અને આપણે ભગવાનને માનનારા, વળી સંસારની વાતમાં અનેક કષ્ટ ખુશીથી ઉપાડીએ પણ ધર્મની વાતમાં કષ્ટથી ભાગીએ ? શકય કષ્ટ પણ વધાવવા તૈયાર નહિ ? ત્યારે ભગવાનને શું માન્યા ?

માણસ વ્યવહારમાં તો સંસારને, પત્નીને,પુત્રને, પોતાના માન્યા પછી એની પાછળ કેટલા કષ્ટ અને તકલીફ ઉપાડે છે ? ધર્મની વાત આવે ત્યાં જ સુંવાળા થવાનું મન થાય છે ! અગવડવાળો ધર્મ, તકલીફવાળો ધર્મ, કષ્ટવાળો ધર્મ નથી ખપતો ! શું સંસાર કષ્ટવાળો, અગવડવાળો નથી નભાવી લેવાતો ? શું તકલીફભર્યા સંસારથી ખસવાનું મન થાય છે ? ના નથી થતું, ને ધર્મમાં જરાક તકલીફ આવી કે ખસવાનું ? સહેજ માથું દુખ્યું એટલે ઉપવાસ કે ધર્મક્રિયા નહી કરવાની ? પણ માથું દુખ્યું તો ય બેનો રસોઇ સંભાળે છે ! ને ભાઇઓ ધંધો-નોકરી સંભાળે છે ! કયારે ય એમ નથી થતું કે 'હાય ! સંસારમાં બહુ અગવડ, બહુ તકલીફ, બહુ કષ્ટ ! માટે મૂક સંસાર, લે ચારિત્ર. આમેય સંસારના કષ્ટ-અગવડ-તકલીફ વેઠવા, એના કરતાં ચારિત્રના કષ્ટ-અગવડ-તકલીફ વેઠવા શું ખોટા ?' ના, કષ્ટ છતાં સંસારમાંથી ખસવું નથી, ને કષ્ટ અગવડ-તકલીફ દેખી ધર્મમાંથી ખસવું છે !

ખરી રીતે તો ધર્મના કષ્ટ ખાસ સહન કરવા જોઇએ; કેમકે જેમ કાંટો કાંટાને કાઢે, ઝેર ઝેરને મારે, એમ કષ્ટમય સંસારને કષ્ટમય ધર્મ મારે. ધર્મનાં કષ્ટ સમજીને ઉપાડીએ તો મન પરથી સંસાર ઉતરી જાય. નહિતર કદાચ ચારિત્ર લઇને સાધુ ય થયા, પણ જો ધર્મનાં કષ્ટ નથી ઉપાડવા, તકલીફ-અગવડ નથી વધાવવી, તો મન પર સંસારની વાસના ઊભી રહેવાની.

## ધર્મકષ્ટ વધાવી લેવાનો ઉપાય : ધર્મના વફાદાર સેવક બનો :-

## 'ધર્મ સુંવાળા રહીને ન થાય, મહાકષ્ટ વેઠીને થાય,'

એ, મોટા નંદનરાજા, ચક્રવર્તી સનતકુમાર,ને શાલિભદ્ર જેવા સમજતા હતા; તેથી મહા વૈભવ વિલાસનું જીવન છોડી એમણે મુનિ બનીને અત્યંત સુકોમળ શરીરે પણ તપ સંયમના મહાકષ્ટ ઉપાડયા ! અરે ! આનંદ કામદેવ શ્રાવક અને જૈન રાજા ચંદ્રાવતંસક વગેરે શ્રાવકોએ પણ કેવાંક ધર્મ-કષ્ટ ઉપાડયા છે ! એ શાસ્ત્રો બતાવે છે. કેમ એ મુનિઓ અને સમૃદ્ધ શ્રાવકોએ ધર્મકષ્ટ વધાવ્યા ? કહો, ધર્મના એ વફાદાર સેવક બની ગયા માટે.

સંસારના વફાદાર સેવકો સંસારના કષ્ટ વધાવી લેવા કેવા તૈયાર હોય છે ! સત્તરસો સંકટ વેઠીને ય એ સંસારને બરાબર સંભાળી રાખે છે, ને કદી એમ નથી કહેતા કે, 'અહીં આ સંકટ તકલીફ હોય તો અમારે સંસાર નથી જોઇતો,' એજ માણસો ધર્મના કાર્યમાં તકલીફ દેખાય એટલે કહે છે 'તકલીફમાં અમારું કામ નહિ. તકલીફવાળો ધર્મ અમારાથી નહિ બને. તમે કહેશો તો રવિવારે બે કલાક વ્યાખ્યાન સાંભળશું, પણ આ તમે ત્યાગ-વ્રત-નિયમની વાત કરો એ અમને નથી ગમતું.' કેમ જાણે સંસાર નભાવવા કશો ત્યાગ નથી કરતા ! કશી તકલીફ નથી વેઠતા ! કશું ય નિયમબદ્ધ નથી બજાવતા ! વાત આ છે, સંસારની વફાદારી રાખી છે, ધર્મની વફાદારી નહિ...

મહાન આત્માઓ ધર્મના વફાદાર સેવક બનેલા, તેથી ધર્મની વાતમાં સુંવાળાશ હટાવી દઇ કષ્ટ - તકલીફ વધાવી લેતા હતા.

ધર્મકષ્ટ વધાવી લેવાનું બીજું કારણ આ છે, કે ધર્મ હૈયે વસાવવા - ટકાવવા અને વધારવા સત્ત્વ જોઇએ. આ સત્ત્વ ધર્મકષ્ટ વધાવવાથી વિકસે છે.

કષ્ટથી ભાગવામાં કાયરતા પોષાય, સત્ત્વહીનતા રહે. માટે સત્ત્વ કેળવવા સારુ મહાન આત્માઓ ધર્મકષ્ટ વધાવી લેતા.

## રાજા ચંદ્રાવતંસકનું ધર્મકષ્ટમાં સત્વ :-

રાજા ચંદ્રાવતંસક એક રાત્રે વહેલા જાગ્યા તો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારે છે, 'હવે ઊંઘીને શું મળવાનું ? લાવ, ધર્મધ્યાનમાં બેસું; એ પણ નિયમ લઇને બેસું; તેથી ધ્યાનના શુભ યોગની જેમ પાપની વિરતિના શુભ યોગનો પણ લાભ મળે.' એમ કરીને એ પલંગ પરથી ઊતરી નીચે પ્રતિજ્ઞા કરીને બેસી ગયા કે 'આ ગોખલામાં દીવો બળે ત્યાં સુધી મારે દેશાવકાશિક અને અરિહંત પંચપરમેષ્ઠીનું ધ્યાન રાખવાનું.'

'દેશાવકાશિક' એટલે અમુક મર્યાદિત દેશનો અર્થાત્ જગાનો જ અવકાશ, યાને નિશ્ચિત પરિમાણ, છૂટ; બાકીની બધી જગા ત્યાગ.

દા.ત. અહીં રાજાએ જે કટાસન પર બેઠા એટલી જ જગાની છૂટ રાખીને બહારની બધી જ જગાનો ત્યાગ, ત્યાં હરવા-ફરવાનું બંધ, ને એ જગાની વસ્તુ સાથે બધો વ્યવહાર બંધ !' બસ, આ નિયમ કરીને એમાં પરમેષ્ઠીનું ધ્યાન લગાવ્યું. હવે દીવામાં તેલ ખૂટવા આવી ગયેલું, એટલામાં દાસી આવીને તેલ પૂરે છે ! પરંતુ રાજા બોલતા નથી. દાસીને રોકવા એક ઊંકારો ય નથી કરતા, કેમકે એ દાસી પોતાના નિયમની બહારની જગામાં છે, તેથી એની સાથે કશો વ્યવહાર ન થાય. અરે ! મનમાં પણ દાસી પર દ્વેષ નથી લાવતા કે તને કોણે દોઢડાહી કરી કે તેલ પૂરે છે ? કેમકે કષ્ટ વેઠીને પણ નિયમ પાળવો છે, ને તેમાં સત્ત્વ કેળવવું છે.

અહીં દાસી પર ગુસ્સો ન આવે ? ના, હમણાં જો આ નિયમ ન હોત અને અંધારે ઊઠયા હોત, ને કયાંક ભીંતે ભટકયા હોત, તો તો ત્યાં દાસી પર એમ થાત ને કે 'ભાન નહોતું કે દીવામાં તેલ પૂરવું જોઇએ!' જો ત્યાં તેલ પૂરવામાં દાસી ડાહી લાગે, તો અહીં શા માટે એ દોઢડાહી લાગવી જોઇએ ? દાસીને થોડી જ રાજાના મનની વાતની અર્થાત્ મનના નિયમની ખબર પડે ? રાજા ચંદ્રાવતંસક સમજદાર છે, નિયમમાં દૃઢ છે, અને તે પણ ખૂબ પ્રસન્નતાથી પાલન કરનારા છે; કેમકે બીજા પણ કેટલાય રાજાઓની જેમ એ ધાર્મિક હૃદયવાળા હતા, તેથી હાલતાં ને ચાલતાં વ્રત અને પચ્ચક્ખાણ કરનારા ! તેમજ ઉદાર અને સહિષ્ણુ તથા સદ્ગુરુઓની પ્રેરણાથી આત્મહિત સાધનારા છે. એટલે એના અભ્યાસથી અત્યારે આ દેશાવકાશિક વ્રતવાળા બન્યા છે, અને કસોટી આવી તો એમાં પાર ઊતારનારા છે. કારણ કે એ સમજે છે કે,

**કષ્ટ વેઠી ધર્મ ન સાધીએ તો ધર્મ સાથે સગાઇ કેમ થાય ?**

**કેમકે ધર્મ વખતે કષ્ટથી ભાગવામાં ધર્મ કરતાં સુખશીલપણું સગું કર્યું.**

✣ ✣ ✣

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કુમારપાળના નિયમો

જુઓ ૧૮ દેશના સમ્રાટ મહારાજા કુમારપાળ ગુરુ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય પાસે કેવા કઠોર કષ્ટમય વ્રત ધરનાર બનેલા ! (૧) ચોમાસામાં પાટણ બહાર જવાનું નહિ ! એમાં ગિઝની બાદશાહ ચડી આવ્યો તો પણ પાટણની બહાર નહિ જવાનો નિર્ધાર ! ચારેય મહિના (૨) રોજ એકાસણ ! (૩) રોજ ૫ વિગઈનો ત્યાગ ! (૪) સંપૂર્ણ લીલોતરી ત્યાગ ! (૫) પૂર્ણ બ્રહ્મચર્ય ! કોને આ ? અઢાર દેશની રાજ્ય સમૃદ્ધિવાળાને ! (૬) એક બોકડાની દયા ખાતર દેવીનું ત્રિશૂલ ખાધું ને જીવતા બળી મરવા તૈયાર ! (૭) પગની ચામડીએ ચોંટેલા મંકોડાને બચાવવા એ પોતાની ચામડી જ ઊખેડી નાખી ! (૮) અપુત્રિયા મરેલાનો વારસાહક જતો કરી કરોડોની આવક જતી કરી !

આ વ્રતો, આ દયા, આ સહિષ્ણુતા, આ નિસ્પૃહતાનું સત્ત્વ કેવુંક !

આ કુમારપાળ ચોથા આરાના માનવી નહિ હોં ? પાંચમા આરાના સમૃદ્ધ રાજવી હતા ! છતાં આ આરાધના એ સામાન્ય સ્થિતિવાળા માટે મહાન આલંબન છે. એમને નજર સામે રાખવાથી ધર્મકષ્ટ વધાવાય, સત્ત્વ વિકસાવાય, અને ધર્મ સાથે સગાઈ થાય.

**ચંદ્રાવતંસકનું મૃત્યુ પર્યંત ધ્યાન :**

એવા રાજા ચંદ્રાવતંસક પણ મહાન આલંબન છે. દાસીએ તેલ પૂર્યું, હવે આમની કેડ ફાટે છે ! ને માથું તૂટી પડે છે ! નસો તંગ થઈ જઈ શરીર તૂટું તૂટું થઈ રહ્યું છે ! આટલી બધી પીડામાં દાસી પર ગુસ્સો ન આવે ? ના, કેમકે સમજે છે કે પ્રતિજ્ઞાબદ્ધ દેશાવકાશિક ધર્મ અને ધ્યાનધર્મ હાથમાં લીધો છે, તે સત્ત્વગુણના વિકાસ માટે, અને તેથી મોહમય પ્રવૃત્તિથી પોષાતા તમોગુણના નાશ માટે. તેથી હવે જો રોષમાં ધમધમાય તો સત્ત્વગુણ વિનાશ પામે, અને તમોગુણ વિકાસ પામે ! ધર્મસાધનામાં બેસીને આવો ઊંધો વેપલો કોણ કરે ? વળી કષ્ટ-તકલીફ વેઠીને આ ધર્મ થાય, તેમાં રસ આવે. શેલડી મોંથી ચવાય તો રસ આવે છે. વળી આ સમજમાં રોષ શાનો ઊઠવા જ દે ?

રાજા ચંદ્રાવતંસક સમાધિમાં મત્યુ પામ્યા અને દેવલોકમાં જન્મ્યા ! શી ખોટ આવી ?

મળમૂત્રની કાયા મૂકી દિવ્ય કાયા મળી ! આ તો ભૌતિક લાભ; પણ આત્મિક લાભમાં સ્વર્ગમાં અહીંની આરાધનાનું ફળ જોઈ ધર્મપ્રેમ-ધર્મશ્રદ્ધાબળ ને પરમાત્મ-ભકિતભાવ વધી ગયા. આ પરિણામ જોતાં દેખાય કે રાજા ચંદ્રાવતંસકની મહાકષ્ટમાં ય, ચંદ્ર જેવી શીતલ સમતાના કેવાં રુડાં ફળ !

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શાસ્ત્રયોગીનું ૨ જું લક્ષણ

# (૨) શ્રદ્ધા : (સંપ્રત્યયાત્મક શ્રદ્ધા)

વાત આ હતી કે ઇચ્છાયોગનો ધર્મ એ (૧) શુદ્ધ ધર્મની ઇચ્છાથી અને (૨) કષ્ટ-તકલીફ-અગવડભર્યો પણ સેવાતો રહે, તો એથી આત્મામાં સત્ત્વ વધે; અને એના પર અપ્રમાદ-ભાવ વધે; તો એથી શાસ્ત્રયોગની ભૂમિકા ઊભી થાય. આવું સાત્ત્વિક ધર્મસેવન વિશિષ્ટ શ્રદ્ધાબળ પર આવે છે. તેથી અહીં કહે છે , -

શાસ્ત્રયોગીનું બીજું લક્ષણ, - 'શ્રાદ્ધ', એટલે કે એ વિશિષ્ટ શ્રદ્ધાવાન હોય, અર્થાત્ તેવા પ્રકારના મોહના નાશથી સંપ્રત્યયસ્વરૂપ શ્રદ્ધાવાન હોય.

સામાન્ય રીતે શ્રદ્ધા મિથ્યાત્વમોહના સામાન્ય ક્ષયોપશમ (નાશ) થી ઊભી થાય છે. એમાં મિથ્યામતના શાસ્ત્રની શ્રદ્ધા ઊઠી જઇને જિનમતના યાને વીતરાગ સર્વજ્ઞ શ્રી જિનેશ્વર ભગવાનનાં વચનના શાસ્ત્રની શ્રદ્ધા ઊભી થાય છે. એથી હવે કોઇ પણ હેય પદાર્થના ત્યાગની અને ઉપાદેય પદાર્થના આદરની વાત આવે ત્યાં મનને એમ થાય કે 'જિનવચન-જિનાજ્ઞા-જૈનશાસ્ત્રો આ ત્યાગ અને આદર કરવાનું કહે છે માટે એ કરવાના.' દા.ત. ઉપાદેયના આદરમાં સવાલ આવે કે 'ભાઇ ! કેમ આ સવારે ઊઠીને દેરાસર ચાલ્યા ?' તો એનો જવાબ આ કે 'જિનેશ્વર ભગવાનની આજ્ઞા છે માટે...શ્રાવકે ત્રિકાળ જિનભક્તિ કરવાની; એમાં પહેલી ભક્તિ પ્રભાતે કરવાની. એટલે જિનભક્તિ કરવા માટે દેરાસર જાઉં છું...'

'કેમ રખડતા ભિખારીને દાન કરો છો ?' તો કે 'ભગવાનની આજ્ઞા છે કે શ્રાવકે અનુકંપાદાન કરવું જોઇએ, માટે ભિખારીને આપવાનું.'

આમ બધી ય ઉપાદેય ધર્મપ્રવૃત્તિમાં 'જિનાજ્ઞા છે માટે ધર્મપ્રવૃત્તિ કરવાની' - એવી શ્રદ્ધા હોય.

એમ હેયના ત્યાગમાં સવાલ આવ્યો કે 'બટાકા કેમ ખાતા નથી ? રાત્રે કેમ જમતા નથી ?' તો આ જ જવાબ કે 'ભગવાનની આજ્ઞા છે કે રાત્રિભોજન-કંદમૂળ આદિ ૨૨ અભક્ષ્ય ન ખવાય. એથી આ અભક્ષ્ય નથી ખાતા !'

એમ 'પિક્ચર- ટી.વી. કેમ જોતાં નથી ?' તો આ જ જવાબ કે ''ભગવાનની આજ્ઞા છે કે 'શ્રાવકે અનર્થદંડ સેવવાનો ત્યાગ રાખવો જોઇએ. નાટક, પેખણાં, સિનેમા, સરકસ, લડાઇ, તમાશા.. વગેરે ન જોવાય.' માટે અમે પિક્ચર-ટી.વી.નથી જોતાં.''

આમ જિનવચનની શ્રદ્ધાથી પ્રેર્યા ધર્મ સધાય, એ સામાન્ય શ્રદ્ધામાંથી સંપ્રત્યયાત્મક શ્રદ્ધા પર જવાનું છે. ત્યાં જે ધર્મ કરાય તે 'શાસ્ત્ર કહે છે માટે ધર્મ કરું' એમ નહિ, પરંતુ પોતાના અંતરમાં ધર્મનો એવો 'સંપ્રત્યય' અર્થાત્ એવી સમ્યક્ પ્રતીતિ થઇ ગઇ હોય કે ધર્મ સહજભાવે જ રુચે. દા. ત. 'શાસ્ત્રે હિંસાને પાપ કહ્યું છે માટે મારે હિંસાત્યાગ.' આ હિંસાથી નરકનાં દુઃખ મળે માટે હિંસાત્યાગ,' - એમ નહીં, કિન્તુ આંતરવૃત્તિ જ એવી થઇ ગઇ હોય કે 'સામો જીવ છે, તો એને મરાય જ નહીં.' હૈયાને હિંસા સહેજે અજાુગતી જ લાગે. સહજભાવે દિલમાં અહિંસા જ ઊઠે, જેમકે શિકારી પ્રાણીને દિલમાં સહેજે હિંસા ઊઠે છે ને ? બસ સંપ્રત્યયાત્મક શ્રદ્ધાવાળાને દિલમાં સહેજે સહેજે અહિંસા જ ઊઠે, હિંસા ઊઠે જ નહીં.

આવી સંપ્રત્યયાત્મક અર્થાત્ સહજભાવની શ્રદ્ધા શી રીતે ઊભી થાય ? તો કે તેવા પ્રકારના મોહના નાશથી ઊભી થાય. એમાં -

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પરિણતિ : આંતરવૃત્તિ

મિથ્યાત્વરૂપ મોહનો નાશ તો કરવાનો જ છે, પરંતુ આસક્તિ કરાવનાર મોહનો પણ નાશ કરવાનો છે, તેથી 'સંપ્રત્યય' હૃદયમાં સચોટ પ્રતીતિ-ખાતરીરૂપ શ્રદ્ધા ઊભી થાય.

## સંપ્રત્યયાત્મક શ્રદ્ધાનો ઉપાય :

પ્રારંભમાં પાપ-ત્યાગ, તપ, ક્ષમા, અહિંસા, દયા વગેરે તથા દેવદર્શનાદિ ધર્મનાં અનુષ્ઠાનો કરાય તે જિનેન્દ્ર ભગવાનના વચન પરની શ્રદ્ધાથી કરાય. એ જિનવચન પરની શ્રદ્ધાથી પાપત્યાગ વગેરે ધર્મ પર શ્રદ્ધા થાય છે, શ્રદ્ધાથી એનું આચરણ થાય છે. હવે એ શ્રદ્ધાપૂર્વકનું આચરણ એવું થતું જાય કે એ ત્યાગ વગેરે ધર્મ અંતરાત્માની પરિણતિમાં- આંતરવૃત્તિમાં ઊતરતો જાય. અર્થાત્ દા.ત. અત્યાર સુધી અંતરાત્મામાં વિષયભોગ, ક્રોધ, હિંસા વગેરે ભાવ સહેજે ઊઠતા, ભરપૂર ઊઠતા, તે હવે જિનવચનના આલંબને વિષય-ત્યાગના, ક્ષમાદિના તથા અહિંસા વગેરેના ભાવ ઊઠતા થાય. આમ ભલે અભ્યાસ-દશામાં જિનાજ્ઞાની શ્રદ્ધાથી એ ત્યાગ-અહિંસા- ક્ષમાદિ પર શ્રદ્ધા થઇને એના ભાવ અંતરમાં ઊઠતા, પરંતુ એમ પણ સહી, કિન્તુ હવે આંતર પરિણતિ પૂર્વની જેમ રંગરાગ-ભોગાદિની નહીં કિન્તુ ત્યાગાદિની બનાવતા રહેવાય તે જિનાજ્ઞાને આધારે. એ ત્યાગ-ક્ષમા-અહિંસાદિની આંતર પરિણતિ-આંતરવૃત્તિ બનાવતા રહેવાય, તો એક દિવસ એવો આવે કે તેવા પ્રકારના મોહના નાશથી એ ત્યાગાદિની પરિણતિ સહજ સ્વભાવની બની જાય; ને ત્યારે 'ભગવાન કહે છે માટે આ ત્યાગાદિ કરવા જોઇએ' એ હિસાબ નહીં, કિન્તુ સહજ રીતે 'વિષયભોગ-હિંસા-ક્રોધ વગેરે પાપો કરાય જ નહિ, પણ ત્યાગ-અહિંસા-ક્ષમા જ કરાય' એવી આંતર પરિણતિ ઊભી થઇ જાય. દિલને ભોગ-ક્રોધ-હિંસક ભાવ માફક જ ન આવે, દિલને સંગત જ ન થાય. સંગત થાય ત્યાગ-ક્ષમાદિ ભાવ; ને પછી ત્યાં એ ત્યાગ-ક્ષમા-અહિંસાદિની શ્રદ્ધા આંતર સંવેદનાત્મક સ્વ-સંપ્રત્યયાત્મક બની જાય. આવી સંપ્રત્યયાત્મક શ્રદ્ધા શાસ્ત્રયોગ માટે જરૂરી છે. એટલે આવી શ્રદ્ધા માટે ખાસ જરૂરી શું બન્યું ? ત્યાગ-ક્ષમાદિની બાહ્ય સાધના કરતાં કરતાં એની આંતર પરિણતિ ઊભી કરતા જવું એ જરૂરી; આંતરવૃત્તિ બનાવવી જરૂરી.

જૈન શાસનમાં આરાધનાનું માપ આંતર પરિણતિ પર છે. જિનશાસનની દૃષ્ટિએ આરાધના કેટલી અને કેવી થઇ એનું માપ કોરી ઘસડપટ્ટીની ક્રિયા પર નથી, તેમ કોરી વિદ્વત્તા કે કોરા કષ્ટ ઉપાડવા પર નથી, કિન્તુ સાથોસાથ હૃદયની પરિણતિ કેવી બને છે, એના પર છે. પછી જો બાહ્ય સાધના સમાન છતાં શિષ્યની આંતરિક પરિણતિ વધી જાય ને ગુરુની પરિણતિ એવી ન વધે, તો શિષ્ય કેવળજ્ઞાનના આસમાનમાં ઊડે ! ને ગુરુ છદ્મસ્થતાની ધરતી પર ઊભા હોય !

આ પરિણતિનું વિજ્ઞાન (સાયન્સ) આપણને આશ્વાસન આપે છે કે-

'કદાચ આપણામાં મહાપુરુષો જેટલું જ્ઞાન ન હોય, યા તેટલી કષ્ટમય સાધના ન હોય, છતાં આંતરિક પરિણતિ-આંતરવૃત્તિ વધારે નિર્મળ બનાવીએ તો આપણો ઉદય વધુ સતેજ બનશે,' અને ઇચ્છાયોગની-ધર્મસાધનાની શ્રદ્ધામાંથી શાસ્ત્રયોગની સાધનાની સંપ્રત્યયાત્મક શ્રદ્ધામાં જવા માટે આ આંતરિક શ્રદ્ધામય પરિણતિ-અંતરાત્માની વૃત્તિ બહુ જરૂરી પણ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નિશ્ચય-વ્યવહાર

## આરાધનાના રથનાં બે પૈડાં- નિશ્ચય અને વ્યવહાર :

અહીં ધ્યાનમાં રાખવાનું છે કે આ આંતરિક પરિણતિ અર્થાત્ હૃદયના ભાવ ઇચ્છાયોગની ધર્મસાધનાઓની પ્રબળતા અને પ્રચુરતા (વિશાલતા)થી વિકસ્વર થાય છે. બાહ્ય સાધના એ વ્યવહાર છે, તો પરિણતિ એ નિશ્ચય છે. શ્રી જૈન શાસનમાં દ્રવ્ય અને ભાવ, તથા નિશ્ચય અને વ્યવહાર, એ આરાધના-રથનાં બે પૈડાં છે. રથ એક પૈડે ન ચાલે, બે પૈડાં ઉપર જ ચાલે. એટલે જ શાસ્ત્ર કહે છે,-

जइ जिणमयं पवज्जह
ता मा ववहार-निच्छए मुयह ।
एगेण विणा तित्थं
न होइ तत्तं परेण विणा ।।

**અર્થાત્ જો જિનમતને સ્વીકારતા હો તો વ્યવહાર અને નિશ્ચય બંનેમાંથી એકેયને છોડી દેશો નહિ; કેમ કે વ્યવહાર વિના તીર્થ ન હોય, તીર્થ (શાસન)નો ઉચ્છેદ થાય, અને નિશ્ચય વિના તત્ત્વ ન હોય, તત્ત્વનો ઉચ્છેદ થાય.**

## વ્યવહાર વિના તીર્થવિચ્છેદ :-

વાત પણ સાચી છે કે વ્યવહાર એટલે બાહ્ય ક્રિયાઓ-આરાધનાઓ, તથા શ્રાવકાચાર-સાધ્વાચાર. એ જો કશા જ પાળવા જરૂરી ન હોય, તો પ્રભુએ ધર્મશાસન અને ચતુર્વિધ સંઘ શા માટે સ્થાપવાનું કર્યું ? અને પછીથી શાસન ચાલે શાના આધાર પર ? મતલબ, વ્યવહારધર્મ યાને આચાર-ક્રિયાઓ વિના શાસનનો ઉચ્છેદ જ આવીને ઊભો રહે !

## નિશ્ચય વિના તત્ત્વવિચ્છેદ :-

તેમજ એકલો વ્યવહારજ પાળવાનો હોય, અને નિશ્ચયનું લક્ષ જ હૃદયમાં ધરવાનું ન હોય,તો તત્ત્વ ઉડી જાય ! અર્થાત્ મુખ્ય તત્ત્વ જે અત્યંત વિશુદ્ધ આત્મ-તત્ત્વ, આત્માની તદ્દન શુદ્ધ પરિણતિ, એ તત્ત્વનો જ ઉચ્છેદ થઇ જાય; અર્થાત્ આત્માની-વિતરાગતાની અને સિદ્ધતાની પરિણતિ જ શી રીતે કદી ય ઉભી થાય ? કેમકે સંસારાવસ્થા એ અશુદ્ધ-મલિન આત્મપરિણામ છે, મલિન આત્મપરિણતિ છે. એ અંશે અંશે ય શુદ્ધ થતી આવે તો અંતે એ સંપૂર્ણ શુદ્ધ પરિણતિ રૂપ બને. જો નિશ્ચયદષ્ટિથી પરિણતિ લક્ષમાં જ લેવાની ન હોય, અને એકલા બાહ્ય આચારના વ્યવહાર પર જીવવાનું હોય, તો અંશે અંશે પણ આંતરિક પરિણતિ શુદ્ધ-શુદ્ધતર કરતા ચાલવાનું તો રહ્યું જ નહિ; પછી અત્યંત શુદ્ધ આત્મતત્ત્વ શી રીતે પ્રગટવાનું ? કહો કે એનો ઉચ્છેદ જ થઇ થયો ! ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે કહ્યું,-

**"નિશ્ચયદૃષ્ટિ હૃદય ધરીજી,**
**પાળે જે વ્યવહાર,**
**પૂણ્યવંત તે પામશેજી,**
**ભવસમુદ્રનો પાર..."**

- સવાસો ગાથાનું સ્તવન

અર્થાત્ પાળવાનો -આચરવાનો વ્યવહાર છે, અને વિચારવાનો નિશ્ચય છે. માટે કશું આચર્યા વિના જે માત્ર વિચારવા પર ભાર મૂકે છે અર્થાત્ દ્રવ્યક્રિયા વિના ભાવને જ જરૂરી માને છે, આંતર પરિણતિને જ આવશ્યક માને છે, તે બિચારા ભુલા પડે છે. આ જ મહર્ષિએ શ્રી અધ્યાત્મસાર નામના શાસ્ત્રમાં કહ્યું કે,-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## "અધ્યાત્મસાર શાસ્ત્ર શું કહે છે ?

(૧) अतो मार्ग-प्रवेशाय व्रतं मिथ्यादशामपि ।
द्रव्यसम्यक्त्वमारोप्य ददते धीरबुद्धयः ॥

(૨) यो बुद्धवा भवनैर्गुण्यं धीरः स्याद् व्रतपालने ।
स योग्यो, भावभेदस्तु दुर्लक्ष्यो नोपयुज्यते ॥

અર્થાત્ -

(૧) માર્ગ-પ્રવેશ માટે મિથ્યાદૃષ્ટિઓને (સમ્યક્ત્વ-પરિણતિ રહિતને) પણ ધીર બુદ્ધિવાળા મહર્ષિઓ દ્રવ્ય-સમ્યક્ત્વનો આરોપ કરીને ચારિત્ર આપે છે.

(૨) જેનામાં સંસારની નિર્ગુણતા જાણી વૈરાગ્ય થયો દેખાય, અને જે વ્રત (ચારિત્ર) પાલનમાં ધીર-સ્થિર જણાય, તે દીક્ષા માટે યોગ્ય છે. બાકી સમ્યક્ત્વ-મિથ્યાત્વ કે ચારિત્ર-અચારિત્રના આંતરિક ભાવવિશેષ યાને પરિણતિ-વિશેષ એ છદ્મસ્થ માટે દુર્લક્ષ્ય છે, અર્થાત્ આવા આત્મામાં આંતરિક રીતે સમ્યક્ત્વની પરિણતિ અને સર્વવિરતિના પરિણામ જાગ્યા છે કે કેમ ? એ પ્રત્યક્ષ દેખી શકાવા મુશ્કેલ છે.

અહીં એકાંતે ભાવવાદી-નિશ્ચયવાદી પ્રશ્ન કરે છે, -

અહીં બે શ્લોકમાં એ બતાવ્યું કે સાધુ પાસે આવનાર આત્માને ચારિત્ર-ધર્મમાર્ગમાં પ્રવેશ કરાવવા માટે પહેલાં સમ્યક્ત્વ ઉચ્ચરાવે છે, અને પછી વ્રત સર્વવિરતિ-સામાયિક વ્રત ઉચ્ચરાવે છે. અહીં એના અંતરાત્મામાં સમ્યક્ત્વ પરિણામ અને સામાયિક પરિણામ ઊભો થયો છે કે નહીં એ પ્રત્યક્ષ નિહાળવું છદ્મસ્થ ગુરુનું ગજું નથી. હવે 'જો એ પરિણામ સામાના અંતરાત્મામાં ન થયો હોય તો વ્રત આપી જ ન શકાય' આવો કાયદો હોય તો તો આંતર પરિણામ તો છદ્મસ્થ ગુરુને દેખાવાના નથી એટલે પછી વ્રત આપી જ ન શકે, અને એ જો ન અપાય તો એ ઘરવાસના પાપો કરતો રહી ધર્મમાર્ગમાં આવે જ શી રીતે ? એટલે જ એનો ઉદ્ધાર કરવા એને ધર્મમાર્ગમાં પ્રવેશ કરાવવા સુજ્ઞ ગુરુઓ એનામાં દ્રવ્ય-સમ્યક્ત્વનો વ્યવહાર-સમ્યક્ત્વનો આરોપ કરીને વ્યવહારથી સર્વવિરતિ-વ્રતોચ્ચારણ કરાવે છે. માત્ર બે વાત જુએ કે (૧) સામાને સંસાર નિર્ગુણ લાગ્યો છે ને ? અને (૨) લીધેલ વ્રતમાં દૃઢ રહેશે ને? પૂછો, -

પ્ર૦ - એ ભાવ પણ આંતરિક હોઇ એને છદ્મસ્થ ગુરુ શી રીતે જોઇ શકવાના હતા ?

ઉ૦ - અલબત્ પ્રત્યક્ષ ન જોઇ શકે, પરંતુ સામાને વિવિધ પ્રશ્ન કરી તોલ કાઢી શકે કે 'સામાના હૈયામાં સંસારની નિર્ગુણતા સમજાઇ છે, અને વ્રતની દૃઢતા રહેશે.' આને પ્રશ્નશુદ્ધિ કહે છે, પ્રશ્નો કરીને યોગ્ય ઉત્તરો મળે તો ત્યાં પ્રશ્નશુદ્ધિ થઇ, પ્રશ્નપરીક્ષામાં ઉત્તીર્ણ થયો.

અહીં એકાંત નિશ્ચયવાદી પ્રશ્ન ઉઠાવે છે, -

## એકાંત નિશ્ચયનયનું ખંડન

### એકલા હૃદયના ભાવ પર ચાલનારને મતે શાસનનો વિચ્છેદ.

પ્ર૦-સર્વવિરતિના પરિણામ (આંતરભાવ) નહીં હોય તો સાધુવેશ આપીને શું કરશો ? દીક્ષા નકામી જશે ! ભાવ વિનાના ગુણસ્થાનક હોય નહીં. માટે ભાવ પર આધાર કેમ ન રાખવો ?

ઉ૦-પૂ. ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે 'પણ જો એવું જોવા જઇએ, તો શાસનનો ઉચ્છેદ થઇ જાય ! કેમકે હૃદયના ભાવ જોવાનું છદ્મસ્થનું ગજું નથી, અને તમારા મતે વેશ તો વ્યવહાર છે તેથી વેશ નકામો ? એમ છતાંય અમે તમને પૂછીએ કે જેનામાં સર્વવિરતિના પરિણામ હોય, તેને પછી દીક્ષા-વેશ આપીએ તો જ ક્ષપકશ્રેણિ માંડે, શું એવું તમે માનો છો ? ના, વેશ વિના જ ભાવથી ભરત ચક્રી વગેરેને ક્ષપકશ્રેણિ અને કેવળજ્ઞાન મળેલું છે, તેથી તમારા મતે તો ભાવની પહેલા કે પછી, વેશની જરૂર જ ન રહી ! ને પછી તો

ભગવાન જેવાએ પણ તમારા એકાંત ભાવવાદમાં રહી ગૌતમસ્વામીને દીક્ષા અને બાહ્ય આચારપદ્ધતિ નહોતી આપવી જોઇતી ! કેમકે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાન જુએ કે ઇન્દ્રભૂતિજીને સર્વવિરતિના ભાવ થઇ ગયા છે, એટલે તમારા મતે તો ભગવાનને કહેવું જોઇએ 'બેસો, હવે દીક્ષા લેવાની જરૂર નથી. ક્ષપકશ્રેણિ પણ એમ જ ભાવથી થઇ જશે.' આમ આખો દીક્ષા આપવાનો વ્યવહાર બંધ, એટલે પછી શાસન જેવું શું રહ્યું ?

**એકલા ભાવ પર યાને નિશ્ચયનય પર મદાર બાંધી બાહ્ય વ્યવહારનો નાશ કરનારા એ તો શાસનનો વિચ્છેદ કરનારા છે.**

કેમકે એમને તો બાહ્ય વેશ, બાહ્ય સાધુચર્યા, અને ગૃહસ્થોથી જુદી પડતી સાધુસંસ્થા વગેરે બાહ્ય પદાર્થ જરૂરી ન રહ્યા ! કારણ, ભાવ ન હોય તો એ બધું બાહ્ય નકામું ! અને ભાવ હોય તો પછી બધું બિનજરૂરી !

જ્યારે, અહીં દ્રવ્ય અને ભાવ, નિશ્ચય ને વ્યવહાર, બંને નય માનનારા અમારે તો 'વૈરાગ્ય અને વ્રતપાલનની દૃઢતા,' ઓછામાં ઓછા આ બે લક્ષણ જોઇ સાધુ વેશ યાને દીક્ષા આપવાનું માનનારાને આ સુલભ છે કે એ દીક્ષિતમાં સાધ્વાચારનું પાલન થતું રહેવાનું પછી દીક્ષા લેતી વખતે એ જીવમાં કદાચ ભાવ ન હોય તો ય ભાવની ઇચ્છાથી સન્માર્ગનું પાલન કરતા કરતા એને ભાવ આવી જવાના, અને આત્મા આગળ વધી જવાનો. એમ અનંત આત્મા ઠેઠ મોક્ષે પહોચી ગયા છે,અર્થાત્ સમ્યગ્ વ્યવહારનું પાલન કરતા કરતા નિશ્ચય પામી ગયા છે. અરે ! એ જુઓ કે-

**ખુદ જિનેશ્વરદેવના જીવનમાં વ્યવહાર વિના નિશ્ચય નહિ :**

વીર પ્રભુએ જ્યારે 'કરેમિ સામાઇઅં' ઉચ્ચર્યું, ત્યારે જ સર્વવિરતિના ભાવ (પરિણામ) આવ્યા; પણ તે પહેલાં ઘર ત્યજીને વરઘોડે નીકળ્યા ત્યારથી નહિ. જોકે દીક્ષા લેવા માટે નીકળ્યા, ત્યારે અંતરથી બધુ સાચેસાચ ત્યજી તો દીધું જ છે, પણ ત્યાં સુધી સર્વવિરતિ-પરિણામ નહિ ! વસ્ત્રાદિ બધું ઉતારીને આપી દીધું ત્યાં સુધી પરિણામ નહીં ! અરે લોચ કર્યો ત્યાં સુધી પણ નહીં ! કિન્તુ 'કરેમિ સામાઇઅં' પ્રતિજ્ઞા ઉચ્ચરતી વખતે સર્વવિરતિની ભાવ-સર્વવિરતિ-પરિણામ પ્રગટ થયા,અને ત્યાં જ મનઃપર્યાય જ્ઞાન પ્રગટયું. મનઃપર્યાય જ્ઞાન ૭મે ગુણસ્થાનકે મુનિને જ પ્રગટ થાય. ભગવાનને મનઃપર્યાય જ્ઞાન દીક્ષા લેતાં થાય જ એવો નિયમ છે.''જયાં સુધી 'કરેમિ સામાઇઅં' ઉચ્ચર્યું નહીં, ત્યાં સુધી ૭મું 'અપ્રમત્ત' ગુણસ્થાનક આવ્યું નહી; ને મનઃપર્યાય જ્ઞાન પણ પ્રગટયું નહીં,'' એ બતાવે છે કે મુનિપણું અને દીક્ષાના પરિણામ યાને ભાવ ઘરત્યાગ વગેરે ક્રિયાના અંતે કરાતી 'કરેમિ સામાઇઅં' ઉચ્ચરણની ક્રિયા વખતે આવ્યા. સંસારનો ત્યાગ, પાછી એની પ્રતિજ્ઞાનું ઉચ્ચારણ, એનું પાલન, વગેરે બધો વ્યવહાર છે. એ વ્યવહાર આદર્યો એટલે જગતના પદાર્થો પર વિરકત ભાવ યાને.... વૈરાગ્યનો પરિણામ અમલી થયો, અને તે વિરતિમાં પરિણમ્યો.

## વિરતિ એટલે ? વિરાગ એટલે ?

વિરતિ ને વિરાગમાં ફેર છે. 'વિરતિ'માં 'રતિ' એટલે આસક્તિ, આકર્ષણ; 'વિરતિ' એટલે જેમાંથી આસક્તિ-આકર્ષણનો ભાવ નીકળી ગયો છે તે; આ વિરતિ છે. હવે વૈરાગ્ય એટલે ? વૈરાગ્યમાં રાગ શબ્દ છે, આ રાગ એટલે જગતના પદાર્થો વિષે સુખકારી-હિતકારીપણાની બુદ્ધિ રહે અને એ પદાર્થો ઉપાદેય-ગ્રાહ્ય-આદરણીય લાગ્યા કરે. હવે જો હૃદયમાંથી એ ઉપાદેય-ભાવ ઊડી ગયો, તો વિરાગ આવ્યો. માટે સંસારી ગૃહસ્થ-આત્મા વિરાગી હોઇ શકે છે, હૈયામાં સંસાર પર, સંસારના પદાર્થો પર એને સુખકારી-હિતકારીપણાનો ભાવ નથી. વિરાગી એમ નથી સમજતો કે 'સંસાર હિતકારી છે, કે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદરવા જેવો છે., સંસારને એ નિર્ગુણ-નગુણો સમજે છે, અપકારી સમજે છે, છોડવા જેવો જાણે છે છતાં હજી મોહના લીધે એ સંસાર-સુખો પર એને રતિ-આસક્તિ થાય છે; જેમ કે ડાહ્યા દરદીને કુપથ્ય પર વિરાગ છતાં જીવને ખેંચાણ થાય છે; પણ વિરાગથી આગળ વધી વિરતિમાં આવ્યાથી જીવને જગતનું ખેંચાણ કે જગત પર આસક્તિ નથી રહેતી - જાણે અંદરથી સહજભાવે સૂગ થાય છે. એવી વિરતીના આંતર પરિણામને લાવવા માટે ભરચક શુદ્ધ આચારપાલનના વ્યવહારની જરૂર છે. વ્યવહારથી જ નિશ્ચય (પરિણતિ) આવે. ભરત મહારાજાએ આરિસા ભવનમાં અંગ પરથી દાગીના ઉતારવાનો વ્યવહાર આદર્યો અને અનિત્યતાદિ ભાવના ભાવવાનો વ્યવહાર આદર્યો, તો જ વૈરાગ્ય-વિરતિ-વીતરાગતાના પરિણામરૂપ નિશ્ચય ઊભો થયો.

## નિશ્ચય એ સ્ટેશન છે, વ્યવહાર એ મુસાફરી છે :

મુસાફરી કરો તો સ્ટેશન આવે. મુસાફરી વિના સ્ટેશન ન આવે. એમ દીક્ષા એ પણ વ્યવહાર છે. ઉપાશ્રયમાં રહેવું તે પણ વ્યવહાર, અને સ્વાધ્યાયાદિ સાધ્વાચારો એ પણ વ્યવહાર છે. વ્યવહાર વિના ભાવ ન જાગે. એકલા નિશ્ચયથી કોઇની મુક્તિ થઇ નથી. વ્યવહારનું નિમિત્ત પામીને જ મોક્ષ થાય છે. ભરત ચક્રવર્તી જેવામાં જો કે અહીં બાહ્ય દીક્ષાનો વ્યવહાર નહોતો દેખાતો, તો ય પૂર્વભવમાં તો તે હતો જ. જે સાચા જિનમતને શરણે જવા માગતો હોય, ને એને હૃદયથી સ્વીકારવા માગતો હોય, તે નિશ્ચયમાં મુંઝાતો નથી, વ્યવહારને મૂકતો નથી. અર્થાત્ એ વ્યવહાર અને આદર્શ છે, વ્યવહાર પ્રવૃત્તિ છે. નિશ્રય સ્ટેશન છે, વ્યવહાર મુસાફરી છે. દા.ત., અમદાવાદ સ્ટેશન કઇ દિશામાં છે, એ જાણ્યા વિના ગમે તેટલી મુસાફરી કરે, તે શું કામ લાગે ? તેમ, એ પણ હકીકત છે કે જાણ્યા છતાં મુસાફરી જ ન કરે, તો સ્ટેશનને દૂરથી માત્ર જાણવાનું જ ને ? પહોંચાય તો નહીં જ. તેથી કહો, -

## નિશ્ચય-વ્યવહારને અન્યોન્ય અપેક્ષા છે :

નિશ્ચયનું લક્ષ હોય તો વ્યવહાર શુદ્ધ બને; અને વ્યવહાર શુદ્ધ બને એટલે નિશ્ચય અધિક શુદ્ધ બને, વાસ્તવમાં જીવતું ને જાગતું બને. જેવી રીતે વ્યવહારની ધર્મક્રિયાઓ, આપણે અંતરમાં કેવો નિશ્ચય-ધર્મ પામ્યા છીએ, તેનું પ્રતીક છે, તેમ નવો નિશ્ચય પામવા માટે એ સાધનરૂપ પણ છે. નિશ્ચય-વ્યવહાર ઉભયને માનનાર આ વિવેક કરી શકે કે સામાન્ય નિશ્ચયથી વ્યવહાર ઊભો થાય, ને વ્યવહારથી વિશેષ નિશ્ચય ઊભો થાય, અન્યોન્ય અપેક્ષા છે. બાકી નિશ્ચય કે વ્યવહાર એકલાને જ પકડનાર તો આખી ભીંત જ ભૂલે.

તીર્થંકરદેવ ગૃહવાસમાં હોય છે ત્યારે પણ મહાવિરાગ અને ભેદજ્ઞાન ધરાવે છે; કિંતુ પોતાના જીવનમાં પણ માત્ર એકલા ભેદજ્ઞાનથી નથી ચલાવી લેતા. એ પણ કહે છે કે, -''જેવું ભેદજ્ઞાન છે, તે પ્રમાણે વ્યવહાર કરી દેવો જ જોઇએ. જો માન્યું કે શરીરથી આત્મા જુદો છે, તો પછી માત્ર શરીર સાથે સંબંધ રાખનારા એવા ઘરવાસનું આત્માને હવે કામ જ શું છે? એ ગૃહવાસ ત્યજી જ દેવો જોઇએ.'' એ હિસાબે એ પરમપુરુષ પણ સંસારના સર્વ સંબંધો ત્યજી, ભાવ સાથે ચારિત્ર-વ્યવહાર આદરે છે. ચારિત્ર-વ્યવહાર એટલે વિહાર, તપસ્યા, સમિતિ, ગુપ્તિ અને મહાવ્રતોનું પાલન..વગેરે. એનાથી નિશ્ચયરૂપ ભાવની વૃદ્ધિ કરી કેવળજ્ઞાન સુધી પહોંચે છે.

## 'શુદ્ધ નિશ્ચયનયનો ભ્રામક શબ્દ :

એકલા નિશ્ચયની વાત કરનાર થાપ ખાય છે, તે જે નિશ્ચય મનાવે છે, તેને જૈન શાસન સુનય નથી કહેતું. એ ઇતર નિરપેક્ષ અને ઇતર નયનું ખંડન કરનારો મિથ્યા 'એવંભૂત' નિશ્ચય છે. 'એવંભૂત' એટલે એ જ પ્રકારે બનેલો. સાચો ઇન્દ્ર કયો ? ઇન્દન ક્રિયાવાળો, અર્થાત્ સિંહાસને બિરાજી ઇન્દ્રપણાની બરાબર સમૃદ્ધિ-ઠકુરાઇવાળો. આ એવંભૂત ઇન્દ્ર. ત્યારે પ્રશ્ન થાય શું સિંહાસનથી નીચે ઊતર્યા પછી એ ઇન્દ્ર નહિ ? તો આ નય કહે છે કે 'એ ઇન્દ્ર નહિ.' છતાં 'સમભિરૂઢ' અને 'શબ્દ' નામના નિશ્ચયનય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા વ્યવહારાદિ નયની અપેક્ષાએ તો એ ઈન્દ્ર છે જ. એવંભૂતની પ્રધાનતામાં બીજાની ગૌણતા રહે છે. પણ બીજા નયનું ખંડન નથી કરાતું. બીજા નયનું ખંડન કરી પોતાનું જ સ્થાપનારો - માનનારો નય એ કુનય. જો કે આમ એને કહે છે તો શુદ્ધ નિશ્ચયનય, પણ શુદ્ધનો અર્થ 'શુદ્ધ' એટલે અન્ય નયથી નિરપેક્ષ; અર્થાત્ એકાંત નિશ્ચયનય. તો ત્યારે શું એકાંત એ જૈનશાસનને માન્ય હોય ? જિનશાસન તો સ્યાદ્વાદી છે. માટે શુદ્ધ શબ્દમાં મુંઝાતા નહિ, ભરમાતા નહિ. મુંઝવનારા તો તમને કહેશે 'શુદ્ધ નિશ્ચયનય માનો' પણ 'શુદ્ધ' એટલે એકાંત; અને એકાંત એટલે જૈનેતર, જૈનશાસનથી બાહ્ય.

**વિચારણા પણ વ્યવહાર છે :** સંસારમાં પણ એવંભૂતની અપેક્ષાએ ચેતન કેવો ? તો કે 'શુદ્ધ ચૈતન્યવાળો, નિરંજન નિરાકાર, અનંતજ્ઞાન ને અનંત સુખમય, અને કોઈપણ જાતના વિકલ્પ વિનાનો.' આવા નિશ્ચયનયના આત્માને કરવાનું શું રહે ? કાંઇ જ નહિ. તપ-જપ, વ્રત-પચ્ચક્ખાણ એ તો વ્યવહાર છે. પ્રતિજ્ઞા, સાધુવેશ, સાધુક્રિયા, એ બધું ય વ્યવહાર છે, કયાં શુદ્ધ નિશ્ચયના સ્વરૂપમાં છે ? માટે એકલા નિશ્ચયવાદીને એની જરૂર નથી લાગતી ! 'ત્યારે મુક્તિ શી રીતે થાય ?' એમ એને પૂછો, તો એ એકાંત નિશ્ચયવાદી શું કહે ત્યાં ? એ કહે છે કે ''નિશ્ચયનું અવલંબન જરૂર કરવાનું; પણ 'વ્રતક્રિયામાં આત્મહિત વસ્યું છે' - તે નહિ માનવાનું !! માત્ર આત્મપર્યાયની વિચારણા કરવાની, એને શુદ્ધ કરતા ચાલવાનું.''

પણ આ ધતિંગ છે, અજ્ઞાન છે. કેમકે **આ આત્મપર્યાયની વિચારણા એ જૈનશાસનનો નિશ્ચય નહિ. એનું કારણ એ છે કે આ શુદ્ધ પર્યાયની વિચારણા એ પણ વિકલ્પ છે, અને વિકલ્પ તો મનના પુદ્ગલોની રચના છે, માટે એ વ્યવહાર ગણાય.**

**પુદ્ગલનું આલંબન એટલે શુદ્ધ નિશ્ચય નહિ.** એના મતે તો વ્યવહારમાં આત્મહિત માને તો મિથ્યાત્વ લાગે ! તો પછી વ્યવહારરૂપ આત્મપર્યાયની વિચારણા પણ એના મતે કેમ કરાય ? નિશ્ચયના શુદ્ધ સ્વરૂપમાં તો શુદ્ધ પર્યાયોનું કેવળજ્ઞાનથી થતું આત્મપ્રત્યક્ષ આવે. ત્યારે પ્રત્યક્ષને બદલે વિચારણા તો જે કંઇ જાણ બહાર હોય તેની કરવાની હોય, દા.ત. જંગલમાં માર્ગ પ્રત્યક્ષથી ખબર નથી, તો જ વિચારણા થાય છે કે 'માર્ગ કયો હશે ?' પણ અહીં તો શુદ્ધ પર્યાય પ્રગટ્યેથી આત્માને અનંતજ્ઞાનમાં સમસ્ત કાળનું સમસ્ત જગત દેખાય છે. તો વિચારવાનું શું રહે ? તો કહો, આત્મ-પર્યાયની વિચારણા કોને કરવાની ? જેને તે પ્રત્યક્ષ નથી તેને. એ વિચારણા એ શું આત્માનું નિશ્ચય સ્વરૂપ છે ?

**અશુદ્ધિ એ પરદ્રવ્યની અસર છે :**

એકલો નિશ્ચય કૂટનારનું આ બીજું અજ્ઞાન છે કે એ એક દ્રવ્યની બીજા દ્રવ્ય પર અસર નથી માનતો ! ને 'કાર્ય થવામાં માત્ર-ઉપાદાન કારણભૂત ખરું, પરંતુ નિમિત્ત એ કારણભૂત નહિ' એમ માને છે ! કેટલૂં ઘોર અજ્ઞાન !

જો એને પૂછીએ કે 'હાલ આત્મા શુદ્ધ છે કે અશુદ્ધ ?' જો શુદ્ધ હોય તો કશું કરવાનું રહેતું નથી. જો કહો કે આત્મા હાલ અશુદ્ધ છે, તો એ બતાવો કે અશુદ્ધિ શાથી ? જો 'કર્મથી અશુદ્ધિ છે' એમ કહેશો, તો કર્મ તો પરદ્રવ્ય છે. એની શી અસર આત્મા પર થાય ? તમે તો એક દ્રવ્યની બીજા દ્રવ્ય પર અસર નથી માનતા. તો આ બધાનો સાર એ છે કે વ્યવહારથી અશુદ્ધિ માનવી જ જોઇશે, અને એને ટાળવા માટે ક્રિયાનો વ્યવહાર આદરવો જ પડશે.

**શાસ્ત્રયોગની ભૂમિકારૂપ ઈચ્છાયોગનો ઉપાય :**

આત્માના ગુણ એ ભાવ છે, ને એને સાચવવા માટે અપ્રમત્તપણે સમ્યગ્ આચાર-ક્રિયાઓના વ્યવહારમાં રચ્યાપચ્યા રહેવું જ જોઈશે.

**ગુણની અને શુભ ભાવની પ્રાપ્તિ અને રક્ષા માટે કરાતો ધર્મયોગ યાને આચાર-ધર્મ એ શુદ્ધ ઈચ્છાયોગ છે.** એટલે ઈચ્છાયોગમાં આવવા માટે ધર્મ કરવા પાછળ ગુણ-રક્ષાની ઈચ્છા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇએ. આમ જો ગુણરક્ષા માટે આચારનો વ્યવહાર જરૂરી છે, તો કહો જો, - એ ગુણને સાચવવા માટે આપણો કેટલો અપ્રમત્તભાવ છે કે દિવસ અને રાત્રે એવા સાવધાન રહીએ કે આ મારો ગુણ ન જ જવો જોઇએ ? પછી ભલે ગુણ તરીકે સંતોષ હો યા ઉદારતા, સહિષ્ણુતા હો, કે નમ્રતા હો, ભલે ગમે તે ગુણ પકડ્યો, પણ -

**ગુણને સાચવનારા ધર્મ-વ્યવહારને અવશ્ય પાળવાનો ઉદ્યમ થાય, તે સાચો ઇચ્છાયોગ બને.**

મહાપુરૂષોએ એ જ રીતે ગુણરક્ષણ કર્યું છે, ગુણપ્રાપ્તિ અને ગુણવિકાસ સાધ્યા છે, શુભ ભાવના વિકાસ સાધ્યા છે. સારાંશ, શાસ્ત્રયોગની ભૂમિકારૂપ ઇચ્છાયોગની કક્ષાનો ધર્મયોગ સાધવા માટે આ પણ એક ઉપાય છે કે - **ધર્મયોગ પોતાના આત્મામાં (૧) તેવો તેવો ગુણ યા શુભ ભાવ પેદા કરવા, (૨) એનું રક્ષણ કરવા, અને (૩) એને વિકસિત કરવા સાધવો જોઇએ.**

**"બનતો ધર્મ કરીએ છીએ, હવે વધારે શું થઇ શકે ?" એ ભ્રમણા છે :-**

શાસ્ત્રયોગમાં જવું છે, તો પ્રબળ ગુણ વિકાસ અને શુભ ભાવવિકાસ અર્થે જોરદાર આચારધર્મનું પાલન જોઇએ. એ લક્ષ્યથી આચાર ધર્મની ઇચ્છાપૂર્વક આચાર-ધર્મ સધાય એ સાચો ઇચ્છાયોગ. એમાં વૃદ્ધિ કરતા રહેવું જોઇએ. એ વૃદ્ધિ શી ? આ જ કે અધિકાધિક ગુણવિકાસ અને ભાવવિકાસની ઇચ્છા બની રહે, અને એ વિકાસ કરનારા આચારધર્મના ધર્મયોગ સધાતા રહે.

એટલે કેટલાક જે કહે છે, - 'અમે બનતો ધર્મ કરીએ છીએ, હવે વર્તમાન સંયોગ અને શકિતમાં વધારે શું બની શકે ?'

એ ખોટું છે; કેમકે **એના એ જ સેવાતા આચારધર્મ અને ક્રિયાધર્મ દ્વારા વધારે આ બની શકે કે ગુણવિકાસ અને ભાવવિકાસ કરતા રહેવાય.**

**ક્ષમાદિ ધર્મની શ્રદ્ધા વધારતા રહેવાય.** એટલે ?

'જ્ઞાની કહે છે માટે ત્યાગ - ક્ષમા - અહિંસાદિ ધર્મ આચરો,' - એ શ્રદ્ધાથી આગળ વધી પોતાને સ્વતઃ લાગી જાય કે ' એ ધર્મ જ કરાય ;' એ ધર્મ જ આચરવાની અંતરમાં સહજ પ્રતીતિ થાય, અર્થાત્ સંપ્રત્યયાત્મક શ્રદ્ધા થાય, ચંદનમાં સહજ સુગંધ, એમ હૃદયમાં ધર્મનો સહજ ભાવ થાય.

શું ક્ષમાદિ ધર્મની આ શ્રદ્ધા, ક્ષમાદિનો આ સહજ ભાવ, આપણે કરી લીધો છે ? 'કર્મની વેઠમાં વધારે શું કરી શકાય ?' એમ બહાનું કાઢનાર શું તાવ આવે તો કર્મની વેઠ સમજી બેસી રહે છે ? કે દવા - હવાના ઉપચાર કરે છે ? શું કર્મને આપણે સર્વથા પરાધીન કે કર્મ વારંવાર તમાચો મારી જાય ? ના, કર્મરોગ કાઢવા દવા થઇ શકે. એના માટે જૈનશાસન એવા કિમિયા બતાવે છે કે જે આદરવાથી કર્મને તમાચા લાગતા જાય, કર્મ તાવ ઊતરતો જાય. એમાં આ એક કિમિયો કે ધર્મનું શ્રદ્ધાબળ વધારતા રહેવાય.

**શાસ્ત્રના આલંબને થતી ધર્મશ્રદ્ધાને સહજભાવની શ્રદ્ધારૂપ બનાવતા જવાય, તો શ્રદ્ધાબળ વધે.**

'જ્ઞાની કહે છે માટે ધર્મ કરવો જોઇએ, માટે ધર્મની ઇચ્છા છે,' એમ નહિ, પરંતુ ધર્મ જ આત્માનું સ્વરૂપ છે, તેથી એની ઇચ્છા છે. આ સ્થિતિ ઊભી કરવાની છે.

દા.ત. ખાનપાન કેમ કરો છો ? ત્યાં આરોગ્યશાસ્ત્ર આગળ નથી કરાતું, પરંતુ એની સહજ ભૂખ છે, તરસ છે, માટે ખાનપાન કરાય છે; એમ ધર્મરૂપ આત્મકલ્યાણની સહજ ભૂખ છે, તૃષા છે, ધર્મની સહજ ઇચ્છા, સહજ પ્રેમ, સહજ ભાવ છે, માટે ધર્મ સહેજે કરાતો રહે. ત્યાં ધર્મની સંપ્રત્યયાત્મક શ્રદ્ધા આવે. એ માટે દા.ત. એમ વિચારવાનું કે, -

**'સંસારની વેઠ કરતાં કરતાં હું વેઠિયો મજૂર થઇ ગયો. હવે લાવ, એ વેઠમાંથી છૂટવા**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ધર્મ સંભાળું.**

**ધર્મ જ મારું સ્વરૂપ છે, સંસારવેઠ મારું સ્વરૂપ નહિ.**

આ શ્રદ્ધા વધારતા જવાય, ત્યારે, પરાકાષ્ઠાએ સંપ્રત્યયાત્મક શ્રદ્ધા ઊભી થાય.

સંપ્રત્યયાત્મક ધર્મશ્રદ્ધા થવાનું લક્ષણ એ કે, પછી ધર્મ સ્વાભાવિક રીતે થાય. ખાવાપીવાની ક્રિયા કેવી સહજભાવે થાય છે ? ખાવાપીવાના હજારો ટંક થવા છતાં ક્યારે ય ખાવાનો કોળિયો કે પાણીનો ઘૂંટ મોંને બદલે નાકમાં નથી પેઠો. ખાતીપીતી વખતે બીજા-ત્રીજા વિચાર આવે તો ય ખાવાપીવાની ક્રિયા તો મનના ઉપયોગથી સહજભાવે વ્યવસ્થિત જ ચાલે છે. બસ, જીવનમાં ધર્મસાધના મનના ઉપયોગ સાથે એવી સહજ સ્વભાવની થઇ જાય. કહો, મનનો સહજ ઉપયોગ ધર્મમાં જ રહ્યા કરે.

ત્યારે સમજી રાખવાનું છે કે, -

## ધર્મના ફળનો અધિકારી કોણ ?

તે જ, કે જે મુખ્યત્વે ધર્મમાં મનનો ઉપયોગ રાખે, જાગૃતિ રાખે. એ જો ન હોય તો ક્રિયા સંમૂર્છિમ થઇ જાય, યા દુન્યવી ફળની આશંસાવાળી થાય એટલે કે મનનો મુખ્ય ઉપયોગ ધર્મનો નહિ, પણ એ દુન્યવી ફળનો બન્યો રહે ! એમાં ધર્મનું અધિકારીપણું ન આવે. હજારો વાર ધર્મક્રિયા કરવા છતાં મન કેમ ચંચળ ? ને દિલ ધર્મ સાથે એકાકાર કેમ નહીં ? તેમજ ધર્મના ગાઢ સંસ્કાર કેમ ન પડયા ? કહો, મનના ઉપયોગ શૂન્ય હલકાર્યે રાખ્યું ! કોઇની વેઠ પતાવવાની જેમ ધર્મક્રિયા પતાવવાનું રાખ્યું ! **કદી ય ધર્મની સહજ શ્રદ્ધા, સહજ ઇચ્છા, ન ઊભી કરી. આ જ ખામીથી, -**

**દુન્યવી બાબતોએ મનનો જે કબજો મેળવ્યો છે એવો ધર્મે મનનો કબજો નથી મેળવ્યો !** નહિતર સેંકડો સામાયિક ને હજારો નવકાર જાપ કર્યા પછીના સામાયિક કે નવકાર જાપની શું એ તાકાત નથી કે દુન્યવી બાબતો ભુલાવી દે ? શું દુન્યવી બાબતોની જ એ તાકાત છે કે સામાયિક-જાપમાં રહેલા મનને વારંવાર એ પકડે ? આ સૂચવે છે કે, -

## ધર્મ મનને કયારે પકડી રાખે ?

ધર્મની મનને પકડી રાખવાની તાકાત ઊભી કરવી હોય તો ધર્મ નથી સાધતા ત્યારે પણ જગતની વાતોના કચરા હવે હૃદય-ગૃહમાં નહીં જ ઘાલવાના; કેમકે એ કચરાની અસર પછી ધર્મયોગ પર પડે છે. ધર્મને સહજ રીતે મન પકડી રાખે ત્યાં ધર્મશ્રદ્ધા સંપ્રત્યયાત્મક બનવા માંડે. પછી ત્યાં ધર્મ વખતે બીજાત્રીજા વિચાર ન આવે.

## સંપ્રત્યયાત્મક શ્રદ્ધાનો એક ઉપાય : ભાવનિરીક્ષણ :-

આ શ્રદ્ધા ઊભી કરવા માટે પ્રારંભમાં આ એક ખાસ કરવા જેવું છે કે તે તે ધર્મયોગ સાધતાં કે સાધીને જે જે ભાવ જગાડવાના છે એનું લક્ષ પાકું રહેવું જોઇએ. ધર્મયોગ સાધતાં જોતાં રહેવાનું કે તેને યોગ્ય ભાવ જાગે છે ને ?

દા.ત. દાનધર્મ કરતાં આ જોવાનું કે દાનથી પરિગ્રહ-સંજ્ઞા પર કાપ પડતો આવે છે ને ? શીલ પાળતાં જોવાનું કે શીલથી વિષય સંજ્ઞા કપાતી આવે છે ને ? તપ કરતાં આ જોવાનું કે તપથી આહાર-સંજ્ઞા કપાતી આવે છે ને ? સામાયિક કરતાં આ જોવાનું કે સામાયિકથી અવિરતિ-આસક્તિ-સંસારરસ પર ઘૃણા વધતી આવે છે ને ? પ્રભુભકિત કરતાં જોવાનું કે પ્રભુભકિતથી હૈયાના તાર ઝણઝણી આંખ હર્ષભીની થાય છે ને ? પ્રભુ પર દિલ ઓવારી જાય છે ને ? આ તો પ્રભુદર્શન કરતાં કે સ્તુતિ-સ્તવન બોલતાં કંઇક ભાવ જાગવા માંડયાં કે ઝટ સમાપ્ત કરવાની વાત હોય ત્યાં શી રીતે એ ભાવ પુષ્ટ થાય ? એમ તો એ જાગતાં જ તૂટી જાય.

## પ્રભુદર્શન કેવી રીતે થાય ?

ખરેખર તો ભાવ જાગવા માંડયા ત્યાં દર્શન લંબાવાય, સ્તુતિ-સ્તવન વધુ બોલાય, તો ભાવ પુષ્ટ થાય, ભાવમાં ઝીલવાનું થાય, હૈયું નાચે, હૈયાના તાર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઝણઝણે, ભકિતધર્મની શ્રદ્ધા વધે. પ્રભુના દર્શન ઉઘાડી આંખે કર્યા. પછી આંખ મીંચીને માનસિક પ્રભુદર્શન કરાય

(૧) બંધ આંખે પ્રભુને મનની સામે રાખી તાકી તાકીને વીતરાગતામય ચક્ષુ-કીકી જોતાં રહેવાય.

(૨) એમાંથી જાણે શાંત સુધારસ અને વીતરાગતાનો ફુવારો નીકળી આપણા પર પડી રહ્યો છે ! એ ભાવ ઊભો કરાય.

(૩) પ્રભુની સાથે વાત થાય, અર્થાત્ પ્રભુને સ્તુતિ-સ્તવનોની કડીઓના આધારે આપણી અરજી કહેવાય. આવું માનસિક પ્રભુદર્શન લાંબુ ન ચલાવી શકાય, તો વચમાં વચમાં આંખ ખોલીને સહેજ પ્રભુની મુખમુદ્રા જોઇ લઇ, પાછી તરત આંખ મીંચી એ કામ ચાલુ રખાય.

આવું કાંક કરતા રહીએ ત્યારે પ્રભુ સાથે દિલ મળે, પ્રભુમાં દિલ ભળે; અને પ્રભુભકિત ધર્મની શ્રદ્ધા સંપ્રત્યયરૂપ સહજ હાર્દિક પ્રતીતિરૂપ બનવા માંડે.

**ધર્મનો સંપ્રત્યય યાને ધર્મની સહજ હાર્દિક પ્રતીતિ ઊભી કરવા માટે દરેક ધર્મયોગ, એમાં દિલ ચોંટે ભળે, અને દિલ ઠરે, એ રીતે સાધવો જોઇએ.**

મનના ઉપયોગ વિના ધર્મક્રિયા ગબડાવવાથી આ ન સધાય. આ તો જાણે વિમાનમાં ઉપડયા તે સહેજ વાર પછી જોયું તો નીચે ૧૦૦ માઇલ દૂર પોતાનું ગામ દેખાયું, એમ દા.ત. 'ઇરિયાવહીયં'ની ક્રિયા માટે 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્' બોલી ઊપડયા તે સહેજ વારમાં 'અપ્પાણં વોસિરામિ' આવ્યું ! ત્યારે ખબર પડી કે કાઉસ્સગ્ગ આવ્યો. વચલા સૂત્ર કયાં બોલાઇ ગયા તેની ખબર જ ન પડી. આવી રીતે વિમાનના વેગથી ધર્મક્રિયા કરવામાં એમાં દિલ કયાંથી ચોંટે ? દિલ કયાંથી ભળે ? દિલ શી રીતે એમાં ઠરે ? દુન્યવી વિષય - રંગરાગની કે ધનોપાર્જનની ક્રિયામાં દિલ એવું ભળી જાય છે ? ને એમાં કેવું ઠરે છે ? એવું ધર્મયોગમાં ભેળવવાનું અને ઠારવાનું છે, તો જ ધર્મશ્રદ્ધા સહજ હાર્દિક પ્રતીતિરૂપ યાને સંપ્રત્યયરૂપ બને. કદાચ કોક ધર્મક્રિયા કે સૂત્ર મનના ઉપયોગ વિના ચાલી ગયું, તો પાછા વળી એ ક્રિયા ફરીથી કરવી જોઇએ, એ સૂત્ર ફરીથી બોલવું જોઇએ; અને જો એમ કરાય તો હવે ફરીથી કરીએ છીએ માટે મન એમાં બરાબર ચોંટશે, ભળશે, ને ઠરશે; અને ત્યાં શ્રદ્ધા સંપ્રત્યયરૂપ બનવાની ભૂમિકા ઊભી થશે. કહો, -

**સંપ્રત્યયાત્મક શ્રદ્ધા ઊભી કરવા માટે ધર્મયોગમાં દિલ ચોંટવું જોઇએ, ભળવું જોઇએ, ને ઠરવું જોઇએ.**

ભાવની વિશુદ્ધિ અને શ્રદ્ધાની સહજરૂપતા ઊભી કરવા વારંવાર ધર્મયોગોમાં દિલને ચોંટાડવાની, દિલને એકરસ ભેળવી દેવાની, અને દિલને એમાં ઠારવાની અત્યંત જરૂર છે. તો જ મન ધર્મના જ રસવાળું બની ધર્મના વિકલ્પો કરી કરી, સાંસારિક વાતોના પાપ-વિકલ્પો-વિચારો-કલ્પનાઓથી બચવા પામશે, એ વિકલ્પો ઓછા થતા આવશે. નહિતર તો એ પાપ-વિકલ્પોથી વળવાનું કાંઇ નહિ, ને પાપ-વિકલ્પોથી આત્માનું વલણ તેવું જ પાપિષ્ઠ ઘડાવાનું. બિલાડીને ઉંદર મારવાના વિકલ્પ રાતદિ' ચાલુ, પણ વળે શું ? કાંઇ નહીં, ને એના આત્માનું વલણ-લેશ્યા અતિ ક્રૂર ઘડાય છે. તંદુળિયા મચ્છને એવા વિકલ્પો કરી કરી એવી ક્રૂર લેશ્યા ઘડાય છે કે એથી એ અંતે નરકમાં જઇ પડે છે ! એમ દા.ત. 'આજના શ્રીમંતો ગરીબોનું લોહી પી તગડા થયા છે' - એવા વિકલ્પો કર્યાથી શ્રીમંતો પ્રત્યે ક્રૂર વલણ, ક્રૂર લેશ્યા એવી ઘડાય છે કે રસ્તે જો કોઇ શ્રીમંત દેખાઇ ગયો તો કદાચ દ્રવ્યથી નહીં તો ભાવથી ખૂન કરી નાખશે !

**દયાના વિકલ્પોથી કોમળતા આવે, દ્વેષના વિકલ્પોથી ક્રૂરતા આવે.**

✤ ✤ ✤

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પાપ - વિકલ્પોથી નુકસાનો

અશુભ વિકલ્પ એ જાણે ક્ષયનો જંતુ છે. એ એક મનમાં પેઠો કે -

(૧) બીજા અનેક અશુભ વિકલ્પ-જંતુઓ ઉત્પન્ન કરે છે. એથી વળવાનું કશું જ ન હોય, છતાં એ એટલી ભયંકર સ્થિતિએ પહોંચી જાય છે, કે -

(૨) હ્રદયને કાળું મેશ કરી મૂકે,

(૩) મગજને તપાવી દે છે, અને

(૪) રૌદ્ર ધ્યાનમાં ચઢાવી નરકના ભાતાં ભેગા કરાવે ! લ્યો, અશુભ વિકલ્પ કરીને શો સાર કાઢયો ? એથી પ્રસન્નચંદ્ર રાજર્ષિને સાતમી નરકના ભાતાં ભેગા થયા !

(૫) શરીરની ધાતુઓને એ ઉશ્કેરી મૂકે છે, તેથી આખું ય ઘડતર ફરી જાય છે.

(૬) પછી તો એ અશુભ વિકલ્પોની આવૃત્તિ ચાલ્યા કરે છે, તે ય સહજભાવે !

(૭) પાપ-વિકલ્પોના કાળ દરમિયાન સારી ભાવનાઓ, તત્ત્વના ચિંતનો, મહાપુરુષના જીવન-સ્મરણો કે માત્ર પ્રભુના નામજાપને પણ અવસર રહેતો નથી. તેથી

(૮) અશુભ વિકલ્પોમાં માનવજીવનનો અમૂલ્ય સમય, વિના સુકૃત કમાણીએ વેડફી નાખવાનું થાય છે.

(૯) બીજું એક નુકસાન એ પણ છે કે સારામાં સારા સ્નેહી માટે પણ એણે આપણું બગાડયું માની જો આપણે ખોટા વિકલ્પમાં ચઢયા, તો એ દુશ્મનરૂપ લાગશે, અને પછીના આપણા એવા વર્તાવ થશે કે ખરેખર એ દુશ્મન બની જાય.

ખરેખર તો ત્યાં આપણા અશુભ કર્મનો ઉદય અને મૈત્રીભાવના વિચારવી જોઇએ; તો એ ખોટા વિકલ્પ નહિ ઊઠે, નહિ લંબાય. ત્યારે, -

અશુભ વિકલ્પોને જો મૂળમાંથી રોકીએ તો કેટલીય સારા પુરુષાર્થની કરણીને અવકાશ રહે છે. માત્ર, આપણા કર્મના ઉદયની વિચારણા અને સામા તરફ મૈત્રીભાવના આ બે જાગ્રત જોઇએ; તો વિકલ્પ અટકશે. પછી તો જુઓ કે વિકલ્પ વિનાના મસ્ત મનથી ધર્મની કેવી કમાઇ!

**આવા અનેક નુકસાનો લાવનારા ખોટા વિકલ્પોથી બચવા રાજમાર્ગ આ, કે - (૧) ધર્મયોગો વારંવાર આરાધાય, (૨) એમાં દિલ ચોંટાડી-ભેળવી એકરસ કરાય, અને (૩) દિલ એમાં ઠરે એવું કરાય.**

પ્રેમાળ, રૂપાળી અને સેવાકારી તથા આજ્ઞાંકિત પત્ની માટે સારી ચીજોની ખરીદી કરવામાં અને એ માટે બે કલાક બજારોમાં ઘુમવામાં પતિનું દિલ કેવુંક ઠરે છે! લોભી વેપારીનું કલાકોભર વેપાર કરવામાં દિલ કેવું ઠરે છે! એવું ધર્મયોગોની સાધનામાં દિલ ઠરવું જોઇએ.

**ધર્મમાં દિલ ઠારવા માટે આ વિચારો, કે -**

(૧) "આ ઉચ્ચ ધર્મસાધનાઓ એ માનવભવનો લહાવો છે; માટે ધર્મસાધનામાં મારું દિલ ઠારું. લગ્ન એ સંસારી જીવનનો લહાવો સમજયા પછી લગ્નની લાંબી પણ ક્રિયાઓમાં દિલ કેવુંક ઠરે છે!

(૨) 'જગતના દુઃખી જીવો બિચારા ભૂખ-ત્રાસ વગેરે અપાર કષ્ટ સહવા છતાં એમની પાસે ધર્મસમજ જ ન હોવાથી એમને તપ-પરિસહ-જિનભકિત વગેરે ધર્મનો લહાવો નથી. તો મને ધર્મસમજ મળ્યાથી આ ધર્મનો લહાવો મળ્યા પછી એમાં ઠરવાનું ચૂકું ?

(૩) "સંસાર નાશવંત છે, પરાયો છે, અહિતકારી છે; ત્યારે ધર્મ એ અવિનાશી છે, મારો પોતાનો છે, અને હિતકારી છે. પરભવે એના સંસ્કાર ચાલે છે, પરભવે ધર્મ સુલભ બને છે. તો પછી મારું દિલ સંસારમાં શું કામ ઠરે ? દિલ ધર્મમાં જ ઠરે."

ક્ષાયિક સમકિતી રાજા શ્રેણિકનું દિલ એમ જ સંસારમાં નહોતું ઠરતું, પણ પ્રભુભકિતમાં ઠરતું. તેથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નેપાલ દેશનો વેપારી આવ્યો એની પાસેથી પટ્ટરાણી માટે સવા લાખ સોનૈયાની રત્નકાંબળ એક પણ ન ખરીદી, પરંતુ મહાવીર પ્રભુની સુખશાતાના સમાચાર લાવનારને ભારે વધામણી દાન દઈ દેતા.

(૪) ''અનંત અનંત કાળ પાપસાધનો અને પાપસાધનાઓમાં ઠરવા ગયો, પણ ઠરવાનું ક્ષણિક અને અંતે તો પાછું બળવાનું જ મળ્યું ! તો બહેતર છે હવે દેવ-ગુરુ-ધર્મ-સાધનાઓમાં ઠરું.''

આમ વિચારી, -

**જો ધર્મમાં ઠરવા માટે ધર્મસાધનાઓ કરાતી રહે, તો એ ઇચ્છાયોગનો ધર્મયોગ થાય, -**

અને જેમ જેમ ઠરવાનું વધે તેમ તેમ એના પર શ્રદ્ધા વધતી જાય, ધર્મબળની આંતરિક પ્રતીતિ ઊભી થાય છે, ને એ થતાં શાસ્ત્રયોગમાં જરૂરી સંપ્રત્યયાત્મક શ્રદ્ધા ઊભી થઇ શકે.

## સંપ્રત્યયાત્મક શ્રદ્ધા માટે પ્રબળ શુભ ભાવ જરૂરી : ભાવનો અચિંત્ય પ્રભાવ :

આમ સંપ્રત્યયાત્મક શ્રદ્ધા માટે ધર્મયોગોનું બળ વધારવું જોઇએ, અને એમાં હૃદયના શુભ ભાવને વધુ ને વધુ જોરદાર કરવા જોઇએ, તે એ સમજીને કે શુભ ભાવનો પ્રભાવ અચિંત્ય છે.

ગોશાળો મહાવીર ભગવાનની ઘોર આશાતના કરનારો ! તેજોલેશ્યાથી ભગવાનને ખત્મ કરવાના માત્ર વિચાર નહિ પણ પ્રયત્ન કરનારો ! એ મર્યા પછી બારમાં દેવલોકે દેવ થાય ? પરંતુ કેમ થયો ? કહો, અંતકાળે આ ગુરુઆશાતનાના ઘોર પશ્ચાત્તાપનો શુભ ભાવ આવ્યો એના પ્રતાપે બારમાં દેવલોકે પહોંચ્યો ! આપણે ધર્મસાધનામાં એવો પ્રબળ શુભ ભાવ ન ઊભો કરી શકીએ ?

પ્રસન્નચંદ્ર રાજર્ષિએ ચારિત્ર છોડી દીધું નહોતું, છતાં અશુભ ભાવમાં ચડતાં ૭મી નરક સુધીનાં પાપ બાંધનારા બનેલા ! પણ પછી અશુભ ભાવથી પાછા વળી ભાવ અત્યંત નિર્મળ બનાવતા ગયા. તો ઠેઠ વીતરાગ સર્વજ્ઞતા સુધી પહોંચી ગયા ! શું આવા પરમ પ્રભાવક શુભ ભાવનો આપણને ખપ નહિ ?

શાલિભદ્રને માત્ર થાળી ખીરના દાનમાં રોજની દેવતાઇ ૯૯ પેટી ! મહારાજા કુમારપાળને માત્ર પાંચ કોડીના ફૂલથી કરાયેલ પ્રભુપૂજામાં ૧૮ દેશનું સમ્રાટપણું ? હા, કેમકે એ ધર્મયોગમાં પ્રબળ ભાવ ભરેલો હતો. અહીં એટલું ધ્યાનમાં રહે કે એ પ્રબળ ભાવ ધર્મસાધનાના આધારે જ ઊભો થયેલો. તેથી બાહ્ય ધર્મસાધના તો જરૂરી છે જ. હવે એમાં પ્રબળ શુભ ભાવ ભેળવવાનો છે. તે કેમ ભળે ? ધર્મસાધનાની સામે આખી દુનિયા યાને દુન્યવી સમૃદ્ધિ-સત્તા-સન્માન વગેરે બધું જ બેકાર લાગે, 'કુછ નહિ' લાગે, તો એના પરથી ભાવ ઊઠી જઇ પ્રબળ ભાવ ધર્મમાં ઊભો થઇ જાય.

મગધસમ્રાટ શ્રેણિક પ્રબળ શુભ ભાવના પ્રતાપે કેવુંક પામ્યા ! એમને તીર્થંકર ભગવાન મહાવીર પ્રભુ ઉપર અથાગ ભાવ, અથાગ શ્રદ્ધા, અથાગ રાગ-બહુમાન, તીર્થંકર પરના આ અમાપ ભાવના પ્રતાપે તીર્થંકરપણાનું પુણ્ય ઊભું થયું. ભલે એમની પાછલી વયમાં આ શ્રદ્ધા-રાગ-બહુમાનના શુભ ભાવ ઊભા થયેલા, પરંતુ તે હૃદયવેધી હતા, ઊંચી ઇચ્છાયોગના ઘરની શ્રદ્ધાના શુભ ભાવ હતા, તો એણે આત્માના દેદાર ફેરવી નાખ્યા ! એક શ્રદ્ધા માત્રના પ્રબળ ભાવથી આત્માના દેદાર ફરી જાય તો ચારિત્રથી આત્માના દેદાર ફરવાનું તો પૂછવાનું જ શું ? ચારિત્ર પાળતાં આ જોવાનું છે કે આત્માના દેદાર ફર્યા ? પ્રબળ શુભ ભાવનાથી દેદાર ફરે.

**સંસારીપણાના દેદાર ફરે, તો જ ધર્મ ફળે; અને દેદાર તો જ ફરે કે જો હૃદયસ્પર્શી ભાવ જાગે.**

ભૂખ્યું કૂતરું જોઇ દયાથી રોટલાનો ટુકડો નાખ્યો, પણ એ ભાવથી કે 'મારો જીવ કર્મવશ હતો ત્યારે મારા ય આવા ભયંકર હાલહવાલ થયા હતા !' દયાનું કામ આવ્યું ને દેદાર ફર્યો. ક્ષણ પહેલાં બીજા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારમાં મન કઠોર હતું, પણ દયાનું પાત્ર આવ્યું ને ભાવ જાગ્યો. દેદાર ફર્યા એટલે એ દયા ફળે, અતિ ઉત્તમ લાભ આપે. કેવો ? હાથીપણેથી સીધા મેઘકુમાર ! ઇચ્છાયોગનું ધર્માનુષ્ઠાન સાધતાં ચિત્ત સ્થિર રહે તો શુભ ભાવ જાગે. પણ ચિત્ત ચંચળ થાય તો ફરીથી ધર્માનુષ્ઠાન સાધવાનું. એમ કરતાં એ ઉપયોગપૂર્વકનું થઇ શુભ ભાવ જાગે. 'સકલ કુશલ વલ્લી પુષ્કરાવર્ત મેઘો' બોલ્યા ખરા, પણ એનો 'પ્રભુ સઘળા સુખની વેલડીને ઊગાડવા માટે પુષ્કરાવર્ત મેઘ સમાન' એમ અર્થ ખ્યાલમાં ન આવ્યો, તો અર્થની વિચારણા સાથે ફરી બોલવાનું; ને એમ કરી પ્રબળ ભાવ જગાડી જીવના દેદાર ફેરવીને ચૈત્યવંદન કરાય, તો એ મહાન ફલ આપે. સારાંશ, ધર્મયોગ સાધો, ભાવ સુધરે.

**દેદાર ફેરવવા માટે ખૂબ જ ઉપયોગવંતી ધર્મક્રિયાની પૂંઠે પડવાની જરૂર છે. તો નક્કી ભાવ જાગી દેદાર ફરે.**

પછી કદાચ આ જીવનમાં જો નહિ તો ભવાંતરમાં જરૂર સચોટ જવાબ મલશે. દેદાર ફેરવવા માટે એ વિચારાય કે 'સંસારમાં વિષયકષાય અને ત્રણ ગારવોના તાપથી સંસારી જીવ તપે છે, ધખે છે, એ જીવને સૂકવી દે છે, નિસ્સાર કરી દે છે! તેથી સંસાર અસાર છે. ગમે તેટલો સાર કરીને સાચવ્યો તો ય અંતે અસાર ! એમાં સારભૂત શું ? ધર્મ. ધર્મ કરવો ગુમાવ્યો માટે આજ સુધી કર્મવશ રહ્યા. સ્વતંત્ર નહિ પણ કર્મના ગુલામ બન્યા રહ્યા ! કર્મના નચાવ્યા નાચ્યા ! સારભૂત કર્મ ? કે ધર્મ ? સંસાર જ એવા કર્મવશ બનાવે છે; માટે સંસાર અસાર.

**અસારની પૂંઠ ન પકડવી, ને સારનો કેડો ન છોડવો.**

મિથ્યાત્વ, કુમતિ, વિષયોની ઘેલછા, કષાય, તૃષ્ણા... એ બધું અસાર છે. એ કદી ઊભા ન રહે તેવું કરવું. આ ભેખ લેતાં આત્માના દેદાર ફરે, પ્રબળ શુભ ભાવ આવે, અને એથી ઇચ્છાયોગની ધર્મશ્રદ્ધા, શાસ્ત્રયોગની સંપ્રત્યયાત્મક શ્રદ્ધા બનવાને યોગ્ય બને. એ શ્રદ્ધામાં આંતરપરિણતિ જ ધર્મમય, દયામય-અહિંસામય-સત્યમય... વગેરે થઇ જાય.

✣ ✣ ✣

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શાસ્ત્રયોગનું ૩ જું-૪થું લક્ષણ
# (૩) પટુબોધ (૪) યોગની અખંડિતતા

એવી સંપ્રત્યયાત્મક શ્રદ્ધા થવા માટે અને શાસ્ત્રયોગની કક્ષાની અપ્રમત્ત નિરતિચાર અખંડિત ધર્મસાધના ઊભી થવા સારુ શાસ્ત્રયોગનું ત્રીજું લક્ષણ કહ્યું, પટુબોધ-નિપુણબોધ જોઇએ. એ ભરચક શાસ્ત્રશ્રવણ અને શાસ્ત્ર અધ્યયનથી આવે. ત્યારે પહેલું એ વિચારીએ કે ત્યાં શાસ્ત્રશ્રવણ કેવી રીતે કરીએ તો નિપુણબોધ મળે ! અહીં આ ધ્યાનમાં રાખવાનું છે કે,-

શાસ્ત્રોનું શ્રવણ સાંસારિક ધોરણે ન કરાય. સંસારમાં તો ગમે તેમ શ્રવણ કર્યું, સાંભળ્યું ન સાંભળ્યું કર્યું, તે ચાલે; પરંતુ ધર્મક્ષેત્રમાં એમ ન ચાલે; કેમકે ધર્મશ્રવણ એ સમ્યગ્બોધ મેળવી આત્માની અજ્ઞાન દશા ઓછી કરવા માટે છે; અને એથી શકય ધર્મસાધના, ગુણવિકાસ અને દોષત્યાગ કરવા છે. તેથી શાસ્ત્રનું શ્રવણ વ્યવસ્થિત જોઇએ. એ માટે શાસ્ત્રે શ્રોતાના આ ૧૦ ગુણો બતાવ્યા છે, -

## સારા ધર્મશ્રોતાના ૧૦ ગુણ

(૧) પહેલો ગુણ એ, કે શ્રોતા એ વકતાગુરુનો **'ભકત'** હોવો જોઇએ, પણ ઈર્ષ્યાળુ છિદ્રાન્વેષી વગેરે નહિ. જેની પાસે ધર્મ સાંભળવો છે, એના પર ભક્તિભાવ જોઇએ. ભક્તિભાવ ન હોય, ઈર્ષ્યા હોય, છિદ્રાન્વેષણ હોય, તો સાંભળતો જાય ને મનમાં લોચા વાળતો જાય કે 'આ શું નવું કહે છે ? આ તો અમને ખબર છે !'... 'અહીં મહારાજ ભૂલ્યા...' 'મહારાજ આવેશી છે. મહારાજથી બોલવામાં આવેશ લવાય ?'.... મનમાં આવા લોચા વાળે ત્યાં વકતા ગમે તેટલી ઊંચી વાતો અને ઊંચા તત્ત્વ કહે, શાસ્ત્રના ગુપ્ત રહસ્યો સમજાવે, છતાં એ આ ઈર્ષ્યાળુને મામુલી લાગે, નકામું લાગે ! ત્યારે જો વકતા પ્રત્યે ભક્તિભાવ હોય તો એમની વાણી બહુ પ્રેમથી ઝીલે, ને સાંભળતાં સાંભળતાં કેટલા ય કર્મોનો ભુક્કો બોલાવે, અને કહેવાતી વસ્તુ પર શ્રદ્ધા થાય, તેમજ એ સાંભળેલું હૃદયમાં ઉતારી એમાંથી શકય હોય તે અમલમાં ઉતારે.

(૨) શ્રોતાનો બીજો ગુણ **'અગર્વીપણું'** જોઇએ. શ્રોતા જો ગર્વથી પીડાતો હોય, તો (૧) શ્રવણ વખતે શંકા પડે એનું સમાધાન પૂછશે નહિ. 'હું આવું પૂછીને અબુઝમાં ખપું,' એમ એને અહંત્વ ઘવાતું લાગશે. એમ ગર્વિષ્ટ શ્રોતા (૨) વિનયભાવે અને વાચનાની મુદ્રાએ, -એક પગે ઉભડક બેસી બે હાથ જોડીને, -નહિ બેસે. (૩) વળી ગર્વના લીધે સાંભળેલાની પાઘડી બીજાના માથે પહેરાવશે, 'મહારાજે આ કહ્યું તે ફલાણાના હિસાબે, આ બીજું કહ્યું તે અમુક વ્યકિતના હિસાબે,' પણ પોતાને કશું લાગું નહિ કરે. 'બાપ કેવા હોય' એ વાત ચાલશે ત્યારે પોતે દીકરો બની પોતાના બાપનો વિચાર કરશે કે 'મારા બાપા આવા નહિ;' અને પુત્રના ગુણ સાંભળતી વખતે પોતે બાપ બની 'પોતાના દીકરા આવા જોઇએ'- એમ વિચારશે. આમ ગર્વમાં ને ગર્વમાં આખું વ્યાખ્યાન પોતાને લાગું નહિ કરે, બધું બીજાને લાગું કરશે ! આ ખોટું થાય છે માટે બીજો ગુણ અ-ગર્વી, ગર્વરહિત જોઇએ. તો સાંભળેલું લેખે લાગે, એળે ન જાય, પોતાનું આત્મહિત સાધ્યા વિના નિષ્ફળ ન જાય.

(૩) શ્રોતાનો ત્રીજો ગુણ **'શ્રવણની રુચિ'** જોઇએ. વકતા-ગુરુનો શ્રોતા ભકત હોય, અને પોતે ગુરુ આગળ ગર્વરહિતપણે સાંભળતો ય હોય, કિન્તુ ગુરુ જે શાસ્ત્ર કે હિતશિક્ષા સંભળાવે છે, એના શ્રવણની જો રુચિ જ મૂળ પાયામાં નહિ હોય, તો વકતાનું કહેલું બધું બહેરા કાન પર પડવાનું ! વાણી કશી ઝીલાવાની નહિ! ઉલ્ટું, એના પર કંટાળો લાવશે ! વકતા હિતૈષી ગુરુસ્થાને છે; એમના દ્વારા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિત-ભાવનાથી કહેવાતા તત્ત્વ પર કંટાળો, અરુચિ એ કેટલો મોટો દોષ ? જરૂર પડયે દુર્લભબોધી બનાવે !

(૪) શ્રોતાનો ચોથો ગુણ **'શ્રવણમાં સ્થિરતા'** જોઇએ, ચંચળતા નહિ. નહિતર શ્રવણ વખતે ચંચળ મન વચમાં વચમાં બીજે-ત્રીજે ભટકવા જશે ! તેથી કહેવાયેલું ધ્યાનમાં નહિ લેવાય, એળે જશે. એટલો એનો અને વકતાનો સમય બરબાદ જશે. એટલું જ નહિ, પરંતુ બધું બરાબર ધ્યાનપૂર્વક ન સાંભળતાં વચમાં વચમાં ચિત્ત બીજે લઇ જશે તેથી વચલો સંદર્ભ ખ્યાલમાં નહિ હોય; એટલે પછીથી કહેવાતી વસ્તુ પર ખોટી શંકા ઉઠાવશે ! અને એ પૂછશે તો વકતા ગુરુને પાછું ફરીથી પિંજણ કરવું પડવાથી એ ખિન્ન થશે. તેથી કહ્યું 'શ્રોતા સ્થિર જોઇએ', ને તે સ્થિરતા મનના એવા કડક નિર્ધારથી આવે કે 'મારે એક પણ બીજો વિચાર મનમાં લાવ્યા સિવાય અણિશુદ્ધ બધું બરાબર સાંભળવું છે.' મન પર આ કડકાઇ ન હોવાથી કેટલીકવાર તો મન ચંચળ બની સાવ તુચ્છ અને વાહિયાત વાતોમાં ચાલ્યું જાય છે. દા.ત. 'પેલું કોણ આવ્યું ?.... પેલો કોણ ગયો ?.... ઉપાશ્રયને બારીઓ કેમ ઓછી છે ?... વ્યાખ્યાન કયારે પૂરું થશે ?...' વગેરે. જીવનની આ કેવી દુર્દશા ! કયાં ઊંચા તત્ત્વો ?, ઊંચી ગણધર વાણી ? અને કયાં આવા મુફલીસ વિચાર ?

(૫) પાંચમો ગુણ : **'સમજ-શક્તિ'** જોઇએ. જો શ્રોતામાં વકતાએ કહેલું સમજવાની શક્તિ નહિ હોય તો પણ સાંભળેલું એળે જવાનું, ને વકતાની મહેનત માથે પડવાની. અહીં એક પ્રશ્ન થાય,-

પ્ર૦- સમજવાની શક્તિ આપણા હાથની વાત કયાં છે ? એ તો જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ પર આધારિત છે ને ? પૂર્વભવેથી એવો ક્ષયોપશમ લઇને ન આવ્યો હોય તો કયાંથી ગુરુવાણી સમજવા જોગી શક્તિ હોય ? ને તે ન હોય તો શ્રવણ નિરર્થક, નિષ્ફળ; તો શું શ્રવણ ન કરવું ?

ઉ૦- શ્રવણ જરૂર કરવું, પરંતુ એની સાથે આ સમજી રાખવાનું છે કે જેમ પૂર્વભવની મહેનતથી અહીં જ્ઞાનાવરણનો ક્ષયોપશમ લઇ અવાય, તેમ અહીંની મહેનતથી પણ જ્ઞાનાવરણનો ક્ષયોપશમ ઊભો થઇ શકે. એટલું સમજી રાખવાનું છે કે,-

ધર્મ કરીએ અને પુણ્ય બંધાય એ સામાન્ય રીતે પરભવે ફળે છે, પરભવે ઉદયમાં આવે છે, પરંતુ તેવા પ્રકારનો ધર્મ કરીએ અને એથી જ્ઞાનાવરણીય કર્મનો, મોહનીયનો, અંતરાયકર્મનો ક્ષયોપશમ થાય, એ સામાન્ય રીતે આ ભવમાં ય ફળે છે, અર્થાત્ એનું કાર્ય અહીં ઊભું થાય છે.

દા.ત. જુઓ કે અહીં જ્ઞાનની ભકિત, જ્ઞાનીની ભકિત સાધુસેવા, તપસ્યા... વગેરે તથા જ્ઞાન ભણવાની એકાગ્ર અને ભાવભર્યા ચિત્તે કાળી મહેનત કરી, તો એ ધર્મ જ્ઞાનાવરણીય કર્મનો એવો ક્ષયોપશમ ઊભો કરે છે કે જે અહીં ફળે છે ! અહીં જ્ઞાનશકિત, સમજવાની શકિત વિકસ્વર કરે છે, ને જ્ઞાનસંપત્તિ વધે છે. વરદત્ત ગુણમંજરીમાં જ્ઞાનશકિત નહોતી, ગાઢ જ્ઞાનાવરણીય કર્મ હતા, પરંતુ ગુરુવચનથી જ્ઞાનપંચમીની અને જ્ઞાનની આરાધના કરી, તો સુંદર ક્ષયોપશમ પ્રગટી જ્ઞાન-સંપત્તિ પામ્યા. એટલે 'મારામાં સમજશકિત નથી,' એમ કરી માત્ર બેસી રહેવાનું નથી, ને શ્રવણ બંધ નથી કરવાનું, પરંતુ સાથોસાથ સમજશકિત પ્રગટાવનારા જ્ઞાનાવરણીય-ક્ષયોપશમ માટે પૂર્વોકત જ્ઞાનભકિત વગેરે ઉપાય પણ આદરવાના છે.

## ગુરુવિનય-બહુમાનથી સમજશક્તિ વધે : બ્રાહ્મણ વિદ્યાર્થીનું દૃષ્ટાંત :-

અરે ! ગુરુનો વિનય, ને તે પણ ગુરુ પર અથાગ શ્રદ્ધા અને અથાગ બહુમાન સાથેનો, એનામાં આ ક્ષયોપશમ કરવાની જબ્બર તાકાત છે. જુઓ, પેલો બ્રાહ્મણ ઉપાધ્યાય બે વિદ્યાર્થીઓને સરખું ભણાવતો હતો, પરંતુ એ બે વિદ્યાર્થીઓમાં એક ઉદ્ધત અવિનીત હતો, તો બુધ્ધુ જેવો રહ્યો, એની સમજશકિત કશી ખીલી નહિ; ત્યારે બીજો એવા ગુરુ-વિનય, ગુરુ-શ્રદ્ધા, ગુરુ-બહુમાનવાળો હતો કે એની બુદ્ધિ-શકિત વિકસ્વર થઇ ગઇ. આ બે વિદ્યાર્થી એક વાર જંગલમાંથી પસાર થતાં, એક ઠેકાણે પોરો ખાવા બેઠા. પછી વિનયી વિદ્યાર્થીએ કહ્યું- 'ચાલ, ચાલ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જલ્દી; આગળ પર કાણા હાથી પર ગયેલી રાજાની રાણીએ પુત્રને જન્મ આપ્યો છે, ને દક્ષિણા વહેંચાતી હશે ! તો આપણે સમયસર પહોંચી જઇએ તો આપણને પણ એ મળે.'.... પહોંચી ગયા, ને બરાબર એ પ્રમાણે બનેલું, તે દક્ષિણા મળી !

વળી આગળ જતાં નદી-કિનારે પાણીનો ઘડો ફૂટી જવાથી બાઇ રોતી હતી.

આ બંને પૂછે છે, 'મા ! આટલો બે પૈસાનો ઘડો ફૂટયો એમાં શું રોવા બેઠી ?'

ત્યારે એ કહે,- 'છ વરસથી મારો છોકરો પરદેશ ગયેલો, એના કશા સમાચાર નથી કે 'કયાં છે ? જીવતો છે કે મરી ગયો ? કમાનાર કોઇ નથી. એમાં વળી આ ઘડો ફૂટી ગયો ! માટે રોઉં છું.'

પેલો અવિનીત એને કહે, - 'તો મા ! હવે નહાઇ નાખ. આ ઘડો ફૂટયો એ દેખાડે છે કે તારો દીકરો મરી ગયો.'

પણ બીજો વિનીત વિદ્યાર્થી કહે,- 'ઉતાવળો ન થા.' ડોશીને કહે 'જા ઘરે, તારો દીકરો આવેલો મળશે !' ડોશી રાજીની રેડ થઇ ગઇ, ઘરે ગઇ તો દીકરો આવી મળ્યો ! એટલે એ વધામણી-દાન લઇ ગઇ ઉપાધ્યાય પાસે, કહે છે,- 'લ્યો આ તમારા વિદ્યાર્થીને વધામણી-દાન. એણે કહ્યા પ્રમાણે દીકરો પરદેશથી આવેલો મળી ગયો !'

આ બે પ્રસંગ પર ઉદ્ધત વિદ્યાર્થી ગુરુને ઠપકારવા મંડયો, કે,- 'તમે પક્ષપાત કરી આ વિદ્યાર્થીને ખાનગી ખાનગી મહાન વિદ્યાઓ આપી દીધી...'

ગુરુએ બીજાને પૂછતાં એ કહે છે,- ગુરુજી ! આપે અમને બંનેને સાથે જ સરખું ભણાવ્યું છે, મને એક વખત પણ ખાનગી કશું ભણાવ્યું નથી. પરંતુ ગુરુજી ! આપની પર અથાગ પ્રેમશ્રદ્ધા તથા આપનો વિનય-બહુમાન કરવાના હિસાબે આપની મારામાં એવી કૃપા ઊતરી, આપનો એવો પ્રભાવ પડયો કે મને સ્ફૂરી ગયું કે પહેલાં તો રસ્તે જતાં હાથીના પગલાં દેખ્યાં. એણે પણ રસ્તાની એક બાજુના જ ઝાડોના પત્તા-ડાળખાં ખાધેલાં તે દેખ્યા, તેથી લાગ્યું કે અહીંથી હાથી કે હાથણી તે પણ એક આંખે કાણી ગઇ લાગે છે, અને રાજા કે રાણી સિવાય એના પર કોણ બેસીને જાય ? માટે લાગ્યું કે એ જ ગયેલ હશે. પછી જે ઝાડ નીચે અમે પોરો ખાવા બેઠા ત્યાં જોયું કે છોડવા પર રેશમના તાર હતા, તેથી નક્કી કર્યું કે એવા તારની સાડી પહેરેલી રાણી જ હાથી પર ગઇ હશે. વળી એ બેસીને ઊઠવા ગઇ હશે ત્યારે જમણા હાથનો પંજો ધૂળમાં ઊંડો છપાયેલો જોયો, એટલે નક્કી કર્યું કે રાણી ગર્ભવતી હશે, અને ગર્ભના દિવસ ભરાઇ ગયા હશે તેથી ભારે શરીરે ઊઠવા હાથનો ટેકો મૂકયો હશે. વળી જમણી બાજુ ભાર દેખીને નક્કી કર્યું કે પુત્રનો ગર્ભ હોવો જોઇએ. બસ, ગુરુજી આ બધું જોઇ-વિચારી મેં મારા મિત્રને જણાવ્યું. આમાં કોઇ મંત્રવિદ્યા લગાવી નથી.''

ગુરુ પૂછે, ''તો પછી પેલી ડોસીનું શી રીતે જાણ્યું ?''

વિનયથી વિદ્યાર્થી કહે, 'ઓહો ! એમાં શું છે ? મેં વિચાર્યું કે ઘડો ફૂટયો એટલે ઘડાની માટી મૂળ માટીથી જુદી પડેલી તે નીચે મૂળ માટીમાં ભળી ગઇ; ને ઘડાનું પાણી મૂળ નદીના પાણીથી છૂટું પડેલું ઢળ્યું તે વહીને મૂળ નદીના પાણીમાં ભળી ગયું. તો પછી આ ડોસીનો દીકરો ડોસીથી છૂટો પડેલો હવે મૂળ ડોસી ભેગો કેમ ન થઇ જાય ?''

આ સાંભળીને ઉદ્ધત વિદ્યાર્થી વિનયી વિદ્યાર્થીની સમજશકિત પર ઓવારી ગયો, અને ગુરુ પાસે ક્ષમા માગી. આ સમજશક્તિ કયાંથી આવી ? જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી. એ ક્ષયોપશમ શી રીતે ઊભો થયો ? ગુરુવિનય, અને અનહદ ગુરુશ્રદ્ધા, તથા અઢળક ગુરુ-બહુમાનથી ઊભો થયો. બસ, શ્રોતાનો પાંચમો ગુણ 'સમજશક્તિ' કહ્યો, એ સાથોસાથ સૂચવે છે કે 'શ્રોતામાં જ્ઞાન, જ્ઞાનીની ભકિત, વિનય વગેરે ગુણ જોઇએ.'

(૬) છઠ્ઠા ગુણમાં : શ્રોતા **'પટુ'** જોઇએ, નિપુણ જોઇએ, ચકોર જોઇએ, જેથી ગુરુને કાંઇક પૂછવું હોય તો 'પ્રશ્ન કેવો મૂકાય ?.. પ્રશ્ન કેવી રીતે મૂકાય ?.. કયારે મૂકાય ?... કેવા શબ્દમાં મૂકાય ?.... ચાલુ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષય સાથે પ્રશ્ન સંગત કેમ કરાય ?... પોતાના ગૂઢ પ્રશ્નનો ગુરુ ખુલાસો માગે તો એનું સ્પષ્ટીકરણ કેમ કરવું ?....' વગેરે અંગે નિપુણતા હોય તો ગુરુ સાથે કેમ બોલવું તે આવડે, અને એનો અવસર ઓળખે, તેથી પ્રશ્નના ખુલાસાથી રહસ્યમય બોધ મળે. એમ, પટુતા-નિપુણતા હોય તો વકતાના કહેવાના ભાવ સમજી શકે, ઊંધું ન સમજી બેસે, અર્થનો અર્થાન્તર ન કરી બેસે, ઉત્સર્ગ-માર્ગને અપવાદમાં ને અપવાદ માર્ગને ઉત્સર્ગમાં ન લઇ જાય, અથવા એકલા ઉત્સર્ગનો કે એકલા અપવાદનો આગ્રહી ન થઇ જાય. આ બધી નિપુણતા ન હોય તો અનર્થમાં પડે.

(૭) શ્રોતાનો સાતમો ગુણ છે : '**સુજાણપણું-સારું જાણકારપણું**'; અર્થાત્ વકતા જે જે કહે એનું જાણકારપણું આવવું જોઇએ. જો આ ગુણ ન હોય, તો વકતાએ હમણાં સુધી કહેલી વસ્તુની જાણકારીના અભાવે, હવે એ વકતા પૂર્વોક્ત વસ્તુના અનુસંધાનમાં જે વસ્તુ કહેશે, તે શ્રોતાના સમજમાં નહીં આવે; યા વકતાનો આશય કાંઇ હશે, અને પોતે બીજો જ આશય લગાવશે. માટે શ્રવણ વખતે કરવા જેવું આ છે કે જેટલું જેટલું સાંભળતા જઇએ, એટલા એટલાની મનમાં જાણકારી ફિકસ થઇ જાય, ચોક્કસ થઇ જાય.

શ્રોતાનો આ એક ગુણ બહુ આવશ્યક છે; પણ આના જ આજે વાંધા છે. વ્યાખ્યાનના શ્રોતા બન્યા રહેવામાં મહિનાઓ ને વર્ષો વીત્યા પછી પણ 'એ સાંભળેલાની જાણકારી કેટલી આવી ?' એ પ્રશ્ન આવે ત્યાં વ્યાખ્યાનોના કેટલા પદાર્થો ક્રમસર બોલી બતાવાય ? શું બોલી બતાવે ? પાસે કાંઇ હૈયામાં ટકાવી રાખ્યું હોય તો બોલી બતાવે ને ? વર્ષોના શ્રવણ પછી પણ સુજાણપણું નહિ, એ કેટલી કંગાલ દશા ! ત્યારે અહીં બચાવ કરાય છે કે 'અમને સાંભળેલું યાદ નથી રહેતું તેથી જાણકારી શી રીતે રહે ?' આનો જવાબ ૮મો ગુણ છે.

(૮) શ્રોતાનો ૮ મો ગુણ છે : '**ઉદ્યોગ**'.અર્થાત્ શ્રોતા એ સાંભળી સાંભળીને સમજશકિત દ્વારા સમજાયેલાની યાદ રહે એ માટે પ્રયત્ન કરવો જોઇએ. એ પ્રયત્ન ધારણા કરવાનો અને પુનઃ પુનઃ સ્મરણ-ચિંતન કરવાનો હોય. દા.ત.,

● સાંભળવાનું શરૂ કર્યું, તો કયા વિષયથી શરૂ થયું, પહેલાં એને મન પર લઇ લેવાય. એમાં દાખલા-દલીલ અને લાભાલાભ બતાવ્યા હોય, એ પણ લક્ષમાં લેવાના. પછી વકતા પ્રાસંગિક વિષય પર ઊતરી જાય અગર ક્રમસર બીજો વિષય ઉપાડે, ત્યાં એની મનમાં પૂર્વના વિષય સાથે કડી જોડી લક્ષમાં લેવાય. જેમ જેમ આગળ શ્રવણ વધે, તેમ તેમ પૂર્વના મુખ્ય મુખ્ય વિષયો કડીબદ્ધ મનમાં અવગાહતા રહેવાનું કે પહેલાં આ આવ્યું, પછી આ આવ્યું, પછી આ, પછી આ,.... એમ કરતાં પૂરા શ્રવણના અંતે એને મનમાં સમસ્ત વિષયો તૈયાર હોય ! આ એક ઉદ્યોગ કરવાનો.

● બીજો ઉદ્યોગ એ કે સાંભળીને ઊઠયા પછી અવકાશે મનમાં એ સાંભળેલ વિષયોને પુનઃ અવધારી લેવાના. સમય ઓછો હોય તો સંક્ષેપમાં પણ સમસ્ત વિષયો ધારી લેવાના; અને સમય પૂરતો હોય તો વિસ્તારથી અવધારણ કરાય. એને ડાયરીમાં નોંધી પણ લેવાય.

હવે જો, જેમ ભણનારો કે શાસ્ત્ર વાંચનારો 'ચોપડી બંધ એટલે મગજ બંધ' કરે, તો એ ભણેલું હૃદયસ્થ ન બને. એનું સુજાણપણું ન આવે, એમ અહીં 'શ્રવણ બંધ એટલે સાંભળેલા માટે મગજ બંધ રાખે, અર્થાત્ સાંભળીને ઊઠયા, પછી કેમ ? તો કે 'રામ તારી માયા', 'હરામ કાંઇ યાદ કરવું,' આમ ઉદ્યોગ ન હોય તો યાદ શાનું રહે ? ને જાણકારી શી વધે ? એ તો પહેલું સાંભળતી વખતે ય મગજ એટલું બધું કામ કરતું રાખવું પડે કે એકેક વિષય કડીબદ્ધ જોડાતો જાય, ને એ વિષયોનો મનમાં મોટો હારડો બને; તેમ પછી પણ એનું સ્મરણ-ચિંતન-રટણ રખાય. આ ઉદ્યોગમાં શ્રવણ વખતે વાતોડિયાપણું, ડાફોળિયાં, અને આડાઅવળા વિચારો બધું જ સૂકાઇ જાય.

(૯) શ્રોતાનો નવમો ગુણ : '**નિદ્રાનો ત્યાગ.**' શ્રવણ કરતી વખતે ઝોકાં ખાય, તો સાંભળતાં સરખું ન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમજી શકે કે ન એની ધારણા કરી શકે. ઝોકાં કેમ આવે છે ? શ્રવણનો કે વ્યાખ્યાનના વિષયનો રસ નથી માટે ઝોકાં આવે છે. ઝોકાં ન આવે એ માટે રસ ઊભો કરવો જોઈએ. જીવને સમજાવી દેવું કે,-

'દુનિયાનું પાપનું તો ઘણું ય સાંભળ્યું ને હજી ય સાંભળી રહ્યો છે. અરે ! નકામી કુથલી ય કેટલી સાંભળી રહ્યો છે ? પણ એમાં તારું શું ભલું થયું ? કે થશે ? કેટલા બધા ઊંચા પુણ્યે શ્રોત્રેન્દ્રિય સહિત પંચેન્દ્રિયપણું મળ્યું ! એમાં ય મનુષ્યપણું ! એમાં ય આર્યપણું ! એમાં ય જૈનપણું ! કેટકેટલા અનંત અનંત પુણ્યના ઉદય થવા પર આ બધું મળ્યું ! તો-

**આ જૈન દેહની મહાકિંમતી શ્રોત્રેન્દ્રિયનો અહીં આ ધર્મ-શ્રવણમાં સદુપયોગ નહીં કરે, તો એ કેવી વેડફાઈ જશે ?**

જગતમાં બધું મળે છે, જૈન ધર્મનું શ્રવણ કયાં મળે છે ? કેવાં મારાં અહોભાગ્ય કે આ શ્રવણ-રસાયણ મળ્યું છે કે જે આત્માની કાયાપલટ કરી નાખે !

ખુદ ઈન્દ્રભૂતિ ગૌતમ બ્રાહ્મણ એ મહાવીર પ્રભુ પાસે શ્રવણ-રસાયણથી પલ્ટો પામી પ્રભુના પહેલા શિષ્ય મુનિ બની ગયા ! ૯૯ ક્રોડ સોનૈયાના માલિક જંબૂકુમાર સુધર્મા-ગણધર પાસે શ્રવણ-રસાયણ પામી સંસારથી વિરક્ત બની ગયા ! આજે આઠ અપ્સરાશી કન્યાઓ પરણી કાલે મુનિ બની ગયા ! શ્રોત્રેન્દ્રિયના સદુપયોગથી પ્રભવચોર જંબૂની વાણી સાંભળી, બૂઝી, ૫૦૦ ચોરો સાથે સાધુ થઈ ગયા ! અકબર બાદશાહ મહા ઘાતકી-ક્રૂર-નિર્દય છતાં હીરસૂરિજી મહારાજ પાસે શ્રવણ-રસાયણ પામી મહાન દયાળુ બની ગયો !' આ બધું વિચારી શ્રવણનો રસ ઊભો થાય.

એમ વકતા જે વિષય છણી રહ્યા હોય, એનો રસ ઊભો કરવા પણ આ વિચારાય કે 'અહો ! આ વિષયો કેવા અદ્‌ભુત ! અરે ભાઈ ! ખુદ ભગવાન પોતે અદ્‌ભુત હતા, એમનું જીવન અદ્‌ભુત હતું, તો એ જે તત્ત્વ સંભળાવે એ પણ કેમ અદ્‌ભુત ન હોય ? શ્રવણમાં એવા અદ્‌ભુત તત્ત્વો મને મળે, એ મારાં કેવાં અહોભાગ્ય !'- એમ વિચારી શ્રવણરસ જગાવાય તો નિદ્રા-ઝોકાં ન આવે.

(૧૦) શ્રોતાનો છેલ્લો ૧૦મો ગુણ : **'સદ્‌બુદ્ધિ'** છે. સદ્‌બુદ્ધિમાં અનેક ભાવ છે,

(ક) વકતા પ્રત્યે કોઈ પૂર્વગ્રહ વ્યુદ્‌ગ્રહ વગેરે ન રાખતાં શ્રવણથી વસ્તુને સીધા રૂપે લે; સરળપણે તત્ત્વ ગ્રહણ કરે. આ માટે,-

(ખ) વકતાના આશયને સમજે,-

(ગ) પ્રવચનના પદાર્થોમાં પૂર્વાપરનો સંબંધ ખ્યાલમાં રાખે; અથવા,-

(ઘ) પોતે સારી બુદ્ધિ અર્થાત્ તત્ત્વ પામવાના, સજ્ઞાન બનવાના, અને કર્મક્ષય કરવાના નિર્મળ આશયથી સાંભળે. આ જો શુભ આશયરૂપ સદ્‌બુદ્ધિ હોય તો સાંભળતાં સાંભળતાં પાપ કર્મનો અદ્‌ભુત ક્ષય કરતો જાય. આ જો સદ્‌બુદ્ધિ નહિ હોય, તો ગમે તેવા સારામાં સારા વકતા પાસે પણ ઊંચા તત્ત્વ સાંભળવા મળવા છતાં હિત નહિ સાધી શકે.

(ક) દા.ત. પૂર્વગ્રહ હશે તો મનમાં માનશે કે 'આ વકતાને તો હું ઓળખું છું. એ તો પોતાનો જ કક્કો ઘુંટનારા છે,... માયાવી છે' આ પૂર્વગ્રહ છે. એવા પૂર્વગ્રહવશ તીર્થંકર ભગવાનના સમવસરણમાં ૩૬૩ પાખંડી આવું માનતા કે 'આ તો ઈન્દ્રજાળિયા છે. પોતાનું વકતવ્ય એવી સીફતથી કહેનારા કે શ્રોતા એમની માયાજાળથી અંજાઈ ગયેલા તે એમનું કહેલું કબૂલ જ કરી લે !' હવે એ પાખંડીઓ પહેલેથી જ આવો ગ્રહ પૂર્વગ્રહ લઈને આવ્યા હોય, તે તીર્થંકર ભગવાન જેવાની વાણીના શ્રવણમાંથી ય શું પામી જાય ? કશું જ નહિ. સારામાં સારું કહેવાયેલું તત્ત્વ ઈન્દ્રજાળમાં જ લઈ જાય ! એટલે પછી કેમ ? તો કે પોતે એ વાસ્તવિક સત્ય, વાસ્તવિક હિત માનવાનું જ નહિ; ઉપરથી બીજા આગળ એ ઈન્દ્રજાળ તરીકે બતાવી એની નિંદા જ કરવાનો ! શ્રોતા બન્યો પણ પૂર્વગ્રહ છે, સદ્‌બુદ્ધિ નથી, એના આ અનર્થ છે.

એમ, વ્યુદ્‌ગ્રહ હોય અર્થાત્ કોઈના તરફ રાગાંધ હોય, અને એણે ખોટું પકડાવી દીધું હોય, તો એની અસર નીચે આ વકતાનું કથન એને રુચશે જ નહિ. દા.ત., પત્નીમાં રાગાંધને પત્નીએ પકડાવી દીધું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય કે 'આપણે આપણું ઘર-કુટુંબ જ સંભાળવાનું,' પછી વકતાનો દાન-ધર્મનો જોરદાર ઉપદેશ પણ એને ગળે નહિ ઊતરે.

મોટા ગણધર ગૌતમસ્વામી જગદ્ગુરુ મહાવીર ભગવાનના આદેશથી દેવ શર્મા બ્રાહ્મણને પ્રતિબોધ કરવા ગયા, અને ત્યાં એમણે ઉપદેશ આપ્યો કે,-

## ગૌતમનો દેવશર્માને ઉપદેશ :

"ભગવાને તને બૂઝવવા મને મોકલ્યો છે. તેં અત્યાર સુધી આ બધી મોહમાયાનું ઘણું કર્યું, પણ તારા અંદરવાળા આત્માનું કયારે કરીશ ? અહીંથી મર્યા પછી, જે આ મોહમાયા પાછળ તું જિંદગી ખુવાર કરે છે, એ તને પરભવે બચાવવા નહિ આવે. એ તો તેં તારા અંદરવાળા આત્માનું હિત અહીં સાધ્યું હશે, એ જ તને પરભવે ઓથ આપશે, રક્ષણ આપશે. માટે ઊઠ, લે ચારિત્ર, અને આત્મહિતની સાધના કર."

પરંતુ દેવશર્મા ન બૂઝયો; કેમકે એને વ્યુદ્ગ્રહ હતો, પત્નીનું એવું કામણ હતું કે એ કહે છે, 'પ્રભુ ! આપની બધી વાત સાચી, પરંતુ આ પત્નીને હું છોડી શકું નહિ.' પરિણામ ? બૂઝયો નહિ, અને ગૌતમ મહારાજ થાકીને પાછા જવા માટે ઊઠવા ગયા ત્યારે, એ વળાવવા જવા ઊઠવા ગયો, પણ ખ્યાલ ન રહ્યો તે ઉપર ખુલ્લી બારીનું બારણું મર્મસ્થાનમાં જોરથી એવું વાગ્યું કે ત્યાં જ પડયો ને મરી ગયો ! ગૌતમ મહારાજે અવધિજ્ઞાનથી જોયું કે મરીને કયાં ગયો ? તો એની સ્ત્રીના માથામાં જૂ તરીકે ઉત્પન્ન થયેલો જોઇ ગૌતમ સ્વામી સ્તબ્ધ થઇ ગયા ! અતિ રાગના વ્યુદ્ગ્રહથી સદ્બુદ્ધિ નહિ, તે શ્રવણ એળે ગયું.

(ખ) શ્રોતાની સદ્બુદ્ધિમાં આ પણ આવે કે એ વકતાના આશયને સમજીને સાંભળે. સાંભળતાં એ જુએ કે આ વસ્તુ વકતા કયા આશયથી કહે છે. તો એ વકતાના કથનને વકતાના આશય પ્રમાણે ગ્રહણ કરનારો બને; નહિતર એને એમ લાગે કે 'વકતા ખોટું બોલે છે, યા પુનરુકિત કરે છે, અતિશયોક્તિ કરે છે...' વગેરે.

દા.ત., ગુરુએ શિષ્યોને કહ્યું, 'જુઓ પેલો સફેદ કાગડો કેવો કાગારવ કરે છે !' એક શિષ્ય ગુરુનો આશય ન સમજયો, ને એને લાગ્યું કે 'કાગડો ઘરાર કાળો દેખાય છે, ને ગુરુ એને સફેદ કહે છે ? ગુરુ જૂઠું બોલે છે !' બીજો શિષ્ય લાયક હતો, એ વિચારે છે કે 'ગુરુ જૂઠ તો બોલે જ નહિ. તો આવું બોલવામાં ગુરુનો કોઇ ગૂઢ આશય લાગે છે.' તેથી એ વખતે તો એણે હાથ જોડી કહ્યું હાજી ! પણ પછી અવસર મળતાં ગુરુને આશય પૂછયો તો ગુરુએ કહ્યું, 'જો ભાઇ ! કાગડો બહારથી રંગે કાળો, પણ હૈયે ઉદારતાથી ઊજળો-સફેદ છે. રસ્તા પર કાંક ખાવાનું પડેલું જુએ, તો એ એકલો નહિ ખાય, પરંતુ કાગારવ મચાવી પોતાના જાતભાઇઓને ભેગા કરી બધાની સાથે મળીને ખાશે.' આમ, શ્રવણ કરતાં વકતાનો આશય સમજવાની સદ્બુદ્ધિ જોઇએ.

(ગ) શ્રોતાની સદ્બુદ્ધિમાં બીજું એ કે સાંભળતાં પૂર્વાપરના સંબંધ ખ્યાલમાં રાખનારો હોય, વકતાએ પહેલાં શું કહ્યું હતું, પછી શું કહ્યું,... આમ પૂર્વાપરનો સંબંધ ખ્યાલમાં ન હોય તો પછીથી જે કહેવાનું હોય તે કદાચ ઊંધું જ સમજી બેસે.

## સદ્બુદ્ધિ એટલે નિર્મળ આશય :

શ્રોતાનો સૌથી મહાન ગુણ સદ્બુદ્ધિ એક એવો વ્યાપક ગુણ છે કે એમાં પૂર્વોકત મુદ્દા સમાવા ઉપરાંત બહુ અગત્યન વસ્તુ એ છે કે પોતે શ્રવણ કરે એ સદ્બુદ્ધિથી અર્થાત્ નિર્મળ આશયથી કરે. 'નિર્મળ આશય' એટલે કશી લૌકિક સ્પૃહા નહિ; 'વ્યાખ્યાન સાંભળવા જાઉં તો લોકોમાં ધર્માત્મા ગણાઉં, 'વ્યાખ્યાનમાં રસમય કથા-ટૂચકા સાંભળવા મળે એટલે મજા આવે, મનને આનંદ થાય, તર્ક-દલીલો જાણવા મળે'.... આવી કોઇ આશંસા-અભિલાષા ન હોય, એમ 'શાસ્ત્રો સાંભળી-ભણીને વિદ્વાન થઇ જાઉં, સારો વ્યાખ્યાતા થઇ જાઉં, તો સારી પ્રસિદ્ધિ ઊભી થાય, લોકમાં નામના થાય;' અથવા પેલા બીજાને બતાવી આપું કે 'તું જ એકલો વિદ્વાન નથી, વ્યાખ્યાતા નથી,' યા, 'સાંભળીને એવા ઉપાય જાણવા મળે જે આદરવાથી મહાન સિદ્ધિઓ થાય, કે પરલોકે દેવતાઇ સુખ મળે...' આવી આવી કોઇ જ અભિલાષા ન હોય. તો શ્રવણમાં નિર્મળ આશય રહે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે, પૂછો,-

### શાસ્ત્ર સાંભળવામાં શી અભિલાષા હોય?

(૧) જગતમાં જિનવાણી મળવી અતિ દુર્લભ છે. તેથી આ ઉત્તમ જનમમાં જિનવાણી જો સુલભ થઇ છે, તો એનું શ્રવણ એક ઉત્તમ કાર્ય છે, માટે એ જ કરું.

(૨) પાપવચન સાંભળવાથી બચવા શાસ્ત્ર સાંભળવાનું રાખું.

(૩) સાંભળીને સુજ્ઞાન-સુજાણ-સુબુદ્ધ બનાય, અને પશુ કે અનાર્ય જેવી અજ્ઞાનતા-મૂઢતા ટળે, માટે સાંભળું.

(૪) જિનવાણી સાંભળતાં ભરચક પાપ કર્મક્ષય થાય માટે સાંભળું.

(૫) સાંભળવાથી હિતાહિત, હેયોપાદેય, કર્તવ્યાકર્તવ્ય જાણવા મળે; તો તે પ્રમાણે જીવન જીવી શકાય માટે સાંભળું.

શ્રોતાના આ ગુણો કેળવી શાસ્ત્રતત્ત્વ કે હિતશિક્ષા સાંભળતા રહેવાય, તો જ્ઞાન વધતાં વધતાં શ્રદ્ધા ય વધતી ચાલે અને એમ કરતાં કરતાં મોહનું જોર ખલાસ થઇ જાય, ને શાસ્ત્રયોગમાં જરૂરી સંપ્રત્યયાત્મક શ્રદ્ધા તથા પટુબોધ તરફ આગળ વધાય.

શ્રવણ અંગે આ પણ એક જરૂરી વસ્તુ છે કે,

### રીતના મોહ કરતાં વસ્તુનો મોહ રાખવો.

વ્યાખ્યાન-શ્રવણ એ ધર્મવસ્તુ જ સાંભળવાના ધોરણથી કરવાનું છે. ત્યાં વ્યાખ્યાનની રીત નથી જોવાની. સદ્બુદ્ધિ આ, કે 'તત્ત્વવસ્તુ-ધર્મવસ્તુ જોવાય, કહેવાની રીત ન જોવાય.' પણ આજે તો કહેશે કે, 'વસ્તુ તો સારી છે. ગ્રન્થ ભગવતીસૂત્રનો છે. પણ વકતાની વ્યાખ્યાન-શૈલી ચમકદાર નથી, કહેવાની રીત આકર્ષક નથી.'

'અરે ભલા માણસ ! આત્મહિતને વસ્તુ સાથે સંબંધ છે, રીતને શું જુએ છે ? રીતના મોહ કરતાં વસ્તુનો મોહ કર. 'વસ્તુ' શું ? શાસ્ત્રે કહેલી ધર્મની વાતો,-માર્ગાનુસારિતાના ગુણોથી ક્ષપકશ્રેણિ સુધીની વાતો,-આ શાસ્ત્રોના પદાર્થ તે વસ્તુ છે. રાગ એનો જોઇએ પણ રીતના મોહમાં પડી જઇએ એટલે 'ભગવતી સૂત્ર' સંભળાવે છે પણ મઝા આવતી નથી. અમુક ઢબે કહે તો ઠીક રહે !' આમ લોચા વળે છે.

**રીતનો મોહ ખોટો છે.** દા.ત. કોઇએ સોનૈયા ભેટ આપ્યા, પણ મેલા લૂગડામાં બાંધીને આપ્યા ! તો શું આનંદ ન આવે ? આપવાની રીત ગમે તેવી, પણ આપ્યું શું ? સોનૈયા ! વહેવારમાં જુઓ, શરીર ઢાંકવામાં **વસ્તુનો** મોહ રાખે તો ઓછા ખર્ચમાં પતે. પણ રીતનો મોહ રાખે એટલે ફેસનેબલ કપડાં જોઇએ ! શાક લાવવા બે આના ન મળતા હોય, પણ કપડાં ઇસ્ત્રીટાઇટ કરવામાં ચાર આના પહોંચે. ઝવેરી જો ઘરાકની રીતના મોહમાં પડે તો પોતાનું ગુમાવી બેસે. એ ઘરાકના કપડાં ન જુએ ! એ તો એનામાં શાહુકારનું હૃદય છે કે ચોરનું, તે જુએ !

### કલ્પસૂત્રમાં રસ કેમ નથી પડતો ?

એટલા માટે કે રીતનો મોહ પેસી ગયો છે માટે. નહિતર કલ્પસૂત્રમાં વસ્તુ કમ છે ? ડહાપણ હોય તો વસ્તુના ખપી બનો. રીતની અપેક્ષાએ જોવા જાઓ તો વેશ્યા ચઢી જાય, ને વસ્તુની અપેક્ષાએ જોવા જાઓ તો સતી ચઢી જાય, આજનું જગત વિનાશ માર્ગે ચઢી ગયુ હોય તો તે રીતના મોહના કારણે. ઘેર ઘેર ફેમિલી ડોકટર થઇ ગયા ! પણ ફેમિલી ગુરુ નહીં !

### કોણે ફેમિલી ડોકટર ઘાલ્યા ?

રીતના મોહે. તે એટલે સુધી ખાનપાનમાં તો રીતનો મોહ ખરો, પણ દવા ખાવામાય રીતનો મોહ ! રીતના મોહમાં આજની નવી પ્રજા વિપત્તિના માર્ગે ચઢી ગઇ છે. જીવનમાં નિરોગી ખોરાક, સાદા વસ્ત્રો, સાદું ઘર, કલ્યાણ મિત્રો, સદ્ગુરુ સેવા, દેવાધિદેવની ભકિત વગેરે વસ્તુની જરૂર છે. રીતની ખટપટમાં પડવાથી આખીય સ્થિતિ બગડે છે. પછી તો કેમકે ? તો કે 'ખોરાક આવી રીતનો જોઇએ, ...વસ્ત્રો આ પ્રકારનાં,...ઘર આવી સ્ટાઇલનું.... મિત્રો આવી પદ્ધતિના, ગુરુ આ રીતનું બોલનારા જોઇએ..' આવા તો અજ્ઞાન ચાલે છે. મિત્રની વસ્તુની બદલે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીત જુઓ તો ઠગાઓ.

**મિત્ર-પરીક્ષાનું દૃષ્ટાન્ત** : એક મંત્રીના 'નિત્યમિત્ર' ગણાતા ભાઈબંધે અવસરે મંત્રીને બહાર કાઢયો,-"રાજાનો દ્રોહ કરીને આવ્યા ? નીકળો બહાર !" ત્યારે 'પર્વમિત્રે' દિલસોજી દેખાડી, પણ સહાય ન કરી. જુહારમિત્ર મલ્યો, એણે કહ્યું, 'ફિકર ન કરો.' વસ્તુ જાણી લીધી. કેમકે મંત્રીએ જ કહ્યું કે "મેં રાજપુત્રનું ખૂન કર્યું છે, મને બચાવો." વાત ખોટી હતી, પણ મિત્રની પરીક્ષા માટે મંત્રીએ જ એ વાત ઊભી કરી હતી. તે જુહારમિત્રે સાચી માની લીધી. અને મહાન રાજભય છતાં મંત્રીને ઘરમાં સંતાડી રાખ્યો. આમાં જુઓ કે નિત્યમિત્રની રીત દેખાવડી હતી. બે વખત રોજ મંત્રીના ઘેર મલવા આવતો, પણ મિત્રપણાની વસ્તુ બરાબર નહોતી. પર્વમિત્ર વારતહેવાર આવતો, પરંતુ એની ય મિત્રતા ખોટી હતી. ત્યારે જુહારમિત્રની રીત બહુ સામાન્ય; કોઈકવાર રસ્તે મળે ત્યારે જુહાર કરવાના એટલું જ. છતાં એનામાં મિત્રપણાની વસ્તુ ઉમદા હતી. તો કુટુંબના અને પોતાના જાનના જોખમે રાજાના કોપની સામે એણે મંત્રીને ગુપ્ત આશરો આપ્યો; કેમકે એ ઉમદા વસ્તુથી એનામાં ઉત્તમતા હતી.

મૂળ, મંત્રીએ ત્રણમાંથી સાચા મિત્રને પરખી લેવા પોતાનામાં કૃત્રિમ રાજદ્રોહનો ગુન્હો ઊભો કરેલો, જેથી એમાં કયો મિત્ર શરણું આપે છે એની ખબર પડે. એ માટે રાજપુત્રને પોતાને ત્યાં જમવા નોંતરી જમાડીને ભોંયરામાં સુવાડી મૂકયો. પછી ઉપર આવી નોકરને કહે "મારાથી રાજકુમારનું ખૂન થઈ ગયું છે. હું બહાર જાઉં છું. તું કોઈને કહીશ નહિ." કહીને ગયો મિત્રો પાસે. નોકરનું પેટ કેવું ? ઇનામની લાલચે રાજાને જઈને વાત કરી કે મંત્રીએ રાજપુત્રનું ખૂન કરી ભાગી ગયો છે. નોકર તે નોકર. આર્યદેશમાં હિસાબ મંડાતા હતા કે હલકાપણું નોકરમાં હોય, શેઠમાં નહિ. ઉછાંછળાપણું નાનામાં હોય, મોટામાં નહિ. અધીરપણું સ્ત્રીમાં હોય, પુરુષમાં નહિ. પણ આજે તો વિપરીત ઘણું દેખાય છે ! કેમકે આજે એવી કેળવણી નથી. સંસ્કૃતિને બદલે વિકૃતિની કેળવણી અપાય છે. પહેલાં તો સહુ સહુને પોતાના દરજ્જા મુજબનું ભાન હતું; વસ્તુને મહત્ત્વ આપતા, રીતને નહિ. મંત્રીએ મિત્રમાં સરભરાની રીત ન જોઈ, પણ સાચી મિત્રતા વસ્તુ છે એ જોયું. તો પૂછો,-

પ્ર૦- વસ્તુ ને રીતનું મિલન ન હોય ?

ઉ૦- હોય, પણ વસ્તુ અને યોગ્ય રીતનું મિલન હોય. જો વસ્તુતત્ત્વ સમજાય કે 'ખાવું એ પુષ્ટિ માટે છે,' તો રોગ ન આવે, ને પુષ્ટિ રહે, તો એની સાથે રીત કયી ? એ જ, કે "બે કોળિઆ ઓછા ખાવા જોઈએ. પ્રકૃતિ બગડે એવું વાયડું, તીખું, તમતમતું કે કફકારી ન ખવાય." પણ જેને રીતની જ ખબર ન હોય તે ? આજે તો પકવાન્ન પોથીઓ ફેરવાઈ ગઈ ! વસ્તુ ગત્યા આરોગ્ય-પ્રશાંતમન વગેરે વસ્તુની પરવા નથી, એટલે સાચીને ખોટી રીત કહે છે ! ને ખોટી રીતને મહા આશિર્વાદ રૂપ ગણે છે !

## ત્રણ મિત્રનું દૃષ્ટાંત કાયા, કુટુંબ અને ધર્મ એ ત્રણમાં લાગુ થાય છે.

મંત્રી સમાન આત્મા માટે કાયા એ નિત્યમિત્ર છે. શું કરે ? સદા સાથે રહે; ડાહી ડાહી વાતો કરે એટલું જ. આપણા ચાપાણી પી જાય, અને આપણને પાપ વધારી આપે ! એની ખાતર આપણે ઘસાવાનું, મૂંડાવાનું ને કચરાવાનું ! ને જ્યારે એ સમજે કે હવે કંઈ માલ નથી, એટલે આપણને કરે લટકતી સલામ ! તે આ કાયા ! આત્માનું પુણ્ય ખાઈ જનારી ને સુસંસ્કારો ચાવી જનારી આ કાયા ! એ સોનેરી ધર્મની તક ખાઈ જાય ! ત્યાગ-તપશ્ચર્યા ખાઈ જાય ! જન્મી ત્યારથી ખાવા માગે ! કશું નહિ તો અંગૂઠો મોંમાં ! શાતા માગે ! આરામી માગે ! હાડકા હરામ રાખે ! આમ કરીને, કાયા (૧) કષ્ટને આનંદથી વધાવવા-વેઠવાના સુસંસ્કાર, (૨) મહેનતના સુસંસ્કાર, અને (૩) જ્યારે ને ત્યારે ત્યાગ સેવાભાવ વગેરેના સુસંસ્કારને જગા ન આપે, સફળ ન થવા દે.

સુસંસ્કારો શું કહે છે ?- ' ત્યાગ-તપ વ્રત-પચ્ચક્ખાણ બરાબર રાખ !'

ત્યારે કાયા શું કહે ?- 'નિત્ય નવું ખાવા લાવ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નવું સારું પીવા લાવ, પહેરવા લાવ, જોવાનું સુંઘવાનું લાવ, કોમળ સ્પર્શો લાવ.' આમ એ પુણ્યના થોક ખાઇ જાય છે ! પૂર્વના શુભ કર્મે આપેલી અપૂર્વ ધર્મકરણીની તકને કાયા રદબાતલ કરે છે ! કાયાને માન-પાન-સ્થાન-સ્થિતિ જોઇએ છે; એટલે કહે, 'ધર્મ કરવાના સંયોગો નથી.' શું ? વાત સાચી છે ? કહે છે 'કાયાના સંયોગો જુદા છે !'

**પણ આપણે કોના સંયોગ જોવાના ? 'કાયાના કે આત્માના ?'**

**નિત્યમિત્ર** એવી કાયા તો મૃત્યુ-રાજાનો હુમલો આવતાં આત્માને કહી દેશે 'નીકળ અહીંથી,' અને કાઢી મૂકશે ! પેલા નિત્યમિત્રે મંત્રીને કહી દીધું હતું ને ? બાકી તો જીવતા જીવે કાયા શું શું પાપ નથી કરાવતી ? વાસુદેવની કાયા એને અઢળક પાપ કરાવી નરકમાં મોકલે છે. રૂડા-રૂપાળા ધર્મને ભૂલાવનારી બદમાશ કાયા છે. કાયાની બદમાશી તો બરાબર નજર સામે રાખવા જેવી છે. એને મિત્ર નહિ, પણ શત્રુ લેખવાની છે. તો જ એના મોહમાં ન પડાય, સુખશીલ મોજશોખી ન બનાય, અને કાયા દ્વારા જ પોતાના આત્માનાં હિત સાધતા રહેવાય.

પર્વમિત્ર તે કુટુંબ-પરિવાર. એ કાયાની જેમ નિરંતર સાથે નહિ, છતાં ઘણીવાર સાથે રહે છે. તે પણ થોડી ઘણી લુચ્ચાઇ કરી જાય.કુટુંબી એ મિત્ર ખરા, પણ કર્મની વાતમાં, ધર્મની વાતમાં નહિ ! આપણું પુણ્ય ખાઇ જાય, પુણ્ય વધારે નહિ ! વધારે રંગરાગ કોણ કરાવે ? સારા સારા વિષયોના ઉપભોગ કોણ કરાવે ? ચાડીચુગલી કોને ખાતર ? શું પોતાના આત્મા ખાતર ? ના રે ના, હિંસાથી માંડી મિથ્યાત્વશલ્ય સુધીનાં પાપો જો સેવાતાં હોય, તો પહેલા નંબરમાં નિત્યમિત્ર કાયા માટે, ને બીજા નંબરમાં પર્વમિત્ર સ્વજન માટે. સ્વજન એટલે પર્વમિત્ર, એ શું કરે ? 'કાયા તું ય લહેર કર, ને મારે ય લહેર થાય.' ધારિણી દીક્ષાર્થી મેઘકુમારને મનાવે છે, ''મને તો પુત્ર ! ઘણી આશા હતી, કે હું વહુના છોકરાને રમાડીશ ! મારા કકળતા હૈયાને તો તું જો. તું મારો એકનો એક પુત્ર છે'' સ્વજન શું કહે ? 'તું ઘરમાં રહે એટલે મોક્ષનું સર્ટિફિકેટ ! ઘડપણ ન આવે ! મૃત્યુ ન આવે !' કેમ એમ જ ને ? ભવાંતરમાં કયા સ્થાને જશો, તે કહેવા તો કોઇ તૈયાર નથી, પણ ત્યાં ભવાંતરે સારું મળે એટલુંય કરવા સ્વજન તૈયાર નથી ! આ પર્વમિત્ર. આ પર્વમિત્ર આપણાં મૃત્યુ વખતે માત્ર દિલસોજી દેખાડે પણ રક્ષણ ન આપે. પરલોકની દુર્ગતિની જેલમાં એકલા જવા દે, સાથે ન આવે.'

**જુહાર મિત્ર** ધર્મ છે. એ કહે છે કે ''ભલેને તું દિવસો સુધી મને ન મળે, પણ કોઇવાર પણ મળે છે, તો હું તો તને મિત્ર જ ગણું, આપત્તિમાં સાથે ઊભો રહું.' આ મિત્ર પેલાની જેમ આપણું પુણ્ય ખાય નહિ, પણ પુણ્યને વધારી આપે. ત્યારે બીજી બાજુ પેલા બે પાપ વધારી આપે ! આ ધર્મમિત્ર પાપ વધારે નહિ, પણ પાપનો ક્ષય કરાવી આપે, અંતે મૃત્યુરાજાનો હુમલો આવે ત્યારે મહારક્ષણ આપે. જુહાર મિત્ર 'ધર્મ' એમ ન કહે કે- ''ચાલ્યો જા, એકલો'' એ તો જીવની કર્મ તરફથી થતી મૃત્યુ જેવી મહાદુર્દશા વખતે સાથે રહે, અને જીવને મહાશરણ, મહારક્ષણ, મહાસહાય આપે. પરલોકને જેલ સમાન નહિ, પણ મહેલ સમાન બનાવે. એટલું જ નહિ પણ છેવટે આ ધર્મમિત્ર આપણને મોક્ષનાં મહાસામ્રાજ્ય અપાવે.

પર્વમિત્ર, નિત્યમિત્ર, ને જુહારમિત્ર. એમાંથી જુહારમિત્ર ધર્મ કોઇકવાર મળનારો. અર્થાત્ ચૌદ રાજલોકના વિશાળ ક્ષેત્રમાં માત્ર મધ્યલોકમાં, માત્ર અઢી દ્વીપમાં, ને તેય માત્ર પંદર કર્મભૂમિ પર જીવ મનુષ્યપણે આવે ત્યાં એ ચારિત્ર રૂપે ભેટે ! અનંત પુદ્‌ગલ પરાવર્તમાં ચરમાવર્તમાં આવે ત્યારે ભેટે ! એવો એ ધર્મમિત્ર જયારે અહીં મળવા આવ્યો હોય ત્યારે તેને હવે વધાવી લેવામાં પ્રમાદ કે બેદરકારી શા સારું ?

આમ જુહારમિત્રની બાહ્ય સરભરાની રીત કરતાં આંતરિક પ્રેમની વસ્તુ અલૌકિક છે. તેમ ધર્મશ્રવણ મળે ત્યાં ધર્મની વસ્તુ જોવી, પણ કેવી રીતે કહે છે તે રીત નહિ. એ શું કર્યું ? દુન્યવી ધોરણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂક્યાં. દુન્યવી ધોરણ પલટો, તો પછી ઈચ્છાયોગની સાધના વેગવંતી બનીને, અપ્રમાદ, શ્રદ્ધાબળ, બોધ, વગેરે વધી શાસ્ત્રયોગ તરફ આગળ વધાય.

### પટુબોધ શાનો ? :

શાસ્ત્રયોગમાં 'અપ્રમાદ' અને 'તીવ્ર શ્રદ્ધા' અર્થાત્ સંપ્રત્યયાત્મક શ્રદ્ધા એ બે લક્ષણની જેમ ત્રીજું લક્ષણ પટુબોધ છે. 'પટુબોધ' એટલે તીવ્ર બોધ, નિપુણ બોધ, સૂક્ષ્મતાવાળો બોધ. શાનો બોધ ? તો કે (૧) એક તો શાસ્ત્રોનો બોધ, તે એવો તીવ્ર અને નિપુણ કે સાધુક્રિયા સિવાયના સમયમાં એ શાસ્ત્રના સૂત્ર યા પદાર્થમાં જ મન રહ્યા કરે. (૨) બીજી રીતે તીવ્ર શાસ્ત્રબોધ એ, કે પોતે જે ધર્મયોગ સાધે છે, એનાં વિધિ-વિધાન, એના કાળ-આસન-મુદ્રા, તથા અન્ય સાધનો અંગેનો બોધ, તેમજ એમાં શી શી રીતે અતિચાર લાગે, દોષ લાગે,..... વગેરેનો સૂક્ષ્મ બોધ. શાસ્ત્રયોગ સાધનાર આ બાબતો સૂક્ષ્મતાથી જાણનારા હોય. તો જ એનાં વિધિવિધાન બરાબર સાચવી શકે, એના યોગ્ય કાળે, તેમજ એનાં વીરાસન, ઉત્કટ આસન, આદિનું અને એની યોગમુદ્રા વગેરેનું સચોટ પાલન કરી શકે, તથા કયાંય પણ સાધનામાં સૂક્ષ્મ પણ દોષ અતિચાર મનથી ય ન લાગવા દે, બિલકુલ નિરતિચાર સાધના કરે. આ બધું પટુબોધને યાને સૂક્ષ્મ બોધને આભારી છે. એવો બોધ જ ન હોય તો શું આચરી શકે ?

### તીવ્રબોધનો ઉપાય :

ત્યારે અહીં સૂક્ષ્મ બોધ માત્ર જાણકારી રૂપનો નથી કિન્તુ અમલી છે; સક્રિય છે. બોધથી જાણેલું સંપૂર્ણ અમલમાં મૂકનારા છે. આ હિસાબે વિચારવા જેવું છે કે એ સ્થિતિએ પહોંચવા માટે કેવી કેવી ઉચ્ચ-ઉચ્ચતર ઈચ્છાયોગની સાધના કરી હોય ત્યારે આ સામર્થ્ય આવે ? એવી ઉચ્ચ-ઉચ્ચતર સાધના લાવવા માટે આ એક ખ્યાલ જીવતો-જાગતો જોઈએ કે,-

### 'હું કયાં ઊભો છું ?ને મારે કયાં જાવું છે ?'

'કયાં ઊભો છું ?' એટલે 'કેવાક આરાધનાની સામગ્રીવાળા ઉચ્ચ માનવ અવતારે કેવીક સાધનામાં રહ્યો છું ? હજી કેટલી અવિધિ અને કેટલા અતિચારવાળી મારી સાધના છે ? ને -

'મારે કયાં જવું છે ? એટલે સંપૂર્ણ વિધિ અને તદ્દન નિરતિચાર એવી શાસ્ત્રયોગની કેવીક સાધનામાં મારે પહોંચવું છે ?'

## આત્મ-નિરીક્ષણ

સ્વકીય યથાર્થ દર્શન : 'વિચારાય કે ''જાવું છે મારે અપ્રમાદ-સ્થિતિમાં, અખંડ ધર્મ-ક્રિયાની પ્રવૃત્તિમાં, અતિ નિર્મળ ને અતિ ચકોર બુદ્ધિના ઘરમાં; ને હું ઊભો છું કયાં ? હું છું પ્રમાદ ભરેલી સ્થિતિમાં ! વિકથા-કુથલી રાગદ્વેષાદિ કરવાની દશામાં ! હું છું બુદ્ધિનો બંઠ ! ને ધર્મ હું ખોડખાંપણવાળો કરી રહ્યો છું ! તો ત્યાં કેવી રીતે જવાશે ? ઘોર સંસારમાં આવી દિવ્ય વાતો મળી છતાં કેમ પ્રમાદમાં આથડી રહ્યો છું ? આવી જ દિવ્ય વાતો જીવનમાં ઉતારવાની તક મળી છે તે અહીં નહિ ઉતારું તો પછી આ તક કયાં મલશે ? કયા જનમમાં આ દિવ્ય વાતો જીવનમાં ઉતારીશ ? હું મહાસામ્રાજયનો રાજા કે મંત્રી હોઉં, છતાં અહીં જે બેઠો છું તે રાજાપણું કે મંત્રીપણું મૂકીને બેઠો છું, મને એ ખ્યાલ છે કે, હું સંસારનો કીડો છું. કીડો એટલે ?

કીડાને ઊંચું ચંદનનું કાષ્ઠ આપ્યું હોય, પણ એનું કામ તો તેને કોચી ખાવાનું ! એમ મારે ચંદન જેવો માનવભવ મેં કોચી ખાવાનો રાખ્યો ! એટલો પામર અને કંગાળ છું ! મારી આગળ મોટા નિધાન મોજુદ છે, પણ હું કંગાળ અને પામર કયાં લાભ લઉં છું ? એટલે ? એક પ્રભુ-પૂજા કે એક સામાયિક, એ કેવળ-જ્ઞાન સુધીનું નિધાન છે. પણ એ નિધાનમાંથી સામાન્ય લાભ પણ કયાં લઈ રહ્યો છું ? અરે ! સીધો સાદો શબ્દ કે 'સંસાર ઘોર, ને કર્મ ભયંકર છે,' એથી જરા ય તડફડાટ પણ કયાં છે ? સંસારનો અદનો ગુલામ બની, કેવો ભાન ભૂલી ઈંદ્રિયોના વિષયોમાં આથડી રહ્યો છું ? હું પ્રમાદથી ભરપૂર ભરેલો, ધર્મ ક્રિયામાં વાતવાતમાં ખોડખાંપણ લગાડનારો, મારે વાતવાતમાં અતિચાર ને પ્રમાદ સેવવાનો પાર નહિ ! કેવો હું ? પણ હવે મારે કયાં જાવું છે ? નિર્મળ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રદ્ધામાં, ને અપ્રમાદની સ્થિતિમાં જાવું છે. એ માટે શું શું ન કરું? દુનિયાની એક એક વાત સાધવા સત્તર માથાકુટ કરું. તો અહિં એક પણ નહિ? હવે તો બધી જ મહેનત કરું; કેમકે મારે આગળ વધવું છે.''

આવી જો આંતર નિરીક્ષણથી ચાનક લાગી જાય, તો પછી પ્રમાદ અર્થાત્ વિકથાઓ ભોજન કથા-સ્ત્રીકથા-દેશ કથા વગેરે, તથા કુથલી એટલે કે નકામી વાતો, ફજુલ તડાકાને બિન જરૂરી બોલવાનું, અને વાત વાતમાં રાગ-દ્વેષાદિ, એ બંધ કરવાનું મન મારીને કરાય.

પૂર્વ પુરુષોને આ આંતર નિરીક્ષણ કાયમ રહેતું, તેથી એમનો ધર્મબોધ અમલી રહેતો. ધર્મસાધનામાં એ ભારે ચોકસાઈવાળા અને સહેજ પણ શિથિલતા રહિત હતા.

**પેથડશા** મોટા માળવા દેશના મુખ્ય મંત્રી ભગવાનની પૂજામાં ભગવાન પાછળની પિછવાઈમાં જાતે એકેક ફૂલ ગોઠવીને ફૂલોની સુંદર ડિઝાઈન બનાવતા! 'શું એ એટલો બધો સમય કાઢતા?' હા. 'અનંત ઉપકારી વીતરાગ ભગવાનની ભકિતમાં ગયેલો આ સમય જ લેખે છે, ભવ્ય વળતર આપનારો છે, મહાન સફળતાવાળો છે. બાકી દુનિયાદારીમાં તો સમય તદ્દન, વેડફાઈ જઈ નુકસાનમાં ઊતરી રહ્યો છે, એમ સમજતા.

## પટુબોધથી પોષધ : પોષધની મહત્તા :-

મહાન શ્રાવકો ગમે તેવા શ્રીમંત અને વ્યવસાયવાળા છતાં ચતુર્દશીએ પોષધની ભવ્ય આરાધના કરતા. જુઓ,

**રાજા પ્રદેશી** છેલ્લે છેલ્લે ધર્મ પામેલા! નાસ્તિકમાંથી આસ્તિક શ્રાવક બનેલા! તે ચતુર્દશી પર્વતિથિએ પોષધમાં રહેતા. કેમ વારુ? સમજતા કે -

''૧૪-૧૪ દિવસ હોળી સળગાવી જાતને અને બીજાને બાળનારી! માટે લાવ, પંદરમાં દિવસે એક દિવસ એ હોળી બંધ કરી, પોષધમાં રહું. ભગવાનની કૃપાએ આ ઉચ્ચ ભવ પામ્યો તો પખવાડિએ એક દિવસ તો ભગવાનના પગલે યત્ કિંચિત્ ચાલું? પાપો બંધ કરી એક દિવસ તો ધર્મ-ધ્યાનમાં રહું? જગતના જીવોને કહું 'આજે તમે ખુશમિશાલ જીવતા રહો. તમોને આજ મારા તરફથી અભયદાન. જગતભરના સમસ્ત જીવોના નિષ્કારણ બંધુ એવા ભગવાનનો હું સેવક છું, અનુયાયી છું, તો હે જગતના જીવો! શું એક દિવસ પણ હું તમારો બંધુ ન બનું? તો તો મારા ભગવાનના સેવકપણાને લાંછન લાગે.

અઢાર પાપસ્થાનકોને આજના દિવસ માટે તિલાંજલિ! જો પોષધ વિના રહું તો કામકાજ હરવાફરવા વગેરેમાં પાંચ મિનિટ પણ કાયગુપ્તિ કયાં છે? એક મિનિટ પણ મનોગુપ્તિ કયાં છે? એ તો પોષધમાંજ મન-વચન-કાયાની ગુપ્તિનું પાલન મળે. વિચાર-વાણી-વર્તાવના બધા પાપની નિવૃત્તિ અને પવિત્ર પંચાચારની જ પ્રવૃત્તિ પોષધમાં મળે! પોષધમાં પ્રયોજન વિનાની એક આંગળી પણ હલાવવાની કે કયાંય આંખ લઈ જવાની ય પ્રવૃત્તિ નહિ! સંસારને દુશ્મન દેખે; ત્યારે આવા તારણહાર પોષધની આરાધનાની લાલસા રહે.

**આનંદ કામદેવ** વગેરે મહાન શ્રાવકોની પોષધની આરાધના કેવી કઠોર? દેવતાઈ ઉપસર્ગમાંય એ ડગ્યા નહિ!

**સુદર્શનશેઠને** રાત્રિ પોષધમાં અભયારાણીએ ફસાવ્યા, શૂળી પર ચડવા સુધીની સજા મળે એવો આરોપ આપ્યો! છતાં પોષધમાંથી ચસકયા નહિ! પોષધનું અને બ્રહ્મચર્યનું અણીશુદ્ધ પાલન રાખ્યું. જાણો છો ને? અભયારાણીના પ્રપંચથી માણસો એમને, નગર બહાર કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેલા ત્યાંથી ઊંચકી આડા ઉપાડી ઉપર કપડું ઢાંકી રાણીના મહેલમાં ઘુસાડી દે છે! ત્યાં એક ખોંખારો પણ ન ખાધો! નહિતર દરવાજે સિપાઈઓ વર્તી જાત કે 'આ તો કોઈ માણસને ઉપાડીને આવ્યા છે,' તે જડતી લેત, તો રાણીનો ભંડો ફૂટી જાત! પણ અભિગ્રહવાળા પોષધમાં એક એવા ખુંખારો પણ અતિચાર લગાડે. એવા એ સૂક્ષ્મ અતિચારને જાણવાના પટુબોધવાળા સુદર્શન શેઠ હતા, ને બોધ પ્રમાણે અમલવાળા હતા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પટુબોધની ખૂબી છે કે ઝીણામાં ઝીણા દોષને પરખી લે. પોતાના દોષ પરખે તો જ પટુ બોધ. નહિતર વિદ્વાન છતાં અબુઝપણું.**

**શાસ્ત્રયોગ શું માગે છે ?** પટુબોધ, તીવ્ર બોધ, સૂક્ષ્મ બોધ. એવો આ બોધ કે જેમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ દોષ કયાં લાગે છે, તેની બરાબર સમજ હોય. એ સમજ હોય એટલે સાધનામાં લેશમાત્ર દોષ ન લાગવા દે. જુઓ,

**તીર્થંકર ભગવાન શાસ્ત્રયોગના ઘરની કાયોત્સર્ગ-ધર્મની સાધના કરે છે.**

તો એમાં એ સમજે છે કે એમાં જે તત્ત્વચિંતન કરવાનું તે એમાં જો બીજો કોઇ વિચાર લવાય તો દોષ લાગે. એટલે જ એવા વિચાર નથી લાવતા, અને એકધારું તત્ત્વ-ચિંતન ચલાવે છે. તેથી જ 'અમુક પ્રમાણમાં તત્ત્વોનું ચિંતન થયું તો આટલો સમય ગયો,'એમ એમને બરાબર ખબર રહે છે. પછી ભલે વચમાં ઠંડી બહુ પડી કે મચ્છર બહુ કરડયા, તો ય 'આ ઉપદ્રવ ભારે' એટલો ય કોઇ વિચાર નથી લાવતા ! નહિતર જો બીજા વિચાર મનમાં આવે તો અમુક પ્રમાણના તત્ત્વ ચિંતન પર 'આટલો અમુક જ સમય ગયાની ગણતરી રાખવી હતી તે ખોટી ઠરે. પટુબોધથી એ પણ પરખી લેવાય કે 'આત્માને કયાં કયાં ઝીણો પણ કષાય લાગે છે ? કયાં સૂક્ષ્મ પણ રાગ થાય છે ?'

**આંતર નિરીક્ષણ :** આપણી આમાં ખામી છે. માટે દા.ત. આપણે થોડા ક્ષમાશીલ હોઇએ, અને કોઇ કહે તમે તો ભાઇ ક્ષમા સારી રાખો છો,' તો જો એવું કહેવાનું મન થઇ જાય કે 'ભાઇ! આપણે આટલી વાત તો નક્કી રાખી છે કે ક્રોધ નહિ કરવો.' હવે અહીં કેવા દોષ લાગ્યા એ જુઓ. એક બાજુ ક્ષમા રાખી એમાં ક્રોધ-કષાય તો દાબ્યો, પરંતુ 'આપણે શી વાત કરી એમાં માન-કષાય પોષ્યો! સૂક્ષ્મ બોધ હોય તો આની ખબર રહે, તેથી એમ ન કહેતાં, કહેવું હોય તો એમ કહીએ કે 'ભાઇ! જ્ઞાનીની ક્ષમા આગળ મારામાં કંઇ નથી. તેમજ ખરેખર મારા અંતરમાં કેવા કેવા કષાય ઊઠે છે એની તમને ખબર નથી, એટલે મારામાં ક્ષમા હોવાનું જુઓ છો,' આમ કહેવામાં જેમ અભિમાન અટકાવ્યું, તેમ ગુણ-સંતોષનો દોષ પણ અટકાવ્યો. અંતરમાં ક્રોધ છતાં બાહ્ય ક્ષમાથી પોતાને ક્ષમાનો ભ્રમ રહેત તે દોષ અટકાવ્યો. પટુબોધ સૂક્ષ્મ પણ અહંત્વ, લોભ, ભ્રમ વગેરે પરખી લે છે, અને એને અટકાવી જ દે છે.

**તીવ્રબોધમાં દેવમાયાથી ભૂલા ન પડે :-**

વળી શાસ્ત્રયોગીનો પટુબોધ કેવો કે દેવતા ખોટો સમય દા.ત. રાત્રિ ચાલુ છતાં પ્રભાત સમય ઊભો કરે, તો ય પોતાને પોતાના તત્ત્વચિંતનથી સમય સમયના સાચા માપનો ખ્યાલ આવી જાય. એટલે તો મહાવીર ભગવાનને દેવતાએ એક રાતના ભયંકર ઉપસર્ગો કરવામાં એક એ પણ કર્યું કે પ્રભાત વિકુર્વ્યું ! પક્ષીઓના કેકારવ ઊભા કર્યા ! ને કહે છે 'વર્ધમાન ! હવે સવાર પડી ગઇ છે. તમારે જવું હોય તો જાઓ !' પરંતુ પ્રભુ પોતાના તત્ત્વચિંતનથી સાચો સમય પરખી લઇ જાુએ છે કે 'હજી રાત્રિ આટલી જ વીતી છે, ને આટલી બાકી છે,' તેથી દેવતાની માયાથી લોભાયા નથી.

**તીવ્રબોધમાં તત્ત્વ જથો :-** વળી યોગીનો નિપુણબોધ એવો કે માત્ર કલાકો નહિ પણ દિવસોના દિવસો નવાનવા તત્ત્વચિંતન ચાલ્યા જ કરે એટલા બધા શાસ્ત્ર-તત્ત્વોના જથ્થા (STOCK) નું જ્ઞાન પાસે હોય. માટે તો જિનકલ્પી મુનિઓ કે જે શાસ્ત્રયોગના ધર્મયોગ સાધે છે એમને નવપૂર્વ ઉપરનું જ્ઞાન આવશ્યક કહ્યું છે. અહીં પ્રશ્ન થાય, -

**શ્રેણિકને વિપુલ બોધ શી રીતે થશે :-**

પ્ર૦ - શ્રેણિક રાજા જેવા જે તીર્થંકર થવાના છે એમણે એ શ્રેણિકના ભવમાં કાંઇ એવું શાસ્ત્રજ્ઞાન મેળવ્યું નથી, ને તીર્થંકરના ભવમાં ગૃહસ્થપણે પણ 'પૂર્વ' શાસ્ત્રોનું જ્ઞાન મેળવતા નથી, તો ત્યાં ચારિત્ર લઇને નીકળે ત્યારે એટલો બધો વિપુલ બોધ કયાંથી હોય ? તો એમને શાસ્ત્રયોગી શી રીતે ?

ઉ૦- એ તીર્થંકરના ભવમાં શાસ્ત્રયોગની ચારિત્ર-સાધના કરવાના છે એ હકીકત છે, તેથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવું પડે કે તીર્થંકરના ભવમાં ઉત્કટ વૈરાગ્ય, અત્યંત વિશુદ્ધ સમ્યક્ત્વ, અને પ્રબળ ઔત્પાતિકી બુદ્ધિ વગેરેથી એવો જ્ઞાનાવરણનો ક્ષયોપશમ થઈ જતો હોય કે જેથી એટલો બધો વિપુલ તત્ત્વબોધ હોય. અહીં આ સમજી રાખવાનું કે જ્ઞાન બહાર પુસ્તકમાંથી નથી આવતું,પરંતુ અંતરમાં જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમથી પ્રગટ થાય છે ને પુસ્તક એ ક્ષયોપશમ થવામાં નિમિત્ત છે. એવું નિમિત્ત ત્યાગ-તપ-સમ્યક્ત્વાદિ પણ બને છે. એથી શાસ્ત્રનો પદાર્થ-બોધ થઈ જાય છે; પછી ભલે સૂત્રોનો બોધ કદાચ ન થાય. એટલે જ એવા વિપુલ તત્ત્વબોધનો પ્રતાપ છે કે શાસ્ત્રયોગીને એના આધારે ચાલતા તત્ત્વચિંતનની વચમાં આડાઅવળા એક પણ માનસિક વિકલ્પને ઊઠવાની જગા જ ન હોય. પછી ત્યાં રાગાદિ પ્રમાદને પોષાવાની વાતે ય કયાંથી હોય ?

## રાગાદિ પોષાય છે વિષયોના વિકલ્પ પર.

જો મનમાં એક પણ ઇંદ્રિય-વિષયનો વિકલ્પ ન ઊઠવા દો તો એના અંગેના રાગાદિ મરવા પડયા છે સમજો ! જો એ વિકલ્પ ઊઠયો તો રાગ કે દ્વેષ સળવળવાનો. દા. ત. મનને સહેજ વિચાર આવ્યો કે 'હીરો કિંમતી,' યા 'પત્ની સારા અનુકૂળ સ્વભાવની,' તો એ વિચાર ઊઠવા પર રાગ થવાનો. એટલે તો કહેવાય છે કે;-

**કામવાસના જાગવાનું મૂળ :-**

काम ! जानामि ते मूलं
संकल्पात् किल जायसे ।
न चाहं तं करिष्यामि
न चापि त्वं भविष्यसि ॥

અર્થાત્ 'હે કામ! હું તારું મૂળ જાણું છું કે તું સંકલ્પ યાને વિચાર એટલે કે વિકલ્પમાંથી ઊઠે છે, અને તેથી હું એવો વિકલ્પ જ મનમાં નહિ ઊઠવા દઉં, ને તું પણ અસ્તિત્વમાં નહિ આવે.' આ શું બતાવે છે ? આ જ કે કામવાસના-કામરાગ કામના વિકલ્પમાંથી ઊઠે છે. તમે એનો લેશ પણ વિચાર જ ન ઊઠવા દો, તો એ વાસનાને ઊઠવાની જગા જ નહિ મળે. આ માટે પાંચ પ્રકારના શાસ્ત્ર-સ્વાધ્યાયનું ભારે મહત્ત્વ છે. મન એમાં જ પરોવેલું રાખો, તો વિષય-વિકલ્પ ઊઠવા ન પામે.

વિષયોના વિકલ્પોથી વિષયોનો રાગ કે દ્વેષ પોષાય છે. સાપનો વિચાર આવતાં સાપ પ્રત્યે ભય કે અરુચિની દ્વેષની લાગતી ઊભી થાય છે. 'અહીં પાયખાનું છે' એટલું સાંભળતાં પાયખાનાના વિચારથી પાયખાના પર સૂગ-દ્વેષ થાય છે.

**સારાંશ :**

**ઇષ્ટ-અનિષ્ટ વિષયોના વિકલ્પોથી રાગ-દ્વેષ પોષાય છે.** માટે તો શાસ્ત્રયોગી પોતાના પટુબોધથી એવા વિપુલ તત્ત્વ-ચિંતનમાં લાગ્યા રહે છે કે ત્યાં એક પણ વિષય-વિકલ્પને ઊઠવા જગા જ નથી રહેતી, પછી રાગદ્વેષનાં પોષણ બંધ થઈ જાય એમાં નવાઈ નથી.

**વિષય-વિકલ્પો રોકવાનું અનન્ય સાધન શાસ્ત્ર-સ્વાધ્યાય :** એટલા જ માટે ઇચ્છાયોગમાં રહેલા સ્થવિર-કલ્પી મુનિઓના માથે શાસ્ત્રે દિવસ-રાતના આઠ પહોરમાંથી પાંચ પહોરના સ્વાધ્યાયનો ભાર મૂકયો છે. મુનિ સળંગ સૂત્ર-અર્થના સ્વાધ્યાયમાં લાગ્યા રહે એટલે મનમાં કોઈ આડા અવળા વિચાર યાને વિષયોના રાગ-દ્વેષ પોષાય નહિ , સ્વાધ્યાયમાં એકાંતે રકતતા-લીનતા હોય, સાધ્વાચારની ક્રિયાઓમાં એકાગ્રતા હોય, તેમજ ગોચરી-ગમનાગમનાદિમાં પાંચ સમિતિ સાચવી લે, અને દોષ ન લાગવા દેવામાં મન લાગેલું હોય, ત્યાં પછી કયાં વિષય-વિકલ્પ યાને વિષય-વિચાર ઊઠવાને જગા જ રહે ? જો એ વિકલ્પો નહિ, તો રાગ-દ્વેષ કયાં પોષાય ? દા.ત. ગોચરીમાં મિઠાઈ આવી તો ત્યાં મન કેવું હોય ? તો કે સહેજ પણ આસકિતનો દોષ ન લાગવા દેવાની જ તમન્નામાં હોય. પછી 'આ મિઠાઈ સારી છે' એટલો ય વિકલ્પ શાનો ઊઠે ? આડાઅવળા વિચારો-વિકલ્પોથી બચવા માટે માત્ર મુનિઓને સ્વાધ્યાય ખૂબ જોઈએ એવું નથી, પરંતુ ગૃહસ્થોને પણ એ સ્વાધ્યાય ખૂબ જરૂરી છે; જેથી શાસ્ત્ર-સ્વાધ્યાય દ્વારા શાસ્ત્રબોધના હિસાબે એ મનને શાસ્ત્રીય પદાર્થોમાં રમતું રાખી શકે; ને તો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસહ્ય વિકલ્પોથી બચી શકે.

**મહાશ્રાવક પેથડશા મંત્રીને પણ શાસ્ત્રસ્વાધ્યાયની જરૂર લાગી :**

એટલે જ મોટા માળવા દેશના મંત્રી પેથડશાએ આમ બીજો સમય ન મળતાં, ઘેરથી રાજદરબારે પાલખીમાં જતાં જતાં 'ઉપદેશમાળા' - શાસ્ત્ર ગોખેલું ! જેથી એના સ્વાધ્યાયમાં અને એના પદાર્થોના ચિંતનમાં, નવરું પડેલું, મન પરોવાયેલું રહે, તો મનમાં વિષયોના વિકલ્પને પેસવાની જગા જ ન રહે. જો આ સ્વાધ્યાય અને તત્ત્વચિંતન ન હોય, તો તો મનમાં નવરું પડયે વિષય-વિકલ્પો ઊઠયા કરવાથી રાગદ્વેષ - આર્તધ્યાન-અસમાધિ અને કષાયોનાં પોષણ... વગેરે કેટલા ય અનર્થ ચાલ્યા જ કરવાનું થાય, અને એથી આત્મા પર પાપકર્મોના ઢેર ચડતા રહે !

**કુવિકલ્પોના મહા અનર્થ :**

વળી એ કુવિકલ્પો અને આર્તધ્યાન તથા રાગ-દ્વેષાદિ સેવવામાં જો કોઇ અફસોસી પણ ન હોય, તો મિથ્યાત્વ આવે ! તેમજ અશુભ અનુબંધોવાળા પાપકર્મ અર્થાત્ પાપાનુબંધી પાપ બંધાયા કરે ! એના ફળમાં ભવે ભવે પાપિષ્ઠતા ને પાપબુદ્ધિ જ સ્ફુર્યા કરે ! એટલા માટે જ આ કુવિકલ્પોને અટકાવવાની ખાસ જરૂર ગણાય; ને તે કુવિકલ્પો સ્વાધ્યાય, સૂત્રાર્થ-ચિંતન તથા તત્ત્વચિંતન-ભાવનાથી અટકે. એટલે જ ઇચ્છાયોગમાં આગમ-શ્રવણ અને આગમબોધ ખાસ જરૂરી ગણ્યો; કેમકે શાસ્ત્રયોગ માટે જરૂરી પટુબોધ આગમોના વિશાળ બોધથી આવે. આ બોધમાં ઉત્સર્ગમાર્ગ-અપવાદમાર્ગ બંનેનું જ્ઞાન આવે. તેમજ અતિચારોનું ને એના પ્રાયશ્ચિતનું જ્ઞાન આવે. પરંતુ શાસ્ત્રયોગી એવા અપ્રમાદી છે કે પ્રાયઃ અપવાદમાર્ગ અને અતિચારનું સેવન ન જ કરે, પણ નિરતિચાર અને પ્રાયઃ ઉત્સર્ગમાર્ગની આરાધના કરનારા હોય.

સારાંશ, શાસ્ત્રયોગની કક્ષાની આરાધનામાં લેશમાત્ર નાનો ય પ્રમાદ નથી, સહજ શ્રદ્ધા છે, તીવ્ર પટુબોધ છે, સૂક્ષ્મ પણ અવિધિ તથા અન્ય અતિચાર પરખવાની ભારે ચકોરતા છે, અને એને મચક ન આપવાની ભારે તકેદારી છે. ઇચ્છાયોગની કક્ષાની સાધના અલબત્ પ્રમાદવાળી હોવાથી ક્ષતિવાળી સાધના છે, છતાં ત્યાં નજર સામે આદર્શ શાસ્ત્રયોગની સાધનાનો રાખવાનો છે; જેથી 'સૂક્ષ્મ પણ પ્રમાદ ન સેવું' એવી અભિલાષા તીવ્ર બની રહે, તેમ સમ્યગદર્શનની અધિકાધિક નિર્મળતા કર્યે જવાય. એથી જવલંત શ્રદ્ધાબળ ઉપર આરાધનામાં જોસ લવાય, ને અધિકાધિક વીર્યોલ્લાસદર્શન - જ્ઞાન-ચારિત્ર-તપના ૩૬ આચારોના પાલનમાં પ્રગટાવતા જવાય. એમાં પરાકાષ્ઠાએ 'શાસ્ત્રયોગ' પ્રગટ થાય.

# (૩) સામર્થ્ય યોગ

शास्त्रसंदर्शितोपायस्तदतिक्रान्तगोचरः ।

शक्त्युद्रेकाद्विशेषण सामर्थ्याख्योऽयमुत्तम : ॥५॥

આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ 'યોગદૃષ્ટિ-સમુચ્ચય' શાસ્ત્રમાં ઇચ્છાયોગ અને શાસ્ત્રયોગનું સ્વરૂપ બતાવ્યા પછી હવે સામર્થ્યયોગનું સ્વરૂપ બતાવતાં કહે છે કે, સામર્થ્ય નામનો આ યોગ શ્રેષ્ઠ કોટિનો યોગ છે; કેમકે પૂર્વના બીજા બધા યોગ સિદ્ધ થયા પછી આવનારો છે, ને એ આવ્યા પછી એના બળ પર વિલંબ વિના અર્થાત્ અંતર્મુહૂર્તમાં જ સર્વ મોહનીય-કર્મ અને સમસ્ત ઘાતીકર્મો નાશ પામી કેવળજ્ઞાનરૂપી પ્રધાન ફળ પ્રગટ થાય છે !

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**'આટલી ઉચ્ચ કક્ષાના સામર્થ્યયોગના ઉપાય કયા ?';**

એના જવાબમાં અહીં ગ્રંથકાર મહર્ષિ કહે છે કે, ઉપાય સામાન્ય તો શાસ્ત્રો બતાવે છે; કેમકે શાસ્ત્ર એમ તો ઠેઠ ફળ સુધીનું વર્ણન કરે છે, પરંતુ એમાં જે ફળ સુધીના ઉપાય બતાવે તે સામાન્યરૂપે વર્ણવી બતાવે; કિન્તુ વિશેષરૂપે ઉપાય બતાવી શકવાનું શાસ્ત્રથી શકય નથી; કેમકે એ વિશિષ્ટ ઉપાય શબ્દથી વર્ણવી શકાય એવા નથી.

**શાસ્ત્રથી સમસ્ત મોક્ષોપાય કેમ ન જણાય ?**

આનું કારણ એ છે કે આમાં આત્માની જે આંતરિક શકિતની પ્રબળતા અર્થાત્ વીર્યનો ઉત્કર્ષ પ્રગટે છે, સ્ફુરાયમાન થાય છે, એ થતાં ઊંચા ઊંચા વિશુદ્ધ સંયમસ્થાનો યાને સંયમના અધ્યવસાયો જે ઊભા થાય છે, એનું સ્વરૂપ શબ્દમાં ન ઉતારી શકાય. એ તો અનુભવ કરનાર જાણે, યા કેવળજ્ઞાની જાણે. શાસ્ત્ર તો એટલુ કહે કે 'શાસ્ત્રયોગમાં જે આત્મવીર્ય પ્રગટ થાય એના કરતાં વિશિષ્ટ કોટિનું આત્મવીર્ય સામર્થ્યયોગને પ્રગટાવી શકે.' એવા વિશિષ્ટ વીર્યથી અપૂર્વ સ્થિતિબંધ વગેરે પાંચ અપૂર્વ વસ્તુ કરવામાં આવે છે, એ શાસ્ત્ર બતાવે; પરંતુ એના કારણભૂત આત્માના ચડતા વિશુદ્ધ આંતરિક અધ્યવસાય ક્રમશઃ કેવા પ્રગટ થાય, કેવા કરવાના એ વર્ણવી શકાય નહિ.

અલબત્ આ માટે ધર્મ-ધ્યાન શુકલ-ધ્યાન કામ કરે છે, એને એના સામાન્યથી સ્વરૂપ શાસ્ત્ર વર્ણવે છે; પરંતુ એ ધર્મધ્યાન-શુકલધ્યાનમાં કેવી કેવી આત્મ-પરિણતિ બનતી આવે છે એને શબ્દમાં ઉતારી ન શકાય. શાસ્ત્રયોગની કક્ષાએ પહોંચી ગયેલ આત્મામાં ધ્યાનસાધના એવી આત્મસાત્ થાય છે કે જાણે ધ્યેય પરમાત્મા અને ધ્યાતા પોતે, એનો ભેદ ભૂલાઇ જાય છે. પણ ગાઢ અભ્યાસથી હવે જયારે અતિ પ્રબળ આત્મવીર્ય-સામર્થ્ય પ્રગટ થાય છે, એ સામર્થ્ય-યોગની કક્ષા છે. ત્યારે વાસ્તવમાં ધ્યેય-ધ્યાતા -ધ્યાનની એકરૂપતા ઊભી થાય છે.ત્યાં સાધના તો લગભગ સાધ્યરૂપ બની જાય છે, કેમકે ત્યાં 'મારી સાધના' એવો કોઇ આસંગ-આસકિત રહેતી નથી. અનાસંગ-નિરાસંગ દશા ઊભી થઇ જાય છે. એટલે ત્યાં પછી જરા ય વિલંબ વિના સમગ્ર સાધનાનું પ્રધાન ફળ વીતરાગતા-સર્વજ્ઞતા નીપજી જાય એમાં નવાઇ નથી.

**આમાં પહેલી વીતરાગતા ઊભી થાય છે, ને પછી સર્વજ્ઞતા !**

અલબત્ બહુ જ અલ્પ સમયના આંતરે જ સર્વજ્ઞતા આવીને ઊભી રહે છે, કિન્તુ પહેલાં મોહનીયનો સર્વથા ક્ષય કરી વીતરાગતા ઊભી કરવી પડે. ત્યારે જ આત્મામાં એવી શકિત ઊભી થાય કે જેથી બાકીના ત્રણ ઘાતી કર્મ જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય કર્મનો સર્વથા-નાશ કરી શકે.

અહીં અઘાતીકર્મો વેદનીય કર્મ, નામકર્મ વગેરે ભલે ઊભા હોય, પરંતુ ઘાતીકર્મોનો નાશ કરાય તો વીતરાગતા અને કેવળજ્ઞાન (સર્વજ્ઞતા) પ્રગટ થઇ શકે છે. આનો અર્થ એ છે કે અઘાતીકર્મે શરીર આપ્યું, ઇન્દ્રિયો આપી; એ કદાચ દુર્બળ પડયા, શરીરે અશાતા વેદનીય છે, આંખનું તેજ તેવા કર્મથી ઝાંખુ પડયું છે, પરંતુ જો ઘાતીનો નાશ કરવાની તમારી ત્રેવડ છે, તો એ અઘાતીકર્મ કેવળજ્ઞાન ન અટકાવી શકે. માટે તો અંધને પણ કેવળજ્ઞાન થઇ શકે છે ! અને ઘાણીમાં પીલાતા શરીરે પણ કેવળજ્ઞાન થઇ શકે છે ! અર્થાત્, -

**આંખે અખમને કેવળજ્ઞાન ન અટકે. શરીરે ભયંકર વેદનામાં કેવળજ્ઞાન ન અટકે.**

એ સૂચવે છે કે, શરીર-ઇન્દ્રિયો-અશાતા અપયશ વગેરેને ન રુઓ, એને આપનારા અઘાતીકર્મને ન રુઓ, પરંતુ એ સ્થિતિમાં પણ ઘાતીકર્મ રાગ-દ્વેષ-મોહ-હરખ-શોક વગેરેને ઉડાવવાનો પુરુષાર્થ વિકસાવો, તો તમે વીતરાગતાની નજીક પહોંચી જશો.

**વીતરાગતાને અટકાવનાર અઘાતી કર્મ નથી; પણ રાગ-દ્વેષ-મોહ વગેરેના હેતુ ભૂત ઘાતીકર્મો અટકાવનારા છે.**

જાણે અઘાતીકર્મ નથી બોલતા, પણ ઘાતીકર્મ જાણે બોલે છે કે 'અમે છીએ ત્યાં સુધી તારો સહજ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ આત્મગુણ-વીતરાગતા તને નહિ મળે.'

આ ઘાતીકર્મ જ ભયંકર છે. માટે તીર્થંકર ભગવાન જેવા પણ એને તોડવાનો પ્રખર-પ્રબળ પુરુષાર્થ બાહ્ય અભ્યન્તર તપનો કરે છે. તીર્થંકર ભગવાન ગુફામાં બેસીને ધ્યાન નહિ, પણ ખડા ખડા કાયોત્સર્ગ-ધ્યાનમાં કેમ રચ્યાપચ્યા રહે છે ? એટલા જ માટે કે, ગુફામાં બેસી રહેવાથી શરીરનો એટલો રાગ-આસક્તિ પોષાય; જયારે ખડા ખડા કાયોત્સર્ગ-ધ્યાન તો શરીરે કષ્ટ વેઠીને જ થાય; તેથી શરીરના મોહ-રાગ-આસક્તિના ફૂરચા ઊડે. એમાં પાછા ઉપસર્ગ-પરિસહ આવ્યા તે ય સહર્ષ વેઠવાના રાખ્યા,- એટલે તો વળી જીવને મોટો રાગ શરીરનો, શરીરસુખાકારિતાનો, એ કયાં ઊભો રહી શકે ?

અહીં ખૂબી જુઓ, ઉપસર્ગમાં ઘોર અશાતા-વેદનીય નામના અઘાતીકર્મનો ઉદય કામ કરી રહ્યો છે, પરંતુ એ કોઇ વીતરાગતા તરફના પ્રયાણને અટકાવી શકતો નથી ! પ્રયાણ ચાલુ જ છે. રાગ-દ્વેષ-આસક્તિ-મોહ-કામ-ક્રોધાદિ વગેરેના ઘાતીકર્મોને બાહ્ય અભ્યન્તર તપની સાધના દ્વારા તોડવાનું જબરદસ્ત કામ કરાઇ રહ્યું હોવાને લીધે જ વીતરાગતા તરફ પ્રયાણ ધમધોકાર ચાલી રહ્યું છે.

પ્રભુની આ સાધના આપણને એ પ્રેરણા આપે છે, કે શરીરે અશાતા, વ્યવહારમાં ઓછું માન..વગેરેથી ડરો નહિ. એ અઘાતીકર્મનાં ફળ છે; આનાથી શું ડરવાનું - ગભરાવાનું ? ડરો અંદરની કામ-ક્રોધ-લોભ-ઈર્ષ્યા, રાગ-દ્વેષ, હરખ-ખેદ, લંપટતા, લાલચૂડાપણું વગેરેની લાગણીઓથી ડરો, એનાથી ગભરાઓ કે,-'હાય ! આંતરશત્રુઓ પરભવે મને કયાં ફેંકશે ? કયાં પટકશે ? કેવો મને કંગાળ, પામર અને પાપિષ્ઠ બનાવશે ? કેમકે, -

**પરભવે મારે એ રાગદ્વેષાદિના જ વારસા ચાલવાના છે, પણ નહિ કે અહીંના અશાતા-અપજશ...વગેરેના વારસા.**

ત્યારે, જો આપણને આ રાગદ્વેષાદિ આંતર ખરાબીઓનો ભય-ગભરામણ લાગી જાય, તો મહાવીર પ્રભુએ એના સમૂલનાશ માટે આદરેલ સંવર અને બાહ્ય-આભ્યન્તર તપની પ્રખર સાધનાઓનું જબરદસ્ત આલંબન લઇ, શકય એ સાધનાઓને જીવનમાં મહેકાવાય. 'સંસારમાં અતિ અતિ દુર્લભ આવા મહાવીર પ્રભુ અને જિનશાસન મળી જવા છતાં જો આ નહિ થાય તો પછી એ વિના કયાં એ સાધનાઓ થવાની ?' આ ચિંતા સતત જોઇએ.

## ધર્મ સાધનામાં સંતોષ ન વાળવા કે ખુમારી રોકવાની વિચારણા :-

ભગવાન તો શાસ્ત્રયોગની કક્ષાની ઊંચી સાધના કરતા હતા, ત્યારે આપણે તો હજી ઇચ્છાયોગના કક્ષાની સાધના કરવાની વાત છે. એમાં સંતોષવાળી બેસવું કે 'હું દેવદર્શન-પૂજા રોજ કરું છું,' યા સાધુ સંતોષ વાળે કે 'હું સાધુચર્યા અને સ્વાધ્યાય રોજ કરું છું,' એથી શી પ્રગતિ થાય ? શું પ્રભુની મહાકષ્ટમય બાહ્ય તપની સાધનાઓની અપેક્ષાએ આપણે કશું કરીએ છીએ ? શાના પર સંતોષ ? અને વળી ખુમારી ? જિનકલ્પિ મહામુનિઓ જેવા પણ ખુમારી કરતા નથી, સંતોષ વાળીને બેસતા નથી કે 'અમે ઘણું કરીએ છીએ.' એ તો આગળ આગળ ઉગ્ર સાધના માટે મથે છે, તો તું કોણ માત્ર ? - એમ જીવને કહેવું જોઇએ. અલબત્ -

## ધર્મસાધનામાં ભાગ્યશાળીપણું કેમ માનવું? :

આપણાથી જે કોઇ સુકૃત સાધના થાય એથી આપણી જાતને ભાગ્યશાળી માનવી જોઇએ, જેથી દુનિયાની બીજી-ત્રીજી વસ્તુનું ભાગ્યશાળીપણું આપણા મનને ન અડે. ખરી હકીકત આ છે કે, દુન્યવી સારા પૈસા-ટકા, ખાન-પાન, કે માન-સન્માન મળ્યાનું ભાગ્યશાળીપણું લાગે છે, એટલે જ દેવાધિદેવ, ગુરુ અને સુકૃત સાધના મળ્યાનું ભાગ્યશાળીપણું સલામત છતાં દુન્યવી આફતમાં રોવા બેસીએ છીએ. પરંતુ આ ફેરવવાની જરૂર છે. સુકૃત અને સાધનાઓ જ સદ્ગતિ અપાવનારી છે. ભાવિ અનંતકાળે એ જ ઉજજવળ કરનારી છે. એટલે,-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સાચું ભાગ્યશાળીપણું એ સુકૃતો સાધનાઓ મળ્યાનું છે.

તેથી એની જ અનુમોદના કરાય, પૈસા-ટકા મળ્યાની અનુમોદના નહિ.

આમ,સુકૃતો-સાધનાઓની અનુમોદના જરૂર કરવાની છે, પરંતુ એ અનુમોદના એવી ન જોઇએ કે આત્માની બીજી અનેકાનેક ખામીઓ અને બદીઓ તરફ આંખ મિંચામણા કરાવે, તેમ ખોટી ખુમારી કે સંતોષ વળાવી પ્રભુની સાધના નજર સામે રાખી આગળ આગળ વધવા પર તાળું મરાવે. પ્રભુનો તપ, પ્રભુનો ત્યાગ, પ્રભુનો તત્ત્વબોધ, પ્રભુની નમ્રતા, પ્રભુની સહિષ્ણુતા,...વગેરે એકેક સાધના એવી છે કે, આપણી સાધના પર ખુમારી કરતાં ઊભા રાખે. અરે ! પ્રભુ તો શાસ્ત્રયોગમાંથી સામર્થ્યયોગ તરફ આગળ ધપી રહ્યા છે, ત્યારે આપણે હજી ઇચ્છાયોગના ઠેકાણાં નથી !

### ઈંદ્રનો જિનભક્તિયોગ કેવો :-

એક પ્રભુ-ભક્તિનો ઇચ્છાયોગ જુઓ કે ઈંદ્રના હૃદયમાં કેવી પ્રભુભક્તિ ઘાલે છે ! મોટા સ્વર્ગના માલિક અને અસંખ્ય દેવતાઓના શિરછત્ર, તેમજ અનુપમ ઝવેરાતથી અને રૂપ લાવણ્યથી શોભતા ઇન્દ્ર, એમને પ્રભુના ચ્યવન-કલ્યાણક વખતે શક્રસ્તવ ભણવાનું આવે, જન્મ વખતે મેરુ પર જન્માભિષેક કરવાનો આવે, ત્યારે શરીરે રોમાંચ કેવા ખડા થાય ! હૈયું કેવું ગદ્‌ગદ્ થાય ! અને શક્રસ્તવ- 'નમુત્થુણં'ના એકેક પદના ઉચ્ચારણ વખતે તથા જન્માભિષેક વખતે કળશ ઢાળતાં નમ્રતા-મૃદુતા અને ભકિત કેવી ઊભરાતી હોય! આટલો બધો ભકિતભાવ છતાં પોતે સર્વવિરતિ પાલન રૂપી ઊંચી જિનાજ્ઞાપાલનની ભક્તિ ન કરી શકવા બદલ એમને હૈયે ખટકો કેવો હોય ? શરમ કેવી લાગતી હોય ? આ બધું વિચારાય તો આપણી કઇ જિનભકિત પર ખુમારી કરાય ? કે સંતોષ વળાય ?

ખરી વાત એવી છે કે,-

## પ્રભુ પાસે જઇને આપણે કશું લઇ આવવાનું રાખ્યું છે ?

માણસ એક સ્નેહીને સહેજ મળવા જાય તો ય એનો સ્નેહ લઇને આવવાની કાળજી રાખે છે. સ્નેહી મળવા આવે, તો એને સ્નેહ આપવાની ચોકસાઇ રાખે છે; માટે ચહા-પાણીથી સરભરા અને સારી મીઠી વાતો કરે છે. એમ બજારમાં જાય તો કાંઇ લઇ આવવાની ચિંતા રાખે છે. ઘરે બેસે તો કુટુંબનો સ્નેહ વધારવાની કાળજી રાખે છે. તો પછી શું ત્રિલોક-ચક્રવર્તી અરિહંત ભગવાન પાસે જઇને જ કશું લઇ આવવાનું નહિ ? ભલે પૂર્ણ વિતરાગતા ન લાવી શકીએ, છતાં વિરાગનું એકાદ પડિકુંય ન લાવી શકીએ ? આજના દિવસ પૂરતી કોઇ એક શાક-મિઠાઇ-ફ્રુટ-ફરસાણનો ત્યાગનું એક સેંપલ જેટલું ય ન લાવી શકીએ ? એમની મેરુ જેવી અડગતા તો નહિ, પણ ધર્મમાં સામાન્ય અડગતા ય ન લાવી શકીએ ? ઉલ્ટું પ્રભુ પાસે માટીના કૂકાની ભીખ માગી આવવાની ? જઇ આવ્યો હોય શ્રેષ્ઠ દાતા મોટા ચક્રવર્તી પાસે, ને આ ધાન્યની મૂઠી માગી લાવે ? બહાર મૂઠી ધાન્ય માટે રોદણાં રુએ ? કેમ આમ ?

## પ્રભુ પાસેથી લઇ આવવાનું લઇ આવતા નથી, માટે દુન્યવી રોદણાં છે.

### વેશ્યાના હૃદયે શ્રદ્ધાબળ ન વધે :-

દર્શન-પૂજા ત્રિભુવન ચક્રવર્તી તીર્થંકર ભગવાનની કરવા છતાં વાસ્તવમાં પ્રભુ પાસેથી થોડોય વૈરાગ્ય નથી લેવાતો, એટલે પ્રભુ પાસે તુચ્છ ભીખ મંગાય છે ! તેમ શ્રદ્ધાબળ નથી લેવાતું કે 'અરિહંત પરમાત્મા અચિંત્ય પ્રભાવી છે, એટલે જગતનું આવું મળશે તો તે આ નાથના પ્રભાવે જ મળશે, એમના પ્રભાવે જરૂર મળશે;' માટે 'નમું તો આ નાથને જ; ભજું તો આ પ્રભુને જ; સ્મરું - જપું તો આ અરિહંતને જ.' - આ શ્રદ્ધાબળ ન હોય એટલે પછી બજાર-વેપાર-ઇજ્જત વગેરે પર યા દોરાધાગા, મંતર-જંતર વગેરે પર શ્રદ્ધા કરાય છે ! હૈયું આવા સત્તર ઠેકાણે આપવું છે ! કેમ ? તો કે જ્યાં લોટરી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગી ત્યાં ખરી !

આ વેશ્યાના ખેલ છે. એને માથે વાળ તેટલા એના ધણી. ત્યારે સમજી રાખવાનું કે વેશ્યાના હૃદયે શ્રદ્ધાબળ ન વધે.

**હૈયું જયાં - ત્યાં ગીરો ન મૂકતાં માત્ર એક પ્રભુના ચરણે ગીરે મૂકવાનું.**

વીતરાગ પાસેથી શ્રદ્ધાબળ લઇ આવવાનું છે, વૈરાગ્ય અને ત્યાગ લઇ આવવાનો છે, ભકિતરાગ લઇ આવવાનો છે. વીતરાગ પરના ભકિતરાગ એમનાં દર્શન-પૂજન-ગુણગાનથી ઊભો તો કર્યો, પરંતુ એ પછીથી બહાર નીકળી એ ભકિતરાગ સાથે લઇ અવાય છે ખરો ? એ ખાસ વિચારવાનું છે. ખાટલે મોટી ખોડ ! એક પાયો જ નથી. એવી દશા છે. હજી તો વીતરાગના મંદિરમાં હોઇએ ત્યાં પણ વીતરાગ પરનો ભકિતભાવ અખંડ નથી જળવાતો ! તો બહારમાં એ સાથે લઇ ચાલવાનું શે બનવાનું હતું ? શું મંદિરમાં ભકિતભાવ ભૂલાય છે ? હા, જુઓ એના દાખલા !

**પ્રભુ પર ભક્તિભાવ ભુલાય છે :-**

(૧) જુદા જુદા પ્રભુ બિંબ પર ટકાવારી કરાય છે કે, 'આ બિંબ સરસ, આ બરાબર નહિ'. એમાં ભકિતભાવ સારા બિંબ પર આવ્યો, વીતરાગ પર નહિ ! નહિતર બધા ય બિંબ પર વીતરાગ મુદ્રા તો અલૌકિક છે, તેથી બિંબરૂપ પ્રભુ બધા જ સરખા; એટલે સરખો ભકિતભાવ આવત.

(૨) પ્રભુપુજામાં ભગવાનના નિર્માલ્ય ઉતારવાનું, અભિષેક પછી અંગલૂછણા કરવાનું, આંગી રચવાનું,... વગેરે કાર્ય પૂજારી કરે છે ! કયાં રહ્યો વીતરાગ પર ભકિતભાવ ?

(૩) મંદિરમાં ભગવાનનાં બરાબર દર્શન કે પૂજા સિવાયના વચલા સમયમાં અંતરમાં ભકિતભાવ જાગે ? કે બાહ્ય ભાવ ? લગભગ આત્મામાં પરમાત્મા સિવાયના જ વિચારો કે વાણી-વર્તાવ ચાલતા હોય છે ! ત્યાં કયાં રહ્યો પ્રભુ પર ભકિતભાવ ?

હવે જયારે ખુદ મંદિરમાં રહ્યે રહ્યે પણ ભકિતભાવ ભૂલાય તો પછી મંદિરમાંથી બહાર નીકળ્યે હૈયામાં પ્રભુ પ્રત્યેનો ભકિતભાવ શે રમતો રહે ? ત્યારે વિચારણીય થઇ પડે છે કે, વીતરાગ પરનો ભકિતરાગ-ભકિતભાવ જો બહારમાં પણ અખંડ ન ચાલે, તો એનું કારણ શું ? કારણ એ જ કે બહારના જગત પર મન એટલું બધું આસકત ને આકષાયેલું રહે છે કે એ મનને વીતરાગનો ભકિતભાવ અખંડ વહેતો રાખવો પાલવતો નથી ! તો પૂછો,

પ્ર૦- વીતરાગ પ્રભુ પ્રત્યે ભકિતભાવ મનમાં વહેતો રહે એ માટે શું શું કરવું જોઇએ ?

ઉ૦-પહેલાં તો એ વિચારવાનું કે

'વીતરાગ પ્રભુ પ્રત્યે ભકિતભાવની જરૂર જ શી છે ? ભકિતભાવ શા માટે જ રાખવો જોઇએ ?

શેઠના ઉપર નોકરને ભકિતભાવ-સેવાભાવ એટલા માટે હોય છે કે એને શેઠની પાસેથી પૈસા મળે છે. પત્નીને પતિ પાસેથી શીલરક્ષણ મળે છે, માટે એને પતિ ઉપર ભકિતભાવ હોય છે. સારા શિક્ષક પાસેથી વિદ્યાર્થીને ભકિતભાવ હોય છે. એમ,-

(૧) વીતરાગ પ્રભુ વીતરાગતા, નિર્વિકારતા-ઉપશમભાવ- ઉદાસીનભાવ, ને ત્યાગ-વૈરાગ્ય-ક્ષમા-દયા વગેરે ઉત્તમ ગુણોની મૂર્તિ છે, એમની પાસેથી એની પ્રેરણા મળે છે, ઉપદેશ મળે છે, આલંબન મળે છે, માટે એમના પર ભકિતભાવની જરૂર છે. એ ઉપદેશ, પ્રેરણા અને આલંબન આપતા હોવાથી જ (૨) એ તારણહાર છે, ભયંકર જનમ-મરણની જંજીરોમાંથી છોડાવનાર છે, માટે એમના પર ભકિતભાવની જરૂર છે. એમના પર અખૂટ અને અત્યંત ભકિતભાવ હોય તો એમનું આલંબન લેવાય, શરણું લેવાય, ગુણોની પ્રેરણા લેવાય, ને એમનો ઉપદેશ ઝીલાય. સુશીલ સતીને પતિ પર ભકિતભાવ હોવાથી એ પતિનું કેવું શરણું માથે ધરે છે ! પતિના સદ્ગુણોની કેવી પ્રેરણા મેળવે છે ! પોતાના જીવનમાં એ ગુણો ઉતારવા કેવી સજાગ અને સક્રિય રહે છે ! બસ, એ રીતે વીતરાગ પ્રભુ પ્રત્યે આપણને અખૂટ ભકિતભાવ હોય તો આપણે એ પ્રભુનું જ શરણું માથે ધરીએ; મન પર એમનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આલંબન રાખીએ, અને એ વીતરાગતા-વૈરાગ્ય.. આદિ ગુણોની પ્રેરણા જાગૃતિ મેળવ્યા જ કરીએ, મેળવ્યા જ કરીએ.

હવે જો વીતરાગ પ્રભુ પાસેથી શરણ-આલંબન-નિર્વિકારતા વગેરે પામવા માટે જ એમનો ભકિતભાવ રાખવો જરૂરી છે, તો હવે સ્પષ્ટ જઇ જાય છે કે એમના પર ભકિતભાવ રાખવાનો એટલે શું કરવાનું ?

## પ્રભુ પર ભકિતભાવ એટલે પ્રભુના ગુણોના ખપી બનવાનું :-

એટલે કરવાનું આ જ કે એમની વીતરાગતા, નિર્વિકારતા, ઉપશમભાવ, ઉદાસીન ભાવ, ત્યાગ-વૈરાગ્ય-દયા-ક્ષમા વગેરેના ખપી બનવાનું. 'ખપી' એટલે ખરેખરી ચાહના-રસ-ગરજ-આકર્ષણવાળા. એટલે હવે આ નિર્વિકારતા-ઉપશમભાવ વગેરેનો રસ રાખવો એ ભકિતભાવનું કાર્ય કરવાનું થયું. આપણા દિલમાં વીતરાગ પ્રભુ પ્રત્યે ભકિતભાવ છે ? એ માટે આ જોવાનું કે આપણા દિલને આ નિર્વિકારતા, ઉદાસીનતા, ઉપશમભાવ વગેરેનો રસ છે ? આકર્ષણ છે ? જો એ રસ-આકર્ષણ વગેરે જ દિલમાં સ્ફુરાયમાન છે, તો દિલમાં વીતરાગ પ્રભુ પ્રત્યે ભકિતભાવ અખંડ વહેતો છે, એ વિશ્વાસ રહે.

## જેના ગુણની આપણને ભૂખ નહિ, એ વ્યક્તિની પ્રત્યે ભકિતભાવ ન આવે.

પરંતુ આપણે તો દુનિયાદારીમાં પડયા, જડની મોહિનીમાં ડૂબાડૂબ છીએ, ને એથી જ અનેકાનેક રાગાદિ વિકારો હોંશે હોંશે સેવતા રહીએ છીએ ! વળી ઉપશમભાવને મૂકી કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરે કષાયો વિના-સંકોચ સેવ્યે જઇએ છીએ ! તેમજ ઈંદ્રિયોના વિષય રૂપ જડ જગત્ પ્રત્યે અને રાગદ્વેષ-મોહથી અંધ સ્વાર્થી જગત્ પ્રત્યે ઉદાસીનભાવ, અલિપ્ત ભાવ રાખવાને બદલે એમાં તન-મન વચનથી ઓતપ્રોત રહીએ છીએ ! એના જ વિચારો, વાણી અને વર્તાવમાં ગળાબૂડ ડૂબેલા રહી છીએ !

તો સ્પષ્ટ છે કે ત્યાં એ વખતે હૈયામાં નિર્વિકારતા, ઉપશમ, ઉદાસીનભાવ, ત્યાગ,વૈરાગ્ય, વગેરેના રસ-આકર્ષણ- અભિલાષ કશા છે જ નહિ. ફલતઃ સિદ્ધ થાય છે કે ત્યાં વીતરાગ પ્રભુ પ્રત્યે ભકિતભાવ ઉભો નથી, પણ સંસાર પ્રત્યે ભકિતભાવ અખંડ વહેતો છે.

સારાંશ, વીતરાગ પ્રભુની ભક્તિની દર્શન-પૂજન-ચૈત્યવંદનાદિ ક્રિયામાંથી બહાર નીકળ્યા પછી આ જ કરવાનું છે કે ઈંદ્રિયોના જડ વિષયો અને મોહાંધ સ્વાર્થી દુનિયામાં મનને ડૂબાડી ન દેતાં વીતરાગ પ્રભુના આલંબને આ નિર્વિકારતા, ઉદાસીનતા, ઉપશમભાવ, ત્યાગ, વૈરાગ્ય, ક્ષમા, દયા વગેરેના રસ-આકર્ષણ-ચાહના ઊભી રાખવાની છે; તો જ વીતરાગ પ્રત્યે ભકિતભાવ અખંડ વહેતો રહે. ઉચ્ચ માનવ-જનમમાં આ વીતરાગ પ્રત્યેના ભકિતભાવની મહાન સિદ્ધિ હસ્તગત કરવા જેવી છે.

ભકિતભાવની સિદ્ધિ એટલે સ્વભાવગત ભકિતભાવ, ભકિતભાવનો સહજ સ્વભાવ.

એ બનાવવા જેવો છે. તો જનમ સુંદર સફળતાને પામે, માનવ જન્મ પામ્યા લેખે લગાડયો કહેવાય. એ ભકિતભાવની સિદ્ધિ, એ ભકિતભાવનો સહજ સ્વભાવ, ભકિતભાવની સતત સાધનાથી શકય બને. સિદ્ધિ સાધનાથી જ થાય.

ઇચ્છાયોગની કક્ષાની ધર્મયોગોની સાધના આ વીતરાગ પ્રત્યેના ભકિતભાવના ચડિયાતા રંગથી ઉચ્ચ-ઉચ્ચતર બને, અને પરાકાષ્ઠાએ આ ઇચ્છાયોગની કક્ષાની ધર્મયોગની સાધના શાસ્ત્રયોગની કક્ષાએ પહોંચે. એમાં પણ એ નિર્વિકારતા, ઉદાસીનતા, ઉપશમભાવ વગેરેના નિર્ભેળ રસ સહિત વીતરાગ પ્રત્યેના ભકિતભાવની ઉચ્ચતમ સપાટીએ પહોંચતા સામર્થ્યયોગની કક્ષાની સાધના પ્રાપ્ત થાય.

પ્ર૦- આવો વીતરાગ પરમાત્મા પ્રત્યે અખંડ ભકિતભાવ ન રહેતાં, મન સંસારના જડ વિષયો અને સ્વાર્થી મોહાંધ સગાસ્નેહીમાં જતું રહે છે, એ ટાળવા શું કરવું ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦- વીતરાગ પ્રભુ પ્રત્યે અખંડ ભક્તિભાવ રાખવા માટે એમાં બાધક દુન્યવી પદાર્થોમાં મનને ખેંચાઇ જતું અટકાવવું. એ અટકાવવા અનેક ઉપાયો છે, એ વિચારતાં અહીં વિસ્તાર થઇ જાય, પરંતુ એક ઉપાય વિચારીએ, તે આ છે કે -, આપણી ધર્મ-સાધનાઓ વખતે તો હજીય મન એના શુભ ભાવમાં રમે છે, પરંતુ સાધનાનું આલંબન મૂકયા પછી એ ભાવ ટકાવવાની આપણને ગરજ નથી હોતી, તે ગરજ ઊભી કરવી જોઇએ.

## વીતરાગ પ્રત્યે અખંડ ભક્તિભાવનું એક સાધનઃ સાધના પછી એના ભાવ ચાલુ જોઇએ.

દા.ત. વીતરાગનું દર્શન કરતાં તો શુભ ભાવ આવ્યો, પણ દર્શન પત્યું કે તરત અશુભ ભાવમાં-બાહ્ય ભાવમાં મન લઇ જઇએ તેના બદલે એ દર્શન વખતનો શુભ ભાવ મનમાં ચાલુ રાખવો જોઇએ. એમ, શાસ્ત્રવાંચન કરતા હોઇએ ત્યારે તો શુભ ભાવ આવે, પરંતુ પછી 'ચોપડી બંધ એટલે મગજ બંધ' એવું ન થવું જોઇએ. ચોપડી બંધ છતાં મગજ ખુલ્લું રહેવું જોઇએ, અર્થાત્ એ વાંચન વખતનો શુભ ભાવ વાંચન પછી પણ હૃદયમાં ચાલુ રહેવો જોઇએ. તાત્પર્ય, શુભ આલંબનના વિરહ-કાળમાં પણ શુભ ભાવનો વિરહ નહિ, કિન્તુ શુભ ભાવની ધારા ચાલુ રહેવી જોઇએ. આલંબન ખસી ગયા પછી પણ આંતરિક સાધના અખંડ ચાલુ રાખવાની.

એક નાનો દાખલો લો, પ્રભુના દર્શન કરી રહ્યાં છો, એમાં કોઇ વચમાં આડો આવી ઊભો, તો મૂર્તિનું આલંબન ખસ્યું, પરંતુ એ વખતે આંખ મીંચીને જાણે સામે આપણે પ્રભુને જોઇ રહ્યા છીએ એવા માનસિક દર્શનની આંતરિક સાધના ચાલુ રાખવાની. એમ શાસ્ત્ર વાંચી બંધ કર્યું, પણ મનમાં એ શાસ્ત્રના પદાર્થની ચિંતવના રૂપ આંતરિક સાધના ચાલુ રાખવાની. ચૈત્યવંદન કરીને ઊઠયા, ચૈત્યવંદનનું આલંબન ખસી ગયું, પણ એમાં જાગેલા ભાવ મનમાં મમરાવવાની આંતરિક સાધના ચાલુ રાખવાની.

આ કયારે બને ? દા.ત. દર્શન-ચૈત્યવંદનની સાધના વખતે પહેલાં તો દર્શન-ચૈત્યવંદનના પ્રારંભે 'આ જગતમાં મારા પરમાત્માથી વધીને જોવા લાયક કોઇ ચીજ નથી' એવું મનને સચોટ ઠસાવી પરમાત્મા પર દૃષ્ટિ સ્થિર સ્થાપી હોય, ત્યારે પછી પ્રભુનાં દર્શનની આડે કોઇ આવ્યું ત્યાં પણ આંખ મીંચીને દર્શન જ ચાલુ રહે.

વીતરાગ પરમાત્માનાં દર્શનની મજા જ કોઇ ઓર છે! એ દર્શન જો ભાવભર્યું થાય, દિલની સ્તુતિ સાથે થાય, તો એનો પ્રભાવ એ પડે કે પ્રતિમા પાસેથી ચાલી ગયા પછી પણ મનમાં એ દર્શનના ભાવ ચાલ્યા કરે.

## વીતરાગને સ્તુતિ કેવી હોય ?

કોઇ આવા પ્રકારની કે પ્રભુને ઉદ્દેશીને કહેવાય, - 'અહો કેવું શુદ્ધ સ્વરૂપ પરમાત્માનું ! .. એની આગળ કોણ વિસતામાં છે ?' એમાં દર્શનમાં ભાવ ચઢે ચઢે એટલે કયાં પહોંચે ? બોલોને કયાં ? કહો કે અવસર આવ્યે શુકલ ધ્યાન અને ક્ષપકશ્રેણી પર પહોંચ્યો હોય ! ત્યાંથી નીચે ઊતરવાનું નહિ !

'અહો પ્રભુ ! તમારું કેવું સ્વરૂપ ! કોઇ અશિવ નહિ, પૂર્ણ શિવ, અચલ, અરોગ, અનંત, અક્ષય, અવ્યાબાધ અને અપુનરાવૃત્તિ એવી સિદ્ધિગતિ નામના સ્થાનમાં શાશ્વતપણે બિરાજનારા આપ કયાં ? અને હું કયાં ? સેંકડો અશિવની ઉપદ્રવની સ્થિતમાં ! કેવી ચલ સ્થિતિમાં ! કેવી ચલ ? કોઇ એક ઠેકાણું જ નહિ ! એક ભવમાંથી બીજા ભવમાં ! એક ચિંતામાંથી બીજી ચિંતામાં ! એક રાગાદિ લાગણીમાંથી બીજી લાગણી પર ! એક કર્મના ઉદયમાંથી બીજા ઉદયમાં ! કયાં હું આટલો ચલ-વિચળ, ને કેવા આપ સ્થિર ! કોઇ ભવ જ નહિ, ચિંતા જ નહિ ! મન, રોગ, વ્યાધિ, ઉપાધિ, કર્મોદય..... ઇત્યાદિમાંનું આપ ને કાંઇ જ નહિ ! હે પ્રભુ ! આપ તો સિદ્ધિગતિમાં અનંત આનંદમાં ઝીલો છો ! ને હું રોબડ અહીં રખડું છું !

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રતિમા -દર્શને ઉદ્ધારના દાખલા :

'નાથ ! તારા દર્શને કંઇકને સંયમ અને કેવળજ્ઞાન અપાવ્યાં ! અનાર્ય દેશના રાજપુત્ર આર્દ્રકુમાર પ્રતિમા જોતાં બૂઝયો ! અને નાસીને લીધું ચારિત્ર ! શૈયંભવ ભટ્ટ યજ્ઞસ્તંભની નીચે રહેલી પ્રતિમા જોતાં પહોંચ્યા પ્રભવસ્વામી પાસે ! અને ચારિત્ર લઇ બન્યા શ્રુતકેવળી ! નાગકેતુએ પુષ્પ પૂજા સાથે દર્શન કરતાં કરતાં કેવળજ્ઞાન લીધું! હું કંગાળ અનેક દર્શન કરવા છતાં મારે હજીય ચારિત્ર કે મોક્ષ કયાં છે?

આજના તારા દર્શનની સફળતા માટે આટલો ત્યાગ તો જરૂર લઈને બહાર નીકળું''

- ત્રણ લોકના દર્શને આમ કાંઇ લીધા વિના જીવ બેકાર જેવો બહાર નીકળે તો ગમાર કે બીજું કાંઇ ?

## દર્શન-પૂજનની સફળતાર્થે કાંઇક નિયમ લો એ કૃતજ્ઞતા છે.

જીવને કહો કે ''તે જેવા પૂજય છે, એ પૂજયતાની સામે તું ભક્તિના હિસાબે ય જે રાંકડું કરી રહ્યો છે, તેમાંનું કાંઇક કદાચ અનાદર આશાતનામાં ય જતું હોય ! તું જે ચૈત્યવંદન કરી રહ્યો છે, તે કદાચ તેમના ગુણગાન ઉપરાંત કોઇ વિષય-કષાય સાધનામાં ય જતું હશે ? શાને ખુમારીના ખેલ રચી રહ્યો છે ?'' આશ્ચર્ય થશે કે ત્યાં,-

## પૂજામાં વિષય-કષાયની સાધના ?

જે પરમાત્મા દેવતાઇ દેવદુષ્યથી પૂજાવા યોગ્ય છે, એમને તે તો નહિ, પણ મૃત્યુલોકનાં ય ઉજજવલ અને મુલાયમ મલમલના ય વસ્ત્ર નહિ, કિંતુ મેલા અને બરછટ થઇ ગયેલા કપડાથી પૂજા ! અને પોતાને તથા કુટુંબને સુંદર વસ્ત્ર-પરિધાન ! એ વિષયસાધના નથી ? પ્રભુની આશાતના અનાદર નહિ ? તેમ ચૈત્યવંદનમાં જો મનમાં માનની લાગણી કે એવી બીજી કોઇ લાગણી છે, તો શું એ કષાય સાધના નહિ ? ''હજી કયાં અમારું મન કાબૂમાં છે ?' એમ બચાવ કરાય, પણ એવા કોઇ દેવ ધર્યા કે જેમાં માન્યું કે એનાથી કાર્ય સરે એવું છે, તો ત્યાં મન કેટલું સ્થિર અને પવિત્ર રાખી શકો છો ? કેટલો સમય કાઢો છો ? ને એ જ મંદિરમાં ઉપર જ મહાવીર સ્વામી પાસે કેટલો સમય ? શું પૂછો ખરા જીવને, કે - 'અસંખ્ય ઇન્દ્રો અને ગણધરોથી પૂજિત એવા પ્રભુ પાસે જઇ આવ્યો તે સ્થિરતાથી હૈયું ભેળવીને જઇ આવ્યો ?' એવું પણ વિચાર્યું ખરું કે, 'હું કાંઇ નકકર લઇને જાઉં છું કે નહિ ?' આ વિચારવું કઠિન નથી.

## માત્ર આત્મ-શુદ્ધિની સાચી ઇચ્છા કેળવીને ધર્મ કરવા જાઓ, તો સ્થિરતા, સમયભોગ, ને હૃદયમિલન વગેરે સુલભ થશે.

પછી વીતરાગ પરમાત્માના પ્રભાવ આગળ 'બીજા દેવ કૂછ નહિ' એમ લાગશે; વીતરાગની પૂજા બહુ ભાવથી થશે. કદાચ વિષયોમાં મન જાય તો વિચારવું, - '' પૈસા એ માટીની ચીજ ! વિષયો અને વિષયભોગનું ખોળિયું પણ માટીનું! શું તેમાં આવેલો આત્મા એવો રંક છે કે, એ માટીની ચીજ ખાતર આત્માના પુણ્યને વેચે ? આત્માને વેચે ?'' રાગ અને દ્વેષ, અજ્ઞાન અને ઉલ્ટુ જ્ઞાન એજ ખરા ભયંકર છે. વધુમાં ભયંકર હોય તો મોહ છે.

## રાગદ્વેષ અને મોહ (મૂઢતા) ત્રણેય એકેકથી ચઢિયાતા કૂતરા છે !

ડાઘિયા કૂતરા ! દ્વેષ બિચારો કરડવા આવે તે ભસીને આવે, એટલે આપણને ખબર પડી જવાથી સાવધાન બની જઇએ. પણ રાગ શાંત રીતે આવે, ને ગફલતમાં રાખી કાટી જાય ! ત્યારે મોહ તો વળી એવો કે આવે ત્યારે ઊલટું મનાવીને આવે. કૂતરાને બકરૂં મનાવે ! પછી એ કાટે છતાં માને નહિ કે 'આ કૂતરે કાટયું !' કેમકે એને બકરૂં માને છે ! પછી ઉપચારની વાત જ કયાં ? ફરી બચવાની વાત જ કયાં ? રાગમાં તો કરડયા પછી ખબર પડે કે આણે બચકું ભર્યું; તેથી ફરી બચાય. પણ મોહમૂઢતા આત્માને કાટે ય ખરી, કાળાં કામે ય કરાવે, પાછું એ ખરાબ છે એવું માનવા જ ન દે. તેથી પુનઃ પુનઃ કાળાં કામ કરાવે !

**મોહનું કામ ભયંકર :-** દોષને ગુણ તરીકે બતલાવે ! 'રાગદ્વેષ ભયંકર છે,' - એવું હૈયે બેસવા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ દે નહિ. સમકિતી જીવને મિથ્યાત્વ નથી, એટલે એ જરૂર સમજે છે કે 'રાગ દ્વેષ ભયંકર છે. એને કરાવનારા જડ-ચેતન વિષયો વળી ઓર ભયાનક છે.' એમ એના પ્રત્યે અરુચિ જાગ્યા પછી એ કરવામાં મંદતા આવશે.

આમ વિષયો પ્રત્યેના રાગને દબાવાય.

**જિનેન્દ્ર પરમાત્મા પ્રત્યે ભક્તિભાવમાં આ તાકાત છે કે મન જઇને પ્રભુમાં ઠરે.**

**આપણને એમ થાય કે, 'અનંત પુણ્યના ઉદયે મને વીતરાગ પ્રભુ જેવું ઉત્તમ પાત્ર મળ્યા પછી મનને આ પરમપાત્રમાં જ રોકું ! શા માટે મનને અધમ-કુપાત્ર વિષયોમાં રોકું ?'**

જેમ સમજુ સમકિતીને હીરાનો હાર પરમાત્માના કંઠે અર્પાય તે 'લેખે લાગ્યો' લાગે છે, વ્યાજબી લાગે છે, ને એના બદલે પત્નીની ડોકમાં અર્પેલો વેડફાઇ ગયો લાગે છે, ગેરવ્યાજબી લાગે છે; એમ સમકિતીને લાગે કે, -

**મન તો હીરાના હાર કરતાં ય અતિશય કિંમતી છે, એને પરમાત્માને અર્પાય એ જ વ્યાજબી છે.**

**મનને વિષયોમાં અર્પવું એ તદ્દન ગેરવ્યાજબી છે, મહા મૂર્ખાઇ છે.**

**જિનભક્તિભાવથી ઈંદ્રિયનિગ્રહ કેમ ?:**

આપણી વસ્તુનો સુપાત્રમાં જ વિનિયોગ કરાય, એમાં બુદ્ધિમતા છે.

એના બદલે કુપાત્રમાં વિનિયોગ એ નરી બુદ્ધિહીનતા છે ; બુધ્ધુપણું છે.

આ હિસાબ પર મનને વારેવારે પ્રભુમાં લઇ જવાનું થાય, તે પણ ઊછળતા ભકિતભાવથી. એટલે એ મન વિષયોથી પરાઙ્મુખ યાને વિષય વિરક્ત રહેતાં, ઈંદ્રિયો સહેજે વિષયોથી પરાઙ્મુખ એટલે કે વિષયવિરકત રહે. આમ મન પ્રભુમાં ઠરે એટલે, - મન સેનાપતિ છે, ઈંદ્રિયો એની સેના છે, - સેનાપતિ મનની પાછળ પાછળ ઈંદ્રિયો પ્રભુમાં ઠરતી થાય. એટલે હવે ભક્તિની ક્રિયા પૂરી થયા પછી પણ વીતરાગદેવ પ્રત્યે ભકિતભાવ ઊભો રહેવાનો, કેમકે મનનો પરમપાત્રમાં વિનિયોગ જ શ્રેષ્ઠ માન્યો, એ માનીને મનને એ દેવાધિદેવને જ અર્પવાનું અને પ્રભુમાં જ ઠરતું રાખવાનું કર્યું છે, પછી ભલે દુન્યવી કામ બજાવવાના આવ્યા, પરંતુ ત્યાં ય મન ઠરવાનું નહિ, મન પ્રભુમાં જ ઠરવાનું. માટે તો ઉપાધ્યાયજી મહારાજ કહે છે, -

**"જિમ મહિલાનું વહાલા ઉપરે ઘરના કામ કરંત."**

કન્યા પરણીને સાસરે ગઇ, ત્યાં ઘરના બધાં કામ કરે છે, પરંતુ એનું મન તો વહાલા પતિમાં જ લાગેલું રહે છે, રસોઇ કરશે તો એમ વિચારશે કે " આ ચીજ એમને સારી ભાવશે," કપડાં ધોશે તો એમ વિચારશે, 'એમના માટે કપડાં ઊજળા બાફ઼ બનાવું,' તાત્પર્ય બધા કામનો હવાલો પતિમાં નાખતી રહેશે. બસ, એ પ્રમાણે વીતરાગ પ્રત્યે ભકિતભાવ જાગતો રહેવાથી ભકિતની ક્રિયામાં તો મન વીતરાગમાં ઓતપ્રોત રહેશે જ. પરંતુ તે સિવાયની બીજી ક્રિયા વખતે પણ મન વહાલા વીતરાગ પ્રભુમાં ઠરવાનું. અર્થાત્ એ કામના હવાલા વીતરાગ પ્રભુમાં નાખવાનાં. આવા વીતરાગ પ્રભુ પ્રત્યે અખંડ ભકિતભાવ ઊભો કરી શકાય. એની એ તાકાત છે કે ધર્મયોગને ઊંચા ઇચ્છાયોગની કક્ષામાં મૂકે.

એ ઇચ્છાયોગની કક્ષા વધતાં વધતાં એમાંથી પ્રમાદ ઓછા થઇ થઇ તદ્દન નીકળી જાય, તેમજ વીતરાગ પ્રત્યેના ઉચ્ચ-ઉચ્ચતર ભકિતભાવથી શ્રદ્ધાબળ વધે, તથા સાથોસાથ નિપુણ બોધ વધે, એટલે શાસ્ત્રયોગની કક્ષા પ્રાપ્ત થાય. અહીં ધર્મયોગ અપ્રમાદ-યુકત સંપ્રત્યયાત્મક શ્રદ્ધાથી સંપન્ન છે, અને સૂક્ષ્મ પણ અતિચાર ટાળે એવા તીવ્ર પટુબોધવાળો આરાધાય છે. એમાં પછી શાસ્ત્રયોગની ય કક્ષા વિકાસ પામતાં પામતાં આત્મામાં એવું અપૂર્વ સામર્થ્ય પ્રગટ થાય છે, એવો શકિતનો ઉદ્રેક-ઉત્કર્ષ થાય છે, કે ત્યાં ધર્મયોગ વિશિષ્ટ કોટિનો બને છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સામાર્થ્યયોગમાં ઉપાયો સામાન્યથી શાસ્ત્રોમાં વર્ણિત, વિશેષરૂપે અનુભવગમ્ય :-

આવા સામર્થ્યયોગમાં જે પ્રક્રિયા કામ કરે છે તેનું નિરૂપણ શાસ્ત્ર સામાન્યથી કહે છે, કેમકે શાસ્ત્ર જયારે ઠેઠ અંતિમ ફળ સુધીનું વર્ણન કરે છે, એટલે એના ઉપાયોનું વર્ણન પણ શાસ્ત્ર કરે જ; પરંતુ તે સામાન્યરૂપે કરે, વિશેષ રૂપે નહિ. કેમકે એ ઉપાયોને વિશેષ રૂપે શબ્દમાં ઉતારી શકાતા નથી, એવા એ ઉપાય આત્મશકિતની એવી અત્યંત પ્રબળતાથી ઊભા થતા હોય છે કે એ સ્વાનુભવનો વિષય છે, શબ્દનો વિષય નહિ. શાસ્ત્રના શબ્દ તો એટલું કહે કે, 'આવી આવી રીતે પ્રમાદ ત્યાગ થઇ અપ્રમતભાવ આવે, આવું શ્રદ્ધાબળ અને પટુબોધ ઊભો થાય. નિરતિચાર વિશુદ્ધ સાધના ચાલે, એમાં ધર્મધ્યાનની તીવ્રતા આવતી જાય, ત્યાં પછી અપૂર્વકરણ કરવાનું સામર્થ્ય પ્રગટ થાય અર્થાત્ સામર્થ્યયોગની કક્ષા ઊભી થાય, એ અપૂર્વકરણમાં આ પાંચ અપૂર્વ કાર્ય થાય.' એટલું જ શાસ્ત્ર વર્ણવે પરંતુ એનું વિશેષરૂપે વર્ણન શબ્દમાં ન ઊતરી શકે.

આ 'સામર્થ્યયોગ' નામનો યોગ સર્વ યોગોમાં પ્રધાન યોગ છે, શ્રેષ્ઠ યોગ છે, કેમકે એ બધા યોગોની પરાકાષ્ઠાએ જન્મ પામનારો છે, અને સર્વ યોગસાધનાનું મુખ્ય ફળ જે વીતરાગ સર્વજ્ઞ અવસ્થા, એનું અતિનિકટનું કારણ છે, ફલોપધાયક કારણ છે.

કારણ બે જાતના :- ૧. સ્વરૂપયોગ્ય કારણ, અને ૨. ફલોપધાયક કારણ.

**(૧) 'સ્વરૂપયોગ્ય કારણ'** એટલે કે કાર્ય માટેની જેનામાં યોગ્યતા છે એવું કારણ. દા.ત. રસાળ ખેતરની માટીમાં ઘડારૂપી કાર્યને બનવાની યોગ્યતા છે, તો એ માટી ઘડા પ્રત્યે સ્વરૂપયોગ્ય કારણ કહેવાય. પછી ભલે માટી એમ જ પડી રહી, કોઇએ એમાંથી ઘડો ન બનાવ્યો, છતાં એ સ્વરૂપયોગ્ય કારણ કહેવાય. ત્યારે નદીની રેતીમાં ઘડો બનવાની યોગ્યતા જ નથી. તેથી ઘડા પ્રત્યે એને સ્વરૂપયોગ્ય કારણ ન કહેવાય. એક-બે પુત્રોને જન્મ આપનારી યુવાન સ્ત્રી અચાનક વિધવા થઇ, તો હવે એ પુત્રને જન્મ નથી આપવાની, છતાં એનામાં પુત્રરૂપ કાર્ય પ્રત્યે સ્વરૂપયોગ્યતા કહેવાય, જયારે વંધ્યા સ્ત્રીમાં સ્વરૂપયોગ્યતા - જ ન કહેવાય. એમ ભવ્યજીવમાં મોક્ષની સ્વરૂપયોગ્ય કારણતા છે, જયારે અભવ્ય જીવમાં એ સ્વરૂપયોગ્યતા જ નથી.

**(૨) ફલોપધાયક કારણતા** એવા કારણમાં કહેવાય જેની ઉત્તરમાં ફળ નક્કી નીપજતું હોય, જે કારણ ફળનું ઉપધાયક બનતું હોય, ફળને પોતાની ઉત્તરમાં ધારણ કરનારું થતું હોય. દા.ત. ચાકડા પર ચડાવેલી અને કુંભારથી ઘડાઇ રહેલી માટી એ ફલોપધાયક કારણ કહેવાય, કેમકે એ પોતાના ઉત્તરકાળમાં ઘડારૂપી ફળને ધારણ કરે છે. એમ અહીં સામર્થ્યયોગ એ વીતરાગ અવસ્થાનું ફલોપધાયક કારણ છે. કેમકે આ યોગના ઉત્તરકાળમાં ફળ વીતરાગતાને એ અવશ્ય ધારણ કરે છે. ઇચ્છાયોગ અને શાસ્ત્રયોગ માટે આ અવશ્યંભાવ નથી કે પોતાના ઉત્તરકાળમાં વીતરાગતારૂપ ફળને ધારણ કરે, કેમકે એ યોગના સાધક યોગી જો સામર્થ્યયોગની કક્ષામાં ન ચડી શકયા, અને જીવન પુરું થયું, તો વીતરાગ અવસ્થા પામ્યા વિના જ પરભવે જન્મ પામવાના. ત્યારે સામર્થ્યયોગ આવ્યો એટલે એ તો અવશ્ય વીતરાગતા અને સર્વજ્ઞતારૂપ પ્રધાન ફળને જન્મ આપશે.

અહીં આ સામર્થ્યયોગના ઉપાય વિશેષરૂપે શાસ્ત્રથી અવર્ણનીય કહ્યાં. એના સમર્થનમાં હવે કહે છે,

**सिद्धयाख्यपदसम्प्राप्ति-हेतुभेदा न तत्त्वतः ।**
**शास्त्रादेवागम्यन्ते, सर्वथैवेह योगिभिः ॥६॥**
**सर्वथा तत्परिछेदात् साक्षात्कारित्वयोगत : ।**
**तत्सर्वज्ञत्वसंसिद्धेस्तदा सिद्धपदाप्तित : ॥७॥**

અર્થાત્ યોગી મુનિઓ દ્વારા મોક્ષ નામના પદની સમ્યક્પ્રાપ્તિના કારણભૂત વિષયો (સમ્યગદર્શનાદિ) પરમાર્થથી શાસ્ત્રમાંથી જ સર્વ પ્રકારોએ નથી જણાતા. (કેમકે એ કારણ વિશેષોના અનંત પ્રકાર છે.) કારણ, જો સર્વ પ્રકારે એ એ કારણવિશેષો શાસ્ત્રથી જ જાણી શકાતા હોય, તો તો (તરતમાં જ મોક્ષ સુધીના ફળને સિદ્ધ કરી શકનાર કારણો) શાસ્ત્રથી જ એ પ્રત્યક્ષ દેખાઇ જતાં, અને ત્યાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રોના શ્રોતાને સર્વજ્ઞતા સિદ્ધ થઇ જતાં, ત્યારે જ મોક્ષપદની પ્રાપ્તિ થઇ જાય ! પરંતુ શાસ્ત્રે બતાવેલ કારણોના પ્રકારો જાણી લઇને એટલા માત્રથી તરત કેવળજ્ઞાન અને મોક્ષ થતો નથી, એ સૂચવે છે કે, મોક્ષ હેતુભૂત સર્વ પ્રકારો શાસ્ત્રથી જ નથી જણાતા. સિદ્ધિ એટલે કે મોક્ષ નામનું પદ પ્રાપ્ત કરવાના સમ્યગ્દર્શનાદિ જે ઉપાયો છે એ બધા જ ઉપાયોના નાના ઝીણા ઝીણા પ્રકારો અનંત છે કેમકે ઉપર ઉપરના ગુણસ્થાનકના આંતરિક-આત્મિક અધ્યવસાયો નીચે નીચેવાળા કરતાં અનંતગુણ વિશુદ્ધિવાળા હોય છે. એ વિશુદ્ધિ પણ મોક્ષપદ-પ્રાપ્તિમાં કારણભૂત છે, અને એ કેવા કેવા સ્વરૂપની હોય એ કાંઇ શાસ્ત્ર એ બધાને અક્ષરશઃ સૂક્ષ્મરૂપે વર્ણવી ન શકે; એટલે શાસ્ત્રથી એ બધા જ સૂક્ષ્મ પ્રકાર જાણી શકાય નહિ. એ તો કેવળજ્ઞાનથી જાણી શકાય.

પ્ર૦- જો શાસ્ત્રથી જ એ બધા પ્રકાર જાણી શકાતા હોત તો શો વાંધો આવત ?

ઉ૦- જો કેવળજ્ઞાનની જેમ શાસ્ત્રથી જ એ સમસ્ત મોક્ષપદના પ્રાપક કારણ-પ્રકારો જાણી શકાતા હોત,તો તો ત્યાં એનો શાસ્ત્રથી જ સાક્ષાત્કાર થઇ જવાથી ત્યાં જ સર્વજ્ઞતા સિદ્ધ થઇ જાય ! પછી ઉપરના ગુણસ્થાનક માટેની કશી સાધના કરવાની રહે નહિ.

આનું રહસ્ય એ છે કે ઉત્કૃષ્ટ શાસ્ત્રજ્ઞાન શ્રી ગણધર ભગવંતોને હોય છે, કેમ કે 'પૂર્વ' શાસ્ત્રો સહિત સમસ્ત દ્વાદશાંગી આગમ શાસ્ત્રોના રચયિતા પોતે જ હોય છે. એનાથી વધીને હવે આગળ કોઇ શાસ્ત્ર નથી. પછીના આચાર્યોના રચેલા શાસ્ત્રોના પદાર્થ એ દ્વાદશાંગીના પદાર્થોમાં સમાવિષ્ટ હોય છે; એટલે કે ગણધર ભગવંતોને ઉત્કૃષ્ટ શાસ્ત્રબોધ હોય છે, ગણધરો પોતે ૬ઠ્ઠા-૭માં પ્રમત-અપ્રમત્ત ગુણસ્થાનકે હોય છે; હવે જો એમને ત્યાં જ શાસ્ત્રથી જ મોક્ષપદ-પ્રાપક અનંત હેતુ-પ્રકાર જણાઇ જતા હોય, તો તો ત્યાં ૬ઠ્ઠે કે ૭મે ગુણસ્થાનકે જ એમને સર્વજ્ઞતા સિદ્ધ થઇ જાય ! પછી આગળ 'અપૂર્વકરણ' વગેરે ૮ મા, ૯મા, ૧૦મા...આદિ ગુણસ્થાનકોની એમને સાધના કરવાની રહે જ નહિ ! જયારે ખરેખર તો આ ઉપરના ગુણસ્થાનકોની સાધના કરતા કરતાં ૧૦મા ગુણસ્થાનકના અંતે વીતરાગતા સિદ્ધ થાય છે; એ સિદ્ધ થઇને ૧૨મા ક્ષીણ-મોહ-ગુણસ્થાનકે સમસ્ત જ્ઞાનાવરણ અને અંતરાય કર્મોનો નાશ થઇ ૧૩મા સયોગી કેવળી ગુણસ્થાનકે કેવળજ્ઞાન યાને સર્વજ્ઞતા સિદ્ધ થાય છે. એ બતાવે છે કે હવે જે અપૂર્વકરણાદિ ગુણસ્થાનકે મોક્ષપદ-પ્રાપકહેતુ-પ્રકારો સાધવાના છે, તે શાસ્ત્રના અક્ષરોનો વિષય નથી. એ તો શાસ્ત્ર-મર્યાદાની ઉપર જઇને પોતાના ઉત્કૃષ્ટ સામર્થ્યના પ્રભાવે વિશેષરૂપે સાધવામાં આવતા એ હેતુ-પ્રકારો છે. શાસ્ત્રો માત્ર સામાન્યરૂપે એનું દિગ્દર્શન કરાવે; કેમકે એમ તો શાસ્ત્રો મોક્ષરૂપી ફળ સુધીના ઉપાયોનું વર્ણન કરનારા હોય છે. દા. ત. શાસ્ત્રે કહ્યું, 'सम्यग्दर्शन-ज्ञान चारित्राणि मोक्षमार्गः' અર્થાત્ ''સમ્યગ્દર્શનજ્ઞાન-ચારિત્ર એ ત્રણે ય ભેગા મળીને મોક્ષના હેતુ છે, મોક્ષ સુધી પહોંચાડનાર ઉપાયો છે. પરંતુ આ સામાન્યરૂપે કહ્યું, બાકી વિશેષરૂપે સાધના તો આત્માના આંતરિક સંક્લિષ્ટ અધ્યવસાયો ટાળીને વિશુદ્ધ અધ્યવસાયો વધારતા જવાની છે, ને એ અનુભવગમ્ય છે, શબ્દથી ન વર્ણવી શકાય.

પ્ર૦- મોક્ષ પામવા માટે તો છેલ્લે શૈલેશીકરણ કરવું પડે છે. એ કયાં આ સમ્યગ્દર્શનાદિ ત્રણ ઉપાયમાં સમાયું ?

### શૈલેશીકરણ એ ચારિત્ર છે :-

ઉ૦- શૈલેશીકરણ શુક્લધ્યાનના પાછલા બે પ્રકારોથી કરવામાં આવે છે, અને એમાં મનવચન-કાયાના સમસ્ત યોગોનો નિરોધ કરી, અત્યારસુધી આત્મપ્રદેશોની અસ્થિરતા-સક્રિયતા-કંપનશીલતા હતી તે બંધ કરવામાં આવે છે, આ જે આત્મ-સ્થિરતા આત્મ-પ્રદેશોની કંપન રહિતતા ઊભી કરવામાં આવે છે તે ચારિત્ર જ છે. જ્ઞાનસાર શાસ્ત્ર કહે છે,-

''चारित्रं स्थिरतारपं तत् तु सिद्धेष्वपीस्यते !''

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થાત્ ચારિત્ર સ્થિરતારૂપ છે, અને તે સિદ્ધોમાં પણ યાને મોક્ષ પામેલા આત્માઓમાં પણ હોવાનું મહર્ષિઓને ઇષ્ટ છે.

**સામર્થ્યયોગમાં ઉત્તરોત્તર અધ્યવસાય-વિશુદ્ધિ શબ્દથી અવર્ણનીય :-**

સારાંશ, મોક્ષની પ્રત્યે ઠેઠ શુકલધ્યાનના ચાર પ્રકારને અને એનાથી અંતે સધાતા મન-વચન-કાયાના ત્રિવિધયોગના નિરોધને કારણ તરીકે વર્ણવી શાસ્ત્રે સામાન્યરૂપે મોક્ષના હેતુ-પ્રકારો જણાવ્યા કહેવાય, કિન્તુ શાસ્ત્રોથી એ બધું જાણવા છતાં, સામર્થ્ય યોગની ઉત્કૃષ્ટ શકિતથી સધાતા એ શુકલધ્યાનાદિ વિશિષ્ટ હેતુ-પ્રકારોનાં સ્વરૂપ શાસ્ત્રવર્ણનની મર્યાદાની ઉપરના કહેવાય. એ જો શાસ્ત્રથી જ જાણી શકાતા હોય, તો તો ત્યાં જ એનો સાક્ષાત્કાર થઇ જવાથી સર્વજ્ઞતા સિદ્ધ થઇ જાય. પરંતુ એમ બનતું નથી આ સૂચવે છે કે શાસ્ત્ર તો મોક્ષ-હેતુઓનું સામાન્યથી દિગ્દર્શન કરે, પરંતુ આત્માએ પોતે આંતરિક શુભ અભ્ધ્યવસાયની તાકાત વધારી એમાં વિશેષ વિશેષ વિશુદ્ધિ ઊભી કરતા રહેવાનું છે. માત્ર ચારિત્રના-સંયમના અધ્યવસાયોમાં જ નહિ, કિન્તુ સમ્યગ્દર્શનના અધ્યવસાયોમાં પણ એમ જ વિશિષ્ટ પુરુષાર્થ કરી કરી ક્ષાયિક સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા સુધીની અનંત વિશુદ્ધિ પ્રાપ્ત કરવાની છે. આ શી રીતે થાય ? સમ્યગ્દર્શનમાં ઉત્તરોત્તર વિશુદ્ધિ વધારતા જવાથી પરાકાષ્ઠાએ ક્ષાયિક સમ્યગ્દર્શનને યોગ્ય અનંતગુણ વિશુદ્ધિ સિદ્ધ થાય. તો સવાલ થાય, -

# સમ્યગદર્શનમાં ઉત્તરોત્તર વિશુદ્ધિ કેવી રીતે થતી આવે?

## ( i ) પુણ્ય-સામગ્રીને પ્રભુભકિતમાં જોડી પ્રભુ પર રાગ વધારો :

(અ) પહેલો ઉપાય આ છે કે, ભગવાન જિનેશ્વરદેવ ઉપર રાગ-બહુમાન-ભકિતભાવ ખૂબ જ વધારતા રહેવાય, (જેનો વિચાર પૂર્વે કરી આવ્યા.) આપણામાં ભગવાન પર રાગ-બહુમાન-ભકિતભાવ વધતો આવે છે એનું માપ આ પરથી નીકળે કે, આપણને ભગવાનના જ પ્રતાપે બંધાયેલા ઉચ્ચતર પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલો મહાકિંમતી માનવ-સમય,માનવ-બુધ્ધિ, અને તન-મન-ધન, તથા ઈંદ્રિયો અને વિશિષ્ટ વાણીશકિતને, સંસાર અને મોહના પોષણમાં બરબાદ થતી અટકાવી, ભગવાનની ભકિતમાં એનો કેટલો ભોગ આપીએ છીએ ?

**જેમ પ્રભુ પર અંતરંગ વધુ ભકિત, એમ પ્રભુ ભકિતમાં આ બાહ્ય સાધનોનો વધુ ભોગ આપવાનું કરાય. એ માટે આ જોતા રહેવાનું કે, -**

(૧) દા.ત. ગઇ કાલ કરતાં આજે દૂધ-ઘી વગેરે આપણે ઓછું વાપરવાનું રાખી ભગવાનના અભિષેક આદિમાં વધારે વાપર્યું ?

(૨) એમ સમય-ભોગમાં સમય-દુનિયાદારીમાંથી વધુ કાઢીને ભગવાનના સ્તુતિ-સ્તોત્રાદિમાં, પૂજાના વાસણ અંગ લૂંછણા વગેરે વધુ સાફસૂફ કરવા કરાવવામાં, તથા ભગવાનના મંદિરનું નિર્માણ-સમારકામ-સુશોભા... વગેરે પ્રભુભકિતનાં કાર્યોમાં વધુ સમય કાઢયો ? વધુ રસ લીધો ?

(૩) એમ ગઇ કાલ કરતાં આજે ભગવાનનું ચરિત્ર - વાંચન - સ્તુતિ - સ્તવન - સ્તોત્રોના અર્થ-વિચારમાં વધુ બુદ્ધિ-વાપરી ?

(૪) એમ, શરીરને વધુ ભકિત-કાર્યમાં જોડયું ?

(૫) આપણી ચક્ષુને ભગવાનની આંખમાં વીતરાગતા નિર્વિકારતા જોવામાં વધુ જોડી ?

(૬) કાનને પ્રભુના ચરિત્ર ગુણગાન અને પ્રભુની વાણી સાંભળવામાં વધુ લગાવ્યા ?

(૭) એવી રીતે, ગઇ કાલ કરતાં આજે આપણી વાણીને પ્રભુના ચરિત્ર તથા ગુણગાન અને પ્રભુના તત્ત્વો તથા માર્ગ અને સિદ્ધાન્તો વર્ણવવામાં વધુ લગાવી ? અર્થાત્ આનું બોલવામાં વધારે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વચન-યોગનો સદુપયોગ કર્યો ?

(૮) એમ, પ્રભુ માટે અષ્ટપ્રકારી, સત્તર પ્રકારી અને એકવીસ પ્રકારી પૂજાનાં વધુ દ્રવ્યોમાં, આપણાં ધન-માલ-મિલ્કતનો વિનિયોગ કર્યો ? પ્રભુની સેવામાં એનું વધારે અર્પણ - સમર્પણ કર્યું ?

**પ્રભુને દિલ અર્પવામાં શું કરવું પડે ? :-**

(૯) એમ, જેવી રીતે નવા પરણેલા પતિ-પત્ની એક બીજાને વધુ ને વધુ દિલ અર્પે છે, એવી રીતે આપણે ગઈ કાલ કરતાં આજે ભગવાનને વધારે દિલ અર્પ્યું ? એ ખરેખર અર્પ્યું શી રીતે સમજાય ? તો કે એ જ પતિના દાખલાથી, જેમ એ પતિને પત્નીને વધારે દિલ અર્પવામાં પછી દુનિયાના માણસ યાવત્ સગી માતા પરથી ય દિલ ઓછું થાય છે, એમ અહીં ભગવાનને વધુ દિલ અર્પ્યાથી સંસારના વિષયો અને સંસારી મોહગ્રસ્ત સગા સ્નેહી પરથી દિલ ઓછું થતું જાય, દિલ ઊઠી જાય. દિલને જેવા પ્રભુ ગમે, એવા દુન્યવી પદાર્થો અને સગાવહાલા ન ગમે. જેમ જેમ પ્રભુ વધારે ગમે, તેમ તેમ પેલા ઓછા ગમતા જાય, દિલ ત્યાં ઓછું ખેંચાય. આ શરીર-બુદ્ધિ-સમય-સંપતિ આદિ દેવદર્શન-પૂજા -સ્નાત્રાદિ, તીર્થયાત્રા, યાત્રા સંઘ,.. વગેરેમાં વધુ ને વધુ લગાવતા રહેવાય. બસ,

**સમ્યગ્દર્શન વિશુદ્ધતર કરવાનો આ પહેલો ઉપાય કે પુણ્ય સામગ્રીને દિલ સુદ્ધા પ્રભુને વધારે ને વધારે અર્પિત કરાય, અને એમ કરીને પ્રભુ પ્રત્યે અંતરંગ રાગ-બહુમાન-ભક્તિભાવ વધારતા રહેવાય.**

## ( ii ) દર્શન-વિશુદ્ધિનો બીજો ઉપાય જિનવચનોપાસના :

જિનની જેમ જિનવચન પર અંતરંગ રાગ તથા બહુમાન વધારતા રહેવાય. ગઈ કાલ કરતાં એ આજે વધુ વધ્યાની નિશાની આ, કે,

(૧) આપણી બધી પ્રવૃત્તિમાં જિનવચનને-જિનાજ્ઞાને વધુ ને વધુ આગળ કરીએ; અર્થાત્ યાદ કરાય કે, **'આ એટલા માટે કરું છું કે ભગવાનની આજ્ઞા છે.' 'આ એટલા માટે છોડું છું કે ભગવાને એનો નિષેધ કર્યો છે.'** અથવા મનમાં એમ આવે કે,- ''મારા ભગવાનને પ્રસ્તુત વિચાર-વાણી-વર્તાવની પ્રવૃત્તિ અંગે કહ્યું છે કે, 'આ હેય છે, યા ઉપાદેય છે, આ અહિતકર છે, યા હિતકર છે.. માટે એનો ત્યાગ યા આદર કરું છું.' આમ પ્રારંભે પાંચ પ્રવૃત્તિમાં જિનાજ્ઞા યાદ કરી હોય, તો પછીથી દસ પ્રવૃત્તિમાં એ યાદ કરાય, એ જિનવચનને વધુ આગળ કર્યું કહેવાય.''

વળી જ્યાં જ્યાં મોકો આવે ત્યાં ત્યાં, -

(૨) જિનવચનના ગુણ ગવાય,

(૩) બીજાને જિનવચનની સલાહ અપાય,

(૪) બીજા આગળ જિનવચનનું ગૌરવ કરાય,

(૫) જિનવચનની પ્રભાવના કરાય,

(૬) જિનવચન અર્થાત્ શાસ્ત્રોનું વધુને વધુ અધ્યયન કરાય, સ્વાધ્યાય કરાય, વાચના અપાય,

(૭) શાસ્ત્રો લખાવાય, પ્રચારાય,

(૮) મનમાં નક્કી કરાય કે, - ભગવાન જિનેશ્વરદેવની દ્રવ્યભક્તિ કરતાં જિનવચન-પાલનરૂપ ભાવભક્તિ વધુ શ્રેષ્ઠ છે. જિનવચન-પાલન એ મારું શ્રેષ્ઠ જીવન-કર્તવ્ય છે. મારું જીવન વધુ ને વધુ,-

જિનાજ્ઞા-પાલનમાં અર્થાત્ (૧) જિનાજ્ઞાના સ્વીકાર તથા બહુમાનમાં અને (૨) જિનાજ્ઞાના અમલમાં જાઓ. આવા આવા ચડતા મનોરથ, ભાવના અને દૃઢ નિર્ધાર કરતા રહેવાય, આ બધું વધારતા જવાય; એથી સમ્યગ્દર્શન વધુ ને વધુ વિશુદ્ધ બનતું જાય. આ બીજો ઉપાય.

✤ ✤ ✤

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# (૩-૪) દર્શનવિશુદ્ધિનો ત્રીજો ઉપાયઃ દર્શનાચાર-વૃદ્ધિ : ચોથો ઉપાય : ૬૭ વ્યવહાર

સમ્યગ્દર્શનના 'નિસ્સંકિય નિક્કંખિય..' ગાથાએ કહેલ આઠે આચારો વધુ ને વધુ તેજસ્વી રીતે આચરતા રહેવાય. દા. ત. -

એક આચાર છે 'વચ્છલ્લ'- સંઘ - સાધર્મિક -વાત્સલ્ય; એ વધારતા રહેવાય. હૈયે સંઘ સાધર્મિક પ્રત્યે વધારે હેત ઊભરાતા રહેવાય, એ હેતનો પાછો હેતભરી વાણી તથા સન્માન આદિ કરવામાં અમલ થાય.

એમ એક આચાર છે 'ઉવવૂહ' અર્થાત્ ઉપબૃંહણા, એટલે કે ધર્માત્માના ધર્મસુકૃત અને ગુણિયલના ગુણની પ્રશંસા-સમર્થન-પ્રોત્સાહન કરાય, એ વધુ ને વધુ કરાતા રહે તેમ સમ્યગ્દર્શન વધુ ને વધુ વિશુદ્ધ થતું આવે.

## (૪) દર્શન વિશુદ્ધિ માટે ૬૭ વ્યવહાર :-

સમ્યગ્દર્શનની અધિકાધિક વિશુદ્ધિ કરવાનો ચોથો ઉપાય છે સમ્યક્ત્વના ૬૭ વ્યવહારોનું અધિકાધિક તેજસ્વી રીતે પાલન. આ ઉપાય એક દરિયો છે; એમાં ઘણું ઘણું સમાય છે. કેમકે એમાં મુખ્ય ૧૨ પ્રકારનાં અવાંતર ૬૭ ભેદ પૈકી દરેક ભેદમાં ઘણો ઘણો વિચાર સમાયેલો છે.

સમ્યગ્દર્શનના ૬૭ વ્યવહારના મુખ્ય ૧૨ પ્રકાર યાદ રાખવા આ એક ચાવી સૂત્ર છે, આમાં દરેક પ્રકારનો પહેલો પહેલો અક્ષર લીધો છે, બે પ્રકારમાં પહેલા બબ્બે અક્ષર લીધા છે.

## ૬૭ વ્યવહારના મુખ્ય ૧૨ પ્રકારનું સૂત્ર : 'સદશૂલિ દૂભૂલ આજ ભાટ્ઠા પ્રભા વિ'

આ સૂત્રનો શબ્દાર્થ કરવો હોય તો આ, - ''શબ્દ એ શૂળ જેવો છે, એમાં બે ભૂલ થાય છે, પોતાને ય એ પછીથી ભોંકાય, અને બીજાને તો તરતમાં ભોંકાય, દિલને દુઃખ કરે. આવા શબ્દ-શૂળ ભોંકનારા આજ ભાટ્ઠા જેવા માણસો પ્રભાવી થઇને ફરે છે.'' અલબત્ત આ સૂત્ર યાદ રહી જાય એ માટે જ આ ભાવાર્થ અહીં બતાવ્યો. બાકી સૂત્રમાંથી 'સદ' અને 'પ્રભા' એ બે - બે અક્ષર સાથે લેવાના, તથા બીજા એક એક અક્ષર લેવાના; અને એ બાર પ્રકાર પૈકી દરેક પ્રકારના પહેલા પહેલા અક્ષર છે, એ સમજી રાખવાનું. એટલે હવે એ દરેક અક્ષર પરથી પ્રકારના નામ જોઇએ, અને સાથે સાથે એનાં અવાંતર ભેદની સંખ્યા જોઇએ.

## ૬૭ વ્યવહારમાં મુખ્ય ૧૨ પ્રકારના નામ-સંખ્યા :-

(૧) 'સદ' = સદ્દહણા (શ્રદ્ધાન) ૪, (૨) 'શુ' = શુદ્ધિ ૩; (૩) 'લિ' = લિંગ ૩,

(૪-૫-૬) 'દૂ-ભૂ-લ'= દૂષણ, ભૂષણ, લક્ષણ, એ દરેક ૫-૫;

(૭-૮-૯-૧૦) 'આ-જ-ભા-ટ્ઠા' = આગાર-જયણા-ભાવણા-ઠાણ, એ દરેક ૬-૬,-

(૧૧) 'પ્રભા' = પ્રભાવક ૮, -

(૧૨) 'વિ' = વિનય ૧૦.

આમ ૧૨ ના ક્રમસર $\frac{૪+૩+૩}{૧૦}$ $\frac{૫+૫+૫}{૧૫}$ $\frac{૬+૬+૬+૬}{૨૪}$ $\frac{૮+૧૦}{૧૮}$

એમ કુલ ૬૭ વ્યવહાર સમ્યક્ત્વના છે.

### પરમાર્થ સંસ્તવ : તત્ત્વપરિચય :

આમાંના દરેક વ્યવહાર પર ઘણો ઘણો વિચાર સમાયેલો છે, દા.ત. પહેલી જ સદ્દહણામાં પહેલો ભેદ 'પરમાર્થ સંસ્તવ' એટલે કે પરમ અર્થ જે જિનોક્ત જીવાજીવાદિ તત્ત્વ, એનો 'સંસ્તવ' અર્થાત્ પરિચય કરવાનો. અહીં જીવ-અજીવ, પુણ્ય-પાપ, આશ્રવ-સંવર, બંધનિર્જરા-મોક્ષ, આ નવ તત્ત્વમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલો બધો વિસ્તૃત વિચાર સમાય છે કે એ એકેક તત્ત્વનો પરિચય-બોધ, તે પણ પ્રતિભાસ જ્ઞાનરૂપ નહિ, કિન્તુ પરિણતિ જ્ઞાનરૂપ, પરિચય કરતા રહીએ, એ એકેક તત્ત્વનું વિસ્તારથી અધ્યયન-પુનરાવર્તન-પ્રચ્છના-અનુપ્રેક્ષા (ચિંતન) તથા ધર્મકથા એ પાંચ પ્રકારનો સ્વાધ્યાય વધારતા જઈએ તો બીજા પાપવિચારો, મુફલીસ વિચારો, કરવાને સમય જ ન રહે. તેથી લાભ ? જેમ જેમ આ પરિચય કરતા જઈએ, તેમ તેમ સમ્યગ્દર્શન વધુ ને વધુ નિર્મળ-વિશુદ્ધ થતું આવે, મન ભારે પ્રસન્ન રહે.

હવે આમાં એકેક તત્ત્વના અવાંતર પ્રકારો લઈને એનો અધિકાધિક પરિણતિ-જ્ઞાનરૂપ પરિચય કેવો કેવો સધાય એટલા વિચારમાં જ એક પુસ્તક થાય. તો પછી સડસઠે વ્યવહારના પાલનમાં કેવી રીતે અધિકાધિક જોમ અને જોસ લવાય જેથી સમ્યગ્દર્શન, અધિકાધિક વિશુદ્ધ બનતું જાય, એના વિસ્તૃત વિચારમાં તો એક મોટું વોલ્યુમ, મહાગ્રન્થ થાય. છતાં અહીં સડસઠ વ્યવહારના નામ-પરિચય જોઈએ.

## સમ્યક્ત્વના ૬૭ વ્યવહારનો પરિચય

**૪ સદ્દહણા :** (૧) પરમાર્થ - સંસ્તવ = જીવ અજીવ વગેરે તત્ત્વો (પરમ અર્થ) નો પરિચય સંસ્તવ હાર્દિક શ્રદ્ધાવાળો અભ્યાસ; (૨) પરમાર્થના જ્ઞાતા સાધુજનોની સેવા; (૩) વ્યાપન્ન દર્શનવર્જન યાને સમ્યગ્દર્શન ગુમાવી બેઠેલા કુગુરુનો ત્યાગ; (૪) મિથ્યાદૃષ્ટિ કુગુરૂના સંગનો ત્યાગ.

**૩. શુદ્ધિ :** મન-વચન આ જ કહે કે, 'જિન-શરણ અને જિનશાસન જ સારું, જિનભક્તિ જ સમર્થ.' કાયા જિનશ્રદ્ધામાંથી લેશ ન ડગે, ભલે દેવનો ય ઉપદ્રવ આવે ! જગતમાં જિનેશ્વર દેવ, જિનમત અને જિનમતમાં રહેલ સંઘ એ ત્રણ જ સાર, બાકી સંસારને અસાર માને.

**૩ લિંગ :** (૧) મનોરમ પત્ની-પરિવરિત સુખી યુવાનને દિવ્યસંગીત-શ્રવણ પર તીવ્ર રાગ થાય તેવો ધર્મશાસ્ત્ર, શ્રવણનો તીવ્ર રાગ. (૨) અટવી ઊતર્યા ભૂખ્યાડાંસ બ્રાહ્મણને ઘેબરની કાંક્ષાની જેમ ચારિત્ર-ધર્મની તીવ્ર અભિલાષા. (૩) વિદ્યાસાધકની વિદ્યાસેવાની જેમ અરિહંત અને સાધુની વિવિધ સેવાનો નિયમ.

**૫ દૂષણોનો ત્યાગ :** (૧) જિન વચનમાં શંકા, (૨) અન્ય ધર્મની કાંક્ષા-આકર્ષણ, (૩) ધર્મક્રિયાના ફળમાં સંદેહ, (૪) મિથ્યાદૃષ્ટિની પ્રશંસા, ને (૫) કુલિંગી (મિથ્યાદૃષ્ટિ કુગુરુ)નો પરિચય-સંસ્તવ, આ પાંચે દૂષણ ન કરવા.

**૫ ભૂષણ :** (૧) જૈન શાસનમાં કુશળતા (ઉત્સર્ગ-અપવાદ વચન, વિધિવચન, ભયવચન, વગેરેનો વિવેક), (૨) શાસન-પ્રભાવના, (૩) સ્થાવર તીર્થ શત્રુંજયાદિની, અને જંગમ તીર્થ શ્રમણ સંઘની વિવિધ સેવા, (૪) સ્વ-પરને જૈનધર્મમાં સ્થિર કરવા,(૫) પ્રવચન-સંઘની ભક્તિ-વિનય- વૈયાવચ્ચ.

**૫ લક્ષણ :** શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, ને આસ્તિકય. 'શમ'= તીવ્ર વિષયરાગ-દ્વેષનું શમન, 'સંવેગ'=મોક્ષ અને દેવ-ગુરુ-ધર્મ પર અથાગ-અનન્ય રાગ,'નિર્વેદ'=સંસાર પ્રત્યે ગ્લાનિ-અભાવ- અરુચિ, 'અનુકંપા'= દ્રવ્યદયા-ભાવદયા, 'આસ્તિકય'= 'જે જિન ભાખ્યું તે નવી અન્યથા' એવો દૃઢ રંગ.

**૬ આગાર :** આગાર એટલે અપવાદ. (૧) રાજા, (૨) જનસમૂહ, (૩) બળવાન ચોર, જુલ્મગાર વગેરે (૪) કુલદેવી આદિ ને (૫) માતાપિતાદિ ગુરુવર્ગ આ પાંચનો તેવો અતિ આગ્રહ-બળાત્કાર થાય, તથા (૬) જંગલ આદિમાં આજીવિકાનો પ્રશ્ન ઊભો થાય, ત્યાં મિથ્યા દેવ-ગુરુ-ધર્મને હૈયાના ભાવ વિના વંદન કરી લેવાનો અપવાદ.

**૬ જયણા :** જયણા એટલે યતના, કાળજી, મિથ્યાદૃષ્ટિ સંન્યાસી વગેરે કુગુરુ, અને મહાદેવ વગેરે કુદેવ, તથા મિથ્યાત્વીએ પોતાના દેવ તરીકે ગ્રહણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરેલ જિનપ્રતિમા, આ ત્રણને (૧-૨) વંદન-નમન, (૩-૪) આલાપ-સંલાપ- કે (૫-૬) દાન-પ્રદાન એ છ વાનાં ન કરવા. આથી સમકિતની જતના-રક્ષા થાય છે.

('વંદન'= હાથ જોડવા, 'નમન' = સ્તુતિ આદિથી પ્રણામ, 'આલાપ'=વગર બોલાવ્યા સન્માનથી બોલાવવું, 'સંલાપ'=વારંવાર વાર્તાલાપ, 'દાન'=પૂજ્ય તરીકે સત્કાર-બહુમાનથી અન્નાદિ દેવા, 'પ્રદાન'=ચંદન-પુષ્પાદિ પૂજા સામગ્રી ધરવી, યા યાત્રા-સ્નાન વિનય-વૈયાવચ્ચાદિ કરવા.)

**૬ ભાવના :** સમ્યક્ત્વને ટકાવવા માટે એને **'મૂલં-દારં-પઈઠાણં, આહારો-ભાયણં-નિહી'** એ છ ભાવના આપવી જોઈએ. દા. ત. સમ્યક્ત્વ એ બાર-વ્રતરૂપી શ્રાવક ધર્મનું (૧) મૂળ છે, (૨) દ્વાર છે, (૩) પાયો છે, (૪) આધાર છે, (૫) ભાજન (પાત્ર) છે, (૬) ભંડાર (તિજોરી) છે. સમ્યક્ત્વ-મૂળ સલામત વિના ધર્મવૃક્ષ સુકાઈ જાય. ૨. સમ્યક્ત્વરૂપી દરવાજા વિના દાનાદિધર્મ-નગરમાં પ્રવેશ ન થઈ શકે. ૩. સમ્યક્ત્વના સારા પાયા વિના વ્રતાદિધર્મ-ઈમારત ન ટકે, કે ન ઊંચી કરાય. ૪. સમકિતરૂપી પૃથ્વી-આધાર ઉપર જ ધર્મ-જગત ઊભું રહે છે. ૫. સિંહણનું દૂધ જેમ સુવર્ણપાત્રમાં જ ટકે, તેમ વ્રત-અનુષ્ઠાન-દાનાદિ આંતરિક ધર્મ એ સમ્યગ્દર્શનરૂપી પાત્રમાં જ ટકે છે. ૬. મણિ-માણેક-મોતી જેમ ભંડારમાં સુરક્ષિત રહે છે, તેમ દાનાદિધર્મ સમકિતરૂપી તિજોરીમાં જ સુરક્ષિત રહે છે. એ પ્રમાણે વ્રતધર્મ માટે સમ્યક્ત્વ પહેલું જરૂરી છે, એ ભાવવું.

**૬. સ્થાન :** સમ્યક્ત્વને રહેવા માટે છ સ્થાન છે. તેને વિચારીને મનનાં એ સ્થાન નક્કી રાખ્યા હોય તો જ સમ્યક્ત્વ રહી શકે. (૧) આત્મા એ દેહથી ભિન્ન સ્વતંત્ર દ્રવ્ય છે. (૨) એ નિત્ય છે, સનાતન છે. કોઈએ બનાવ્યો નથી ને કયારેય પણ નાશ પામતો નથી. (૩) આત્મા કર્મનો કર્તા છે, મિથ્યાત્વાદિ કારણે કર્મ ઊપાર્જે છે. (૪) વળી એ સ્વોપાર્જિત કર્મનો ભોકતા છે, પોતાને પોતાનાં કર્મ ભોગવવાં પડે છે. (૫) આત્માનો મોક્ષ પણ થઈ શકે છે. 'સંસાર અનાદિ કાળાથી ચાલ્યો આવે છે, માટે એનો અંત અને મોક્ષ જ ન થાય,' એવું નથી. (૬) મોક્ષના સાચા ઉપાય પણ છે, - દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ.

**૮. પ્રભાવના:** જનતામાં જૈનશાસનની પ્રભાવના કરે એવી પ્રાવચનિકતા, ધર્મકથકતા વગેરે આઠ વિશેષતાઓથી સમ્યક્ત્વ નિર્મળ થાય છે, માટે એને ય અહીં ૬૭ વ્યવહારમાં ગણેલ છે. એવી વિશેષતાવાળા આઠ છે. (આ આઠના પ્રથમાક્ષર **પ્રાક્કવિ નૈવાસિત**) (૧) પ્રાવચનિક (પ્રવચન= દ્વાદશાંગી) = તે તે કાળમાં ઉપલબ્ધ સર્વ આગમોના પ્રખર અભ્યાસી; (૨) ધર્મકથા-આક્ષેપિણી, વિક્ષેપણી, સંવેગજનની અને નિર્વેદકારિણી એ ચાર ધર્મકથામાં કુશળ; (૩) કવિ=ચમત્કારિક વિશિષ્ટ ઉત્પ્રેષાદિભર્યા કાવ્ય શીઘ્ર રચી શકે તે; (૪) વિદ્યાવાન=પ્રજ્ઞપ્તિ આકાશગામિની વગેરે વિદ્યા જેને સિદ્ધ છે તે; (૫) નૈમિત્તિક=ભૂત-ભવિષ્ય જાણી શકે એવા નિમિત્ત શાસ્ત્રમાં નિષ્ણાત; (૬) વાદી= પરમતખંડન-સ્વમતસ્થાપનકારી વાદની લબ્ધિવાળા; (૭) સિદ્ધ=ચમત્કારિક પાદલેપ, અંજન ગુટિકા, વગેરેના જાણકાર; અને (૮) તપસ્વી = પ્રભાવક તપસ્યાવાળો.

**૧૦ વિનય :** સમકિતી આત્મા (૧-૫) પંચ પરમેષ્ઠી, અને (૬) ચૈત્ય, (૭) શ્રુત, (૮) ધર્મ, (૯) પ્રવચન, (૧૦) દર્શન, એ દશનો વિનય કરે. (ચૈત્ય=જિનમૂર્તિ-મંદિર, શ્રુત=આગમ, ધર્મ=ક્ષમાદિ યતિધર્મ, પ્રવચન=જૈન શાસન સંઘ, દર્શન=સમકિત-સમકિતી. એ વિનય પાંચ રીતે ૧. બહુમાન પૂર્વક વિનય-ભકિત, ૨. વસ્તુ-અર્પણથી પૂજા, ૩. ગુણ-પ્રશંસા, ૪. નિંદાનો ત્યાગ, અને ૫. આશાતનાનો ત્યાગ.

આ ૬૭ પ્રકારનો વ્યવહાર પાળવાથી, સમ્યક્ત્વનો આત્મપરિણામ પ્રાપ્ત ન હોય તો પ્રાપ્ત થાય છે; અને પ્રાપ્ત હોય તો વધુને વધુ નિર્મળ બને છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમ્યગ્દર્શન (સમ્યક્ત્વ) પ્રાપ્ત કરવા માટે અને પ્રાપ્ત થયું હોય તો ટકાવવા માટે આ કરણી પણ આચરવાની છે. -

સમ્યક્ત્વની કરણી :-

પ્રતિદિન જિનદર્શન-જિનભકિત-પૂજા. પૂજામાં પોતાના ઘરના કિંમતી પૂજન-દ્રવ્યોનું અવશ્ય યથાશકિત સમર્પણ, સાધુસેવા-સુપાત્રદાન, સત્સંગ, જિનવાણીનું શ્રવણ, નમસ્કાર-મહામંત્રનું સ્મરણ, અરિહંત-સિદ્ધ-સાધુ-જિનધર્મનાં ત્રિકાળ શરણનો સ્વીકાર, પોતાના દુષ્કૃતોની આત્મનિંદા, અરિહંતાદિના સુકૃતોની અનુમોદના, તીર્થયાત્રા, સાત વ્યસન (શિકાર - જુગાર - માંસાહાર - દારૂ, ચોરી-પરસ્ત્રી- વેશ્યા) નો સર્વથા ત્યાગ, રાત્રિ-ભોજન ત્યાગ વગેરે વ્રત નિયમ, દયા, દાનાદિકની પ્રવૃત્તિ, સામાયિકાદિ ક્રિયા, તીર્થંકર પરમાત્મા વગેરે મહાપુરુષોના ચરિત્રગ્રંથો અને ઉપદેશમાળા-ધર્મસંગ્રહ - શ્રાદ્ધવિધિ - અધ્યાત્મકલ્દ્રુમ - ઉપમિતિ ભવપ્રપંચ કથા, વગેરે ગ્રંથોનું શ્રવણ-વાચન-મનન આદિ.

સમ્યગ્દર્શનના ૬૭ વ્યવહારો આ માત્ર ટૂંક પરિચય છે, બાકી ૬૭ પ્રકારના વિસ્તૃત વિચારમાં વોલ્યુમ-મહાગ્રન્થ થાય. તેથી અહીં માત્ર અલ્પ દિગ્દર્શન છતાં એટલું ધ્યાનમાં રહે કે ૬૭ વ્યવહાર પૈકી ૩ લિંગ, (તત્ત્વ શ્રવણની અથાગ રુચિ, ચારિત્રની તીવ્ર ભૂખ, અને દેવ ગુરુની વિદ્યાસાધકના જેવી વૈયાવચ્ચ); તથા ૫ લક્ષણ (શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા અને આસ્તિક્ય); તથા ૬ ઠાણ (આત્મા છે, નિત્ય છે, કર્મનો કર્તા છે, કર્મનો-ભોકતા છે, મોક્ષ છે, અને મોક્ષના ઉપાય છે); આના પર પુખ્ત ચિંતન તથા તીવ્ર તાત્ત્વિક શ્રદ્ધાન આ ૩ લિંગ, ૫ લક્ષણ, ૫ ભૂષણ, અને ષટ્સ્થાનના ચિંતનમાં ખાસ કરીને અધિકાધિક પ્રયત્ન, જોમ, અને અહોભાવ વધારતા રહેવા જેવું છે. એથી સમ્યગ્દર્શનમાં વિશુદ્ધિ કૂદકે ને ભૂસકે વધતી રહે છે. અલબત્ બાકીના શુદ્ધિ-દૂષણત્યાગ... વગેરે વ્યવહારોમાં ય અધિકાધિક વીર્યવાન પ્રયત્ન ચૂકવા જેવો નથી. વાત આ હતી કે સમ્યગ્દર્શનની આગળની અનંત વિશુદ્ધિના ઉપાયો સ્થૂલથી અજ્ઞાત્ સામાન્યથી તો શાસ્ત્ર દર્શાવી શકે, પરંતુ વિશેષરૂપે આત્મામાં આંતરિક રીતે કેવી કેવી પરિણતિઓ કેવા કેવા અધ્યવસાયો કામ કરે છે એને વૈયક્તિક રૂપે યાને વિશેષ રૂપે શબ્દમાં ઉતારી શકાય એવા નથી; તેથી એ ઉપાયો-હેતુઓ શાસ્ત્ર-મર્યાદાની બહારના કહેવાય.

એક સમ્યગ્દર્શનમાં જો આમ, તો પછી ઉપરના અનંતગુણ અનંતગુણ વિશુદ્ધિભર્યા અસંખ્ય અધ્યવસાય સ્થાનકોને વિશુદ્ધિવાર વિશેષરૂપે શાસ્ત્ર શી રીતે વર્ણવી શકે ? ત્યારે વળી વીતરાગ સર્વજ્ઞ બન્યા પછી અંતે શુક્લ-ધ્યાન અને કેવળજ્ઞાનના બળે કરાતા યોગનિરોધના તો આંતરિક સ્વરૂપ વિશેષરૂપે શાસ્ત્ર કયાંથી જ વર્ણવી શકે ? હવે જો શાસ્ત્રથી જ મોક્ષ પર્યન્તના બધા જ ઉપાયો વિશેષરૂપે જાણી શકાતા હોય તો તો તેથી જ સંપૂર્ણ ઉપાયોનો બોધ થતાં તરત જ સર્વજ્ઞતા અને મોક્ષ સિદ્ધ થઇ જાય ! કેમકે મોક્ષનો છેલ્લો ઉપાય અયોગિ કેવલીપણું, એ શાસ્ત્રથી જ સમજાઇ જતાં અમલી બને ! અને તરત મોક્ષ થવામાં વિલંબ ન લાગે !

અહીં કદાચ પ્રશ્ન થાય કે, 'એમ થઇ જાઓ એમાં અમને શો વાંધો છે?' તો એના ઉત્તરમાં ૮ મી ગાથામાં કહે છે, -

**न चैतदेवं यत् तस्मात्प्रातिभज्ञानसंगतः ।**
**सामर्थ्ययोगोऽवाच्योऽस्ति**
**सर्वज्ञत्वादिसाधनम् ॥८॥**

અર્થાત્ પૂર્વે કહ્યું તેમ શાસ્ત્રથી જ અયોગિ કેવળીપણું જણાતું હોય તો ય, એથી પણ સિદ્ધપદ પ્રાપ્ત થતું નથી. જે કારણથી એ હકીકત છે તેથી પ્રાતિભજ્ઞાનયુકત સામર્થ્યયોગ જે સર્વજ્ઞત્વ-સવર્જ્ઞપણું આગળ જઇને અયોગિ કેવળીપણું સાધી આપવાની તાકાત ધરાવે છે, એ શબ્દથી અવર્ણનીય છે. એ તાકાત કોઇનીય હોય, તો તે સામર્થ્ય-યોગની છે. પૂછો,-

પ્ર૦- તો શું ઇચ્છાયોગ અને શાસ્ત્રયોગ નકામા છે?

ઉ૦ - ના, નકામા નહિ. એ સામર્થ્યયોગે પહોંચાડવા માટે ઉપયોગી છે. મહિનાઓ, વર્ષો કે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જન્મોનાં જન્મો અધિકાધિક પ્રબળ ઇચ્છાયોગની સાધના કરી હોય, ત્યારે શાસ્ત્રયોગ સાધવાની તાકાત ઊભી થાય છે. એ પણ શાસ્ત્રયોગ સારો આરાધવામાં આવે ત્યારે સામર્થ્યયોગ માટેની વિશિષ્ટ શકિત ઊભી થાય છે; પરંતુ એટલું ખરું કે ઇચ્છાયોગ અને શાસ્ત્રયોગથી સીધું કેવળજ્ઞાન ન મળે; વચમાં સામર્થ્યયોગ પ્રગટ કરવો પડે, અને આ સામર્થ્ય-યોગની આ તાકાત છે કે, વિના વિલંબે અંતર્મુહુર્તમાં કેવળજ્ઞાન સર્વજ્ઞતા પ્રગટ કરી આપે !

એટલું ધ્યાન રાખવાનું છે કે આ સામર્થ્યયોગ એ કંઇ સંયમયોગ, અહિંસાયોગ, તપોયોગ, વગેરેની જેમ કોઇ જુદો યોગ નથી, પરંતુ એ સંયમયોગ વગેરે ધર્મયોગો-ધર્મસાધનાઓની જ ઊંચી કક્ષા એ જ સામર્થ્યયોગ છે. કહો, સર્વોચ્ચ કક્ષાના ધર્મવ્યાપાર એ જ સામર્થ્યયોગ છે. જેમ ઇચ્છાપ્રધાન ધર્મયોગ એ 'ઇચ્છાયોગ', અને શાસ્ત્રપ્રધાન યોગ એ 'શાસ્ત્રયોગ છે. જેમ ઇચ્છાપ્રધાન ધર્મયોગ એ 'ઇચ્છાયોગ', અને શાસ્ત્રપ્રધાન યોગ એ 'શાસ્ત્રયોગ,' એમ વિશિષ્ટ સામર્થ્યપ્રધાન ધર્મયોગ એ 'સામર્થ્યયોગ'.

આ સામર્થ્યયોગની કક્ષાના ધર્મયોગમાં અંતરાત્મામાં કેવી કેવી પ્રક્રિયા થાય છે એનું નિર્વચન ન થઇ શકે, માટે એ અનિર્વિચનીય છે, શબ્દ દ્વારા અવાચ્ય છે. એ તો માત્ર સ્વસંવેદનગમ્ય અને કેવળજ્ઞાનગમ્ય આંતરિક શકિતની ઉત્કટતાવાળો ધર્મયોગ છે, જે સાધે એ પોતે જ સંવેદી શકે કે કેવી પ્રક્રિયા એમાં ચાલી રહી હોય છે. અહીં પ્રશ્ન થાય,

પ્ર૦ - સામર્થ્યયોગ માંડે ત્યારે કોઇ વિશિષ્ટ જ્ઞાન થાય ?

ઉ૦- હા, ગ્રંથકાર મહર્ષિ કહે છે કે, સામર્થ્યયોગ વખતે એક 'પ્રાતિભ' નામનું જ્ઞાન પ્રગટ થાય છે.

પ્રાતિભજ્ઞાન એ માર્ગાનુસારી વિશિષ્ટ ઊહા સ્વરૂપ જ્ઞાન છે. માર્ગાનુસારી એટલે કે સામર્થ્યયોગથી હવે જે સર્વજ્ઞત્વના માર્ગે પ્રયાણ થઇ રહ્યું છે ને અંતર્મુહૂર્તમાં જ્યાં સર્વજ્ઞતા-કેવળજ્ઞાન પ્રગટ થઇ જવાનું છે, તેને અનકૂળજ્ઞાન એ વિશિષ્ટ ઊહારૂપ જ્ઞાન છે, વિશિષ્ટ સ્ફુરણ રૂપ જ્ઞાન છે. આના અંગે એક સમસ્યા ઊભી થાય છે કે -

## પ્રાતિભજ્ઞાન અંગે સમસ્યા :-

'આ પ્રાતિભજ્ઞાનનો સમાવેશ મતિજ્ઞાનાદિ પાંચ જ્ઞાનમાંથી કયા જ્ઞાનમાં સમાવેશ થાય ?'

ઉપલક રીતે જોતાં તો એ શાસ્ત્રયોગથી આગળનું જ્ઞાન હોઇ શ્રુતજ્ઞાનમાં જ સમાવેશ માનવો પડે, નહિતર જો એને એમ સ્વતંત્ર જ્ઞાન માનવામાં આવે, તો તો મતિજ્ઞાનાદિ પાંચ જ્ઞાન ઉપર છઠ્ઠું જ્ઞાન હોવાનો પ્રસંગ ઊભો થાય ! જૈન મતે જ્ઞાન તો પાંચ પ્રકારે જ છે. ત્યારે આને કેવળજ્ઞાન સ્વરૂપ તો મનાય નહિ, કેમકે કેવળજ્ઞાન તો સામર્થ્યયોગનું કાર્ય હોઇ સામર્થ્યયોગરૂપી કારણના ઉત્તરકાળમાં થનારું હોય છે, અને આ પ્રાતિભ-જ્ઞાન તો સામર્થ્યયોગની હારોહાર પ્રગટ થનારું હોય છે. અંતતો ગત્વા શ્રુતજ્ઞાનરૂપ કહેવા જતાં એ શાસ્ત્રથી ઉત્પન્ન થનારું માનવું પડે; અને એમ માનવા જતાં પૂર્વે જે નિષેધ કર્યો કે 'સિદ્ધપદની પ્રાપ્તિના હેતુઓ વિશેષરૂપે શાસ્ત્રથી જ નથી જણાતા' એ ન રહ્યું; પ્રાતિભજ્ઞાનરૂપ કૈવલ્ય-હેતુ શાસ્ત્રથી જ જણાઇ ગયો ! આમ સમસ્યા ઊભી થઇ કે પ્રાતિભજ્ઞાનનો સમાવેશ શ્રુતજ્ઞાનમાં કરવો કે કયાં કરવો ?

## આનું સમાધાન આ છે કે -

પ્રાતિભજ્ઞાન એ શ્રુતજ્ઞાનરૂપ નથી, કે કેવળજ્ઞાનરૂપ પણ નથી, તેમજ છઠ્ઠું જ્ઞાન પણ નથી, કિન્તુ પ્રભાતના અરુણોદય જેવું જ્ઞાન છે. અરુણોદય થાય એ સમયને રાત્રિ તથા દિવસથી જુદો ભાગ કહેવાય નહિ, તેમજ રાત કે દિવસ બેમાંથી એકરૂપ પણ કહી શકાતો નથી. અરુણોદય થયો એટલે પો ફાટયો. એ વખતે માણસને જગાડવો હોય તો જગાડનાર કહે છે, 'ઊઠ ભાઇ ! ઊઠ, રાત પૂરી થઇ, અજવાળા નીકળ્યા'. આ હિસાબે અરુણોદયને રાત્રિ રૂપ કહેવાય નહિ. તેમ દિવસ પણ ન કહેવાય કેમકે દિવસ એ અહીં સૂર્યના ઉદય પછીની સૂર્ય-અસ્તિત્વની સ્થિતિ છે. ત્યારે અરુણોદય એ સૂર્ય ઊગ્યા પહેલાની સ્થિતિ છે. આમ અરુણોદયન દિવસ-રાતથી ઉભયથી જુદી સ્વતંત્ર સ્થિતિ નહિ, તેમ એ ન રાત, ન દિવસ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ ન રાત, ન દિવસ, કિન્તુ હકીકતે દિવસ-રાત વચ્ચેની એક સ્થિતિ છે.

બસ, એ જ સ્થિતિ પ્રાતિભજ્ઞાનની છે. એ કોઇ પાંચ જ્ઞાન ઉપરાંત જુદું સ્વતંત્ર જ્ઞાન નથી, કે નથી એ શ્રુતજ્ઞાનરૂપ યા કેવળજ્ઞાન રૂપ, એનું કારણ એ છે કે, પ્રાતિભજ્ઞાનનો શ્રુતજ્ઞાન તરીકે વ્યવહાર થતો નથી, અને કર્મના ક્ષયોપશમમાંથી જન્ય હોવાથી તેમજ સર્વદ્રવ્યસર્વપર્યાયને એ અવગાહતું નહિ હોવાથી કર્મક્ષય જન્ય કેવળજ્ઞાન રૂપ પણ એને મનાય નહિ. કેવળજ્ઞાન તો સમસ્ત જ્ઞાનાવરણના ક્ષયથી જન્ય છે, તે ત્રિકાલના સમસ્ત દ્રવ્ય-સમસ્ત પર્યાયોને અવગાહનારું હોય છે. આમ પ્રાતિભજ્ઞાન એ ક્ષાયોપશમિક ભાવ હોઇ એનો ક્ષાયિક ભાવરૂપ કેવળજ્ઞાન તરીકે વ્યવહાર થાય નહિ.

ત્યારે પ્રાતિભજ્ઞાન છે શું ?

ગ્રંથકાર કહે છે, 'તત્કાલ એવો ઉત્કૃષ્ટ ક્ષયોપશમ.'

અર્થાત્ સામર્થ્યયોગ ઉત્પન્ન કરનાર આંતરિક ભાવની શકિતની ઉત્કટતાથી કર્મનો ઉત્કૃષ્ટ ક્ષયોપશમ થાય છે એના પ્રતાપે સૂર્યોદય પૂર્વે થતા અરુણોદયના પ્રકાશ જેવો કેવળજ્ઞાનની પૂર્વે થતો જ્ઞાન-પ્રકાશ છે; અને એવો પ્રકાશ ઇષ્ટ પણ છે. ઇતરોએ પણ **'તારક નિરીક્ષણ'** વગેરે શબ્દથી એને ઓળખાવ્યો છે. ગાઢ અંધકારમાંથી બહાર નીકળતી વખતે પહેલાં અલ્પ પ્રકાશ દેખાડાય, પછી મહાપ્રકાશમાં લવાય; એની જેમ કેવળજ્ઞાનના અનંત પ્રકાશ પૂર્વનું, સૂર્યપ્રકાશ પૂર્વની ઉષાના પ્રકાશ જેવું, પ્રાતિભ-જ્ઞાન પ્રગટ થાય છે. એ સામર્થ્ય-યોગની સાથે પ્રગટ થાય છે.

## પ્રાતિભજ્ઞાનની ત્રણ રીતે સિદ્ધિ :-

(૧) સારાંશ, જેમ સૂર્યનો મહા પ્રકાશ પ્રગટવાનો હોય ત્યારે પહેલાં ઉષા પ્રગટી ઊઠે છે, એમ કેવળજ્ઞાનનો અનંત પ્રકાશ પ્રગટી ઊઠવાનો હોય, ત્યારે પહેલાં ઉષા જેવું પ્રાતિભજ્ઞાન પ્રગટ થાય એ સહજ છે, ઇષ્ટ છે, અને એમ માનવામાં કોઇ દોષ નથી.

(૨) બીજી રીતે જોઇએ તો જયારે ઇચ્છાયોગનો ધર્મયોગ જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષયોપશમ પેદા કરી સમ્યગ્જ્ઞાનને પ્રગટ કરે છે, તો પછી સામર્થ્યયોગનો પ્રબળ ધર્મયોગ અને એને પેદા કરનાર અતિશય એ ઊંચી આત્મવિશુદ્ધિ સહિત પ્રબળ હોઇ શું જ્ઞાનાવરણીય આદિ કર્મોનો અત્યંત પ્રબળ ક્ષમોપશમ ન કરે ? કરે જ, ને એથી કેવળજ્ઞાનની ઉષા જેવું પ્રાતિભજ્ઞાન પ્રગટ થાય એ સહજ છે.

(૩) ત્યારે, એ પણ વિચારવા જેવું છે કે સામર્થ્યયોગ પ્રગટ થાય પછી નજીકમાં જ વીતરાગતા-સર્વજ્ઞતા પ્રગટ થવાની છે, અને એ મોહનીય તથા જ્ઞાનાવરણીય આદિ ચાર ઘાતી કર્મોના સર્વથા ક્ષય થવાથી પ્રગટ થાય છે. તો એ ક્ષય થવા પૂર્વે કેવળજ્ઞાનાવરણ -કેવળ દર્શનાવરણ અને નિદ્રા-કર્મ સિવાય એ ઘાતી કર્મોનો ક્ષયોપશમ ઉત્કૃષ્ટ કોટિએ પહોંચ્યો હોય, એ સહજ છે; અને એવા ઉત્કૃષ્ટ ક્ષયોપશમથી જનિત પ્રબળ જ્ઞાનાવરણ-દર્શનાવરણ-ક્ષયોપશમે કેવળજ્ઞાનની ઉષા જેવું પ્રાતિભજ્ઞાન પ્રગટ થાય એમાં નવાઇ નથી.

આવા પ્રાતિભજ્ઞાનસહિત પ્રગટનાર સામર્થ્યયોગ એટલે કે સામર્થ્યપ્રધાન ધર્મયોગ-ધર્મવ્યાપાર, એના હેતુઓ-કારણો વિશેષરૂપે શાસ્ત્રોથી નથી જાણી શકાતા. એ તો એના યોગીને સ્વસંવેદન-સ્વાનુભવ-સિદ્ધ છે. માત્ર સ્વાનુભવ-સિદ્ધ હોય એમને કદાચ પૂછો તો યે પોતે પણ શબ્દથી વર્ણવી ન શકે. જંગલનો ભીલ શહેરમાં જઇ જીવનમાં પહેલી જ વાર મિઠાઇઓ ખાઇ આવ્યો હોય, એને પછી જંગલમાં એના સગાઓ પૂછે કે 'એનો સ્વાદ કેવો મીઠો હતો ?' તો એ શું કહે ? એ વિશેષરૂપે વર્ણવી શકતો નથી. એ તો એટલું જ કહે કે 'બહુ મીઠો સ્વાદ!' બસ, એ પ્રમાણે સામર્થ્યયોગ ને એના કારણભૂત અધ્યવસાયો કેવા ? એ શાસ્ત્ર શબ્દથી વર્ણવી શકતું નથી.

આવો સામર્થ્યયોગનો ધર્મવ્યાપાર ક્ષપકશ્રેણિમાં કામ કરી રહ્યો હોય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ક્ષપકશ્રેણિ એટલે ? :-

સામર્થ્યયોગમાં ઉત્કૃષ્ટ ધર્મધ્યાનની ઉપર શુકલધ્યાન આવે છે. એ એક એવો જબરદસ્ત દાવાનલ સમાન છે, કે એમાં ઘાતીકર્મરૂપી લાકડાં બળીને ભસ્મીભૂત થઇ જાય છે! એમાં પહેલાં મોહનીય કર્મોનો ક્રમશઃ ક્ષય થતો આવે છે. આ ક્ષયની પ્રક્રિયાને ક્ષપણા કહે છે. આ પ્રક્રિયામાં ઉત્તરોત્તર થતો ક્ષય એ સોપાન પગથીયા છે, અને એ સોપાનોની એક શ્રેણિ યાને નિસરણી બને છે. એટલે ક્ષપણાની આખી પ્રક્રિયા 'ક્ષપકશ્રેણિ' કહેવાય છે એમાં જે સર્વોચ્ચ ધ્યાનનો ધર્મવ્યાપાર કામ કરી રહ્યો છે એ સામર્થ્યયોગ છે- સામર્થ્યપ્રધાન ધર્મયોગ છે.

આ સામર્થ્યયોગ પહેલું તો ક્ષપકશ્રેણિ દ્વારા મોહનીય કર્મને સંપૂર્ણ ક્ષીણ બનાવીને અર્થાત્ આત્માને ક્ષીણમોહ બનાવીને જ જંપે છે, અને પછી તરતમાં જ અલ્પકાળમાં બાકીના જ્ઞાનાવરણીયાદિ ત્રણ ઘાતીકર્મોનો સર્વથા સંપૂર્ણ ક્ષય કરીને વિરમે છે; જયારે આયુષ્યકર્મ અતિ અલ્પ બાકી હોય ત્યારે દ્વિતીય સામર્થ્યયોગ યોગનિરોધ અને શૈલેશીકરણની પ્રક્રિયા કરે છે, જેથી અયોગિ કેવલિત્વરૂપ મોક્ષનો અંતિમ ઉપાય અસ્તિત્વમાં આવે છે, અને એમાં સમસ્ત ચારે ય અઘાતી કર્મોનો ક્ષય માત્ર પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચારણ જેટલા કાળમાં જ બની આવી સર્વકર્મ ક્ષયરૂપ મોક્ષપદ પ્રાપ્ત થાય છે. તેથી કહ્યું કે સામર્થ્યયોગ સર્વજ્ઞત્વાદિનું આદિ પદથી અયોગિ કેવલિત્વનું સાધન છે. અમોઘ અને અનન્ય ઉપાય છે.

## ધર્મસંન્યાસ-યોગસંન્યાસ

હવે અહી સામર્થ્યયોગના એ બે પ્રકારોના નામે ૯ મી ગાથા કહે છે, -

**"द्विधायं धर्मसंन्यास-योगसंन्याससंज्ञितः ।**

**क्षायोपशमिका धर्मा, योगाः कायादि कर्म तु ॥९॥**

અર્થાત્ સામર્થ્યયોગ બે પ્રકારે છે; -

(૧) ધર્મસંન્યાસ નામનો, અને

(૨) યોગસંન્યાસ નામનો.

ગાથામાં 'સંજ્ઞિતઃ' પદ છે. એનો અર્થ સંજ્ઞાવાળો. 'સંજ્ઞા' એટલે જે વસ્તુ જેનાથી સમ્યક્ રૂપે જ્ઞાત થાય, જણાય, ઓળખાય તે. એ શું છે ? તો કે વસ્તુનું નામ. એ નામ કોઇ બોલે એટલે એ સાંભળીને શ્રોતાને એ નામની વસ્તુનો સાચો બોધ થાય છે, વસ્તુનું સાચું જ્ઞાન થાય છે. દા.ત. બાપનું નામ કોઇ બોલે તો એ સાંભળીને પુત્રને પોતાના બાપનો ખ્યાલ આવે છે. માટે બાપનું નામ એ બાપની સંજ્ઞા કહેવાય.

પ્રસ્તુતમાં સામર્થ્યયોગના બે પ્રકારના નામ કહીને એનાથી ધર્મ-સન્યાસ નામનો સામર્થ્યયોગ અને યોગ સંન્યાસ નામનો સામર્થ્યયોગ-એમ બે પ્રકારે સામર્થ્યયોગ બતાવ્યો.

અહીં ધ્યાનમાં રહે કે જેમ પૂર્વના ઇચ્છાયોગ-શાસ્ત્રયોગ એ ઇચ્છાપ્રધાન ધર્મયોગ અને શાસ્ત્રપ્રધાન ધર્મયોગ છે, એમ સામર્થ્યયોગ એ પણ સામર્થ્ય પ્રધાન ધર્મયોગ જ છે, કિન્તુ એ બેથી ઉપરની કક્ષાનો ધર્મયોગ. તેથી સામર્થ્ય-યોગની કક્ષાના ધર્મયોગ યાને ધર્મપ્રવૃત્તિનાં જ આ બે સ્વરૂપ થયાં, (૧) ધર્મસંન્યાસ અને (૨) યોગસંન્યાસ. તાત્પર્ય, ધર્મસંન્યાસ એ એક ઉચ્ચ કોટિનો ધર્મયોગ છે, અને યોગસંન્યાસ એ વળી એની ઉપરનો ઉચ્ચકોટિનો ધર્મયોગ છે.

અહીં 'સંન્યાસ' શબ્દનો અર્થ 'ત્યાગ' થાય છે. માટે તો સંસારનો ત્યાગ કરી જનારને સંન્યાસી કહેવાય છે. એ સાંસારિક ધર્મોનો ત્યાગ કરે છે, ત્યારે અહીં ધર્મ-સંન્યાસમાં ધર્મ તરીકે ક્ષાયોપશમિક ધર્મો લેવાના છે, જેવા કે ક્ષમા આદિ અને યોગ-સંન્યાસમાં યોગ તરીકે કાયોત્સર્ગકરણ આદિ કાયાદિની ક્રિયા લેવાની છે. એ ધર્મ અને યોગનો ત્યાગ કરવાનો છે. એટલે કે સામર્થ્યયોગ બે પ્રકારે, ૧. ક્ષાયોપશમિક ધર્મોનો ત્યાગ, તથા ૨. કાયાદિ યોગોનો ત્યાગ.

અહીં એક પ્રશ્ન થાય, -

પ્ર૦ - શું ધર્મયોગ યાને ધર્મનો યોગ એ ધર્મ ? કે ધર્મનો ત્યાગ એ ધર્મ ? ધર્મ સંન્યાસનો અર્થ તો ધર્મનો ત્યાગ થાય, એ ધર્મ કેમ બને ?

ઉ૦- અહીં 'ધર્મયોગ' પદમાં 'ધર્મ' શબ્દનો અર્થ સમજી રાખવા જેવો છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ધર્મ એ આભ્યન્તર રીતે ચિત્તની શુભ પરિણતિરૂપ છે, અને બાહ્ય રીતે શુભ પ્રવૃત્તિમય છે.**

દા.ત. વીતરાગ પ્રભુનાં દર્શન-પૂજનની પ્રવૃત્તિ એ બાહ્ય ધર્મ છે, અને પ્રભુ પર ચિત્તમાં ભક્તિભાવની પરિણતિ એ આભ્યન્તર ધર્મ છે. એ પરિણતિ કર્મના ક્ષયોપશમથી થતી ક્ષાયોપશમિકરૂપ, ને ક્ષયથી થતી ક્ષાયિકરૂપ હોય. આ હિસાબે અહીં ધર્મસંન્યાસમાં 'ધર્મ' શબ્દથી અહીં આગળ બતાવે છે તે 'ક્ષાયોપશમિક પરિણતિરૂપ ધર્મ' લેવાના છે. એનો સંન્યાસ અર્થાત્ ત્યાગ કરીને ક્ષાયિક પરિણતિરૂપ ધર્મમાં જવાનું છે. એટલે આ ધર્મનો ત્યાગ એ તો મોટો ધર્મ બને છે; કેમકે એ ધર્મસંન્યાસ એવો મહાન ચિત્તપરિણામ-આત્મપરિણામ છે, કે જે હવે ક્ષાયિક આત્મપરિણામરૂપ બનવાનો છે, ક્ષાયિક કેવળ જ્ઞાન, ક્ષાયિક વીર્ય આદિરૂપે પ્રગટ થવાનો છે.

અહીં 'ધર્મ અને યોગ' શબ્દથી શું લેવાનું તે બતાવતાં કહે છે ''ક્ષાયોપશમિકા ધર્મા; યોગાઃ કાયાદિ કર્મ તુ'' આમાં ''ક્ષાયોપશમિક' એટલે ક્ષયોપશમથી નિષ્પન્ન. એમાં 'ક્ષયોપશમ' એટલે શું એ જોઇએ.

ક્ષાયોપશમિક ધર્મો એટલે કર્મના ક્ષયોપશમથી નીપજનારા આત્મધર્મો-આત્મગુણો. દા.ત. મતિજ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી મતિજ્ઞાન ઉત્પન્ન થાય. મતિજ્ઞાન એટલે ઇન્દ્રિયો અને મનથી થતું જ્ઞાન; દા.ત. આંખોથી ઘટ પ્રત્યક્ષ; રૂપ પ્રત્યક્ષ, જીભથી રસ પ્રત્યક્ષ; મનથી સ્મરણ,ભાવી ચિંતન વગેરે.

# 'ક્ષયોપશમ'નું સ્વરૂપ

## ''ક્ષયોપશમ'' એટલે શું ?

ક્ષયોપશમનો શબ્દાર્થ એ થાય કે 'ક્ષય અને ઉપશમ, અર્થાત્ ઉદયમાં પ્રાપ્ત કર્મનો ભોગવીને ક્ષય અને ઉદયમાં નહિ પ્રાપ્ત આત્મસત્તાગત કર્મનો ઉપશમ એટલે કે કર્મ એનો વિપાક ન દેખાડે એવી સ્થિતિમાં મૂકવા,' - આ શબ્દાર્થ થયો. પરંતુ, -

આ ક્ષયોપશમમાં વસ્તુ-સ્થિતિ શી બને છે તે જોઇએ તો જણાય છે કે જે કર્મનો ક્ષયોપશમ થાય છે એમાં, આમ તો એ કર્મ બંધાતી વખતે જે એના દલિક સમૂહમાંનાં તે તે દળિયાંની તે તે સમયે ક્રમશઃ ભોગવવા યોગ્ય રચના યાને 'નિષેક' થાય છે, એ દળિયાં પછીથી સમય પાકયે ક્રમશઃ ઉદયમાં આવતા જવાના, અને એનો રસવિપાક ભોગવાતો જવાનો. ક્ષયોપશમથી આ એના રસમાં એવો હ્રાસ કરી એને મંદ બનાવી દેવાય છે કે પછી એ મંદ રસ ઉદયમાં છતાં પોતાનો પ્રભાવ નથી દેખાડી શકતો.

દા.ત. શાસ્ત્ર ભણીને, એ શાસ્ત્રજ્ઞાનને રોકનારા જે શ્રુતજ્ઞાનાવરણીય કર્મ હતાં, તેનો ક્ષયોપશમ કરાય છે, અર્થાત્ એના રસમાં ઘટડો કરાય છે, ત્યારે, ન ભણ્યા ત્યાં સુધી એ કર્મનો રસ એવો જોરદાર હતો કે એ ભોગવાય ત્યારે આત્માને એ જ્ઞાન ન થવા દે. પરંતુ હવે ભણ્યા એટલે એના રસમાં મંદતા કરી, તેથી બાકી રહેલ મંદ રસ ભોગવતાં કરી, તેથી બાકી રહેલ મંદ રસ ભોગવાતા છતાં એ શાસ્ત્રજ્ઞાનને અટકાવી શકે નહિ, ને શાસ્ત્ર-બોધ પ્રગટ થાય.

અસલમાં જ્ઞાન (બોધ) એ આત્માનો સ્વભાવગત ગુણ અંદરમાં બેઠો જ છે, પરંતુ આત્માને ચોંટેલા કર્મ-દળિયાં તે તે સમયે ઉદયમાં આવતાં, એનો તીવ્ર રસ અનુભવાઇને તે તે શાસ્ત્રબોધને અટકાવે છે. ત્યારે ક્ષયોપશમથી એના રસને મંદ કરી દેવાય એટલે હવે એ દુબળા રસવાળાં કર્મ અલબત્ નિષેકના હિસાબે ઉદયમાં તો આવે, પણ એ જ્ઞાનગુણને અટકાવી ન શકે.

દા. ત. દીવાની આડે પારદર્શક કાગળનો થપ્પો ઊભો હોય તો દીવાનો પ્રકાશ બહાર ન આવે પરંતુ થપ્પામાંથી ૨-૪ કાગળ રાખીને બાકીના બધા કાગળ કાઢી નાખે તો હવે આડે, ૨-૪ કાગળ હોવા છતાં એ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકાશને ન રોકી શકે. એમ અહીં કર્મ મંદ રસવાળા બની જવાથી ઉદયમાં આવવા છતાં જ્ઞાનગુણ ન અટકાવી શકે.

## જ્ઞાનાવરણમાં ક્ષયોપશમ:

કર્મોના આ ઉગ્ર રસને સર્વઘાતી રસ કહેવાય છે. એ આત્માના તે તે જ્ઞાન દર્શન વગેરે ગુણનો સર્વથા ઘાત કરે છે. અલબત્ અહીં 'સર્વથા' એટલે સર્વાંશે નહિ, નહિતર તો આત્મા તદ્દન અચેતન યાને જડ જ થઇ જાય. પણ સર્વકાળે ભલે એકેન્દ્રિય નિગોદની (અનંત વનસ્પતિકાયિક) અવસ્થામાં, આત્માનો અતિ સૂક્ષ્મ જ્ઞાનાંશ ખુલ્લો રહે છે, કદી આવરાતો નથી. તેથી જ જીવનું ચૈતન્ય સદા કાયમ રહે છે. પરંતુ એ નિગોદ અવસ્થામાં અતિ અતિ સૂક્ષ્મ હોઇ કશા વ્યકત બોધરૂપ હોતું નથી; તેથી કહેવાય કે એ જીવના સર્વઘાતી કર્મના રસે બોધને સર્વથા અટકાવી દીધો. વાસ્તવમાં અતિ મંદ બોધ ઊભો જ છે.

હવે વ્યકત બોધ-શકિતવાળા જીવોને જેટલા પ્રમાણમાં તીવ્ર રસવાળા મતિજ્ઞાનાવરણ-શ્રુત -જ્ઞાનાવરણ કર્મ ઉદયમાં હોય તેટલું એનું મતિજ્ઞાન શ્રુતજ્ઞાન આવરાયેલું રહે. એમાં મતિજ્ઞાનને અનુલક્ષીને દા.ત. સાજી સારી ચક્ષુઇન્દ્રિય કોઇ મકાન પર લગાડી અને મનનું લક્ષ એમાં છે, તો ત્યાં તેટલા મતિજ્ઞાનાવરણ કર્મનો રસમાં હ્રાસ થાય; એટલે બાકી મંદ રસવાળા તે મતિજ્ઞાનાવરણ કર્મ ઉદયમાં આવવા છતાં તે મકાનના જ્ઞાનને આવરી ન શકે, અને જીવને 'આ મકાન છે' એવો મતિજ્ઞાનરૂપ બોધ થાય.

એમ કોઇ શાસ્ત્રની ગાથા ગોખી તો ત્યાં એના બોધને અટકાવનાર શ્રુતજ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ થાય, અર્થાત્ એ કર્મના ઉગ્રરસ મંદ પડી જાય, એટલે એ મંદ રસવાળા કર્મનો ઉદય તો ગાથાના બોધને આવરી - અટકાવી ન શકે, એટલે તે ગાથાનો બોધ થાય.

એમ મોહનીય કર્મમાં દા.ત. ક્રોધમોહનીય કર્મ ઉદયમાં આવી આત્મામાં ક્રોધનો ભાવ જગાવતું હતું, તેનો સારી ભાવનાથી ક્ષયોપક્ષમ કરી દીધો, તો એમાં રસનો હ્રાસ થયો એટલે એ હવે ઉદયમાં આવી તેવો ક્રોધનો ભાવ ન જગાડી શકે; એટલે આત્માનો ક્ષમાગુણ પ્રગટ થાય, આત્મામાં ક્રોધને બદલે ક્ષમા પ્રગટ રહે, - આનું નામ ક્ષાયોપશમિક ક્ષમા.

આમ તે તે કર્મ-દલિક ઉદયમાં આવતાં ભોગવાઇને ક્ષય તો પામે જ છે, અર્થાત્ આત્મા પરથી છૂટા પડી જાય છે, પરંતુ મંદ રસવાળા બની ભોગવાઇને ક્ષય પામે, માટે એનો પ્રભાવ પડતો નથી, એ આત્માનો ગુણ આવરી શકતા નથી. આ ઉદય પ્રાપ્તની વાત થઇ. ત્યારે, સત્તાગત (સિલિકમાં રહેલા) કર્મના રસ તેવા તેવા પ્રયત્નથી તીવ્ર રસથી ઉદયમાં ન આવે, અને ઉદયમાં આવે તે મંદ રસવાળા કરાય છે, એ ઉપશમ થયો કહેવાય. માટે અહીં ક્ષય અને ઉપશમ અર્થાત્ ક્ષયોપશમ પ્રવર્તે છે, એમ કહેવાય.

સારાંશ, ક્ષયોપશમનું ફળ આ આવે છે કે તે તે કર્મના રસ મંદ થઇને ઉદયમાં આવે છે, ને તે ગુણનો સર્વથા ઘાત નથી કરતા; ગુણ અંશે પ્રગટ થાય છે. બીજા શબ્દમાં કહીએ તો ક્ષયોપશમમાં સર્વઘાતી રસને દેશઘાતી બનાવી દેવામાં આવે છે, તેથી ગુણનો સર્વથા ઘાત નહિ, પણ દેશથી અર્થાત્ અંશે ઘાત થાય, અને દેશથી ગુણ પ્રગટ થાય.

## દર્શન મોહનીયમાં ક્ષયોપશમ :-

પરંતુ ક્ષયોપશમમાં અમુક કર્મમાં એક બીજી પણ પ્રક્રિયા થાય છે. દા.ત. સારી ભાવનાથી મિથ્યાત્વ-મોહનીય કર્મનો ક્ષયોપશમ કર્યો, તો ત્યાં એવી પરિસ્થિતિ બને છે કે મિથ્યાત્વ મોહનીય કર્મના ત્રણ વિભાગ પડી જાય છે. એક શુદ્ધ કર્મ જથ્થો તે સમ્યકૃત્વ-મોહનીય; બીજો અર્ધશુદ્ધ જથ્થો તે મિશ્ર મોહનીય; અને ત્રીજો તદ્દન અશુદ્ધ, તે મિથ્યાત્વ મોહનીય કર્મ. એમાં ક્ષયોપશમ આવા પ્રકારનો છે, કે સમ્યકૃત્વ મોહનીય કર્મ તો ઉદયમાં આવે એટલે એ શુદ્ધ કરેલાં દળિયાં હોવાથી આત્માના સમ્યકૃત્વ ગુણનો ઘાત ન કરે, પણ એ ગુણને પ્રગટ કરે છે. પરંતુ એ જ વખતે મિથ્યાત્વ મોહનીય કર્મ એને મિશ્ર-મોહનીય કર્મ પોતાના નિષેકના હિસાબે સમય પાકયે ઉદયમાં તો આવે જ, કિન્તુ એના પાક સમયના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વ સમયે એ સમ્યક્ત્વ મોહનીય કર્મમાં સંક્રમિત થઇને ઉદયમાં આવે છે, તેથી હવે એનો પોતાનો રસ, શુદ્ધ દળિયામાં ભળી જવાથી, શુદ્ધ જેવો થઇને ઉદયમાં આવે છે, એટલે એણે પોતાની અસલી સ્વભાવ છોડી દીધો, તેથી મિથ્યાત્વભાવ કે મિશ્રભાવ દેખાડી ન શકે. આ એના જેવું છે કે શેરડીના રસના મોટા તાવડામાં કડવા લીમડાનું વાટકી પાણી ભેળવી દીધું, તો પછીથી એ પાણી પોતાનો મૂળ કડવો રસ બતાવી શકે નહિ.

તાત્પર્ય આ છે કે ક્ષયોપશમ એ કર્મની એવી અવસ્થા છે કે જ્યાં કર્મ પોતાના રસવિપાકથી આત્મગુણને આવરવાનું કામ કરતું હતું તે સ્થગિત થઇ જાય, અને ગુણ પ્રગટ થાય.

**ક્ષયોપશમ ચંચળ :- એના નાશનો ભય :-**

વિશુદ્ધ અધ્યવસાય (મનના પરિણામ)થી આ રીતનો ક્ષયોપશમ થાય છે, અને સામાન્યથી મનના પરિણામ ચંચળ છે; એ સૂચવે છે કે જો મનની જાગૃતિ અને શુભ ભાવનાના પ્રયત્ન ન રખાય તો અશુદ્ધ મલિન અધ્યવસાય ઊભા થઇ જતાં ક્ષયોપશમ અટકી જાય; અર્થાત્ જાગૃતિથી વિશુદ્ધ અધ્યવસાય દ્વારા તે તે કર્મના રસ જે મંદ પાડી દેવાનું થતું હતું, તે કામ હવે અટકી ગયું. એટલે તે તે કર્મ દલિકોનો મૂળ ઉગ્ર રસ ઉદયમાં આવી જવાનો, ને એ જ્ઞાન ક્ષમા આદિ ગુણને અટકાવી દેવાનો, એટલે પાછું અજ્ઞાન ક્રોધ આદિ દોષ પ્રવર્તવાના.

એટલે જ ક્ષયોપશમમાં એ ભય છે કે એને ટકાવનારા શુભ ઉપયોગમાં જો પ્રમાદ થાય, તો ઉદય સમયના અને સિલિકમાં રહેલા એ કર્મના દળિયાં કદાચ તીવ્ર રસથી વિપાકોદય પામી જાય, એ વખતે આત્માનો ગુણ આવરાઇ જાય. દા.ત. આપણે તત્ત્વાર્થ મહાશાસ્ત્રનું અધ્યયન કર્યું, તો એટલા શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો રસ મંદ પાડી ક્ષયોપશમ સાધ્યો; ને તત્ત્વાર્થના સૂત્રને પદાર્થોનો બોધગુણ પ્રગટ રહ્યો. પરંતુ જો ભણ્યા પછી તેનું પરાવર્તન અવરનવર પણ કર્યું નહિ, તો શું પરિણામ ? એ જ, કે કાળે કરીને ઉદય પામનારા શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો ઉગ્ર રસ મંદ પડવાનું અટકી જવાથી ક્ષયોપશમ નષ્ટ થઇ ગયો, અને શ્રુતજ્ઞાનાવરણના ઉગ્ર રસનો વિપાકોદય જાગ્યો. તેથી હવે તે તત્ત્વાર્થનો બોધ-ગુણ તદ્દન આવરાઇ ગયો, ઢંકાઇ ગયો. એટલે હવે તત્ત્વાર્થ કાંઇ યાદ આવે-કરે નહિ. એવું જ ક્રોધ-મોહનીય કર્મનો ઉગ્ર રસ મંદ પડી ક્ષયોપશમ થાય, તો ક્ષમાગુણ પ્રગટે. પણ ક્ષમા ટકાવવાની ભાવના ભૂલાઇ, તો પાછો જો સિલિકમાં રહેલા ક્રોધ-મોહનીયના ઉગ્ર રસનો વિપાકોદય થાય, તો ક્ષયોપશમ નષ્ટ થઇ ક્ષમા ગુણ ચાલ્યો જાય.

**ક્ષયોપશમનો ઉપાય :-**

ત્યારે અહીં કોઇ એમ પ્રશ્ન કરે કે,

પ્ર૦- આત્મામાં સત્તાગત એટલે કે સિલિકમાં દા.ત. ક્રોધ-મોહનીય હોય, તેથી તેનો કાળ પાકે એટલે વિપાકોદય તો થતો જ રહેવાનો ને ? પછી ક્ષયોપશમ શી રીતે રહી શકવાનો ?

ઉ૦- આનું સમાધાન એ છે કે આત્મા જો શુભ ઉપાયમાં યોગ્ય પુરુષાર્થ ફોરવે તો ઉદયકાળ પાકવાવાળા કર્મનો ઉદય તો થાય. પરંતુ મંદ રસોદય અર્થાત્ પ્રદેશોદય, વિપાકોદય નહિ. આનું નામ ક્ષયોપશમ. અહીં એવો સત્પુરુષાર્થ ફોરવવા તરીકેઃ- ક્ષમાશીલો સાધુ-મહારાજોનો સમાગમ, ક્રોધની નરકાદિસર્જન વગેરે ભયાનકતા વિષેનું વાંચન-શ્રવણ અને ચિંતન, સદ્ભાવનાઓ, ક્રોધના કટુ વિપાકના દૃષ્ટાંતોના અને ક્ષમાશીલ પૂર્વ પુરુષોના ક્ષમાના પરાક્રમનાં સ્મરણો, સાથે ક્ષમાની મળેલી તકનો ખ્યાલ,...ઇત્યાદિ કરવાની જરૂર છે. આવું બધું ચાલુ હોય તો ક્રોધમોહનીયનો ક્ષયોપશમ સાધવાથી ક્ષમા-સમતા-સહિષ્ણુતા વગેરે ગુણ પ્રગટ રહે. એમ માનમોહનીય કર્મનો ક્ષયોપશમ સાધવાથી નિરહંકાર, મૃદુતા, નમ્રતા ગુણ આવે.

**દ્વિવિધ ભાવો :- (ધર્મો) ઔદયિક અને ક્ષાયોપશમિકઃ-**

આ પ્રસંગે એ પણ સમજી લેવા જેવું છે,

શું ક્રોધ કે શું ક્ષમા, શું અભિમાન કે શું નમ્રતા,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શું મિથ્યાત્વ (મિથ્યારુચિ) કે શું સમ્યક્ત્વ (સમ્યગ્રુચિ), એ ભાવો જન્મે છે તો આત્મામાં જ, જડમાં નહિ, તો પછી બંનેમાં શો ફરક છે ? -

ઉ૦- છે તો એ બે પ્રકારના આત્માના જ ધર્મો યાને ભાવો; કિંતુ ક્રોધ, માન, મિથ્યાત્વ વગેરે ઔદયિક ભાવો છે, ઔદયિક ધર્મો છે, ત્યારે ક્ષમા, મૃદુતા, સમ્યક્ત્વ વગેરે છે ક્ષયોપશમિકભાવો, ક્ષાયોપશમિક ધર્મો.

**કર્મના ઉદયથી જે ગુણ, ને જે ભાવ, જે ધર્મ પ્રગટે તે ઔદયિક કહેવાય; અને**

**કર્મોના ક્ષયોપશમથી જે પ્રગટે તે ક્ષાયોપશમિક ભાવ, ક્ષાયોપશમિક ધર્મ કે ક્ષાયોપશમિક ગુણ કહેવાય.**

ક્રોધ, અભિમાન... વગેરે ભાવો-ધર્મો ક્રોધ મોહનીય કર્મ, માન મોહનીય કર્મ... વગેરે કર્મના વિપાકોદયથી જન્મે છે, માટે તે ઔદયિક ભાવ, ઔદયિક ધર્મ કહેવાય. ક્ષમા મૃદુતા... વગેરે ભાવો-ધર્મો ક્રોધમાનાદિ મોહનીય કર્મના ક્ષયોપશમથી પ્રગટે છે, તેથી તે ક્ષાયોપશમિક ભાવ, ક્ષાયોપશમિક ધર્મ કહેવાય. અજ્ઞાન અબુધપણું એ જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી હોય છે; તેથી તે ઔદયિક ધર્મ કહેવાય. જ્ઞાન એ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી પ્રગટે છે માટે તે ક્ષાયોપશમિક ધર્મ કહેવાય, આમ સામાન્ય રીતે (૧) જેટલા દુર્ગુણો છે, દા.ત. મિથ્યાત્વ, ગુસ્સો, અભિમાન, કપટ, કામ, હાસ્ય શોક, વગેરે; તેમજ (૨) ગુણનો જે ઘાત છે દા.ત. અજ્ઞાન, નિદ્રા, દુર્બલતા, અ-લાભ વગેરે, તે બધા ઔદયિક ધર્મો છે. ત્યારે, જે સદ્ગુણો છે, દા.ત. જ્ઞાન, દર્શન, સમ્યક્ત્વ, ક્ષમા, મૃદુતા,... વગેરે, તે બધા ક્ષાયોપશમિક ધર્મ છે.

**સદ્ગુણરૂપ ધર્મ બે જાતના: ક્ષાયોપશમિક અને ક્ષાયિક :-**

હવે આગળ વધીને જુઓ. પૂર્વે સમ્યક્ત્વ, ક્ષમા, મૃદુતા વગેરે ક્ષાયોપશમિક ધર્મ કહ્યા, તેમાં ભય એ છે કે જો તેના જે વિરોધી કર્મ મિથ્યાત્વ મોહનીય, ક્રોધ મોહનીય, માન મોહનીય,... વગેરે, તેનો વિપાકોદય પામે, તો એ સમ્યક્ત્વાદિ ગુણો પાછા ચાલ્યા જાય. પરંતુ જો સિલકમાં રહેલા એ મિથ્યાત્વ મોહનીયાદિ કર્મનો સર્વથા નાશ કરી નાખ્યો હોય, તો પછી કદાપિ એનો ઉદય થવાનો ભય જ ન રહે. આમ કર્મના સર્વથા ક્ષય પછી જે ગુણ પ્રગટે છે, તેને ક્ષાયિક ધર્મ કહેવાય છે. ક્ષાયિક એટલે કર્મના ક્ષય થકી નીપજતો ગુણ કે ધર્મ. એ નિપજાવવા માટે પ્રબળ પુરુષાર્થભર્યા સામર્થ્યયોગની જરૂર છે. ઇચ્છાયોગ અને શાસ્ત્રયોગથી આ ક્ષમાદિ ક્ષાયિક ધર્મો પ્રગટાવવાનું બની શકતું નથી. એ તો એકમાત્ર સામર્થ્યયોગની જ એવી તાકાત છે કે એ ઘાતીકર્મોની જડ ઊખેડી નાખે, અને ક્ષાયિક ધર્મ પ્રગટાવે.

**ક્ષાયોપશમિકમાંથી ક્ષાયિકમાં :-**

હજે જયાં ક્ષાયિક ધર્મો પ્રગટયા એટલે ક્ષાયોપશમિક ધર્મો નહિ રહેવાના. કેમકે ક્ષાયોપશમિક ધર્મો કર્મના ક્ષયોપશમની અપેક્ષા રાખતા હતા. પરંતુ હવે જયારે કર્મ જ નથી રહ્યા, તો કર્મનો ક્ષયોપશમ પણ કયાંથી રહેવાનો ? તે નહિ તો ક્ષાયોપશમાધીન ક્ષાયોપશમિક ક્ષમાદિ ધર્મ પણ નથી રહેતા. ક્ષયોપશમ વખતે ઉદયમાં કર્મનો પ્રદેશોદય, કે મંદ રસોદય હોય છે; તેમજ સિલકમાં કર્મની સત્તા હોય છે; ત્યારે ક્ષાયિક વખતે તો કર્મનો સર્વથા ક્ષય થઇ જવાથી એ બેમાંનું કશું રહેતું નથી. તેથી જ ક્ષાયોપશમિક ધર્મ પણ નથી રહેતા. આથી એ આવ્યું કે સામર્થ્યયોગના ધર્મયોગમાં ક્ષાયોપશમિક ધર્મોનો ત્યાગ કરી ક્ષાયિક ધર્મો પ્રગટાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આ ક્ષાયોપશમિક ધર્મોનો ત્યાગ એ સામર્થ્યયોગનું પહેલું સ્વરૂપ થયું, એને **'ધર્મ-સંન્યાસ'** કહેવામાં આવે છે. સંન્યાસ=ત્યાગ.

હવે **'યોગ-સંન્યાસ'** પદમાં યોગ શબ્દનો અર્થ કર્યો કાયાદિ કર્મ; અર્થાત્ કાયા વાણી અને મનની ક્રિયા, પ્રવૃત્તિ, વ્યાપાર. દા.ત. કાયોત્સર્ગની ક્રિયા. એમાં કાયાનો સ્થિરીકરણનો વ્યાપાર થાય છે, વાણીના મૌન યોગનો વ્યાપાર ચાલે છે, તેમજ મનનો ધ્યાનનો વ્યાપાર થાય છે. ત્યારે ઉપદેશમાં કાયાનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોઠ હાલવા વગેરેનો તથા વાણીનો બોલવાનો વ્યાપાર ચાલે છે. એમ વિહારમાં કાયાનો ચાલવાનો વગેરે વ્યાપાર ચાલે છે. ધર્મ-સંન્યાસ કરી ક્ષાયિક ધર્મસ્વરૂપ વીતરાગતા કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પણ કેવળજ્ઞાનીને વિહાર, આહાર ગ્રહણાદિમાં કાયયોગ, દેશના-ઉચ્ચારણમાં કાયયોગ-વચનયોગ ઊભા રહે છે. તે મોક્ષ પામવાની તૈયારીના કાળ સુધી યોગ રહે છે. હવે અહીં યોગ-સંન્યાસ થાય તેમાં સર્વથા યોગનો નિરોધ કરી આ સ્થૂલ-સૂક્ષ્મ બધાય પ્રકારના કાયા-વાણી-મનના વ્યાપાર બંધ કરી દેવાય છે.

હવે અહીં ૧૦મી ગાથામાં આ બે પ્રકારના સામર્થ્યયોગ ક્યારે થાય તે બતાવે છે.

**द्वितीयाऽपूर्वकरणे प्रथमस्तात्त्विको भवेत ।**

**आयोज्यकरणादूर्ध्वं द्वितीय इति तद्विदः ॥१०॥**

અર્થાત્ પહેલો તાત્ત્વિક 'ધર્મસંન્યાસ-સામર્થ્યયોગ' દ્વિતીય અપૂર્વ કરણમાં થાય છે, અને બીજો 'યોગસંન્યાસ-સામર્થ્યયોગ' આયોજ્ય-કરણની ઉત્તર કાળમાં થાય છે. એમ તેના જાણકાર મહર્ષિઓ કહે છે.

**વ્યાખ્યા** : અહીં ધર્મસંન્યાસને **'દ્વિતીય'** અપૂર્વકરણમાં હોવાનું કહ્યું, એથી ગ્રંથિભેદ કરનારા પહેલા અપૂર્વકરણનો નિષેધ થયો; કેમકે એ પહેલા અપૂર્વકરણમાં સામર્થ્ય-યોગ આવતો નથી. એ પ્રથમ અપૂર્વકરણની એ તાકાત નથી કે સામર્થ્યયોગ લાવી શકે.

**અપૂર્વકરણ** :- અહીં અપૂર્વકરણ શું છે એ સમજવું જોઇએ. આમાં

**'કરણ' એટલે તેવા શુભ અધ્યવસાયવિશેષ સહિત આત્મ-વીર્યોલ્લાસ.**

એમાં 'અપૂર્વ' એટલે કે પૂર્વે કદી નહિ થયેલ. એ અપૂર્વકરણ બે પ્રકારે છે; (૧) એક અપૂર્વકરણ પહેલુંવહેલું સમ્યક્ત્વ પામવા પૂર્વે થાય છે; અને (૨) બીજું અપૂર્વકરણ આઠમા ગુણઠાણે શ્રેણિ માંડવાના પૂર્વે થાય છે. કેમકે એમાં વિશિષ્ટ આત્મવીર્ય જોઇએ છે, જે સામર્થ્યયોગ દ્વારા અપૂર્વકરણમાં અપૂર્વ વીર્યની ફોરવણી થાય છે.

**જીવતત્ત્વની સાબિતી : શુભાશુભ ભાવ :-**

આ સંસારમાં જીવને સદ્‌ગતિ-દુર્ગતિ અને સુખ-દુઃખ તથા એનાં સાધન નિપજાવનાર શુભ-અશુભ કર્મ છે,ને એ કર્મો બંધાવવામાં મુખ્ય કારણ તરીકે એના પોતાના શુભાશુભ અધ્યવસાય યાને હૈયાના શુભાશુભ ભાવ કામ કરે છે. કહો, -

**જીવનું મુખ્ય જીવન આ શુભાશુભ અધ્યવસાયભર્યું ચાલે છે.**

**જડને આવા શુભાશુભ અધ્યવસાય થતા જ નથી. એટલે શુભ-અશુભ ભાવ એ સ્વતંત્ર જીવદ્રવ્ય હોવાની સાબિતી છે.**

જીવ અનાદિકાળથી મિથ્યાત્વમાં યાને અતત્ત્વની રુચિમાં રમતો રહ્યા કરે છે. એમાં 'નદીઘોલપાષાણ' ન્યાયથી કેટલીયવાર એ અધ્યવસાયો સહજભાવે કંઇક શુભ બને છે. આની પાછળ જો કે આત્મવીર્ય કામ તો કરે જ છે; પરંતુ તે જાણી જોઇને નહિ કિન્તુ સહેજે એમ જ બને છે; તેથી તેને 'યથાપ્રવૃત્ત-કરણ' કહે છે. આનાથી આત્માના કાંઇક શુભ પરિણામ બને છે, સ્થૂલ ભાષામાં કહીએ તો શુભ વિચારસરણી ચાલે છે. પરંતુ અહીં બને છે એવું, કે આત્મામાં અનાદિથી ચાલી આવતી જે રાગદ્વેષની તીવ્ર પરિણતિ, તે રૂપી દુર્ભેદ ગાંઠ ગ્રન્થિ ખડી થાય છે.

**'રાગદ્વેષની ગ્રન્થિ ઊભી થાય છે' એનો અર્થ :** 'ખડી થાય છે' એનો અર્થ એ નથી કે 'પહેલા એ અદૃશ્ય થઇ ગઇ હતી, અને હવે એ પ્રગટ થાય છે.' કેમકે, એ અનંતાનુબંધી નામના પહેલા કષાયરુપ અર્થાત્ અતિઉગ્ર કોટિના કષાયરુપ હોવાથી મિથ્યાત્વી જીવને ઉદયરુપે સદા પ્રગટે તો છે જ. પરંતુ 'ગાંઠ (ગ્રન્થિ) ખડી થાય છે' એનો અર્થ એટલો જ છે કે યથાપ્રવૃત્ત-કરણની સામે હવે આ ગ્રન્થિ એવી અટકણ તરીકે ઊભી રહે છે કે હવે આગળ શુભ ભાવ વધે તો નહિ, કિન્તુ ટકે પણ નહિ. હવે તો એનો જો પ્રબળ સામનો થાય, તો જ આ ગ્રન્થિ ભેદાય; અને તો જ પછી આગળ સમ્યક્ત્વ-સમ્યગ્દર્શન પામવા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે ભૂમિકા તૈયાર થઇ શકે. પણ જો એવો સામનો ન થઇ શકયો અને ગ્રન્થિ અકબંધ ઊભી રહી ગઇ, તો જે યથાપ્રવૃત્ત-કરણની શુદ્ધિ લાંબી ટકે એવી નથી, તે યથાપ્રવૃત્તકરણને આત્મા ગુમાવી નાખવાનો; અને પાછો અનાદિ-સિદ્ધ મલિન અધ્યવસાયમાં રમતો થઇ જવાનો !

એ તો શુભ ભાવને ટકાવી એને હવે વિશેષ વિશુદ્ધ બનાવતાં આવડે તો જ આ મહાકઠિન ગાંઠ ભેદાય, અને આગળ વધાય એમ છે. એટલે જ સમજી રાખવા જેવું છે કે મલિન ભાવો મલિન અધ્યવસાયોમાં જીવને અનંતો કાળ એકધારાએ સળંગ રમ્યા કરવું હોય, તો બધું જ સહેલું છે! કોઇ એનો સામનો કરી એમાં ફેરફાર કરનાર નથી. પરંતુ સારી સ્થિતિ શુભ ભાવ, શુભ પરિણતિ કદાચ પ્રાપ્ત થઇ, તો એને ટકાવવી અને આગળ વધારવી એ જ મુશ્કેલ પડે છે. એને ટકાવવા-વધારવા માટે મહા નુકસાનકારી રાગ-દ્વેષ-કામ-ક્રોધ-લોભ-મોહ વગેરે આંતર દુશ્મનથી આત્માને બચાવી લેવાની જરૂર પડે છે. કદાચ સવાલ થાય કે, -

**બાહ્ય વસ્તુ નુકસાન કરે ? :**

પ્ર૦ - તો પછી શું બાહ્ય માલમિલ્કત, કુટુંબ, પરિવાર વગેરે નુકસાનકારી નહિ ને ? નુકસાનકારી તો માત્ર અંતરના રાગ-દ્વેષાદિના અશુભ અધ્યવસાયો જ ને ?

ઉ૦ - ના, બાહ્ય પણ નુકસાનકારી છે. આંતર શત્રુ રાગ-દ્વેષાદિના પરિણામ જાગવામાં એ બાહ્ય માલમિલ્કત વગેરે ખાસ નિમિત્તભૂત બનતા હોવાથી તેમજ એના પોષક પણ હોવાથી, એ પણ નુકસાન લાવનારા જ ગણાય; માટે એ માલમિલ્કતાદિ દુશ્મનરૂપ જ કહેવાય; પણ તે બાહ્યથી દુશ્મનરૂપ; જયારે આભ્યન્તર રીતિએ શત્રુભૂત આપણા આંતરિક રાગદ્વેષ-કામ-ક્રોધ-લોભાદિના પરિણામ છે. એને જો દબાવીએ, દૂર કરીએ, તો જ આગળ વધાય એમ છે.

**સંસારમાં આત્મહિતની સાધનામાં આગળ વધવા માટે શુભ અધ્યવસાય મુખ્ય સાધન છે.**

એમાં શુભ અધ્યવસાય સહિત વીર્યોલ્લાસ થાય ત્યારે (૧) યથાપ્રવૃત્તકરણ, (૨) અપૂર્વકરણ, અને (૩) અનિવૃત્તિકરણ ક્રમશઃ થાય છે. અભવ્યોને માત્ર પહેલું યથાપ્રવૃત્તકરણ જ થાય છે. આ કરણ એ શુભ અધ્યવસાય સહિત વીર્યોલ્લાસાત્મક આત્મપરિણામ છે. જયાં સુધી ગ્રન્થિ ઊભી છે ત્યાં સુધી પહેલું 'યથાપ્રવૃત્તકરણ' જ હોય છે અને ગ્રન્થિને ઓળંગી જવા યાને ગ્રન્થિને ભેદવા બીજું 'અપૂર્વકરણ' આવે. એમાં પછી જયાં હવે સમ્યક્ત્વ પ્રાપ્ત થવાની તૈયારી હોય ત્યાં અનિવૃત્તિકરણ આવે છે. ગ્રન્થિ એટલે અતિ સંક્લિષ્ટ ચિત્ત પરિણામ, યાને બહુ કલેશ-કષ્ટે ભેદાય એવો, અતિ કઠોર નક્કર રૂઢ વાંસની ગુપ્ત ગાંઠ જેવો, જીવનો કર્મજનિત નિબિડ રાગ-દ્વેષનો પરિણામ. ગ્રન્થિભેદ થયે આ ગ્રન્થિ-પરિણામથી વિપરીત, સમ્યક્જ્ઞાન-પરિણામ જન્મે છે. એ સમ્યક્જ્ઞાનનો થોડો પણ સારો વિશુદ્ધ અંશ હંમેશા અસંમોહ-અવ્યામોહનું કારણ બને છે. (અર્થાત્ સંમોહ-વ્યામોહ ન થવા દે.) કર્મોની અંતઃકોડાકોડી સ્થિતિ રહ્યે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય ત્યાર બાદ આત્મામાં સિલક રહેલ કર્મોની સ્થિતિમાંથી પલ્યોપમ-પૃથક્ત્વ જેટલી સ્થિતિ તોડી નાખે ત્યારે શ્રાવકપણું પ્રાપ્ત થાય; અને એ સ્થિતિમાંથી સંખ્યાતા સંખ્યાતા સાગરોપમ જેટલી સ્થિતિ તોડતો જાય તેમ તેમ સર્વવિરતિ ચારિત્ર, ઉપશમ ચારિત્ર અને ક્ષાયિક ચારિત્ર પ્રાપ્ત થાય છે.

આનો ભાવાર્થ આ છે, -

આત્મા આ સંસારમાં ભટકતાં કેટલીક વાર તેવા તેવા પ્રસંગને પામી કાંઇક કૂણા પરિણામવાળો કાંક શુભ ભાવવાળો બને છે. આમાં પોતાનો કોઇ ખાસ પ્રયત્ન નથી હોતો, પરંતુ સહેજે નદીમાં ઘોળાઇને ખરબચડો, વાંકોચૂકો પત્થર અથડાતો કૂટાતો લીસો અને ગોળ થઇ જાય છે. એને ઘડવા કોઇ શીલ્પીના પ્રયત્નથી કારીગરી નથી થઇ, પરંતુ સહેજે, સહેજે ગોળ બન્યો છે; એને 'નદીઘોળ-પાક્ષાણ ન્યાય કહે છે. બસ એ ન્યાયે સંસારમાં જીવના પરિજ્ઞામ સહેજે કૂણા યાને શુભ બને છે. એ બનવાનું તે પ્રયત્નથી પ્રવૃત્ત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ, કિન્તુ યથાપ્રવૃત્ત અર્થાત્ સહેજે પ્રવૃત્ત નહિ, કિન્તુ યથાપ્રવૃત્ત અર્થાત્ સહેજે પ્રવૃત્ત પરિણામ છે. શાસ્ત્રીય શબ્દમાં એ યથાપ્રવૃત્ત-કરણ છે. એવા યથાપ્રવૃત્તકરણ અભવી અને નાસ્તિક જેવાને પણ થાય છે.

## નાસ્તિકને પણ શુભ ભાવના દાખલા :

દા.ત. ગમે તેવો નાસ્તિક આત્મા હોય, પરંતુ એ રસ્તે જતાં કોઇ મકાનના ચોથા મજલેની અગાસીમાંથી અચાનક કોઇ પાંચ વરસના બાળકને નીચે ઠેઠ જમીન પર પડી જતો જુએ, બાળકના માથાની ખોપરીને નીચે પત્થરની ફરસી પર પટકાતાં ફૂટી જતી જુએ, ત્યાં એ ચોંકી ઊઠે છે, કંપી ઊઠે છે ! કે 'હાય બાપ ! બિચારાને કેવીક પીડા !' પૂર્વે એના ગમે તેવા કઠોર પત્થર જેવા દિલમાં પણ અહીં કોમળતા કૂણાશ આવી જાય છે, મોંમાથી અરેરાટો નીકળી પડે છે;'અરેરેરે!બાળક બિચારું પડીને ખલાસ થઇ ગયું !' એમ એના પ્રત્યે દયાથી દિલ દ્રવિત થઇ જાય છે. આ દયાનો શુભ ભાવ સહેજે બને છે, માટે એ યથાપ્રવૃત્ત કહેવાય.

એમ સાંભળે કે 'અમુક પ્રદેશમાં ભારે વરસાદની હેલી થઇ, પાણીના મોટા ઘોડાપૂર ઊભરાયા, અને હજારો માણસો ને જનાવરો એમાં તણાઇ મર્યા !' આ સાંભળતાં પત્થર જેવું દિલ પણ કંપી ઊઠે છે, મુખમાંથી 'અરરર !' નીકળી પડે છે. આ શું છે ? પેલા પૂરમાં તણાઇ મરેલા જીવો માટે હમદર્દીભાવ છે, સહાનુભુતિ-સમવેદનનો શુભ ભાવ છે. આ યથાપ્રવૃત્ત પરિણામ કહેવાય, યથાપ્રવૃત્ત-કરણ કહેવાય.

જગતમાં જીવો, શું ભવ્યો, કે શું અભવ્યો, આવો યથાપ્રવૃત્તકરણનો પરિણામ અનંતીવાર પામે છે, પરંતુ પછી આગળ જે એ પરિણામમાં શુદ્ધતા વધવી જોઇએ એ નથી વધતી. તેથી એની ઉપરનો શુભ ભાવ જે 'અપૂર્વકરણ' કહેવાય, તે પ્રાપ્ત નથી થતો. એ જ જો ન આવે, તો એની પછી વિકસતા અનિવૃત્તિકરણ-આદિના શુભ ભાવ વધે તો આવે જ શાના?

## ચરમ યથાપ્રવૃત્તકરણ :-

એ તો ભવ્ય જીવો જે લઘુકર્મી બન્યા હોય, એમને યથાપ્રવૃત્ત-કરણમાંથી આગળ વધતાં અપૂર્વકરણ ને અનિવૃત્તિકરણ આદિ પરિણામ પ્રાપ્ત થાય છે, બાકી બીજાઓને માત્ર યથાપ્રવૃત્તકરણ આવી ચાલ્યું જાય છે. આ 'કરણ' એટલે આત્માનો શુભ પરિણામ છે, શુભ અધ્યવસાય છે, શુભભાવ છે, જીવનો એ ચંચળ દુર્બળ ભાવ છે, આવેલો ટકે નહિ, તેમ આગળ વિશેષ શુભભાવમાં જાય નહિ; તેથી એમાંથી પતન થાય; ને ત્યાં દિલમાં અશુભ ભાવ રમતા થઇ જાય છે. એટલે ત્યાં યથાપ્રવૃત્તકરણ આવેલું ગયું ! સંસારમાં આવા યથાપ્રવૃત્તકરણ અનંતવાર આવે છે, પરંતુ જે ભવીજીવ એમાં વિશેષ આત્મવીર્ય ફોરવી પાછો ન પડતાં આગળ અપૂર્વકરણના શુભભાવ તરફ વધે છે, એને એ પૂર્વનું યથાપ્રવૃત્તકરણ છેલ્લું યાને ચરમ યથાપ્રવૃત્તકરણ કહેવાય છે.

પૂર્વે કહ્યું તેમ 'યથાપ્રવૃત્ત'-કરણમાં શુભ ભાવ જાગ્યા પછી 'અપૂર્વકરણમાં ન ચડવા દેનાર રાગદ્વેષની ગ્રન્થિ છે, ગાંઠ છે, રાગદ્વેષના એવા કઠણ નક્કર નિબિડ પરિણામ છે, કે એને ઓળંગી જવાનું અર્થાત્ એને તોડવાનું કામ વાંસની દુર્ભેદ્ય અતિ કઠણ ગાંઠ તોડવા જેવું મુશ્કેલ છે. જે બહુ વિરલ ભવ્યજીવ કરી શકે છે. એ ભવ્યાત્મા એ તોડીને યથાપ્રવૃત્તકરણમાં જાગેલા શુભભાવ વિશેષ પ્રબળ બનાવે છે.

## શુભભાવમાંથી પાછા કેમ પડાય છે ? :

પરંતુ તેવા તેવા નિમિત્તવશ બીજાઓને યથાપ્રવૃત્ત-કરણના શુભભાવમાંણી પાછા પડવાનું જે બને છે, એ એના જેવું છે કે દા.ત. માણસે સાધુમહાત્મા પાસે સારું દાનનું વ્યાખ્યાન સાંભળ્યું, ત્યાં એના મનને એવો શુભ ભાવ જાગ્યો કે 'દાન દેવું;' પણ પછી બહાર નીકળ્યો ત્યાં કોઇ હરિનો લાલ એવો મળી ગયો કે જેણે વધતી મોંઘવારીની મોંકાણ માંડી કહ્યું ''આજ તો મોંઘવારી કેવી કાળઝાળ છે ! બે પૈસા બચાવી રાખ્યા હોય તો એ આગળ વધુ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોંઘવારીમાં કામ લાગે.''

આ સાંભળતા પેલા ભાઇના દાનના ભાવ મંદા પડે છે. એમાં વળી ઘરે પહોંચી દાનની વાત કરતાં ઘરવાળા માંડે કે 'આ ગગી પરણાવવાની છે, ગગાને દુકાન કરી આપવાની છે; એટલે હમણાં દાન કરીને શું કરશો ? હમણાં તો પૈસા બચાવી રાખો. આગળ સારું કમાઓ ત્યારે કરજો ને દાન ?' બસ, આ સાંભળતાં શું થાય ? પતી ગયા દાનના ભાવ ! એના મનને થશે કે 'હમણાં દાનની ઉતાવળ કરવા જેવી નથી.'

અહીં ખરું જોતાં ઉપદેશથી જાગેલા દાનના ભાવ મજબૂત પકડી રાખવા જેવા હતા. એની સામે આવતા, જડ પુદ્ગલની દલાલીના બોલને ન-ગણ્ય કરવા જેવા હતા. 'જડસેવા તો સંસારમાં અનંતીવાર કરી, એમાં આત્માની કશી આબાદી નહિ, પણ સરાસર બરબાદી જ થઇ છે. આબાદી તો દાનાદિ ધર્મથી જ થવાની છે, અને આગળ પર જરૂરી પૈસા તો ભાગ્યાનુસાર મળી જ રહેવાના છે, માટે દાનની દુર્લભ તક ન ચૂકું...' ઇત્યાદિ વિચાર રાખીને દાનના ભાવમાં આગળ વધવાનું હતું, પણ તે ન આવડયું, કેમકે સામે જડના રાગની પ્રબળ પરિણતિ ઊભી થઇ જીવને યથાપ્રવૃત્તકરણ પછી આવું થાય છે, શુભભાવની આડે રાગદ્વેષની ગાંઠ આવી ઊભી રહે છે તેથી જીવ આગળ અપૂર્વકરણના ભાવમાં ન વધતાં પાછો પડે છે.

અનાદિ કાળથી જીવને આ ગાંઠ લાગેલી છે, તેથી જીવને દુન્યવી જડ-ચેતન પદાર્થોના પ્રબળ રાગ એવા ગળે વળગ્યા છે કે જ્યાં જરા યથાપ્રવૃત્તકરણનો શુભ ભાવ પ્રગટ થયો, તે હવે એ થોડો વિકાસ પામવા જાય એ પહેલાં જ એના મગજમાં એ દુન્યવી રાગનો એક યા બીજો વિષય મગજમાં ખડો થઇ જાય છે, અને એનો રાગ એ એવો અશુભભાવ છે કે પેલા શુભ ભાવને આગળ વધતો અટકાવી દે છે. એટલી બધી આ રાગની પ્રબળતાને ગ્રન્થિ કહેવાય છે. એને તોડીએ, અર્થાત્ એ પ્રબળ રાગને દબાવીએ, હટાવીએ, દૂર કરીએ, તો જ આગળ વધાય એમ છે. ત્યારે પ્રશ્ન એ છે કે એ રાગદ્વેષની ગાંઠને ભેદનાર કોણ છે?

## ગ્રન્થિભેદ અપૂર્વકરણથી થાય :-

જેમ યથાપ્રવૃત્તકરણમાં આત્માના ખાસ પુરુષાર્થ વિના એમ જ સહજભાવે શુભ આત્મવીર્ય ઉલ્લસ્યુ હતું, તેમ અપૂર્વકરણમાં નહિ; પણ અપૂર્વ યાને પૂર્વે નહિ જાગેલા એવા ખાસ પ્રબળ કરણથી-પુરુષાર્થથી નિર્ધારિત મન વડે અધિકાધિક શુભ અધ્યવસાયના આત્માવીર્યને ઉલ્લસાવાય, તો જ પેલી ગાંઠ ભેદાય. આ વીર્યોલ્લાસને અપૂર્વકરણ કહેવામાં આવે છે. ભૂલવાનું નથી કે આ માટે અંતરની વિચારસરણી, અધ્યવસાય, લેશ્યા વલણ વગેરેને ખૂબ જ ઉજ્જવળ, અપૂર્વ નિર્મળ કરવા જોઇશે. પછી તો ઇન્દ્રના વજ્રની જેમ રાગદ્વેષની નિબિડ ગ્રન્થિને એ ભેદી જ નાખશે.

## અપૂર્વકરણથી પાંચ અપૂર્વ કાર્યો :-

## પહેલા અપૂર્વકરણમાં જ અપૂર્વઃ

આમ જે આ અપૂર્વકરણ કરવામાં આવે છે, તેમાં કર્મસંબંધમાં અદ્ભૂત પાંચ વસ્તુઓ બને છે.

૧. સ્થિતિઘાત, ૨. રસઘાત, ૩. ગુણશ્રેણી ૪. ગુણસંક્રમ અને ૫. અપૂર્વ સ્થિતિબંધ. અલબત્ પહેલા અપૂર્વકરણમાં અપૂર્વ ગુણસંક્રમ વિના ચાર જ અપૂર્વ બને છે. પરંતુ સમ્યક્ત્વ પામ્યા પછી અંતર્મુહૂર્ત સુધી ગુણસંક્રમ થાય છે, અને તે મિથ્યાત્વ-મિશ્ર-મોહનીયનો સમકિત મોહનીયમાં સંક્રમ અસંખ્ય ગુણવૃદ્ધિએ થાય છે.

સ્થિતિઘાત અને રસઘાતમાં કર્મોની સ્થિતિ અને રસનો હ્રાસ થાય છે. એટલે કે યથાપ્રવૃત્તકરણમાં ભલે સહજભાવે છતાં પણ આત્મામાં એટલી શુદ્ધિ આવી હતી કે આત્માની સિલકમાં, પૂર્વે આયુષ્ય સિવાયના સાતે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ જે ૭૦ - ૪૦ - ૩૦-૨૦ કોડાકોડી સાગરોપમ જેવી હતી, તે ઘટી ઘટીને ઠેઠ માત્ર એક કોડાકોડી સાગરોપમ જેટલી બની જાય છે ! એમાં ય પાછી એક પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી ઓછી થાય છે, આને અંતઃકોડાકોડી સ્થિતિ કહે છે. આટલી તો યથાપ્રવૃતકરણમાં થાય; પણ હવે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપૂર્વકરણમાં આ સ્થિતિમાં પાછો ઘાત થઇ ઓછાશ થાય છે. એવી રીતે એમાંના અશુભ કર્મો અર્થાત્ પાપ કર્મની પ્રકૃતિઓના રસનો પણ ઘાત થાય છે. તે સ્થિતિઘાત અને રસઘાત કહેવાય છે. એક સ્થિતિઘાતમાં હજારો રસઘાત થાય છે.

સ્થિતિઘાતમાં વસ્તુ એવી બને છે કે કર્મોની સ્થિતિમાં જે ઉપરની સ્થિતિનાં દળિયા તેને ઉદય સન્મુખ જે નીચેની સ્થિતિવાળા કર્મના દળિયાં, તેના ભેગાં નાખવામાં આવે છે, અર્થાત્ ઉપરની સ્થિતિમાંથી ઉદયવતી કર્મ પ્રકૃતિઓનાં દલિકોને ઉદય સમયથી આરંભીને અંતર્મુહૂર્ત સુધીની સ્થિતિમાં અને એથી ઉપર પણ જયાં સુધી ઘાત નથી થતો ત્યાં સુધીની સ્થિતિમાં રહેલ દલિકોમાં નાખવામાં આવે છે; ત્યારે અનુદયવતી કર્મપ્રકૃતિનાં દલિકોને ઉદય આવલિકા પછીના સમયથી પ્રારંભી અંતમુહૂર્ત સુધીના અને ઉપર જયાં સુધી ઘાત નથી થતો ત્યાંસુધીની સ્થિતિમાં રહેલ દળિયામાં નખાય છે. આમ ઉપરની સ્થિતિમાં ઘાત થાય છે. એની સાથે રસ ઘાતને યોગ્ય સર્વ દળિયાંનો રસ પણ અતિ મંદ કરવામાં આવે છે, એ રસઘાત થયો. તાત્પર્ય એ છે કે દરેક સમયદીઠ તે તે કર્મના જુદાં જુદાં દળિયાંને ઉદયમાં આવવાનું નકકી થયેલું છે, એટલે દા.ત. કોઇ કર્મને કોડાકોડી સાગરોપમના કાળની સ્થિતિ છે; આત્માની અંદર તેટલા કાળના બધા સમય પર જાણે તે કર્મના દળિયાં પથરાઇ ગયેલાં છે. તેથી જેમ જેમ તે તે સમય આવતા જાય, તેમ તેમ તે તે દળિયાં આત્માની અંદરથી ઉંચકાતા જાય અને ભોગવાતાં જાય.

હવે જો એવું હોય કે કર્મ આમ જ ભોગવાઇને જ છૂટકારો પામતા હોય, તો પછી સર્વ કર્મોનો છૂટકારો શે થાય ? કેમકે પાછું કર્મ બાંધવાનું કામ તો સમયે સમયે ચાલુ જ છે, અને ક્રમસર ભોગવવા કોડાકોડી સાગરોપમો જોઇએ; તો એ બધા કયારે ભોગવાઇને પૂરા થાય ? અને કયારે આરો આવે ? પરંતુ એવું નથી બનતું. બાંધેલા કર્મ એમ જ અખંડ રહીને ક્રમશઃ ભોગવાતાં જાય, એવું મોટા ભાગે બનતું નથી. પરંતુ બંધાઇ ચુકયા. પછી પણ એના પર અનેક જાતનાં કરણ લાગીને ફેરફારો થાય છે.

## બંધાયેલા કર્મ પર લાગતાં કરણો :-

શાસ્ત્રીય પરિભાષામાં કહીએ તો બંધાયેલા કર્મો પર અનેક કરણો લાગુ થાય છે; જેમકે, સંક્રમણકરણ, ઉદીરણાકરણ, ઉદ્વર્તનાકરણ,અપવર્તનાકરણ વગેરે.

**સંક્રમણમાં** આ બંધાયેલા કર્મના જથામાંનાં કેટલાક કર્મદલિકો એ વર્તમાન સમયે બંધાતા સમાનજાતીય પણ વિરુધ્ધ કર્મના ભેગાં ભળી જાય છે. અને પછી એનું સ્વરૂપ ધારણ કરે છે. દા.ત. પૂર્વનાં બાંધેલ કેટલાક અશાતા કર્મનાં દલિકો વર્તમાનમાં શુભભાવના યોગે બંધાતા શાતા કર્મનાં દલિકો ભેગાં ભળી શાતારૂપે બની જાય છે. એવું વર્તમાન અશુભ ભાવના યોગે બંધાતા શાતા કર્મનાં દલિકો ભેગાં ભળી શાતારૂપે બની જાય છે. એવું વર્તમાન અશુભ ભાવના યોગે બંધાતા અશાતાવેદનીય કર્મના ભેગાં પૂર્વબદ્ધ કેટલાક શાતાકર્મ-દલિક ભળી અશાતારૂપ થાય છે.

**ઉદીરણા** કરણથી મોડે ઉદયમાં આવવાનાં કર્મ-દળિયાં વહેલા ઉદયમાં આવે છે. જેમ ઝાડ પર રહીને મોડી પાકવાની કેરી ત્યાંથી ઉપાડી ઘાસ વગેરેમાં દબાવાથી વહેલી પાકે છે, તેમ ઉદીરણાથી કર્મ વહેલું પાકી જાય છે.

**અપવર્તના**-કરણ કર્મોની બંધાયેલ સ્થિતિના કે રસનો હ્રાસ કરે છે.

આવી રીતે બાંધેલા કર્મમાં ફેરફારો થાય છે.

તો હવે જુઓ કે અપૂર્વકરણમાં એક કાર્ય સ્થિતિઘાતનું થાય છે ત્યાં સ્થિતિના છેલ્લે કાળે પાકવાના કર્મનો સ્થિતિ હ્રાસ થઇને ટૂંકી સ્થિતિ થઇ, તેથી કર્મોને પૂર્વકાળના એ ટૂંકી સ્થિતિકાળનાં કર્મોમાં નાખે છે; જેથી એ એની સાથે-સાથે ઉદયમાં આવી જાય એવાં કરવામાં આવે છે. એથી ઉપરની કાળસ્થિતિમાં કર્મ હવે રહ્યું નહિ, એટલે કર્મની સ્થિતિ એટલી ઘટી ગણાય. એનું નામ સ્થિતિઘાત.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રસઘાતમાં** અશુભ કર્મોના તીવ્ર રસના અમુક ખંડનો ઘાત કરી, તે રસને મંદ બનાવવામાં આવે છે; જેથી હવે એ અશુભ કર્મ એના ઉદયમાં એટલું તીવ્ર વેદન નહિ કરાવે. દા.ત. ચઉઠાણિયા રસને બેઠાણિયો કરવામાં આવે.

આ સ્થિતિઘાત અને રસઘાત કરવા માટે યથાપ્રવૃત્તિ-કરણ સમર્થ નથી. તે માટે તો અપૂર્વકરણ જ જોઇએ. 'અપૂર્વ' એટલે સંસારમાં કદી નહિ જગાવેલ એવું કરણ. આ માટે આત્માનો જબરદસ્ત આંતરિક ધર્મવીર્યોલ્લાસ પ્રગટવો જોઇએ. જીવનમાં ખરી વિશેષતા પણ ધર્મવીર્યોલ્લાસ જગાવવાની છે, પણ પાપ વીર્યોલ્લાસની નથી. એ તો અનંતા ભવો કરી. તેમ આત્માની અપૂર્વ ઉન્નતિ અને સુખ પમાડનાર પણ ધર્મવીર્યોલ્લાસ જ છે. માટે -

**શકય દેખાય ત્યાં અને ત્યારે શુભ આત્મવીર્યોલ્લાસને, શુભઅધ્યવસાયોને શુભ પવિત્ર વલણ અને લાગણીઓને જગાવતા અને વધારતા ચાલવું જોઇએ.**

**ગુણશ્રેણિમાં** પ્રતિસમય અસંખ્યગુણ ચઢતા ક્રમે કર્મ-દળિયાંની રચના કરવામાં આવે છે. સ્થિતિઘાત પામેલા, ને નહીં પામેલાં દળિયાંની આ વાત છે. પરંતુ તે પ્રતિસમય અસંખ્યાતગુણ ઉપરમાંથી આવીને નીચે ઠલવાય છે. તેનું નામ ગુણશ્રેણિ છે. આનું પરિણામ એ આવે છે કે હવે પ્રતિસમય અધિક અધિક પ્રમાણમાં કર્મ ભોગવાઇને ક્ષય પામી જાય છે. સ્થિતિઘાતમાં ઉપરની લાંબી સ્થિતિનો હ્રાસ થયો હતો, તો આમાં એ કર્મદળિયાં અધિક અધિક પ્રમાણમાં રચાઇને નાશ પામે છે. અપૂર્વકરણમાં સમય પર સમયે આત્માની વિશુદ્ધિ વધતી જતી હોવાથી એવું બનવા પામે છે, ને પૂર્વ સમય કરતાં પછીના સમયમાં ઉદય માટે અસંખ્યગુણ કર્મદલિકની શ્રેણિ રચાઇ જાય છે.

**ગુણ-સંક્રમણમાં :** પૂર્વે જે સંક્રમણની વાત કહી તે મુજબ જ. પરંતુ તે ગુણસંક્રમ પહેલા અપૂર્વકરણમાં અર્થાત્ સમ્યક્ત્વ પ્રાપ્તિનાં અપૂર્વકરણમાં નથી થતો, પરંતુ આઠમા ગુણઠાણે થતા દ્વિતીય અપૂર્વકરણમાં થાય છે. અલબત્ ઉપશમ સમકિત પામ્યા પછી પ્રથમ અંતર્મુહૂર્તમાં મિથ્યાત્વ મોહનીય-મિશ્રમોહનીયનો ગુણસંક્રમ થાય છે. આઠમા ગુણસ્થાનકે પૂર્વે બદ્ધ થઇ સત્તામાં રહેલ અશુભ કર્મદલિકનું અસંખ્યગુણ અસંખ્યગુણ સંક્રમણ બંધાતી સજાતીય પુણ્ય-પ્રકૃત્તિમાં થયા કરે છે.

**અપૂર્વસ્થિતિબંધમાં:-** પૂર્વે અનાદિ અનંતકાળમાં અશુભ કર્મોનો કદી નહિ કરેલો એવો જે અલ્પ સ્થિતિબંધ, તે અહીં કરે છે.

અહીં પ્રશ્ન થાય કે -,

પ્ર૦ - અપૂર્વકરણના શુભ અધ્યવસાય વખતે **શુભ** કર્મનો બંધ તો હોઇ શકે, પણ **અશુભ** કર્મ બંધાય જ કયાંથી, કે એની અલ્પ સ્થિતિનો બંધ વિચારવો રહે ?

ઉ૦ - આનું સમાધાન એ છે કે પરાવર્તમાન પ્રકૃતિઓ જેવી કે શાતા-અશાતા,ઊંચગોત્ર-નીચ ગોત્ર, યશકર્મ -અપયશકર્મ...વગેરેમાંથી પ્રાયઃ શુભકર્મ બંધાય છે. અહીં 'પ્રાયઃ' એટલા માટે કહ્યું કે ૭ મી નરકમાં મિથ્યાત્વ - અવસ્થામાં સમ્યક્ત્વપ્રાપક શુભભાવ હોય ત્યારે પણ ૭ મી નરક હોવાથી તિર્યંચગતિ પ્રાયોગ્ય જ બાંધે, એટલે નીચ ગોત્રાદિ અશુભ બાંધે છે. માટે અહીં 'પ્રાયઃ' કહ્યું. પરંતુ જે ધ્રુવબંધી પ્રકૃતિઓ છે તે, શુભ નિર્માણનામકર્મ આદિ કર્મ અને અશુભ જ્ઞાનાવરણાદી કર્મ, - તે તે ગુણઠાણા સુધી અવશ્ય બંધાય છે; પછી ભલે ત્યાં વિચારણા શુભ પ્રવર્તતી હોય. છતાં આ શુભ અધ્યવસાયનો લાભ એ કે એ અશુભ પ્રકૃતિઓની કાળસ્થિતિ અલ્પ ને રસ મંદ બંધાય. કેમકે એવો નિયમ છે કે,

**રાગદ્વેષનો સંકલેશ જેમ વધારે, તેમ શુભ કે અશુભ કર્મની બંધાતી કાળ-સ્થિતિ મોટી હોય, પણ અશુભ કર્મનો બંધાતો રસ તીવ્ર હોય, અને શુભ કર્મનો બંધાતો રસ મંદ હોય.**

એથી ઉલટું, જેમ એ સંકલેશ ઓછો, એટલે કે વિશુદ્ધિ વધારે, તેમ કર્મની બંધાતી કાળ-સ્થિતિ નાની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય; તેમજ અશુભ કર્મનો રસ મંદ બંધાય, અને શુભ કર્મનો રસ તીવ્ર બંધાય. અહીં અપૂર્વકરણમાં વિશુદ્ધિ અપૂર્વ છે, તેથી અશુભ કર્મની સ્થિતિ જે અલ્પ બંધાવાની, તે પણ અપૂર્વ અલ્પ સ્થિતિબંધ કહેવાશે. કેમકે પૂર્વે સંજ્ઞી પર્યાપ્તા પંચેન્દ્રિયપણામાં કદી આટલી અલ્પ નહિ બાંધેલી.

**ઉપશમ-ક્ષયોપશમ સમકિતની પ્રક્રિયા : અંતરકરણ અને ત્રણ પુંજ :-**

- આ રીતે આ પાંચ પૈકી ચાર અપૂર્વ કરનારા અપૂર્વકરણથી ગ્રન્થિ ભેદાય છે. પછી સિદ્ધાતમતે અનિવૃત્તિકરણ દ્વારા કાં મિથ્યાત્વોદય વચ્ચે અંતરકરણ કરી ઉપશમ સમ્યક્ત્વ પામે છે; અગર તો મિથ્યાત્વના ત્રણ પુંજ કરી ક્ષયોપશમ સમ્યક્ત્વ પામે છે. અપૂર્વકરણ કરતાં અનિવૃતિકરણ માટે આત્માનાં પરિણામની વધારે નિર્મળતા જોઇએ છે. ઉપશમ સમકિતના અંતર્મુહૂર્ત કાળ દરમિયાન જે મિથ્યાત્વદળિયાં ચાલુ ક્રમે ઉદયમાં આવવાનાં હતા, તેને એની પૂર્વના ને પછીના કાળના કર્મદળિયાં ભેગા ભેળવી દેવામાં આવે છે. તેથી હવે આ અંતર્મુહૂર્તનો કાળ મિથ્યાત્વોદય વિનાનો ખાલી પડે છે; અર્થાત્ આ અંતર્મુહૂર્ત પૂર્વે જે છેક છેલ્લા સમયે ભોગવાયું, અને આ અંતર્મુહૂર્ત પછી જે પહેલા સમયે પાછું સિલિકનું મિથ્યાત્વ ઉદયમાં આવવા ડોકિયાં કરી રહ્યું છે તે, એમ બે મિથ્યાત્વોદયના સમયોની વચ્ચે અંતર્મુહૂર્ત કાળનું અંતર પડી ગયું; આ **અંતરકરણ** થયું. એ કાળમાં ઉપશમ સમકિત હોય છે. પછી એ અવશ્ય ચાલ્યું જાય છે.

એમાં સિદ્ધાન્ત-મતે જો અંતરકરણની પ્રક્રિયાને બદલે, અપૂર્વકરણથી મિથ્યાત્વના ત્રણ પૂંજ કરવાની પ્રક્રિયા થાય, અર્થાત્ એમાં આત્માની સિલકે રહેલા મિથ્યાત્વના જથાનું સંશોધન અર્થાત્ શુદ્ધિકરણ કરી ત્રણ પુંજ-ત્રણ જગા કરવામાં આવે છે, એક તદ્દન શુદ્ધ, બીજો અર્ધશુદ્ધ અને ત્રીજો તદ્દન અશુદ્ધ. આ ત્રણ પુંજને અનુક્રમે સમકિત મોહનીય, મિશ્રમોહનીય, અને મિથ્યાત્વ મોહનીય કહે છે. તે પછી આમાંના શુદ્ધ દળિયાનો ઉદય થતાં આત્મામાં એ ક્ષયોપશમ-સમકિત પ્રગટ કરે છે. એમાં શુદ્ધ દળિયાંનો ઉદય હોવાથી આત્મામાં મિથ્યાત્વભાવ નથી રહેતો. પહેલ પહેલું સમકિત ઉપશમસમ્યકત્વ થાય અથવા ક્ષયોપશમિક થાય, - આ સિદ્ધાન્નમત છે. કર્મગ્રન્થવાળાનો મત એવો છે કે પહેલ પહેલું સમ્યક્ત્વ તો ઉપશમ કોટિનું જ થાય. ક્ષયોપશમ તો તે પછીથી ત્રણ પુંજના હિસાબે થાય.

**સમ્યગદર્શનનાં લક્ષણ :-**

આ રીતે જે સમ્યક્ત્વ અર્થાત્ સમ્યગ્દર્શન પ્રગટ્યું, તે શું છે ? એ ગ્રંથકાર મહર્ષિ પોતે જ ટીકાગ્રન્થમાં આ રીતે બતાવે છે, કે સમ્યગ્દર્શન એ આત્માનો પરિણામ છે. અર્થાત્ આત્મા પોતે જ આ ગુણરૂપે પરિણમે છે; ને એ ગુણનું સ્વરૂપ છે તત્ત્વાર્થ-શ્રદ્ધાન, અર્થાત્ તત્ત્વભૂત પદાર્થોની શ્રદ્ધા, અથવા પદાર્થોની તત્ત્વરૂપે એટલે કે યથાવસ્થિત રૂપે શ્રદ્ધા. તે પદાર્થો કયા ? તો કે વીતરાગ સર્વજ્ઞ પ્રભુએ ભાખેલા જે જીવાજીવાદિ નવતત્ત્વ, એની શ્રદ્ધા; એટલે કે એને એમણે જે જ્ઞેય-હેય-ઉપાદેય સ્વરૂપે કહ્યાં, તે જ સ્વરૂપે સ્વીકારવા-માનવા, તેની તેની તે તે હેયતાદિને અનુરૂપ માનસિક વલણ રાખવું. દા.ત. આશ્રવ હેય છે, તો એની પ્રત્યે ઘૃણા-અરુચિ-ભયનું વલણ રહે. આ છે તત્ત્વાર્થ શ્રદ્ધા, તત્ત્વાર્થ-શ્રદ્ધાન. 'સર્વજ્ઞ કેવલી ભગવાને જે જે તત્ત્વો કહ્યાં છે તે જ બધાં સાચાં અને શંકા વિનાનાં છે. તે બધાય સાચાં જ અને નિશ્શંક જ છે,' - એવી, કોઇ પણ પ્રકારની દુન્યવી લાલચ વિનાની, હૃદયની સચોટ શ્રદ્ધા, તે તત્ત્વાર્થ-શ્રદ્ધાન; તે સમ્યગદર્શન.

શાસ્ત્રે સમ્યક્ત્વનાં પાંચ લક્ષણ કહ્યાં છે : શમ, સંવેગ, નિર્વેદ, અનુકમ્પા અને આસ્તિક્યની પ્રગટ દશા. આ લક્ષણો જેનામાં હોય, તેનામાં સમ્યક્ત્વ અવશ્ય હોય. એ પાંચેય પશ્ચાનુપૂર્વીના ક્રમથી જન્મે છે. અર્થાત્ પહેલાં આસ્તિક્ય જન્મે, પછી અનુકમ્પા, પછી નિર્વેદ, પછી સંવેગ, અને પછી શમ પ્રગટે. તે આ રીતે :-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧) સદ્ગુરુના ઉપદેશ વગેરેનું નિમિત્ત પામી 'જે જિન ભાખ્યું તે નવિ અન્યથા' એવો જે દૃઢ રંગ તે આસ્તિક્ય. એમ, 'જ્ઞાનાદિ ગુણવાળો આત્મા સ્વતંત્ર દ્રવ્ય છે.' ૨. 'એ નિત્ય છે,' ૩. 'એ કર્મનો કર્તા છે, ૪. કર્મનો ભોકતા છે, 'સંસારમાં રખડતો છે,' ૫. 'મોક્ષ છે, અને ૬. 'મોક્ષના ઉપાયો છે, 'એ ઉપાયો દ્વારા જીવ મોક્ષ પણ પામી શકનારો છે,' - આવી ષટ્ સ્થાનની 'છે'ની અર્થાત્ અસ્તિત્વની શ્રદ્ધા તે **આસ્તિકય;** એ પહેલું પ્રગટે - પછી, -

(૨) જીવોની સાચી દ્રવ્યદયા અને ભાવદયા પ્રગટે તે **અનુકંપા.** પછી, -

(૩) જીવની કરુણ દશા કરનારા દુઃખોભર્યા નરકાગાર જેવા અને પાપાચરણના બંધનવાળા કારાગાર જેવા સંસાર પર અભાવ-ગ્લાનિ થાય, અરુચિ-કંટાળો જાગે, તે **નિર્વેદ.** એ થાય એટલે

(૪) એના પ્રતિપક્ષી મોક્ષ પર પ્રીતિ અને મોક્ષસાધક દેવ-ગુરુ-ધર્મનો રંગ પ્રગટે, તે **સંવેગ.** આ થવાથી, -

(૫) સંસારના બીજભૂત જે કષાયો, તેને શાંત કરવામાં આવે તે **શમ.** ત્યાં કષાયોના ઉકળાટની એવી શાંતિ કરે કે અપરાધી ઉપર પણ 'એનું ખરાબ થાઓ' એવું હૃદયમાં ન થાય.

## દ્વિતીય અપૂર્વકરણ :-

આપણી વાત હતી અપૂર્વકરણની. સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વે અનાદિની-રાગદ્વેષની ઘન-નિબિડ ગ્રન્થિનો ભેદ કરવા માટે સમર્થ તે પહેલું અપૂર્વકરણ. એમાં સામર્થ્યયોગ નીપજતો નથી; પરંતુ ક્ષપકશ્રેણિમાં જે દ્વિતીય અપૂર્વકરણ કરવું પડે છે તેના ઉપર સામર્થ્યયોગ નીપજે છે. શ્રેણિ એટલે મોહનીય અને જ્ઞાનાવરણીય આદિ ઘાતીકર્મની કરવામાં આવતી ક્ષપણાની ધારા, તે કર્મોને ખપાવવાની નાશ પમાડવાની ધારા. એ પૂરી થયે તેરમે ગુણઠાણે કેવળજ્ઞાન-સર્વજ્ઞતા પ્રાપ્ત થાય. આ ક્ષપકશ્રેણિ માટે અપ્રમત્ત નામના સાતમા ગુણઠાણા પછી આઠમે ગુણઠાણે અપૂર્વકરણ કરવાની જરૂર રહે છે. આ છે દ્વિતીય અપૂર્વકરણ.

સમ્યક્ત્વ પ્રાપ્ત થયેથી રહેલી કર્મસ્થિતિમાંથી પલ્યોપમ પૃથક્ત્વ ઘટયે દેશવિરતિ તથા સંખ્યાતા સાગરોપમ ઓછાં થતાં આવે તેમ તેમ સર્વવિરતિ, ઉપશમ શ્રેણિ અને ક્ષપકશ્રેણિ પ્રાપ્ત થાય. એટલે જ કહ્યું કે તે કર્મસ્થિતિકાળ તેવા સંખ્યાતા સાગરોપમ લંઘે ત્યારે દ્વિતીય અપૂર્વકરણ પ્રાપ્ત થાય. આમાં પણ પૂર્વની જેમ સ્થિતિઘાતાદિ પાંચ વાનાં કરવામાં આવે છે. પરંતુ તે વિશિષ્ટ કોટિનાં. આ કરવાને માટે સામર્થ્યયોગનો જ પુરુષાર્થ સમર્થ છે. ઇચ્છાયોગ અને શાસ્ત્રયોગના વીર્યોલ્લાસથી આ અપૂર્વકરણ નીપજી શકતું નથી.

**द्वितीयापूर्वकरणे प्रथमस्तात्विको भवेत् :** - આ બીજા અપૂર્વકરણથી મોહનીય કર્મોની ક્ષપણા શરૂ થાય છે,તેથી હવે ત્યાં એ ક્ષપણા પૂર્ણ થયે મોહનીય કર્મનો ક્ષયોપશમ રહેતો નથી. તેથી જ એ ક્ષયોપશમથી નીપજેલા જે ક્ષાયોપશમિક ક્ષમાદિ ધર્મો, તેનો ત્યાગ થઇ ક્ષાયિક કોટિના એ ધર્મો પ્રગટ થાય છે. પૂર્વ સામર્થ્યયોગમાં-બે સંન્યાસ બે ત્યાગની વાત કહી છે; એક ધર્મ -સંન્યાસ (સંન્યાસ=ત્યાગ), અને બીજો યોગ-સંન્યાસ. બંને ય સામર્થ્યયોગથી જ થવાના. પરંતુ એમાં યોગસંન્યાસ તો નિર્વાણની નજીકમાં થવાનો. પણ પહેલો 'ધર્મ સંન્યાસ' એટલે કે ક્ષાયોપશમિક ધર્મોનો ત્યાગ, એ દ્વિતીય અપૂર્વકરણથી થાય છે.

## ઔપચારિક ધર્મસંન્યાસ દીક્ષા વખતે :-

શાસ્ત્રકાર મહર્ષિ કહે છે કે તાત્ત્વિક પારમાર્થિક ધર્મસંન્યાસ, ધર્મત્યાગ એ સામર્થ્યયોગનો છે. બાકી ઔપચારિક (ગૌણ) ધર્મત્યાગ તો દીક્ષા લેતી વખતે છઠ્ઠે ગુણઠાણે પણ હોય છે. ત્યાં દીક્ષા વખતે થતા ધર્મત્યાગનો અર્થ દ્રવ્યસ્તવ-પ્રવૃત્તિરૂપ ધર્મનો ત્યાગ સમજવાનો છે. દા.ત. ગૃહસ્થ માટે શ્રી અરિહંત પ્રભુની દ્રવ્યપૂજાની પ્રવૃત્તિ એ ધર્મ છે, તેમ સાધર્મિક - વાત્સલ્ય અર્થાત્ શ્રાવકોની સારંભ ભકિત કરવાની પ્રવૃત્તિ એ ધર્મ છે; પરંતુ સાધુપણું લેતાં એવી સઘળી સાવદ્ય પ્રવૃત્તિ રૂપી ધર્મનો ત્યાગ કરવામાં આવે છે. આનું કારણ એ છે કે, -

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સાધુ-દીક્ષા એ સારંભ દ્રવ્ય-સ્તવના ત્યાગપૂર્વક નિરારંભ ભાવસ્તવરૂપ જ્ઞાનયોગનો સ્વીકાર કરવારૂપ છે.**

**જ્ઞાનયોગ :** અહીં દીક્ષા અંગીકાર કરી, એટલે જ્ઞાનયોગ સ્વીકાર્યો, એમ કહ્યું. મોહયોગ સંસારમાં છે, ત્યારે જ્ઞાનયોગ ચારિત્રમાં છે. જ્ઞાનયોગનો ખપ હોય તો જ ચારિત્ર લેવું પ્રમાણ ગણાય. એટલા જ માટે ચારિત્રના અધિકારી તરીકે ભવ-વિરક્તને જ અર્થાત્ સંસાર પ્રત્યે વૈરાગ્ય ધરાવનારને જ ગણ્યો. કેમકે સંસાર પર એકાંત જેને વૈરાગ્ય છે, એ હવે સંસારના મોહાનુસારી જીવનથી કંટાળ્યો છે. એને હવે મોહના ઊભા કરેલા ઇષ્ટાનિષ્ટ વિષયો અને ફોગટિયા સગાઈ-સંબંધો ગમતા નથી; એ દુન્યવી વિષયો ને પરિવાર ખાતર કરવી પડતી સાવદ્ય પ્રવૃત્તિ પણ એના મનમાં ભારે ખૂંચે છે. આ મોહ-સંબંધો અને એના યોગે કરવી પડતી સાવદ્ય પ્રવૃત્તિ એ મોહયોગ છે. સાચા વિરાગીને એના પ્રત્યે ભારે નફરત છે, અરુચિ અને દુઃખ છે. એને તો હવે ગમે છે પરમાત્મા સાથે સંબંધ, પરમાત્માના શાસન સાથે સંબંધ, અને એ અંગેની જ પ્રવૃત્તિ. આ બધું માત્ર જ્ઞાનમૂલક છે, જરાય મોહપ્રેર્યું નથી; તેથી એ જ્ઞાનયોગ છે. અર્થાત્ જ્ઞાનના લીધે જ થતો 'યોગ' છે, સમ્યગ્ બોધથી જ નીપજતી મન-વચન-કાયાની પ્રવૃત્તિ છે.

જ્ઞાનયોગનો બીજો અર્થ એમ પણ થાય કે 'જ્ઞાનમય યોગ' અર્થાત્ સાધ્વાચારો અંગે માનસિક ચિંતનાદિ અને વાચિક બોલ તથા કાયિક ક્રિયાઓ ખુદ જ્ઞાનમય છે, જ્ઞાન ગર્ભિત છે, તત્ત્વજ્ઞાનની પરિણતિથી સર્વથા વ્યાપ્ત છે. આવું સાંસારિક દુન્યવી પ્રવૃત્તિમાં નથી, તેથી તે જ્ઞાનયોગ નથી. આમ ચારિત્ર જ્ઞાનયોગ-સ્વરૂપ હોવાથી સંસારથી અને સંસારના ભોગોથી વિરક્ત બનેલાને જ ચારિત્રનો અધિકારી ગણ્યો. એ વાત ચારિત્રની યોગ્યતા માટે દર્શાવેલ સોળ ગુણો પરથી નક્કી થાય છે.

**જે સંસારથી વિરક્ત, ભોગ-વિરક્ત બન્યો, તે ચારિત્ર માટે યોગ્ય બને છે.**

✡ ✡ ✡

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રવ્રજ્યાની યોગ્યતા : ૧૬ ગુણ

પ્રવ્રજ્યાને યોગ્ય કોણ બને ? એના ૧૬ ગુણો આ પ્રમાણે બતાવેલા છે :

(૧) ચારિત્રાર્થી **આર્ય દેશમાં જન્મ્યો** હોય, તથા (૨) **વિશિષ્ટ કોટિના જ્ઞાતિ અને કુળે કરીને** સહિત હોય. આર્યદેશમાં જન્મ એ ગળથુથીમાં સારા સંસ્કારોની ભેટ આપે છે. વિશિષ્ટ જ્ઞાતિ અને વિશિષ્ટ કુળની ખાનદાની અકાર્ય કરતાં અટકાવે છે. નથી ને ચારિત્ર લીધા પછી કદાચ મોહનો ઉદય જાગ્યો, તો કુળની ખાનદાનીની આત્મા પર શરમ પડશે, મનને એમ થશે કે 'આવા ઊંચા કુળમાં જન્મેલો હું મારાથી અકાર્ય કે વ્રત-ભંગ કેમ જ થાય ? નહિતર પછી મારામાં અને ઢેડ-ભંગીમાં ફરક શો ?' આમ વિચારી સદ્‌વિચારમાં પાછો ફરી પ્રતિજ્ઞાને દ્રઢપણે વળગી રહેશે. તેમ એ પણ લાભ છે કે વિશિષ્ઠ જ્ઞાતિ અને કુળના હિસાબે એના લોહીમાં એવા અણુઓ હશે કે જે એને ઉત્તમ સાત્ત્વિક પુરુષાર્થ અને પ્રગતિ કરવામાં ખૂબ જ પ્રેરક બનશે.

વળી (૩) ચારિત્રાર્થી **'ક્ષીણ પ્રાય કર્મમલ'** હોવો જોઇએ, અર્થાત્ સર્વ કર્મમાં ભયંકર જે મોહનીય કર્મ, તેમાંનું મિથ્યાત્વ કર્મ તો ઉદયમાં હોય જ નહિ; ઉપરાંત, ચારિત્ર-મોહનીય કર્મ ઘણું ઘણું નાશ પામી ગયું હોય.

પ્ર૦ - ગુરુ આ શી રીતે જાણી શકે કે દીક્ષાર્થીનું ચારિત્ર-મોહનીય કર્મ ઘણું નષ્ટ થયું છે ?

ઉ૦ - દીક્ષાર્થી એ કર્મમળ ક્ષીણપ્રાય થવાથી **'વિમળ બુદ્ધિ'વાળો** બનેલ હોય.

(૪) ચારિત્રાર્થી **વિમળ બુદ્ધિવાળો** હોય, એટલે કે એની બુદ્ધિ હવે નિર્મળ બની ગઇ હોય. અર્થાત્ આજ સુધી નડતી અનેક પ્રકારની વાસનાઓ અને વિકારોના મળ હવે સાફ થઇ જવાથી એની બુદ્ધિ વાસનામય ન હોય, વિકારી ન હોય. આ વસ્તુ એના વર્તાવ અને ઉદ્‌ગાર પરથી તેમજ આગળ બતાવશે એ ગુણો પરથી સમજી શકાય છે.

(૫) બુદ્ધિ નિર્મળ થવાના યોગે પાંચમો ગુણ એ બતાવ્યો કે એને સંસારની નિર્ગુણતાનું - અસારતાનું ભાન હોય. 'સંસાર નગુણો છે', - એવું સમજે છે તે. સંસાર નગુણો એટલા માટે કે એને મનમાં સચોટ ભાસે છે કે (અ) જે મનુષ્યપણું મળવું ઘણું જ દુર્લભ છે, (બ) જે પાછું અશુભ કરણીના યોગે ભાવી અનેક જન્મમરણનું નિમિત્ત બને છે, વળી (ક) જેમાં સંપત્તિઓ જીવને રાગ-મમતા-તૃષ્ણા, ને અશુભ વિચાર-વાણી-વર્તાવ કરાવે છે, ને (ડ) જે વળી વિજળીના ઝબૂકા જેવી ચપળ છે, ચંચળ છે, એનો અર્થ એ છે કે સંપત્તિ તો કદાચ આ જન્મ જીવતાં જીવતાં જ અથવા આ જન્મના છેડે ચાલી જનારી છે, પરંતુ તજ્જન્ય પાપ કર્મો અને પાપ સંસ્કારો પરભવે સાથે આવવાના, વળી (ઇ) જેમાં વિષયો વિપાકદારુણ છે; સંસારમાં જીવને જે ઇષ્ટ અનિષ્ટ રૂપ-રસ-ગંધ... વગરે વિષયો મળે છે એ વિષવૃક્ષના ફળની જેમ ભયંકર દુઃખને દેનારા બને છે. ત્યારે (ફ) જે સંસારની વળી એક મોહિની કુટુંબ-પરિવારનો સંયોગ, તે અંતે અવશ્ય વિયોગમાં પરિણમે છે, ને એ જીવને દુઃખરૂપ બને છે. માટે પરિવારના સંગ માથે કરે એટલે સમજી રાખવાનું સરવાળે એને દુઃખ જ આવવાનું, 'સંજોગમૂલા જીવેણ પત્તા દુઃખપરંપરા.' આમ સંપત્તિ વિષયો પરિવારની પાછળ કરેલા રકમબંધ રાગાદિ પાપોના ફળમાં સંસાર શું દેખાડે છે ? દુર્ગતિ-ભ્રમણનાં કારમા દુઃખ દેખાડે છે ! ઉપકાર પર અપકાર કરનાર નગુણા માણસની જેમ એ સંસાર કેવો નિર્ગુણ ! અને વર્તનમાંય કેવો માલ વિનાનો ! માટે સંસાર કેવો નિસ્સાર ! એમાં વળી આયુષ્ય કર્મની દૃષ્ટિએ જોઇએ તો, સંસાર નિસ્સાર એટલા માટે કે એમાં જીવનાં આયુષ્ય કર્મનાં દળિયાં ક્ષણે ક્ષણે ભોગવાઇ ભોગવાઇને નાશ પામતા જાય છે. એ પ્રતિક્ષણ મરણ જ છે. મરણ શું છે ? આયુષ્ય કર્મનો નાશ. તો અહીં પ્રત્યેક ક્ષણે આયુષ્ય કર્મ નાશ પામતું હોઇ, એ મૃત્યુ જ છે. એમ કરતાં જીવને અંતે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહા-મૃત્યુ પામી અહીંથી નવો જન્મ લેવા ચાલી જવું પડે છે ! ત્યાં અહીંના કરેલા હિંસાદિ પાપોનો, મોહનો અને રાગદ્વેષનો દારુણ વિપાક અર્થાત્ ભયંકર દુઃખદ નતીજો ભોગવવો પડે છે. આવી રીતે સંસારની નિર્ગુણતા અને સારરહિતતાનું ભાન દીક્ષાર્થીને હોવું જોઇએ.

**રુકમણિને ૧૬ ઘડીના પાપની ૧૬ વરસની સજા :-**

સંસારની એક નાનીશી મોજની પ્રવૃત્તિ કેવી દુઃખદ નીવડે છે, એના દૃષ્ટાંતમાં, - કૃષ્ણ વાસુદેવની પટરાણી રુકમણિ પૂર્વભવમાં પોતાના પતિ સાથે વનમાં ફરવા ગયેલી ત્યાં મોરલી વિયાણી હતી. એમાંથી એક મોરલીનું ઈંડુ સુંદર લાગી હાથમાં લીધું. હાથ કંકુવર્ણના, તેથી ઈંડુ લાલ થઇ ગયું. તે પાછુ મૂકી તો દીધું, પરંતુ મોરલી એને ઓળખી ન શકવાથી ઝૂરવા લાગી, ને ૧૬ ઘડી પછી વરસાદ પડતાં ઈંડુ ધોવાયું, રંગ ઊતરી ગયો, એટલે મોરલી પાછું સફેદ ઈંડુ જોઇ રાજીરાજી થઇ ગઇ ! રુકમણિની મોજમાં આ ૧૬ ઘડીમાં મોરલીને થયેલ વિરહ-વેદનાના પાપે રુકિમણીની મોજમાં આ ૧૬ ઘડીમાં મોરલીને થયેલ વિરહ-વેદનાના પાપે રુકિમણીએ ૧૬ વર્ષના પુત્ર-વિયોગનું પાપ ઉપાજર્યુ ! આ સંસાર !

શાંતિનાથ ભગવાનના પુત્ર અને ગણધર ચક્રાયુધ એક ભવમાં અપરાજિત બળદેવ અને અનંતવીર્ય વાસુદેવ નાટકણીના રૂપે પ્રતિવાસુદેવની કન્યા કનકશ્રીને નૃત્યકળા શીખવતા. એમાં ભાઇ બળદેવના મુખે વાસુદેવના સૌંદર્ય, પરાક્રમ;... વગેરે ગુણ ગવાયા. એ સાંભળીને કનકશ્રી એકદમ આવર્જિત થઇ. પછી ત્યાં રૂપ પલટી મૂળ રૂપે વાસુદેવનાં દર્શન આપ્યા. કનકશ્રી એ જોઇને સ્તબ્ધ થઇ ગઇ ! કહે 'હમણાં જ ગાંધર્વ-વિવાહથી પરણી લો, નહીંતર આપઘાત કરી સ્ત્રી હત્યાનું પાપ આપીશ.' વાસુદેવ કહે 'અમારા દેશમાં ચાલ.' વિકુર્વેલા વિમાનમાં ચાલી. એનો બાપ સામે લડવા આવ્યો પણ હાર્યો, ને એના પોતાના જ ચક્રથી મરાયો ! રસ્તામાં કેવળજ્ઞાનીને કનકશ્રીએ પૂછ્યું, -'પ્રભુ ! શું મારું એવું પુણ્ય કે આટલી ઉચ્ચ સ્થિતિ મળી ? અને છતાં શું મારું એવું પાપ કે મારા બાપના મોતમાં હું નિમિત્ત થઇ ? ને પૂર્વ કુટુંબીઓનો વિયોગ થયો ?' ત્યારે કેવળીએ કહ્યું 'પૂર્વે તું ગરીબ બ્રાહ્મણી પણ મુનિના ઉપદેશથી તપમાં ચડી, જિનભકિત, સાધુભકિત કરનારી બની, એથી આ પુણ્ય પામી ! પણ મનમાં સંદેહ પડયો કે 'તપથી કાયા ઓગાળી ધન સુખના બદલે ધર્મમાં ખર્ચ્યું. તો આ ધર્મનું ફળ મળશે ખરુ ?' બસ, આ 'ધર્મના ફળમાં સંદેહ' રૂપ વિપરીત કલ્પના કરી તેથી આ દુઃખનું પાપ બાંધ્યું. કનકશ્રીને થયું 'આ સંસાર ? તરત વાસુદેવને કહે, 'સાંભળ્યું ? જો એક વિપરીત કલ્પનાનું આ ફળ, તો સંસારમાં તો રોજના જીવનમાં કેટલીય વિપરીત કલ્પનાઓ ને પાપ વિચારો ચાલે; ઉપરાંત કેટલાય પાપવચન બોલાય અને પાપ કાર્યો થાય. એના તમામના ફળ ભોગવવા કેટલાય દુર્ગતિના ભવ કરવા પડે ? માટે આવો સંસાર મારે જોઇતો નથી. મને ચારિત્ર અપાવી દ્યો.' બસ એમ ચારિત્ર લઇ કર્મ ખપાવી મોક્ષે ગઇ.

**ચારિત્રાર્થીની યોગ્યતાનો છટ્ઠો ગુણ : વૈરાગ્ય :-**

(૬) તેથી જ એવા સંસારથી **વિરકત** હોય. એને સંસાર પર લેશમાત્ર આસ્થા ન હોય, ઊલટું એવો અણવિશ્વાસ હોય કે રખેને આમાં ઠગાઇ-ફસાઇને પાપત્યાગ અને ધર્મ સાધ્યા વિના એમ જ મરું તો ? સંસારનો એને ભારે કંટાળો હોય.

(૭) સાતમો ગુણ **'પ્રતનુ કષાય'**=સંસારના મૂળભૂત જે કષાયો, તે એના પાતળા પડી ગયા હોય. અત્યાર સુધી કષાય જોરદાર હતા. હવે વિચારપૂર્વકની પ્રવૃત્તિ હોય એટલે કષાય કરતાં વિચાર કરે, અલ્પ કષાય કરે, કેમકે ક્રોધાદિ કષાયો જો દુર્બલ ન થયા હોય તો ચારિત્રી બન્યા પછી ચારિત્રમાં પાછો નવો સંસાર સર્જવાનો !

(૮) **'અલ્પ-હાસ્યાદિ'** - દીક્ષાર્થીના જીવનમાં હાસ્યાદિ ન હોવા જોઇએ. અથવા નહિવત્ કવચિત્

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનતા હોય તો તે સહેજ મુખમલક જેવા, ત્યાં મુખ-વિકાર રહિત હોય. હાસ્યાદિ એટલે હાસ્ય-કુતુહલ,શોક-વિલાપ,હર્ષ-ઉદ્વેગ,ભય-જુગુપ્સા કામ-ચેષ્ટા વગેરે ન હોય. મુમુક્ષુમાં જો આ દોષો હોય તો સમજવું પડે કે એનામાં હજી હાસ્યના હિસાબે છીછરાપણું અને તુચ્છતા છે, ગંભીરતા નથી; શોકના હિસાબે પુદ્‌ગલાસકિત છે, વિરાગ નથી. ભયના હિસાબે નિઃસત્ત્વતા છે, જુગુપ્સાના હિસાબે કાં અહંભાવ છે કે કાં જડ-સંગિતા છે, કામના હિસાબે વેદનો ઉદય છે. હર્ષ-ઉદ્વેગના હિસાબે જડનાં મૂલ્યાંકન અને જડની પરાધીનતા છે. આ હાસ્યાદિ દોષો ન હોય એ જ અંતરાત્મામાં ઠરેલો હોય. આ એ રીતે વિચારીને આવે કે 'મારા માથે કર્મોનો ભાર કેટલો ? અનંત કર્મોથી હું જકડાયો છું, ત્યાં હસવું-ખીલવું શું ? ઇષ્ટના સંયોગમાં ખુશી શું થવું ? અને અનિષ્ટમાં દુઃખી શું થવું ?' કર્મોનો માથા પર ભારે ભાર લાગે એટલે હાસ્યાદિ કયાં કરે ? એ તો કષ્ટથી ભયભીત ત્રસ્ત હોય, જેમકે હરણિયા વાઘ-વરુના ભયથી ત્રસ્ત, ત્રાસ પામેલાની જેમ એને જંગલમાં રહીને વાઘ-વરુની શંકાથી એનાથી બચવા મોજ નથી સૂઝતી પણ થોડી થોડી વારે દોડાદોડ કરે છે. એમ આ જીવને પણ કર્મભયથી લાગતું હોય કે અહીં કાંક કર્મ તો નહિ લાગે ? આ ભય સતત રહેતો હોય ત્યાં પછી હાસ્ય-મજાક વગેરે શાના સૂઝે ?

(૯) વળી દીક્ષાર્થી **'કૃતજ્ઞ'** હોવો જોઇએ, કેમકે જો કૃતજ્ઞ એટલે કે પોતાના ઉપર કોઇએ કરેલા ઉપકારને જાણનારો અને કદર કરનારો નહિ હોય, તો ગુરુ પ્રત્યે વિનય-સેવા-સમર્પણના લક્ષવાળો નહિ થાય. દીક્ષા અને જ્ઞાન-શિક્ષા જેવા અતિમહાન ઉપકારને લીધા પછી પણ કદાચિત્ સ્વાર્થાંધ બની એ ઉપકારને ભૂલશે ! જરૂર પડયે ઉપકારી ગુરુ વગેરેનો ઉપરથી સામનો કરશે ! માટે મુમુક્ષુ આત્મા ઉપકારી વડીલજનોની કૃતજ્ઞતા સમજી પૂજા ભકિતવાળો હોય.

(૧૦) એ **'વિનીત'** હોવો જોઇએ. વિનય એ ધર્મનું મૂળ છે. ચારિત્રનો પાયો છે. એની તો ચારિત્રમાં ડગલે ને પગલે જરૂર રહે છે. વિનય ન હોય તો બીજા ગુણો આવે નહિ. પ્રથમ તો જ્ઞાન જ ન મળે. જ્ઞાન એ જાણવું એમ નહીં, જ્ઞાન એ પરિણમવું જોઇએ. જ્ઞાન પરિણત થવા માટે વિનય પાયામાં જોઇએ. વળી,

(૧૧) દીક્ષાર્થી **'રાજા-અમાત્ય-પૌરજનને બહુમત-સમ્મત'** હોય, પૂર્વે પણ એ રાજા અને શહેરીજનોને સારો માન્ય હોવો જોઇએ. જો રાજા, પ્રધાન વગેરે આ દીક્ષાર્થીને નાલાયક ગણતા હોય, યા એના પ્રત્યે બહુજન વિરોધ હોય, ત્યારે વિચારવું પડે કે 'દીક્ષાર્થી'માં કોઇ મોટી ખામી હોવી જોઇએ.' આપણા અનુચિત વર્તાવ વિના લોકનો આપણા પ્રત્યે વિરોધ-અરુચિ શા માટે થાય ? અને જીવનમાં જો એવી અયોગ્ય કાર્યવાહી હોય, ને દીક્ષા લે, તો કદાચ રાજા વગેરે રૂઠે, લોક વધુ નિન્દે, અને પછી પણ દીક્ષિત બીજું કાંઇ અનુચિત કરી બેસવાનો સંભવ રહે. માટે એ દીક્ષાને લાયક નહિ.

(૧૨) **'અદ્રોહકારી'** = મુમુક્ષુ આત્મા દ્રોહકારી ન હોવો જોઇએ. વિશ્વાસઘાતી ન જોઇએ. સંસારમાં કોઇનો દ્રોહ-વિશ્વાસઘાત કરનારો હોય, તો અહીં ચારિત્રમાં પણ કયારેક એવા કોક લોભ યા હઠાગ્રહમાં ગુરુનો સાધુઓનો સાધુમાર્ગનો અને શાસનનો દ્રોહકારી મહાનુકસાન કરી બેસે ! જેમ વિનયરત્ન.

(૧૩) દીક્ષાર્થી **"કલ્યાણાંગ"** અખંડ અંગોપાંગવાળો હોય. એના અંગોપાંગ સાબૂત જોઇએ, અખંડ હોય. આંખે કાણો, પગે લંગડો, હાથે ઠૂંઠો, એ એવો નહિ. લુલો લંગડો દીક્ષિત થયો હોય તો લોક કહે 'જોયું ? આ ધર્મમાં આવા લુલિયા-જમાલિયા એ ધર્મગુરુ !' એમ કહી નિંદા કરે; એટલે ધર્મ પ્રત્યે બહુજનને અપ્રીતિ થાય માટે એવાને દીક્ષા ન અપાય. લલિતવિસ્તરામાં કહ્યું છે - 'ચારિત્રનો અધિકારી કોને ગણવો ? તો કે જે ચારિત્ર ધર્મનો અર્થી હોય અને પાળવા સમર્થ પણ હોય અને શાસ્ત્રે જેનો નિષેધ ન કર્યો હોય.' આમાં નિષિદ્ધ તરીકે ક્ષત-અંગ, શરીર-જડ વગેરે લીધા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૪) **શ્રાદ્ધ** = દીક્ષાર્થી શ્રાદ્ધ એટલે કે અખૂટ ધર્મશ્રદ્ધાવાળો જોઇએ. નહિતર પોતાની જ શ્રદ્ધાના અભાવે બીજાને ય અશ્રદ્ધાળુ કરશે ! તેમ શ્રદ્ધાના અભાવે પોતાને ચારિત્ર ધર્મ પરિણમશે નહિ, પછી ભલે ચારિત્ર ધર્મની ક્રિયાઓ કરતો હશે.

(૧૫) વળી દીક્ષાર્થી **'સ્થિર'** જોઇએ. એટલે કે લીધેલી પ્રતિજ્ઞાઓ અને ઉત્તમ કડક માર્ગને વહન કરવાની આડે ઊભા થતાં વિઘ્નોનો સામનો કરી, પરિસહ-ઉપસર્ગમાં અચલ રહી, સ્વવ્રતો અને સમિતિ-ગુપ્તિ વગેરેના પાલનમાં સ્થિર નિશ્ચલ રહેનારો જોઇએ, નહિતર ચંચળ તો વ્રતભંગ કે સાધુતાનો ત્યાગ કરી બેસે.

(૧૬) છેલ્લે દીક્ષાર્થી **"સમુપસંપન્ન"** જોઇએ, અર્થાત્ ગુરુને સારી રીતે શરણે આવેલો જોઇએ, આત્માનું અર્પણ કરનારો જોઇએ. ગુરુને કહે કે, 'હવે આપની આંખ એ જ મારી આંખ. આપનું મન એ જ મારું મન, આપની રુચિ એ જ મારી રુચિ, આપની ઇચ્છા એ જ મારી ઇચ્છા, આપનો આદેશ એ જ મારું જીવન અર્થાત્ 'આપની આંખ-કાન-જીભને જે ગમે એ જ મને, મારા આં-કાન-જીભને ગમે. આપનું મન વિચારે એ જ મારું મન વિચારે.'

**ગુરુને સમર્પણ જો ન હોય તો દીક્ષા લીધા પછી, -**

(૧) વાસ્તવિક ગુરુ-નિશ્રા એ સેવી નહિ શકે. (૨) ગુરુને પરતંત્ર નહિ રહી શકે. (૩) ગુરુ પાસેથી મેળવવા યોગ્ય સારી હિતશિક્ષા, જ્ઞાનાભ્યાસ વગેરે નહિ મેળવી શકે. (૪) ગુરુ-વચન અને ગુરુ-પ્રવૃત્તિ પર અનેક જાતના પાપ વિકલ્પો કરશે. (૫) ગુરુ કહે કાંઇ, ને શિષ્ય કરે કંઇ; પણ ગુરુની ઇચ્છાનો અનુવર્તી નહિ થાય. જીવનમાં માત્ર આજ્ઞાનુસારિતા જ નહિ પણ ગુરુની ઇચ્છાનુવર્તીતા હોય. આ સમર્પણનો ગુણ મોટો છે. જીવને એટલું સમજાવી દેવું જોઇએ કે 'આટઆટલી સેવા કરે છે, પણ પછી સમર્પણ શું કામ બાકી રાખે ? સમર્પણ માટે અહંને દૂર કરવો જોઇએ. જીવનમાં જો સેવા સાથે સમર્પણ હોય, તો એ જીવને ન્યાલ કરી નાખે.'

**આ ૧૬ ગુણોથી રહિત હોય તે જ્ઞાનયોગને આરાધી શકે નહિ.**

# જ્ઞાન યોગ

૧૬ ગુણથી શું આવે ? અત્યાર સુધી બધી પ્રવૃત્તિમાં મોહનો યોગ ચાલતો હતો, તે હવે જ્ઞાનયોગ આવે. દા.ત.

**પૂર્વે અનંતા કાળમાં** ચારિત્ર પાળ્યા તે મોહયોગથી પાળ્યા. એમાં મોહ આ રીતે કામ કરી ગયો કે 'ચારિત્ર શા માટે પાળું ? તો કે ચારિત્રમાં સારું છે કે કમાવાની ચિંતા જ નહિ. તપ શા માટે કરું ? તો કે શરીર સુધરી જાય. શાસ્ત્ર શા માટે ભણું ? તો કે લોકોમાં માન, સન્માન મળે.' - આવા ઉદ્દેશ રાખવા એ બધો મોહયોગ છે.

**જ્ઞાનયોગમાં આવી ઉદ્દેશ શુદ્ધિ હોય,**

ખરી રીતે ચારિત્ર શા માટે પાળવું ? તો કે આત્મા પાપ માત્રથી બચે. તપ શા માટે કરવો ? તે કે દુષ્ટ આહારસંજ્ઞા મોળી પડે, ને તપથી જનમ-જનમના કર્મ ખપે.

શાસ્ત્રો શા માટે ભણવા ? તો કે (૧) આત્માને હેય-ઉપાદેયનો વિવેક આવે, અને હેયનો ત્યાગ તથા ઉપાદેયમાં આદર થાય, પ્રવૃત્તિ થાય, અથવા શાસ્ત્ર શા માટે ભણવા ? તો કે (૨) શાસ્ત્રમાં જ મન રહેવાથી મન પાપ વિકલ્પોથી બચે.

આવા પવિત્ર ઉદ્દેશ રાખીને તે તે પ્રવૃત્તિ થઇ કહેવાય. આ ૧૬ ગુણ ન હોય એ આવા જ્ઞાનયોગને આરાધી નહિ શકે. જયારે આ ૧૬ ગુણ જેનામાં હોય એ ઉત્તમ જીવ જ્ઞાનયોગને સારો ન આરાધી શકે એમ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બને નહિ.

સોળ ગુણો જ એવી કોટિના છે કે ગુણોને 'મોહયોગ' સાથે મેળ જામે જ નહિ, તેમ એ ગુણવાળો 'જ્ઞાનયોગ' વિના રહી શકે નહિ. બીજી રીતે જોઈએ તો મોહયોગને આ ગુણો સાથે મેળ ન જામે. ત્યારે જ્ઞાનયોગને આ ગુણો સિવાય ચાલે નહિ. આનો અર્થ એ છે કે તમારે ગૃહસ્થપણામાં પણ અંશેય જ્ઞાનયોગનું જીવન જીવવું હોય તો અંશે પણ આ ગુણોનો અભ્યાસ કેળવવો જરૂરી છે. માટે તો શ્રાવક જીવનમાં જિનભકિત-સાધુ સેવા, ધર્મ શ્રવણ સામાયિક પ્રતિક્રમણ-પૌષધ, ત્યાગ-તપસ્યા વગેરે યોગો સાધવાના કહ્યા છે. એ અભ્યાસ ઊંચો વધી જતાં પૂર્ણ જ્ઞાનયોગનું જીવન અવશ્ય પ્રાપ્ત થશે. સોળ ગુણો એ તો વિમાન છે. એમાં આરૂઢ થયા એટલે તો જ્ઞાનયોગના ગગન-વિહારને મોજથી આદરવાનું ! આપણી વાત એ હતી કે ધર્મસંન્યાસ ગૌણપણે તો દીક્ષા લેતી વખતે ય આવે છે, કેમકે ત્યાં સાંસારિક પ્રવૃત્તિ ધર્મનો ત્યાગ કરી જ્ઞાનયોગનું નિવૃત્તિ જીવન સ્વીકારવામાં આવે છે. પરંતુ તાત્ત્વિકપણે 'સર્વ ક્ષાયોપશમિક ધર્મોના ત્યાગ' રૂપી ધર્મસંન્યાસ દ્વિતીય અપૂર્વકરણે પ્રાપ્ત થાય છે. આ દ્વિતીય અપૂર્વકરણ માટે વિશિષ્ટ સામર્થ્યયોગની જરૂર રહે છે; અને એ જ્ઞાનયોગના ખૂબ અભ્યાસથી પ્રાપ્ત થાય છે.

## જિનાગમ ૧. સત્યાર્થ ૨. ભૂતાર્થ ૩. નિરૂપિતાર્થ :-

અહીં અપૂર્વકરણ સામર્થ્યયોગ વગેરેની જે વાતો કહી, તેને અંગે સમર્થ શાસ્ત્રકાર લખે છે કે આ બધી વાતોને કહેનાર આગમ છે, અને આગમ એ જેનું તેનું વચન નથી. કિન્તુ સર્વજ્ઞ ભગવાનનું વચન છે, સર્વજ્ઞ પ્રભુની દેશના છે. માટે એ સર્વજ્ઞના આગમ **(૧) સત્યાર્થ છે, (૨) ભૂતાર્થ છે, (૩) નિરુપિતાર્થ છે.** અર્થાત્

'સત્યાર્થ' એટલે કે સત્ય પદાર્થને કહેનારા છે, પણ અસત્ય જૂઠા પદાર્થને કહેનારા નહિ. દા.ત. જે શાસ્ત્ર એમ કહે કે 'બકરાની ક્રૂર હિંસામય યજ્ઞથી સ્વર્ગ મળે છે' તો એ અસત્ય પદાર્થ છે, કેમકે જો હિંસાથી સ્વર્ગે જવાતું હોય તો નરકે કોણ જશે ? સર્વજ્ઞ-આગમ અહિંસાદિને જ આત્મહિતકર બતાવી સત્યાર્થ કહેનારા છે.

'ભૂતાર્થ' એટલે કે સદ્ભૂત પદાર્થ યાને વાસ્તવ હકીકતમાં સત્ છે એવા પદાર્થને કહેનારા, કિન્તુ વાસ્તવમાં સત્ નહિ એવા દા.ત. 'અદ્વૈત બ્રહ્મ,' એકાન્તક્ષણિક જગત...વગેરે કાલ્પનિક પદાર્થને કહેનારા નહિ.

'નિરૂપિતાર્થ' અર્થાત્ બરાબર તપાસેલા, એટલે કે સર્વ પ્રત્યક્ષ આદિ પ્રમાણથી પરીક્ષેલા પદાર્થને કહેનારું છે, સાક્ષાત નિહાળેલી વસ્તુને ઉપદેશનારું છે. કિન્તુ વગર પરખેલા અને વગર દેખેલા પદાર્થને તર્ક કે કલ્પના માત્રથી કહેનારું નથી.

એટલે તો તીર્થંકર ભગવાન અવધિજ્ઞાન અને મનઃપર્યાય જેવા દિવ્યજ્ઞાનને ધરનારા છતાં, અર્થાત્ અતીન્દ્રિયાર્થ-દ્રષ્ટા હોવા છતાં જયાં સુધી કેવળજ્ઞાન અર્થાત્ અનંત-અતીત-અનાગત-વર્તમાન સમસ્ત દ્રવ્ય-સમસ્ત પર્યાયોને પ્રત્યક્ષ દેખનાર જ્ઞાની થાય નહિ ત્યાં સુધી પોતે સ્વતંત્રપણે તત્ત્વનિરૂપણ કરતા નથી. એટલે હવે સર્વજ્ઞ કેવળજ્ઞાની બન્યા પછી જે કાંઈ કહે છે તે પ્રત્યક્ષ દેખાતું જ કહે છે.

## સામર્થ્યયોગનું બીજું સ્વરૂપ 'યોગ સંન્યાસ' :-

ધર્મ-સંન્યાસ કરાવનાર બીજું 'અપૂર્વકરણ' જોઈ આવ્યા, એ સામર્થ્યયોગના ઉત્તમ કાર્ય માટે બને છે. ઈચ્છાયોગ-શાસ્ત્રયોગની કોટિના ધર્મયોગ માટે વિશિષ્ટ કોટિનો શ્રેષ્ઠ પુરુષાર્થ જરૂરી છે. એ પુરુષાર્થ શાસ્ત્રગમ્ય નથી, અનુભવગમ્ય છે. એનું કાર્ય, અપૂર્વકરણ દ્વારા ક્ષાયોપશમિક ધર્મો ત્યજાવી, અર્થાત ધર્મસંન્યાસ નામના સામર્થ્યયોગને સધાવી, ક્ષાયિક ધર્મો પમાડવાનું છે. એથી આત્મા ચાર-ઘાતી કર્મોના નાશથી અનંત અક્ષય જ્ઞાન-દર્શન-ચારિત્ર અને વીર્યાદિલબ્ધિ પામે છે. એટલે હવે વીતરાગ સર્વજ્ઞ બને છે, ને ૧૩મા ગુણઠાણે આરૂઢ થાય છે. પરંતુ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે જ મોક્ષ અને સર્વકર્મથી છૂટકારો નથી થઇ જતો, અર્થાત્ સર્વેય કર્મનો અંત નથી જતો. હજી ચાર અઘાતીકર્મનો નાશ કરવો બાકી રહે છે. તેથી પહેલાં તો તેરમે ગુણઠાણે એનો લગભગ બધો ભોગવટો કર્યા બાદ, છેવટનો એ ચાર અઘાતીનો અલ્પ અંશ ભોગવી નાશ કરવા માટે ચૌદમું ગુણસ્થાનક પ્રાપ્ત કરવું છે. એ માટે તેરમાં ગુણઠાણાના અંતિમ ભાગમાં 'શૈલેશીકરણ' અર્થાત્ સર્વથા યોગરહિત એવી શૈલેશી-અવસ્થા ઊભી કરવા 'યોગ-સંન્યાસ' નામના સામર્થ્યયોગના અનન્ય પુરુષાર્થથી બની શકે છે. આ શૈલેશી માટે જે યોગસંન્યાસ કરવામાં આવે છે, તે દ્વિતીય સામર્થ્યયોગ છે. પહેલો 'ધર્મસંન્યાસ' નામે સામર્થ્યયોગ; અને આ બીજો 'યોગસંન્યાસ' નામે સામર્થ્યયોગ કહેવામાં આવ્યો. પહેલા ધર્મ સંન્યાસમાં મુખ્ય હેતુભૂત શુકલધ્યાનના પહેલા બે પાયાના આલંબન હોય છે; અને યોગ સંન્યાસમાં કારણ તરીકે એના જ છેલ્લા બે પાયાનું આલંબન હોય છે.

એક ખાસ ખુલાસો :- અહીં આપણે પૂર્વે વિવેચન કરતાં ધર્મસંન્યાસ-યોગસંન્યાસને સામર્થ્યયોગનાં બે કાર્ય તરીકે વર્ણવ્યા હતા, તે એ હિસાબે કે સામર્થ્યયોગ એક જબરદસ્ત આત્મ પુરુષાર્થ છે, અને તેના પરિણામે આ બે સંન્યાસ નીપજે છે. પરંતુ 'સામર્થ્યયોગ' ખરી રીતે માત્ર સામર્થ્ય યાને વિશિષ્ટ વીર્યોલ્લાસ નથી; કિન્તુ એ વીર્યોલ્લાસથી થતી જે ધર્મ-સંન્યાસાદિરૂપ પ્રવૃત્તિ, તે છે. - જેમકે, **'ઇચ્છાયોગ'** એ માત્ર ધર્મપ્રવૃત્તિની ઇચ્છા નથી, પરંતુ એ ઇચ્છાથી થતી ધર્મપ્રવૃત્તિ છે; ઇચ્છાપ્રધાન ધર્મપ્રવૃત્તિ છે. એમ સામર્થ્યયોગ પણ આત્માના અપૂર્વ સામર્થ્યથી થતી ધર્મપ્રવૃત્તિ છે. માટે જ શાસ્ત્રકાર મહાપુરુષે ઠીક જ સામર્થ્યયોગને બે ભાગમાં વહેંચી કહ્યું કે એક સામર્થ્યયોગ ધર્મસંન્યાસ નામનો, અને બીજો સામર્થ્યયોગ યોગસંન્યાસ નામનો. આમ ધર્મયોગના ત્રણ વિભાગ પડે - ઇચ્છાયોગ-શાસ્ત્રયોગ-સામર્થ્યયોગ.તેથી સામર્થ્યયોગ એ વિશિષ્ટ વીર્યોલ્લાસથી થતો ધર્મયોગ લેવાનો છે, પણ નહિ કે માત્ર વીર્યોલ્લાસ.

## યોગસંન્યાસ કરવાની જરૂર શી :-

## આયોજ્યકરણપૂર્વક યોગસંન્યાસ :-

યોગસંન્યાસ કરવાની જરૂર એટલા માટે છે કે હવે જો આયુષ્યના છેલ્લા સમય સુધી યોગનો ત્યાગ ન કરે અને કાયાદિ - યોગ ચાલુ હોય, તો છેલ્લા સમય સુધી કર્મ બંધાય તો એ છેલ્લે સમયે બાંધેલું શાતાવેદનીય પછી કયાં ભોગવે ? કેમકે આયુષ્ય ક્ષીણ થતાં સર્વ કર્મનો ક્ષય થવો જોઇએ અને એથી મોક્ષ થાય છે.कृत्स्नकर्मक्षयो मोक्षः (કૃત્સ્ન=સર્વ.) તેથી કર્મબંધ તદ્દન અટકાવી દેવા માટે કાયાદિયોગનો, પહેલાં યોગસંન્યાસ યાને ત્યાગ અર્થાત નિરોધ કરવો પડે. એને યોગસંન્યાસ, યોગનિરોધ કહેવાય. તે કરવાનું કાર્ય કાંઇ ૧-૨ સમયમાં ન થઇ શકે. એ તો અસંખ્ય સમયનું કાર્ય છે.

## આયોજ્યકરણ શા માટે :-

યોગનિરોધ સિદ્ધ કર્યા પછી ભોગવવાના અવશિષ્ટ (બાકીના) ભવોપગ્રાહી-અઘાતીકર્મના ભોગવટામાં યોગની હયાતી ન હોવાથી ત્યાં એકલું કર્મોનું શુદ્ધ વેદન જ રહેવાનું, કોઇ યોગ નહિ. તો એ કર્મોનાં દળિયાંને અત્યારે જ એવી સ્થિતિમાં મૂકી દેવા જોઇએ કે તે તે સમયમાં સરળ રીતે ઉદયમાં આવી આવીને ક્ષય પામતા જાય. આ કરવા માટે તેરમા ગુણઠાણાના છેવટના ભાગમાં યોગનિરોધ કરવા પૂર્વે 'આયોજ્યકરણ' નો એક પ્રયત્ન કરવામાં આવે છે. 'આયોજ્ય' એટલે તે તે કર્મ-દળિયાંને તે તે કાળમાં ક્ષય પામવા યોગ્ય તરીકે કેવળજ્ઞાનથી જાણીને, 'કરણ' એટલે અચિંત્ય અનંત વીર્યથી તેવી સ્થિતિમાં તે તે કર્મ-દલિકોને મૂકવા. કર્મ કાંઇ એક જ વ્યકિત નથી કે એકી કલમે તેનો ભોગવટો થઇ જાય. એ તો જુદા જુદા સમયે ઉદયમાં આવે એવા જુદા જુદા કર્માણુના સ્કન્ધ છે, જથ્થા છે. તેને કેવળજ્ઞાન અને ક્ષાયિક વીર્યના બળે તે તે સમયમાં ક્ષય પામવા યોગ્ય સ્થિતિમાં મૂકવાની પ્રક્રિયાનું નામ આયોજ્યકરણ છે.

શૈલેશી અવસ્થામાં યોગ-સંન્યાસ નામનો છેલ્લો ઉત્કૃષ્ટ યોગ આવે. આત્મા મૂળમાં 'યથાપ્રવૃત્તકરણ'

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગથી માંડીને આગળ વધતાં વધતાં, છેલ્લે શૈલેશીકરણમાં 'યોગસંન્યાસ' નામના ઉત્કૃષ્ટ યોગ સુધી પહોંચે છે, એ બધી વસ્તુ આગમિક વસ્તુ છે, આગમે કહેલી છે. એટલે અહીં ટીકામાં એનું સમર્થન કરનારી આ શાસ્ત્રીય ગાથાઓ મૂકી છે, -

(१) करणं अहापवत्तं
अपुव्वमणियट्टिमेव भव्वाणं ।
इयरेसिं पढमं चियं
भण्णइ करणंमि परिणामो ॥

(२) जा गण्ठि ता पढमं,
गण्ठि-समइच्छओ भवे वीयं ।
अणियट्टीकरणं पुण सम्मत्त
पुरक्खडे जीवे ॥

(३) गण्ठि त्ति सदुब्भेओ कक्खडघणरुढ-
गूढ गण्ठिव्व ।
जीवस्स कम्मजणिओ
घणरागदोस परिणामो ॥

(४) एत्तो विवज्जओ खलु
भिन्ने एगम्मि सम्मणाणं तु ।
थोवं पि सुपरिसुद्धं सच्चाऽसम्मोहहेउत्ति ।

(५) सम्मत्तंमि उ लद्धे पलियपुहुत्तेण
सावओ होइ ।
चरणोवसमखयाणं सागरसंखन्तरा होन्ति ॥

અર્થાત્ (૧) ભવ્યજીવોને જ યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ થાય છે. બીજાઓ અર્થાત્ અભવ્યને માત્ર પહેલું યથાપ્રવૃત્તકરણ જ થાય છે. આ કરણ એ આત્મપરિણામ છે.

(૨) જ્યાં સુધી ગ્રન્થિ ઊભી છે, ત્યાં સુધી પહેલું યથાપ્રવૃત્તકરણ જ હોય છે; અને ગ્રન્થિને ઓળંગે (ગ્રન્થિને ભેદે), ત્યાં બીજું અપૂર્વકરણ હોય. પણ સમ્યક્ત્વ આગળ કરે (અર્થાત્ પ્રાપ્ત થવાની તૈયારી હોય) ત્યાં અનિવૃત્તિકરણ આવે છે.

(૩) 'ગ્રન્થિ' એટલે અતિ બહુ કલેશ-કષ્ટે ભેદાય એવો, અતિ કઠોર નક્કર રૂઢ વાંસની ગુપ્ત ગાંઠ જેવો, જીવનો કર્મજનિત નિબિડ રાગદ્વેષનો પરિણામ.

(૪) આ 'ગ્રન્થિ' - પરિણામથી વિપરીત, ગ્રન્થિભેદ થયે, સમ્યક્ જ્ઞાન-પરિણામ જન્મે છે. એ સમ્યક્ જ્ઞાનનો થોડો પણ સારો વિશુદ્ધ અંશ હંમેશા અસંમોહ-અવ્યામોહનું કારણ બને છે. (સંમોહ યાને વ્યામોહ ન થવા દે)

(૫) સમ્યક્ત્વ પ્રાપ્ત થયે, (આત્મામાં કર્મની રહેલી સ્થિતિમાંથી પલ્યોપમ-પૃથકત્વ જેટલી સ્થિતિ તોડી નાખે) ત્યારે શ્રાવકપણું પ્રાપ્ત થાય; અને એ સ્થિતિમાંથી સંખ્યાતા સંખ્યાતા સાગરોપમ જેટલી સ્થિતિ તોડતો જાય, તેમ તેમ સર્વવિરતિ-ચારિત્ર, ઉપશમ-ચારિત્ર, અને ક્ષાયિક-ચારિત્ર પ્રાપ્ત થાય છે.

આનો લેશથી વિચાર કરવામાં આવ્યો છે, હવે શ્રેષ્ઠ યોગ કયો તે બતાવવા કહે છે, -

**(मूल) अतस्त्वयोगो योगानां योगः पर उदाहृतः ।**
**मोक्षयोजनभावेन सर्वसंन्यासलक्षणः ॥११॥**

**અર્થ :** એટલા માટે 'અયોગ' એ યોગોમાં શ્રેષ્ઠ યોગ કહેલો છે; કેમકે એ યોગસંન્યાસરૂપ હોઈ (જીવને)મોક્ષ સાથે જોડી આપનાર (યોગ કરાવી આપનાર) છે.

અર્થાત્ જે કારણથી આયોજ્યકરણગની પછી દ્વિતીય યોગ-સંન્યાસ કરવામાં આવે છે, તથા જેનું ફળ 'શૈલેશી અવસ્થા' યાને સ્થિર આત્મપ્રદેશદશા છે, તે એ યોગ-પ્રયત્નનું છેલ્લું ફળ છે. તેથી જ ત્યાં યોગોનો સંપૂર્ણ ત્યાગ થતો હોવાથી એને યોગસંન્યાસ, યોગનિરોધ, અયોગ નામનો સામર્થ્યયોગ કહે છે. એ મિત્રા-તારાદિ બધા યોગોમાં શ્રેષ્ઠ યોગ છે, પ્રધાનયોગ છે. આમ તો એમ દેખાય કે હવે અયોગ-અવસ્થામાં કશું કરવાનું નહિ હોવાથી એને યોગ કેમ કહેવાય ? કિન્તુ 'મોક્ષ સાથે જીવને યોગ આપે તેને યોગ કહેવાય,' એ વ્યાખ્યાથી અયોગ એ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રધાનયોગ છે.

### આયોજ્યકરણ ઉપર બીજો સામર્થ્યયોગ :

આમાં બીજો જે 'યોગ-સંન્યાસ,' તે ક્યારે થાય, એનું વર્ણન કરતાં કહે છે કે જેમ દ્વિતીય અપૂર્વકરણ ઉપર 'ધર્મસંન્યાસ' થાય છે, તેમ આયોજ્યકરણ ઉપર 'યોગસંન્યાસ' થાય છે. 'આયોજ્યકરણ'માં - 'આ' મર્યાદા અર્થમાં છે. એટલે કે તત્કાલ અઘાતી કર્મોને ખપાવવાના હિસાબે તેની અવસ્થાનો, 'યોજ્ય' અર્થાત્ યોજવા માટે, 'કરણ' એટલે કે પ્રયત્ન. એવો અર્થ થાય. આખાનો અર્થ એ થયો કે કેવળજ્ઞાન અને અનંતવીર્યના પ્રભાવે બાકીના ચાર અઘાતી કર્મો (ભવોપગ્રાહી=સંસારનો ઉપકાર કરનારા, યાને સંસારમાં પકડી રાખનારા કર્મો)ને ખપાવવા માટે જરૂરી એવી તે કર્મોની જે અવસ્થા, તે કરનારો પ્રયત્ન તે 'આયોજ્યકરણ' કહેવાય છે. આ પ્રયત્ન આ વીર્યોલ્લાસથી આયોજ્યકરણ થયા પછી, યોગનિરોધ કરવાનો પ્રયત્ન થાય છે; જેના અંતે આત્માની 'શૈલેશી' અવસ્થાનો જન્મ થાય છે. આ શૈલેશી અવસ્થામાં યોગસંન્યાસ નામનો સામર્થ્યયોગ આવે છે; કેમકે ત્યાં મન-વચન-કાયાના સમસ્ત યોગનો નિરોધ અર્થાત્ અયોગ થયો છે, અર્થાત્ યોગોનો સંન્યાસ થયો છે, ત્યાગ થયો છે. આ અયોગ અવસ્થા એ બધા યોગો કરતાં શ્રેષ્ઠ યોગ છે.

### શૈલેશીકરણ અને યોગસંન્યાસનું સ્વરૂપ :-

અહીં જે શૈલેશી અવસ્થા કહેવામાં આવી તે સાર્થક છે, અર્થાત્ 'શૈલેશી' શબ્દના અર્થને અનુસરનારી શૈલેશી અવસ્થા છે. 'શૈલ' એટલે શિલાઓનો બનેલ પર્વતરાજ મેરુપર્વત. એ અચલ નિશ્ચલ, મહાસ્થિર અને નક્કર નિષ્પ્રકંપ ગણાય છે. તો અહીં પણ આત્માની (આત્મપ્રદેશોની) અવસ્થા મેરુ જેવી નિષ્પ્રકંપ કરવામાં આવે છે. જેમ મેરુના પાષાણના ઝીણા ઝીણા પ્રદેશો બધા જ્યાં છે ત્યાં જ રહે છે, જરાય હાલતા ચાલતા કંપતા નથી. તેમ આત્માના અરૂપી પ્રદેશો આ અવસ્થામાં સ્થિર અચલ નિષ્પ્રકંપ કરી દેવામાં આવે છે; અર્થાત્ હવે ઉપરના પ્રદેશો નીચે, કે નીચેના ઉપર, એમ ચલવિચલ નથી થવા દેવામાં આવતા. આ શૈલેશી અવસ્થા પૂર્વે આત્મામાં મનોયોગ, વચનયોગ, કે કાયયોગનું પ્રવર્તન હતું; તેથી યોગના લીધે આત્મ-પ્રદેશો ચલવિચલ હતા. અલબત્ એક પણ પ્રદેશ આત્માથી છૂટો નહોતો પડતો; છતાં પણ ઉકળતા પાણીના પ્રદેશોની જેમ અંદર અંદર હીલચાલ ચાલુ હતી. હવે કેવળજ્ઞાની સર્વજ્ઞ પોતાની અચિંત્ય શક્તિથી અયોગ અવસ્થા પ્રાપ્ત કરીને આત્મ પ્રદેશોને શૈલેશની જેમ નિશ્ચલ કરી દે છે. તેથી પૂર્વે જ્યાં શરીરના પોલાણના ભાગમાં આત્મપ્રદેશ તદ્દન નહોતા, ત્યાં પણ આત્મ-પ્રદેશો પુરાઇ જાય છે; અને માટે જ આત્માની અવગાહના (આકાશમાં રહેવાની સ્થિતિ) શરીર કરતાં ૨/૩ બની જાય છે.

### યોગો રુંધવામાં ક્રમ :

અહીં 'શૈલેશીકરણ'માં અર્થાત્ શૈલેશ જેવી અવસ્થા કરવાની પ્રક્રિયામાં મન-વચન કાયાના યોગોનું સદંતર રુંધન યાને યોગનિરોધ કરવામાં આવે છે - એમાં,

(૧) સ્થૂલ કાયયોગથી સ્થૂલ મનોયોગ-વચનયોગનું રુંધન; પછી,-

(૨) સૂક્ષ્મ કાયયોગથી સ્થૂલ કાયયોગનું રુંધન; પછી,-

(૩) સૂક્ષ્મ કાયયોગથી સૂક્ષ્મ મનોયોગ-સૂક્ષ્મ વચનયોગનું રુંધન. એ સૂક્ષ્મ મનોયોગ-સૂક્ષ્મ વચનયોગ રુંધાતાં, -

(૪) અંતે એ અંતિમ સૂક્ષ્મ કાયયોગ પણ સ્વતઃ રુંધાઇ જાય છે.

આમ આ સ્થૂલ-સૂક્ષ્મ ત્રિવિધ યોગોનું સદંતર રુંધન કરવું એ 'યોગનિરોધ' કહેવાય છે; એજ 'યોગસંન્યાસ' કહેવાય છે. આ કરવું એ યોગસાધનાની પરાકાષ્ઠા છે. યમ-નિયમથી માંડીને ધ્યાન,સમાધિ, સુધીની યોગસાધના, કે અદ્વેષ-જિજ્ઞાસાથી પ્રારંભી તત્વપ્રતિપત્તિ, પ્રવૃત્તિ સુધીની યોગ-સાધના હતી તો મહાન, અને ઉત્તરોત્તર ઊંચી ઊંચી કોટિની, પરંતુ એનામાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મન-વચન-કાયાની પ્રવૃત્તિ સદંતર અટકાવવાનું નહોતું; અને એ યોગપ્રવૃત્તિ ન અટકે અર્થાત્ યોગપ્રવૃત્તિ બંધ ન થાય, યોગ ચાલુ રહે, ત્યાં સુધી આત્મા પર જડ કર્મપુદ્ગલનો બંધ ચાલુ રહે છે. ત્યારે આયોજ્યકરણની પછી થતો 'યોગસંન્યાસ' નામનો સામર્થ્યયોગ હવે એવું જોમ આપે છે કે જેથી યોગપ્રવૃત્તિ તદ્દન જ બંધ થાય છે, અર્થાત્ 'યોગનિરોધ યાને યોગસંન્યાસ' થાય છે. તે પછી લેશમાત્ર નવીન કર્મ-બંધ થતો નથી; અને અહીં યોગનિરોધ થતાં જ સિલકમાં રહેલા સર્વ કર્મનો નાશ પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચારણ જેટલા કાળમાં જ થઇ જાય છે; ને એ થવાથી તુર્ત મોક્ષ નીપજે છે. આમ યોગસંન્યાસ='અયોગ' અવસ્થા એ જ જીવને તુર્ત મોક્ષ સાથે યોજી આપે છે, મોક્ષ સાથે યોગ કરાવી આપે છે; માટે 'અયોગ' એ સર્વશ્રેષ્ઠ યોગ છે.

### 'અયોગ' એ યોગ કેમ ?:-

અહીં 'યોગ' સંન્યાસ અને સર્વશ્રેષ્ઠ 'યોગ' બંનેમાં યોગ શબ્દ છે; પરંતુ અર્થ બંનેના જુદા છે. 'યોગ' સંન્યાસમાં 'યોગ' શબ્દથી મન-વચન-કાયાની પ્રવૃત્તિ કરાવનાર આત્મવ્યાપાર લેવાનો છે. ત્યારે સર્વશ્રેષ્ઠ યોગમાં 'યોગ' શબ્દથી મિત્રા-તારાદિયોગ સાધનામાં પરાકાષ્ઠાની યોગસાધના લેવાની છે. એ પરાકાષ્ટાની છે અયોગની સાધના. યોગ સાધના એટલે મોક્ષ સાથે જીવનો યોગ કરાવી આપનારી સાધના. એ પેલી મન-વચન-કાયયોગના નિરોધની ક્રિયામાં પરાકાષ્ઠાએ પહોંચે છે. હવે આગળ કાંઇ કરવાનું રહેતું નથી. હવે તો સહજ રીતે કર્મક્ષય અને આત્માનું ઊર્ધ્વગમન થઇ જાય છે. એમાં કાંઇ પુરુષાર્થ-પ્રયત્ન કરવાનો હોતો નથી.

**મોક્ષ પામવા માટે છેલ્લામાં છેલ્લો પુરુષાર્થ કે સાધના કરવાની હોય તે આ યોગનિરોધની-યોગસંન્યાસની છે. માટે જ એ સર્વશ્રેષ્ઠ યોગ છે.**

એ પછીનો કર્મક્ષય તો સહજભાવે, અર્થાત્ કર્મની સ્થિતિ પાકી થઇ હોવાથી એના સ્વભાવે, (નહિ કે આત્માના પ્રયત્નથી), કર્મ ઉદયમાં આવી ક્ષીણ થતાં થઇ જાય છે. આજ સુધી પાણીમાં નીચે રહેલા માટીના લેપથી લેપાયેલા તુંબડાની જેમ આત્મા કર્મના લેપથી નીચે સંસારમાં હતો. હવે લેપ છૂટી જવાથી હલકા બનેલા તુંબડાની જેમ આત્મા સહજભાવે ઊંચે જઇ સર્વ કાળ માટે ઉપરની છેલ્લી લોક-સપાટીને અડીને રહે છે. આગળ અલોકમાં નહિ જવાનું કારણ એ છે કે ત્યાં ગમનમાં સહાયક તત્ત્વ ધર્માસ્તિકાય નથી.

આમ યોગસંન્યાસે યોગસાધના પૂરી થઇ. 'યોગસંન્યાસ' નામનો સામર્થ્યયોગ એ યોગની છેલ્લી કોટિની સાધના છે, માટે એને દ્વિતીય સામર્થ્યયોગ કહ્યો. વાત શાના ઉપર ચાલતી હતી ?

યોગદૃષ્ટિ સમુચ્ચય નામનો ઉત્તમ ગ્રન્થ લખતી વખતે શાસ્ત્રકાર મહર્ષિએ મંગળમાં પરમાત્માને ઇચ્છાયોગથી નમસ્કાર કર્યો હતો. ત્યાં પ્રસંગ પામીને એઓશ્રીએ જ બતાવ્યું હતું કે પરમાત્માને નમસ્કાર એ એક ધર્મયોગ છે. ધર્મયોગ ત્રણ પ્રકારે હોય છે -ઇચ્છાયોગ,શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ. એમાં દા.ત. 'ઇક્કોવિ નમુક્કારો... તારેઇ' એ સામર્થ્યયોગનો નમસ્કાર છે, કેમકે એ કેવળજ્ઞાન પામવાની બહુ નજીક પૂર્વે આવે. ત્યાં ધર્મ-સંન્યાસ થાય. પછી મોક્ષ પૂર્વે યોગસંન્યાસ થાય છે, અને એમાં અધર્મસંન્યાસ, ધર્મસંન્યાસ અને યોગસંન્યાસ પરાકાષ્ટાએ પહોંચી પૂર્ણતયા શુદ્ધ બનેલા હોય છે. એટલે સર્વ સંન્યાસ પછી આત્માનો સંસાર સાથે કશો જ સંબંધ ન રહેતાં મોક્ષ થાય એ સહજ છે.

હવે ઇચ્છાયોગાદિનું સ્વરૂપ કહીને પ્રસ્તુતમાં એનો ઉપયોગ અર્થાત્ સંબંધ બતાવતાં ૧૨મી ગાથા કહે છે, -

**(મૂલ) एतत्त्रयमनाश्रित्य विशेषेणैतदुद्भवाः ।**
**योगदृष्टय उच्यन्त अष्टौ सामान्यतस्तु ताः ॥१२॥**

અર્થાત્ આમ તો સામાન્યથી આ ઇચ્છાયોગાદિ ત્રણની સાથે સંબંધ રાખીને એટલે કે એના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુસંધાનમાં કાંઈ હવે 'યોગદૃષ્ટિ' નથી કહેવામાં આવતી, છતાં આ ત્રણમાંથી વિશેષરૂપે ૮-યોગદૃષ્ટિનો જન્મ થાય છે. વિશેષરૂપે એટલે કે આઠ પૈકી અમુક યોગદૃષ્ટિ ઇચ્છાયોગમાંથી, અમુક શાસ્ત્રયોગમાંથી અમુક યોગદૃષ્ટિ સામર્થ્યયોગમાંથી એ રીતે જન્મે છે.

ઇચ્છાયોગ શાસ્ત્રયોગ, સામર્થ્યયોગનું વિવેચન પુરું થયું. હવે ગ્રંથકાર મહર્ષિ સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા પ્રસ્તુત યોગની આઠ દૃષ્ટિનું વર્ણન શરૂ કરે છે. તે વર્ણન આ ઇચ્છાયોગાદિ ત્રિવિધ યોગના વર્ણનથી સ્વતંત્ર છે, જુદું છે, અર્થાત્ ઇચ્છાયોગાદિ ત્રણને અનુલક્ષીને, યાને ત્રણના સંદર્ભમાં ૮ યોગદૃષ્ટિનું વર્ણન નથી.

✤ ✤ ✤

# 'યોગદૃષ્ટિ-સમુચ્ચય'માં શું વર્ણવાશે એનું કોષ્ટક

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ યોગદૃષ્ટિ | મિત્રા | તારા | બલા | દીપ્રા | સ્થિરા | કાન્તા | પ્રભા | પરા |
| ૮ યોગાંગ | યમ | નિયમ | આસન | પ્રાણાયામ | પ્રત્યાહાર | ધારણા | ધ્યાન | સમાધિ |
| ૮ ત્યાજય દોષ | ખેદ | ઉદ્વેગ | ક્ષેપ | ઉત્થાન | ભ્રાન્તિ | અન્યમુદ્ | રોગ | આસંગ |
| ૮ ગુણ-સ્થાન | અદ્વેષ | જિજ્ઞાસા | શુશ્રૂષા | શ્રવણ | બોધ | મીમાંસા | પ્રતિપત્તિ | પ્રવૃત્તિ |

**(૧) યોગના ૮ અંગ:** યમ-નિયમ-આસન-પ્રાણાયામ-પ્રત્યાહાર-ધારણા-ધ્યાન-સમાધિ; તથા

**(૨) એમાં ક્રમશઃ પ્રાપ્ત થતા ૮ ગુણ :** અદ્વેષ - જિજ્ઞાસા- શુશ્રૂષા -શ્રવણ -બોધ -મીમાંસા- પ્રતિપત્તિ - પ્રવૃત્તિ; તેમજ, -

**(૩) ક્રમસર ત્યજાતા ૮ દોષો :** ખેદ-ઉદ્વેગ -ક્ષેપ-ઉત્થાન-ભ્રાન્તિ-અન્યમુદ્-રોગ- આસંગ.

હવે અહીં શાસ્ત્રકાર આઠ યોગદૃષ્ટિના નામની ગાથા કહે છે, -

**(મૂલ) मित्रा तारा बला दीप्रा स्थिरा कान्ता प्रभा परा ।**
**नामानि योगदृष्टिनां लक्षणं च निबोधत॥१३॥**

**અર્થ :** મિત્રા-તારા-બલા-દીપ્રા, સ્થિરા-કાન્તા - પ્રભા-પરા એ યોગદૃષ્ટિઓનાં નામ છે અને એનું સ્વરૂપ સાંભળો, -

**વિવેચન :** આ યોગદૃષ્ટિ-સમુચ્ચય શાસ્ત્રમાં આ આઠ દૃષ્ટિનું ક્રમશઃ સ્વરૂપ વર્ણન કરવાના છે. એમાં આગળ ૧૬મી ગાથામાં બતાવાશે તે ૮ યોગાંગ, ૮ ત્યાજ્ય ખેદાદિ દોષ, અને ઉપાદેય અદ્વેષાદિ ૮ ગુણનું વર્ણન પણ ક્રમશઃ સાથોસાથ વર્ણવાશે.

**(મૂલ) समेघाऽमेघरात्र्यादौ सग्रहाद्यर्भकादिवत् ।**
**ओघदृष्टिरिह ज्ञेया, मिथ्यादृष्टीतराश्रया ॥१४॥**

**ભાવાર્થ :** અહીં યોગ એક છતાં એમાં આઠ પ્રકારની દૃષ્ટિ હોય છે. એનાં દૃષ્ટાન્તમાં ઓઘદૃષ્ટિમાં પણ નિમિત્તભેદે યા જ્ઞાનાવરણીયકર્મના વિચિત્ર ક્ષયોપશમના લીધે જુદા જુદા પ્રકાર હોય છે, દા.ત. રાત્રિમાં વાદળ ન હોય તો કાંઈક સ્પષ્ટ દર્શન થાય. એમ રાત્રિ કરતાં દિવસનું દર્શન; દિવસના પણ વાદળા ન હોય તો કાંઈક સ્પષ્ટ દર્શન થાય. એમ રાત્રિ કરતાં દિવસનું દર્શન; દિવસના પણ વાદળ હોય એનું અને ન હોય એનું, એમ ગ્રહથી પરાધીન મનવાળાનું ને સ્વાધીન મનવાળાનું દર્શન, એમ બાળવયવાળાનું દર્શન અને પુખ્ત વયવાળાનું દર્શન, એમાંય આંખના દોષવાળાનું દર્શન અને દોષરહિતનું દર્શન ઉત્તરોત્તર અધિકાધિક સ્પષ્ટ હોય છે. આ બધી ઓઘદૃષ્ટિ જાણવી; (ને યોગદૃષ્ટિ) મિથ્યાદૃષ્ટિવાળી ૪ તથા 'ઈતર' અર્થાત્ સમ્યગ્દૃષ્ટિવાળી ૪ (એમ ૮ પ્રકારની) જાણવી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિવેચન :** ભગવાન શ્રી જિનેશ્વર દેવોએ **'યોગ એટલે મોક્ષ સાથે જોડી આપે તે,'** એવી યોગની વ્યાખ્યા બતાવીને પરમાર્થથી યોગને એક જ જાતની વસ્તુ બતાવી. છતાં એ યોગ સાધનારા જુદા જુદા જીવોના જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ જુદી જુદી જાતના હોવાથી યોગની દૃષ્ટિમાં ભેદ પડે છે, ચઢિયાતા ચઢિયાતા ક્ષયોપશમથી અધિકાધિક સ્પષ્ટ દર્શન થાય છે. આ જે દર્શનભેદ હોય છે, એના દૃષ્ટાંત માટે અહીં ઓઘદૃષ્ટિમાં પણ કેવો દર્શનભેદ હોય છે તે આ ગાથામાં બતાવે છે.

અહીં ઓઘદૃષ્ટિ એટલે શું એ સમજીએ. 'ઓઘ' એટલે સામાન્ય; જગતના સર્વ જીવોમાં સામાન્ય રીતે જે દૃષ્ટિ હોય તે ઓઘદૃષ્ટિ કહેવાય. એટલે હવે સવાલ છે કે આ ઓઘદૃષ્ટિ એટલે કે જીવ સામાન્યની દૃષ્ટિ કેવી હોય છે ? તો કે ભવાભિનન્દી દૃષ્ટિ પુદ્‌ગલાનન્દી દૃષ્ટિ, એટલે કે સંસારમાં જ આંનદ દેખનારી દૃષ્ટિ, જડ પુદ્‌ગલના જ આનંદને જોનારી દૃષ્ટિ હોય છે. જગત તરફ નજર નાખીએ તો દેખાય છે કે, -

એકેન્દ્રિય જીવને પણ (૧) આહાર, (૨) વિષય, (૩) પરિગ્રહની દૃષ્ટિ હોય છે. (૧) આહારની દૃષ્ટિમાં, ઝાડ જમીનની અંદર જ્યાં ખોરાક-પાણી મળે તે તરફ મૂળિયાં ફેલાવે છે. (૨) પારાના કૂવા પાસેથી યુવાન સ્ત્રી ઘોડા પર પસાર થતી હોય એ મોંમાંથી કૂવા પર પાનની પીચકારી મારે, ત્યાં જ પારો ઊંચો ઊછળે છે. એમ બકુલના છોડને યુવાન સ્ત્રી લાત મારે એટલે એના પર મહોર-પુષ્પ પ્રગટે છે. આ શું છે ? વિષયદૃષ્ટિ. એમ, (૩) સમરાદિત્ય કેવળિના ત્રીજા ભવના ચરિત્રમાં આવે છે કે 'પર્વતના ચઢાણ પર ઊગેલા નારિયેરીના ઝાડે પોતાનું મૂળિયું ઠેઠ તળેટી સુધી લંબાવેલું ! કેમકે એ જ જીવે કેટલાંય ભવો પૂર્વે ત્યાં તળેટીએ ૭ લાખ સોનૈયા દાટેલા તે પડેલા હતા, શું આ ? પરિગ્રહ દૃષ્ટિ.

વિચારો, જીવને ઠેઠ અકેન્દ્રિયપણાથી આ આહાર-વિષય-પરિગ્રહની દૃષ્ટિ હોય, પછી જીવ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય વગેરેમાં આગળ વધતા ઠેઠ મનુષ્યભવ સુધી આવે તો ય એ અનાદિ અનંતકાળથી ભવે ભવે પોષેલી આહારાદિની દૃષ્ટિ અને તેની પાછળ પોષેલી ક્રોધાદિ કષાયોની તથા હિંસામય આરંભસમારંભ આદિની દૃષ્ટિ શાનો છોડે ? એટલે જ આવા ઊંચા અવતારે પણ ભવાભિનંદી-પુદ્‌ગલાનંદી દૃષ્ટિ ચાલ્યા કરે છે. આ ઓઘદૃષ્ટિ છે.

જીવની દયાપાત્ર સ્થિતિ તો એ છે કે જ્ઞાનીઓના કહેવા મુજબ જીવે અનંતી વાર ચારિત્ર લીધા અને પાળ્યા, પરંતુ તે પણ બધું ઓઘદૃષ્ટિથી કર્યું ! અર્થાત્ કોઇ આહારાદિ દૃષ્ટિથી કર્યું ! તેથી સંસારમાં જન્મમરણના ચક્ર ચાલ્યા જ કર્યા, તે હજી સુધી ચાલુ છે.

જીવને સંસારમાં ઘુમતી વખતે શું આવડે છે ? આ જ, - હિંસામય આરંભ-સમારંભની ઘેલછા, અસત્ય-અનીતિ વગરે અસંયમની-કુટેવ, ખાવા-પીવાની લાલસા, પરિગ્રહ-વિષયોની લંપટતા, કષાયના આવેશ, ને પ્રમાદની પરવશતા,... આ બધી પુદ્‌ગલાનંદીપણાની જ ઓઘદૃષ્ટિ રાખતાં આવડે છે. પછી એ ભલેને ધર્મક્ષેત્રમાં બેઠો હોય તો ય ત્યાં મનમાં આ ઝેરી ઓઘદૃષ્ટિ જ રાખ્યા કરવાનો ! દા.ત. સામાયિકમાં બેઠો એક યા બીજો આરંભસમારંભનો વિચાર કરતાં એને સંકોચ નહિ ! યાત્રાએ ગયો હશે ત્યાં પણ પૈસા બચાવવા અસત્ય-અનીતિ આચરતા ક્ષોભ નહિ ! તપ કરશે, પણ એકાસણા વગેરેમાં ટીપટોપ ભોજન ને ઠંડાગાર પાણીની લાલસા ! ધર્મ કદાચ સારા દાનનો કરીને પણ માન-સન્માન-કીર્તિની ભૂખ ! સંયમ સુધીના ધર્મ કરીને ય ફળમાં આલોક-પરલોકના સુખ-વૈભવ પામવાની જ લગન ! એમ ધર્મ કરતી વખતે પણ કષાયના આવેશ ! દા.ત. પ્રભુ-દર્શનની આડે ઊભેલા પર ગુસ્સો ! ધર્મનું કામ કરીને અભિમાન ! સેવાદિ ધર્મ થોડો કરીને વધારે દેખાડવાની માયા ! દાન-શીલ કરીને માન-કીર્તિ વગેરે સંસાર-સુખ મેળવવાનો લોભ ! અને ધર્મ-ક્રિયા કરતાં શકય એટલો શારીરિક સુંવાળાશ સુખશીલતા વગેરે પ્રમાદ સેવવામાં સંકોચ નહિ ! આ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બધી ઓઘદૃષ્ટિની રામાયણ હોય છે; કેમકે ત્યાં પાયામાં ભવાભિનંદિતા અખંડ છે.

ભવાભિનંદી જીવને હૈયે ઓઘદૃષ્ટિ હોવાને લીધે ક્ષુદ્રતાદિ આઠ દોષોમાં ડુબ્યા રહેવાનું સહજ હોય છે. શાસ્ત્રકાર આગળ પર આ ક્ષુદ્રતાદિ આઠ દોષો કહેવાના છે, તેને અહીં સંક્ષેપમાં જોઇએ, -

**क्षुद्रो लाभरतिर्दीनो मत्सरी भयवान् शठः ।**
**अज्ञो भवाभिनन्दी स्यान्निष्फलारम्भसंगतः ॥**

અર્થાત્ ભવાભિનન્દી જીવ ૧. ક્ષુદ્ર ૨. લાભમાં રતિવાળો, ૩. દીન, ૪. માત્સર્ય-ઈર્ષ્યાવાળો, ૫. ભયવાળો, ૬. શઠ-કપટી, ૭. અજ્ઞ-મૂઢ, અને ૮. નિષ્ફળ પ્રયત્નવાળો હોય છે.

(૧) ક્ષુદ્ર :- ભવાભિનંદી જીવ ક્ષુદ્રતાવાળો હોય. તે કોઇ વિચાર કે વ્યવહાર કરશે યા ધોરણ બાંધશે તે ક્ષુદ્ર-તુચ્છ-અધમ રીતિના; પણ ઉમદા દિલના વિચાર, બીજા સાથે ઉમદા વ્યવહાર, કોઇ પ્રસંગ કે પદાર્થ અંગે ઉમદા ધોરણ, એને આવડે જ નહિ. એમ,

(૨) લાભરતિ :- દુન્યવી લાભમાં હરખનો પાર નહિ, ત્યાં વૈરાગ્ય તો એ શીખ્યો જ નથી. વળી, -

(૩) દીન : એને મળેલું ઘણું ય હોય, પણ ઓછું ને ઓછું જ લાગ્યા કરવાનું ને એથી લાચારી જ બતાવવાનો ! તેમજ એની પૂર્તિ કરવા જેવા તેવાની પણ આગળ દીનતા-ગરીબડાપણું-ઓશિયાળાપણું દેખાડી માગતાં સંકોચ નહિ. એટલું જ નહિ પણ,-

(૪) મત્સરી : ઓઘદૃષ્ટિના પ્રભાવે બીજાનું સારું સહન નહિ કરી શકવાથી ઈર્ષ્યા-માત્સર્ય-અસૂયા કર્યા કરશે. બાકી, -

(૫) ભયવાન : નાની મોટી માલમિલકત પર રાગ એટલો બધો કે એના ખોવાવા-બગડવા વગેરેનો ભય રાખ્યા કરશે. વળી,

(૬) શઠ : શઠતા-માયા-દંભ-પ્રપંચ- દ્રોહ વગેરે પણ જડના લોભમાં સેવતાં હૈયે કોઇ અરેકારો નહિ ! એમ, -

(૭) અજ્ઞ : જડના અંધરાગમાં કેટલીય અજ્ઞતા-મૂઢતા તો જાણે કોટે વળગેલી. ત્યારે, -

(૮) નિષ્ફળ આરંભવાળો : ભવાભિનંદીપણાને લીધે જે કાંઇ કામો કરશે એમાં છેવટે તો નિષ્ફળતા-નિરાશા-નિસાસા જ એના લમણે લખાયેલા.

સારાંશ : જેમ પતંગિયો સળગતા દીવાની આસપાસ જ આંટા માર્યા કરે છે, એમ ઓઘદૃષ્ટિવાળા ભવાભિનંદી જીવનું મન-બુદ્ધિ-વિચારણા-ગણિત ... બધું જ જડ પદાર્થની આસપાસ જ ઘુમ્યા કરે છે. અહીં એમ પૂછશો -

પ્ર૦ - એને શું ચેતન જેવા પત્ની-પુત્ર-પરિવાર પર દૃષ્ટિ નથી હોતી ? તો કેમ એનું મન માત્ર જડની જ આસપાસ ઘુમતું કહો છો ?

ઉ૦ - એ પત્ની-પુત્ર-પરિવાર વગેરેને જોયા કરે છે તે એમના આત્માને નહિ, પણ એમના જડ શરીરને જ જોયા કરે છે. એનું મન એમના જડ શરીરની આસપાસ જ ઘુમ્યા કરે છે. જો એમના આત્મા પર મન લઇ જાય ને ! તો તો એમના આત્માને અને પોતાના આત્માને પણ સદ્ઉપદેશ, સુકૃત-કરાવણ, સદ્ગુણ-સંપાદન... વગેરેથી ન્યાલ જ કરી નાખે ને ! પણ એ આત્મદૃષ્ટિ છે જ કયાં ? એ તો કુટુંબ-પરિવારના ય જડ દેહની જ દૃષ્ટિ જ કામ કરતી હોય છે. આમ ઓઘદૃષ્ટિમાં જયારે આત્મદૃષ્ટિજ નહિ, પછી પરલોક-દૃષ્ટિ, મોક્ષ-દૃષ્ટિ, પુણ્ય-પાપની દૃષ્ટિ, પરમાત્મ-દૃષ્ટિ-વૈરાગ્ય-દૃષ્ટિ વગેરે તો હોય જ કયાંથી ?

એટલે જ અહીં ઓઘદૃષ્ટિવાળાને યોગ-દૃષ્ટિમાં પ્રવેશ જ નથી હોતો. જ્ઞાનીઓ કહે છે, - ઉપરની યોગદૃષ્ટિ તો પછી, પણ પહેલી ય યોગદૃષ્ટિ લાવવી છે ? તો ઓઘદૃષ્ટિમાંથી બહાર નીકળો, ભવાભિનંદીપણું છોડો આત્મદૃષ્ટિવાળા બનો; તો જ પહેલી ય યોગદૃષ્ટિ દિલમાં આવી શકશે.

આ ઓઘદૃષ્ટિમાં રહેલા જીવોને પણ ચૈતન્ય અર્થાત્ જ્ઞાનશકિત તો હોય છે, પરંતુ એની પાછળ કામ કરતો જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ જુદા જુદા પ્રકારનો હોય છે, એટલે એ જ્ઞાનના પ્રકાશમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરતમતા પડે છે. દા.ત.

રાત્રિનો સમય હોય, એમાં વળી આકાશમાં ઘેરા વાદળ આવી ગયા હોય, એટલે તારા પણ દેખાય નહિ, ત્યારે ત્યાં જે અતિ આછું વસ્તુદર્શન થાય એના કરતાં વાદળ વિનાની રાત્રિમાં કંઇક વધુ સ્પષ્ટ દર્શન થાય. ત્યારે રાત્રિ કરતાં દિવસે વધુ સ્પષ્ટ દર્શન થાય. એમાં પણ દિવસે મેઘ-વાદળ હોય તો ય નિર્મેઘ રાત્રિ કરતાં વધુ સ્પષ્ટ દર્શન થાય છે, પણ મેઘ વિનાના દિવસ કરતાં ઓછું સ્પષ્ટ દર્શન થાય છે. ત્યારે દિવસે જો મેઘ ન હોય તો તો એથી ય વધુ સ્પષ્ટ દર્શન થાય છે. વળી નિર્મેઘ દિવસ છતાં જો મન કોઇ ગ્રહ-ભૂત-વળગાડથી પકડાયું હોય તો જે વસ્તુદર્શન થાય, એના કરતાં ગ્રહથી મુકત મન હોયે વધુ સ્પષ્ટ દર્શન થાય છે. એવું પણ દર્શન બાળક કરે એના કરતાં પુખ્ત વયવાળો કરે તો એનું વસ્તુદર્શન વિશેષ સ્પષ્ટ થવાનું. એમાં ય જે પુખ્ત ઉંમરવાળાને આંખમાં ઝાંખાશનો કોઇ દોષ હોયે એને જે વસ્તુદર્શન થશે, એના કરતાં નિર્મળ આંખવાળાને વધારે સ્પષ્ટ દર્શન થવાનું.

ખૂબી જૂઓ-આ બધા ય દર્શન કરનારને જોવાની વસ્તુ એક જ છતાં દર્શન વિવિધ જાતના જાય છે ! એનું કારણ ? આ જ કે દર્શનની પાછળ જુદા જુદા નિમિત્ત કામ કરી રહ્યાં છે. દા.ત. તદ્દન મંદ દર્શન કરનારને રાત્રિ ઉપરાંત વાદળ નડી રહ્યા છે, ત્યારે બીજાને વાદળ વિનાની રાત્રિ મળી છે.

જેમ આ ઓઘદૃષ્ટિવાળામાં લૌકિક વસ્તુ અંગે ભિન્ન ભિન્ન દર્શનો થાય છે, તથા યોગ દૃષ્ટિવાળાને પણ જ્ઞાનાવરણીય આદિ કર્મોના ક્ષયોપશમની વિચિત્રતાથી એક જ પારલૌકિક પદાર્થ અંગે જુદી જુદી જાતના બોધ થાય છે. દા.ત. પરમાત્માની મૂર્તિ પરમાત્મદર્શન એ પારલૌકિક પદાર્થ છે. એમાં જેનો ક્ષયોપશમ ઓછો હોય એને જે પ્રભુદર્શન થાય, એના કરતાં વધુ ક્ષયોપશમવાળો વિશેષ સ્પષ્ટ દર્શન કરી શકે.

# આદ્ય ૪ દૃષ્ટિમાં કેમ દર્શન ભેદ ?

## વસ્તુદૃષ્ટિ-ભેદની જેમ તત્ત્વ-સ્વીકાર ભેદ :

અનેક દર્શનકારોમાં ભિન્ન ભિન્ન તત્ત્વોનો સ્વીકાર કેમ થયો, એ દૃષ્ટાન્તથી બતાવવા કહે છે, -

**(टीका-) यथैष दृष्टिभेद एकस्मिन्नपि दृश्ये चित्रोपाधिभदात्, तथा पारलौकिकेऽपि प्रमेये क्षयोपशमवैचित्र्यताश्चत्रः प्रतिपत्तिभेद इति ।**

અર્થાત્ જેવી રીતે સામે કોઇ એક જ દૃશ્ય વસ્તુમાં જુદાં જુદા પ્રકારના નિમિત્તોને લઇને ત્યાં જુદા જુદા પ્રકારની બાબતોને લઇને એના દર્શનમાં ભેદ પડે છે, તેમ પરલોક સંબંધી (આત્મા-પરમાત્મા, શુભાશુભ-ભાગ્ય.. વગેરે)પ્રમેય પદાર્થ અંગે જુદા જુદા પ્રકારના ક્ષયોપશમને લઇને એના સ્વીકારવામાં ભેદ પડે છે.

દા.ત. કોઇ નવું મકાન જોવા અનેક માણસો ભેગા થયા, તો મકાનમાં અંનેક બાબતો છે, એમાંથી જોનારને અમુક અમુક બાબતને લઇને જુદું જુદું દર્શન થાય છે, દા.ત. કોઇ જુએ છે કે 'આ મકાનમાં રંગ સરસ કર્યો છે !' કોઇ જુએ છે કે 'આમાં ફરસી સારી નાખી છે !' તો કોઇ વળી સિલિંગ સારી આકર્ષક હોવાનું જુએ છે. કોઇ વળી હવાની દૃષ્ટિએ, તો કોઇ અજવાળાની દૃષ્ટિએ જુએ છે. મકાન એક છતાં જોનારના દર્શનમાં ભેદ પડે છે, એનું કારણ આ જ છે કે દૃશ્યમાન મકાનમાં બાબતો જુદી જુદી છે. પછી જેના મનમાં જે બાબત આવી, એ બાબતને આગળ કરીને એ મકાનવસ્તુનું દર્શન કરે છે કે 'મકાન સારા રંગવાળું', 'મકાન સારી ફરસીવાળું', 'મકાન સારી હવાવાળું', 'મકાન સારા અજવાળાવાળું.'

જેવી રીતે વર્તમાન દૃશ્યમાન મકાન અંગે દર્શનભેદ રહે છે, તેમ પારલૌકિક આત્મા, શુભાશુભ ભાગ્ય, પરમાત્મા વગેરે પદાર્થો અંગે ચિંતકોના સ્વીકારવામાં ભેદ પડે છે. કોઇ આત્માને ક્ષણિક તરીકે સ્વીકારે છે, તો કોઇ નિત્ય તરીકે સ્વીકારે છે, કોઇ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાગ્યને આત્માના ગુણ તરીકે માને છે, તો કોઇ એને પ્રકૃતિનાં સર્જન તરીકે માને છે,પરમાત્માને કોઇ સદા શુદ્ધ-બુધ-સક્રિય તરીકે સ્વીકારે છે, તો કોઇ સર્જનહાર-પાલનહાર તરીકે સ્વીકારે છે.

આ સ્વીકારોમાં ભેદ કેમ પડયો? તો કે સ્વીકાર કરનાર ચિંતકોના જ્ઞાનાવરણીયાદિ કર્મના તેવા તેવા વિચિત્ર ક્ષાયોપશમને લઇને ભેદ પડયો. કોઇના કર્મનો ક્ષાયોપશમ કેવો, તો બીજાના કર્મનો વળી ક્ષયોપશમ કેવો, અર્થાત્ ચિત્રવિચિત્ર ક્ષયોપશમને લઇને એમના આત્માદિ તત્ત્વના સ્વીકાર પણ ચિત્રવિચિત્ર બને છે.

યોગાચાર્યો આ જ કહે છે :

**(टीका-) एतन्निबन्धनोऽयं दर्शनभेद इति योगाचार्यः ।**

યોગ પર ચિંતન કરનાર આચાર્યો કહે છે કે તત્ત્વદર્શનમાં ભેદ પડે છે, અર્થાત્ તત્ત્વદર્શનકારોને જે ભિન્ન ભિન્ન દેખાય છે તેની પાછળ કારણ તરીકે આ ભિન્ન ભિન્ન કર્મક્ષયોપશમ છે. અર્થાત્ આત્મા વગેરે તત્ત્વ પર ચિંતન કરનારા દર્શનકારો પૈકી દરેકના કર્મક્ષયોપશમ જુદી જુદી જાતના હોવાના કારણે એમના તત્ત્વ-સ્વીકાર જુદા જુદા પ્રકારના બને છે.

## મિથ્યાદર્શનોમાં દર્શનભેદ :-

**समेघामेघरात्र्यादौ** - અર્થાત્ વાદળ હોય કે ન હોય, એમ રાત્રિ હોય કે દિવસ હોય, જોનાર બાળક હોય યા પુખ્ત વયનો હોય, તો એ વિચિત્ર નિમિત્તોને લઇને બાહ્ય વસ્તુનાં દર્શનમાં ભેદ પડે છે; એવી રીતે પરલોક સંબંધી પદાર્થો આત્મા, કર્મ, કર્મબંધ હેતુઓ વગેરેમાં પણ ક્ષયોપશમની વિચિત્રતાથી બોધમાં ફરક પડે છે, પોતપોતાના ક્ષયોપશમને અનુસારે આત્મા, પુણ્ય-પાપ આદિ તે તે પારલૌકિક પદાર્થના સ્વરૂપની કલ્પના થાય છે. દા.ત.

### સંખ્યાત્મક :

સાંખ્યમતના પ્રણેતાએ પોતાના ક્ષયોપશમ મુજબ આત્માને એકાન્તે 'કૂટસ્થ નિત્ય' માન્યો. 'કૂટસ્થ નિત્ય' એટલે કે જેમાં કશો જ ફેરફાર ન થાય, એવો નિત્ય પદાર્થ ચેતન પુરુષ છે. આની સામે પ્રકૃતિ 'પરિણામી-નિત્ય' એટલે કે જેમાં ફેરફારો થયા કરે, જે જુદાં જુદા પરિણામને ઘાટને વહન કરે, એવો નિત્ય પદાર્થ છે. એટલે કે સાંખ્ય મતમાં ચેતન આત્મા કૂટસ્થ નિત્ય છે; ને સત્ત્વ-રજસ્-તમસ્ એ ત્રિગુણાત્મક 'પ્રકૃતિ' એ પરિણામી નિત્ય છે. માટે જ,-

''પ્રકૃતિ એ કર્તા છે, ભોકતા છે, રાગી છે, દ્વેષી છે, સુખી છે, દુઃખી છે. જયારે ચેતન પુરુષ એ કર્તા નથી, ભોકતા નથી, સુખી નથી, દુઃખી નથી, સંસારી-બદ્ધ નથી, મુકત નથી. પુરુષ-આત્મા-ચેતન કૂટસ્થ નિત્ય હોવાથી એમાં આ કર્તૃત્વ વગેરે કશા જ ફેરફારો થાય નહિ. જે કર્તા બને એનામાં 'પહેલાં કર્તૃત્વ નહિ; ને પછી કર્તૃત્વ આવ્યું', એમ સૂચિત થાય છે... હવે આ કર્તૃત્વ-અકર્તૃત્વ વગેરે પરિણામ (ઘાટ) ની ફેરફારી કૂટસ્થ નિત્ય ચેતન પુરુષમાં થાય નહિ; કેમકે ચૈતન્ય વસ્તુ જ એવી છે કે જે ફેરફારોને સહન નથી કરી શકતી. માટે કર્તૃત્વ, ભોકતૃત્વ વગેરે ધર્મ ચેતનાના નહિ, કિન્તુ પરિણામી નિત્ય પ્રકૃતિના ધર્મ છે, - એમ સાંખ્યમત પ્રણેતા કપિલ ઋષિ માને છે.'' આ માનવાનું અર્થાત્ પુરુષ-પ્રકૃતિનું આવું દર્શન ભલે મિથ્યા, પણ એ પોતાના જ્ઞાનાવરણીય કર્મોના ક્ષયોપશમના અનુસારે બને છે.

ત્યારે ન્યાય-વેદાન્ત મત ચલાવનાર કણાદ અને ગૌતમ ઋષિઓનું દર્શન એવું છે કે ચેતન આત્મા પોતે જ કર્તા, ભોકતા વગેરે બને છે, ને તેથી કાંઇ ચેતનની નિત્યતાને વાંધો નથી આવતો, આવું દર્શન એમના જુદા પ્રકારના ક્ષયોપશમના અનુસારે થાય છે.

સારાંશ, ઐહિક પદાર્થના જુદા જુદા પ્રકારના દર્શન દા.ત. (૧) મેઘવાળી રાત્રિએ વસ્તુદર્શન, અને મેઘ વિનાની રાત્રિએ વસ્તુદર્શન, એમ દિવસે વસ્તુદર્શન અને રાત્રિએ વસ્તુદર્શન જુદા જુદા પ્રકારનું થાય છે. એ તેવી તેવી બાહ્ય ઉપાધિને આભારી છે; અર્થાત્ બાહ્ય નિમિત્તને લઇને બને છે, ત્યારે (૨) આ ચેતન આત્મા, જડ પ્રકૃતિ વગેરે પરલૌકિક પ્રમેય પદાર્થ અંગે... દર્શનભેદ દર્શન કરનારના ક્ષયોપશમની વિચિત્રતાને લઇને બને છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહીં પ્રશ્ન થાય, -

પ્ર૦ - જેમ બાહ્ય પદાર્થ ઘટ, પટ ( ઘડો, વસ્ત્ર) વગેરેનું, વિચિત્ર ક્ષયોપશમને લઇને વિચિત્રતાવાળું દર્શન થતું હશે ?

ઉ૦ - અહીં 'દર્શન' શબ્દનો અર્થ પ્રત્યક્ષ દર્શન નથી, કિન્તુ માન્યતા છે, સ્વીકાર છે. એટલા માટે ગ્રંથકારે અહીં દર્શનભેદના બદલે પ્રતિપત્તિભેદ શબ્દ મૂકયો છે. કહ્યું છે 'ક્ષયોપશમવૈચિત્ર્યતઃ ચિત્રઃ પ્રતિપ્રત્તિભેદઃ' પ્રતિપત્તિ એટલે માન્યતા-સ્વીકાર એની વિચિત્રતા-ભિન્ન-ભિન્નતા પોત-પોતાના વિચિત્ર ક્ષયોપશમને લઇને થાય છે; બાકી એવા ચેતન વગેરે અતીન્દ્રિય પદાર્થનું પ્રત્યક્ષ દર્શન તો કેવળજ્ઞાનરૂપી ચક્ષુથી જ બની શકે. સર્વજ્ઞ જ એનું પ્રત્યક્ષ દર્શન કરી શકે. એટલે આ આવ્યું કે પારલૌકિક અર્થાત્ પરલોક સાથે સંબંધ રાખનાર ચેતન, કર્મ વગેરે પદાર્થની માન્યતાઓનો ભેદ ક્ષયોપશમના વૈચિત્ર્યને આભારી છે. યોગાચાર્યો પણ એ જ કહે છે કે આ દર્શનભેદ યાને માન્યતાભેદ પોત-પોતાની ક્ષયોપશમ-વિચિત્રતા અર્થાત્ બુદ્ધિની વિચિત્રતાને લઇને છે.

## પહેલી ચાર યોગદૃષ્ટિમાં દર્શનભેદઃ પણ પાછલી ચારમાં દર્શનભેદ કેમ નહિ ? :

આ પારલૌકિક પદાર્થના દર્શનભેદ યાને વિચિત્ર વિચિત્ર સ્વીકાર પહેલી ચાર યોગદૃષ્ટિમાં હોય છે, કેમકે એમને પોતપોતાની બુદ્ધિના અનુસારે ચાલવાનું હોય છે. અને તે તે મતના પ્રણેતાની બુદ્ધિમાં યાને ક્ષયોપશમમાં એકરૂપતા નહિ, પણ વિચિત્રતા હોય એ સહજ છે, એટલે જ ભિન્નભિન્નરૂપ આત્મા આદિ પદાર્થ તત્ત્વોનું નિરૂપણ કરે એ સ્વાભાવિક છે. તેથી એમના અનુયાયીઓ તે તે રૂપે પદાર્થતત્ત્વ સ્વીકારે છે.

**(टीका) न खल्वयं स्थिरादिदृष्टिमतां भिन्नग्रन्थीनां योगिनां यथाविषयं नयभेदावबोधभावादिति ।**

અર્થાત્ ખરેખર આ દર્શનભેદ (માન્યતાભેદ પાછળની ચાર સ્થિરા આદિ દૃષ્ટિવાળા અને ગ્રન્થિભેદવાળા યોગીઓને નથી હોતો; કેમકે એમને તે તે વિષય નયવિશેષનો બોધ હોય છે.

ભાવાર્થ :- નિશ્ચિત વાત છે કે આ દર્શનભેદ ગ્રન્થિભેદસંપન્ન 'સ્થિરા' આદિ દૃષ્ટિવાળા યોગીઓને નથી હોતો, કેમકે દર્શનભેદ યાને માન્યતાભેદમાં નિમિત્તભૂત ધર્મોને, એના વિષય પ્રમાણે જુદા જુદા નયની અપેક્ષાએ, સંગત કરવાનું એ જાણે છે. પરસ્પર વિરુદ્ધ તત્ત્વદર્શન કરનારા સમગ્ર ઇતર દર્શનવાળાની અપેક્ષા એ જોઇએ તો બધાના ક્ષયોપશમ કાંઇ એક જ પ્રકારના ન હોવાથી તત્ત્વમાન્યતા, એકજ પ્રકારની નથી, પણ માન્યતાભેદ હોય છે, યાને દર્શનભેદ હોય છે. આ બધું પહેલી ચાર યોગદૃષ્ટિમાં બને છે કેમકે એ મિથ્યાત્ત્વ અવસ્થાની છે, ગ્રન્થિભેદ વિનાની છે, કિન્તુ પાછળની સ્થિરાદિ ચાર દૃષ્ટિમાં દર્શનભેદ નથી હોતા. એનું કારણ આ છે કે સ્થિરાદિ દૃષ્ટિથી ગ્રન્થિભેદ થઇને સમ્યગ્દર્શન પ્રગટેલું હોય છે, અને સમ્યગ્દર્શન તો સર્વજ્ઞ શ્રી જિનેશ્વર ભગવાને કહેલા તત્ત્વની જ શ્રદ્ધા-સ્વરૂપ છે. એટલે એમાં સર્વજ્ઞ ભગવાને કહ્યા પ્રમાણે જ તત્ત્વોની માન્યતા ધરવાની હોય છે, તત્ત્વોનો સ્વીકાર કરવાનો હોય છે, તેથી પારલૌકિક પ્રમેયો આત્મા, કર્મ વગેરે તત્ત્વોના દર્શનમાં યાને સ્વીકારવામાં ભેદ પડતો નથી. સર્વજ્ઞ વચનના ખીલે બંધાયા એટલે સર્વજ્ઞ વચન કહે તે જ સ્વીકારવાનું રહે છે. ત્યારે પૂર્વની મિથ્યાત્વ અવસ્થામાં રહેલા પેલા ચાર દૃષ્ટિવાળાને સર્વજ્ઞ-વચનનું બંધન નથી, તેથી એમને તો પોતપોતાની બુદ્ધિ અર્થાત્ ક્ષયોપશમના આધારે ચાલવાનું હોય છે, અને ક્ષયોપશમ વળી વિચિત્રતાવાળા હોય છે, તેથી એમનાં તત્ત્વ-સ્વીકારવામાં ભેદ પડે છે.

સ્થિરાદિ ચાર યોગ દૃષ્ટિવાળાને 'સમ્યગ્દર્શન' એટલે કે એકમાત્ર સર્વજ્ઞ-વચનની જ શ્રદ્ધા મુજબ ચાલવાનું હોય છે. કારણ એ છે કે, એમણે ગ્રન્થિભેદ કર્યો છે. અનાદિની વાંસની ગાંઠ જેવી જટિલ રાગદ્વેષની પરિણતિ રૂપ ઘન કઠિન ગાંઠનો ભેદ કર્યો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, ગાંઠ તોડી છે.

રાગ-દ્વેષની નિબિડ ગાંઠનો પ્રભાવ જ એવો છે કે, એ પોતાની બુદ્ધિના અનુસારે ચલાવે. અહીં પ્રશ્ન થશે કે,-

પ્ર૦- ઇતર મતવાળા પણ પોતપોતાના મત-પ્રણેતા કપિલ-કણાદ-ગૌતમ વગેરેનાં જ વચનને અનુસારે ચાલનારા હોય છે, તો એમાં કયાં પોતાની બુદ્ધિને અનુસારે ચાલવાનું આવ્યુ ?

ઉ૦- સ્વમતિ અનુસારે ચાલવાનું એ રીતે આવ્યું કે કોઇએ કપિલને તત્ત્વ-પ્રણેતા તરીકે માન્યા, તો બીજાએ કણાદને, તો ત્રીજાએ ગૌતમને તત્ત્વ-પ્રણેતા તરીકે સ્વીકારી લીધા, કોઇએ એ જોયું નહિ કે 'આ કપિલ સર્વજ્ઞ છે ?' 'કણાદ સર્વજ્ઞ છે ?' ના. એ તો એટલું જોયું કે, 'એ કપિલ કે કણાદ વગેરેએ પોતાની બુદ્ધિ અનુસારે તત્ત્વ સારાં ને સાચા પ્રમાણસિદ્ધ માનેલાં છે, સારાં કલ્પેલા છે, માટે આપણે એની માન્યતા ધરો.' પછી એ ન જોયું કે 'આ કપિલના વચનની સામે કણાદના કે ગૌતમના વચન ટકરાય છે એનું કેમ ?'

ત્યાં તો મનને સમાધાન કરી લીધું કે 'તત્ત્વમાન્યતા અંગે સામસામે તર્ક અનુમાન તો આવે; પરંતુ કપિલનાં વચન અમને ઠીક લાગે છે;' યા 'ગૌતમના વચન અમને ઠીક લાગે છે.'

આમ મૂળમાં શું કપિલ કે શું ગૌતમ, કે શું કણાદ, એમણે પોતાની બુદ્ધિના અનુસારે તત્ત્વ-માન્યતા કરી મત પ્રવર્તાવ્યો, હવે એના પર શ્રદ્ધા કરનારો પણ બીજાઓને છોડી આ જ મત-પ્રણેતાને સ્વીકારે છે, એ પોતાની જ બુદ્ધિના અનુસારે ચાલનારો કહેવાય.

ત્યારે સર્વજ્ઞ જિનેશ્વર ભગવાનનાં વચનને અનુસરનારને પોતાની બુદ્ધિ પ્રમાણે ચાલવાનું રહ્યું જ નહિ. એ તો કહે છે, 'જે સર્વજ્ઞ હોય છે, લોકાલોકના ત્રિકાળના સમસ્ત પદાર્થ અને એના સમસ્ત પર્યાયોને જુએ છે; અને જોયા પ્રમાણે જ કહે છે, એમનું જ વચન માનવા યોગ્ય છે.' માણસ પોતાની બુદ્ધિ અનુસારે કલ્પીને કહે એનું વસ્તુ-દર્શનનું ગજું કેટલું ? કલ્પના મર્યાદિત છે, અને વસ્તુએ વસ્તુએ પર્યાય-ધર્મો અનંતા છે, અને એમાં અતીન્દ્રિય ધર્મો અનંત છે, બુદ્ધિના જોરે એની શી કલ્પના કરી શકે ? અને કલ્પનાના તુક્કા પર ગોઠવેલું સાચું જ હોય એવો નિયમ કયાં છે ? નહિતર ભિન્ન ભિન્ન દર્શનકારોમાં મતભેદ શાના પડે ? એકથી તદ્દન વિરુદ્ધ કહેવાનું બીજાને શાનું હોય ? મૂળમાં પોતાને પ્રત્યક્ષ દર્શન નહિ, અને પોતાની બુદ્ધિના જોર પર હાંકવાનું , એ બધુ શાનું નિશ્ચિતપણે સત્ય હોય ? બુદ્ધિઓ વિચિત્ર હોય છે,ક્ષયોપશમ જુદા જુદા પ્રકારના હોય છે, તેથી ભિન્ન ભિન્ન ક્ષયોપશમના આધારે કહેવાતાં તત્ત્વ એકબીજાને સાથે ટકરાય એ સ્વાભાવિક છે.

એટલે જ સર્વજ્ઞનું શરણું જેણે નથી પકડયું એવા મિથ્યાત્વ-અવસ્થામાં રહેલાના બુદ્ધિભેદ યાને ક્ષયોપશમ-ભેદના લીધે એમના તત્ત્વોમાં અર્થાત્ માન્યતામાં ભેદ પડે છે. ત્યારે સર્વજ્ઞનું શરણું પકડનાર સ્થિરાદિ દૃષ્ટિવાળાને તો સર્વજ્ઞ-દૃષ્ટ અને સર્વજ્ઞ-કથિત જ તત્ત્વો માનવાના હોય છે, તેથી એમની માન્યતામાં ભેદ નથી પડતો. અહીં એક પ્રશ્ન ઊઠે છે,-

એકત્ર વિરુધ્ધ ધર્મો માનવામાં વિરોધ કેમ નહિ ? :

પ્ર૦-સર્વજ્ઞ ભગવાને તો સ્યાદ્વાદ કહ્યો છે, એટલે એમાં તો પરસ્પર વિરુદ્ધ દેખાતા ધર્મ એક જ સ્થાને સમાવેશ પામતા કહ્યા છે, એ કેમ બને ? દા. ત. આત્મામાં નિત્યત્વ અને ક્ષણિકત્વ જો સાથે હોય તો એ તો પરસ્પર વિરુદ્ધ છે. એ આત્મારૂપી એક જ સ્થાનમાં રહેનારા કેમ બને ? અને જો બને તો એમાં તો આત્માને નિત્ય માનવો એ એક માન્યતા થઇ યાને એક દર્શન થયું; અને સાથે આત્માને ક્ષણિક (અનિત્ય) માનવો એ બીજી માન્યતા થઇ યાને બીજું દર્શન થયું; તો આમાં સ્પષ્ટ દર્શનભેદ થયો ને ? એમ જ્ઞાનથી પણ મોક્ષ માનવો અને ચારિત્રથી પણ મોક્ષ માનવો એમાં ય દર્શનભેદ જ છે ને ? તો સર્વજ્ઞનું શરણું પકડનારમાં પણ દર્શનભેદ કયાં નથી ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦-આમાં દર્શનભેદ નથી, કેમકે પરસ્પર વિરુદ્ધ દેખાતી માન્યતા જુદા જુદા નયને સાપેક્ષ છે. જુદા જુદા નયને અપેક્ષીને તે તે ધર્મ વસ્તુમાં ઘટમાન હોય, ઘટી શકતા હોય, તો તે ધર્મો ત્યાં હોવાનું માનવું જ જોઇએ. દા. ત. રામ પિતા પણ છે, અને પુત્ર પણ છે. તેથી રામમાં પિતૃત્વ આવ્યું અને એથી વિરુદ્ધ પુત્રત્વ પણ આવ્યું હવે હાલમાં આ પિતૃત્વ લવણ અંકુશ નામના બે પુત્રોની અપેક્ષાએ ઘટમાન છે, અને રામમાં પુત્રત્વ પિતા દશરથની અપેક્ષાએ ઘટમાન છે. તો પિતૃત્વ; પુત્રત્વ બંનેમાંથી એકેયનો ઇન્કાર ન થઇ શકે. એટલે જ રામને પિતા ય માન્યા ને પુત્ર પણ માન્યા. એમાં કોઇ માન્યતા-ભેદ થયો કે દર્શનભેદ થયો એમ ન કહેવાય.

એ જ પ્રમાણે આત્મા પર્યાયયુકત એક દ્રવ્ય છે, અને આ દ્રવ્યની અપેક્ષાએ યાને દ્રવ્યની દષ્ટિએ આત્મા નિત્ય છે, સનાતન છે, અનાદિ અનંત છે. એટલે કે આત્મા કયારે ય વિશ્વમાં નહોતો અને નવો જ ઉત્પન્ન થયો એવું નથી.એ અનાદિ કાળથી છે છે ને છે. પરંતુ એની દેવત્વ-મનુષ્યત્વ વગેરે યા બાલત્વ-કુમારત્વ વગેરે અવસ્થાઓ યાને પર્યાયોની અપેક્ષાએ આત્મા અનિત્ય છે, પર્યાય-દષ્ટિએ અનિત્ય છે, પલટાતો છે. આમ વસ્તુ-સ્થિતિની દષ્ટિએ નિત્યત્વ, અનિત્યત્વ બંને ધર્મ મનાય એમાં માન્યતાભેદ ન કહેવાય.

આમાં આત્મા દ્રવ્ય તરીકે અનાદિ કાળથી અસ્તિત્વ ધરાવે છે. તેમ આત્મ-દ્રવ્યનો ભવિષ્યમાં કદી ય સમૂળ નાશ પણ થવાનો નથી. ઇતર દર્શનકારો પણ કહે છે,-

**'नाऽसतो विद्यते भावो,**

**नाऽभावो विद्यते सतः !''**

અર્થાત્ જે વસ્તુ કયારે ય પણ તદ્દન અસત્ હોય તે નવી ઉત્પન્ન થઇ શકતી નથી; અને જે સત્ છે તેનો કયારેય પણ તદ્દન અભાવ યાને આમૂલ-ચૂલ (સર્વથા) નાશ થતો નથી.

## (૧) દ્રવ્યદષ્ટિએ નિત્ય :-

એટલે જો આત્મા અનાદિનો ન માનીએ તો અમૂક બહુ પૂર્વના કાળે તેને તદ્દન અસત્, અને પછીથી કયારે ઉત્પન્ન થનાર માનવો પડે. પરંતું આવુ મનાય નહિ કે તદ્દન અસત્ પણ ઉત્પન્ન થઇ શકે', કેમકે એવું થઇ શકતું હોય તો તો આકાશ-પુષ્પ, ગર્દભ-શ્રૃંગ વગેરે તદ્દન અસત્ પણ કયારેક ઉત્પન્ન થવા જોઇએ, પરંતુ ઉત્પન્ન થતા નથી. માટે કહો કે ''સર્વથા અસત્‌ની કદી ઉત્પત્તિ ને અસત્‌નો કદી સદ્ભાવ ન થાય'';ને આત્માનો સદ્ભાવ તો છે જ, એ સૂચવે છે કે, આત્મા અનાદિ સત્ છે.....

એમ સત્ આત્મા અવિનાશી શાશ્વત પણ છે. કયારેય એનો સમૂલ સર્વથા નાશ નહિ થવાનો; કેમ કે જો સત્‌નો સર્વથા નાશ થઇ શકતો હોય તો તો અનાદિ કાળ એટલે તો પાર વિનાનો ભૂતકાળ; એ અપાર કાળ વહી ગયો એમાં એનો અને બીજા બધા જ સત્ દ્રવ્યોનો કયારેક ને કયારેક સર્વથા નાશ થઇ ગયો હોત ! તો આજે જે સત્ જગત્ આપણી નજર સામે ઉપલબ્ધ થાય છે તે ઉપલબ્ધ થાત જ નહિ. કાળની કોઇ આદિ નથી, અર્થાત્ પહેલા કાળ હતો જ નહિ, પછી કાળ શરુ થયો એવું નથી. કાળ અનાદિ છે આદિ વિનાનો પ્રારંભ વિનાનો છે. એવા અનાદિ અપાર કાળમાં આત્મા અને બીજા સત્ દ્રવ્યોનો સર્વથા નાશ થવાનું ન બન્યું 'તે હવે અમુક ગણતરીના કાળ પછી સર્વથા નાશ પામશે,' એમ અનાદિ-સિદ્ધ દ્રવ્યો માટે માનવું નિર્યુકિતક છે, તર્કશૂન્ય છે.

## (૨) પર્યાયદષ્ટિએ અનિત્ય :-

સારાંશ, આત્મ-દ્રવ્ય શાશ્વત છે, સદા રહેનારુ છે. અલબત્ત, એમાં પર્યાયો અર્થાત્ અવસ્થાઓ ફરે છે, એટલે કે એમાં જુના પર્યાયો જાય, ને નવા પર્યાયો આવે, એવું બને છે. દા. ત. એજ આત્મા કયારેક મનુષ્ય છે, તો પછી મરીને દેવ થાય; એમાં દેવ થયો ત્યારે મનુષ્યપણાનો પર્યાય નષ્ટ થયો, અને દેવપણાનો પર્યાય ઉત્પન્ન થયો. પર્યાયની દષ્ટિએ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મા ઉત્પન્ન થયો કહેવાય, છતાં પણ આત્મા દ્રવ્યદૃષ્ટિએ એટલે કે આત્મ-દ્રવ્ય તરીકે તો બંને અવસ્થામાં ઊભો જ છે, સ્થાયી છે, સ્થિર છે; ન ઉત્પન્ન ન નષ્ટ. એટલે આ આવ્યું કે આત્મા દ્રવ્યદૃષ્ટિએ નિત્ય છે, અને પર્યાયદૃષ્ટિએ અનિત્ય છે; ક્ષણે ક્ષણે પલટાતા પર્યાયોની દૃષ્ટિએ ક્ષણિક છે, અનિત્ય છે.

**દૃષ્ટિ એટલે નય :-**

આ દૃષ્ટિને નય કહે છે, એમાં દ્રવ્યદૃષ્ટિ એટલે કે દ્રવ્યાર્થિક નય, દ્રવ્યાસ્તિક નય; અને પર્યાયદૃષ્ટિ એટલે પર્યાયાર્થિક નય, પર્યાયાસ્તિક નય. દ્રવ્યાર્થિક નયથી એ અનિત્ય છે. આમ નિત્ય તરીકે વિચારીએ, નિત્યતાનો વિષય લઇએ, ત્યારે દ્રવ્યાર્થિક નય લાગુ થાય; અને નિત્ય તરીકે જોઇએ, અનિત્યતા વિષય તરીકે લઇએ ત્યારે પર્યાયાર્થિક નય લાગુ થાય. જોવાની વસ્તુ એક જ છે, પરંતુ એ નિત્ય-અનિત્ય બે સ્વરૂપની હોવાથી એને જોવાની દૃષ્ટિ બે બને છે, દ્રવ્યદૃષ્ટિ અને પર્યાયદૃષ્ટિ. દ્રવ્યદૃષ્ટિએ જોઇએ ત્યારે નિત્ય દેખાય,-દ્રવ્યાર્થિક નયથી નિત્ય,પર્યાયાર્થિક નયથી અનિત્ય. એમ જેને જુદા જુદા નયનો ખ્યાલ છે, એ એક જ વસ્તુમાં તે તે નયને અવલંબીને તેવો તેવો ધર્મ માને; એમાં કાંઇ ખોટું નથી. તે તે નયના તે તે વિષય નિશ્ચિત થઇ ગયેલા છે. એટલે એકજ વસ્તુમાં ભિન્ન ભિન્ન નયથી તેના તેના વિષય તે તે વસ્તુના ધર્મરૂપે માનવામાં આવે, એમાં કાંઇ દર્શન-ભેદ થયો ન ગણાય.

એ તો દર્શન-ભેદ તેને લાગુ થાય છે, કે જે એક નયથી સિદ્ધ થતો એક ધર્મ તો માને, પરંતુ ત્યાંજ બીજા નયથી સિદ્ધ થતો ધર્મ ન માને દા. ત. સાંખ્યદર્શન, ન્યાયદર્શન વગેરે માને. છે કે 'આત્મા નિત્ય એટલે બસ નિત્ય જ; એ અનિત્ય હોઇ શકે જ નહિ' ભલે પછી પર્યાયદૃષ્ટિએ એ અનિત્ય હોય તો ય આત્માને અનિત્ય માનવાનો જ નહિ. આ મિથ્યા દર્શનકારની સ્થિતિ છે. એમ બીજાને (બૌદ્ધને) પર્યાયદૃષ્ટિથી સિદ્ધ થતો માત્ર ક્ષણિકત્વ ધર્મ માનવો છે, પણ દ્રવ્યદૃષ્ટિથી સિદ્ધ થતો નિત્યત્વ ધર્મ માનવો જ નથી. તો આ બેનાં દર્શન ભિન્ન પડયા ત્યાં દર્શન-ભેદ આવ્યો કહેવાય.

જૈન મતમાં તો જે આત્મા એક નયદૃષ્ટિથી નિત્ય છે, એ જ આત્મા જુદા નયથી અનિત્ય પણ છે જ. એટલે એમાં એવો કોઇ દર્શનભેદ નથી, એટલે કે પરસ્પર ટકરાતી નિરનિરાળી માન્યતાઓ નથી. માટે નિશ્ચિતપણે કહી શકાય કે સ્થિરા વગેરે ઉપરની ચાર દૃષ્ટિવાળા યોગીઓને આ દર્શનભેદ યાને દર્શન ભિન્ન ભિન્ન હોતું નથી, કેમકે વિષયના અનુસારે નયવિશેષ લગાડીને એનો બોધ કરે છે,એટલે પરસ્પર વિરોધ રહેતો નથી. તે તે નયદૃષ્ટિથી તે તે પ્રમાણે માનવાનું યુકિતયુકત જ હોય છે; કેમકે વસ્તુસ્થિતિ જ તે તે પ્રમાણે છે. આનું પરિણામ કેવું સુંદર ? તે હવે બતાવે છે.

**(टीका) प्रवृतिरप्यमीषां परार्थं, शुद्धं बोधभावेन विनिवृत्ताग्रहतया मैत्र्यादिपारतन्त्र्येण गम्भीरोदाराशयत्वात, चारिचरिकसंजीवन्यचरकचारणनीत्येति, अलं प्रसङ्गेन ।**

અર્થાત્ આ (સ્થિરાદિ દૃષ્ટિવાળા)ની પ્રવૃત્તિ પણ પરહિતની હોય છે, કેમકે એમને વિશુદ્ધ બોધને લઇને દુરાગ્રહ ન હોવાથી મૈત્રી આદિભાવોની પરતન્ત્રતા આવી હોય છે, ને તેથી જ એ ગંભીર અને ઉદાર આશયવાળા બનેલા હોય છે. (એટલે સહજ છે કે એ ) સંજીવની વનસ્પતિનો ચારો સ્વયં નહિ ચરનાર (બળદ બની ગયેલ પતિ)ને એ ચરાવવાની પદ્ધતિથી પરાર્થ-પરહિતના સાધક હોય છે. પ્રાસંગિક પત્યું.

**ભાવાર્થ :-**

અહીં ગ્રંથકાર પોતે જ ટીકાકાર છે. એ મૂળ ગ્રંથમાં કહેવા ઉપરાંત ટીકાગ્રન્થમાં યોગદૃષ્ટિ સંબંધમાં અદ્દ્ભુત પ્રકાશ પાથરે છે, જે જાણવું અત્યંત જરૂરી છે, જેથી એને ક્રિયાધર્મ અને વ્રતનિયમ-ધર્મમાં જોડી શકાય. યોગદૃષ્ટિના પ્રકાશથી ઉજ્જવલિત ધર્મક્રિયા-વ્રતનિયમો મહાન પ્રભાવવંતો ભાવધર્મ બને છે. અહીં પહેલાં સંક્ષેપમાં જોઇએ કે 'પ્રવૃત્તિરપિ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમીષાં....' આ પંક્તિઓમાં કેવો સુંદર ઉન્નતિક્રમ બતાવ્યો છે.

આત્મા અહીં સ્થિરાદૃષ્ટિમાં આવે એટલે (૧) આત્મામાં કેવો વિકાસ થયો હોય એનો અહીં સુંદર ક્રમ બતાવ્યો છે, અથવા કહો, (૨) એવા ગુણો-લક્ષણો બતાવ્યા કે જે આપણામાં આવ્યા હોય તો વિશ્વાસ લઇ શકીએ કે આપણે સ્થિરાદૃષ્ટિમાં આવવું હોય તો આ ગુણો લક્ષણો પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ ખેડો.

(૧) પહેલી વાત એ બતાવી કે ગ્રન્થિભેદ કર્યો છે એટલે વિશુદ્ધ બોધ પ્રાપ્ત થયો છે. આ વિશુદ્ધ બોધ એવો કે વસ્તુમાં જુદા જુદા નયથી સંમત થતા ધર્મોનો સ્વીકાર કરાય છે.

(૨) આવો વિવિધ વિરુદ્ધ દેખાતા ધર્મોનો નયવિશેષોથી સમન્વય કરવાની આવડત હોવાથી એમાંથી કોઇ એક ધર્મ માનવાનો અને બીજા ધર્મનો વિરુદ્ધ કહીને ઇન્કાર કરવાનો અસત્ આગ્રહ નથી હોતો.

(૩) એવો અસત્ આગ્રહ નહિ હોવાથી જગતના જીવમાત્ર પ્રત્યે સ્નેહભાવરૂપ મૈત્રીભાવ તેમજ કરુણા-પ્રમોદ-મધ્યસ્થ ભાવ માધ્યસ્થ્ય અખંડિત રાખી શકે છે, તે મૈત્રી આદિભાવોની પરતંત્રતા પરવશતા આવી જાય છે. અત્યાર સુધી અમૈત્રી આદિ ક્રોધાદિ ભાવોની પરવશતા હતી, તે મટીને હવે મૈત્રી આદિભાવોની પરવશતા યાને સાપેક્ષતા આવે છે.

(૪) મૈત્રી આદિ ભાવોની જ સાપેક્ષતા આવી એટલે હૃદયનો આશય ગમ્ભીર અને ઉદાર બની જાય છે. કેમકે જે કોઇ પ્રસંગ આવ્યો એ વખતે મૈત્રી આદિ ભાવને આધીન રહીને જ વિચાર વર્તાવ કરવા છે; તેથી ગંભીર અને ઉદાર આશયથી એ કરવાનું થવાનું.

(૫) આવો આશય આવ્યાથી સહેજે પરાર્થ પ્રવૃત્તિ થવાની. પ્રવૃત્તિ જ એવી થવાની કે જે સહેજે બીજાના લાભમાં ઊતરે. એના પર ચારિસંજીવનીનું દષ્ટાન્ત છે. એ આગળ પર વિચારશું.

આ પાંચે મુદ્દા પર હવે વિચારીએ. અલબત્ આ વિચારણામાં વિસ્તાર થશે, ક્યાંક પુનરુક્તિ જેવું પણ આવશે, કિન્તુ પદાર્થ ખૂબ ગંભીર અને ગહન હોવાથી એ વિચારણા અહીં આવશ્યક છે, અને ખૂબ હૃદયગ્રાહી બનશે.

## સ્યાદ્વાદ દૃષ્ટિ

## વિવેચન :-

## નયવિશેષના જ્ઞાનથી વિશુદ્ધ બોધ :-

'મિત્રા' આદિ ચાર દૃષ્ટિમાં રાગદ્વેષની જટિલ ગાંઠ અર્થાત્ ગ્રન્થિ ભેદી નથી હોતી,તેથી એ અભિન્નગ્રન્થિક જીવોને સર્વજ્ઞકથિત નયજ્ઞાન મળ્યું નથી હોતું, તેથી પરસ્પરની માન્યતાના ખંડનમાં પડે છે પરંતુ જેમણે ગ્રન્થિભેદ કર્યો છે એવા 'સ્થિરા' આદિ દૃષ્ટિવાળા યોગીઓની વસ્તુ-દર્શનનો વિષય બીજા દર્શન વિષયથી વિરુદ્ધ દેખાય એમાં એ તે તે નયથી વિરુદ્ધ દેખાતા પણ એ એ વિષયનો ત્યાં ત્યાં સમન્વય કરે છે, અપેક્ષાવિશેષથી સમાવેશ હોવાનો વિવેક કરી લે છે, કેમકે એમને નયવિશેષોનો બોધ છે.

નય એટલે દૃષ્ટિ;-અમુક અમુક દૃષ્ટિએ થતું જ્ઞાન. જ્ઞાન બે પ્રકારે, પ્રમાણ અને નય; અર્થાત્ પ્રમાણજ્ઞાન અને નયજ્ઞાન. એમાં 'પ્રમાણ-જ્ઞાન' એટલે કોઇ પણ દૃષ્ટિ લગાવ્યા વિના વસ્તુનું સમગ્ર રૂપે થતું જ્ઞાન. પ્રત્યક્ષ જ્ઞાન થયું કે 'આ ઘડો છે,' તો એ પ્રમાણજ્ઞાન છે. પરંતુ કોઇ દૃષ્ટિએ ઘડાને જોયો, તો એ નયજ્ઞાન થયું. દા. ત. માલિકીની દૃષ્ટિએ જોયું કે ' આ રામલાલનો ઘડો છે,' અથવા બનાવનારની દૃષ્ટિએ જોયું કે 'અમુક કુંભારનો ઘડો છે,' અથવા જે ઋતુમાં બનાવેલો એ દૃષ્ટિએ જોયું કે, 'આ શિયાળાનો ઘડો છે,'- આમ જુદી જુદી દૃષ્ટિએ જોતાં જાુદા જુદા જ્ઞાન થયાં, એ નયજ્ઞાન છે. એમાં માલિકીની દૃષ્ટિએ 'કુંભારનો નથી, એમ કહેવાય, કેમકે એણે રામલાલને વેચી દીધો છે, એટલે હવે કુંભારની માલિકી નથી,પરંતુ બનાવનારની દૃષ્ટિએ 'કુંભારનો છે,' એમ કહેવાય. એમ જેને નયભેદોનું જ્ઞાન છે, એ સમજી શકે છે કે ઘડો કુંભારનો છે, અને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુંભારનો નથી પણ ખરો, કેમકે રામલાલની માલિકીનો છે. એની એ વસ્તુ જુદી જુદી દૃષ્ટિએ 'છે' અને 'નથી'એમ બંને રૂપે જોવામાં કોઇ દર્શનભેદ ન કહેવાય, માન્યતા-ભેદ કહેવાય. વસ્તુ બંને રૂપે છે, ને જોનાર બંને રૂપે સ્વીકારે છે, એમાં સ્વીકાર એક જ છે.

આ અનેકાન્ત દૃષ્ટિએ સ્વીકાર થયો કહેવાય. પરંતુ એકાંત જોનાર તો પોતાની દૃષ્ટિએ થતાં દર્શનની સામે બીજાની એકાંત બીજી દૃષ્ટિએ થતાં વિરુદ્ધ જ્ઞાનનો વિરોધ કરવાનો. એમાં બંને દ્રષ્ટીમાં માન્યતા-ભેદ આવ્યો દા. ત.

એકાંત દ્રવ્યદૃષ્ટિએ જોનાર સાંખ્ય કહે છે 'ચેતન પુરુષ આત્મામાં કશો ફેરફાર નથી થતો. એ સદા કૂટસ્થ નિત્ય છે.' ત્યારે

એકાંત પર્યાયદૃષ્ટિએ જોનાર બૌદ્ધ કહે છે- 'આત્મા ક્ષણિક જ છે, નિત્ય છે જ નહિ.'

તો આ બંને એકાંત દૃષ્ટિઓનાં દર્શનમાં માન્યતામાં ભેદથી જ સામસામા એ લડે છે, સમન્વય નથી કરી શકતા; કેમકે એમને નયભેદોનું જ્ઞાન નથી.અનેકાંત જૈન દર્શનવાળાને દ્રવ્યાર્થિકનય-પર્યાયાર્થિકનય, જ્ઞાનનય- ક્રિયાનય...એમ જુદા જુદા નયોનું અર્થાત્ નયભેદોનું જ્ઞાન છે. તેથી સમન્વય કરી માને છે કે દ્રવ્યાર્થિક નયથી આત્મા નિત્ય પણ છે અને પર્યાયાર્થિક નયથી અનિત્ય-ક્ષણિક પણ છે. આમા દર્શનભેદ નથી; પરંતુ વિશુદ્ધ દર્શન છે, વિશુદ્ધ બોધ છે.

ઘટી શકતા પરસ્પર વિરુદ્ધ પણ જુદા જુદા ધર્મનો બોધ એ વિશુદ્ધ બોધ છે. એવો શુદ્ધ બોધ હોવાને લીધે એ નિષ્પક્ષપાત દર્શન કરતો હોવાથી વસ્તુમાં ઘટતી બધી દૃષ્ટિએ એમાં ઘટી શકતા બધા ધર્મ એને સ્વીકાર્ય છે. એટલે એને એમાંથી કોઇ એક જ ધર્મ માનવાનો આગ્રહ નથી હોતો. એકાન્ત એકપાક્ષિક જોનારને તો તે જોયેલા વસ્તુ-ધર્મ માટે આગ્રહ રહે છે, તેથી એ બીજી દૃષ્ટિએ વસ્તુમાં ઘટી શકતા ધર્મનો વિરોધ કરવાનો આગ્રહી હોય છે. ત્યારે અનેકાંન્ત દૃષ્ટિવાળાને તો બંને દૃષ્ટિ અને બંને દૃષ્ટિએ ઘટી શકતા બંને ધર્મ માન્ય છે. એટલે એને એકાંત એક જ દૃષ્ટિએ સિદ્ધ થતો ધર્મ જ માનવાનો , અને બીજી દૃષ્ટિએ ઘટી શકતો બીજો ધર્મ ન માનવાનો ખોટો આગ્રહ નથી રહેતો. આ ખોટો આગ્રહ ન રહેવામાં કારણભૂત પોતાનો શુદ્ધ બોધ કામ કરી રહ્યો છે.

## અનેકાંતદૃષ્ટિ-સ્યાદ્વાદ દૃષ્ટિની જીવનમાં કેટલી બધી જરૂર છે ?

આમ જુદી જુદી દૃષ્ટિએ વસ્તુને જોવાનો ઓળખવાનો જો સ્વભાવ પડી જાય, તો વ્યવહારમાં પણ ઝગડા કરવાનું ન બને. કેમકે ઝગડો થવાનું કારણ માણસ પોતાની દૃષ્ટિએ જ વસ્તુ જોઇ સામાની દૃષ્ટિએ થતાં દર્શનને અર્થાત્ ઊભી થતી પરિસ્થિતિને ધ્યાનમાં જ નથી લેતો, તેથી એનો વિરોધ કરે છે.

દા. ત. નોકરના હાથે ઘડો ફૂટયો, ત્યાં શેઠ એને ધમકાવે છે કે 'ભાનભૂલા ! કેમ ઘડો ફોડયો ?'

ત્યાં નોકર કહે છે 'શેઠ ! બીજા કામમાં વ્યગ્ર હતો એટલે ખ્યાલ ન રહેવાથી ઘડો પગે અથડાયો, અને ફૂટી ગયો.'

ત્યારે શેઠ કહે છે, 'બીજા કામની વ્યગ્રતા એટલે શું , ઘડો ફોડી નાખવાનો ? ભાન નહિ રાખવાનું ?'

આમ શેઠ રગડો માંડે છે. કારણ, કે પોતાની જ સભાનતાની દૃષ્ટિનો આગ્રહ રાખે છે, પણ એ નથી જોતો કે બીજા કાર્ય પણ પોતાનાં જ છે. નોકરની દૃષ્ટિએ એની વ્યગ્રતામાં એટલે કે એની સભાનદશામાં નોકરને ઘડાનું ભાન ન રહે એ સ્વાભાવિક છે. આ ન જોવાને લીધે રગડો માંડે છે.

આ રગડાનું પરિણામ, સંભવ છે, એ આવે છે કે નોકર પર મૈત્રીભાવ અર્થાત્ સ્નેહ ગુમાવે છે, એની ભૂલ પર દયાનો વિચાર એને નથી રહેતો; તેમજ નોકરની બીજી સેવા, નમ્રતા વગેરે ગુણો અંગે પ્રમોદભાવ પણ એને નથી રહેતો, અને પછી શેઠ બીજા આગળ એના આ દોષનું ગાણું ગાય છે કે 'નોકર ભાનભૂલો ઘડો ફોડી નાખ્યો ! આવા તો એ કેટલાય નુકસાન કરતો હશે !' આમ મૈત્રી કરૂણા, પ્રમોદ અને ઉપેક્ષાભાવ, આ ચારેય શુભ ભાવ ગુમાવે છે. આમ બનવાનું શું કારણ ? કહો,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**માત્ર પોતાની દૃષ્ટિનો આગ્રહ એ બીજા પ્રત્યે મૈત્રી આદિ ભાવોને ગુમાવનારો છે.**

એ તો એવો ખોટો આગ્રહ ન રાખે એજ મૈત્રી આદિ ભાવો જાળવી શકે,મૈત્રી આદિ ભાવોને પરતન્ત્ર રહી શકે. શેઠે જો પોતાની દૃષ્ટિનો જ આગ્રહ ન રાખ્યો હોત, તો એને લાગત કે, બીજા કાર્યની વ્યગ્રતામાં એનું જ ભાન રહે, તેથી ઘડાનું ભાન ન રહે, એ વાસ્તવિક છે,' ને તેથી તેની વચમાં પડલો ઘડો ફૂટે એ સ્વાભાવિક છે,' તો શેઠને નોકર પરનો સ્નેહ ન તૂટત, નોકર પર દયાને બદલે દ્વેષ ન આવત, નોકરના બીજા ગુણો અંગે પ્રમોદભાવ રહેત, અને બીજાઓ આગળ નોકરના દોષ ન ગાત.પોતાની દૃષ્ટિના આગ્રહમાં આ બધું ગુમાવ્યું. મિથ્યા દર્શનની એકાંત દૃષ્ટિના આગ્રહવાળાની પણ આ સ્થિતિ થાય છે. એને પોતાની એકાંત દૃષ્ટિની માન્યતાના આગ્રહમાં એથી વિરુદ્ધ માન્યતાવાળા પર સ્નેહ-મૈત્રીભાવ નથી રહેતો; એના બીજા ગુણો ધૃણાથી નિંદા કરે છે કે, 'આ તો આવું આવું મિથ્યા માને છે, આવું સાચું નથી માનતા...'વગેરે.

**જૈનો ઈશ્વર નથી માનતા ?**

દા. ત. ઈતરો કહે છે ને કે, 'જૈનો ઈશ્વર નથી માનતા, નાસ્તિક છે ?' એને કોણ કહે કે 'ભલા આદમી ! એ તો જો કે એ જો ઈશ્વર-પરમાત્માને ન માનતા હોત તો પર્વતો પર અને બીજે લાખો કરોડો રૂપિયાના પરમાત્માનાં મંદિરો શું કામ બનાવત ? કયાં તમે ઈશ્વરને માનનારાઓએ આવા મોટી રકમોના મંદિર બાંધ્યા છે ? આબૂના એકેક મંદિર પાછળ કરોડો રૂા. ખર્ચાયા છે. રાણકપુરનું એક મંદિર ૯૯ કરોડ રૂપિયાના ખર્ચે બંધાયું છે. શત્રુંજય પર લાખો રૂપિયાના મંદિરોની હારમાળા છે. ઈશ્વરને-પરમાત્માને અથાગ બહુમાનથી માન્યા વિના શું આ બને ?

**ઈશ્વરને જગતકર્તા માનવામાં ઈશ્વરની હલકાઈ :-**

ઉલ્ટું ઈશ્વર પરમાત્માને જગતકર્તા માનનારાઓએ ઈશ્વરનું બહુમાન નહિ પણ અપમાન કર્યું છે, હલકાઇ કરી છે, વિટંબણા કરી છે. આમ એ કહેશે, 'ઇશ્વર સર્વશક્તિમાન છે, 'જીવોના ભલા માટે જ આખા જગતને સરજે છે.'

હવે એને પૂછો કે 'તો પછી એમાં જીવોને ત્રાસ આપનારા નરકાગાર સરજીને જીવોનું શું ભલું કર્યુ ? જીવોને ભયંકર દુઃખમાં રીબાતા કર્યા એ શું એનું ભલું ?' તો એ કહે છે, 'એમા તો જીવોના પાપ કર્મો ધોવાય એ એનું ભલું છે.'

તો આપણે પૂછીએ કે ઇશ્વર તો સર્વશક્તિમાન છે, તો પાપી જીવોનાં પાપકર્મ અને એને ત્રાસ આપ્યા વિના એમજ ધોઇ નાખવાની શું ઇશ્વરની શકિત નથી ? જો એ શકિત નથી તો ઇશ્વર સર્વશકિતમાન કયાં રહ્યા ?

ત્યારે એ કહે છે ''તો શું જીવોએ પાપ કરતા રહેવાનું અને ઇશ્વર એમ જ પાપ ધોઇ નાખે ? તો તો ડાંડિયાઓનું ડાંડપણું પોસાતુ જ રહે ? અને તેથી સજ્જનોનો તેમના હાથે મરો જ થતો રહે ! પાપ કર્મ કરતા રહેવું અને શિક્ષા ન લેવી એ કયાંનો ન્યાય ? માટે ઇશ્વર એવા પાપ કર્મ કરનારાઓને શિક્ષા માટે નરકાગાર વગેરે સરજે એ એના ભલા માટે જ છે,''

આની સામે આપણો પ્રશ્ન આ છે કે,-

જો ઇશ્વર જીવોનું ભલું જ કરનારો છે તો જીવોનું પહેલું ભલું આ છે કે 'એ પાપ કર્મ કરતા અટકે.' અગર જો ઇશ્વર સર્વશકિતમાન છે, તો એ જીવોને પાપ કર્મ કરતા અટકાવવાની શક્તિવાળો નથી ? સર્વશકિતમાન ઇશ્વર માટે આ શી મોટી વાત છે કે જીવને હિંસા ખૂન વગેરે કરવાના સાધન હાથ શસ્ત્ર વગેરેની ક્રિયા અટકાવી ન શકે ? સમુદ્રમાં મોટી મોટી ભરતી-ઓટ કરવાની શકિતવાળો ઇશ્વર શું ખૂન કરવા જનાર જીવના હાથ ન થંભાવી દે ? અક્કડ ન કરી શકે ? હાથ અક્કડ જ કરી નાખે તો પછી એ જીવ ખૂન શી રીતે કરી શકવાનો ? એમ જૂઠ બોલવા જનાર જીવની એક નાનકડી જીભ ન થંભાવી દે ? જો જીભ જ અક્કડ કરી નાખે, તો પછી એ જીવ અસત્ય બોલી જ શી રીતે શકે ? આમ ઇશ્વરને સર્વશક્તિમાન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહી જીવોને પાપ કાર્ય કરતા અટકાવવામાં શક્તિહીન કહેવો, એ ઈશ્વરનું અપમાન નથી ? વિટંબણા નથી ? હલકાઇ નથી ?

**જગત્કર્તૃત્વમાં ઇશ્વરની વીતરાગતા હણાય :**

આના કરતાં બહેતર છે કે, ઇશ્વરને વીતરાગ નિર્વિકાર માની આવી જગત્સર્જનના ખટપટ વિનાનો કહેવો. કેમકે જગતના વિચિત્ર સર્જનમાં તો રાગદ્વેષ કરવા પડે, ત્યાં ઇશ્વરની વીતરાગતા હણાય.

પરંતુ એકાંત એક દૃષ્ટિ રાખી એવો અસદ્ આગ્રહ રાખવો કે 'જગતનો સર્જનહાર કોઇ એક વ્યકિત હોવી જ જોઇએ.' એમાં પરિણામ આ આવે છે કે, યુકિત પુરસ્સર પણ એમ ન માનનાર પ્રત્યે આ મિથ્યાદૃષ્ટિ મૈત્રીભાવ- સ્નેહ ગુમાવે છે, દ્વેષ કરે છે, અને સામાના બીજા ગુણોના પ્રમોદભાવ પણ ગુમાવી નિંદા કરે છે. ત્યાં પછી એને 'જીવનમાં મૈત્રીઆદિભાવ તો હોવા જ જોઇએ,' એવી મૈત્રી આદિભાવની કોઇ પરતન્ત્રતા રહેતી નથી. એ તો અસદ્ આગ્રહો મૂકી દે, તો જ મૈત્રી આદિ ભાવના પરતન્ત્રતા આવે. સમ્યગ્દૃષ્ટિ આત્માને કોઇ અસદ્ આગ્રહ હોતો નથી, તેથી એનામાં મૈત્રી આદિ ભાવોનું પારતન્ત્ર્ય રહી શકે છે. અહીં પ્રશ્ન થાય.

✤ ✤ ✤

# મૈત્રી આદિની પરતંત્રતા

પ્ર૦-અહીં ગ્રંથકારે 'મૈત્રી' આદિનું પારતંત્ર્ય હોવાથી' એમ કેમ કહ્યું ? સાદું 'મૈત્રી આદિ હોવાથી' એમ કેમ ન કહ્યું ?

ઉ૦-મૈત્રી આદિ ભાવોનું અસ્તિત્વ હોય એમ કહેવામાં તો અલબત્ મૈત્રી આદિ ભાવની હાજરી કહી, પરંતુ તે મોટા ભાગે હોય તો ય હાજરી તો કહેવાય, એટલે શ્રોતાને એ સમજ થવાનો સંભવ છે,-'આમ તો મૈત્રી આદિ ભાવ રાખવાના, પણ કોઇ અવસરે મૈત્રી આદિ ભાવ ન રાખી શકાય તો ચાલે.'

ત્યારે 'પારતન્ત્ર્ય' કહેવાથી એ સૂચવ્યું કે 'મૈત્રી આદિ ભાવને પરતંત્ર જ રહેવાનું,' એટલે હૈયું સમજી જ લે છે કે, ''હવે હંમેશ માટે હું તો મૈત્રી આદિ ભાવોને જ પરતંત્ર રહીશ. એટલે ગમે તેવા સંયોગ-પરિસ્થિતિ-પ્રસંગ આવીને ઊભા રહો તોય હું તો મૈત્રી આદિ ભાવોને બંધાયેલો; એટલે મારાથી એ ભાવો છોડી શકાય જ નહી.'' આ પરતંત્રતા હોય એને કયારેય પણ એ મૈત્રી આદિ ભાવ વિના ચાલે જ નહિ. અહીં પરતંત્રતા કોને કહે છે ? પરતંત્રતા એટલે પરાણે એને વળગ્યા રહેવું પડે એમ નહિ, કિન્તુ મન પર એવો ભાવ કે, મારે આના વિના ચાલે જ નહિ. આજે લોકો સવાર પડી કે ચહાને પરતંત્ર છે ને ? એટલે શું ચાહ પરાણે પીવી પડે છે ? ના, ચહા વિના ચાલે જ નહિ. ચહા માટે હૈયું વલખા મારે. ચહા મળે ત્યારે જ નિરાંત થાય. એમ પ્રસ્તુતમાં મૈત્રી આદિ ભાવ રાખ્યા વિના ચાલે જ નહિ. પ્રસંગમાં મૈત્રી આદિ ભાવને અખંડ રાખીને નિરાંત થાય, એવું મનનું વલણ હોય. ગમે તેવા પ્રસંગમાં પણ મૈત્રી-કરુણા-પ્રમોદ-ઉપેક્ષાભાવ રાખીને જ નિરાંત થાય.

ધનનાં લોભી માણસનાં મનને એમ હોય છે કે 'મારે ધન વિના ચાલે જ નહિ,' એવી એની ધનની પ્રત્યે પરતંત્રતા રહે છે, એમ અહીં સમ્યક્ત્વ પામેલા જીવના મનને એવું હોય છે કે, 'મારે મૈત્રી આદિ ભાવ રાખ્યા વિના ચાલે જ નહિ.' સમ્યક્ત્વ અવસ્થામાં પ્રાપ્ત શુદ્ધ બોધના પ્રભાવે એવી એની મૈત્રી આદિ ભાવ પ્રત્યે પરતંત્રતા હોય છે.

આમ જયારે એના મનને 'મૈત્રી આદિ ભાવ વિના ચાલે જ નહિ' એવુ હોય છે, ત્યારે એનું પરિણામ એ આવે છે કે, જે લોકો એકાંત એક નય જ પકડી એના આધારે પ્રાપ્ત એકાન્ત તત્ત્વ-વ્યવસ્થાને સાચી તરીકે પ્રરૂપી બીજા ઘટમાન તત્વને ઉડાવે છે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે આ મૈત્રી આદિને પરતંત્ર સમકિતી આત્મા એમના પ્રત્યે મૈત્રીભાવ-સ્નેહભાવ ગુમાવતો નથી.તેમ એમના પ્રત્યે દ્વેષ પણ ન લાવતાં કરુણાભાવ લાવે છે કે, 'આ બિચારા મિથ્યાત્વ અને અજ્ઞાનતાવશ બીજા નયથી ઘટમાન ધર્મનો અપલાપ કરી અસત્ય સેવે છે ! એ બિચારા દયાપાત્ર છે !' સાથે મૈત્રી ભાવના રાખે છે કે 'એ બિચારા સત્યનો અપલાપ ન કરો, ને એમનું ભલું થાઓ !' વળી સાથે પ્રમોદભાવ રાખી, એ મિથ્યાત્વ-પીડિત લોકમાં બીજા જે ગુણ હોય છે તેની અનુમોદના રાખે છે.

**'અમૃત વેલિની સજઝાય'** માં પૂ. ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે,

"અન્યમાં પણ દયાદિક ગુણો,
જે જિનવચન અનુસાર કે,
તે ગુણ તાસ અનુમોદનીએ
સમકિત બીજ નિરધાર રે.
-ચેતન જ્ઞાન અજુવાળિએ...."

અર્થાત્ જૈનધર્મથી અન્ય ધર્મ માનનારાઓમાં પણ જૈન ધર્મને અનુસાર જે દયાદિ ગુણો હોય, એ ગુણોની અનુમોદના કરીએ, તો એ અનુમોદના સમ્ક્ત્વનું નિશ્ચિત બીજ બને છે,' કેમકે કહ્યું છે-'બીજં સત્પ્રશંસાદિ' તે તે ગુણ કે ધર્મની સમ્યક્ પ્રશંસાદિ એ બીજ છે. તેથી અન્યના પણ દયાદિ ગુણોની પ્રશંસા-અનુમોદના કરીએ એટલે એ તે તે પરાકાષ્ઠાના દયાદિ ગુણોના વૃક્ષનું બીજ બને છે. એમાં પછી અમુક કક્ષાના દયા, પ્રશમ, સંવેગ, નિર્વેદ વગેરે ગુણો વિકસ્વર થતાં સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. તેથી કહેવાય કે અન્યોમાં રહેલા જિનવચનાનુસાર દયાદિ ગુણોની અનુમોદના એ સમ્યક્ત્વનું બીજ છે.

## 'જિનવચનાનુસાર' કેમ કહ્યું ?

અહીં 'દયાદિગુણો જિનવચન અનુસાર' કહ્યું, એ એટલા માટે કહ્યું કે, જે દયાદિગુણો જિનવચન અનુસાર ન હોય એ સમ્યક્ત્વનું બીજ ન બને.દા. ત. માછીમારની જાળ તૂટી ગઇ, અને એ ઘંધો બંધ થતાં ભૂખે મરતો હોય, તો એને નવી જાળ અપાવવાની દયા કરવી એ જિનવચન અનુસાર નથી. હા, એ ભૂખે મરતો હોય તો એને ખાવાનું આપી દેવું એ દયા કરવી એ અનુકંપાદાનનો ગુણ છે; ને એ જિનવચન અનુસાર દ્રવ્યદયા છે; પરંતુ જાળથી તો કેટલાય પંચેન્દ્રિય જીવ માછલા-માછલીઓને પકડી પકડી મારવાનો; એમાં તો મહા હિંસા છે, ને જિનવચનથી એ નિષિદ્ધ છે, જિનવચન અનુસાર નથી. એમ 'કન્યાદાન' એ જિનવચન અનુસાર દાનગુણ નથી, કેમકે એ કન્યા પછી પતિના ઘરનો આખો આરંભ વિષય, પરિગ્રહમય ખટલો ચલાવવાની, તથા પતિ સાથે પ્રત્યેક વિષય-સંયોગમાં બેથી નવલાખ ગર્ભજ પંચેન્દ્રિય મનુષ્યોની હિંસા ચલાવવાની. જિનવચન આવા પરિણામવાળા કન્યાદાનને દાનગુણ કહેતું નથી.

લાલભાઇ દલપતભાઇ શેઠને એકવાર આચાર્યશ્રી નેમિસૂરીશ્વરજી મહારાજે સાધર્મિક ઉદ્ધાર કરવાનો ઉપદેશ આપ્યો, ત્યારે લાલભાઇ શેઠ કહે, 'સાહેબ ! તો પછી હું એક કાપડની મિલ ચાલુ કરું, તો કેમ ? એમાં સીદાતા સાધર્મિકોને મોટી સંખ્યામાં નોકરીએ રાખી લઉં. એટલે પછી એમને જીવનભર આજીવિકા મળતી રહેશે.' આચાર્ય મહારાજશ્રી કહે "અરે લાલભાઇ ! આ તું શું બોલે ? આજીવિકા તો મળતી રહે; પણ એ તો જો કે પહેલું મિલ એટલે તારા માટે જ મોટા કર્માદાનનો ઘંધો થાય એનું કેમ ? એમાં પાછું સાધર્મિકોના નિમિત્તે મિલ ચલાવે એટલે મોટા કર્માદાનમાં નિમિત્ત બનાવે સાધર્મિક ભાઇઓને ! વળી એ તારુ કારખાનું તો યાવચ્ચંદ્રદિવાકર એટલે કે કાયમી બની જાય. એ વર્ષોના વર્ષો મહા આરંભ-સમારંભ ચાલ્યા જ કરે એનું કેમ ? માટે આવી જિનસાશન-બાહ્યની વિવેક વિનાની સાધર્મિક-ઉદ્ધારની પ્રવૃત્તિની વાત રહેવા દે. તારાથી બની શકે તો યોગ્ય ઉપાયે સીદાતા સાધર્મિકોનો ઉદ્ધાર કર."

વાત આ છે કે, જે દયાગુણ-દાનગુણ, સાકર્મિકભકિતનો ગુણ જિનવચન અનુસાર હોય, એજ સમ્યક્ત્વનું નિશ્ચિત બીજ બની શકે. આ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણોમાં મૈત્રી આદિ ગુણો પાયાના ગુણ છે. એની મન પર પરતન્ત્રતા આવે, 'હું આ મૈત્રી આદિને પરતંત્ર, પરાધીન, એ ગુણો વિના મારે ન જ ચાલે,' એવો ભાવ આવે, ત્યારે આત્માનો આશય ગંભીર અને ઉદાર બને છે.

એના ઉપર પ્રવૃત્તિ પરાર્થ પરહિતની બનવાની છે.

કેવી સરસ આ વાત છે!- જટિલ રાગદ્વેષના ગ્રંથી ભેદાય, ગ્રન્થિભેદ થાય, એને રાગદ્વેષ મોળા પડવાથી શુદ્ધ બોધ થાય, જ્ઞાનની નિર્મળતા થાય. એ થવાથી અસદ્ આગ્રહો મૂકાઇ જાય. તેથી સર્વ જીવ પ્રત્યે સ્નેહભાવરૂપ મૈત્રીભાવ આદિની પરતંત્રતા આવે. પ્રશ્ન થાય,—

## સ્વાર્થમાયા-આપમતિથી અસદ્ આગ્રહ

પ્ર૦- અસદ્ આગ્રહોના ત્યાગને મૈત્રી આદિ ભાવો સાથે શો સંબંધ, કે અસદ્ આગ્રહ મૂકાઇ જાય એટલે મૈત્રી આદિભાવોની પરતંત્રતા આવે ?

ઉ૦- સંબંધ આ રીતે છે,-દા.ત. પહેલું એટલું વિચારો કે બીજા જીવ પ્રત્યે સ્નેહભાવ કેમ તૂટે છે ? અગર સ્નેહ કોણ નથી આવવા દેતો ?

**જીવને પોતાના સ્વાર્થ સાધવાનો અને પરની પરવા નહિ કરવાનો એટલો બધો રસ છે, આગ્રહ છે કે પોતાના સ્વાર્થની આડે કોઈ આવે છે એ ખમાતું નથી.**

પરનો ઉત્કર્ષ થાય એય ખમાતું નથી, પછી ત્યાં સ્નેહ તૂટે એ સહજ છે. આ સ્વાર્થનો આવો આગ્રહ એ અસદ્ આગ્રહ છે, એટલે એ સ્વાર્થના દુરાગ્રહની જયાં સુધી બોલબાલા હોય ત્યાં સુધી એ સ્વાર્થીને પોતાના સ્વાર્થની આડે કોઇ આવે ત્યાં એને એ જીવ પ્રત્યે સ્નેહભાવ પાલવે જ નહિ.

એમ જીવને બીજો અસદ્ આગ્રહ આપમતિનો હોય છે. 'પોતે માને છે એ જ ખરું.' એવી આપમત્તિ છે; એટલે પોતાની કલ્પનાથી વિરુદ્ધ કોઇ બોલે, કલ્પનાનું કોઇ ખંડન કરે, તો તે પણ એને અસહ્ય બને છે, એટલે પછી એ વિરુદ્ધ બોલનાર કે ખંડન કરનાર પ્રત્યે દ્વેષ આવી જવાથી સ્નેહભાવ તૂટે છે, યા સ્નેહભાવ આવતો જ નથી. જો આ સ્વાર્થાંધતા અને આપમતિના અસદ્ આગ્રહ મૂકાઇ જાય તો મૈત્રી આદિ ભાવોને આવવામાં મૈત્રી આદિભાવોને પરતંત્ર બનવામાં કશી કઠણાઇ નથી. ત્યારે સવાલ થાય છે,-

પ્ર૦- આવા અસદ્ આગ્રહ તો અનાદિના છે, એ શે મૂકાય ?

ઉ૦-આ માટે એ જુઓ, કે કેમ આ સ્વાર્થ માયા અને આપમતિનો અસત્ આગ્રહ ચાલે છે ? કહો, શુદ્ધ બોધ નથી માટે, સર્વજ્ઞ ભગવાને કહેલ હેય-ઉપાદેય તત્વોનો બોધ તત્વની શ્રદ્ધા નથી માટે. જો આ શ્રદ્ધા હોત, આ શુદ્ધ બોધ હોત તો સમજી રાખ્યું હોત કે,-

## સ્વાર્થમાયા મૂકી દેવા શુદ્ધ બોધની સમજ :-

'સ્વાર્થમાયા તો નાશવંત પદાર્થોના રાગ-આસકિત-મમતાનાં ઝેર પીવરાવ્યા કરનારી હોવાથી અત્યન્ત હેય છે, ત્યાજ્ય છે; તો એનો આગ્રહ શો રાખવો ? એ સ્વાર્થની વસ્તુ ગઇ તો જવાદે શા એના શોક ? એની ખાતર મૈત્રી શા માટે ગુમાવું ? મારા કિંમતી હૃદયમાં રોગ તુલ્ય ક્રોધ-દ્વેષ-વૈર શા માટે ઘાલું ? જગતની વસ્તુઓ હેય છે, એમ અંતરાત્માના ક્રોધાદિ કષાયો હેય છે. બહારની હેય વસ્તુ જવા પર આભ્યન્તર હેય વસ્તુ કષાયોને મારે મારી જાતે શા સારુ પોષવા ?'

જો આમ શુદ્ધ બોધ હોય તો જેવા સ્વાર્થ માયાનો અસદ્ આગ્રહ નહિ, તેવા આપમતિ અને અતાત્ત્વિક વસ્તુઓનો આગ્રહ નહિ રાખે. કેમકે સર્વજ્ઞ-વચનાનુસારી શુદ્ધ બોધ છે, એટલે સમજે છે કે,-

## આપમતિ મૂકી દેવા શુદ્ધ બોધની સમજ:-

'કયાં એ ભગવાનનું અનંત જ્ઞાન ? અને કયાં મારું દરિયામાં ખસખસ જેટલું અતિ અલ્પ જ્ઞાન ?

**એવા મારા અતિ અલ્પ જ્ઞાન અને બાકીના મહા અજ્ઞાન પર શી આપમતિ રાખું ? મારે સર્વજ્ઞકથિત તત્ત્વનું જ શરણ.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારી પોતાની કોઇ મતિ નહિ; મારે તો જિનની-સર્વજ્ઞની મતિ એ જ મારી મતિ, જિનના મત પ્રમાણેની જ મારી મતિ'.

આપમતિના અસદ્ આગ્રહ વાળાને આ નથી પોસાતું. એને અભિમાન અને જિનવચનની અવગણના પોસાય છે, કેમકે, આપમતિમાં 'હું માનુ તેજ ખરું. મને લાગે છે તેજ બરાબર છે' એવી બુદ્ધિ રહે છે, અને આવી બુદ્ધિમાં સ્પષ્ટ અભિમાન છે, તેમજ સર્વજ્ઞ ભગવાનના મતની અને ભગવાનની અવગણના છે. જમાલિ એથી જ પટકાઇ પડયો, ગૌતમ મહારાજે એને સમજાવ્યો ન સમજ્યો. 'હું માનુ તે બરાબર, ભગવાન કહે છે તે બરાબર નહિ,'-આવા અસદ્ આગ્રહમાં અભિમાન સારુ પોષાઇ રહ્યું ! અને એમાં છટ્ઠા ગુણઠાણેથી લપસ્યો તે પહેલા ગુણઠાણે આવી ઊભો ! અને ભવ ભમવાના વધી થયા !

### અતાત્ત્વિકના અસદ્ આગ્રહ મૂકવા સમજ :-

માટે અતત્ત્વની આપમતિનો ય દુરાગ્રહ ખરાબ. એમાં 'અતાત્ત્વિક યાને માલ વિનાની વસ્તુ કે બાબતની ખેંચપકડ ખરાબ,' એ પણ આવે. એય અસદ્ આગ્રહ છે. એમાં એને સમજાતું નથી કે,-

**'મનુષ્ય જનમ કિંમતી છે, તાત્ત્વિક છે, એને અતાત્ત્વિક બાબતમાં વેડફી નાખવું તે મૂર્ખાઇ છે.'**

દા. ત. સામાએ કોઇ વસ્તુ અહીંની તહીં મૂકી, હવે એના પર ચર્ચા માંડવી કે 'તહીં મૂકી જ કેમ ?' પેલો કહે 'મેં મૂકી જ નથી;' પછી આપણે કહીએ 'તહીં મૂકી પાછુ જુઠું બોલો છો ?' ત્યાં પેલો કહે 'સાબિત કરો...' આ અતાત્ત્વિક બાબતની ખેંચપકડ છે. એમાં, (૧) કિંમતી જનમ, કિંમતી જીવન-સમય બરબાદ થાય છે. જીવનની મહા કિંમત, અને (૨) જીવનમાં દાખવી શકાતા ક્ષમા ઉદારતા તથા (૩) જીવનમાં ચલાવી શકાતા અખંડ મૈત્રી આદિ શુભ ભાવો તથા (૪) વારંવાર ચિંતવી શકાતી અનિત્યતાદિની શુભ ભાવનાઓ, (૫) સહેજે કરી શકાતા તત્ત્વચિંતન, તીર્થસ્મરણ અને નવકાર-સ્મરણ.... વગેરેની મહા કિંમત ન સમજે, એ જ એવા આપમતિના અને અતાત્ત્વિક બાબતોના અસદ્ આગ્રહ અને ખેંચપકડમાં પડે, અને પછી સામા પ્રત્યે સ્નેહ ગુમાવે, મૈત્રીભાવ ગુમાવે. માટે કહ્યું,- શુદ્ધ બોધ હોય તો અસદ્ આગ્રહ પડતા મૂકે, એથી નિવૃત્ત થઇ જાય.

વળી શુદ્ધ બોધ આ, કે

**'માનવ-સમય અને એમાં રખાતી શુભ વૃત્તિઓ મહાકિંમતી છે, એને ખોટી ચર્ચા-ખેંચપકડ તથા તુચ્છ ગણતરીઓમાં વેડફી નાખવી એ કર્મ સત્તાનો મોટો ગુન્હો છે, ને એની સજા ભારે !'**

આ શુદ્ધ બોધથી અસદ્ આગ્રહ ન રાખે, તેથી મૈત્રી આદિ ભાવ ન ગુમાવે, પણ મૈત્રી આદિ ભાવને સદા પરતંત્ર રહે. મનને નિર્ધાર હોય કે 'ગમે તે થાઓ પણ મારે મૈત્રી આદિ વિના ચાલે જ નહિ. મારે અમૈત્રી આદિ પાલવે જ નહિ. હું મૈત્રી આદિ ભાવને જીવનભર બંધાયેલો. એના આધારે જ જીવી શકું.' આ થઇ મૈત્રીની વાત.

### અસદ્ આગ્રહ ત્યાં કરુણા-પ્રમોદ કેમ નહિ ?:-

જો અસદ્ આગ્રહ હોય તો, એવા કરુણા ભાવ-પ્રમોદભાવ વગેરે ટકાવવા મૂશ્કેલ બને છે. સ્વાર્થ માયાના અસદ્ આગ્રહમાં યાને સ્વાર્થમાયાની પકડમાં બીજા પર દ્વેષ આવે છે, દયા નથી કરી શકાતી. ઉલટું બીજાનું પડાવવા ધારે છે ! પ્રમોદભાવ નહિ એટલે બીજા સુખી અને ગુણિયલની ઇર્ષ્યા કરે છે. પછી આપમતિની પકડમાં સામા પ્રત્યે ભાવકરુણા કરવાની વાતેય શી ? ઊલટું સામાપર દ્વેષ કરશે, એટલે કરુણા ગુમાવશે, અને પ્રમોદભાવને પણ ગુમાવશે. બીજા પ્રત્યે પ્રમોદ-ભાવને બદલે ઇર્ષ્યા કેમ થાય છે ? કારણ આ છે,- જો કે બીજાને એના પુણ્યે કરીને સુખ મળ્યું છે, તેમ એના ગુણે કરીને એને મહાનતા મળી છે, પરંતુ ઇર્ષ્યા કરનારને એવી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માન્યતાની પકડ છે કે 'બીજાને સારૂ મળવું જ કેમ જોઇએ ? બીજાની મહાનતા થવી શા માટે જોઇએ ?'' આ ખોટી પકડ એ અસદ્ આગ્રહ છે, ને તેથી પ્રમોદભાવના સ્થાને ઈર્ષ્યા કરે છે, ખાર-અસૂયા-અસહિષ્ણુતા રાખે છે. શુદ્ધ બોધના વાંધા, એટલે આવા આવા અસદ્ આગ્રહ મૂકતા નથી, ને તેથી મૈત્રી આદિ પવિત્ર ભાવોને પરતંત્ર રહેવાનું બનતુ નથી એટલે અહીં ઠીક જ કહ્યું કે, શુદ્ધ બોધ આવે ત્યાં અસદ્ આગ્રહો નિવૃત થઇ જાય, અને એ નિવૃત થઇ જવાથી મૈત્રી આદિ ભાવોની પરતંત્રતા આવે.

હવે મૈત્રી પ્રમોદ કરુણા એ ત્રણ શુભ ભાવ ઉપરાંત ચોથો ભાવ છે ઉપેક્ષાભાવ, યાને પર દોષની ઉપેક્ષા.

### અસદ્ આગ્રહ ત્યાં ઉપેક્ષાભાવ નહિ :-

અસદ્ આગ્રહો, સ્વાર્થનો આગ્રહ, આપમતિનો આગ્રહ, અને અતાત્ત્વિક બાબતોનો આગ્રહ, એ મૈત્રી આદિ ત્રણ શુભભાવને નથી આવવા દેતો, અગર નથી ટકવા દેતો. એમ ચોથો શુભભાવ જે ઉપેક્ષાભાવ, એ ઉપેક્ષાભાવને પણ નથી આવવા દેતો, કે નથી ટકવા દેતો. પરના દોષ પ્રત્યે આખમિંચામણાં કરી એની ચિંતા ન કરવાનું નથી બનતું. વાસ્તવમાં,

### સુખમય અને શુભમય જીવનની આ એક ઉત્તમ ચાવી કે પર દોષ દેખાવા છતાં મન પર નહિ લેવા.

ઉપેક્ષાભાવમાં બીજાના દોષો, બીજાની ક્ષતિઓ- ત્રુટિઓ ભૂલો હલકાઇ વગેરે પ્રત્યે ઉપેક્ષા કરવાની આવે; એના પ્રત્યે આંખ-મિંચામણા કરવાના આવે; એને મન પર નહિ લેવાના.

પ્ર૦- પણ પરદોષ દેખાઇ જાય એટલે મન પર તો આવે જ ને ?

ઉ૦- ના, એવો નિયમ નથી કે દેખાઇ જાય એ બધું મન પર આવે જ. એમ તો સામે આંખ નાખો ત્યાં ઘણું ય બધું દેખાઇ જાય છે, પરંતુ તે બધુંય થોડું મન પર આવે છે ? એ તો જે મન પર લેવું હોય તેજ મન પર આવે છે. કૃષ્ણ મહારાજાની ગુણદૃષ્ટિની પરીક્ષા કરવા દેવે એમની સવારીના રસ્તાની બાજુમાં કૂતરીનું કોહી ગયેલું દુર્ગંધમય મડદું વિકુર્વીને મૂકયું. કૃષ્ણજીની સાથેના બીજાઓ નાકે ડુચો દેઇ 'હટ્ ! કેવું કોહેલું ને કીડા ખદબદતું મડદું !' કહી ચાલ્યા. કૃષ્ણ વાસુદેવ 'અહો ! આ મડદામાં સફેદ દંતપંકિત કેવી મોતીના દાણા જેવી શોભી રહીં છે !' બોલતાં ચાલ્યા આગળ. મડદામાં તો બધુંય દેખાતું હતું, પરંતુ જેને મન પર જે લેવું હતું તે લીધું. બીજાઓ દોષદર્શી હતા, તેથી એમણે કીડા અને કોહવાટ લીધા, અને કૃષ્ણ મહારાજા ગુણપ્રેક્ષી હતા, તેથી એમણે મન પર સફેદ દાંતની પંક્તિ લીધી; પણ કીડા-કોહવાટ ન લીધા ! બસ, ઉપેક્ષાભાવમાં મન પર બીજાના દોષ નથી લેવાના. હવે અહીં પ્રશ્ન છે, કે-

### અસદ્ આગ્રહ ત્યાગ અને ઉપેક્ષા ભાવને શો સંબંધ ?

પ્ર૦- આ ઉપેક્ષાભાવને અને અસદ્ આગ્રહ ત્યાગને શો સંબંધ કે અસદ્ આગ્રહ છોડી દેવામાં આવે તો જ ઉપેક્ષાભાવ આવે ?

ઉ૦- સંબંધ આ છે, કે જીવને અનંત અનંત કાળથી આ કુટેવ છે એટલે કે જાણે આગ્રહ છે કે પોતાનું સારું જ જોવું, અને બીજાનું હલકું જ જોવું; પોતાના ગુણ જ જોવા અને બીજાના દોષ જોવા. કદાચ પરનો ગુણ જોશે, તો ય સાથે દોષ પર દૃષ્ટિ લઇ જશે ! દા.ત. 'ફલાણાભાઇ તપસ્વી ખરા, પણ એમને ગુસ્સો બહુ...' ભાઇ દાન તો દે છે, પરંતુ અભિમાની છે.'- 'આ પરદોષ-પ્રેક્ષણનો અસદ્ આગ્રહ મારે છોડી દેવો જ છે' એવો મન પર નિર્ધાર કરી એને છોડી દે, તો જ પછી સહેજે બીજાના દોષ-ક્ષતિ-ભૂલ પ્રત્યે ઉપેક્ષાભાવ આવે.

પ્ર૦- પણ આ અનંત અનંત કાળનો અભ્યસ્ત પરદોષ-પ્રેક્ષણનો અસદ્ આગ્રહ છૂટે શી રીતે ?

ઉ૦- એ અસદ્ આગ્રહ છૂટે શુદ્ધ બોધથી, સર્વજ્ઞ-વચનથી. જયારે જાણ્યું કે 'પરદોષ જોવામાં નીચગોત્ર કર્મ બંધાય, પરભવે ઢેડ ભંગીના કે કૂતરા ગધેડાના અવતાર મળે,' તો એ બોધથી સહેજે પોતાને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવી હલકી ગતિનો ભય લાગે, ને પરદોષ જોવાનો આગ્રહ છોડી દેવાય. વળી બીજાના દોષ હલકાઇ વગેરેનો વિચાર એ કાળો વિચાર છે, અને પરનાં સારાનો વિચાર એ ઊજળો વિચાર છે.

**'કાળો વિચાર મન કાળું કરે, ઉજ્જવળ વિચાર મનને ઊજળું કરે.'**

તો શા સારુ બીજાના દોષ જોઇ પોતાના મનને કાળું કરવું ?' આ શુદ્ધ બોધ હોય તો સહેજે પરદોષ જોવાનું બંધ કરી, એની ઉપેક્ષા થાય.

વાત આ છે, કે ઉપરની સ્થિરાદિ ચાર યોગદૃષ્ટિમાં સમ્યગ્દર્શન છે, શુદ્ધ બોધ છે. તેથી અસદ્ આગ્રહો નિવૃત્ત થાય છે. એનો ત્યાગ કરવામાં આવે છે. તેથી મૈત્રી-કરુણા-પ્રમોદ-ઉપેક્ષાભાવનું પારતંત્ર્ય આવે છે. મન નક્કી કરે છે કે 'મારે અસદ્ આગ્રહોને વળગ્યા રહેવાનું નહિ, એની મારે ગુલામી નહિ, પરંતુ આ મૈત્રીભાવ આદિ ચાર શુભ ભાવને જ વળગ્યા રહેવાનું, એની જ મારે પરતંત્રતા.' આનું નામ મૈત્રી આદિની પરતંત્રતા મન પર લીધી.

હવે અહીં ગ્રંથકાર ટીકામાં એનું ફળ બતાવતાં કહે છે.

**(टीका) मैत्र्यादिपारतन्त्र्येण गंभीरोदाराशयत्वात्'**

અર્થાત્ જીવ મૈત્રી આદિ ભાવોને પરતંત્ર બનવાથી એ ગંભીર અને ઉદાર આશયવાળો બની જાય છે. 'આશય' એટલે મનનો અધ્યવસાય, મનનો ભાવ, મનનું વલણ, મનની પરિણતિ. એ ગંભીર અને ઉદાર બની જાય છે.

✤ ✤ ✤

# ગંભીર આશય એટલે ?

ગંભીર આશય એટલે મનનું ગંભીર વલણ, એટલે કે,

(૧) વસ્તુને ઉપલકિયા દૃષ્ટિથી નહિ, પણ ઊંડાણથી જોવાનું વલણ. દા.ત. ધંધામાં પૈસા ગુમાવ્યા તો ત્યાં એમ ન જુએ કે 'ફલાણાએ ઊંધી સલાહ આથી તેથી પૈસા ગયા;' પરંતુ એમ જુએ કે, 'મારે અશુભ કર્મનો ઉદય થયો લાગે છે, તેથી અવળી સલાહે ચાલવાનું ને આ પૈસા ગુમાવવાનું થયું.' વાત તો સાચી જ છે, ભલે સામાએ ઊંધી સલાહ આપી પણ પોતે માની કેમ ? કહો, પોતાના અશુભ કર્મે મનાવી. આમ ગંભીર દૃષ્ટિથી પોતાના કર્મનો વાંક જુએ તો પછી સહેજે મનને થાય કે 'લાવ ત્યારે,

**હવે શુભ ભાગ્ય ખૂટયું છે, તો શુભ ભાગ્ય વધારું.**

એ માટે 'જિનભકિત, સાધુસેવા, અને ત્યાગ, તપ, વગેરે વધુ સારા સેવવા લાગું.' અથવા

(૨) ગંભીર આશય એટલે તુચ્છ મામુલી પ્રસંગ કે પદાર્થને વજન ન આપે. પરંતુ મહત્ત્વની વસ્તુ પર જ ધ્યાન દે. દા.ત. કોઇનાથી ઉતાવળે ભૂલથી બોલાઇ ગયું કે 'ગાડી આગળ, ઘોડો પાછળ,' તો એ સાંભળીને હસવા ન લાગે કે, 'હેં હેં ! જુઓ ભાઇ બોલ્યા !' કેમકે એવી કોઇક ઉતાવળે ભૂલ એ મામુલી વસ્તુ છે, એને શી મન પર લેવી ? એમ દિલની ગંભીરતા રાખી હસે નહિ. અથવા

(૩) ગંભીર એટલે બીજાના દોષ કે ગુપ્ત વાત પેટમાં ઉતારી દેનાર, પરંતુ બહાર કોઇને ન કહેનાર. દા.ત. ગુરુઓ આગળ ભવી જીવો ભવ-આલોચના કરે છે; અને ગુરુ એવા ગંભીર હોય છે કે એ કોઇને ય, પોતાના અતિ નિકટના અંગત શિષ્યને પણ, કહેતા નથી. એટલું જ નહિ પણ ગુરુ એ પાપ સેવનાર પ્રત્યે પછી પણ એટલું બધું વાત્સલ્ય રાખે છે કે, પેલાને લાગે કે 'ગુરુ જાણે મારું પાપ ભૂલી ગયા લાગે છે ! એમણે એની કશી ગાંઠ વાળી નથી, મનમાં રાખી મૂકયું નથી.'

## શ્રેષ્ઠિપુત્ર વિજયનો પ્રસંગ :-

આ ગંભીર દિલ જીવનના ચાલુ વ્યવહારમાં ય જરૂરી છે. ધર્મરત્ન પ્રકરણ શાસ્ત્રમાં આવે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રેષ્ઠિપુત્ર વિજય પહેલીવાર પત્નીને તેડવા ગયો ત્યારે સાસરે જવા અનિચ્છુક પત્નીએ રસ્તામાં વિજયને કૂવામાં ધકેલી દીધેલો. પરંતુ બીજી વાર તેડવા ગયો ત્યારે ગંભીરતા રાખી પત્ની આગળ પણ એ બાબતનો એક અક્ષર પણ કાઢયો નહિ. તેથી પત્ની ખૂબ આવર્જિત થઇ ગઇ, અને પ્રેમથી સાસરે ગઇ. પરંતુ વર્ષો પછી સંતાન સાથે જમવા બેઠેલો અને પત્નીએ બહુ આગ્રહ કરી પીરસવા માંડયું ત્યારે વિજયને પૂર્વનું યાદ આવવાથી જરાક હસવું આવ્યું. પુત્ર પછીથી ઓરડામાં હસવાનું કારણ પૂછે છે. વિજય કહે ''કાંઇ નહિ.'' પુત્રે બહુ આગ્રહ કર્યો ત્યારે વિજયે પૂર્વની બાબત કહેતાં કહ્યું ''એક વખત એવો હતો કે તારી માતાએ મને કૂવામાં ધકેલી દીધો હતો, આજે એ બહુ પ્રેમ અને આગ્રહથી જમાડે છે. સમય સમયને માન છે.'' આ બહાર રહેલી પત્નીએ સાંભળ્યું અને એના હૃદયને એવો આઘાત લાગ્યો કે ત્યાંજ હૃદય બંધ પડી ગયું. ગંભીરતા ગુમાવી તો આ ભયંકર નુકશાન થયું. પૂર્વે ગંભીરતા હતી તો પત્ની ખૂબ આવર્જિત થઇ ગયેલી તે પતિને દેવની માફક પૂજતી હતી. ગંભીર દિલ ગંભીર આશય ગંભીર વલણ એક મહાન ગુણ છે.

## ગંભીરતાને મૈત્રી આદિ સાથે શો સંબંધ ?

મૈત્રી આદિ ભાવોની પરતંત્રતા હોય તો આ ગંભીર આશય આવે. પૂછો,-

પ્ર૦- મૈત્રી આદિ ભાવો સાથે ગંભીરતાને શો સંબંધ ?

ઉ૦- સંબંધ આ, કે દા.ત. પ્રસ્તુતમાં ચોથી 'ઉપેક્ષાભાવના' એ પરના દોષ ન જોવાનું શીખવે છે; તેથી પરની ઉતાવળે ભૂલમાં બોલાયેલી વસ્તુને ઉપેક્ષાભાવનાથી ધ્યાન પર ન લે. એમ કરુણાભાવનાથી ધ્યાન પર ન લે. એમ કરુણાભાવનાથી ભાવકરુણાથી ભૂલમાં બોલવામાં સામાને નડતા કર્મ આવરણ પર દયા ખાય કે 'બિચારો કર્મવશ ઊંધું બોલે છે, તો એને સારી સમજ આપું.' ત્યારે મૈત્રીભાવમાં એ ભૂલતા જીવ પર સ્નેહ તો બેઠો જ છે, એટલે સ્નેહના લીધે એની ભૂલ ધ્યાન પર ન લે. માતાને પુત્ર પર સ્નેહ હોય છે તો એ કયાં પુત્રની વાત વાતમાં ભૂલ જોયા કરે છે ? માતા જેવા સ્નેહના વાંધા છે એટલે સામાની ભૂલ જોઇ હસવું આવે છે ! યા દ્વેષ અરુચિ થાય છે ! ને ગંભીરતા રહેતી નથી, છીછરાપણું રખાય છે ! જો સર્વજીવસ્નેહરૂપી મૈત્રીભાવ આદિ ઊભા હોય તો ગંભીરતા રહે. એમ 'પૈસા ખોયા તે સામાની ઊંધી સલાહ મળી માટે નહિ, પણ મારા પોતાના અશુભ ભાગ્યનો ઉદય થયો માટે ઊંધી સલાહે ચાલ્યો ને ગુમાવ્યા.' એવી ગંભીર એટલે કે ઉંડા ઊતરીને વિચારણા કરવામાં પણ મૈત્રી આદિ ભાવો કામ કરે છે. સામા પર મૈત્રીભાવ એટલે સ્નેહ હોવાથી એનું હલકું નથી જોવું, એ નિર્ધાર કર્યો છે. એમ કરુણાભાવથી વિચાર આવે કે 'એ ય શું કરે ? એય બિચારાને તેવા પ્રકારના જ્ઞાનાવરણીયાદિ કર્મ નડતા હોય જેથી એને એમજ સૂઝે.' કોઇના દોષ અગર ગુપ્ત રાખવા જેવી બાબત બીજા આગળ ન કહેવારૂપ ગંભીરતા પણ, જો મૈત્રીઆદિ ભાવ સલામત હોય તો જ સારી સચવાય છે. કેમકે સૌ પ્રત્યે મૈત્રીભાવ એટલે સ્નેહ છે તેથી, જેમ સુશીલ પત્નીને પતિ પર સ્નેહ છે, તો એ પતિની એવી ગુપ્ત રાખવા જેવી વાત કે પતિના દોષ બીજા આગળ નથી કહેતી, પણ પેટમાં ઉતારી દે છે, જેમ કલ્યાણમાતા પુત્રના દોષ બીજા આગળ નથી ગાતી એમ, કોઇના દોષ યા રહસ્યભૂત બાબત આ મૈત્રીભાવથી બીજા આગળ નહિ કહે. એમ કોઇનાય દોષ પ્રત્યે ઉપેક્ષાભાવ છે એટલે પણ બીજા આગળ એનું પિંજણ નહિ કરે. આમ ગંભીર દિલ સચવાશે. આ થઇ ગંભીર આશયની વાત.

✣ ✣ ✣

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઉદાર આશય એટલે ?

ઉદાર આશય એટલે શું ? એને મૈત્રી આદિ સાથે શો સંબંધ ? એનો વિચાર કરીએ. 'ઉદાર આશય' એટલે મનનું ક્ષુદ્ર-કૃપણ-હલકટ વલણ નહિ, પરંતુ ઉમદા વલણ, વિશાળ દરિયાવદિલ. જયારે ક્ષુદ્ર દિલ એટલે તો તુચ્છ દિલ, ઉછાંછળું દિલ. દા.ત.

(૧) રૂપિયા બે હજાર ખર્ચી જમણ કરે પરંતુ ત્યાં માંગવા આવેલા ગરીબ કે ભિખારીઓને કશું ન આપે ! અગર સીદાતા સાધર્મિકને ૫-૨૫ રૂપિયા ય ન આપે ! યા જમણ પછી સાફસૂફી કરાવવાનો ૨૫-૫૦ રૂા.નો ખર્ચ પણ ન કરે ! એમ,

(૨) બીજા સાથે બોલ-ચાલમાં તુચ્છ શબ્દો બોલે, તુચ્છ અપમાનભર્યો વર્તાવ કરે. એમ

(૩) કૃપણ માણસ જાતે સુકૃત તો ન કરે, પરંતુ બીજાના સુકૃત કાર્ય એના માથે કરવાના આવ્યા હોય, તો તેમાં ય પેલાનું સુકૃત કેમ સારું શોભિતું-યશસ્પ્રદ થાય એ ન જુએ, પણ ખર્ચ કેમ ઓછો થાય એ જુએ ! એટલે ખર્ચમાં જયાં ને ત્યાં કાપકૂપ કરે !

(૪) કયારેક પોતે પણ સુકૃત કરવા બેસે, તો એમાંય એ સ્થિતિ.

(૫) વળી કૃપણ માણસ પોતાના સંસાર-વ્યવહારમાં ય સાચી કરકસર નહિ, પરંતુ કૃપણતા એવી કરે કે જેથી આશ્રિતજનોને અરુચિ રહ્યા કરે. ત્યારે

(૬) હલકટ વલણવાળો કરે થોડું ને ગાય ઘણું. અથવા

(૭) બીજાના સુકૃતને ઝાંખ પાડવા મથે; યા

(૮) પોતે બીજાની વતી માથે લીધેલા સુકૃતમાંથી પોતાનું ઘર તાજું કરવાની ત્રેવડમાં રહે ! ગાવલી ખાવાની પેરવીમાં હોય !

હવે જો આત્મા મૈત્રી આદિ ભાવોને પરતંત્ર હોય તો એ ભાવોથી એ એવો ઉદારદિલ બને કે આ બધી ક્ષુદ્રતા-કૃપણતા-હલકટતા વગેરે જીવનમાં ઊભી જ ન રહે. પૂછો.

### ઉદાર દિલને મૈત્રી આદિ સાથે સંબંધ :-

પ્ર૦- મૈત્રી આદિ ભાવોને ને ઉદાર દિલને શો સંબંધ કે મૈત્રી આદિ ભાવોથી ક્ષુદ્રતાદિ દૂર થઇ જાય ?

ઉ૦- સંબંધ મોટો છે,- દિલમાં સૌ પ્રત્યે મૈત્રી એટલે કે સ્નેહભાવ હોય તો સહેજે મૈત્રી-પાત્ર પ્રત્યે ક્ષુદ્ર વ્યવહાર કરવાનું મન ન થાય, પણ ઉમદા વ્યવહાર રહે. કૃપણ માણસે કન્યા જો સારા ઘરે વરાવી, તો એ ઘરનું ઉમદા અને દરેકનું સ્નેહભર્યું વાતાવરણ એને મળવાથી એ પણ ઉમદા બની જાય છે. માતાને પુત્ર પ્રત્યે સ્નેહ છે, એટલે એ પુત્ર પ્રત્યે ઉદાર-ઉમદા વલણ અને વ્યવહાર જ રાખે છે. દયાળુને દુઃખી પ્રત્યે દયા છે તો એ દુઃખી પ્રત્યે ઉદાર ઉમદા વહેવાર રાખે છે. દા.ત. ઘરઆંગણે આવેલા ભિખારીને એ તિરસ્કારતો નથી, પણ કંઇક આપવાની ઉદારતા, અગર છેવટે આશ્વાસનના બે બોલ કહેવાની ઉદારતા કરે છે, ઉમદાગીરી દાખવે છે.

એમ મૈત્રી આદિને પરતંત્ર રહેવાથી ગંભીર ઉદાર ઉમદા આશયવાળા બની રહેવાય છે.

હવે આ ગંભીર-ઉદાર-ઉમદા આશયનું ફળ શું ? તો ટીકાકાર કહે છે-

(ટીકા-) 'प्रवृत्तिरप्यमीषां परार्था एव'

અર્થાત્ (એ સ્થિરાદિ દૃષ્ટિવાળા જીવો મૈત્રી-કરુણા... આદિ શુભ ભાવોને બંધાયેલા હોઇને ગંભીર ઉદાર અને ઉમદા આશયવાળા એટલે કે ઉદાર ઉમદા દિલવાળા હોવાથી) એમની પ્રવૃત્તિ પણ પરાર્થ જ હોય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પરાર્થ પ્રવૃત્તિ

## પરાર્થ પ્રવૃત્તિના ૩ અર્થ :-

(૧) 'પરાર્થ' એટલે કે પરને હિતકારી પ્રવૃત્તિ, પણ અહિતકારી નહિ. દા.ત. દુકાન પર ઘરાક આવ્યો તો અધમ વેપારીની જેમ એને ઝૂડી ન પાડે, કે નિચોવી નાખે નહિ, ભળતો માલ, ભેળસેળવાળો માલ ન પકડાવી દે, યા સારા માલના ડબલ ત્રબલ નાણાં ન ઓકાવે. પૂછો,

પ્ર૦- પણ ભલે એ થોડો નફો તો લે છે જ, એમાં એણે ઘરાકનું હિત શું કર્યું?

ઉ૦- હિત આ કર્યું કે એ અહીંથી વ્યાજબી ભાવે અને સાચો માલ મેળવે, એમાં બીજેથી ઠગાતો બચ્યો, એજ એનું હિત થયું, ને તે આ ઉદાર ઉમદા આશયવાળા વેપારીએ હિત કર્યું કહેવાય.

(૨) વળી પ્રવૃત્તિ 'પરાર્થ' એટલે કે એકલી સ્વાર્થ-સાધુ નહિ, પણ પરના ભલાની ય હોય. દા.ત. પૈસા કમાયો, તો એનાથી એકલા જાતના યથેચ્છ ભોગ-વિલાસના અમન ચમનિયાં ઉડાવે નહિ, પરંતુ દુઃખીનાં દુઃખ ફેડવાની, ને સગા સ્નેહીને સહાયક થવાની, તેમજ ધર્મ ક્ષેત્રો પુષ્ટ કરવાની પ્રવૃત્તિ કરે. માટે તો પૂર્વકાળે બહારથી ધન કમાઇ લાવનારા ઘરે આવીને પહેલાં ઉદાર દાન કરવામાં પૈસા ઉછાળતા ! કારણ ? દિલ ઉદાર અને ઉમદા છે. મૈત્રી આદિ ભાવોથી લચબચતું છે.

(૩) વળી પ્રવૃત્તિ 'પરાર્થ' એટલે કે પરનો વિચાર રાખનારી હોય છે, પરંતુ માત્ર સ્વનો જ વિચાર કરનારી નહિ. દા.ત.

(૧) મંદિરમાં પ્રભુદર્શને ઊભો, તો પાછળવાળાનો વિચાર રાખીને ઊભો રહે. અર્થાત્ એમને દર્શનમાં અંતરાય ન થાય એ રીતે બરાબર વચમાં પ્રભુની સામોસામ નહિ, પણ બાજુમાં ઊભો રહી દર્શન કરે. એમ (૨) સ્તુતિસ્તવન બોલે તે પરનો વિચાર રાખીને અર્થાત્ પરના સ્તુતિ-સ્તવનના અવાજને ઢાંકી દે એવા રાડિયા અવાજથી ન બોલે. અથવા પરનો વિચાર એટલે કે (૩) બીજાના ધર્મયોગ ન સીદાય એ રીતે પ્રવર્તે. દા.ત. પોતાને ટીપટોપ ભોજન જોઇએ છે, માટે પત્નીને રસોઇમાં એ રીતે ન જોડી રાખે કે એ બિચારી જિનપૂજા યા વ્યાખ્યાન શ્રવણ કરી જ ન શકે. એમ પોતે સાધુ હોય અને પોતાને નવકારશી વાપરવી છે માટે બીજા જ્ઞાન-ધ્યાન કરનાર નિત્ય એકાસણાવાળાને પોતાની નવકારશી વહોરી લાવવા ન રોકે કે જેથી એના જ્ઞાન-ધ્યાનમાં અંતરાય પડે. પોતાનું દિલ એવું મૈત્રી આદિ ભાવથી ભીનું ને ઉદાર ઉમદા છે કે, પોતાની પ્રવૃત્તિ પરાર્થ જ હોય, અર્થાત્ પરના ભલાના વિચારવાળી હોય, પરનું ભલું ન ઘવાય એ કાળજીવાળીહોય.

## પૂ. ગુરુદેવશ્રીની પરાર્થતા :-

ગુરુદેવશ્રી આચાર્ય ભગવંત વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ એક વખત માત્રુ, જઇ પ્યાલો પોતે જ પરઠવી આવ્યા ત્યારે ભણતા સાધુને ખબર પડી એટલે કહે છે, 'સાહેબજી ! આ શું કર્યું ? સેવકને જરાક ખોંખારો ખાઇ ઇશારો ય ન કર્યો ?' ત્યારે ગુરુદેવ કહે 'ભાઇ ! તું ભણતો હતો. ભણતાને અંતરાય ન કરાય.' પરને ધર્મનો અંતરાય ન કરવો એ પરાર્થકરણ. પોતાની જરૂરિયાતો બહુ જ ઓછી રાખીને પણ પૂજ્યશ્રી શિષ્યો પ્રત્યે પરાર્થ રહેતા. ગુરુની અધિક જરૂરિયાતો પૂરતાં શિષ્યોને બીજા યોગ સીદાય.

## મહાવ્રતોથી પરાર્થકરણ :

સાધુ મહાવ્રતો પાળે એમાં પણ પરાર્થ પ્રવૃત્તિ છે, પરને દુઃખ દુભામણ ન થાય એવી પ્રવૃત્તિ છે. કેમકે નીચું જોઇને ચાલે એમાં 'બિચારો કોઇ નિર્દોષ જીવ મારા પગ નીચે ન કચરાઓ',- આ આશય છે. સાધુ જૂઠ ન બોલે ચોરી ન કરે એમાં 'બીજાને દુઃખ ન થાઓ,' એ આશય છે. અબ્રહ્મનો ત્યાગ કરે એમાં 'બેથી નવ લાખ જીવો ન મરો,' એવો જીવો પ્રત્યે દયાભાવ છે. પરિગ્રહ ન રાખે એમાં પણ પરિગ્રહથી આરંભ-સમારંભ વગેરે થઇ જીવોને થતા ત્રાસ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અટકાવવાનો શુભ હેતુ છે.

### સકલ સત્ત્વ-હિતાશયમાં પરાર્થતા :-

સાધુની આ પરાર્થતા પંચવસ્તુશાસ્ત્રમાં આ રીતે બતાવી છે કે સાધુ હંમેશા '**સકલ સત્ત્વહિતાશય વાળા હોય**' એ 'સકલ સત્વહિત' આ જ કે પોતાનાંથી અથવા પોતાના નિમિત્તે સૂક્ષ્મ બાદર કોઇપણ જીવને લેશ પણ પીડા ન થાય એ રીતનો પોતાનો આશય અર્થાત્ પોતાનું દિલ બન્યું રહે, અને એને અનુસરીને પ્રવૃત્તિ કરે. આ હિસાબે સાધુની દરેક પ્રવૃત્તિમાં દરેક સાધ્વાચારમાં પોતાનાથી કોઇપણ જીવનું અહિત ન થાય એ સાવધાની પાકી હોય, એ એમની પરાર્થ પ્રવૃત્તિ છે. ત્યારે અહીં સવાલ થાય કે,

### ઘરવાસમાં હિંસક છતાં પરાર્થ કેમ ?

પ્ર૦- સાધુ તો સર્વ આરંભ-સમારંભના ત્યાગી છે એમની ભોજન વિધિ પણ લેશમાત્ર જીવ હિંસાવાળી ન હોય. પરંતુ અહીં સ્થિરા દૃષ્ટિવાળાની વિશેષતાનું વર્ણન ચાલી રહ્યું છે, અને સ્થિરા દૃષ્ટિમાં તો સમ્યગ્દર્શન છે પરંતુ સમ્યગ્ ચારિત્રનો નિયમ નહીં, તેથી એ સમ્યગ્દર્શની તો ગૃહવાસમાં રહ્યો એવી પૂર્ણ અહિંસાવાળો નથી, ષટ્કાય-હિંસા કરે છે, તો એને પરાર્થ જ પ્રવૃત્તિ ક્યાં રહી ? આરંભ-સમારંભમાં જીવોને નુકશાન તો પહોંચે જ છે ?

ઉ૦- વિરતિ વિનાનાં સમ્યગ્દર્શની આત્માને પણ એની કક્ષામાં પોતાનાથી જીવોનું અહિત ન થાય એની કાળજી હોય છે. જેમકે પૂર્વે કહ્યું તેમ પોતે ભગવાનનાં દર્શન-પૂજન-ભક્તિમાં બીજાને અંતરાયરૂપ ન થાય, પોતાના નિમિત્તે બીજાનાં ધર્મમાં બાધા ન પહોંચે યા બીજાના ભાવ ન બગડે એ કાળજી હોય છે. એમ ઘરકામ-વેપાર-ધંધા વગેરેમાં પણ પોતાને માથે મૈત્રી આદિ ભાવોનાં બંધન હોઇને પોતે ગંભીર-ઉદાર-ઉમદા દિલવાળો હોવાથી શક્ય એટલો બીજાને પીડા ન થાય, બીજાનું અહિત ન થાય એની કાળજી રાખે છે. માટે એની પણ પ્રવૃત્તિ આ રીતે પરાર્થ હોય છે.

પ્ર૦- 'પરાર્થ'નો જો આટલો જ અર્થ હોય કે પરનું અહિત ન કરવું,' તો શું પરને લાભકારી પરાર્થતા એનામાં ન હોય ?

ઉ૦- શક્ય એટલું બીજાનું ભલું કરવું, બીજાને ઉપકારક થવું, એ પરાર્થતા પણ સ્થિરાદિ દૃષ્ટિવાળામાં હોય છે. એટલા માટે તો 'જયવીયરાય' સૂત્રમાં 'પરત્થકરણં' અર્થાત્ પરાર્થકરણની માગણી મૂકી છે. પરનો ઉપકાર, પરની સેવા, પરનું ભલું કરવું એ, લોકોત્તર ધર્મપ્રાપ્તિ પૂર્વેનો, લૌકિક ધર્મ તરીકેનો 'પરત્થકરણ' ગુણ મૂક્યો છે.

**જો એ પરાર્થતા-પરાર્થકરણ લૌકિક ધર્મ તરીકે સ્થિરાદિ દૃષ્ટિની પૂર્વ ભૂમિકામાં હોય તો શું સ્થિરાદિ દૃષ્ટિનો લોકોત્તર ધર્મ પ્રાપ્ત થયા પછી ન હોય ? અવશ્ય હોવો જોઇએ, હોય જ.**

આ પરાર્થકરણ મુખ્યત્વે પરનું અહિત ન કરવાની જેમ પરના આત્માને આત્મહિત પમાડવાની પણ પ્રવૃત્તિ છે. એટલે દા.ત. ભૂખ્યા ભિખારીને રોટલો ખાવા આપે તો ત્યાં પણ સાથે સાથે એને પૂર્વનાં અશુભ કર્મોનું ભાન કરાવી વર્તમાનમાં પાપત્યાગ-ધર્મસેવન અને ભગવત્-સ્મરણ તરફ ધ્યાન દોરે છે.

પ્ર૦- શું એવાં દુઃખી જીવો બધાએ આત્મહિત લક્ષમાં લેવા તૈયાર હોય છે ?

ઉ૦- બધા જ તૈયાર ન હોય તો પણ, આ પરાર્થ-પ્રવૃત્તિ કરનારમાં એવી કુનેહ હોય છે કે, મીઠા શબ્દોથી આત્મામાં એની રુચિ ઊભી કરે છે. એના દાખલામાં, અહીં ટીકાકારે 'ચારિસંજીવની નહીં ચરનાર બળદને એનો ચારો ચરાવનાર'નું દૃષ્ટાંત મૂક્યું છે. લખ્યું છે કે 'પરાર્થ પ્રવૃત્તિ' કેવી રીતે ? તો કે

**(टीका) चारिचरकसंजीवनी-अचरक-चारणनीत्या**

અર્થાત્ ચારો ચરનાર પણ સંજીવની નહિ ચરનાર (બળદ)ને એ ચરાવવાની પદ્ધતિથી. એનું દૃષ્ટાન્ત આ રીતે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચારિ-સંજીવની-ચારણનું દૃષ્ટાંત

એક બાઇ પતિને વશ કરવાની ઘેલછામાં કોઇ જોગણ પાસેથી મંત્રિત વનસ્પતિઓનો ઉકાળો મેળવી એણે પતિને પાઇ દીધો. એ પીતાં જ દૈવી-પ્રયોગ હોવાથી પતિ બળદ રૂપે થઇ ગયો ! અલબત્ આમ બાઇને હવે એ પતિ-બળદ પૂરેપૂરો વશ તો થઇ ગયો, પરંતુ પોતે ખૂબ પસ્તાણી. પતિ જ બળદ છે એટલે થોડો જ એને કાઢી મૂકાય ? તેથી રોજ એને ખેતરમાં ચરાવવા લઇ જવો, એના છાણ-મૂતર સાફ કરવા, વગેરે સેવામાં રહેવું પડયું. હવે એમાં એકવાર એવું બન્યું કે રોજ એ પ્રભુની આગળ પોતાના પાપનો પસ્તાવો જાહેર કરતી હતી અને પ્રાર્થના કરતી હતી કે 'પ્રભુ ! મારા પતિને ફરીથી પૂર્વ સ્થિતિમાં લાવી દે,' તે કેમ જાણે પ્રાર્થના ફળી.

જંગલમાં એકવાર બળદને ચારો ચરાવતી હતી એ વખતે ઉપરથી વિદ્યાધરનું વિમાન ચાલ્યું જતું હતું, એમાંથી અવાજ સંભળાયો; વિમાનમાં વિદ્યાધર-વિદ્યાધરીને કહેતો હતો, ''આ નીચે બાઇ નકામો કલ્પાંત કરે છે. આ નીચેની ભૂમિમાં જ પેલી 'સંજીવની' વનસ્પતિ છે, એનો જો ચારો બળદને ચરાવે, તો બળદ પાછો મનુષ્યરૂપે થઇ જાય.'' એ સાંભળીને બાઇ રાજી તો થઇ ગઇ, પરંતુ મુંઝવણમાં પડી કે 'એણે ઉપર વિમાનમાંથી પેલી સંજીવની વનસ્પતિ તો કહી, પણ એ પેલી એટલે કઇ ? એ સમજ ન પડી. ખેર ! ફિકર નહિ. નીચેની બધી જ વનસ્પતિ એકેક કરીને ચરાવું એટલે એમાં 'પેલી' તરીકે નિર્દેશેલી સંજીવની વનસ્પતિ આવી જ જશે.' આમ વિચારી હવે બળદને એકેક વનસ્પતિ ચરાવે છે.

## 'ચારિ સંજીવની૦' ન્યાયથી પરાર્થ પ્રવૃત્તિ :

એમાં એવું બન્યું કે બળદ અત્યાર સુધી આડુઅવળું ચર્યા કરતો, પણ જે ચોક્કસ સંજીવની વનસ્પતિ ચરવા-બહાર રહી જતી હતી, અર્થાત્ પોતે ચારિ-ચરક પણ સંજીવની-અચરક હતો તેને ક્રમશઃ ચરાતી વનસ્પતિમાં ચરવામાં આવી; અને જુઓ ચમત્કાર કે જ્યાં એ ચોક્કસ વનસ્પતિ ચરી કે તરત બળદ મનુષ્યરૂપે થઇ ગયો ! જુઓ અહીં શું થયું ? ચારો ચરનાર બળદ આપમેળે જે એ ચોક્કસ સંજીવની વનસ્પતિ નહોતો ચરતો, અર્થાત્ એનો અ-ચરક હતો, તેને બાઇએ ચરતો કર્યો. 'ચારિ-સંજીવની' અર્થાત્ જે ચરવામાં આવતાં, સંજીવની યાને પુનર્જીવન બક્ષે તે. એવી ચારિ-સંજીવનીના અચરક યાને નહિ ચરતા બળદને બાઇએ 'ચારણ' યાને ચરતો કર્યો, એ ચારિચરક પણ સંજીવની-અચરકને ચારણની નીતિ અર્થાત્ ચરાવવાની પદ્ધતિથી; અથવા 'નીતિ' એટલે કે ન્યાય યાને ચારણના દૃષ્ટાંતથી પરાર્થ પ્રવૃત્તિ કરનારા હોય.

બસ, આ ન્યાયે પ્રસ્તુતમાં પણ સ્થિરાદિ દૃષ્ટિવાળા જીવો પેલા બળદની જેમ જગતમાં જે જીવો 'ચારિ સંજીવનીના અચરક' એટલે કે હિતકારી વાતના 'અચરક' છે, અર્થાત્ એમાં પ્રવૃત્તિ નહિ કરનારા છે, એમને પેલી બાઇની જેમ કૂનેહથી હિતમાં પ્રવૃત્તિ કરાવનાર બને છે, અર્થાત્ હિતની શ્રદ્ધા અને એમાં પ્રવૃત્તિ નહિ કરનારા છે જે એમને, બળદને ક્રમશઃ ચરાવવાની પેલી કૂનેહવાળી સ્ત્રીની જેમ, કૂનેહથી હિતકર વાતમાં શ્રદ્ધા અને પ્રવૃત્તિ કરાવે છે. એટલી જહેમત ઉઠાવવાનું કારણ ? કારણ આ જ, કે ભિન્ન-ગ્રન્થિક સ્થિરાદિ દૃષ્ટિવાળા સમકિતી જીવ મૈત્રી (સર્વજીવસ્નેહ) અને કરુણાને પરવશ હોઇ, તથા ગંભીર અને ઉદાર ઉમદા દિલવાળા હોવાથી, જગતના કરુણાપાત્ર જીવો પર એમને સહેજે કરુણા આવે છે, એટલે એમનાથી શકય કરુણા કર્યા; વિના રહી શકાતું નથી; તેમજ કરુણા કરવામાં ગંભીરતા-ઉદારતાથી કામ લેનારા છે, એટલે સામાને તિરસ્કારાદિ વિના કૂનેહભર્યા મીઠા બોલથી એના ગળે હિતની વાત ઉતારી દે છે. પોતે જરૂરી ભોગ આપીને પણ એને હિતમાર્ગે ચડાવવાની આ કૂનેહમાં (૧) સામા જીવને પ્રેરણા પ્રોત્સાહન આપવાનું આવે, એમ (૨) સામાના છતા ગુણની પ્રશંસા.... વગેરે કરવાનું આવે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મ-ક્રિયાના અજીર્ણવાળા જીવોમાં ક્રિયાના અભિમાનને લીધે ગંભીરતા ઉદારતા નહિ, તેથી બીજા ભૂલભાલ કરનારા જીવને એ ભૂલ સુધરાવવા જશે, પરંતુ પહેલાં એને ઉતારી પાડશે, તિરસ્કારશે, એની સૂગ કરશે કે 'આટલું આવડતું નથી ? દુનિયાની વાતનું ડહાપણ તો બહુ છે, અને અહીં ધર્મની વાતમાં જ 'ઢ' જેવા છો ?' આ રીત કૂનેહની ન ગણાય. કૂનેહવાળો તો ભૂલતા જીવને પહેલાં આવકારશે કે 'વાહ ! ભાગ્યશાળી છો તમે, કે દુનિયા જ્યારે પાપમાં પડી છે, ત્યારે તમે પાપ છોડી અહીં ધર્મ કરવા આવ્યા છો ! હવે જુઓ પુણ્યશાળી ! આ ધર્મક્રિયામાં જરાક આટલી વિધિ સાચવવાની છે. એથી ધર્મક્રિયા લાખ રૂપિયાની બને છે. જાણવા છતાંય વિધિ ભુલાય તો ય ગભરાશો નહિ, અમે ય પહેલાં તમારા જેવા જ ભૂલકણા હતા, બહુ ભૂલતા હતા; પરંતુ ગુરુમહારાજના ને સાધર્મિકના માર્ગદર્શનથી અમારી ભૂલો સુધરી છે.'

આ રીતે સામાને પ્રોત્સાહન આપવું એ કૂનેહ કહેવાય. ગંભીરતા હોય એ સમજી શકે છે કે નવા નવાને જ્ઞાનાવરણાદિ કર્મવશ અજ્ઞાનતા અને મોહને લીધે સહેજે ભૂલ થાય. જૂનાને પણ ચિંધનાર ન મળ્યા હોય તો એ ય સ્હેજે ભૂલે. સ્થિરાદિ દૃષ્ટિવાળા જીવોની પરાર્થ-પ્રવૃત્તિ આ રીતે કુનેહવાળી હોય, તેથી એ હિતમાર્ગને નહિ સમજનારા, નહિ આદરનાર જીવોને હિતમાર્ગ સમજતા આદરતા કરે છે. એનું નામ 'ચારિ સંજીવનીના અચરક બળદને એ ચરાવવાના ન્યાય'થી હિતમાં નહિ પ્રવર્તનારા જીવોને પ્રવર્તાવનારા કહેવાય.

'ચારિસંજીવની' ન્યાયથી બીજાને હિતમાં પ્રવર્તાવવાનું બે રીતે હોય,-

(૧) સ્વહિતની પ્રવૃત્તિ જ એવી કૂનેહભરી કે જે બીજાના પણ લાભમાં ઉતરે;

(૨) બીજાને ચાહીને કૂનેહથી હિતમાં પ્રવર્તાવે.

(૧) આમાં પહેલામાં, દૃષ્ટાંત તરીકે પત્ની, પર્વ દિવસે વિશેષ ધર્મ કરવાની રુચિવાળી હોય, એને ત્રણ ટાઇમનું ભઠિયારું કૂટવાનું ન રહે, એટલા માટે પતિ પોતે એકાસણું આંબેલ ઉપવાસ જેવો તપ કરી લે. પતિનો આ તપ એ સ્વહિતની પ્રવૃત્તિ છે, પણ આડકતરી રીતે એ પત્નીના લાભમાં ઊતરે છે.

અથવા, પ્રભુદર્શનમાં ભગવાનની આજ્ઞા છે કે પુરુષે જમણી બાજુ અને સ્ત્રીએ ડાબી બાજુ ઊભા રહી દર્શન કરવા. આ આજ્ઞાથી પોતે જમણી બાજુમાં ઊભો રહી દર્શન કરે એ જિનાજ્ઞાપાલનની સ્વહિતની પ્રવૃત્તિ છે, પરંતુ એમાં બીજા પાછળવાળાને દર્શનનો સહેજે લાભ થઇ જાય છે. જો પોતે બરાબર વચમાં ઊભો રહી દર્શન કરે તો પાછળવાળાને દર્શનનો લાભ ન થાય.

અથવા, શ્રાવક વેપાર કરે એ સ્વાર્થની પ્રવૃત્તિ છે, પરંતુ એમાં ન્યાયથી અને વ્યાજબી ભાવથી વેપાર કરે એમાં ન્યાયસંપન્નતા અને દયાનો પોતાને લાભ તો ખરો, કિન્તુ એમાં સાથે સાથે પરને-ઘરાકને છેતરાવું કે લૂંટાવું ન પડે એ પરને લાભ થયો. કહો કે,

**શ્રાવકની જયણાથી સ્વાર્થ પ્રવૃત્તિ લગભગ પરના લાભમાં જાય.**

દા. ત. (૧) ભોજન કરવામાં ઉણોદરી અને ત્યાગવૃત્તિ રાખે એ પોતાને લાભ, છતાં પાછળવાળાને પૂરતું જમવા રહે એ પરને લાભ. એમ પોતાની ધર્મપ્રવૃત્તિ એવી ઉચિત રીતે રાખે, કે કુટુંબીઓને સહેજે ધર્મપ્રવૃત્તિની તક રહે. ઉપાશ્રયમાં પ્રતક્રિમણ કરવા જાય ત્યાં એવી રીતે બેસે, કે બીજાને બેસવાની સારી જગા મળે, એ સ્વહિતની પ્રવૃત્તિમાં સહજ પરાર્થતા.

(૨) બીજામાં પરને કૂનેહથી હિતમાં પ્રવર્તાવે; દા.ત. બાપ સૌમ્ય અને ઉદાર સ્વભાવ રાખી દીકરાને પહેલાં પોતાના પર ખૂબ સદ્‌ભાવ-બહુમાનવાળો કરે, પછી એને હિતની વાત કરે, એ દીકરો આનંદથી વધાવી લે. દા.ત. વિલાયતમાં એક યુવાનને બાપથી ખાનગી સીગારેટ પીવાની કુટેવ, તે એકવાર કોઇ પાસેથી સાંભળીને બાપને ખબર પડી ગઇ. એણે કૂનેહ વાપરી. રજાના દિવસે બાપ દીકરો આનંદથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાતો કરે છે, એમાં બાપ કહે, 'અરે જહોન ! મેં સાંભળ્યું છે કે તું સારો સ્પોર્ટ્સમેન (ખેલાડી) છે. તો તું મને કહેતો કેમ નથી ? તારે જે કોઇ સારું બેટ વગેરે જે કાંઇ ક્રિકેટની સામગ્રી જોઇએ તે લાવવાની. લે એ માટે આ પાંચ પાઉન્ડ. વળી પણ જોઇએ તો માગી લેજે,' એમ કહી પૈસા તરત કાઢી આપી પછી કહે છે,-

'પણ જોજે જહોન ! જેને સારા સ્પોર્ટ્સમેન ક્રિકેટિયર થવું હોય એની છાતી મજબૂત જોઇએ. તો એ માટે ટોનિક પદાર્થ પણ લેતો રહેજે; અને બીજી વાત- દારૂ, કોકિન, ચરસ, સિગારેટ વગેરે બદીઓથી દૂર જ રહેવાનું; કેમકે ડોક્ટરો કહે છે, આ બદીથી છાતી હાર્ટ ફેફસાં નબળાં પડે છે, કમજોર બને છે, કમજોર છાતીવાળો સ્પોર્ટસમાં શો આગળ આવે ? તું કદી આ બદીઓને વશ ન થજે. બેટા ! અને અગ્રણી સ્પોર્ટ્સમેન થજે, એમ ઇચ્છુ છું.'

બસ પત્યું, બાપની મમતાભરી અને કુનેહભરી આ શિખામણે પુત્રના હૃદયને ગદ્‌ગદ કરી નાખ્યું. તે ઊભો થઇ જઇ ખીસામાંથી સિગારેટ-પાકિટ કાઢી બતાવી બાપને કહે, 'પપ્પા ! માફ કરો. હું ખાનગીમાં સિગારેટ પીઉં છું, પણ આજથી જીવનભર માટે એને તિલાંજલિ' એમ કહી પાકિટ ભાંગીને બહાર ફેંકી દીધું. આ મમતાભરી શિખામણ પણ વધુ અસર કેમ કરી ગઇ ? કહો, બાપે શિખામણ આપતાં પહેલાં એની સ્પોર્ટ્સમેન તરીકે પ્રશંસા કરી, રમત સાધનોના તરત પાંચ પાઉન્ડ આપીને પુત્રના દિલમાં પોતાને માટે પહેલાં ભારે સદ્‌ભાવ બહુમાન ઊભા કર્યા, એટલે પછી શિખામણ પણ ખાસ સિગારેટ છોડવાની નહિ કિન્તુ સામાન્યથી બધી બદીઓ છોડવાની આપી. એમાં કુનેહથી સિગારેટ નામ ઘુસાડી દીધું ! એટલે એ શિખામણ માન્ય થઇ ગઇ.

પરાર્થ પ્રવૃત્તિ આ રીતે પોતાના માટે બીજાના દિલમાં સદ્‌ભાવ બહુમાન ઊભા કરી કુનેહથી બીજાને હિતમાં જોડવાથી થાય. આ ચારિસંજીવની ચરાવવાની પદ્ધતિ છે. કદાચ કુટુંબી અગર સ્નેહી-સંબંધી ઉન્માર્ગે ચાલતા હોય પરંતુ, એ પદ્ધતિએ, કુનેહથી એમની કલ્પનામાં ન હોય એ રીતે સન્માર્ગે લવાય. દા.ત. વ્યાખ્યાતા સાધુને વિનંતિ કરી મૂકે કે, 'આજે મારા પુત્રને વ્યાખ્યાનમાં લાવવાનો છું, તો કૃપયા આપ આ અમુક વિષય પર વ્યાખ્યાન આપશો.' પછી પુત્રને 'આપણે અમુક જગ્યાએ જવું છે, ચાલ સાથે.' બહાર નીકળતાં કહે 'જરા મહારાજ સાહેબના આપણે બે અક્ષર સાંભળીને જઇએ; જેથી મારો નિયમ સચવાઇ જાય.' એમ કરીને એને વ્યાખ્યાનમાં લઇ આવો. ત્યાં એ વ્યાખ્યાન સાંભળીને પુત્રને અસર થઇ જાય, એટલે ઉન્માર્ગેથી સન્માર્ગે આવે. આમ સન્માર્ગના અ-ચરકને કુનેહથી સન્માર્ગ-સંજીવનીનો ચારો ચરાવે.

## ઉપસંહાર :

અહીં ગાથા ૧૪મી સુધી ઓઘદૃષ્ટિ ઉપાધિભેદથી યાને નિમિત્તભેદથી ચિત્ર-વિચિત્ર હોય છે. એમાં મેઘવાળી રાત્રિમાં ઘોર અંધારું, મેઘ વિનાની રાત્રિમાં સહેજ તારાઓનો ઉજાસ, મોતિયાવાળાને અનેક ચંદ્ર દર્શન એ મિથ્યાદર્શન, સાફ આંખવાળાને એક ચંદ્રદર્શન એ સમ્યગ્દર્શન... વગેરે બતાવ્યું.

આના પ્રસંગથી યોગની પહેલી ચાર દૃષ્ટિ માટે પણ કહ્યું કે જેમ ઓઘદૃષ્ટિમાં જોવાની લૌકિક વસ્તુ એક જ છતાં મેઘ અને અમેઘ મોતિયો ને નિર્મળ ચક્ષુ વગેરે જુદા જુદા નિમિત્તોને લઇને ભિન્ન ભિન્ન દર્શન થાય છે, તેમ યોગની પહેલી ચાર દૃષ્ટિમાં પારલૌકિક પ્રમેયવસ્તુ આત્મા કે કર્મ યા ધર્મ, ચીજ એક જ છતાં દર્શનકારોના વસ્તુ દર્શન-તત્ત્વમાન્યતા અંગેના ક્ષયોપશમ જુદા જુદા, એ ભિન્ન ભિન્ન નિમિત્તથી એમને દર્શન પણ ભિન્ન ભિન્ન હોય છે, ઓઘદૃષ્ટિવાળાને બાહ્ય નિમિત્તભેદથી દર્શનભેદ, એમ પહેલી ૪ યોગદૃષ્ટિવાળાને આંતરિક ક્ષયોપશમરૂપ નિમિત્તભેદથી દર્શનભેદ હોય છે. પેલાને બાહ્ય વસ્તુ ચંદ્રઆદિ અંગે દર્શનભેદ, ત્યારે અહીં પારલૌકિક પ્રમેય આત્મા વગેરે અંગે દર્શનભેદ-માન્યતાભેદ હોય છે; જ્યારે, પાછલી ચાર સ્થિરાદિ દૃષ્ટિવાળાને નયજ્ઞાન હોઇને શુદ્ધ બોધ હોવાથી દર્શનભેદ નથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોતો. ૧. આ શુદ્ધ બોધનું ફળ. ૨. અસદ્ આગ્રહનો ત્યાગ, એનું ફળ ૩. મૈત્રી આદિ શુભ ભાવોની પરતંત્રતા, એનું ફળ. ૪. ગંભીર અને ઉદાર ઉમદા આશય, ને એનું ફળ ૫. પરાર્થ પ્રવૃત્તિ આવીને ઊભી રહે છે. આટલી પ્રાસંગિક ચર્ચા પૂરી કરી. હવે

પ્રસ્તુત વિષય છે આઠ પ્રકારની મિત્રાદિ યોગદષ્ટિ. એ આઠ પ્રકારનાં નામ પૂર્વની ૧૨મી ગાથામાં બતાવી દીધા છે. હવે એનું માત્ર એકેક દૃષ્ટાન્ત લઈને ઉપમાથી આ આઠને આ પ્રકારે બતાવે છે;-

(मूल) **तृणगोमयकाष्ठाग्निकणदीप प्रभोपमा ।**
**रत्नतारार्कचन्द्राभा सद्‌दृष्टे दृष्टिरष्टधा ॥१५॥**

અર્થાત્ અહીં સમ્યગ્ દૃષ્ટિવાળાની દૃષ્ટિ તૃણઅગ્નિ-ગોમય-અગ્નિકણ-કાષ્ઠઅગ્નિકણ તથા દીપ-પ્રભાની ઉપમાવાળી, તથા રત્ન-તારા-સૂર્ય અને ચંદ્રના જેવી, એમ આઠ પ્રકારે દષ્ટિ હોય છે.

(टीका)- इहाधिकृतदृष्टि बोध : खल्वर्थोक्ति एव तृणाग्निकणाद्युदाहरणसाधर्म्यतो निरूप्यन्ते ।

અહીં પ્રસ્તુત આઠ દૃષ્ટિઓની એકેક દૃષ્ટિમાં થતા બોધનો સામાન્યથી ખ્યાલ તો તે તે દૃષ્ટિના નામના અર્થથી જ સૂચિત છે. પરંતુ હવે અહીં તૃણનો અગ્નિકણ, ગોમયનો અગ્નિકણ... વગેરેના ઉદાહરણથી એની સમાનતા દ્વારા ઓળખ આપવામાં આવે છે. સવાલ થાય કે યોગદૃષ્ટિ શી વસ્તુ છે ? તો અહીં કહે છે-

(टीका) - सामान्येन सद्‌दृष्टेर्योगिनो दृष्टिर्बोधलक्षणाष्टधा भवति ।

સામાન્ય સમ્યગ્ દૃષ્ટિવાળા યોગીની દૃષ્ટિ એ યોગદષ્ટિ છે, ને આમાં 'દૃષ્ટિ' એ બોધ સ્વરૂપ છે. એ આઠ પ્રકારે છે.

## વિવેચન :-

અહીં 'યોગી' શબ્દ વાપર્યો છે એ યોગી કોઈ માત્ર મહાન ચારિત્રધર મહર્ષિ જ નથી સમજવાના; પરંતુ મોક્ષયોગ સાધે તે સૌ કોઈને યોગી તરીકે લેવાના છે. શ્રદ્ધાથી માત્ર નવકાર ગણે એ પણ યોગી છે, કેમ કે નમસ્કાર-સ્મરણ એ સમ્યગ્દર્શન-પ્રેરક મોક્ષયોગ છે. અલબત્ સંસારની લાલસાથી નવકાર ગણે એ શ્રદ્ધાથી ગણ્યો ન કહેવાય, બાકી એવી કશી લાલસા વિના કરાતા નવકાર-સ્મરણને એક મહાન ધર્મની આરાધના તરીકે ગણે તો તે મોક્ષયોગ છે, ને 'યોગ કરે તે યોગી' એ હિસાબે એ ગણનારો યોગી છે. આ યોગી સદ્દૃષ્ટિ એટલે કે સમ્યગ્દૃષ્ટિવાળા છે. અર્થાત્ જે ઓઘદૃષ્ટિ અસદ્દૃષ્ટિમાંથી બહાર નીકળી ગયા છે, અને જેમણે ભવાભિનંદીપણુ દૂર ફગાવી સદ્દૃષ્ટિ ખીલવી છે, તેમજ જે આત્માઓ મોક્ષ સાથે પોતાનો યોગ કરવા માટે મોક્ષ તરફ દૃષ્ટિવાળા બનેલા છે, એ યોગી છે. એવા આત્મામાં જે કાંઈ સમ્યગ્બોધ પ્રગટે છે, એને અહીં યોગદૃષ્ટિ કહેવામાં આવે છે.

આ બોધ એવા પ્રકારનો છે કે જીવ જયારે ઓઘદૃષ્ટિમાં હતો ત્યારે વસ્તુને ઇન્દ્રિયોનાં આનંદની દૃષ્ટિએ જોતો હતો, એ હવે આત્માના હિતની દૃષ્ટિએ જુએ છે. આવું વસ્તુ-દર્શન એ બોધ છે. એ વસ્તુ-દર્શનમાં જેમ જેમ વિકાસ થાય તેમ તેમ યોગની ઊંચી ઊંચી દૃષ્ટિ પ્રાપ્ત થાય.

✤ ✤ ✤

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ૮ યોગદૃષ્ટિનો સંક્ષિપ્ત પરિચય

અહીં યોગની આઠ દૃષ્ટિઓનાં બોધને ઉપમાથી ઓળખાવવામાં આવે છે. તે આ રીતે,

(टीका)- तृणाग्निकणोपमा मित्रायां,
गोमयाग्नि कणोपमातारायां....

**(૧) મિત્રાદૃષ્ટિમાં** બોધ તણખલાનાં અગ્નિનાં કણ જેવો હોય છે.

**(૨) તારાદૃષ્ટિમાં** બોધ છાણાનાં અગ્નિનાં કણ જેવો હોય છે.

**(૩) બલાદૃષ્ટિમાં** બોધ કાષ્ઠનાં અગ્નિ-કણ જેવો હોય છે.

**(૪) દીપ્રાદૃષ્ટિમાં** બોધ દીવાની પ્રભા જેવો હોય છે. એમ આગળ

**(૫) સ્થિરાદૃષ્ટિમાં** રત્નપ્રકાશ જેવો,

**(૬) કાન્તાદૃષ્ટિમાં** તારાનાં પ્રકાશ જેવો,

**(૭) પ્રભાદૃષ્ટિમાં** સૂર્યના પ્રકાશ જેવો, અને

**(૮) પરાદૃષ્ટિમાં ચંદ્રના પ્રકાશ જેવો બોધ હોય છે.**

આ રીતે ઓઘદૃષ્ટિમાંથી બહાર નીકળેલાં અને યોગદૃષ્ટિમાં પ્રવેશ કરેલાં આત્માની ઉત્તરોત્તર ચડતી આઠ પ્રકારની દૃષ્ટિ હોય છે, અર્થાત્ આઠ પ્રકારનો વિકસિત બોધ હોય છે.

(टीका-) तथाविध-प्रकाशमात्रादिनेह साधर्म्यम् ।

અહીં ઉપમા માટે દૃષ્ટાંત બતાવ્યા તેમાં માત્ર તેવા તેવા પ્રકાશની માત્રા આદિ સાથે જ સાધર્મ્ય અર્થાત્ સમાનતા લેવાની છે, પરંતુ અગ્નિકણમાં રહેલી ઉષ્ણતા દાહકતા વગેરેની સાથે સમાનતા નહિ; એટલે કે જેમ ઘાસનાં અગ્નિકણની પ્રકાશમાત્રા તદ્દન સામાન્ય, એનાં કરતાં છાણાનાં અગ્નિકણની પ્રકાશની માત્રા સહેજ વધારે, એના કરતાં કાષ્ઠનાં અગ્નિકણના પ્રકાશની માત્રા વધારે. એમ ઠેઠ આઠમા નંબરે ચંદ્રની પ્રકાશમાત્રા પરાકાષ્ઠાની હોય છે; એવી રીતે પહેલી મિત્રા નામની યોગદૃષ્ટિમાં સમ્યગ્ બોધ બહુ સામાન્યરૂપે, એના કરતાં બીજી તારા નામની દૃષ્ટિમાં બોધની માત્રા થોડી વધારે વિકસિત હોય છે. એના કરતાં ત્રીજી બલાદૃષ્ટિમાં બોધમાત્રા એથી વધારે,... એમ છેલ્લે પરાદૃષ્ટિમાં બોધની માત્રા પરાકાષ્ઠાએ પહોંચે છે.

પ્ર૦- પારલૌકિક પ્રમેય વસ્તે તો એની એ જ હોય, પછી ઉત્તરોત્તર યોગદૃષ્ટિમાં એની વિકસિત બોધમાત્રા કેવી રીતે ?

ઉ૦- વ્યવહારમાં દેખાય છે કે, શાળામાં ચોથી કક્ષામાં રહેલો વિદ્યાર્થી પૂર્વના ઈતિહાસના પાત્રોને જેવી રીતે ઓળખે છે, એના કરતાં દશમી કલાસમાં રહેલો વિદ્યાર્થી વિશિષ્ટ રીતે ઓળખે છે; એના કરતાં કોલેજનાં છેલ્લા વર્ષનો વિદ્યાર્થી વિશેષ ગુણવત્તા આદિની દૃષ્ટિએ ઓળખે છે. એમ સામાન્ય ફરનીચર બનાવનાર કારીગર લાકડાને અમુક ફરનીચરના કાચા માલ તરીકે જુએ છે. જ્યારે વિશેષ કારીગરીવાળો એને ઝીણવટવાળા નાજુક ફરનીચરનાં કાચા માલ તરીકે જુએ છે; જ્યારે સૂક્ષ્મ કલાત્મક કારીગરીનો જાણકાર સુથાર એને એવી સૂક્ષ્મ કલાત્મક ફરનીચરનાં કાચા માલ તરીકે જુએ છે. કાષ્ઠ વસ્તુ એકની એક છે, પરંતુ વિકસિત આવડતવાળાનો બોધ વિશેષ વિશેષ હોય છે.

## વણિક અને પટેલનું દૃષ્ટાંત

વણિક અને પટેલને સહિયારામાં ખેતર; ઘઉં બાજરો જુવાર વગેરે અનાજ પાકે તે વેચી, પૈસા અડધા ભાગે વહેંચી લે; અને અનાજ છૂટું પાડતાં ધાન્યોનું મિશ્રણ અડધું અડધું તોલીને વહેંચી લેતા. એમાં પટલાણી એ મિશ્રણને ભરડી નાખી રોટલા ને દાળ બનાવતી તે પટેલ જમી લેતા. એક દિવસ વણિકને ત્યાં પટેલ બેસતા મહિને ગયેલ, તે એણે જોયું તો વાણિયો કંસાર, વડા, તુવરની દાળ વગેરે જમી રહ્યો છે. વણિકે પટેલને આવકાર્યા, જમાડયા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પટેલ સ્તબ્ધ થઇ ગયો. ઘરે જઇ પટલાણીને વાત કરી કે 'વાણિયો તો આવું આવું જમતો હતો ત્યારે આપણે તો રોટલા ને દાળ ખાઇએ છીએ. આમ કેમ ?'

પટલાણી કહે 'વાણિયો નક્કી ખેતરમાંથી ચોરીને લઇ જતો હશે તે આવા જમણ જમે. તમે ભોળા છો તે આવાની સાથે સહિયારું રાખ્યું છે. કરી નાખો છૂટું'. પટેલ પહોંચ્યો વાણિયાને ત્યાં, કહી દીધું, 'આપણે સહિયારું છૂટું કરી નાખવું છે, જમીન અડધી અડધી વહેંચી લઇએ.'

વણિકે કારણ પૂછતાં પટેલ કહે, ''તમારે કંસાર વડા ખાવાં છે, અમારા નસીબે તો રોજ રોટલા ને દાળ છે.''

વણિક સમજી ગયો. પટેલને કહે, 'કાલે આવજો ભાગીદારી છૂટી કરી લઇશું.'

વણિકે પટેલને ગયા પછી પત્નીને યોજના સમજાવી દીધી. એ પ્રમાણે પત્નીએ બીજે દિવસે સવારથી ઘરના ચોકમાં મિશ્રીત ધાન્યનો ઢગલો કરી, બે બાઇઓને બેસાડીને એમાંથી વીણાવાનું શરૂ કરાવ્યું. બીજી બાજુ એક બાઇને મગ-ચણા ઘંટીએ દળવા બેસાડી દીધી. એટલામાં પટેલ આવ્યો, આ જોઇને વણિકને પૂછે છે, 'આ શું ?' વણિકે વિગત સમજાવી દીધી. પછી

વણિકે કહ્યું, 'આ બધી મહેનત થાય એનું ફળ છે તે કંસાર વડા ખાવા મળે. તમારી પટલાણી ખેતરમાંથી ધાન્ય લઇ જાય પછી આવું કાંઇ કરે છે કે કેમ ?''

પટેલ કહે, 'ના ભાઇ ! એ તો મને રોટલો દાળ ને બે તાંસડી દૂધ આપે છે.' વણિક કહે, 'એ દૂધ તો પાતળું ને ? મલાઇ કોણ ખાય છે ?' પટેલ કહે, 'એ તો ખબર નથી.'

વણિક કહે, 'મારા પટેલ ! ભોળા છો ભોળા ! મલાઇ ખાઇ ખાઇને એ તો તગડી થઇ ગઇ, તે આવી મહેનત શું કામ કરે ? તે આરામ કરતી હશે. ત્યારે તમે તો આવા દુબળા જ રહ્યા !'

પટેલ બધી વાત સમજી ગયો ઘેર, પટલાણી આડી પડી હતી તે બુધુ લઇને ફટકારવા લાગ્યો. પેલી રાડ પાડીને રોતી રોતી કહે 'પણ મને વગર વાંકે કેમ મારો છો ?' પટેલ કહે આખો દિ ધંધા શું કરે છે ? મલાઇ ખાઇ ખાઇને ભેંસ જેવી તગડી થઇ. આડી પડી રહેતાં જ તને આવડે છે ? મજુરી કરવી નથી, ને સપરેટ દૂધ મને પાવું છે ? હાલ બતાવું કંસાર કેમ ખવાય છે ?' પટલાણીની કાનપટ્ટી ઝાલી પટેલ વણિકને ત્યાં લઇ ગયો. ધાન્ય જુદા કરવાનાં, ઝાટકવાનાં, ભરડવાનાં, વગેરેનો ઠઠારો બતાવ્યો, કહી દીધું, 'હવે આમ કરવું છે ? નહીતર મારી મારીને અડધી કરી નાખીશ !' પટલાણી હાથ જોડી 'ભાઇસાબ ! માફ કરો, કરીશ' એમ કહી પગમાં પડીને કરવાનું કબૂલ કર્યું અને વાણિયણ પાસેથી બધું શીખી લીધું.

અહીં વાત આ છે મિશ્રિત ધાન્યનાં ઢગલામાં પટલાણી માત્ર મિશ્રણનું અર્થાત્ ઢગલાનું દર્શન કરતી હતી, ત્યારે વાણિયણ એમાં અલગ અલગ ઘઉં-બાજરો-જુવાર વગેરેનું દર્શન કરતી હતી. વસ્તુ એકની એક છતાં પોતાની બોધમાત્રા કેટલી છે એના હિસાબે વસ્તુનું સંકુચિત યા વિકસિત પ્રમાણમાં દર્શન થાય. પટલાણીની બોધમાત્રા ઓછી હતી તેથી ધાન્યોના મિશ્રણમાં એણે માત્ર ભડકું હોવાનું દેખ્યું, ત્યારે વાણિયણને બોધમાત્રા વધારે તેથી મિશ્રણમાં એણે અલગ અલગ ધાન્યરૂપતા જોઇ, અને વિવિધ સ્વાદિષ્ટ રસોઇના કાચા માલ દેખ્યા.

હવે અહીં દરેક યોગદૃષ્ટિમાં બોધપ્રકાશ કેવા પ્રકારના હોય છે તેને ટીકાકાર મહર્ષિ આ રીતે બતાવે છે.

(टीका) यदाह मित्रायां बोधस्तृणाग्निकण-सदृशो भवति, न तत्त्वतोऽभीष्ट-कार्यक्षम : ।

મિત્રાદૃષ્ટિમાં બોધ ઘાસના અગ્નિના કણ જેવો હોય છે. ઘાસનો અગ્નિ એટલે ઘાસના ઢગલાનો નહિ, પણ એક ઘાસઠૂંઠાનો અગ્નિ; તે પણ અગ્નિનો કણ માત્ર અહીં લીધો. એ સૂચવે છે કે ઘાસ-અગ્નિનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભડકો નહિ, પણ ભડકો બુઝાઇ ગયા પછી સળગતા ઠૂંઠાની અગ્નિના કણનો અલ્પમાં અલ્પ પ્રકાશ લેવો છે માટે આ અગ્નિકણ લીધો. એનો પ્રકાશ જેવો મિત્રા-દૃષ્ટિમાં બોધપ્રકાશ હોય છે. સવાલ થાય,-

પ્ર૦- એવા અગ્નિ-કણનો શો પ્રકાશ હોય ?

ઉ૦- આમ દિવસના અજવાળામાં એનું મહત્ત્વ ન દેખાય, પરંતુ ઘોર અંધારામાં એની સહેજ પ્રકાશમય લાલાશ દેખાય છે. બસ, મિત્રા-દૃષ્ટિમાં અંતરાત્મામાં જે જ્ઞાન-પ્રકાશ થયો હોય છે, તે આવી અલ્પ માત્રામાં હોય છે, પણ તે ઓઘદૃષ્ટિના ઘોર અંધકારથી જુદી પડતી છે.

પ્ર૦- એટલી બધી અતિ અલ્પમાત્રાના બોધ-પ્રકાશની શી કિંમત ?

ઉ૦- કિંમત એ છે કે આવા જ પ્રકાશની માત્રા વધતી વધતી ઠેઠ વીતરાગતા અને કેવળજ્ઞાનના ઉત્કૃષ્ટ જ્ઞાન-પ્રકાશ સુધી પહોંચવાની છે. દા.ત. ઘોર ઊંઘમાં પડેલા માણસને જગાડવા કોઇ એના નામનો અનેકવાર અવાજ આપે છે. ત્યારે પછીથી એ છેલ્લા અવાજને સાંભળીને જાગે છે. અહીં પ્રશ્ન થાય કે તો શું ? માત્ર છેલ્લો શબ્દ જ એણે સાંભળ્યો ? પૂર્વના શબ્દો સાંભળ્યા નહોતા ? શાસ્ત્ર આના ખુલાસામાં કહે છે કે પહેલા શબ્દથી શ્રવણનું કામ ચાલે છે. એને શાસ્ત્રીય ભાષામાં 'વ્યંજનાવગ્રહ' નામનું મતિજ્ઞાન કહે છે. આનાં દૃષ્ટાંતમાં,- તપેલા કોડિયા પર ઠંડા પાણીના ટીપા પડતા જાય ત્યારે છેલ્લું ટીપું પડતાં કોડિયું ભીનું થયું દેખાય છે. તો શું તે પૂર્વનાં ટીંપાએ ભીનાશ કરવામાં કશો ફાળો ન આપ્યો ? આપ્યો જ છે. પહેલા ટીંપાથી જ તપારો શાંત થતાં થતાં છેલ્લે ટીંપે ભીનાશનો ઉદ્‌ઘાટ થયો, અર્થાત્ વ્યકત ભીનાશ દેખાઇ. બસ, આ બંને દૃષ્ટાંતથી સૂચિત થાય છે કે મિત્રાદૃષ્ટિનાં અતિ અલ્પ બોધ-પ્રકાશથી માંડીને વીતરાગતા રૂપી ફળની પૂર્વભૂમિકાનું કાર્ય શરૂ થઇ ગયું. માટે એની પણ કિંમત છે.

આ વસ્તુ ધર્મ-સાધના કરનાર બીજાઓની ઊંચી સાધના જોઇ નિરાશ થતા હોય, એમને પ્રોત્સાહન આપનારી છે કે 'તમે તમારી સાધના ઉત્સાહભેર ચાલુ રાખો; કેમકે એ અંતિમ ફળની પૂર્વ ભૂમિકા જ છે. ભલે એ અલ્પમાત્રાની સાધના હોય, છતાં એથી તમે વીતરાગતાની નિકટ જઇ રહ્યા છો. જેની પાસે સાધના જ નથી એને તો આ કશી જ પ્રગતિ હોતી નથી. બાકી ૫૦૦ મુનિઓએ ઘાણીમાં પીલાતાં પીલાતાં વીતરાગતા અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું, એ પણ કોઇ પૂર્વ ભવમાં મિત્રાદૃષ્ટિની કક્ષામાં અતિ અલ્પ બોધવાળા જ હતા, અને પછી બોધની માત્રા વધારતાં વધારતાં આવા મોટા ઉપસર્ગ વેઠતી વખતે પણ પોતાની કાયા સુદ્ધા દુન્યવી પદાર્થમાત્ર પ્રત્યેની આસકિતથી રહિત અનાસકત બોધ-પ્રકાશવાળા બની ગયા. મિત્રાદૃષ્ટિના અતિ અલ્પ બોધપ્રકાશમાં આત્મામાં કેવી સ્થિતિ રહે છે એ બતાવવા કહે છે કે-

## ૧. મિત્રાદૃષ્ટિ

(टीका) न तत्त्वतोऽभीष्टकार्यक्षमः, सम्यक् प्रयागकालं यावदनवस्थानाद् अल्पवीर्यतया पटुस्मृतिबीजसंस्काराधानानुपपत्ते, ततश्च विकल-प्रयोगभावाद् भावतो वन्दनादिकार्यायोगादीति ।

અર્થાત્ (મિત્રાદૃષ્ટિનો બોધ પ્રકાશ) વાસ્તવમાં ઇષ્ટ કાર્ય કરવાની ક્ષમતાવાળો નથી હોતો, કેમકે સમ્યક્ ક્રિયાપ્રયોગ-કાળ સુધી તે ટકતો નથી. એનું કારણ એ છે કે એ બોધ અલ્પ શકિતવાળો હોવાથી એના દ્વારા એવા સંસ્કાર નથી ઊભા થતા કે જે સારી સ્મૃતિનું કારણ બને; અને તેથી (વંદનાદિ) ક્રિયા અપૂર્ણ બની રહે છે, એટલે ભાવથી વંદનાદિરૂપ કાર્ય થતું નથી.

## વિવેચન :-

મિત્રાદૃષ્ટિમાં તણખલાના અગ્નિકણના પ્રકાશ જેવો અતિઅલ્પ બોધપ્રકાશ હોવાથી પરિણામ શું આવે છે તે બતાવવા કહે છે,-

મિત્રાદૃષ્ટિનો બોધ-પ્રકાશ વાસ્તવમાં ઇષ્ટ. કાર્યની સિદ્ધિ માટે સમર્થ નથી. કેમકે તે બોધના અનુસારે કરાતાં વંદનાદિ-સાધનાનાં સમ્યગ્ આચરણ વખતે એ બોધ ટકતો નથી. દા.ત. મિત્રાદૃષ્ટિના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બોધમાં આત્માને લાગ્યું કે "ધર્મસ્ય મૂલભૂતા વંદના- ધર્મ સાધવા માટે પાયામાં દેવ અને ગુરુને વંદના છે. એટલે ધર્માર્થીને માટે આ દુન્યવી બધા કાર્યો કરતાં ચડિયાતું કાર્ય છે.'' આમ બોધ તો થયો; પરંતુ જયારે વંદના કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે, બીજું કશું સામે ઉપસ્થિત થતાં એમાં મન જતાં, પ્રસ્તુત વંદના-ક્રિયા વખતે પેલું યાદ ન આવ્યું, તેથી ક્રિયા એવા ભાવોલ્લાસવાળી બનતી નથી, ભાવવંદના થતી નથી. એક સવાલ થાય,

પ્ર૦- જીવ જયારે સમજપૂર્વક ઓઘદૃષ્ટિમાં બહાર નીકળી યોગદૃષ્ટિમાં આવ્યો છે, એટલે તો પહેલા ઓઘદૃષ્ટિમાં ધર્મક્રિયાઓ જે વિષયસુખની લાલસાથી કરતો હતો, તે લાલસા તો હવે પડતી મૂકી છે. એટલે તો હવે જયારે આત્મહિતની દૃષ્ટિએ ધર્મક્રિયા કરવા તૈયાર થયો છે, ને બોધ-પ્રકાશ ખૂલ્યો છે, તો પછી ધર્મસાધનાના અનુષ્ઠાન અવસરે એ કેમ ટકે નહિ ? ને કેમ ભાવવંદનાદિરૂપ કાર્ય થાય નહિ ?

ઉ૦- આનું કારણ એ છે કે અહીં મિત્રાદૃષ્ટિમાં જે બોધ થયો છે તે એટલો વીર્યવાળો નથી કે જેના ઉપર પ્રકાશ્ય વિષયની સ્મૃતિ કરાવનાર સંસ્કાર ઊભા થાય; અને સંસ્કારની આ માટે જરૂર છે કે સંસ્કાર હોય તો જ સ્મરણ થાય. સંસ્કાર ઊભા કરનાર બોધ છે, પરંતુ બોધ જેટલો જોરદાર એટલા એનાથી જોરદાર સંસ્કાર ઊભા થાય. જોરદાર એટલે દ્રઢ. જો સંસ્કાર દ્રઢ ન હોય તો એ ભુંસાઈ જાય. પછી એનું કાર્ય કયાંથી થાય ? સંસ્કાર દ્રઢ હોય તો, પછી એ ઉદ્‌બુદ્ધ થતાં સ્મરણ થાય; કેમકે સ્મરણનાં ઉદ્‌બોધનનું બીજભૂત -કારણભૂત તેવા પટુ દઢ સંસ્કાર છે.

મિત્રાદૃષ્ટિનો બોધ એવો જોરદાર નહિ હોવાથી એનાથી એવા પટુ દઢ સંસ્કાર જનમતા નથી, તેથી સાધનાના અવસરે બોધ સ્મરણરૂપે હાજર નથી થઈ શકતો. એનું પરિણામ એ આવે છે કે વંદનાદિની સાધના તો થાય છે, પરંતુ તે વિકલ થાય છે, અપૂર્ણ અ-વ્યવસ્થિત ખોડખાંપણવાળી થાય છે; જોઈએ તેવી શાસ્ત્રોકત સાધનાના લક્ષણોથી સંપન્ન નહિ, તેવા ભાવોલ્લાસ-વીર્યોલ્લાસવાળી નહિ.

આ પરથી સમજવા જેવું છે કે વંદનાદિ-સાધનાનું આચરણ તો થાય છે, છતાં એમાં વ્યવસ્થિતતા કોણ નથી આવવા દેતું ? કહો, પારલૌકિક સુકૃતોની વ્યવસ્થિતતા માટે આંતરિક નિર્મળ દૃષ્ટિની, નિર્મળ બોધની, સબળતા જરૂરી છે. બોધ સબળ હોય તો એના પર સુકૃત-સદનુષ્ઠાન-સાધના વ્યવસ્થિત થાય છે. એ સબળ બોધ-પ્રકાશ મિત્રા દૃષ્ટિવાળાને નથી. અલબત્ આ નિર્મળ બોધ, બીજા કાર્યમાં લાગ્યા ત્યારે, હાજર ન હોય એમ બને; છતાં એના પ્રબળ સંસ્કાર સ્મરણાત્મક બોધ ઊભો કરે છે, અને એના બળ ઉપર સાધના વ્યવસ્થિત આચરાય છે. નહિતર જો આ આ સંસ્કાર અને સ્મરણાત્મક નિર્મળ બોધ હાજર ન હોય તો સાધના વ્યવસ્થિત નહિ પણ અવ્યવસ્થિત વિકલ યાને ખોડખાંપણવાળી બને છે.

એટલે ખરું કામ આ કરવાનું છે કે સુકૃત-સાધના સત્કૃત્યનાં આચરણ તો જરૂર કરવાના, પરંતુ તે પૂર્વે અંતરાત્મામાં નિર્મળ દૃષ્ટિ નિર્મળ બોધ મામુલી નહિ પણ સારા સંસ્કાર ઊભા કરે એવો જોરદાર ઊભો કરવાની જરૂર છે. આ માટે તે તે મિત્રા વગેરે યોગદૃષ્ટિમાં જે જે કર્તવ્ય બતાવ્યા છે એના આચરણમાં, અને જે જે દોષો-દુષ્કૃત્યો ત્યાજય બતાવ્યા છે એના ત્યાગમાં પ્રખર પુરુષાર્થ પ્રધાનપણે અજમાવતા રહેવું જોઈએ.

પહેલી મિત્રાદૃષ્ટિવાળાને અલ્પ બોધ-પ્રકાશ છતાં એવી મિત્રાદૃષ્ટિની કક્ષાની દ્રવ્ય-વંદનાનો યોગ પણ આત્માને આગળ વધારનાર છે એમ આગળ વધતાં બીજો તારાદૃષ્ટિનો પ્રકાશ લાધે છે. શાસ્ત્રકારે અહીં ભાવવંદના ન થવાનું કહ્યું કારણ કે દ્રવ્યક્રિયામાંથી ભાવક્રિયામાં જવા માટે અંતરાત્મામાં તે ક્રિયાના ભાવની પરિણતિ જાગવી જોઈએ. પ્રસ્તુત મિત્રાદૃષ્ટિમાં એવી પરિણતિને યોગ્ય બોધપ્રકાશ નથી થતો, માટે ભાવક્રિયા-ભાવવંદનાદિ હોવાનો નિષેધ કર્યો.

હવે બીજી 'તારા' દૃષ્ટિનો પરિચય આપતાં કહે છે,-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## (૨) તારા દૃષ્ટિ

(टीका) ताराय तु बोधे गोमयाग्निकणसदृशः । अयमपि एवंकल्प एव, तत्त्वतो विशिष्ट-स्थितिवीर्यविकलत्वात् अतोऽपि प्रयोगकाले स्मृतिपाटवासिद्धे तदभावे प्रयोगवैकल्यात् ततस्तथा तत्कार्याभावादिति ।

**અર્થ** :- જ્યારે 'તારા' નામની બીજી યોગદૃષ્ટિમાં બોધ છાણાના અગ્નિકણ જેવો હોય છે. આ પણ એના જેવો જ છે, કેમકે વસ્તુસ્થિતિએ વિશિષ્ટ સ્થિરતા અને વીર્યથી રહિત છે. એટલે આનાથી પણ ક્રિયાકાળે સ્મરણની પટુતા નહિ હોવાથી અને એના અભાવે ક્રિયા સાંગોપાંગ નહિ થતી હોવાથી એના દ્વારા બોધ પ્રકાશનું ભાવ કાર્ય થતું નથી.

**વિવેચન** :-

તારા નામની બીજી યોગદૃષ્ટિમાં બોધ પ્રકાશ વધે છે. પહેલી મિત્રાદૃષ્ટિમાં તણખલાના અગ્નિકણ જેવો હતો, તે હવે અહીં છાણાના અગ્નિકણ જેવો બને છે. સ્વાભાવિક છે કે સળગતા તણખલાનો કણિયો છૂટો પડે એનો જેવો પ્રકાશ હોય, એના કરતાં સળગતા છાણાના કણિયો છૂટો પડે એનો પ્રકાશ વધારે હોય જ.

પરંતુ આ વધેલા પ્રકાશ જેવો તારાદૃષ્ટિનો બોધ પણ ઇષ્ટ કાર્યસાધક નથી બની શકતો. ઉક્ત દૃષ્ટાન્તમાં દેખાય પણ છે કે અંધારામાં પડેલા તણખલાના અગ્નિકણ કરતાં છાણાનો અગ્નિકણ અલબત્ જરાક વધારે તેજસ્વી દેખાય, પરંતુ તે અગ્નિકણ કાંઇ એટલો બધો પ્રકાશમાન નહિ કે એના આધારે અંધારે થોડુંક પણ વાંચી શકાય, યા અંધારે પડેલી વસ્તુ ઓળખી શકાય. તાત્પર્ય, તૃણાગ્નિકણ ને ગોમય-અગ્નિકણ બંને અગ્નિકણના પ્રકાશ કાર્ય ન સાધી શકવામાં લગભગ સમાન જેવા હોય છે; કેમકે (૧) હજી એવા એ લાંબું ટકતા પણ નથી, થોડીવારમાં બુઝાઇ જાય છે, તેમજ છે ત્યાં સુધીમાં પણ (૨) એમના એવા સમર્થ પ્રકાશ પણ નથી કે જેના અજવાળે કાંઇ વસ્તુ-દર્શન જેવું કાર્ય થઇ શકે.

બસ, આ જ પરિસ્થિતિ મિત્રા અને તારા નામની યોગદૃષ્ટિમાં થતા બોધની છે. તારા નામની યોગદૃષ્ટિમાં જે બોધ પ્રકાશ થાય છે, એ પણ અલબત્ત્ અજ્ઞાનતાને બદલે જ્ઞાનસ્વરૂપ ખરો, પરંતુ મિત્રાદૃષ્ટિના બોધ-પ્રકાશની ય જેમ ઝાઝો ટકવાવાળો નહિ, તેમ ટકે એટલા કાળમાં પણ એનું કાર્ય કરવા સમર્થ નહિ; અર્થાત્ એમાંથી એના પ્રબળ સંસ્કાર જન્મે નહિ કે વંદનાદિ-ક્રિયાપ્રયોગ સુધી પહોંચીને બોધનું સ્મરણ કરાવી શકે.

ત્યારે વંદનાદિ-ક્રિયામાં યોગદૃષ્ટિના બોધથી પ્રકાશિતતા નહિ એટલે, એ ક્રિયા દ્રવ્યવંદનાદિ ક્રિયા જ રહે છે, ભાવવંદનાદિ ક્રિયા નહિ; કેમકે ભાવથી વંદનાદિક્રિયા બનવા માટે અંતરમાં વંદનાદિ સાથે યોગદૃષ્ટિનો બોધ ભળવો જોઇએ; પરંતુ લાચાર કે આ બીજી તારાદૃષ્ટિનો પણ બોધ પહેલીના બોધની જેમ હજી એવો જોરદાર વીર્યવાન નથી કે જેમાંથી સ્થિર સંસ્કાર ઊભા થાય કે જે ધાર્મિક વંદનાદિ ક્રિયાકાળ સુધી પહોંચે, અને એ સંસ્કાર ઉદ્બુદ્ધ (જાગ્રત) થઇને એ ક્રિયાને બોધવાસિત કરે, બોધભીની કરે. અહીં બોધજનિત સંસ્કાર ન ટકે એમ કહ્યું, ત્યારે એક પ્રશ્ન થાય છે,-

પ્ર૦- તો શું યોગદૃષ્ટિઓના પ્રકાશ કાયમી ન રહે ?

ઉ૦- આમે ય સામાન્યથી પ્રકાશ યાને બોધ એના વિષય ફરવાથી ફરતા રહે છે. દિવાળીના સ્તવનમાં આવે છે,-

"જિહાં જેહવી વસ્તુ દેખીયે, તિહાં તેહવું જ્ઞાન રે;
પૂરવ જ્ઞાન વિપર્યયથી, હોયે ઉત્તર જ્ઞાન રે,...
'વીર મધુરી વાણી ભાખે."

અર્થાત્ જ્યાં ઇંદ્રિય કે મનને જેવી વસ્તુનો યોગ થાય, ત્યાં તેવું જ્ઞાન થાય છે. એ વખતે પૂર્વે થયેલ જ્ઞાનનો અભાવ થઇ જાય છે, અને આ ઉત્તર ક્ષણનું જ્ઞાન પ્રગટે છે. આ ય વળી બીજી વસ્તુનો યોગ થતાં નષ્ટ થાય અને નવું જ્ઞાન પ્રગટે.... છતાં તે તે જ્ઞાનના આત્મામાં સંસ્કાર પડે છે. એ દૃઢ હોય તો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરૂર પડે ત્યારે જાગ્રત્ થઇ તેવું સ્મરણ કરાવે.

સંસ્કારની દઢતાનો આધાર વીર્યવાન બોધ ઉપર છે. પહેલી બે યોગદષ્ટિઓના પ્રકાશ આત્માના એવા અલ્પવીર્યમાંથી પ્રગટેલા હોય છે કે એ પ્રબળ સંસ્કાર પેદા કરી શકતા નથી કે જે લાંબા ટકી શકે. એટલે જ્યારે વંદનાદિ ધર્મયોગમાં જીવ જોડાય ત્યારે એ સંસ્કાર ઊભા જ ન હોય, તેથી વંદનાદિયોગ સંસ્કારરૂપે યોગદષ્ટિ-પ્રકાશથી વાસિત નહિ હોવાથી, વંદનાદિ યોગ દ્રવ્યયોગરૂપ દ્રવ્યક્રિયારૂપ થાય છે, ભાવયોગરૂપ નહિ, ભાવવંદનાદિ ક્રિયારૂપ નહિ. આ સૂચવે છે કે કોઇ પણ ધર્મયોગ સધાય, ધર્મક્રિયા કરાય, એ અંતરની નિર્મળ યોગદષ્ટિના પ્રકાશથી ભાવિત કરીને કરવાની ચીવટ જોઇએ.

આમ તો આપણે અ-ચરમાવર્ત કાળમાં અનંતીવાર ધર્મયોગો સાધ્યા, ધર્મક્રિયાઓ કરી, યાવત્ તેમાં સાધુ-ચારિત્રના કઠિન પણ ધર્મયોગ ઉગ્રવિહાર-તપસ્યા વગેરે કરી, પરંતુ તેમાં નિર્મળ યોગદષ્ટિના પ્રકાશનું એક કિરણ પણ નહોતું, એ ધર્મયોગ યોગદષ્ટિના પ્રકાશથી ભાવિત યાને રંગાયેલા નહોતા, કિન્તુ મલિન ઓઘ-દષ્ટિના રંગથી અર્થાત્ મલિન ભવાભિનંદીપણાના રંગથી રંગાયેલા હતા. અહીં પૂછો,-

# ઓઘદષ્ટિથી રંગાયેલી ધર્મક્રિયા

પ્ર૦- ધર્મયોગ ધર્મક્રિયા ઓઘદષ્ટિથી રંગાયેલી અને યોગદષ્ટિથી રંગાયેલી, બેમાં શો ફરક ?

ઉ૦- ફરક આ, કે ઓઘદષ્ટિ યાને ભવાભિનંદીપણાના રંગથી રંગાયેલી ધર્મક્રિયામાં ક્રિયા પર પ્રીતિ ખરી, પરંતુ એમાં મુખ્ય પ્રીતિ તો પુદ્ગલ સાથે હોય, પૌદ્ગલિક વિષયો સાથે હોય. ધર્મક્રિયા આટલા માટે જ કરે, કે એનાથી ધારેલા દુન્યવી વિષયોની સિદ્ધિ થાય; દા.ત. ચારિત્ર સારી રીતે પાળ્યું, ચારિત્રની બધી ક્રિયાઓ સારી કરી, તો ભલે એમાં કષ્ટ સહ્યાં ખરાં, પરંતુ એમ સમજીને કે 'તે નરક-તિર્યંચ ગતિના દુઃખ-કષ્ટની અપેક્ષાએ મામુલી છે; અને તે પણ ગણતરીના ૨૫-૫૦ વરસનાં જ છે, ત્યારે એનાથી પછી સુખ મળે દેવતાઇ ! અને તેય અસંખ્યા વરસનાં મળે છે ! તો આ ભાવમાં ખોટું નથી.'- આમ મુખ્ય પ્રીતિ દુન્યવી વિષયોની યાને પૌદ્ગલિક સુખોની. આ તો પરલોકના સુખની પ્રીતિથી ધર્મક્રિયાની વાત થઇ.

## વિષયરાગથી ધર્મક્રિયા :-

એમ આ લોકના સુખની ય પ્રીતિથી ધર્મક્રિયા થાય તેય ઓઘદષ્ટિના રંગવાળી હોય; દા.ત. ''ચારિત્ર ધર્મ લઇ લઉં તો (૧) નિરાંતે ખાવાપીવા મળે; (૨) કશી રળવા-કમાવાની કે રસોઇ બનાવવા કરવાનીય ચિંતા નહિ, મજુરી નહિ. વળી સાધુ થઇએ એટલે (૩) લોકોમાં માનવંતુ સ્થાન, માન-સન્માન મળે ! મોટા શ્રીમંતોય હાથ જોડે, સત્કાર-સન્માન કરે! સાધુ થઇએ તો (૪) મોટા વ્યાખ્યાતા થવાય, તો (૫) હજારો લોકોના ગુરુ થઇએ; ને (૬) શિષ્યો બને એ જીવનભર વિનયપૂર્વક સેવા કરે. (૭) આચાર્ય થઇએ તો ગામે ગામ બોલબાલા થાય''- આ બધી આ લોકના દુન્યવી વિષયોની પ્રીતિથી ધર્મક્રિયાની વાત થઇ.

ચારિત્ર જ નહિ, પણ ગૃહસ્થપણાની ય દેવદર્શન-પૂજા વગેરે ધર્મક્રિયા પણ ઓઘદષ્ટિ રાખીને ઐહિક કામનાઓથી કરી, દા.ત. ''દેવદર્શન-પૂજા આદિ ધર્મક્રિયા સારી રીતે કરીએ તો ધર્માત્મામાં ખપીએ; તો વેપારમાં શાખ સારી પડે; ધર્મી કુટુંબોની કન્યાઓ આપણા દીકરાઓ વેરે આવે !'' એમ ''પૂજા પ્રતિક્રમણમાં જઇએ તો સારી પ્રભાવના મળે, નવપદઓળી-ઉપધાનતપનાં અનુષ્ઠાન વગેરેમાં જોડાઇએ તો સારી પ્રભાવનાઓ મળે, મંદિર ઉપાશ્રયમાં પૈસા આપીએ તો આપણો ફોટો મૂકાય, મકાન પર નામ ચડે, તકતી મૂકાય; ગામ-પરગામના લોકોમાં પ્રતિષ્ઠા જામે. પજુસણમાં સારો તપ કરીએ તો મોટી પ્રભાવના પારણાં મળે, લક્ષ્મીદેવીનું સ્વપ્નું લઇએ તો ઘરે લક્ષ્મીનો વરસાદ થાય, ઘોડિયા-પારણું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લઈએ તો ઘરે વહુને દીકરો જન્મી એનું ઘોડિયા-પારણું બંધાય.'' ...આમ વિષયરાગથી ધર્મક્રિયા થઈ.

**દ્વેષથી પણ ધર્મક્રિયા :-**

કેટલીકવાર ધર્મક્રિયામાં દ્વેષના વિષ્ય પણ આવે; દા.ત. કોઈએ સાધર્મિક જમણ આપ્યું અને જશ મળ્યો એ જાણીને મનને થયું કે 'એ વળી કયો મોટો, તે એવો જશ લઈ જાય ? હું એવું હાઈકલાસ જમણ આપું કે લોક એને ભૂલી જાય. લોકમાં એ મુફલીસમાં ખપે !' એમ કરી ઊંચી કક્ષાનું જમણ આપે એ સાધર્મિક-વાત્સલ્યની ક્રિયા ધર્મક્રિયા તો થઈ, પરંતુ પહેલા જમાડનાર ઉપરના દ્વેષથી થઈ. એમ, મોટું દેરાસર બંધાવે, કિન્તુ બીજાના દેરાસરને મુફલીસ ઠરાવવા બંધાવે ! એય દ્વેષથી ધર્મક્રિયા થઈ. એમ એ સાધુ થાય, પરંતુ પોતાને રોજ ઠપકારતા માબાપને બતાવી દેવા કે, ''આવો હવે ઠપકારવા ? તમારા સ્નેહી સંબંધી બધાય તમને કરડી ખાય કે, જુઓ આ છોકરો તમારો તો સારો હતો, એટલે સાધુ થઈ આજે સંઘમાં ફૂલે પૂજાય છે, તમે જ એવા ઝગડાખોર તે બિચારાની રોજ તાલ પાડતા હતા''- આવા મનમાં માતા પિતા પરના દ્વેષથી ચારિત્ર પાળે, સાધુક્રિયા કરે, એ દ્વેષથી ધર્મક્રિયા થઈ.

એમ બીજા વ્યાખ્યાતાઓને હલકા પાડવા પોતે આડી અવળી મહેનત કરી જોરદાર વ્યાખ્યાનો કરે; પાછો બીજા વ્યાખ્યાતાઓની એવી ઓઠકોઠ વાતો ચલાવે કે સહેજે લોકોને લાગે કે 'પેલા વ્યાખ્યાતાઓ કૂછ નહિ; દંભી નાટકિયા વ્યાખ્યાન કરનારા છે,' વળી લોકો બોલતા થાય, કે ''એ બીજા વ્યાખ્યાતાઓ શું ભણ્યા છે ? એમને શું આવડે છે ? આ વ્યાખ્યાનકાર ખૂબ ભણેલા, ખૂબ અનુભવી એ એમનાં વ્યાખ્યાનમાં દેખાઈ આવે છે.''- આમ પાછો લોકના મોંઢે બીજા વ્યાખ્યાતાઓની હલકાઈ સાંભળીને ખુશી થાય. ત્યાં કહેવાય કે એની પોતાની વ્યાખ્યાન-ક્રિયારૂપી ધર્મ-ક્રિયા એ દ્વેષથી ચાલી રહી છે. એટલે એ બધી ધર્મક્રિયા ભવાભિનંદીપણાના યાને ઓઘદૃષ્ટિના રંગથી રંગાયેલી કહેવાય.

સારાંશ, ઓઘદૃષ્ટિથી રંગાયેલી ધર્મક્રિયાઓમાં ધર્મયોગોમાં દૃષ્ટિ અને પ્રીતિ દુન્યવી વિષયો પર, કાયિક સુખો પર; પણ આત્માનો-આત્મહિતનો કશો વિચાર જ નહિ.

## યોગદૃષ્ટિથી રંગાયેલી ધર્મક્રિયા

ત્યારે **યોગદૃષ્ટિથી રંગાયેલ ધર્મક્રિયા** -ધર્મયોગોમાં દૃષ્ટિ આત્મા પર, પ્રીતિ આત્માનાં હિત ઉપર હોય. 'ધર્મ કેમ કરો છો ?' તો કે 'આત્માના હિત માટે, આત્મ-કલ્યાણ માટે,' એવો ઉદ્દેશ હોય. દુન્યવી વિષયની પ્રીતિથી નહિ, પણ આત્મોદ્ધારક ધર્મક્રિયાની પ્રીતિથી ધર્મક્રિયા કરે.

આમ છતાં યોગની પહેલી બે દૃષ્ટિનો બોધપ્રકાશ એવો મંદ છે કે એનાથી અલ્પકાલીન અને દુર્બલ સંસ્કાર ઊભા થાય છે, પણ એવા દીર્ઘજીવી અને જોરદાર સંસ્કાર ઊભા થાય છે, પણ એવા દીર્ઘજીવી અને જોરદાર સંસ્કાર ઊભા થતા નથી. એથી પરિસ્થિતિ એવી બને છે કે દેવ-ગુરુ વંદનાદિ ધર્મક્રિયા સાધતી વખતે યોગદૃષ્ટિના બોધ-પ્રકાશના એ અતિ અલ્પકાલીન અને દુર્બળ સંસ્કાર નષ્ટ હોવાથી ઉપયોગી થતા નથી, એટલે કે એનાથી દૃષ્ટિના ભાવનું સ્મરણ થતું નથી. તાત્પર્ય, યોગદૃષ્ટિનો બોધપ્રકાશ વંદનાદિ ધર્મયોગ વખતે ઉપસ્થિત થતો નથી, તેથી ભાવથી વંદનાદિનું કાર્ય થતું નથી; એટલે કે એ વંદનાદિ ભાવવંદનાદિ સ્વરૂપ બનતા નથી, કિન્તુ દ્રવ્યવંદનાદિ સ્વરૂપ રહે છે.

**ભાવવંદના માટે શું જોઈએ ? :-**

વંદના એ ભાવવંદના બનવા માટે એમાં આંતરિક વંદનાદિનો ભાવ આવવો જોઈએ. એ આવવા માટે વંદનાદિ ઉપર પહેલાં તો આંતરિક શુદ્ધ પ્રીતિ ઊભી થવી જોઈએ. એ કાર્ય યોગદૃષ્ટિના બોધ પ્રકાશથી થાય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**યોગદૃષ્ટિના બોધ-પ્રકાશથી ધર્મયોગની પ્રીતિ ઊભી થાય,**

પરંતુ પહેલી બે યોગદૃષ્ટિમાં પ્રકાશ એટલો બધો ચિરંજીવી નથી કે એ સાધનાપ્રયોગ સુધી પહોંચી વળે; તેમજ એ બોધપ્રકાશ એવો જોરદાર નથી કે જે એવી યોગ-પ્રીતિ ઊભી કરી શકે. અહીં પ્રશ્ન થાય,-

પ્ર૦- જો કહેવાય યોગદૃષ્ટિ અને યોગપ્રીતિ ઊભી ન કરી શકે તો એવી યોગદૃષ્ટિનું મહત્ત્વ શું રહ્યું ?

ઉ૦- યોગદૃષ્ટિનું મહત્ત્વ એ છે કે એણે ઓઘદૃષ્ટિ યાને ભવાભિનંદીદૃષ્ટિને અટકાવી દીધી છે. તેથી ઓઘદૃષ્ટિમાં ધર્મસાધના પણ જે કશી આત્મ-દૃષ્ટિથી નહિ કિંતુ માત્ર વિષયરાગથી કરાતી હતી તે હવે બંધ થઇ ગયું. હવે એ વિષયરાગથી ધર્મ કરવાનું બંધ થવા છતાં અને આત્મદૃષ્ટિ જાગવા છતાં, ધર્મયોગ પર શુદ્ધ પ્રીતિ થવા માટે પ્રબળ યોગદૃષ્ટિના બોધપ્રકાશની જરૂર રહે છે, અને તે બોધ પહેલી બે મિત્રા-તારા યોગદૃષ્ટિમાં એવો પ્રબળ હોતો નથી.

**(૩) બલાદૃષ્ટિ :-**

હવે ત્રીજી 'બલા' નામની દૃષ્ટિનો અલ્પ પરિચય આપતાં કહે છે,-

(ટીકા) बलायामप्येष काष्ठाग्निकणकल्पो विशिष्ट ईषदुक्तबोधद्वयात्, तद्भवतोऽत्रमनाक् स्थितिवीर्ये, अतः पटुप्राया स्मृतिरिह प्रयोगसमये, तद्भावे चार्थप्रयोगमात्रप्रीत्या यत्न लेशभावादिति ।

અર્થ :- બલાનામની દૃષ્ટિમાં પણ બોધ-પ્રકાશ કાષ્ઠના અગ્નિકણ જેવો હોય છે, પણ તે ઉક્ત બે બોધ કરતાં કાંઇક વિશિષ્ટ કોટિનો હોય છે, તેથી એમાં કાંઇક સ્થિરતા (ટકવાપણું) હોય છે, અને વીર્યશકિત હોય છે. એટલા માટે અહીં ક્રિયાપ્રયોગકાળે યોગદૃષ્ટિના બોધનું સાચું સ્મરણ-સંમીલન હોય છે. એ હોવાથી અહીં ધર્મક્રિયા માત્ર શુદ્ધ પ્રીતિથી થાય છે, એમાં કાંઇક શુદ્ધ સત્ ઉદ્યમ થાય છે.

**વિવેચન :-**

ઓઘદૃષ્ટિમાંથી જીવ બહાર નીકળ્યો, એટલે મન પર જે ઘેરો જડવિષયરાગ હતો, આત્માનું કશું ભાન નહિ, એના બદલે હવે આત્મા તરફ દૃષ્ટિ જાય છે, અને આગળ વિસ્તારથી ગ્રંથકાર પહેલી મિત્રાયોગદૃષ્ટિમાં જે અહિંસાદિ 'ધર્મ'ની સાધના કહેશે, તેની ઇચ્છા જાગે છે. વળી બીજી તારાદૃષ્ટિમાં શૌચ-સંતોષ-તપ-સ્વાધ્યાય-ઇશ્વરધ્યાન એ પાંચ 'નિયમ'ની સાધના પર દૃષ્ટિ જાય છે. પહેલી બે યોગદૃષ્ટિનો બોધ આનો પ્રકાશ ઊભો કરે છે, પરંતુ તે એવો વીર્યવાન પ્રકાશ નહિ, તેથી એના સંસ્કાર મંદ અને અલ્પજીવી હોવાથી વંદનાદિ ધર્મયોગ સાધવા વખતે એ નષ્ટ હોવાથી વંદનાદિ ધર્મયોગ એ બોધપ્રકાશથી રંગાયેલો ન હોય; એટલે એ શુદ્ધ યોગપ્રીતિથી ધર્માનુષ્ઠાનરૂપ નથી બનતો.

ત્યારે બલા નામની ત્રીજી યોગદૃષ્ટિમાં બોધ-પ્રકાશ કાષ્ઠના અગ્નિકણના પ્રકાશની માફક કાંઇક વીર્યવાન બળવાન હોય છે; તેથી એના સંસ્કાર પણ કાંઇક પ્રબળ અને કાંઇક ટકે એવા હોય છે, એટલે વંદનાદિ યોગ વખતે એ સંસ્કાર જાગ્રત્ થતાં, એ બોધથી વંદનાદિ-યોગમાં યોગ-પ્રીતિ પૂરે છે. તાત્પર્ય, બલાદૃષ્ટિના બોધ-પ્રકાશથી વંદનાદિ યોગ પ્રીતિપૂર્વક થાય છે, એટલે અહીં વંદનાદિનો પ્રયત્ન કાંઇક વ્યવસ્થિત ભલીવારવાળો પ્રયત્ન થાય છે.

વ્યવહારમાં પણ જોઇએ છીએ કે માણસને કોઇના પર પ્રેમ હોય અને એ આને કામ બતાવે, તો આ ભાઇ કામ કરશે એમાં કાંક ભલીવાર હશે. પણ જો પ્રેમ નહિ હોય તો કામ તો કરશે પણ ભલીવાર વિનાનું કરશે. અહીં ત્રીજી દૃષ્ટિમાં હવે વંદનાદિ ધર્મયોગ, કાંઇક વંદનાદિ પર પ્રીતિ થવાથી ભલીવારવાળો બને છે.

શાસ્ત્રકારો બીજી જગાએ અનુષ્ઠાનના જે ચાર પ્રકાર બતાવે છે, (૧) પ્રીતિ અનુષ્ઠાન, (૨) ભકિત અનુષ્ઠાન (૩) વચનાનુષ્ઠાન અને (૪) અસંગાનુષ્ઠાન, એમાંનું પહેલું જે પ્રીતિઅનુષ્ઠાન, એને અહીં ત્રીજી યોગદૃષ્ટિમાં સ્થાન મળે છે; અથવા કહો, પ્રીતિ અનુષ્ઠાન કરવા માટે ત્રીજી બલાદૃષ્ટિનો બોધ પ્રકાશ જોઇએ, અર્થાત્ જીવમાં બલાદૃષ્ટિ આવે એટલે પ્રીતિઅનુષ્ઠાન શરુ થાય. પ્રશ્ન ઊઠે,-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦- તો શું આ દૃષ્ટિ પૂર્વે ધર્માનુષ્ઠાન કરે એ પ્રીતિ વિના કરે છે ?

ઉ૦- અહીં બે વાત સમજવા જેવી છે,-

(૧) કોઈ દુન્યવી પૈસા વગેરેના જ લોભ-લાલચથી ધર્મક્રિયા કરે તે તો પૈસા વગેરેની પ્રીતિ-પ્રેમથી કરે છે. એમાં દેખાય એવું કે 'અહો ! કેટલા પ્રેમથી ધર્મ કરે છે !' પરંતુ વાસ્તવમાં અંદરખાને પૈસા આદિનો જ પ્રેમ છે, તેથી માત્ર એનાં એક સાધન તરીકે ધર્મક્રિયા કરે છે. જ્યાં એ ધન આદિની ધારેલી ઈચ્છા પૂરી થઇ, એટલે એ ધર્મક્રિયા છોડી દેવાનો. કારણ, મૂળમાં ધર્મનો પ્રેમ નહિ એટલે ધર્મ શી રીતે ટકે ?

(૨) બીજી વાત એ છે કે ધર્મક્રિયા કરવામાં એવો પૈસા વગેરેનો આશય ન પણ હોય, છતાં ધર્મક્રિયા કરે તેમાં એવો ઉત્સાહ ન હોય. દા.ત. પોતાને ઉપવાસ કરવાનું મન નહોતું પણ ઘરવાળાએ કહ્યું કે 'આ બધા આજુબાજુવાળા મોટું પર્વ હોવાથી ઉપવાસ કરે છે, તો તમે પણ કરો,' એમ પ્રેરણા મળી એટલે ઉપવાસ કર્યો; અલબત્ અહીં મલિન આશય નથી, પરંતુ સ્વતઃ રુચિથી ઉપવાસ નથી કર્યો તેથી ઉપવાસમાં એવો ઉત્સાહ-પ્રેમ ઉમળકો નહિ હોય. તો અહીં આ ઉપવાસ એ પ્રીતિ-અનુષ્ઠાન ન બને.

એમ ઘરના માણસ કહે 'જુઓ, ગામમાં મહારાજ સાહેબ પધાર્યા છે, આ બીજાઓ વંદના કરવા સુખશાતા પૂછવા જાય છે, તો તમે પણ જઈ આવો.'- આમ પ્રેરણા થવાથી ભાઈ જાય તો ખરા, વંદનાદિ કરે પણ ખરા, પરંતુ એમાં ઉત્સાહ નહિ; સ્વતઃ રુચિ નહિ, વંદનાદિનો શુદ્ધ પ્રેમ નહિ. તેથી આ વંદનાદિ યોગ યોગની ત્રીજી દૃષ્ટિના ઘરનો નહિ.

ત્રીજી બલાદૃષ્ટિના બોધપ્રકાશથી ધર્મયોગની શુદ્ધ પ્રીતિ થઈને ધર્મયોગ સધાય છે. એવો એ પ્રીતિ અનુષ્ઠાનરૂપ બને છે. અલબત્ આ પ્રીતિ એવી જોરદાર નથી કે જે ધર્મયોગના પ્રયત્નને જવલંત ઉત્સાહવાળો બનાવે. છતાં ધર્મયોગનો કાંઈક ઉત્સાહ તો છે જ.

હવે આગળ ૪ થી દીપ્રા દૃષ્ટિનો પરિચય આપતાં કહે છે,-

## (૪) દીપ્રા દૃષ્ટિ

(टीका) दीप्रायां त्वेष दीपप्रभातुल्यो विशिष्टतर उक्तबोधत्रयात्, अतोऽत्रोदग्रे स्थितिवीर्ये तत्पट्व्यपि प्रयोगसमये स्मृतिः -एवं भावतोऽप्यत्र द्रव्यप्रयोगो वन्दनादौ तथाभक्तितो यत्नभेदप्रवृत्तेरिति प्रथमगुण-स्थानकप्रकर्ष एतावानिति समयविदः ।

**અર્થ :** 'દીપ્રા' દૃષ્ટિમાં બોધપ્રકાશ દીપકના પ્રકાશસમાન હોય છે, એટલે પૂર્વના ત્રણ દૃષ્ટિના બોધપ્રકાશ કરતાં વિશિષ્ટ કોટિનો હોય છે. તેથી અહીં એનો (સંસ્કાર દ્વારા) ટકાવ અને તાકાત ઊંચા એટલે વંદનાદિ ક્રિયા વખતે એનું સ્મરણ પણ સારું રહે છે. એટલે વંદનાદિ ક્રિયામાં (શરીર-નમન અંજલિ આદિ) દ્રવ્ય પ્રયોગ ભાવથી પણ થાય છે. તેથી અહીં એનો પ્રયત્ન વિશેષ થાય છે તે ભકિતથી થાય છે, એટલે જ આટલો પ્રયત્ન એ પહેલા ગુણસ્થાનકનો (મિથ્યાત્વની અતિ મંદતાથી ગુણને લઈને) પ્રકર્ષ છે. એમ આગમવેત્તાઓ કહે છે.

### વિવેચન :

યોગની ચોથી દૃષ્ટિ 'દીપ્રા'માં દીપક જેવો બોધ-પ્રકાશ હોય છે. બલા દૃષ્ટિમાં યોગ-પ્રીતિ થઈ હતી પણ તે અલ્પ અને તેવા ફોર્સવાળી નહિ; કિન્તુ હવે જીવ ચોથી દૃષ્ટિમાં આવે એટલે બોધપ્રકાશ વધે છે, તેથી એના સંસ્કાર પણ વિશિષ્ટતર પડે છે. કેમકે દીપ્રા નામની યોગદૃષ્ટિમાં હવે કાષ્ઠના અગ્નિકણના પ્રકાશ કરતાં વિશિષ્ટ અર્થાત્ કેઈગુણા ઊંચા દીપકના પ્રકાશ જેવો બોધ-પ્રકાશ પ્રગટે છે. આ બોધ પૂર્વની દૃષ્ટિના બોધ કરતાં વિશિષ્ટ તેજસ્વી હોવાથી એના જે સંસ્કાર પડે છે એ પૂર્વની દૃષ્ટિઓના સંસ્કાર કરતાં અધિક ટકવાવાળા અને અધિક બળવાળા હોય છે; કેમકે બોધ-પ્રકાશ જોરદાર હોય ત્યાં એના સંસ્કાર પણ જોરદાર હોય, એમાં નવાઈ નથી; ને તેથી વંદનાદિ ક્રિયા વખતે યોગદૃષ્ટિનો બોધ-પ્રકાશ સારા સ્મરણરૂપે આવીને ઊભો રહે છે.

એ બોધપ્રકાશ વંદનાદિ-ક્રિયામાં વિશિષ્ટ પ્રીતિ જગાવનાર હોય છે, ભકિત જગાવે છે. દિલમાં ઉત્તમ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવના કરીને ખૂબ શ્રદ્ધા સાથે બોધ ઊભો કર્યો છે, એ દીવાના પ્રકાશની જેમ વસ્તુ-તત્ત્વનો પ્રકાશ કરનારો હોય છે. એના પ્રભાવે દેવના દર્શન-વંદન-પૂજન વગેરે ધર્મયોગ વખતે એ સંસ્કાર પેલા બોધનું સારું સ્મરણ કરાવે છે, તેથી શ્રદ્ધા-પ્રીતિ-ભક્તિ સાથે એ દર્શન-વંદન-પૂજન વગેરે ધર્મયોગ સધાય છે.

અલબત્ હજી સમ્યક્ત્વ નથી પ્રગટ થયું. મિથ્યાત્વ અવસ્થા છે, એટલે આ વંદનાદિ યોગ એ દ્રવ્ય-વંદનાદિ યોગ છે, ભાવવંદનાદિ યોગ નહિ, છતાં પણ આવાય વંદનાદિ યોગમાં પ્રયત્ન એટલા બધા શ્રદ્ધા-પ્રીતિ ઉપરાંત ભકિતના ભાવથી થયો હોય છે કે અહીં મિથ્યાત્વ-અવસ્થાનું પ્રથમ ગુણસ્થાનક પ્રકર્ષની પરાકાષ્ઠાએ પહોંચે છે. એટલે શ્રદ્ધા-પ્રીતિ-ભકિતના ભાવ સાથેનો વંદનાદિ પ્રયોગ એ પ્રથમ ગુણસ્થાનકનો પ્રકર્ષ છે, એમ આગમવેત્તા પુરુષો કહે છે.

આમ તો પહેલું ગુણસ્થાનક (ગુણઠાણું) મિથ્યાત્વ અવસ્થાનું હોવાથી દોષરૂપ કહેવાય; પરંતુ એમાં ય મિથ્યાત્વને મંદ મંદ કરાતું જવાય, એટલે આત્મામાં ગુણ પ્રગટ થાય છે.

પ્ર૦- શું મિથ્યાત્વ આત્માનું કર્યું મંદ થાય છે ?

ઉ૦- હા, સામાન્યથી જીવને પોતાની મિથ્યા માન્યતાઓમાં પકડ કદાગ્રહ હોય છે, પરંતુ જો એવા સમ્યક્તત્ત્વનું શ્રવણ મળે, તો ત્યાં એનાં પર વિચાર કરી પોતાની માન્યતાનો કદાગ્રહ છોડી શકે છે.

### કોઈ વાતનો કદાગ્રહ રાખવો કે ન રાખવો એ જીવની પોતાની મુનસફીની વાત છે.

ત્યારે અહીં જીવ સદ્ગુરુયોગ અને સારું શ્રવણ મળતાં મિથ્યાત્વ મંદ પડવાથી ભાવના કરે છે કે ''આ કહે છે એ ઠીક લાગે છે, તો પછી હું માનું છું તે સાચું જ હોય એમ કહેવાય નહિ. વળી બીજા ધર્મવાળા બીજી રીતે ય કહે છે, તો પછી અંતિમ સત્ય શું ?

**'શાસ્ત્ર ઘણાં મતિ થોડલી,**
**ન કરે જૂઠ-ડફાણ.'**

જગતમાં શાસ્ત્રો ઘણાં છે, જુદા જુદા દર્શનનાં શાસ્ત્રો જુદી જુદી વાત કરે છે, અને એમાં કઇ વાત સાચી, કઇ ખોટી, એ તારવવા મારી બુદ્ધિ ટૂંકી પડે છે. એટલી બધી મારી મતિ અલ્પ છે. તો હમણાં એકેય દર્શનની વાતનો યાવત્ આપણા દર્શનની વાતનો યાવત્ આપણા દર્શનની માન્યતાનોય આગ્રહ રાખવાની જરૂર નથી, કોઇ મફતિયાં જૂઠ-ડફાણ કરવાની જરૂર નથી, મધ્યસ્થ રહી કાળ પસાર કરો. છેવટે સંયોગ બનતાં સત્ય સમજાઇ જશે.''

આમ અત્યાર સુધી મિથ્યામત માન્યતાની પકડ રાખી સત્યમત પર દ્વેષ હતો તે હવે મિથ્યાત્વ મંદ પડવાથી ઓસરી ગયો. એટલો ગુણ પ્રગટ થયો કહેવાય, અને એ ગુણને અનુલક્ષીને જ મિથ્યાત્વ-અવસ્થાને જૈન શાસ્ત્રકારોએ દોષસ્થાનક નહિ, પણ ગુણસ્થાનક કહ્યું. 'દીપ્રા' દૃષ્ટિ એ સમ્યક્ત્વના ઘરની 'સ્થિરા'- યોગદૃષ્ટિની પૂર્વની અતિ નિકટની મિથ્યાત્વ અવસ્થાની યોગદૃષ્ટિ છે. એ મિથ્યાત્વ અવસ્થાની યોગદૃષ્ટિ છે. એ મિથ્યાત્વના અત્યન્ત અલ્પ જોરવાળી હોય છે, એટલો બધો એમાં દીવાના પ્રકાશ જેવો બોધ-પ્રકાશ હોય છે; અને એના સુખદ સંસ્કારના બળે, વંદનાદિ-યોગ સાધવાના આવે ત્યારે, એ શ્રદ્ધા-પ્રીતિ-ભકિતપૂર્વક સધાય છે.

પૂર્વે ત્રીજી દૃષ્ટિમાં ચાર પ્રકારનાં અનુષ્ઠાન પૈકી પહેલા પ્રીતિ-અનુષ્ઠાનની વાત કરી હતી, અહીં દ્વિતીય ભકિત-અનુષ્ઠાનને ચોથી દૃષ્ટિના બોધમાં અવકાશ મળે છે. પૂછો,-

### પ્ર૦- પ્રીતિ અને ભકિત વચ્ચે શો ફરક ?

ઉ૦- પ્રીતિ એ પ્રેમ છે; પરંતુ એમાં પ્રેમપાત્ર ઉપર હૃદયનું બહુમાન જાગે, એના પર પૂજ્યભાવ ઉભરાય, ત્યારે એ પ્રીતિ ભકિતરૂપ બને છે.

વ્યાવહારિક દાખલો જોઇએ, -

માણસને પત્ની પર પ્રીતિ હોય છે, અને માતા પર ભકિત હોય છે. પત્ની પર એને કાંઇ પૂજ્યભાવ નથી હોતો, છતાં પ્રેમભાવ એવો હોય છે કે પત્નીનાં કાર્ય હોંશે હોંશે કરે છે. હવે માતા પર તો એ સુપુત્રને પ્રેમ ઉપરાંત બહુમાન પણ છે, પૂજ્યભાવ છે, તેથી એ પ્રેમ ભકિતના ઘરનો કહેવાય છે. એટલે ભકિત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એય પ્રેમ છે, પણ ઊંચી કક્ષાનો પ્રેમ; તેથી પ્રેમના કાર્ય કરતાં ભક્તિનાં કાર્ય ઊંચા હોય છે. દા.ત.

પત્ની કહેશે 'બજારમાંથી કપડું લેતા આવજો,' અને માતા પણ કપડું લાવવાનું કહે, ત્યારે કપડાની ખરીદી વખતે જોવામાં ભેદ પડશે. પત્ની માટે કપડું સારું છે ને ? એ જોશે, પરંતુ માતા માટે કપડું લેવામાં 'વિશેષ સારું છે ને ?' એ જોશે. એમ પાણી પાવાનું હશે તો પત્નીને પ્રેમથી પાણી પાશે, પરંતુ માતાને વિશેષ આદર અને કાળજીથી પાણી પાશે; પત્નીને સામાન્ય પવાલાથીય પાણી પાઇ દેશે, પણ માતાને વિશેષ સારા પવાલામાં પાણી લઇ માતાને ખૂબ માનથી પવાલો આપશે; અને કદાચ કહેશે 'સારું કર્યું મા ! મને આટલી સેવાનો લાભ આપ્યો.' શું આ ? પ્રેમ ઉપરાંત ભક્તિનો પ્રકાર.

બસ, વંદનાદિ ક્રિયા કરાય, તે ત્રીજી યોગદૃષ્ટિમાં પ્રીતિથી કરાય છે, અને ચોથી યોગદૃષ્ટિમાં ભક્તિથી કરવામાં આવે છે. ધર્મક્રિયા-ધર્મયોગ પર આપણને આવી શુદ્ધ પ્રીતિભક્તિ આવી હોય તો આપણે આશ્વાસન લઇ શકીએ કે 'મારે યોગની ત્રીજી-ચોથી દૃષ્ટિ આવી હશે.'

પરંતુ જોજો, આટલા માત્રથી ત્રીજી-ચોથી યોગદૃષ્ટિમાં આવ્યાનો વિશ્વાસ નથી ધરવાનો; કિન્તુ આગળ યોગદૃષ્ટિઓનાં વિસ્તારથી વર્ણન ચાલશે ત્યાં એ દરેકનાં જે સ્વરૂપ, જે લક્ષણ, જે ગુણ અને જે દોષત્યાગ વગેરે બતાવવામાં આવશે, એ પણ આપણામાં આવ્યા છે ને ? એ જોવું જોઇશે; અને ન આવ્યાં હોય તો નિરાશ થવાની જરૂર નથી પરંતુ એટલું જાણવા મળ્યા પછી આપણને કર્તવ્ય-રાહ સૂઝશે કે 'તો પછી મારે હવે શું શું કરવું જોઇએ ?' અને એ સૂઝયા પછી એ લક્ષણ ગુણ વગેરે માટે પ્રયત્ન પુરુષાર્થ સુલભ બનવાનો.

બાકી દીવાના પ્રકાશ જેવો ચોથી દીપ્રા દૃષ્ટિમાં બોધ-પ્રકાશ એટલો બધો તેજસ્વી હોય છે કે આગળ કહેવાના છે કે અહીં જીવને ધર્મની મમતા પ્રાણ કરતાં પણ અધિક ઊભી થાય છે. એટલે અહીં એ ધર્મ માટે જરૂર પડયે પ્રાણ છોડવા તૈયાર હોય છે, પણ પ્રાણ બચાવવા માટે ધર્મ છોડવા તૈયાર નહિ. આમ છતાં અહીં એને સર્વજ્ઞ ભગવાનનું શાસન નથી મળ્યું એટલે તત્ત્વોમાં વાસ્તવિક હેય પદાર્થો કયા અને ઉપાદેય કયા, એ વિવેક નથી પ્રગટયો. એ હેય-ઉપાદેયનો પ્રકાશ સર્વ સમસ્ત અતીન્દ્રિય પદાર્થના દ્રષ્ટા અનંતજ્ઞાની વિના બીજું કોણ આપી શકે ? અહીં ભલે અતિ મંદમાં મંદ,પણ મિથ્યાત્વ અવસ્થા હોવાથી આ ખરેખર હેય-ઉપાદેયનો વિવેક નથી મળ્યો, છતાં આત્મદશા સમ્યક્ત્વ પ્રાપ્તિની અતિ નજીકની અવસ્થા હોવાથી ઉત્તમ પ્રકારની હોય છે.

## (૫) સ્થિરાદૃષ્ટિ

(टीका-) स्थिरा तु भिन्नग्रन्थेरेव भवति तद्बोधो रत्नप्रभासमान स्तद्भावाऽप्रतिपाति प्रवर्धमानो निरपायो नापरपरितापकृत् परितोषहेतुः प्रायेण प्रणिधानादियोनिरिति ।

અર્થ : સ્થિરા દૃષ્ટિ તો ગ્રંથિ ભેદ કર્યો હોય એને જ હોય છે. એનો બોધ રત્નના પ્રકાશ જેવો હોય છે. એ બોધભાવ અપ્રતિપાતી (અપતનશીલ), વધતો જ જતો, કોઇ જાતના અપાય વિનાનો, બીજાને સંતાપ નહિ કરાવનારો, નિર્દોષ આનંદકારી, અને પ્રાયઃ પ્રણિધાન-પ્રવૃત્તિ આદિનું બીજભૂત હોય છે.

### વિવેચન :-

આત્મામાં યોગદૃષ્ટિનો જેમ જેમ વિકાસ થતો જાય છે, તેમ તેમ એનામાં બોધપ્રકાશ વધતો આવે છે. તે વધીને ચોથી 'દીપ્રા' યોગદૃષ્ટિમાં દીવાના પ્રકાશ જેવો બોધ બને છે; ત્યારે પાંચમી સ્થિરા દૃષ્ટિમાં અંધારામાં અજવાળું કરે એવા ઝગમગતા 'રત્નની પ્રભા' -રત્નના પ્રકાશ જેવો બોધપ્રકાશ હોય છે. દીપક અને રત્ન વચ્ચે કેવો ફરક ? દીપકને તેલ જોઇએ, વાટ જોઇએ, બહુ પવન ઝપાટા ન જોઇએ, તેલ ખૂટે તો દીપક ઓલવાઇ જાય, ત્યારે રત્નને એ તેલ-વાટની કશી જરૂર નહિ; છતાં એનો નિત્ય પ્રકાશ ! પવન-ઝપાટા એને કશું કરી શકે નહિ, એનો પ્રકાશ બંધ ન પડે. માટે એ 'અપ્રતિપાતિ'

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થાત્ અવિનાશી હોય છે. આ સમ્યક્ત્વ-અવસ્થાની યોગદૃષ્ટિનો બોધ-પ્રકાશ હોય છે. ત્યારે પ્રશ્ન થાય,-

પ્ર૦- ચોથી યોગદૃષ્ટિમાં ધર્મની મમતા તો જબરદસ્ત લાગેલી છે, તેથી વૈરાગ્ય જવલંત હોય છે, પછી એમાં આવો અપ્રતિપાતી-અવિનાશી બોધ-પ્રકાશ કેમ નહિ ?

ઉ૦- એનું કારણ એ છે કે એ આત્માએ વૈરાગ્ય તો ઊંચો કેળવ્યો, ધર્મની ઊંચી, પ્રાણ કરતાં પણ વધારે મમતા કેળવી, છતાં એણે ગ્રંથિભેદ નથી કર્યો. 'ગ્રંથિ' એટલે કે અતત્ત્વની મમતા કરાવે, ને સર્વજ્ઞ-કથિત તત્ત્વની મમતા ન જાગવા દે, એવી વાંસની ગાંઠ જેવી રાગદ્વેષની દુર્ભેદ્ય ગાંઠ. એ એણે હજી ભેદી નથી, તોડી નથી. અર્થાત્ એ હજી અભિન્નગ્રંથિક જીવ છે; તેથી એનો બોધ-પ્રકાશ દીપકની પ્રભા જેવો પ્રતિપાતી-નાશવંત હોય છે. ત્યારે ગ્રંથિ ભેદી નાખી જે ભિન્ન-ગ્રંથિક જીવ બન્યો એને સમ્યક્ત્વ પ્રાપ્ત થવાથી રત્નના પ્રકાશ જેવો નિત્ય બોધપ્રકાશ પ્રાપ્ત થાય છે.

અહીં જીવને સર્વજ્ઞવચનની પ્રાપ્તિ થાય છે, એને જિનવચન પર અવિહડ શ્રદ્ધા પ્રાપ્ત થાય છે, એટલે સર્વજ્ઞ-વચને બતાવેલ હેય અને ઉપાદેય તત્ત્વોનો સાચો વિવેક પ્રગટે છે.

**જીવનમાં આત્માની અવનતિના પંથ બંધ કરવા, અને ઉન્નતિના રાહે કદમ કદમ આગળ વધવા માટે પહેલું જરૂરી આ છે કે 'જીવનમાં હેય-ત્યાજય શું ? અને ઉપાદેય-આદરણીય શું ?' એનો વિવેક જગાડવો.**

સર્વજ્ઞ-કથિત હેય-ઉપાદેયનો વિવેક અંતરાત્મામાં બેસી જાય પછી તો ઉપરનો ઉદય-પુરુષાર્થ સરળ બને છે. પાંચમી સ્થિરા દૃષ્ટિનો બોધ-પ્રકાશ એવો પ્રગટે છે કે આ વિવેક જાગેલા જીવનની એક કાયમી મૂડીરૂપ બની જાય છે ! તેથી આ દૃષ્ટિના બોધ-પ્રકાશને 'અપ્રતિપાતી' અપતનશીલ અવિનાશી કહે છે.

વળી એ બોધપ્રકાશ 'વર્ધમાન' યાને વધતો રહે છે. એનું કારણ સ્પષ્ટ છે. સર્વજ્ઞવચન પર શ્રદ્ધા આવી ગઇ એટલે મનને નિશ્ચિત છે કે 'સર્વજ્ઞ-વચન ત્રિકાળ માટે ટંકશાળી સત્ય છે, એટલે સર્વજ્ઞ પ્રભુએ કહેલા હેય-ઉપાદેય તત્ત્વોમાં ત્રિકાળ માટે મીન મેખ ફરક પડે એમ નથી.' તેથી એ હેયઉપાદેય તરફ ત્યાગ-આદરની અનુરૂપ આંતર પરિણતિ એને વિકસાવે જ જવી છે, તે ત્યાં સુધી કે પોતે સર્વથા હેય-ત્યાગ અને ઉપાદેય-આદરની પ્રવૃતિએ પહોંચી જાય, તે યાવત્ હેયત્યાગની ચરમસીમા રાગાદિના સંપૂર્ણ નાશ યાને વીતરાગભાવ સુધી પહોંચી જાય. એમ ઉપાદેય આદરની ચરમસીમા પરમાત્મા સાથે અભેદભાવ સુધી પહોંચી જાય. આવી મનની ધગશ હોય, એટલે સ્વાભાવિક છે કે એનો સ્થિરાદૃષ્ટિનો બોધ-પ્રકાશ એ વધતો જ રાખે.

**નિરપાય** :- વળી, એ બોધપ્રકાશ 'નિરપાય' છે, અર્થાત્ કોઇ જાતના અપાય વિનાનો છે. 'નિરપાય' એટલે કે અપાય-અનર્થ રહિત. સમ્યગ્દર્શનવાળી આ સ્થિરાદૃષ્ટિના બોધ-પ્રકાશનો એ પ્રભાવ છે કે આત્માને એ દુર્ગતિ આદિ અનર્થમાં ન પડવા દે. આગમ-શાસ્ત્ર પણ કહે છે 'સમયગ્દર્શની મનુષ્ય કે તિર્યંચ આયુષ્ય બાંધે તો ઓછામાં ઓછું વૈમાનિક દેવલોકનું બાંધે,' તો પછી સમ્યગદર્શની શ્રેણિક મહારાજા કેમ નરકમાં ગયા ?' એનો ખુલાસો ગ્રંથકાર આગળ કરવાના છે. બાકી વાત તો સાચી જ છે કે જો રત્ન-પ્રકાશ જેવા આ નિર્મળ બોધ-પ્રકાશ નિર્મળ અધ્યવસાયવાળાને સંસારના અનર્થ આવે તો મલિન બોધવાળા કરતાં એનામાં શી વિશેષતા રહી ? અનર્થો લાવનાર મલિન અધ્યવસાય છે, નિર્મળ અધ્યવસાય નહિ. પછી આત્માએ નિર્મળ અધ્યવસાયનો ભવ્ય પુરુષાર્થ કર્યા પછી શાના અનર્થોના ભોગ બનવાનું હોય ? બને જ નહિ. માટે કહ્યું આ સ્થિરાદૃષ્ટિનો રત્નસમ બોધપ્રકાશ નિરપાય છે, અનર્થ રહિત છે.

**અ-પરપરિતાપકૃત** :- વળી આ બોધ પ્રકાશ 'અ-પરપરિતાપકૃત્' હોય છે, અર્થાત્ પરને પરિતાપ-સંતાપ કરનાર નથી હોતો. સ્થિરાદૃષ્ટિ એ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમ્યગ્ દૃષ્ટિ છે. એનામાં નયવિવેક છે, એટલે એક નયનો આગ્રહ પકડી કોઇ વાદવિવાદ કરવા આવે તો એને બીજા નયની દૃષ્ટિ બતાવી વિચાર કરવા કહેશે. પરંતુ સીધું જ 'તું ખોટો છે' એમ નહિ કહે કે જેથી એના મનને સંતાપ થાય.

જૈન દર્શનકારોએ આ નીતિ અપનાવી છે, મિથ્યાદર્શનોની સમીક્ષા કરતાં પહેલાં તો એના પૂર્વપક્ષ અર્થાત્ એની માન્યતાઓ, એના પોષક તર્ક-યુકિત સાથે રજુ કરી છે, જેથી એને લાગે કે 'આ અમારા મતને ન્યાય આપે છે;' પછી એને બીજા નયથી વિચાર કરવાનો બતાવી બીજા નયે પ્રાપ્ત થતા ધર્મોનું સચોટ પ્રતિપાદન કર્યું છે. સામો જો કેવળ તત્ત્વ-જિજ્ઞાસુ અને તત્ત્વ-જિઘૃક્ષુ (તત્ત્વગ્રહણ કરવાની ઈચ્છાવાળો) હોય તો 'હાય ! મારા માનેલાનું ખંડન થયું ?' એમ સંતાપ ન કરતાં ઉભયનય-પ્રાપ્ત ધર્મોના આનંદથી સ્વીકાર કરશે. પૂછો,-

**ખોટું માનનારને સાચું કહેનારો દુઃખકારી છે ? :-**

પ્ર૦- પણ જે એ સ્વીકાર ન કરે એને તો જૈન દર્શનકારે કરેલ ખંડન સંતાપકૃત્ બને ને ?

ઉ૦- અહીં ખાસ સમજવાનું છે કે આમાં સાચી વાતથી થતા ખોટી વાતના ખંડન પર સંતાપ થાય છે. એ ખંડનના લીધે નહિ, પણ પોતાના તીવ્ર મિથ્યાત્વના મોહનીયના કારણે થાય છે, પોતાની આપમતિ અને અભિમાનના કારણે થાય છે, શરીરમાં તાવ હોય ને કોઇ ખીર પીવરાવે એ અરુચિકર લાગી મોં બગડે છે, ત્યાં શું ખીરના કારણે મોં બગડયું ? ના, તાવના લીધે ખીર રુચિકર ન લાગી ને મોં બગડયું. એમ અહીં તીવ્ર મિથ્યાત્વાદિના પ્રતાપે સાચી વાત પસંદ ન પડી, સંતાપ થયો.

**સંતાપ કરાવનાર પોતાનું મિથ્યાત્વ છે, પરંતુ સાચી વાતનું કથન નહિ.**

**પરિતોષહેતુ :-** સ્થિરા દૃષ્ટિનો બોધ 'પરિતોષ-હેતુ' એટલે કે નિર્મળ આનંદનું કારણ છે. પૂર્વે કહ્યું તેમ પોતાના નયગર્ભિત બોધના અનુસારે યુકિતયુકત તત્ત્વ રજુ કરતાં, સામો જો તીવ્ર મિથ્યાત્વવાળો હોય, મધ્યસ્થભાવ સરળભાવવાળો હોય, તો તે નયવિશેષ-અપેક્ષા વિશેષથી રજુ થતાં તત્ત્વને યુકિતયુકત માની નવું સત્ય જાણવા મળ્યાની પ્રસન્નતા અનુભવશે. ત્યારે આ સ્થિરાદૃષ્ટિના બોધ-પ્રકાશવાળાને પોતાને તો પરમ આનંદ ભારે પ્રસન્નતા હોય એમાં નવાઇ નથી. કેમકે આ સ્થિરાદૃષ્ટિનો બોધ જ એવો છે કે જ્યાં વિષયોના તીવ્ર રાગદ્વેષ શમી ગયા હોય છે. એથી ભારે પ્રસન્નતા ઊભી થાય જ. મિથ્યાત્વના ગાઢ અંધકારમાંથી સમ્યગ્દર્શનના મહાન ઉજાસમાં આવતાં આનંદ ન થાય ? રાત્રિના અંધકાર પછી સૂર્યનો ઉજાસ મળતાં લોકને કેટલો બધો આનંદ થાય છે ! હા, માત્ર ચોર ઘુવડ અને એદી ઊંઘણશીને આનંદ ન થાય એ બને. પરંતુ તે તો ચોરની બૂરી દાનત, યા ઘુવડની અંધકાર-પ્રિયતા, અને એદીના હરામહાડકાપણાને લઇને બને છે. બાકી ઉજાસ તો આનંદકારી જ કહેવાય.

સ્થિરાદૃષ્ટિના બોધવાળાને જે સમ્યગ્દર્શન મળ્યું છે એની પ્રાપ્તિમાં શાસ્ત્ર અપૂર્વ અવર્ણનીય આનંદ થવાનું કહે છે; કેમકે એ બોધ પ્રકાશથી અનંત અનંત કાળના કુમતિના અંધારાં ઉલેચાયાં છે. કુમતિ ટળીને સુમતિ મળ્યાનો આનંદ તો સુમતિ પ્રાપ્ત કરનાર જ અનુભવી શકે. તદ્દન ભિખારીપણામાંથી મોટી શ્રીમંતાઇ મળ્યાનો આનંદ બીજા ભિખારીને શી રીતે સમજાય ? મહારોગમાંથી કલ્પના બહારનું નીરોગીપણું મળ્યાનો આનંદ રોગિષ્ઠને શે સમજાય ? સારાંશ, સ્થિરાદૃષ્ટિનો બોધ-પ્રકાશ પોતાને મહાન તોષ-આનંદ-પ્રસન્નતા આપનારો બને છે, તે અવસરે બીજાને પણ અપેક્ષા વિશેષથી સંગત થતું તત્ત્વ સમજાવવા દ્વારા એનેય આનંદ આપનારો બને છે. છેલ્લે કહે છે, સ્થિરાદૃષ્ટિનો બોધપ્રકાશ 'પ્રાયઃ પ્રણિધાનાદિયોનિ' **અર્થાત્ પ્રણિધાનાદિ પાંચ આશયનું કારણ બને છે.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રણિધાનાદિ ૫ આશય

આ જ શાસ્ત્રકાર મહર્ષિએ શ્રી 'ષોડશક' શાસ્ત્રમાં કોઈપણ અહિંસાદિ ધર્મ યા ક્ષમાદિ ગુણ આત્મસાત્ થવામાં જરૂરી આ પાંચ પ્રકારના આશયનો ક્રમ બતાવ્યો છે,-

૧. પ્રણિધાન
૨. પ્રવૃત્તિ
૩. વિઘ્નજય
૪. સિદ્ધિ
૫. વિનિયોગ

### 'આશય' શબ્દનો અર્થ :-

આ પાંચ આશય એ આત્માના એકએકથી ચઢિયાતા પરિણામ છે; પરંતુ એને પરિણામ ન કહેતાં 'આશય' કહેવાનું કારણ એ છે કે 'પરિણામ' શબ્દ વ્યાપક છે, આત્માના અનેકાનેક પ્રકારના ભાવમાં પરિણમનને પરિણામ કહેવાય છે. એમાંથી અહીં આશય તરીકે આત્મામાં થતા ઉત્તરોત્તર સંસ્કરણના પરિણામ લેવા છે; અને આશય શબ્દનો અર્થ સંસ્કાર પણ થાય છે. બીજા શાસ્ત્રોમાં એની આ રીતે વ્યુત્પત્તિ કરી છે,- आ=समन्तात् शेते अस्मिन् इति आशयः અર્થાત્ જેમાં બોધાદિ સંપૂર્ણપણે શયન કરે છે તેનું નામ આશય, અર્થાત્ સંસ્કાર. તો જે કોઈ જ્ઞાન-અનુભવ થાય છે, એ કાંઈ પછીથી ચાલ્યા કરતો નથી. એક વસ્તુના જ્ઞાન પછી બીજી વસ્તુનું જ્ઞાન થતાં મન એનો અનુભવ કરે છે, ત્યાં પૂર્વનો જ્ઞાન-અનુભવ લુપ્ત થઈ જાય છે. છતાં એ પૂર્વનું જ્ઞાન થયું ત્યારે એનો આત્મામાં સંસ્કાર ઊભો થયો છે. આ સંસ્કાર આબેહુબ જ્ઞાન જેવો યાને જ્ઞાનના આકારનો જ હોય છે, અર્થાત્ એ સંસ્કારમાં જ્ઞાનના વિષયનું સંપૂર્ણ પ્રતિબિંબ પડે છે, એટલે કહેવાય કે જ્ઞાને સંસ્કારોમાં સંપૂર્ણ શયન કર્યું. એટલે તો જયારે સંસ્કાર જાગ્રત્ થઈને સ્મરણ થાય છે ત્યારે જાણે પૂર્વનું જ્ઞાન આખે આખું આબેહુબ આવીને ઊભું રહ્યું ! એમ લાગે છે.

દા.ત. કોઈ તીર્થની યાત્રાએ ગયા, ને ત્યાં પ્રભુનાં ધારીને ધ્યાનપૂર્વક દર્શન કર્યા, એટલે પ્રભુનું પ્રત્યક્ષ જ્ઞાન થયું કહેવાય. એના અંતરાત્મામાં સંસ્કાર પડયા. પછી તો પ્રભુદર્શન બાદ બીજું જોવામાં પડયા એટલે પેલું પ્રભુપ્રત્યક્ષજ્ઞાન ગયું, પરંતુ સંસ્કાર સારા પડેલા ઊભા રહ્યા છે એટલે રૂમ પર આવો ત્યાં, કે ઘરે જાઓ ત્યાં, પ્રભુનું આખેઆખું આબેહુબ સ્મરણ થાય છે. શાથી ? પેલું પ્રત્યક્ષ જ્ઞાન એના સંસ્કારમાં સૂઈ રહેલું છે, સંસ્કારમાં ઊતરી ગયું છે. આમ જ્ઞાનનું સંસ્કારમાં શયન છે. તેથી સંસ્કારને આશય કહેવાય.

અહીં એટલે જ પ્રણિધાનાદિ પાંચને આશય કહ્યા છે, કેમકે એ પ્રણિધાનાદિ કરીને એને સંસ્કારરૂપે આત્મામાં સ્થાપિત કરવાના છે, વારંવારના પ્રણિધાનાદિથી એના સંસ્કાર દૃઢ-દૃઢતર કરવાના છે. એમાં પ્રથમ પ્રણિધાનાદિના સંસ્કાર જાગ્રત થઈને દ્વિતીય પ્રણિધાનાદિને વધુ બળવાન ઊભા કરે છે; તેથી એના સંસ્કાર પણ વધુ બળવાન ઊભા થાય છે. એનાથી વળી તૃતીય પ્રણિધાનાદિ વધુ વીર્યવાન એટલે એના સંસ્કાર પણ વધુ બળવાન વધુ દૃઢ ઊભા થાય છે. તાત્પર્ય, પ્રણિધાનાદિને સંસ્કારરૂપે દૃઢતર કરવાના છે, માટે એને 'આશય' કહેવાય છે. એનાથી આત્મામાં સંસ્કરણ વધતું જાય છે.

### પ્રણિધાનાદિનો સામાન્ય પરિચય :-

**(૧) પ્રણિધાન :-**

'પ્રણિધાન' એટલે કે જે અહિંસાદિ યા ક્ષમાદિ યા જિનભકિત આદિની સાધના કરવી છે, એમાં પ્રકર્ષેણ મનનું નિધાન-સ્થાપન, અર્થાત્ મન એમાં અર્પિત કરી દેવાય એનું નામ પ્રણિધાન. અન્યત્ર પ્રણિધાનનું આ લક્ષણ કહ્યું છે.

### પ્રણિધાનનું શાસ્ત્રીય લક્ષણ :

विशुद्धभावनासारं तदर्थार्पितमानसम् ।
यथाशक्तिक्रियालिंगं प्रणिधानं जगौ मुनिः ॥

અર્થાત્ વિશુદ્ધ ભાવનાથી સમર્પિત, અને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યથાશક્તિ ક્રિયાથી સુલક્ષિત, તે તે પદાર્થમાં અર્પિત-સમર્પિત મન એ પ્રણિધાન છે;- એમ ગણધર મહારાજે કહ્યું છે. સારાંશ, સાધનામાં મનનું સમર્પણ, મનની એકાગ્રતા, મન આના સિવાય બીજા કશામાં જાય નહિ, એ પ્રણિધાન છે. પરંતુ તે શુષ્ક એકાગ્રતા નહિ, કિન્તુ વિશુદ્ધ ભાવનાભરી એકાગ્રતા જોઇએ. દા.ત. પ્રભુદર્શન કરતાં મન પ્રભુમાં ચોંટાડયું એકાગ્ર કર્યું, પણ સાથે હૈયામાં પ્રભુ પ્રત્યે સુંદર ભક્તિભાવ ઊછળે એવી ભક્તિ-ભાવના કરવા સાથે મન પ્રભુમાં લગાવવાનું. એમ નવકારવાળી જાપ કરતાં મન એના પદમાં લગાવ્યું એટલું જ પ્રણિધાન નહિ, પરંતુ શુષ્ક દિલથી નહિ કિન્તુ હૈયામાં વિશુદ્ધ ભાવના ઉલ્લસાવવા સાથે મન જાપના પદમાં એકાગ્ર કરવાનું, અર્પિત કરવાનું, તે પ્રણિધાન.

આમ, દરેક સાધનામાં આ પ્રણિધાન પહેલું જોઇએ, મન એમાં અર્પિત કરી દેવું જોઇએ, તો જ એ સાધના સાધનાના સ્વરૂપમાં આવે. રખડતા મનથી યા શુષ્ક દિલથી સાધનામાં ભલીવાર નહિ. એવી સાધનાના આત્મામાં સુસંસ્કાર ન પડે. આજે ફરિયાદ છે ને, કે

પ્ર૦- દર્શન-ચૈત્યવંદન-જાપ વગેરે કરતાં એવી એકાગ્રતા અને એવા ભાવ કેમ નથી ઊછળતા ?

ઉ૦- પૂર્વનાં દર્શન-વંદન-જાપ પ્રણિધાનપૂર્વક નથી કર્યા, હૈયે વિશુદ્ધ ભાવનાની છોળો ઉછળવા સાથે મનને એમાં સમર્પિત નથી કર્યું, તેથી એના એવા સુસંસ્કાર નથી પડયા કે જે ફરીથી જાગ્રત્ થઇ નવી સાધનામાં બળ સ્ફૂર્તિ આપે. આ જ વાત છે, સાધના કરો તે પ્રણિધાન સાથે કરો. ભાવભર્યા મનનાં સમર્પણ પૂર્વક કરો, તો એનાથી આત્મામાં સંસ્કરણ થાય.

## (૨) પ્રવૃત્તિ :

પ્રણિધાન કર્યું, સાધનામાં મન લગાવ્યું, હવે એના પર એ સાધનાની પ્રવૃત્તિ કરવાની. દા.ત. અહિંસા મન પર લીધી, હવે અહિંસાની પ્રવૃત્તિ કરવાની; અર્થાત્ કોઇપણ કામકાજ કરતાં જીવ ન મરે એની કાળજી કરવાની; એમ વાણીમાં હિંસા કરવાના શબ્દ ન બોલાઇ જાય એ સાચવવાનું; એમ વિચારણામાં હિંસા કરવાના વિચાર ન આવે એ જોવાનું. આ અહિંસાની પ્રવૃત્તિ થઇ.

એમ ક્ષમાની સાધના કરવી હોય તો ક્ષમાની પ્રવૃત્તિ કરવાની. જયાં ગુસ્સો થઇ જાય એવો મોકો આવ્યો કે તરત મન મક્કમ રાખી હૈયે ક્ષમાનો ભાવ, મોં પર ક્ષમાની મુદ્રા, વાણીમાં ક્ષમાના બોલ, અને વિચારણા ક્ષમાની. આનું નામ ક્ષમાની પ્રવૃત્તિ કરી.

એમ પ્રભુ-ભક્તિની સાધના કરવી છે, તો પ્રભુ-ભક્તિમાં મનનું પ્રણિધાન કરી વિવિધ પ્રભુ-ભક્તિની ક્રિયા કરાય, તે પ્રવૃત્તિ થઇ.

પ્રવૃત્તિ વારંવાર કરવાની છે. એમાં પ્રત્યેક પ્રવૃત્તિ આત્મામાં એના સંસ્કાર નાખે છે, અર્થાત્ સંસ્કારરૂપ બની જાય છે. માટે પ્રવૃત્તિને પણ 'આશય' કહ્યો. વારંવારની પ્રણિધાન-પૂર્વક સાધનાની પ્રવૃત્તિ આત્માને અધિકાધિક સંસ્કારી કરે છે.

## (૩) વિઘ્નજય :

અહિંસાદિ સાધનાની પ્રવૃત્તિ કરતાં કરતાં વચમાં વિઘ્ન આવવા સંભવ છે. દા.ત. કામકાજમાં જીવની રક્ષા કરવા ગયા ને ઘરવાળા કહે, 'આ શું બહુ જો-જો કરો છો ? કામ કયારે પુરું થશે ?' આ અહિંસાની પ્રવૃત્તિમાં વિઘ્ન આવ્યું. એમ પ્રભુ-ભક્તિ કરતાં છોકરો વચ્ચે ઘરે બોલાવવા આવ્યો, કહે છે ''ચાલો ઘેર મેમાન આવ્યા છે,'- આ ભક્તિની પ્રવૃત્તિમાં વિઘ્ન આવ્યું. એમ ક્ષમાની પ્રવૃત્તિ કરીએ છીએ, અને સામો વધુ જોસથી જેમ તેમ બોલવા લાગ્યો, આ ક્ષમાની પ્રવૃત્તિમાં વિઘ્ન આવ્યું.

આવા વિઘ્ન આવે ત્યાં એનો જય કરવાનો છે. વિઘ્ન પર વિજય મેળવવાનો છે. તેથી અહિંસાદિ સાધવાની પ્રવૃત્તિ અખંડ ચાલે, વિઘ્નથી ખંડિત ન થાય.

'યોગવિંશિકા' શાસ્ત્રમાં વિઘ્ન ત્રણ પ્રકારના, અને એના પર વિજય ૩ રીતે કહ્યા છે. એના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૃષ્ટાન્તમાં પ્રવાસીને નડતા કંટક-જ્વર-દિશામોહ એ ૩ પ્રકારના વિઘ્ન બતાવી એના નિવારણ માટે કહ્યું,-

**પ્રવાસીના ૩ વિઘ્નજય** (i) પ્રવાસી કંટક યાને કાંટાના વિઘ્ન નિવારવા પહેલેથી જ પગે પગરખાં પહેરી ચાલે છે. (ii) પ્રવાસમાં જ્વર આદિ રોગ ન આવી જાય માટે પહેલેથી ખાનપાન જ એવા સાદા સાચવી લે છે કે જેથી રસ્તામાં વ્યાધિ ન ઊભી થાય. તેમજ (ii) પ્રવાસમાં દિશામોહ થઇ ભૂલો ન પડે માટે રસ્તામાં એવું લાગે ત્યાં પૂછતો પૂછતો ચાલે છે, આકાશમાં સૂર્યને લક્ષમાં રાખી પોતાની દિશા પકડી રાખે છે, જેમકે નાવિક રાતના ધ્રુવના તારાને લક્ષમાં રાખી પોતાની દિશામાં નાવડી હંકાર્યે જાય છે.

**સાધકના ૩ વિઘ્નજય :**

આમ, જેવી રીતે પ્રવાસી ત્રણે પ્રકારના વિઘ્ન પાર કરે છે, એમ સાધક સાધનાની પ્રવૃત્તિમાં-

(i) કાંટા જેવા કોઇ કષ્ટરૂપ વિઘ્નથી ચલિત ન થવાય, એ માટે પહેલેથી નાના નાના પરીસહો શાંતિથી સહવાનો અભ્યાસ પાડી ખડતલ બને છે. દા.ત. 'ઋતુમાં જરાક ઠંડી પડી ? સહન કરો, ગરમી વધી ? સહન કરો, કોઇનો સહેજ આક્રોશભર્યો શબ્દ આવ્યો ? શાંતિથી સહન કરવાનો.' આવા પરીસહો સહવાના ખૂબ અભ્યાસથી આત્મા ખડતલ સહિષ્ણુ બને છે. પછી સાધનાની પ્રવૃત્તિમાં એવા કાંટા જેવા મામુલી વિઘ્ન આવે તો એનાથી ચલિત ન થતાં પ્રવૃત્તિને અખંડ વહેતી રાખી શકે છે.

(ii) એથી મોટા વિઘ્ન તરીકે જ્વરાદિ રોગ જેવાથી ચલિત ન થવાય. એ માટે ખાનપાનાદિ વ્યવહાર જ 'હિતાહાર-મિતાહાર' ખૂબ સાદો અને પરિમિત રાખે; જેથી વ્યાધિ પ્રાયઃ ઊભી જ ન થાય. ત્યારે

(iii) દિશામોહ જેવું વિઘ્ન એ, કે સાધનાની પ્રવૃત્તિ કરતાં મનમાં એની આવશ્યકતાની કે એના ફળની શંકા પડી જાય, સાધના બતાવનાર જિનવચન પર શંકા પડી જાય, દા.ત. પોતે ક્ષમા રાખ્યે જતો હોય અને સામેથી વધુ ને વધુ આક્રમણ દબામણી આવતી રહે, તો મનમાં એમ આવી જવા સંભવ છે કે 'શું આવાની ઉપર આપણે ક્ષમા રાખવાથી લાભ છે ?' સાધર્મિક ભકિતની પ્રવૃત્તિ કરતાં ચાર નિંદાખોરની નિંદા સાંભળી કે 'શું રાખ જમાડયું ? ડાલડાના લાડુ ખવરાવ્યા !' તો એ સાંભળી મનને એમ આવી જવા સંભવ કે 'કયાં મેં સાધર્મિક જમણ આપ્યું ?' સાધનાની પ્રવૃત્તિ કરતાં આવા આવા વ્યામોહ થવા સંભવ છે, એ પ્રવાસીને રસ્તામાં દિશાનો વ્યામોહ થાય એના જેવા છે. એના નિવારણ માટે પહેલું તો પોતે સમ્યક્ત્વની એવી પહેલેથી જ દઢતા કેળવે કે આ વ્યામોહનું નિરાકરણ સમ્યક્ત્વથી અર્થાત્ જિનવચન પરની અથાગ-અપરંપાર શ્રદ્ધાથી થઇ જાય, અનંતજ્ઞાનીએ આત્મહિત માટે આ સાધના બતાવી છે. એનાથી નુકસાન થાય જ નહિ, એનાં સારાં ફળ ચોક્કસ આવે છે.' આમ શ્રદ્ધા-બળથી વ્યામોહ દૂર થઇ જાય. બીજું એ, કે કદાચ વ્યામોહ ન હટતો હોય, તો સદ્ગુરુ પાસે તરત એનું નિરાકરણ મેળવી લે.

આ રીતે ત્રણે પ્રકારના વિઘ્ન પાર કરી જાય, વિઘ્ન પર વિજય મેળવે, પણ વિઘ્નથી ડગીને સાધનાની પ્રવૃત્તિ ખંડિત ન કરે.

**(૪) સિદ્ધિ :**

ચોક્કસ પ્રણિધાન પૂર્વકની સાધનાની બહુ બહુ પ્રવૃત્તિ, વિઘ્નોના જય પૂર્વક, અખંડ રીતે કર્યે જવાથી, પરાકાષ્ઠાએ એ સાધના સિદ્ધિ રૂપમાં પરિણમે છે. દા.ત. અહિંસાની ક્ષમાની બહુવિધ પ્રવૃત્તિથી અંતરાત્મામાં અહિંસાનો ક્ષમાનો ભાવ સહજસિદ્ધ બની જાય છે. પછી ત્યાં હિંસાનો કે ક્રોધનો ભાવ ઊઠે જ નહિ, ભલેને ઘાણીમાં પીલાઇ-પીસાઇ જવાનું આવે ને ? પાલક પાપીની ઘાણીમાં ૫૦૦ મુનિઓ એ રીતે અહિંસા અને ક્ષમાનો ભાવ સિદ્ધ રાખી પીલાઇ ગયા ! તો વીતરાગ સર્વજ્ઞ થઇ મોક્ષ પામી ગયા. અહિંસા-ક્ષમાની સાધનાના કાળમાં શાસ્ત્રનું, જિનવચનનું, અને અહિંસક ક્ષમામૂર્તિ મહાપુરુષોનું આલંબન રાખી મન મનાવીને અહિંસાનો ને ક્ષમાનો ભાવ ઊભો કરવો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડે, ટકાવવો પડે, વધારતા જવો પડે. પરંતુ એ અહિંસાભાવ ક્ષમાભાવ સિદ્ધ થઇ ગયા પછી કશું મન મનાવવાની જરૂર નહિ. ચંદનમાં સહેજે ગંધ, એમ આત્મામાં અહિંસાભાવ-ક્ષમાભાવ આત્માના પ્રદેશે પ્રદેશ સહેજે વણાઇ ગયો હોય એ એની સિદ્ધિ થઇ કહેવાય.

## (૫) વિનિયોગ :

સિદ્ધ થઇ ગયેલ અહિંસા-ક્ષમા આદિની બીજામાં સ્થાપના કરવી એ વિનિયોગ કહેવાય. દા.ત. તીર્થંકર ભગવાનના સમવસરણમાં સિંહ-વાઘ-વરુ-બિલાડી વગેરે હિંસક પ્રાણીઓ અહિંસક બની જાય છે ! ક્રૂરતાં ત્યાં ભૂલી જાય છે ! બળભદ્ર મુનિ જંગલમાં રહેતા, ત્યાં એમની સિદ્ધ અહિંસક ભાવ અને કરુણાભાવથી જંગલી પશુ એમના સાંનિધ્યમાં ક્રૂરતા ભૂલી જતા ! આ એક પ્રકારનો વિનિયોગ. બીજા પ્રકારનો વિનિયોગ એ કે ગુણ કે ધર્મની પોતાને સિદ્ધિ થયા પછી ભવ્ય જીવોને એનો ઉપદેશ આપી એમનામાં એ ક્ષમાદિ ગુણ કે અહિંસાદિ ધર્મના પાલનની ઉર્મિ ઊભી કરે, ને પ્રવૃત્તિ કરાવે.

આમ પ્રણિધાનાદિ પાંચ પ્રકારના આશય છે.- પ્રસ્તુતમાં સ્થિરાદૃષ્ટિનો બોધ-પ્રકાશ એ પ્રણિધાનાદિ આશય લાવવા માટે કારણભૂત બને છે. કેમકે સ્થિરાદૃષ્ટિના બોધમાં સમ્યગ્દર્શન જળહળે છે, જિનવચનની અથાગ શ્રદ્ધા જળહળે છે, એટલે એથી પ્રણિધાન, પ્રવૃત્તિ, વગેરેની પ્રેરણા મળે, એ સહજ છે.

હવે ૬ઠ્ઠી કાન્તાદૃષ્ટિનો પરિચય જોઇએ.

## (૬) કાન્તાદૃષ્ટિ :

(टीका) कान्तायां तु ताराभासमान एषः, अतः स्थित एव प्रकृत्या निरतिचारमात्रानुष्ठानं शुद्धोपयोगानुसारि विशिष्टाऽप्रमादसचिवं विनियोग-प्रधानं गम्भीरोदाराशयमिति ।

**અર્થ :-** 'કાન્તા' દૃષ્ટિમાં બોધ-પ્રકાશ તારાના પ્રકાશ જેવો હોય છે. એથી અહીં રહ્યો એટલે જ સ્વભાવે કરીને અહીં અનુષ્ઠાન નિરતિચાર સાધતો હોય, તે પણ અનુષ્ઠાન શુદ્ધ ઉપયોગ-સંપન્ન હોય, વિશિષ્ટ અપ્રમત્તતા સહિત હોય, વિનિયોગની પ્રધાનતાવાળું હોય, અને ગંભીર ઉદાર આશય-સંપન્ન હોય.

### વિવેચન :-

સ્થિરાદૃષ્ટિમાં રત્નના પ્રકાશ જેવો બોધ હતો, તે વધીને હવે કાન્તા દૃષ્ટિમાં તારાના જેવો, એના પ્રકાશ જેવો બોધ હોય છે. એનો પ્રભાવ એવો પડે છે કે સ્થિરાદૃષ્ટિમાં સાધનાનું અનુષ્ઠાન શ્રદ્ધા-ભરપૂર હોવા છતાં એમાં પ્રમાદથી અતિચાર લાગી જતા, વિધિ વગેરેમાં જાણ્યે અજાણ્યે ખોડ-ખાંપણ આવી જતી, તે હવે કાન્તા દૃષ્ટિમાં અતિચારો ને ખોડ-ખાંપણ દૂર કરી દેવાય છે, અને નિરતિચાર શુદ્ધ અનુષ્ઠાન કરવામાં આવે છે.

સાધનામાં અતિચાર કેમ લાગે છે ? સામાન્યથી આ કારણ કહી શકાય કે અતિચાર લગાડતી વખતે સાધનાની મમતા કરતાં શરીરની મમતા વધી ગઇ, એટલે શરીરને આરામમાં રાખવા એ અતિચાર લગાડી દે છે. ત્યાં ખરી રીતે આ વિચારવું જોઇએ કે 'આ મોંઘેરું માનવ શરીર શા માટે મળ્યું છે ? આરામ માટે નહિ, સાધનાના કામ માટે. આરામ માટે તો પૃથ્વી-કાયાદિના શરીર બહુ મળે છે. સાધનાના કામ માટે આ શરીર હોવાનું સમજાય તો પ્રમાદ કરી અતિચાર લગાડવાનું ન થાય.

આ દોષ-અતિચાર ન લગાડવાનું તે કોઇ પરલોકના ભયથી નહિ, કે ગુર્વાદિના દબાણથી નહિ, યા કોઇ જશ લેવા માટે નહિ, પરંતુ આત્માનો સ્વભાવ જ એવો પડી ગયો કે સાધના-અનુષ્ઠાન શુદ્ધ નિર્દોષ જ સધાયે જાય. દિલ અને ઉદ્યમ નિર્દોષ સાધનામય બની ગયા હોય. દા.ત. રસ્તામાં ચાલે તે જીવરક્ષાર્થે સહજભાવે નીચું જોઇને જ ચાલે. ઇર્યાસમિતિનું પાલન જ એવી રીતે કરે કે અતિચાર સહેજે ન લાગે. એમાં એમને એવો કોઇ વિચાર ન કરવો પડે કે 'આમાં ભંગ થશે તો પાપ લાગશે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાયશ્ચિત આવશે, માટે સમિતિ બરાબર પાળું.' એ તો આ શું, કે બીજી કોઇ સાધના શું, સહજ-સ્વભાવે એનું વિશુદ્ધ પાલન ચાલે.

આ નિર્દોષ સાધના પણ શુદ્ધ ઉપયોગાનુસારી હોય, અર્થાત્ સાધનામાં મનનો વિશુદ્ધ ઉપયોગ ચાલુ હોય; સાધના શૂન્ય મનથી નહિ, પણ સચોટ ખ્યાલપૂર્વક કરાતી હોય. આ ખ્યાલ એટલો બધો સતેજ જ્વલંત અને એકાકાર, કે એક તો સાધના વખતે એમને બહારની ઠંડી-ગરમી, ડાંસ-માખી-મચ્છરની પીડાનો કશો વિચાર નહિ; તેમજ બીજું એ કે એ સાધનામાં કેટલો સમય પસાર થઇ રહ્યો છે એ બરાબર ધ્યાનમાં હોય. દા.ત. રાત્રિના ધ્યાનમાં 'આ એક પહોર પસાર થયો, બીજો પહોર પૂરો થયો...' વગેરે બરાબર ખ્યાલમાં હોય.

સામાન્યથી આમેય દરેક ક્રિયા ઉપયોગવાળી થવી જોઇએ; કેમકે 'ઉપયોગે ધર્મ' એટલા માટે એક ક્રિયામાં બીજી ક્રિયા કરવાની શાસ્ત્રે ના પાડી. દા.ત. સાધુ વસ્ત્રની પડિલેહણા કરતાં પચ્ચક્ખાણ ન આપી શકે. કેમકે પડિલેહણમાં જીવરક્ષાના ઉપયોગનો ભંગ થાય. અહીં કાન્તા દૃષ્ટિમાં વિશેષતઃ જ્વલંત ઉપયોગ હોય.

## વિશિષ્ટ અપ્રમાદ :

વળી સાધના 'વિશિષ્ટ અપ્રમાદ- અપ્રમત્તતાવાળી' હોય, સામાન્ય અ-પ્રમાદ એટલે કે સાધના વખતે નિદ્રા -ઝોકું,-વિકથા-કુથલી-ડાફોડિયું, રાગ-દ્વેષ વગેરે પ્રમાદ ન હોય; ત્યારે વિશિષ્ટ અપ્રમાદ એટલે સામાન્ય અપ્રમાદ ઉપરાંત અંતરથી સાધના સાથે એટલા બધા તન્મય હોય કે પોતાના શરીરનું પણ ભાન નહિ, તો બીજા પદાર્થના ખ્યાલની તો વાતે ય શી ? તેમજ સાધનામાં કશી આતુરતા ઉત્કંઠા નહિ કે દા.ત. 'આ સાધના કયારે પૂરી થાય ને બીજી ઇષ્ટ સાધનાનો વારો આવે,' યા 'હજી અડધી સાધના થઇ બાકીની અડધી કયારે પૂરી થાય ?' ના, એ તો જેમ પૂર્વમાં ઊગેલો સૂર્ય એની સહજગતિએ ઊંચે ઊંચે ચડતો જાય, ને મધ્યાહ્ન પછી સહજ ગતિથી નીચે ઊતરતો જાય, એમાં કશી વચ્ચે વચ્ચે ખચકામણ -રુકાવટ નહિ, એમ અહીં સાધના એવી સહજગતિએ ચાલ્યા કરે. વચમાં વચમાં કશી આતુરતા-ઉતાવળ-સંદેહ વગેરેથી ખચકામણ નહિ-રુકાવટ નહિ, સાધનાની સૂર્ય જેવી સહજગતિ એ વિશિષ્ટ અપ્રમાદ.

## વિનિયોગ પ્રધાન :

વળી ૬ ઠ્ઠી કાન્તા દૃષ્ટિમાં આવેલો જે અનુષ્ઠાન સાધે તે 'વિનિયોગપ્રધાન' હોય. અર્થાત્ પોતાના અહિંસાદિનાં અનુષ્ઠાન સારાં સાધવા માટે પોતાને કોઇ મનનો ખાસ ખ્યાલ નથી કેળવવો પડતો, કે બીજી કશી કાયિક તકેદારી નથી રાખવી પડતી, એટલી બધી સહજતાથી અહિંસાદિની સાધના ચાલે છે, પરંતુ એના હૈયે જીવો પ્રત્યે મૈત્રી-કરુણા ઊભરાતી હોવાથી મનને એમ રહે છે કે 'આમાંથી યોગ્ય જીવો કાંઇક પામી જાય તો સારું.' એટલે પોતે જે સિદ્ધ કર્યું છે, ''એ બીજામાં ય ધીરે ધીરે કેમ ઊતરે,'' એવી કરુણા હૈયે હોવાથી પોતાની સહજ સાધના હવે પરહિતની મુખ્યતાવાળી બને છે. પરમાં એ હિત ઉતારવાની અર્થાત્ એનો વિનિયોગ કરવાની મુખ્યતાવાળી હોય છે. બીજી રીતે વિનિયોગ વગર-ઉપદેશે હોય છે. તે એ રીતે કે, પોતાની સહજ સાધના એટલી બધી ઉચ્ચ કોટિની હોય છે કે એ જોઇને બીજા યોગ્ય જીવો પામી જાય, એમાંથી કાંઇક પોતાના જીવનમાં ઉતારે. બલભદ્ર મુનિના અહિંસા-કરુણાભાવથી જંગલમાં પાસે આવતા શિકારી પશુઓ હિંસકભાવ ભૂલી જતા.

છેલ્લે કહે છે- કાન્તા દૃષ્ટિમાં અનુષ્ઠાન **'ગંભીર અને ઉદાર આશયથી સંપન્ન'** હોય છે. ગંભીર આશય કેવો હોય, અને ઉદાર આશય કેવો હોય, એ પૂર્વે વિચાર્યું છે. તેથી અહીં પુનરુક્તિ કરવાની જરૂર નથી. અહીં એટલું વિશેષ સમજવાનું છે કે આ વિશેષણ અનુષ્ઠાનનું મૂકીને એ સૂચવ્યું કે (૧) એક તો એકલી કાયાથી અનુષ્ઠાન કરીને સંતોષ નહિ વાળવાનો, પરંતુ સાથે આશય યાને દિલ પણ ગંભીર અને ઉદાર-ઉમદા સ્વભાવનું રાખવાનું; અને (૨) બીજું એ કે દરેક અનુષ્ઠાન પણ ગંભીર અને ઉદાર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારસરણીવાળું આરાધવાનું. દા.ત. સામાન્ય માણસ પ્રભુદર્શન કરે એ સામાન્ય ભાવથી 'અહો ! કેવા જગદ્ઉપકારી ભગવાન ! વાહ રે વાહ પ્રભુ ! ધન્ય તમારું જીવન !' એટલું જ, પરંતુ આ ગંભીર ઉદાર આશય સાથે દેવદર્શન કરનારો વીતરાગના દર્શનમાં પોતાની વીતરાગતા સુધીનું મહાઉત્થાન દેખે; જેમ હરિભદ્ર પુરોહિતે અને શયંભવ બ્રાહ્મણે કર્યું. વળી આ દર્શન આત્મસિદ્ધ યાને ચિરસ્થાયી કેમ બને એવી પદ્ધતિ અપનાવે, જેથી એના પર પછીથી અવનવી શુભ ભાવનાઓ અને શુભ અધ્યવસાયો ચાલે.

## (૭) પ્રભાદૃષ્ટિ

(टीका) प्रभायां पुनरर्कभासमानो बोधः, स ध्यानहेतुरेव सर्वदा, नेह प्रायो विकलल्पावसरः, प्रशमसारं सुखमिह । अकिंचित्कराण्यात्रान्याशास्त्राणि, समाधिनिष्ठमनुष्ठानं, तत्संनिधौ वैरादिनाशः, परानुग्रहकर्तृता, औचित्ययोगो विनेयेषु, तथाऽवन्ध्या सत्क्रियेति ।

**અર્થ :-** પ્રભા નામની ૭મી દૃષ્ટિમાં સૂર્યના પ્રકાશ જેવો બોધ-પ્રકાશ હોય છે. એ સર્વદા ધ્યાનનું જ કારણ બને છે. અહીં પ્રાયઃ વિકલ્પનો અવસર નથી. અહીં તો ઉપશમભર્યું સુખ હોય છે. બીજા શાસ્ત્રો તો અહીં અકિંચિત્કર (નિરુપયોગી) બની જાય છે. અનુષ્ઠાન સમાધિનિષ્ઠસ્વસ્થચિત્તમાં રહેનારું બને છે. પ્રભાદૃષ્ટિવાળાના સંનિધાનમાં (બીજા જીવોના) વૈર આદિનો નાશ થાય છે. આ દૃષ્ટિવાળામાં ઉચ્ચકોટિની ઉપકારકારિતા આવે છે, શિષ્યો પ્રત્યે (પૂર્ણ) ઔચિત્યનો યોગ રહે છે, તેમજ સમ્યક્ ક્રિયા અહીં અવન્ધ્ય અર્થાત્ નિષ્ફળ ન જ જાય એવી બને છે.

### વિવેચન :-

છઠ્ઠી 'કાન્તા' દૃષ્ટિમાં તારા જેવો બોધપ્રકાશ હતો, ત્યારે, સાતમી 'પ્રભા' નામની દૃષ્ટિમાં સૂર્યના પ્રકાશ જેવો બોધ-પ્રકાશ હોય છે. એમાં એવી ઉચ્ચ કોટિની બોધ-રમણતા જ્ઞાન-રમણતા હોય છે, કે વારે ને વારે એમાં એકાગ્ર-તન્મયતા આવી આવીને એ ધ્યાનરૂપ બની જાય છે. ધ્યાન શું છે ?

### જૈન શાસનનું ધ્યાન :-

અહીં ધ્યાન અંગે જૈન શાસનની એક વિશેષતા સમજવા મળે છે. તે એ છે કે, ધ્યાન એ માત્ર ખૂણે બેસી કોઈ એક વિષય પર એકાગ્ર ચિંતન કરવા સ્વરૂપ જ નથી, કિન્તુ ક્રિયા-અનુષ્ઠાનના એકેક અંગ પર એકાગ્ર લક્ષવાળા બનો તો તે પણ ધ્યાન જ છે. એ હિસાબે આ પ્રભા-દૃષ્ટિવાળાને માત્ર જ્ઞાનની રમણતામાં ક્યાંક એકાગ્રતા થાય એટલું જ ધ્યાન નથી, પરંતુ યોગદૃષ્ટિના બોધ-પ્રકાશથી ભાવિત એમનાં ક્રિયા-અનુષ્ઠાનના પ્રત્યેક અંગોમાં પણ એકાગ્રતા થાય, તે પણ ધ્યાન જ છે. પ્રશ્ન થાય કે,-

પ્ર૦- પણ આ ધ્યાન તો અનુષ્ઠાનથી પ્રેરિત બન્યું ને ? એટલે કે અહીં ધ્યાનમાં કારણભૂત તો અનુષ્ઠાન બન્યું ને ? બોધ-પ્રકાશ ક્યાં બન્યો ? ગ્રંથમાં તો આ લખ્યું છે કે,- આ પ્રભા-દૃષ્ટિનો બોધપ્રકાશ સર્વદા ધ્યાનહેતુ બને છે.

ઉ૦- અનુષ્ઠાન એકલું કોરું હોય તો એ ધ્યાનહેતુ નથી બનતું; પરંતુ બોધ-પ્રકાશથી રંગાયેલુ-ભાવિત થયેલું અનુષ્ઠાન ધ્યાનહેતુ બને છે, એમાં બોધપ્રકાશની મુખ્યતા રહી; એટલે કહેવાય કે અનુષ્ઠાન દ્વારા પણ બોધ-પ્રકાશ જ ધ્યાન-હેતુ બન્યો.

### વિકલ્પરહિતતા :-

વળી આ બોધપ્રકાશ કેવો છે ? તો કે અહીં વિકલ્પોને અવસર નથી હોતો. અર્થાત્ આ બોધ-પ્રકાશ એવો ભવ્ય કોટિનો હોય છે કે અહીં બીજા-ત્રીજા વિકલ્પો ન ઊઠવા દે.

પ્ર૦- અહીંના બોધ-પ્રકાશનો જીવને એવો સ્વાદ લાગી ગયો હોય છે કે, મુફલીસ વિકલ્પો વિચારોમાં હવે એને કોઈ રસ, કોઈ સ્વાદ જ રહ્યો નથી.પછી જેનો રસ જ નહિ એ વિકલ્પો શાના ઊઠે ?

બીજી વાત એ છે કે પ્રભા-દૃષ્ટિમાં આવેલો આત્મા જ્ઞાન-ક્રિયા બંનેમાં એટલો બધો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યગ્ર=રોકાયેલો રહે છે કે વિચાર કરવાને જગા જ નથી, નવરાશ જ નથી. કદાચ એમ પ્રશ્ન થાય કે,

પ્ર૦- શું બહુ ઠંડી પડે કે ગરમી પડે ત્યારે એનો વિકલ્પ ન આવે કે 'આ ઠંડી બહુ ? ગરમી બહુ ?'

ઉ૦- ના, પહેલેથી એણે સામાન્ય ઠંડી -ગરમી વગેરે પરીસહો સમતાથી સહવાના એવા અભ્યાસ પાડયા છે કે એમાં એના વિકલ્પ ન કરતાં પોતાના જ્ઞાન-ક્રિયા જ્ઞાન-ધ્યાનમાં જ મનની એવી ખાસ તન્મયતા રાખી છે. એ અભ્યાસથી અત્યારે આગળ વધતાં પણ મનની એ જ તન્મયતા અખંડ રાખી શકે છે. એટલે અહીં બીજા-ત્રીજા વિકલ્પને અવસર નથી.

### પ્રશમસાર સુખ :-

એટલે જ અહીં 'પ્રશમસારં સુખ' અનુભવી શકે છે, અર્થાત્ જ્ઞાન-ધ્યાનમાં રમણતાના લીધે કોઇ રાગાદિ કષાય ઊઠતા જ નથી. પ્રશમ-ઉપશમભાવ બન્યો રહે છે, ઉપશમભાવ ભર્યું સુખ અનુભવે છે. વિષયોનું સુખ શી ચીજ છે ? એ તો રાગ-આસક્તિનો ઉન્માદ છે. વાસ્તવિક સુખ એ ઉન્માદ સમાવી દેવામાં છે, તે ઉપશમથી એ સુખ સુલભ બને છે.

### અન્ય શાસ્ત્ર અકિંચિત્કર :-

બીજી વાત એ છે કે અહીં પ્રભાદૃષ્ટિના બોધ સાથેની સાધના એવી સહજ બની ગઇ છે કે અહીં સાધનાની પ્રેરણા માટે બીજા શાસ્ત્રોના આલંબનની એને જરૂર નથી. શાસ્ત્રો જે સાધના કરવાનું વિધાન કરે છે, એ પોતાને સહજ-સિદ્ધ થઇ ગઇ. પછી શાસ્ત્રની પ્રેરણા પર શાનો કશોય આધાર રાખવો પડે ? અલબત્ પોતાના સ્વાધ્યાય-જ્ઞાનયોગ માટે શાસ્ત્રોનાં સૂત્ર-અર્થનું આલંબન હોય, તેથી એ શાસ્ત્રો કિંચિત્કર યાને ઉપયોગી થયા, પરંતુ અન્ય પ્રેરણાના શાસ્ત્રોનો અહીં ઉપયોગ નહિ હોવાથી કહ્યું કે 'અકિંચિત્કરાણિ અત્ર અન્યશાસ્ત્રાણિ.'

### સમાધિનિષ્ઠ અનુષ્ઠાન : વૈરનાશ :-

આમ જયારે સાધનાનુષ્ઠાન સહજ સિદ્ધ થઇ ગયું એટલે કહેવાય કે એ 'સમાધિનિષ્ઠ' બની ગયું. 'સમાધિ' એટલે ચિત્તની પૂર્ણ સ્વસ્થતા; એમાં કોઇ હરખ-ખેદ-રતિ-અરતિનો સ્પર્શ નહિ. એવી ચિત્તની શાંત-પ્રશાંત અવસ્થા. અરે ! સૂત્રાર્થ પારાયણ કરે, કે ક્રિયા-અનુષ્ઠાન કરે, એમાં વચમાં કશી આતુરતા-વિહ્વળતા ય નહિ. એટલે બધી સ્વસ્થતા. આવી શાંત-પ્રશાંત-ઉપશાંત અવસ્થામય શરીરના જાણે અણુઓ પોતાની ચારે બાજુ ફેલાતા હોય તે એમના સંનિધાનમાં આવેલા વૈરી જીવોના વૈર નાશ થઇ જાય છે, દુર્બુદ્ધિ જીવોની દુર્બુદ્ધિ નષ્ટ થઇ જાય છે. આવા મહાયોગીના સંનિધાનનો એવો પ્રભાવ છે કે , બીજા જીવ આમનાં સંનિધાનમાં હોય ત્યાં સુધી એમને વૈર-દુર્બુદ્ધિ સૂઝે નહિ. જંગલમાં રહેતા બળદેવ મુનિની નિકટમાં જો શિકારી પશુ આવી ગયા તો ત્યાં પૂરતું તો એ પશુઓ સૌમ્યભાવવાળા થઇ જતાં !

### પરાનુગ્રહકર્તૃ :-

આવા સદા સમાધિનિષ્ઠ અને પ્રશમરસનિમગ્ન બન્યા રહેનારાનું જીવન 'પરાનુગ્રહકર્તૃ' બીજાઓને ઉપકાર કરનારું હોય છે. એ ગોચરી જાય ત્યાં પણ એમની ચર્યા એવી કે બીજાને સદ્બુદ્ધિ પમાડી દે, ધર્મની અનુમોદના પમાડી દે. કદાચ બે બોલ કહેવાનો પ્રસંગ આવે તો એ બોલ પણ સામાનું આત્મહિત થાય એવા હોય છે.

ત્યારે, પોતાના શિષ્યગણ સાથે એવાં ઔચિત્યથી વર્તનારા હોય કે એ શિષ્યો આરાધનાની ભવ્ય પ્રેરણા મેળવે, પ્રમાદ ટાળવાનું જોમ મેળવે, એવો એમનો શિષ્ય પ્રત્યે ઔચિત્યયોગ હોય છે, ઉચિત વ્યવહાર હોય છે,

આમ પ્રભાતદૃષ્ટિવાળા આવા આવા ઉચ્ચગુણ ગણથી અલંકૃત હોવાથી એમનાં બધાં સદ્અનુષ્ઠાન-સત્ક્રિયા 'અવન્ધ્ય' હોય, અર્થાત્ નિષ્ફળ નહિ જનારી ને અવશ્ય સફળ થનારી હોય છે. એક પ્રશ્ન થાય-

પ્ર૦- મહાવીર ભગવાન તો પ્રભાદૃષ્ટિથી ય આગળ વધી ગયેલા; તો કેવળ જ્ઞાન થયા પછી એમની પહેલી દેશના નિષ્ફળ ગઇ ત્યાં અવન્ધ્યા સત્ક્રિયા કયાં રહી ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦- શ્રોતાના આત્માની દૃષ્ટિએ ભલે એ નિષ્ફળ ગઇ કહેવાય, પરંતુ પ્રભુના પોતાના આત્માની દૃષ્ટિએ એ નિષ્ફળ નથી ગઇ, સફળ થઇ છે. પોતાની આત્માની દૃષ્ટિએ એ રીતે સફળ કે,-

પોતાને તીર્થંકર નામકર્મનું એટલું વેદન થયું, એટલી કર્મ-નિર્જરા થઇ, એ સફળતા થઇ કહેવાય. તીર્થંકર ભગવંતોને ચાર ઘાતી કર્મોના નાશ પછી બાકીના ચાર અઘાતી કર્મ ભોગવીને ખપાવવાના તો હોય જ છે. જેટલા પ્રમાણમાં એ ભોગવાય એટલો કર્મક્ષય થતો આવે છે. એનું ફળ અંતિમ સમયે સર્વ કર્મક્ષય થઇ મોક્ષ નીપજે છે. આ અપેક્ષાએ પ્રભુની પહેલી દેશના સફળ છે, નિષ્ફળ નથી.

## (૮) પરાદૃષ્ટિ

(ટીકા) परायां पुनर्दष्टौचन्द्रचन्द्रिकाभासमानो बोधः सद्धयानरूप एव सर्वदा विकल्परहितं मतः, तदभावेनोत्तमं सुखं, आरुढारोहणवन्नानुष्ठानं प्रतिक्रमणादि, परोपकारित्वं यथाभव्यत्वं तथा पूर्ववदवन्ध्या क्रियेति ।

**અર્થ :-** ત્યારે 'પરા' નામની દૃષ્ટિમાં ચંદ્રની ચંદ્રિકા(જ્યોત્સ્ના)ના પ્રકાશ જેવો બોધપ્રકાશ હોય છે. હંમેશા સમ્યગ્ધ્યાનરૂપ અને વિકલ્પ રહિત મનાયેલો છે. વિકલ્પ નથી માટે જ અહીં ઉત્તમ સુખ હોય છે. (નિર્વિકલ્પ દશા એટલે કોઇ અતિચાર નહિ, તેથી અહીં) પ્રતિક્રમણાદિ અનુષ્ઠાન ક્રિયા નથી હોતી; જેમકે (પર્વત પર) આરૂઢને આરોહણ નથી હોતું. વળી આ દૃષ્ટિમાં સામાની યોગ્યતા મુજબ પરોપકાર-કરણ હોય છે, તથા પૂર્વે પ્રભા દૃષ્ટિમાં કહ્યા મુજબ અહીં અવન્ધ્ય ક્રિયા હોય છે.

## વિવેચન

'પ્રભા' દૃષ્ટિમાં સૂર્યપ્રકાશ જેવો બોધ હતો તે હવે અહીં આઠમી 'પરા' દૃષ્ટિમાં ચંદ્રમાંની શીતલ ચંદ્રિકા (જયોત્સ્ના)ના પ્રકાશ જેવો બોધ-પ્રકાશ હોય છે .

પ્ર૦- સૂર્યપ્રકાશ કરતાં ચંદ્રપ્રકાશ તો ઝાંખો હોય, તો અહીં શું સાતમી યોગદૃષ્ટિમાંથી આઠમી દૃષ્ટિનો વિકાસ થાય એટલે બોધ પ્રકાશ ઝાંખો થઇ જાય ?

ઉ૦-અહીં પ્રકાશ એટલે માત્ર વસ્તુની જાણકારીરૂપ બોધ નથી લેવાનો, પરંતુ એનું આત્મામાં વિશિષ્ટ પરિણમન લેવાનું છે, અર્થાત્ આત્માની બોધ-પરિણતિ લેવાની છે. અને બોધ-પરિણતિ ચીજ એવી છે કે આત્મામાં એનાથી કષાયો શમતા આવીને ઉકળાટ શાંત થતાં આવે છે. તેથી આત્મામાં સૌમ્યતા-શાંતતા-શીતલતા વધતી આવે છે. બોધ-પરિણિતિનું આ સ્વરૂપ હોય એટલે સહેજે સમજાય એવું છે કે, સૂર્યના પ્રકાશ કરતાં ચંદ્રની જયોત્સ્નાનો પ્રકાશ આ દૃષ્ટિમાં વધુ સૌમ્ય-શાંત-શીતલ છે.

### બોધ ધ્યાન રૂપ :-

૮ મી પરાદૃષ્ટિમાં બોધ-પ્રકાશ આવો અત્યંત સૌમ્ય-શાંત-શીતલ હોઇ એ બોધ હંમેશા ધ્યાનરૂપ જ હોય છે. આત્મામાં જ્ઞાનપ્રક્રિયામાં મનની અન્યાન્ય પદાર્થ તરફ દૃષ્ટિ જતી હોઇ-અન્યાન્ય બોધ જનમ્યા કરે છે. એક જ્ઞાન નષ્ટ બીજુ જ્ઞાન જનમ્યું. એ પણ પછીથી નષ્ટ અને ત્રીજુ જ્ઞાન જાગે છે.એમ ચાલ્યા કરે છે. પરંતુ એમાં ચંચળતા છે. જયારે એક પદાર્થ પર બોધની સ્થિરતા થાય ત્યારે ધ્યાનદશા આવે છે. ૭ મી દૃષ્ટિમાં બોધ-દશામાંથી અવર નવર ધ્યાનદશા આવતી. તેથી એ બોધ-પ્રકાશ ધ્યાનનો હેતુ કહેવાય. અહીં આત્માની અતિ સૌમ્ય નિર્વિકલ્પ દશા હોઇ બોધપ્રકાશ સ્થિર હોઇને ધ્યાનરૂપ બને છે. તેથી સર્વદા સમ્યગ્ર ધ્યાનરૂપતા કહી.

### નિર્વિકલ્પ કેમ ? :-

બોધ-પ્રકાશની સૌમ્યતા એટલી બધી છે કે આત્મામાં હવે કશી આતુરતા રહેતી નથી. તેથી અન્યાન્ય વિકલ્પો ઊઠવાનો અવસર જ નથી રહેતો. એટલે અહીં મન વિકલ્પરહિત યાને નિર્વિકલ્પ દશાવાળું હોય છે. આવી નિર્વિકલ્પ દશા હોઇને જ ૮ મી દૃષ્ટિમાં ઉત્તમ સુખ હોય છે. જયાં વિકલ્પ છે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાં ચિંતા છે, વિહ્વળતા છે, ચિંતા-વિહ્વળતા એ દુઃખના પ્રકાર છે. સર્વથા સુખીને કોઇ વિહ્વળતા ન હોય. એ તો અત્યન્ત સ્વસ્થ હોય.

### ૮મી દૃષ્ટિમાં અનુષ્ઠાન કેમ નહિ ?: એ શું કરે ?

વળી ૮મી દૃષ્ટિમાં જીવ આવે એટલે એણે સહજ નિરતિચાર સાધના પ્રાપ્ત કરી છે તેથી, જયાં અતિચાર જ નહિ ત્યાં પ્રતિક્રમણ અનુષ્ઠાન કરવાનું રહે નહિ. તેમજ નિર્વિકલ્પ દશા પ્રાપ્ત કરી એટલે સાધ્ય સિદ્ધ થયું. તેથી હવે જિનભકિત આદિ અનુષ્ઠાનની સાધના કરવાની ય રહે નહિ. સાધકને સાધના હોય, સિદ્ધને શી સાધના ? તળેટીયે હોય એને પર્વત પર ચડવાનું હોય, પણ ચડીને શિખરે બેઠેલાને હવે પર્વત પર શું ચડવાનું હોય ? ન જ હોય, એમ અહીં અનુષ્ઠાનની સાધના ન હોય.

ત્યારે સવાલ થાય કે તો પછી આઠમી દૃષ્ટિવાળા શું કરતા હોય ? તો કે જીવોની યોગ્યતા પ્રમાણે એ ઉપકાર કરતા હોય છે. એ પણ પોતે શરીરધારી છે ત્યાં સુધી કરવાનું. અશરીરી બની ગયા પછી એ ય કરવાનું રહેતું નથી. અલબત્ અશરીરી સિદ્ધ પણ સાધકને આલંબનરૂપ બનવાથી એ ઉપકારક તો બને જ છે, કિન્તુ એ ઉપકાર સિદ્ધોનો પોતાના પ્રયત્નથી ઉપકાર કરવા જવા રૂપ નથી.

✤ ✤ ✤

પરિશિષ્ટ

# મિત્રાદિ આઠે દૃષ્ટિમાં કેટલુંક વિશેષ સ્પષ્ટીકરણ

'પહેલી બે મિત્રા અને તારા દૃષ્ટિમાં અલ્પબોધ પ્રકાશને લઇને એના એવા પ્રબળ સંસ્કાર નથી પડતા કે જે વંદનાદિ યોગ સુધી પહોંચે,' એમ કહ્યું. આનો દાખલો આપણા જીવનમાં જોઇએ તો દેખાય છે કે, ચૈત્યવંદનમાં સ્તવન બોલીએ છીએ ત્યારે, પહેલી કડી બોલ્યા પછી બીજી કડી બોલીએ ત્યારે, પહેલી કડીનો ભાવ બિલકુલ મન પર નથી હોતો ! અલબત્ એ કડી બોલેલા ત્યારે મોટેથી બોલેલા, અને કદાચ બે વાર બોલેલા, છતાં એના ભાવનું સ્મરણ બીજી કડી વખતે કેમ નહિ ? અરે ! એટલું જ શું, પણ એક સ્તવન જીવનમાં ૨૫-૫૦ વાર બોલ્યા હોઇએ, પણ જો કોઇ પૂછે કે 'જરા એ સ્તવનના પદોને અડયા વિના એના પદાર્થ એના ભાવ ક્રમસર કહી આપો ને ?' તો એ કહી આપવાની તૈયારી નથી, કેમકે એ યાદ જ નથી. કારણ બોલતી વખતે જ બીજી કડી બોલતાં પહેલીનો ભાવ સાથે જોડયો જ નથી; અથવા કહો, પહેલી કડીના ભાવનો બોધ તો કરેલો પરંતુ એ નબળો હોવાથી એના બળવાન દીર્ઘજીવી સંસ્કાર નહિ પડેલા, એટલે બીજી કડીની સ્તુતિ-વંદના વખતે પહેલીના ભાવનું સ્મરણ નહિ થયું. એ સૂચવે છે કે એ બોધપ્રકાશ પહેલી બે યોગદૃષ્ટિની કક્ષાની ઉપરનો નહિ. એટલે જ આ કર્તવ્ય બને છે કે, અનાદિની ઓઘદૃષ્ટિ બાહ્ય દૃષ્ટિ પડતી મૂકી, યોગદૃષ્ટિ યાને આંતરદૃષ્ટિ પકડી, હવે એના બોધપ્રકાશના સારા સંસ્કાર પડે એવું કરો, કે જેથી અનુષ્ઠાનમાં એનું સ્મરણ થાય, અને એથી અનુષ્ઠાન ભાવિત બને.

### જૈનશાસનમાં અનુષ્ઠાનની કિંમત સમ્યગ્બોધથી અનુષ્ઠાન ભાવિત હોય એમાં છે. ને એ બોધના પ્રબળ સંસ્કારથી બને.

'વંદનાદિ-યોગ સાધીએ, પણ એ જો સમ્યગ્ બોધથી ભાવિત ન હોય, તો વંદના તો થઇ જાય, પણ વંદનાનું કાર્ય ન થાય' એમ પૂર્વે કહ્યું, એનો ભાવ આ છે કે, વંદનાનું કાર્ય છે- અંતરથી નમ્ર બનવાનું. અર્થાત્ 'જેને વંદના કરીએ છીએ એ ઊંચા છે, હું એમનાથી નીચો છું,'- આવો આપણા અંતરમાં ભાવ લાવવાનો છે. આવી નમ્રતાની આંતરિક પરિણતિ એ વંદનાનું કાર્ય છે. પણ વંદના જો બોધથી ભાવિત નહિ હોય તો દ્રવ્યથી વંદનક્રિયા તો થશે, પણ આ આંતરિક પરિણતિનું કાર્ય નહિ થાય. એવું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સમ્યગ્ બોધથી ભાવિત અનુષ્ઠાન ત્રીજી બલા નામની યોગદૃષ્ટિની કક્ષાઓ ચડયા પછી થવા માંડે છે.**

**બોધથી ભાવિત ક્રિયા એટલે :-**

અનુષ્ઠાનને બોધથી બોધનાં સંસ્કારજન્ય સ્મરણથી ભાવિત કરવાનું કામ સહેલું નથી. એમ તો સાધના કષ્ટવાળી પણ કરે, દા.ત. મુનિ ઉગ્ર વિહાર કરે, એમાં ભૂખ-તરસ-થાક વેઠે, પરંતુ જો એ કષ્ટમાં આનંદ નહિ હોય, રોદણાં હશે કે, - દા.ત. 'વિહાર બહુ લાંબો નીકળ્યો !' 'રસ્તામાં નવકારશીનું ગામ જ ન મળ્યું ને ભૂખ્યા ટીચાતા ચાલવું પડયું !' 'પાણી ખૂટી ગયું તરસ કેટલી બધી વેઠવી પડી !'- જો આવાં રોદણાં હશે તો માનવું પડે કે, આવા તારણહાર પણ કષ્ટમાં આનંદ ન થયો. નહિતર તો માનત બોલત કે 'વાહ આજે લાંબા વિહારથી કર્મક્ષય પાપક્ષયનો સારો લાભ મળ્યો ! આમ તો મુકામે બેઠા ભૂખ-તરસના પરીસહ સહતા નથી, પરંતુ વિહારમાં આ ભૂખ-તરસ-પરિસહ સહવાની સંવર-સાધના સારી મળી !' પણ મનમાંય આ લાવે ક્યાંથી ? કેમકે વિહારાદિની સાધના સમ્યગ્ બોધથી ભાવિત કરીને નથી સાધી. પ્રશ્ન થાય,-

પ્ર૦- શાસ્ત્રો વાંચ્યા-સાંભળ્યા છે, સમ્યગ્ બોધ પણ થયો છે, છતાં એનાથી સાધના ભાવિત કેમ ન બની ?

ઉ૦- એ જ વાત અહીં ગ્રંથકાર કહી રહ્યા છે કે, બોધ તેવો વીર્યવાન નહિ, ભાવોલ્લાસવાળો નહિ, તેથી એનાથી એવા પટુ અને ચિરંજીવી સંસ્કાર ન ઊભા થયા કે જે સાધના-અનુષ્ઠાન વખતે જાગ્રત્ થઈને સ્મરણાત્મક બોધ ઊભો કરે, ને બોધથી સાધનાને ભાવિત થવાનો અવકાશ મળે. માટે કહેવાય કે,

**બોધ વીર્યવાન કરો.**

શાસ્ત્રો સાંભળનારા-સમજનારા ઘણા, પણ એમને થતા બોધમાં તરતમતા હોય. વીર્યવાન બોધ તો થોડાને જ થાય, કે જે પછી અનુષ્ઠાન આવી ચડયે એને એ બોધથી ભાવિત કરી શકે. બાકી શ્રવણનો આનંદ તો ઘણા બતાવે કે 'બહુ આનંદ આવ્યો, ઘણું જાણવા મળ્યું.' પરંતુ જાણેલું ટકાવવું છે કોને ? વ્યાખ્યાન સાંભળી ઊઠીને ચાલ્યા, પણ રસ્તામાં ય એ સાંભળેલું મમરાવવાની વાતે ય ક્યાં છે ? યોગની પહેલી બે દૃષ્ટિ સુધીમાં આવા અલ્પ વીર્યવાળી બોધદશા હોય છે. ત્રીજી 'બલા' દૃષ્ટિમાં વીર્યવાન બોધ કહ્યો.

**વીર્યવાન બોધ શ્રવણ વખતે આત્માના વીર્યોલ્લાસ અને ભાવોલ્લાસથી પ્રગટે છે.**

શ્રવણ પહેલાં મનને એમ થાય કે, 'મારે આત્માનું હિત જાણવું છે, આત્માને હિતકર તત્ત્વ જાણવા છે, જાણીને એનાથી મારું જીવન સુધારવું છે, માટે બરાબર ધ્યાનપૂર્વક સાંભળતો જાઉં, અને એને હૃદયમાં અંકિત કરતો ચાલું',- આ ભાવોલ્લાસ હોય, એટલે જેમ જેમ આગળ આગળ સાંભળતો જાય તેમ તેમ 'પાછળ પાછળનું પાછું યાદ રહ્યું છે ને ?' એ જોતો જાય, યાદ કરતો ચાલે. એમ કરવામાં વીર્યોલ્લાસ જોઈએ છે. ભાવોલ્લાસ અને વીર્યોલ્લાસથી એ રીતે સાંભળતો ને યાદ કરતો ચાલે, ત્યાં બોધ વીર્યવાન બને, એટલે એના સંસ્કાર દીર્ઘજીવી અને વીર્યવાન દૃઢ પડે. એટલે વંદનાદિ અનુષ્ઠાન વખતે એ સંસ્કાર જાગ્રત્ થઈને અનુષ્ઠાનને બોધથી ભાવિત કરે.

**વીર પ્રભુએ સદ્વીર્યનો ઉપયોગ ક્યાં કર્યો ? :**

આત્મામાં સદ્વીર્ય છે એનો આ ઉપયોગ કરવાનો છે કે, શાસ્ત્ર પરિચયથી બોધને એવો વીર્યવાન બનાવીએ કે, અનુષ્ઠાન ક્રિયા સાધતાં, એ એનાથી ભાવિત થતી આવે. માટે જ મહાવીર ભગવાને સાધનાકાળમાં સદ્વીર્ય ખૂબ પ્રગટાવ્યું. દા.ત. ગોવાળિયો કાનમાં ખીલા ઠોકવા આવ્યો તો એને લાતે ફગાવવાની કે પોતાની આંગળી અંગુઠાની વચ્ચે એની કાનપટ્ટી જોરથી દબાવવાની તાકાત તો ભગવાનમાં હતી, પરંતુ એવો વીર્યનો ઉપયોગ ન કરતાં ગોવાળિયાને કાનમાં ખીલા ઠોકવામાં મૈત્રી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવનાથી સહાયક થવાનું અને એ માટે માથું સજજડ સ્થિર રાખવાનું વીર્ય વાપર્યું ! 'લે તારે મારા કાનમાં ખીલો ઠોકવો છે ને ? પણ ભઇલા ! તારા એક હાથે ખીલો પકડી બીજા હાથે ખીલા પર હથોડો મારવા જઇશ, ત્યાં તો મારું માથું બીજી બાજુ હાલી જશે, ને એમાં તારો ખીલો અંદર નહિ પેસે. માટે લાવ હું માથું સજજડ સ્થિર રાખું છું. બસ, હવે ઠોક ખીલા પર હથોડો.' પ્રભુએ આવું સદ્‌વીર્ય વાપર્યું, તો કાનમાં ખીલા અંદર ઘુસી શકયા... આ તો ઉત્કૃષ્ટ સદ્‌વીર્યનો એક દાખલો.

આ પરથી સમજવાનું આ છે કે આપણા બોધવીર્ય-બુદ્ધિશકિતનો જે ઉપયોગ દુનિયાના કચરા ભૂંસા કૂટવામાં કરીએ છીએ, એના બદલે શાસ્ત્રશ્રવણથી વીર્યવાન બોધ કરવામાં એ કરવાનો છે. એટલે શાસ્ત્ર-શ્રવણથી બોધ કરવામાં આવા સદ્‌વીર્યનો ઉપયોગ કરાય, તો બોધવીર્યવાન થાય.

### ૩ જી દૃષ્ટિમાં પ્રીતિ-અનુષ્ઠાન :

ત્રીજી બલા દૃષ્ટિમાં વીર્યવાન બોધ થાય છે, તેથી એવા બોધથી જન્મેલા બળવાન સંસ્કાર દ્વારા અનુષ્ઠાન ભાવિત થાય છે. એનું શુભ પરિણામ આ આવે છે કે અનુષ્ઠાન અહીં પ્રીતિ-અનુષ્ઠાન બને છે. બને જ ને ? કેમકે જે સમ્યગ્ બોધ મેળવ્યો છે એમાં જ જાણ્યું છે કે 'આવા ધર્માનુષ્ઠાનો-ધર્મસાધનાઓ જ આ જીવનમાં કર્તવ્ય છે, પાપક્રિયાઓ કર્તવ્ય નહિ.' એટલે હવે સાધના કરવાનો મોકો આવે ત્યારે એ બોધના સંસ્કારથી જનિત સ્મરણ દ્વારા અનુષ્ઠાન-સાધના પર પ્રીતિ થાય, સાધના પ્રીતિથી કરાય, ને એ પ્રીતિ -અનુષ્ઠાન બને. પ્રીતિ સાધના પર કરવાની, પણ એનાથી ઊભા થતા લૌકિક લાભ પર નહિ.

### શુદ્ધ અનુષ્ઠાનની પ્રીતિથી થતું અનુષ્ઠાન એ પ્રીતિ-અનુષ્ઠાન.

અહીં એ ખાસ લક્ષમાં રહે કે શુદ્ધ પ્રીતિ-અનુષ્ઠાન વીર્યવાન બોધપ્રકાશથી ક્રિયા ભાવિત રહેવા પર આધારિત છે. તેથી જો સાવધાની ન રાખી, ને એ બોધ-ભાવિતતા ભૂલ્યા, તો અનુષ્ઠાન ત્રીજી દૃષ્ટિનું નહિ રહે. આ એમ બને છે કે અનુષ્ઠાન પરની પ્રીતિને બદલે કોઇ કાયાના આરામી સુખની પ્રીતિ, યા કોઇ જડ ચેતન વિષય વગેરેની પ્રીતિ થઇ આવે છે, અગર ક્રિયામાં શુષ્કતા-શૂનમૂનતા આવી જાય છે. માટે જ સાવધાની-જાગૃતિ ખૂબ જરૂરી.

### સાધના ખડ્ગધારે ચાલવા કરતાં કઠિન :-

તેથીસ્તો આનંદઘનજી મહારાજ સાધનાને ખાંડાની ધાર જેવી, અરે ! ખાંડાની ધાર પર ચાલવા કરતાં પણ કઠિન કહે છે,-

**"ધાર તલવારની સોહિલી,**
**દોહિલી ચૌદમા જિનતણી ચરણસેવા;**
**ધાર પર ચાલતા દેખ બાજીગરા,**
**સેવનાધાર પર રહે ન દેવા."**

બીજે કહ્યું-

**"મુગ્ધ સુગમ કરી સેવન આદરે,**
**સેવન અગમ અનુપ."**

અહીં 'સેવન' એટલે કોઇ પણ સુકૃત-સાધના અનુષ્ઠાન. એ આરાધવું એટલે તલવારની ધાર પર ચાલવા કરતાં કઠિન ! મોટા દેવતા પણ 'સેવના'-સાધના રૂપી ખડ્ગની ધાર પર સ્થિર ચાલી શકતા નથી ! બાકી તલવારની ધાર પર તો એના અભ્યાસી બાજીગરો-કળાબાજો ચાલી બતાવે છે. એ કેવી રીતે ચાલે ? દોડતો ચાલે ? દોડવામાં તો ધાર પર પગ જોસથી પછડાય તો ધાર પગને કાપી નાખે. કહો, ધીમે ધીમે બહુ સાવધાનીથી ચાલે. એથી પણ વધુ સાવધાનીથી સાધના-અનુષ્ઠાન આચરવાના છે.

### સિંહગુફાવાસી મુનિ કેમ ચૂકયા ?

જુઓ, સિંહગુફાવાસી મુનિ સ્થૂલભદ્ર મહામુનિનો ચાળો કરવા વેશ્યાને ત્યાં ચોમાસુ કરવા ગયા, પણ સાધના કેમ ચૂકયા ? કહો, પ્રથમ તબક્કે જ સહેજ એની સાવધાની ચૂકયા ! સંયમ-સાધનાની પહેલી મર્યાદા પહેલી સાવધાની 'સ્ત્રી સામે એક મટકું પણ ન મરાય.' તે ચૂકયા. વેશ્યાને જોઇ લીધી, એટલામાં જ ટાંટિયા ઢીલાં પડયા ! પછી કેમ ? તો કે એક ચૂક્યો તે સોએ ચૂકયો. સો પગથિયાની સીડીમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઠેઠ ઉપરનું એક જ પગથિયું ચૂકે, તો શું થાય ? કહો સોએ પગથિયાં ચૂકે. બ્રહ્મચર્ય અને સંયમના ભાવ નષ્ટ કરવા સુધી પહોંચી ગયા !

ત્યારે સ્થૂલભદ્ર મહામુનિ એમને એમ નથી બચી ગયા. વેશ્યાને ત્યાં રહ્યા ખરા, પણ એનું મોં કે કોઈ પણ અંગોપાંગ જોવાની બાધા ! તે જતાંવેંત જ વેશ્યાને તાકીદ આપી દીધી કે 'ડા હાથ દૂર રહીને વાત કરજે,' અને પોતે ધ્યાનસ્થ દૃષ્ટિથી બેસી રહેતા. એમાં કેટલું દેખાય ? બહુ તો માત્ર ૧ હાથ જેટલું; પછી ૩ા હાથ દૂર રહેલી વેશ્યાનો પગ પણ જોવાનું ક્યાં આવે ?

પ્ર૦- પરંતુ વેશ્યાના પ્રેમના બોલ ને ગીત તો સંભળાઈ જાય છે ? - શું તેથી વિકાર ન જાગે ?

ઉ૦- સમજી રાખો, મોટું તોફાન આંખનું છે. દિવસના કેટકેટલી જગાએ આંખ જઈને કેટલા ધરખમ રાગદ્વેષ કરાવે છે ? એવો આંખનો જુલ્મ સમજી એને કબ્જામાં લીધા પછી તો સ્વાધ્યાય-ચિંતન-ધ્યાનમાં એકાકાર થયા ત્યાં બહારના શબ્દ પર કશું ધ્યાન જાય નહિ. સ્થૂલભદ્રસ્વામી આ હિસાબ રાખી જીતી ગયા; ત્યારે સિંહગુફાવાસી મુનિ પહેલે પગથિયે આંખનો અસંયમ કરી હારી ગયા.

બલા દૃષ્ટિમાં વીર્યવાન બોધ હોવાથી એનાથી ભાવિત અનુષ્ઠાન એ પ્રીતિ-અનુષ્ઠાન બને છે.

### ૪ થી દૃષ્ટિમાં ભક્તિ-અનુષ્ઠાન :-

ચોથી 'દીપ્રા' દૃષ્ટિમાં બોધ-પ્રકાશ વિશિષ્ટ વીર્યવાન બનવાથી એવા બોધથી ભાવિત અનુષ્ઠાન પર પ્રીતિમાં ભક્તિભાવ ઉમેરાય છે. અહીં જીવ હજી સમ્યક્ત્વ પામ્યો નથી એટલે ભાવવંદના ભાવઅનુષ્ઠાન પ્રાપ્ત ન થાય. અહીં તો દ્રવ્ય વંદનાદિ ક્રિયા હોય; પરંતુ હૈયામાં પ્રીતિ-ભક્તિના યોગે ભાવનો સારો ઉત્કર્ષ હોય. અહીં ગુણઠાણું પહેલું છે, પરંતુ એમાં દશા ઉચ્ચ કોટિની છે. માટે તો આગળ કહેવાના છે તેમ 'ધર્મ અર્થે ઇહાં પ્રાણને છંડે જી, પણ નહિ ધર્મ,' એવી ધર્મ પર જબરદસ્ત પ્રીતિ ભક્તિ ઊભી થાય છે.

### ૫ મી દૃષ્ટિમાં અપ્રતિપાતી, વર્ધમાન, અ-પરદુઃખકારી બોધ :-

પાંચમી સ્થિરા દૃષ્ટિમાં રત્નપ્રકાશ જેવો બોધ-તે એમાં સુદેવ-ગુરુ-ધર્મ તત્વની ઓળખ થઈ છે એટલે ભાવોલ્લાસ અપરંપાર છે; કેમકે એ જુએ છે કે 'ક્યાં ખજવાના પ્રકાશ જેવા લૌકિક દેવ-ગુરુ-ધર્મના ભ્રામક મલિન બોધ ? ને ક્યાં રત્નપ્રકાશ જેવા આ લોકોત્તર દેવાધિદેવ નિર્ગ્રન્થગુરુ અને સર્વજ્ઞ ધર્મના યથાર્થ નિર્મળ બોધ ?' અહીં એવું શ્રદ્ધા-આકર્ષણ ઊભું થઈ ગયું છે કે જે 'અપ્રતિપાતી' અર્થાત્ આવેલો હવે જાય તો નહિ, પણ 'વર્ધમાન' અર્થાત્ ભાવોલ્લાસથી વધતો રહે ! આ બોધથી ભાવિત થયેલી સાધના એવી ચાલે કે 'અ-પર-પરિતાપકૃત્' કોઈને દુઃખકારી નહિ. એની આજુબાજુવાળા સાથે વ્યવહાર સૌમ્યતાભર્યો, એટલે કોઈને એના પર અભાવ-દુર્ભાવ ન થાય.

### વીતરાગની ઓળખ ક્યાં ?

વીતરાગને ભજે અને જો હૃદય વિષયરંગથી અ-સૌમ્ય તથા અનાદિસિદ્ધ કષાયોવાળું જ રહે, તો વીતરાગને એણે શા ઓળખ્યા ? સરાગીને છોડી વીતરાગની શી ઉપાસના કરી ? અહીં તો એને સમજાઈ ગયું હોય કે 'પૂર્વે અનંત અનંત કાળમાં ગોઝારા ઈંદ્રિય-વિષયો અને કષાયોથી પોતે પોતાના આત્માનું ઘણું ઘણું બગાડયું છે, નરક-તિર્યંચ ગતિમાં પોતાના આત્માને અનંત અનંતકાળ ભટકાવ્યો છે; તો હવે વીતરાગ મળ્યા પછી એ જ વિષય-કષાયની કાળી રમત કરવાની હોય ?' આમ પોતાના આત્માની જ્વલંત ચિંતા ઊભી થઈ ગઈ હોય; તેમ જ દિલમાં કર્મપીડિત જગતના જીવો માટે ભારે કરુણા તરવરતી હોય કે બિચારા જીવો કેવા દુઃખમાં રીબાઈ રહ્યા છે !

### પુદ્ગલ-પરિચય મૂકો :-

આમ અનંતકાળના પોતાના બગડેલા આત્માને સુધારવો છે, તેથી મૈત્રી-કરુણાદિ ભાવોમાં રમતો થઈ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય. જે પોતે જડ પૌદ્ગલિક વિષયોમાં પરિણત ને ઓતપ્રોત થઇ જતો હતો, તે હવે એમાં ઘટાડો કરી વીતરાગના ત્યાગ-તપ-ક્ષમાદિ ધર્મમાં પરિણત-ઓતપ્રોત થઇ જવું છે. 'પુદ્ગલ-પરિચય, પાપતણી અહોનિશ દશા' હતી, તે હવે વીતરાગના ધર્મ અને તત્ત્વોના પરિચયવાળી, તથા એને આધારે જીવન જીવી ગયેલા મહાપુરુષોના પરિચયવાળી જીવનદશા ઊભી કરવી છે. એટલે જ્યાં જ્યાં જગતના જડ વિષયો પર નજર ગઇ કે તરત નજરને વીતરાગના ધર્મના જ્ઞાનદર્શન-ચારિત્ર તથા પંચાચારના ભેદ-પ્રભેદો ને તત્સાધક પૂર્વજો ઉપર ફેરવી નાખે, એના ઊંડા ચિંતનમાં પડી જાય; એ પછી પુદ્ગલમાં શાનો મુંઝાય ? હવે તો પુદ્ગલ પરિણતિને બદલે આત્મ-પરિણતિમાં રમવું છે; જડ પુદ્ગલના રૂપાદિગુણોને બદલે આત્માના જ્ઞાનાદિગુણોમાં લીન થયું છે. ક્યાં જડ પુદ્ગલના રૂપ-રસ-ગંધ જેવા નાશવંત અને તુચ્છ ગુણો ? અને ક્યાં પોતાના આત્માના શુદ્ધ જ્ઞાન-ક્ષમા-વૈરાગ્ય તપ-સંયમ-અહિંસાદિ મહાન ગુણો ?

**'પરિતોષહેતુ' :-**

આ આત્મ-પરિણતિમાં રમવાના અભ્યાસવાળો પરને પરિતાપ કરનારો શાનો બને ? એ તો સ્વ-પરને આનંદનું કારણ બને. હવે તો એને સંસારની પાપ-ક્રિયાઓ અને મોહમૂઢ-ક્રિયાઓનો કશો રસ નહિ. એને રસ દેવદર્શનાદિ તારક ધર્મક્રિયાઓનો, તે એનાં પ્રણિધાન અર્થાત્ એના કર્તવ્ય-નિશ્ચય અને એમાં દત્તચિત્તતા વગેરે ઊભા કરે.

આવું પ્રણિધાન હોય પછી ધર્માનુષ્ઠાન સાધે તે રાધાવેધની જેમ એકાગ્ર તન્મય થઇને સાધે.

પ્રણિધાનવાળી ધર્મ-પ્રવૃત્તિ એટલે રાધાવેધ જેવી સાધના

**બાહ્ય-આંતર ઉભયથી સક્રિય :-**

મન એમાં જ સમર્પિત; એટલે ધર્માનુષ્ઠાનની સાધના અર્થાત્ ધર્મપ્રવૃત્તિ માત્ર બાહ્ય ક્રિયારૂપ નહિ, પરંતુ આંતર ક્રિયારૂપ પણ સાથે ચાલતી હોય; અને ખરી ધર્મક્રિયા એ જ છે. **શ્રીજ્ઞાનવિમલસૂરિજી** સીમંધર પ્રભુના સ્તવનમાં કહે છે.

**"અક્રિય સાધે જે ક્રિયાજી,**
**તે નાવે તિલમાત;**
**મદ અજ્ઞાન ટળે જેહથીજી,**
**તે નહિ નાણની વાત.**
**-કૃપાનિધિ ! સુણ મોરી અરદાસ"** 'પ્રભુ ! અંતરથી અક્રિય રહીને જે બાહ્ય ક્રિયા સાધે છે તેની તલમાત્ર જેટલી ય કિંમત નથી. પરંતુ અંતરના મદ-અહંત્વ અને અજ્ઞાન-મિથ્યાજ્ઞાન ટળે એવી જ્ઞાનદશામય ક્રિયાની મોટી કિંમત છે, એના પ્રભાવની વાત થાય એવી નથી કે કેટલો પ્રભાવ ?'

**આભ્યન્તર ક્રિયા શુભ પરિણતિની :-**

**દાનમાં આંતરક્રિયા :-**

બહારથી તો દાન દઇ રહ્યો હોય, પરંતુ અંતરમાં દીધા કરતાં કંઇ ગણું લેવાની લાલસા હોય, તો એ આભ્યન્તર ક્રિયા વિનાની બાહ્ય દાનક્રિયા થઇ. એના બદલે દાન દેવાની સાથોસાથ મનમાં થાય કે- 'આ ગોઝારા પૈસા જેના પર મને મદ-મમત્વના ઝેર પીવાનું થાય છે, જેના પર મને વિષય-વિલાસની જ દુર્બુદ્ધિના નશા રહ્યા કરે છે, એ પાપલક્ષ્મી સુકૃતમાર્ગે જાય એટલું સારું,' આમ અંતરમાં ગડમથલ ચાલતી હોય, ત્યારે બાહ્ય દાન-ક્રિયાની સાથોસાથ આંતર શુભ પરિણતિની ક્રિયા ઊભી થઇ ગણાય.

**તપમાં આંતરક્રિયા :-**

એમ બાહ્ય તપનાં અનુષ્ઠાન સાથે અંતરમાં "હાશ ! રોજની નિર્લજ્જ ખાઉં-ખાઉંની બાળ ચેષ્ટામાંથી આજે છૂટયો, એટલે આજે 'ઉપવાસ', આત્મા ને પરમાત્માની 'ઉપ'=સમીપ વાસ કરવાનો મળ્યો. આજે ઉપવાસમાં અરૂપી આત્માના અનાહારી સ્વભાવ અને જગત પ્રત્યેના એના અલિપ્ત સ્વભાવનો કાંઇક વિચાર કરવાની તક મળશે. એમ પરમાત્માનાં સ્વરૂપ શક્તિ, ગુણો અને ઉપકારોનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચાર કરવા અવસર મળશે !'' આવા કોઇ ભાવ અંતરમાં ચાલતા હોય, તો તપમાં બાહ્યથી સક્રિય થવા સાથે અંતરથી પણ સક્રિય બન્યો. પરંતુ અંતરથી અક્રિય રહી જે તપ ક્રિયા સાધે તેની કિંમત શી ? અંતરથી અક્રિય એટલે બાહ્ય તપ તો કર્યો પણ એથી 'બહારમાં સન્માન કેમ મળે ? સારી પ્રભાવના-પારણું કેમ મળે ?' એવી જ કોઇ ગડમથલ હોય, તો અંતરથી કશી તપ ક્રિયા આવી નહિ; માટે એ અંતરથી અક્રિય રહ્યો કહેવાય.

## પૂજા-સ્તુતિમાં આંતરક્રિયા :-

એમ બાહ્યથી વીતરાગની અભિષેકાદિ-પૂજાની ક્રિયા, કે 'નમુત્થણં' આદિ બોલવા જેવી સ્તુતિ ક્રિયા કરતો હોય, પરંતુ સંમૂર્છિમની જેમ કશા શુભ ચિંતન વિના કર્યે જતો હોય, યા એનાથી સારો દુન્યવી લાભ કેમ મળે એનું જ ચિંતન હોય, પણ (૧) અભિષેકનો મર્મ ભગવાનને પોતાના હૃદય-સિંહાસને રાજા તરીકે અભિષિક્ત કરવાનું કશું ચિંતન નહિ; (૨) ચંદનથી વિલેપન-પૂજાનો મર્મ પોતાના આત્મામાં ચંદન જેવી શીતલતા-સુગંધિતા, કષાયોના શમનથી શીતલ સ્વભાવ, અને લક્ષ્મી આદિના મોહ મૂકી સુકૃતોની સુગંધિતા લાવવાની કશી ગરજ જ નથી, એનું ચિંતન જ નથી; એમ (૩) 'નમુત્થુણં'ના પદે પદે અંતરમાં પ્રભુના એ અદ્‌ભુત ગુણો પર અહોભાવ નથી ઊઠતો, પ્રભુના એ ગુણોનો પોતાને લાભ કેમ મળે એની કશી વિચારણા જ નથી; એમ (૫) સ્તવન ગાય એમાં બોલે તો ખરો કે 'પ્રભુ મને આ આપો, આ આપો,' પરંતુ 'પોતાને ખરેખર એ જોઇએ છે', એવી અંતરમાં લેશ્યા જ નથી, તો માત્ર બાહ્યથી જિનભક્તિની શુભ ક્રિયા રહી માત્ર બાહ્યથી સક્રિય બન્યો, પણ આંતર શુભ ક્રિયા કશી થઇ નહિ; એટલે અંતરથી અક્રિય રહ્યો.

આ અક્રિય સાધે જે ક્રિયા તેનું, અંતરથી સક્રિય રહી જે બાહ્ય ક્રિયા કરે તેની સામે, શું મૂલ્ય ? માટે અંતરથી સક્રિય થવા બાહ્ય 'નમુત્થુણં' સ્તોત્ર વગેરેથી પ્રભુને વંદના કરે એ વખતે આભ્યન્તરમાં પ્રભુ પ્રત્યે ભારે પૂજ્યભાવ, તારકભાવ, અને અતિશય બહુમાન લાવે. એની સામે મોટા દેવતાઇ ઐશ્વર્યભર્યા સંસારને અસાર લેખી એની પ્રત્યે નફરત લાવે, ઘૃણા લાવે, સમજે કે એવા મોટા ઐશ્વર્ય તો ચાર ગતિમાં જનમ-મરણના દુઃખમય ભ્રમણ ચાલુ રાખનારા છે, ત્યારે આ પ્રભુ અને એમના મંત્રમય 'નમુત્થુણં' આદિ સ્તોત્ર ભવના ફેરા કાપનારા છે.

પ્ર૦- શું 'નમુત્થુણં' આદિ સ્તોત્ર એ મંત્રમય છે ?

ઉ૦- મંત્રમય શું પૂછો છો ? મહામંત્રમય છે. દુન્યવી મંતર જંતર બાહ્ય ઝેર કાઢતા હશે અને જડ માટીની નાશવંત સંપત્તિ આપતા હશે, ત્યારે આ વીતરાગના સ્તોત્ર તો અંતરના રાગાદિના ભયંકર ઝેર કાઢનારા છે, અને વૈરાગ્ય-ક્ષમા-સમતા આદિની મહાન આત્મિક અવિનાશી સંપત્તિ આપનારા... યાવત્ અનંત સુખમય મોક્ષસંપત્તિ આપનારા છે ! છે તાકાત આ બાહ્ય મંતર જંતરની ? આંતર શુભ ક્રિયા ચાલુ હોય તો, આવા સ્તોત્રથી પ્રભુને વંદના જે થાય એમાં મન પ્રણિધાનવાળું અર્થાત્ સમર્પિત થઇ જાય, તન્મય એકાકાર થઇ જાય, આવી પ્રણિધાનવાળી પ્રવૃત્તિ ચાલી, એમાં પછી 'વિઘ્નો આવે તોય એને મચક નહિ આપવાની,' આ હિસાબ હોય. કેમકે સમજે છે કે 'આવી અનંત કલ્યાણકર ધર્મસાધના-ધર્મપ્રવૃત્તિ કોઇ અનંતકાળે કરવા મળી હશે ! તો હવે આવી અતિ અતિ દુર્લભ ધર્મસાધના મળ્યા પછી એમાંથી પાછું પડવાનું શાનું હોય ? વિઘ્ન આવે તે પાર કરવાના.'

## ચિત્તવ્યામોહનું વિઘ્ન :-

સાધનામાં ખાસ કરીને દિશા-વ્યામોહ જેવા ચિત્તવ્યામોહનું વિઘ્ન ઊભું થવા સંભવ. દા.ત. કોઇની સારી ધર્મક્રિયા જોઇને એમ થાય કે 'આમની ક્રિયા બહુ સારી, મારી ક્રિયા માલ વિનાની...' આમની જ્ઞાનશક્તિ સારી, કલાક ગોખે ને ૧૦-૧૫ ગાથા મોંઢે કરી લે ! હું તો ત્રણ કલાક ગોખું તોય પાંચ ગાથા માંડ થાય. મારી ભણવાની મહેનત માલ વિનાની,'... 'આ તપ સારો કરી શકે છે, અઠ્ઠમ કરે છતાં કેટલી બધી શક્તિ ! હું તો એક ઉપવાસમાં ઢીલો, મારો તપ માલ વિનાનો....' આમ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લઘુતા-ગ્રંથિ રાખ્યા કરે, તે પોતાની બધી સાધના માલ વિનાની જ દેખે ! આ એક પ્રકારનો ચિત્તવ્યામોહ છે; કેમકે આમાં સ્વસુકૃતની બેકદર કરે છે, *એની અનુમોદના ગુમાવે છે. અલબત્ બીજાની* સાધના ઊંચી છે, પરંતુ તેથી કાંઇ પોતાની સાધના એ સાધના જ નથી એવું થોડું જ છે ? પોતાની પણ સાધના ધર્મ-સાધના જ છે, પાપ સાધના નહિ. એને ધર્મસાધનારૂપ ન માનવી એ ચિત્તનો વ્યામોહ છે. એથી મન નિરાશ થાય, નિરુત્સાહ થાય; તો સાધના કરે કરે ને ગુમાવવાનું થાય ! માટે એવો ચિત્ત વ્યામોહ વિઘ્ન છે, એને દૂર જ રાખવો. એ માટે આ પાકી શ્રદ્ધા રાખવી કે

-"પોતાની ભલે ઢીલી સાધના હોય; પરંતુ એ જિનેશ્વર ભગવાનની જ કહેલી છે, તારણહાર ધર્મ-સાધના છે. વળી ભગવાને ધર્મ-સાધના કરવાની કહી છે એમાં તરતમતા હોય, ઊંચી-નીચી કોટિની સાધનાઓ હોઇ શકે છે, પરંતુ તેથી કાંઇ ઉચ્ચ કોટિની સાધનાની સામે નીચેની સાધના કિંમત વિનાની નથી ઠરતી. તેથી મારી પણ સાધના કિંમતી છે. આમાંથી જ આગળ નવી ઊંચી સાધના આવશે. જિનોક્ત સાધના નાનામાં નાની પણ જો નિરાશંસપણે ધર્મ સમજીને કરાય, તો અમૃત-ક્રિયા બને છે. એની સામે દુન્યવી પ્રવૃત્તિ એ ઝેર સમાન છે. અમૃત ક્રિયાથી અંતે અમૃતપદ મોક્ષ મળે છે."

આમ જિનવચન-શ્રદ્ધા અને આત્મશ્રદ્ધા રાખે, તો ચિત્ત વ્યામોહ હટી જાય, ઊભો જ ન રહે. સુલસા શ્રાવિકા આગળ અંબડ પરિવ્રાજકે ઘણાય ધમપછાડા કર્યા, કેઇ પ્રપંચ રચ્યા, પણ વ્યર્થ ! સુલસા એની સમ્યક્ત્વ પરિણતિમાંથી લેશમાત્ર ચલિત ન થઇ.

### સુલસાના ધર્મસત્ત્વની પરીક્ષા :-

સૌધર્મેન્દ્રનો સેનાપતિ હરિણૈગમેષી દેવ સુલસાનું ધર્મ-સત્ત્વનું પારખું કરવા આવ્યા. સાધુનું રૂપ કરી સુલસાને ત્યાં આવી લક્ષપાક તેલ માગ્યું. સુલસા અહોભાગ્ય માની દાસી પાસે તેલનો *શીશો* મંગાવે છે. દેવતાએ અદૃશ્યપણે દાસીનો હાથ થોથરાવી શીશો પડાવી નાખ્યો, ફૂટી ગયો. બીજો શીશો મંગાવ્યો એની પણ એ જ દશા. ત્રીજો મંગાવ્યો એ પણ દેવે ફોડાવી નાખ્યો. આટલું છતાં સુલસા દાસી પર ગુસ્સો નથી કરતી, યા હાયવોય નથી કરતી કે,-'હાય આટલું કિંમતી લક્ષપાક તેલ ન સુપાત્ર દાનમાં કામ લાગ્યું, કે ન વાપરવામાં કામ લાગ્યું. અભાગણી દાસીએ ભોંયભેગું કર્યું !' ના, કશી લેશમાત્ર પણ હાય નહિ, ને વોય નહિ. ઉલ્ટું દાસીને આશ્વાસન આપે છે, 'શીશા ફૂટ્યા એમાં શું થઇ ગયું ? મારા હાથેય ત્રણ નહિ તેર ફૂટે. ગભરાઇશ નહિ.' સાધુને કહે 'પ્રભુ ! ક્ષમા કરજો, આજ મારું સદ્ભાગ્ય નહિ, છતી વસ્તુએ દાન ન કરી શકી. વળી બે દિવસ પછી પધારજો. અમારે ત્યાં તો તેલ સ્વભાવિક બનતું રહે છે." દેવતા સુલસાનું ધર્મસત્ત્વ જોતાં છક્કડ ખાઇ ગયો. શું આ ? ધર્મ સામે વિઘ્ન આવ્યું, પરંતુ ચિત્ત વ્યામોહ કર્યા વિના સુલસાએ વિઘ્ન પર વિજય મેળવ્યો.

✣ ✣ ✣

### ૬ ઠ્ઠી 'કાન્તા' દૃષ્ટિમાં :-

કાન્તા નામની દૃષ્ટિમાં 'અનુષ્ઠાન એવા ઉચ્ચ બોધપ્રકાશથી ભાવિત હોય છે કે એમાં (૧) જ્વલંત ઉપયોગ અને (૨) વિશિષ્ટ પ્રમાદ-રહિતતા હોય છે,' એમ કહ્યું, તે દેવતાઇ પ્રલોભન આવે તોય બેસલામત. આના દૃષ્ટાન્ત તરીકે દેવપાલની જિનભક્તિનું અનુષ્ઠાન જોઇ શકાય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દેવપાલની જિનભકિત

દેવપાલ એક શ્રાવકશેઠનાં ઢોરાં ચારનારો રજપુત નોકર હતો. એકવાર જંગલમાં વરસાદથી ભેખડ તૂટી નીચે પડેલી, ને ત્યાં ચોંટેલી. ઉપરની ભેખડના પોલાણમાં ઋષભદેવ પ્રભુની પ્રતિમા હતી, તે દેવપાલે જોઇ, ખુશ થઇ ગયો ! 'મને રાંકને ભગવાન મળ્યા ?' નદીમાં નહાઇ ભીની માટી લાવી ડુંગર નીચે જમીન પર દેવળ બનાવ્યું, ને પછી ઉપર ચડીને ભગવાનને નીચે લાવી એમાં બિરાજમાન કરી ફૂલ ચડાવ્યા. પછી હાથ જોડી સ્તુતિ કરતાં નાચે છે, બોલે છે, 'પ્રભુ ! આટલી બધી મારા પર તારી મહેર ? તું મને મળ્યો એ મને નિધાન મળી ગયું ! આજથી મારે નિયમ, -રોજ તારાં દર્શન-પૂજન વિના મોંમાં પાણીનું ટીપું પણ નહિ નાખું.'

દેવપાલ રોજ આવે છે, દર્શન-પૂજન સ્તવના કરે છે.પણ એકવાર સાત દિવસની વરસાદની ભયંકર હેલીમાં આવી ન શકયો, તો ૭ દિવસ ભૂખ્યો-તરસ્યો રહ્યો, આઠમે દિવસે ઊઘાડ નીકળતાં, આવી પ્રભુની આગળ હૃદયનાં ભારે રુદન સાથે બોલે છે,-

## દેવપાલનું રુદન :-

'પ્રભુ ! પ્રભુ ! મારા નાથ ! સાત સાત દિવસ તારાં દર્શન વિના મારા વાંઝિયા ગયા ! મને ક્ષમા કરજે નાથ ! ૭-૭ દિવસ મેં તારી સંભાળ ન કરી.' એને સાત દિવસના ઉપવાસના પારણાની કોઇ ચિંતા નથી, ચિંતા પ્રભુભક્તિ વિનાના દહાડા ગયા એની છે, તેથી એ કહે છે, 'પ્રભુ ! આવી સજા મને ? દયા કર, દયા કર, આ દાસ પર, મને સાત નહિ સત્તાવીસ દિવસ ભૂખ્યો ખાધા પીધા વિનાનો રાખજે, પણ ભક્તિ વિનાનો એક દિવસ પણ ન રાખીશ. તું પ્રભુ ! કેટલો બધો મહાન છે ! મારા કોઇ અચિંત્ય અથાગ ભાગ્યોદયે તું મને મળી ગયો ! કેટલી બધી તારી કૃપા !....

પ્રભુની સ્તુતિ કરતો જાય છે ને આંખમાંથી ચોધાર આંસુ પાડતો જાય છે. ભક્તિનું પૂર ઊમટયું છે. આના પ્રભાવે ત્યાં ચક્રેશ્વરી દેવી આવી, છતાં દેવપાલને એની સામે જોવાની ફુરસદ નથી ! થાકીને દેવી બોલે છે, 'અરે દેવપાલ ! દેવપાલ ! જરાક ઊંચે તો જો, હું તારા ભગવાનની અધિષ્ઠાયક દેવી ચક્રેશ્વરી આવી છું.' ત્યારે દેવપાલની ભક્તિ કેવી હશે ? ભગવાન સાથે મીંટ કેવી માંડી હશે કે દેવી આવીને ઊભી રહેલી છતાં એની સામે જોવું નથી ! આનું નામ ભગવાનના દર્શન-સ્તવનામાં વિશિષ્ટ ઉપયોગ-સંપન્નતા.

પ્ર૦- પ્રભુદર્શનમાં આવો ઉપયોગ શી રીતે આવે ?

ઉ૦- આવે, પ્રભુને જોતાં જ મનમાં નક્કી કરાય કે **'આ જગતમાં પ્રભુથી વધીને જોવાલાયક ચીજ નથી'** પછી પ્રભુ પર જ દૃષ્ટિ ચોંટી રહે, એમાં નવાઇ નથી.

ત્યારે હવે દેવપાલની વિશિષ્ટ અપ્રમત્તતા કેવી છે તે જુઓ,- દેવી કહે છે, 'દેવપાલ ! તારી ઉત્કટ ભક્તિથી હું બહુ પ્રસન્ન થઇ છું, તો ભક્તિના બદલામાં તારે જે જોઇએ તે માગી લે.' અહીં દેવપાલની અપ્રમત્તતા જોવા મળે છે. શરીરનો મોહ એ પ્રમાદ, વિષયની લાલસા એ પ્રમાદ. દેવપાલને કોઇ શરીરનો મોહ નથી. એ સાત દિવસ ભૂખ્યો રહ્યો અને પારણે પણ એની ચિંતા નથી, એમાં પહેલાં જોયું છે તેમ વિષયની લાલસા નથી, એ અહીં જોવા મળે છે.

દેવી કહે છે, 'માગ તે આપું.'

દેવીને દેવપાલ કહે છે, 'તું મને પ્રભુની ભક્તિ આપ.' શું આ ? પોતે ગરીબ નોકર છે, ને સામે આપનારી દેવી છે. છતાં એને દુન્યવી સંપત્તિ વગેરે કશું માગવાનું મન નથી ! ભક્તિ માગે છે !

દેવી કહે 'એ તો તારી પાસે છે જ.'

આ કહે 'મારી પાસે હોત તો ૭-૭ દિવસ મારા ભક્તિ વિનાના વાંઝિયા ન ગયા હોત.'

દેવી કહે ''એ બાહ્યથી તું ભક્તિ ન કરી શકયો એ જુદી વાત. બાકી તારા દિલમાં તો સાતે ય દિવસ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છલોછલ ભક્તિ કરેલી જ હતી; એટલે તો રોજ ચોવીસે કલાક ઝંખી રહ્યો હતો કે ક્યારે વરસાદ ધીરો પડે ને હું મારા ભગવાન પાસે દોડી જાઉં !' એટલે ભક્તિ તો તારા દિલમાં ભરેલી જ છે. માટે જો હું દેવતા છું, દેવતાનું દર્શન-વરદાન નિષ્ફળ જાય નહિ. માટે તું ભક્તિના બદલામાં તારું ગમે તે પ્રિય માગી લે.''

દેવપાલ કહે ''મને શું સમજાવી રહી છે ? મારે મન ભક્તિ તો ઐરાવણ હાથી જેવી છે, અને તું દુનિયાનું રાજ્ય પણ આપી દે એને હું ગધેડા તુલ્ય માનું છું. તું કહે છે, ભક્તિનાં બદલામાં દુનિયાનું કાંક માગી લે, એટલે એનો અર્થ એ કે ઐરાવણ હાથીના બદલામાં ગધેડો માગી લે. ઐરાવણ હાથી વેચીને ગધેડો ખરીદવાની મૂર્ખાઇ હું ન કરું.'' કેવી વિષયોની નિઃસ્પૃહા !

## કાન્તાદષ્ટિમાં વિશિષ્ટ અપ્રમાદ :-

આ તો સામાન્યથી વિષય-લાલસારૂપ પ્રમાદને બાજુએ મૂકવાની વાત થઇ. પરંતુ કાન્તા દષ્ટિમાં આવેલા આત્મા તો વિશિષ્ટ પ્રમાદને બાજુએ મૂકે છે, અર્થાત્ એ પોતાની સાધનામાં સહજભાવે લયલીન એવો કે બીજી કોઇ વાતની આતુરતા નહિ, કે મન એમાં લઇ જવાનું નહિ, યાવત્ સાધનામાં પણ 'આ ક્રિયા પૂરી કરું, પછી બીજી લઉં' એટલો ય વિચાર નહિ. ઘડિયાળનો કાંટો રેગ્યુલર ગતિએ સતત ચાલ્યા કરે એમ એમનું જીવન સાધનામાં સહજગતિએ ચાલ્યા કરે.

## વિનિયોગપ્રધાન ઉદાર દિલ :-

કાન્તા દૃષ્ટિના યોગીનો એક મહાન ગુણ આ બતાવ્યો કે એ 'વિનિયોગ-પ્રધાન' હોય, અથવા એમનું ઉદાર ગંભીર દિલ જ એવું કે એમના જીવનમાં વિનિયોગ મુખ્ય થઇ જાય. વિનિયોગ એટલે આપણી વસ્તુનું યોગ્ય પાત્રમાં સ્થાપન.

પ્ર૦- જો આવા વિનિયોગને મુખ્ય કરે તો શું પોતાની સાધના મુખ્ય નહિ ?

ઉ૦- મુખ્ય ખરી, પણ આ યોગીને પોતાની સાધના તો એવી સહજ ભાવની થઇ ગઇ છે કે એને ચાહીને કરવાની જરૂર જ રહેતી નથી, પછી શી એને મુખ્ય કરવાની હોય ? હા, વિનિયોગ ચાહીને કરવાનો છે, માટે એને મુખ્ય કરવાનો રહે.

ત્યારે, જીવનમાં જો આ વિનિયોગનો ગુણ આવી જાય, તો એક લાભ તો આ થાય કે દિલ એવું વિશાળ થઇ જાય કે વિચારે કે 'હું આ અનુષ્ઠાન સાધું છું તે એકલો હું જ સાધું એમ નહિ, કિંતુ બીજાઓ પણ મારું દેખીને આ સાધતા થાઓ.'

## ભજનમંડળીઓમાં ઇર્ષ્યા કેમ ટાળી ? :

કેટલાક વર્ષો પૂર્વે કાશીના એક નામી પંડિતજી પોતાના ગામડે ગયા. ત્યાં જોયું કે ભજન-મંડળીઓ ભજન કરતી, પરંતુ એકબીજાની ઇર્ષ્યા કરતી હતી. પંડિતજીએ એ મંડળીઓવાળા બધાને ભેગા કર્યા, અને કહ્યું કે,

''જુઓ, તમે બધા કેટલા બધા ભાગ્યવાન છો કે જીવનમાં પરમાત્માનાં ભજનનો સુંદર વ્યવસાય પકડયો છે. આજના કળિયુગમાં કેટલાયને સ્વયં પ્રભુ-ભજનની પડી નથી, ત્યારે તમે સ્વયં પ્રભુ ભજનમાં ઝીલવા સાથે બીજાઓને પણ એમાં ઝીલાવો છો. કેમ વારુ ? પ્રભુ-ભજન એ આ ઉત્તમ માનવ-જીવનનો સાર છે. બાકી તો બધી મોહમાયાજાળ એ અસાર જંજાળ છે, માટે જ ને ? તો તમને એ તો ગમતું જ હોય કે આખી દુનિયા પ્રભુ-ભજનમાં લાગી જાય તો કેવું સારું ? આ હિસાબે અહીં જે ભજન-મંડળીઓ કામ કરી રહી છે એ શું તમને ગમતું ન હોય ? શા માટે તમે એકબીજા પર ઇર્ષ્યા કરો ? ઇર્ષ્યાનો અર્થ એ કે તમને બીજા પ્રભુભજન કરે એ ગમતું નથી, ખમાતું નથી. તો પછી તમે પ્રભુ ભજન સમજ્યા શું ? જીવનમાં ઇર્ષ્યા કરવાની વસ્તુ બીજી કોઇ ન મળી તે પ્રભુ-ભજન જ મળી ? સારા માણસથી કોઇના પૈસા ટકા વગેરેની ય ઇર્ષ્યા ન થાય તો પ્રભુ-ભજન જેવા ઉત્તમ કાર્યની ઇર્ષ્યા ?'' સાંભળનારા સૌ ગદ્ગદ થઇ ગયા, પંડિતજીની માફી માગી અને કબૂલ કર્યું ''આજથી ઇર્ષ્યા ન કરતાં એક-બીજામાં ભળી જઇને પ્રભુભજન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરશું.''

વિનિયોગની આ વાત છે કે 'આપણે ભજન કરીએ છીએ તો બીજાઓ પણ ભજન કરતા થાઓ.' એવો ઉદાર આશય હોવો જોઇએ. સાથે ગંભીર આશય પણ જોઇએ. 'ગંભીર' એટલે બીજાના દોષને પચાવી લો, પેટમાં સમાવી દો, મનમાં ન લાવો.

**ગંભીર આશય :-**

**મનમાં લાવવાની વસ્તુ બીજાના દોષ-દુષ્કૃત નહિ, પણ સદ્‌ગુણ-સત્કાર્ય છે.**

દા.ત. આપણા પ્રભુદર્શનની કોઇ આડે આવીને ઊભો તો એનો વાંક ન જોતાં એ જે પ્રભુદર્શનનું સત્કાર્ય કરવા આવ્યો છે એ મન પર લઇ એની અનુમોદના કર.

શ્રી લલિત વિસ્તરા શાસ્ત્રમાં કહ્યું છે, -ધર્મ પર બહુમાન લાવવું છે ? તો ધર્મ-વિધિ બરાબર નહિ કરનાર કે ધર્મમાં ખોડ-ખાંપણ કરનારની નિંદા ન કરીશ. એના પર ભાવ કરુણા રાખજે, પાપકાર્યો છોડીને એ ધર્મનું સત્કાર્ય કરવા આવ્યો છે એની અનુમોદના ઉપબૃંહણા-પ્રશંસા કરજે. તો જ તને ધર્મ પર બહુમાન રહેશે. ધર્મ કરનારની નિંદા કરવા જઇશ તો એ દ્વારા ધર્મની નિંદામાં પડીશ, ધર્મ પર બહુમાન ગુમાવીશ. બહુમાન તારા અહંત્વ પર તારી જાત પર આવશે, 'હું આવી ભૂલ નહિ કરનારો; આ કેમ ભૂલ કરે છે ?' આ જાત પરને અહંત્વ પર બહુમાન છે, ધર્મ પર નહિ.

**ધર્મનું બહુમાન કોઇના પણ ધર્મની વાહ વાહ ગાવાથી આવે.**

**૭ મી પ્રભાદૃષ્ટિ :**

ગંભીર દિલ હોય તો બીજાનો ધર્મ ગાય, એના દોષ નહિ.

છઠ્ઠી કાન્તા દૃષ્ટિમાં તારાના જેવા બોધપ્રકાશથી જ્ઞાનયોગ જામી પડયો છે, તે એવો કે ચિત્ત એમાં વચ્ચે વચ્ચે સ્થિર થઇ જઇ ધ્યાનરૂપ થાય છે. આમ જ્ઞાનયોગ એ ધ્યાનનું કારણ બને છે, એમ કહ્યું ત્યારે,

સાતમી પ્રભા નામની યોગદૃષ્ટિમાં સૂર્ય જેવા બોધ-પ્રકાશથી લગભગ ધ્યાનરૂપતા જ આવી જાય છે. તીર્થંકર ભગવાન ચારિત્ર લઇને આ સ્થિતિમાં રહે છે. દિવસના માત્ર ત્રીજા પહોરમાં આહાર-વિહાર-નિહાર; બાકી દિવસરાત કાયોત્સર્ગ-ધ્યાનમાં ખડા ખડા રહે છે. જમીન પર પલાંઠી મારીને બેસવાની વાત નહિ, તો રાતના પણ સૂવાની વાતે ય શી ? કાયોત્સર્ગ ધ્યાને જ ખડા ખડા રાત ભર ! શરીર બહુ થાકે તો ક્ષણ વાર ગોદોહિક આસને બેસી પાછા ઊભા કાયોત્સર્ગ ધ્યાનમાં ! ભગવાન મહાવીર સ્વામીએ ૧૨ાા વરસ આ રીતે પસાર કર્યા, તે પણ એમાં ૧૧ાા વરસ જેટલા ઉપવાસ સાથે ! ભગવાન ઋષભદેવ સ્વામીએ ૧૦૦૦ વરસ આ ધ્યાનમાં લગભગ ખડા ખડા પસાર કર્યા ! એમાં પહેલું વરસ આખુંય ચોવિહારા ઉપવાસ સાથે કાયોત્સર્ગ ધ્યાનમાં ! ખૂબી તો એ કે આ સાતમી યોગદૃષ્ટિના બોધ પ્રકાશથી ભાવિત આ કાયોત્સર્ગ અનુષ્ઠાનમાં આડાઅવળા યા બીજા ત્રીજા વિકલ્પ નહિ ! અરે ! શરીર પર માખીઓ બેઠી, મચ્છર કરડે છે, કોઇ ડંડો ઠોકે છે એનો ય વિચાર સરખો નહિ ! તો ખેદની તો વાતે ય કયાં ? એટલી બધી તિતિક્ષા-સહિષ્ણુતા અને ધ્યાનના વિષયમાં મગ્નતા ! આ શી રીતે બનતું હશે ? કહો,

**લક્ષ્યશુદ્ધિ જોરદાર હોય ત્યાં વિકલ્પો ય ન ફરકે.**

**પ્રભુની લક્ષ્યશુદ્ધિ :**

ભગવાનને ચારિત્ર લીધા પછી એક જ લક્ષ્ય છે 'કર્મક્ષયપૂર્વક વીતરાગતા સિદ્ધ કરવી.' બસ, પછી આ લક્ષ્ય માટે સદા સાવધાન રહી સાધના કર્યે જતા હતા. લક્ષ્યની પાકી સાવધાની છે, એટલે પરીસહ ઉપસર્ગમાં મનમાં જરાય ખેદ-ઉદ્વેગ-કંટાળો નહિ; કેમકે એમાં કર્મક્ષય અને રાગક્ષય થતા આવે છે. કાયાથી ગમે તેટલું પણ સહન જ કરવું છે એટલે સહેજે કાયાનો રાગ તૂટે જ. કાયાનો રાગ અને મમતા છે તો જ કષ્ટ સહન થતું નથી. અહીં તો વીતરાગતાનું પાકું લક્ષ્ય છે, એટલે કાયાના રાગના ફૂરચા ઉડાવવા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે ગુફામાં બેસીને ધ્યાન ધરવાને બદલે વૈશાખ જેઠના ધૂમ તડકામાં ય બપોરે વિહાર ! અને કાયમ ત્રીજા પહોરના વિહાર સિવાય સાત પહોર ખડાખડા કાયોત્સર્ગ ધ્યાનમાં જ રહેવાનું ! કાયાનો રાગ ક્યાં ઊભો રહે ?

વીતરાગતાની લક્ષ્યશુદ્ધિ પાકી હતી તો ભગવાન જીવન જીતી ગયા. આપણી લક્ષ્ય શુદ્ધિ પાકી નહિ અને કાયાનો રાગ ભારોભાર, તેથી હારી જઇએ છીએ. બે રીતે હારીએ છીએ, (૧) એક તો સાધના કરતાં જરાક કષ્ટ આવ્યું કે આકુલ-વ્યાકુલ થઇ મનને સાધનામાંથી ઉઠાવી કાયાની સુખાકારિતા-અનુકૂળતા વગેરેના રાગમાં જવા દઇએ છીએ; અને (૨) બીજું એ, કે કેટલીય સાધના હાથવેંતમાં છતાં એનાથી આઘા જ રહીને જીવન હારીએ છીએ. નહિતર વિચાર આવે કે 'કાયા-ઈંદ્રિયોને તો બહુ મહલાવી, અનંતા ભવ મહલાવી, કિંતુ અહીં સાધનાનો અતિ દુર્લભ અને મહા મૂલ્યવાન જનમ મળ્યો એમાં પણ સાધનાથી આઘા રહેવાની કાયરતા અને કાયાની આસક્તિ પોષવાની ? આપણા આચાર્યશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજ સુખી સંસારમાંથી નીકળેલા, પણ ચારિત્ર જીવનમાં આવીને રોજ રાતના અરિહંતાદિ નવે પદના ઊભા ઊભા કાઉસ્સગ્ગ કરતા ! અને ઊભા થઇ થઇને એટલા ખમાસમણા દેતા ! એ સમજતા હતા કે કાયાને પાલિસ-માલિસ કરવાથી કર્મનો ખોડો ન નીકળે, એમાં તો રાગાદિ પોષાવાથી આત્માનો ખોડો નીકળે !

**એ તો કાયાને ગમતું કરવાનું છોડો તો એની મમતા તૂટે, રાગ તૂટે, કર્મ તૂટે.**

### પ્રશમસારં સુખમ્ :-

પરીસહો સહન કરવાનો ભેખ લેવાય અને તન મનને કસાય, તો સાધનામાં બીજા ત્રીજા વિકલ્પો ન ઊઠે, મન પ્રશાંત પ્રસન્ન રહે. ત્યારે આ સંસારમાં આમ તો સુખ નથી, પરંતુ એક પ્રશાંતભાવ-પ્રશમરસનું સુખ અદ્‌ભુત હોય છે. એ સુખમાં ઝીલતા મહાવીર પરમાત્માના માથે સંગમ દેવતાએ પર્વતની મોટી ભારેખમ શિલા જેવું કાળચક્ર ઝીંક્યું ! એના ભયંકર આઘાતથી પ્રભુના પગ જમીન ફાડીને અંદર ઢીંચણ સુધી ઊતરી ગયા. ત્યારે આઘાત કેટલો ભયંકર હશે ! છતાં ભગવાન પ્રશમરસમાં નાહી રહ્યા હતા ! શોક્યના અપ્રિય દીકરા પર ઘણી ત્રાસ ગુજારે તો એ ઓરમાન માતાનું કલેજું શાંત રહે છે. કાયાને શોક્યના દીકરા જેવી માન્યા પછી એના પરના ત્રાસમાં આત્માને કલેજે શાંતિ રહે, એમાં નવાઇ નથી. પ્રભાદૃષ્ટિમાં એટલા બધા પ્રશમરસથી અંતઃકરણ છલોછલ ભર્યું ભર્યું હોય છે કે કોઇ જ વિકલ્પ નહિ; ને તે તે સમયની સાધના પણ એવી સહજભાવે ચાલતી હોય કે એના માટે શાસ્ત્રનાં વિધાન યાદ ન કરવા પડે; સમાધિનિષ્ઠ અનુષ્ઠાન ચાલ્યા કરે.

**'સમાધિનિષ્ઠ અનુષ્ઠાન'** એટલે કે જેમાં ચિત્તની વિહ્વળતા અસમાધિ જેવું કાંઇ નથી. પ્રશાંત સાગર પર નાવડી સરળ ચાલી જાય એમ સમાધિ પર અનુષ્ઠાનની શ્રૃંખલા સહજ ચાલી જાય.

પ્ર૦- એમ તો શૂન્ય મનથી રાબેતા મુજબ અનુષ્ઠાન સરળ ચાલ્યા કરે છે, તો એને પણ સમાધિ-નિષ્ઠ ન કહેવાય ?

ઉ૦- ના, એમાં તો બીજા ત્રીજા વિકલ્પો ડાફોળિયાં વગેરે ચાલતું હોય છે, અને ખાટલે મોટી ખોડ અનુષ્ઠાનમાં ચિત્તનો ઉપયોગ જ નથી.

અહીં સમાધિનિષ્ઠ અનુષ્ઠાન તો એટલું ઉજ્જવલ અનુષ્ઠાન છે કે અહિંસા ક્ષમાદિ પ્રશમરસનું એવું ધર્મ તેજ પ્રસરે છે કે એના સીમાડામાં આવનાર પ્રાણીઓ ક્રૂરતા ભૂલી જાય છે, જાતિવૈર ભૂલી જાય છે.

### અવન્ધ્ય સત્ક્રિયા :-

આવા પ્રશમરસભર્યા યોગીઓ શિષ્યવર્ગ પ્રત્યે ઔચિત્યથી વર્તતા હોય છે, અવિનીત પર આકળા ઉતાવળા ન થાય, સારા વિનીત પર ઓવારી ન જાય. આવા મહાયોગીની બધી પ્રવૃત્તિ સત્ ક્રિયારૂપ હોય છે, અને અવન્ધ્ય યાને નિશ્ચિત સફળ હોય છે. એ ગોચરી જાય તો ય સામાને પમાડી આવે એવી એમની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચર્યા હોય. આમેય સાધુની ચર્યા જૈનેતરોને પણ ભાવ પેદા કરનારી હોય છે; કેમકે સાધુ સચિત્ત કાચું તો કાંઇ લેતા નથી, ઉપરાંત અગ્નિ-પાણી-વનસ્પતિને ન અડેલું હોય એવું જ લે... વગેરે કેટલાય દોષો વિનાનું લે. એ બધી ચર્યા જોઇને જૈનેતરો સ્તબ્ધ થઇ જાય છે.

### જૈનેતર બાઈ સાધુચર્યાથી પ્રભાવિત :-

કલકત્તા તરફના વિહારમાં એક ગામમાં સાધુ ગોચરી જવા પૂછે છે; 'અહીં બ્રાહ્મણના ઘર છે ? ભિક્ષા મળશે ?' ગામવાળો કહે,-

'મહારાજ ! અહીં તો બ્રાહ્મણો પણ મચ્છીખાઉ છે.'

પણ ચાવલ-ભાતમાં તો મચ્છી ન હોય ને ?'

'અરે મહારાજ ! અહીં તો ચાવલમાં ય નાની નાની મચ્છી પકાવે છે.'

સાધુ પૂછે 'તો કોઇ માંસાહારી ન હોય એવું ઘર જ નથી ?'

'છે, એક માત્ર સરપંચનું ઘર છે.'

ઘર પૂછતાં પૂછતાં સાધુ ત્યાં ગયા. ડેલીના બારણે 'ધર્મલાભ' પોકારતાં બાઈ બહાર આવી કહે 'કોણ છો ? અહીં નહિ, અહીં નહિ.'

સાધુ કહે 'અમે જૈન સાધુ છીએ, અને માધુકરી ભિક્ષા પદ્ધતિથી ભિક્ષા લેવા આવ્યા છીએ, અમારે તૈયાર પાકી રસોઇમાંની વસ્તુ ખપે.'

બાઇ પૌંઆં લઇ આવી. કહે, 'લો.'

'અરે બાઇ ! આ શું ? આમાં તો ધનેરા છે. અમારે તો અહિંસાનું મહાવ્રત. અગ્નિ પાણી જેવા સૂક્ષ્મ જીવોની ય હિંસા ન કરીએ એટલા માટે તો અમે રસોઇ વગેરે ય ન કરીએ. અરે ! અમારા માટે એવી હિંસા કરી બીજાએ રસોઇ કરી હોય, તો તે પણ અમારે ન ખપે. અમે તો એક કાચા પાણીને ય ન અડીએ, તો પછી આવા મોટા જંતુની હિંસા તો કેમ જ થાય ?'

બાઇ પ્રભાવિત થઇ ગઇ, તરત જ થાળીમાં ઊની રસોઇ લઇ આવી, વહોરાવ્યું, પછી કહે 'આટલી ગરમીમાં કયાં જશો, અહીં બાજુમાં રૂમ છે. ભોજન કરી લો.' સાધુ ત્યાં બેઠા ગોચરી કરવા. એમાં ૨-૩ વાર બાઇ પાછી આવી પૂછે- 'મહારાજ ! બીજું કાંઇ જોઇએ.' સાધુ કહે 'ખપ નથી,' અને જયારે ગોચરી પતાવી સાધુઓએ ત્યાંથી જવા માંડ્યું, ત્યારે બાઇ ગદ્ગદ થઇ કહે- 'અહો ! અહો ! આજ તો મારે ત્યાં ભગવાન પધાર્યા હતા ! હવે જાઓ છો ? બોલતાં બોલતાં રોવા જેવી થઇ ગઇ.

એક સામાન્ય સાધુ આવા પરોપકારી ! અને એમની સત્ ક્રિયા સાધુચર્યા અવંધ્ય ! ત્યારે સાતમી પ્રભાદૃષ્ટિવાળા યોગીની ચર્યા બધીય અવંધ્ય હોવાનું પૂછવું જ શું ?

### ૮મી પરાદૃષ્ટિ :-

આઠમી પરાદૃષ્ટિમાં ચંદ્ર-જ્યોત્સ્ના જેવો શીતલ સૌમ્ય બોધ પ્રકાશ, નીતરતો ધ્યાનમય બોધ, નિર્વિકલ્પ અને અત્યન્ત પ્રશમસુખરૂપ ! એટલે 'એમને પ્રતિક્રમણાદિ અનુષ્ઠાન નહિ' એમ કહ્યું. કેમકે એ લેશ પણ અતિચાર લગાડતા નથી.

અતિચાર લાગે એનું પ્રતિક્રમણ કરવાનું હોય. અતિચાર-સેવનમાં આત્મા સ્વભાવમાંથી ખસી પરભાવમાં જાય છે. દા.ત. જિનવચન છે 'આ સંસાર કદી ખાલી થતો નથી,' એના પર શંકા થાય કે 'પણ મોક્ષે જવાનું ચાલુ જ છે તો કોક દિ' તો સંસાર ખાલી થાય ને ?' આ શંકામાં શું કર્યું ? આત્માનો સ્વભાવ સમ્યગ્દર્શન, અર્થાત્ સર્વજ્ઞ અનંતજ્ઞાની ભગવંતોએ જ્ઞાનમાં જેવું દીઠું તેવું કહ્યું તે પ્રમાણેની શ્રદ્ધા એ આત્માનો સ્વભાવ. એના પર હવે શંકા 'આ સાચું હશે ? શું ખરેખર એવું જ બને છે ?' આવો શંકાનો વિચાર આવે, એ સ્વભાવમાંથી પરભાવમાં ગયો.

### પરભાવથી પાછા વળી સ્વભાવમાં આવી રહેવું એનું નામ પ્રતિક્રમણ. છ આવશ્યક કેવી રીતે સ્વભાવમાં લાવે ?:

પ્રતિક્રમણમાં સામાયિક આદિ છ આવશ્યક કરવાના હોય છે. જીવને એ બધાય પરભાવમાંથી સ્વભાવમાં લાવનારા બને છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧) 'સામાયિક' એટલે સમભાવને લાવનારી સાવદ્ય વ્યાપાર (સપાપ પ્રવૃત્તિ)ના ત્યાગની (વિરતિની) પ્રતિજ્ઞાના ઉચ્ચારણની ક્રિયા તેમજ સ્વાધ્યાયની ક્રિયા. આમાં વિરતિ ન ઉચ્ચરો, અવિરતિમાં રહો, એ પરભાવની ક્રિયા. એમ રાગાદિમાં રહો એ પરભાવની ક્રિયા. સામાયિક લો એટલે એમાંથી આત્માને સ્વ-ભાવ વિરતિભાવમાં પાછા ફરવાનું થાય. એમ,

(૨) ચઉવિસત્થો ૨૪ જિનની સ્તુતિ. એમાં ભગવાનને નજર સામે લાવી એમને નમસ્કાર કરાય, ગુણાનુવાદ થાય. એ ભક્તિ થઇ. એથી પરમાત્માનું સ્વરૂપ પામવાની ભૂમિકા ઊભી થાય. એ અંશે સ્વ-ભાવમાં આવ્યા; ને ભગવાનને મૂકી આડેઅવળે ગયા એ પરભાવ, એમાંથી પાછા ફરવાનું થાય.

(૩) 'વંદણ' ગુરુવંદના બે રીતે,- એક સુખશાતાની પૃચ્છા, બીજું ગુરુ પ્રત્યેની આશાતનાનો ત્યાગ. આમાં પહેલા પ્રકારમાં વિનયભાવ આવે. વિનય એ આત્માનો મૂળભૂત ગુણ છે, એટલે એ કરવામાં આત્મા સ્વભાવમાં આવ્યો ગણાય. એમ ગુરુ પ્રત્યે થયેલ આશાતનાથી પાછા ફરવું, એ પણ સ્વભાવમાં આવ્યા.

(૪) પ્રતિક્રમણમાં દુષ્કૃત-સંતાપ ગર્હા સાથે અકરણ-નિયમ કરાય, અને દુષ્કૃતના સંસ્કાર ભૂસાય એ પણ સ્વભાવમાં આવ્યા.

(૫) કાયોત્સર્ગમાં ધ્યાન સિવાય મન-વચન-કાયાની પ્રવૃત્તિ બંધ કરી, એટલા અંશે આત્માના અયોગ-સ્વભાવમાં આવ્યા.

(૬) પચ્ચક્ખાણમાં સંવરભાવ છે. આશ્રવભાવ એ પરભાવ; એમાંથી સંવરભાવમાં અવાય, એ સ્વ-ભાવમાં આવ્યા.

આઠમી પરાદૃષ્ટિમાં આત્મા એવો સ્વભાવમાં રત છે કે એને પ્રતિક્રમણાદિ અનુષ્ઠાન કરવાનું રહેતું નથી. સ્વભાવમાં રત હોવાથી સૂર્ય-ચંદ્રના જેમ સહજભાવે પરોપકારી બને છે.

## પ્રભુ સ્વ-ભાવમાં રકત કેવા ?

મહાવીર પ્રભુના સ્તવનમાં કવિ ગાય છે,-

''કારકષટ્ક થયાં તુજ આતમતત્ત્વમાં,
ધારક ગુણસમુદાય સયલ એકત્વમાં.''

## 'કારક' એટલે ?

વ્યાકરણ-શાસ્ત્રમાં ૭ વિભક્તિઓ આવે છે, કર્તા-કર્મ-કરણ-સંપ્રદાન-અપાદાન-સંબંધ અને અધિકરણ. આમાં ૬ ઠ્ઠી 'સંબંધ'- વિભક્તિ એ ઉપપદ વિભક્તિ, અર્થાત્ પદને લાગુ થનારી વિભક્તિ છે. દા.ત. રામનું રાજ્ય, સીતાનો વિનય. ત્યારે કર્તાથી માંડી અધિકરણ સુધીની બાકીની છ વિભક્તિ એ કારક-વિભક્તિ કહેવાય છે, કેમકે કારક એટલે કારણ, ક્રિયામાં કારણભૂત નિમિત્તભૂત હોય તે કારક-વિભક્તિ.

દા.ત. 'ઓરડામાં બાળક આનંદ માટે ડાબડામાંથી હાથેથી લાડુ લઇ ખાય છે,' આમાં ક્રિયા ખાવાની છે. એ ખાવાની ક્રિયા કરનાર (કર્તા) બાળક ક્રિયામાં કારણ બન્યું; એ- 'કર્તૃકારક.' આ ખાવાની ક્રિયા પણ ખાવાની વસ્તુ દા.ત. લાડુ હોય તો જ થાય છે, માટે લાડુ એ કર્મ તરીકે ક્રિયાનું કારણ 'કર્મ-કારક' બન્યું. ખાવાની ક્રિયા હાથેથી કરે છે, તો ક્રિયાનાં કરણ તરીકે હાથ એ 'કરણ-કારક' બન્યો. ક્રિયાનું પ્રયોજન આનંદ જન્મે છે તેથી જ લાડુ ખાવાની ક્રિયા કરે છે, માટે આનંદ એ પણ ક્રિયાનું કારણ 'સંપ્રદાન-કારક' બન્યું. ખાવા માટે લાડુ ઉઠાવવાની ક્રિયા ડાબડામાંથી ઊઠે છે, માટે ડાબડો પણ ક્રિયાનું કારણ 'અપાદાન કારક' બન્યું.' ખાવાની ક્રિયા ઓરડાભૂત આધાર અધિકરણ ઉપર થાય છે, તેથી ઓરડો એ પણ ક્રિયાનું કારણ 'અધિકરણ-કારક' બન્યું. એમ એક ક્રિયા પ્રત્યે ૬ કારક થયા.

## પ્રભુને ૬ કારક આત્મતત્ત્વમાં શી રીતે ? :-

પ્રભુને છએ કારક પોતાના આત્મતત્ત્વમાં થાય છે. દા.ત. 'પ્રભુનો આત્મા આત્માને આત્મા વડે આત્મા માટે આત્મામાંથી આત્મામાં રહીને જાણે છે.' એટલે ? જાણકાર જ્ઞાન કરનાર પ્રભુનો પોતાનો આત્મા છે, એ કર્તા-કારક. જાણવાની વસ્તુ પોતાનો આત્મા, એ કર્મકારક.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦- તો શું પરના આત્માને ન જાણે ? ન જાણે તો અહિંસા શી રીતે પાળે ?

ઉ૦- પર આત્માને પોતાના આત્મા જેવા જ જાણે છે. 'આત્મવત્ સર્વભૂતેષુ.' માટે તો આચારાંગ શાસ્ત્રમાં કહ્યું,-

'जं हन्तुमिच्छसि तं अप्पाणमेव जाणाहि.'

અર્થાત્ 'જેની હિંસા કરવા તું તૈયાર થયો છે, તેને તારા જ આત્મા તરીકે દેખ.' જો આ દેખે તો હિંસા થાય ? બીજા જીવને પોતાનો જીવ જાણ્યો એટલે પોતાના જીવ જેવી એના પર મમતા થાય, પછી હિંસા શાની થાય ? પોતાની હિંસા કોણ કરે છે ? કોઇ નહિ. પોતાની હિંસા ન થાય એ માટે હજી કાંટાથી બચાય છે, 'કાંટો ન વાગે' એ માટે જોઇ જોઇને ચલાય છે, પણ 'કીડી ન મરે' એ માટે જોઇ જોઇને કયાં ચલાય છે ? કેમ નહિ ? કીડી એ પોતાનો જ જીવ છે એમ લાગતું નથી. પ્રભુને એ પરજીવમાત્ર પોતાના જીવ જેવા જ લાગે છે. તેથી પોતાના આત્માને જાણ્યો એટલે પર જીવને જાણી જ લીધા. તો શું જડને જાણે ? જાણે, પણ તે સ્વાત્માના જ 'પરપર્યાય' તરીકે જાણે. એટલે એમાંય જાણ્યો તો પોતાનો આત્મા જ. પ્રભુનો આત્મા પોતાને સ્વરૂપથી અનંતજ્ઞાન દર્શન સુખમય જાણે છે.

આત્મા આત્માને જાણે છે આ કર્તૃકારક-કર્મકારક.

(૩) આત્માને આત્મા વડે જાણે છે, શાસ્ત્ર વડે નહિ. પ્રભુ તત્ત્વચિંતન કરે એમાં શાસ્ત્ર આમ કહે છે એમ એમને ન વિચારવું પડે. એ તો સ્વયં સ્ફુરણાથી તત્ત્વ ચિંતન કરે છે; અલબત્ તે ચિંતન શાસ્ત્રાનુસારી જ હોય છે, શાસ્ત્રબાહ્ય સ્વતંત્ર કલ્પનારૂપ નહિ.

(૪) આ જાણવાનું પણ શાના માટે ? તો કે કોઇ વિદ્વત્તા લેવા કે આનંદ માણવા માટે નહિ, કિન્તુ પોતાના આત્મા માટે જાણે છે. અર્થાત્ આત્માને કર્મમુકત કરવા, વિભાવમુકત કરવા માટે જાણે છે.

(૫) કયાંથી જાણે છે ? તો કે શાસ્ત્રમાંથી નહિ (શાસ્ત્રના આધારે નહિ) કિન્તુ પોતાના આત્મામાંથી જાણે છે. અંતરાત્માને તપાસતાં એમાંથી સ્વાત્મદર્શન સ્વાત્માનું પરમાત્મસ્વરૂપ-દર્શન ઊઠે છે.

(૬) પ્રભુ આત્માને જાણવાનું કયાં રહીને કરે છે ? તો કે કોઇ ગામ નગર કે જંગલમાં રહીને નહિ, કિન્તુ સ્વાત્મનિષ્ઠ બનીને જાણે છે. અર્થાત્ બાહ્ય સ્થાન કેવું છે ? અનુકૂળ કે પ્રતિકૂળ ? એના તરફ લેશ માત્ર ધ્યાન આપ્યા વિના પોતાનું સત્-ચિત્-આનંદમય શુદ્ધ જ્ઞાન દર્શનમય આત્મસ્વરૂપ ખ્યાલમાં રાખીને એટલે કે એ આત્મસ્વરૂપમાં રહીને જાણે છે, તત્ત્વ ચિંતન કરે છે. માટે જ બીજા આત્માઓને પણ મૂળ સ્વરૂપમાં એવા સત્-ચિત્-આનંદમય તરીકે પૂર્ણ જુએ છે. 'જ્ઞાનસાર'માં કહ્યું છે,

'सच्चिदानन्दपूर्णेन पूर्णं जगदवेक्ष्यते'

જગતના જીવોનું પૂર્ણ તરીકેનું દર્શન એ પોતાની આત્મનિષ્ઠતાને લઇને થાય છે.

આમ 'કારક ષટ્ક થયાં તુજ આત્મતત્ત્વમાં' એવી પ્રભુની સ્તુતિ કરી. આઠમી પરાદષ્ટિમાં આવી આત્મ દશા હોય છે. ત્યાં 'ધારક ગુણ-સમુદાય સયલ એકત્વમાં' અર્થાત્ આત્મામાં ક્ષાયિક ક્ષમા આદિ ગુણોનો સમૂહ છે, પરંતુ એ બધા ગુણને એકરૂપે ધારણ કરે છે. જે ક્ષમા એ જ નમ્રતા-નિરહંકાર, એજ નિર્લોભતા. ગુણો આત્માના સ્વભાવમાં એટલા બધા એકરસ થઇ ગયેલા છે.

(टीका) एवं सामान्येन सद्दृष्टेर्योगिनो दृष्टिरष्टधा, इत्यष्टप्रकारा ।

## વિવેચન :-

અહીં સુધી આઠ યોગદષ્ટિનો સામાન્યથી પરિચય આપ્યો. હવે એનો ઉપસંહાર કરતાં કહે છે,- 'એવં સામાન્યેન... અષ્ટ પ્રકારા,' અર્થાત્ એ પ્રમાણે સામાન્યથી સમ્યગ્દષ્ટિવાળા યોગીની દષ્ટિએ ચડતા ક્રમથી આઠ પ્રકારે કહી.અહીં એક પ્રશ્ન થાય,-

( टीका ) अत्राह ग्रन्थिभेदे सद्दृष्टेत्वं, स च दीर्घोत्तरकालभावी इति कथं सद्दृष्टेर्दृष्टिरष्टधा इति ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦- ગ્રન્થિભેદ થાય ત્યારે દૃષ્ટિમાં સમ્યગ્ દૃષ્ટિપણું આવે છે; અને ગ્રન્થિભેદ તો, ચાર યોગદૃષ્ટિ વટાવવા જેટલા લાંબે જઇને પછી એની ઉત્તર કાળમાં, પાંચમી દૃષ્ટિમાં પેસતાં થાય છે, તેથી અહીં સમ્યગ્દૃષ્ટિવાળાની દૃષ્ટિ તો ચાર પ્રકારની થઇ, તો પછી દૃષ્ટિ આઠ પ્રકારની કેમ કહી ?

(टीका) उच्यते, अवन्ध्यसद्दृष्टिहेतुत्वेन मित्रादिदष्टीनामपि सतीत्वाविति । वर्षोलकनिष्पत्ता- विक्षुरसकक्बडगुडकल्पाः खल्वेताः खण्डसर्करामत्स्यण्डीवर्षोलकसमाश्चेतरा इत्याचार्याः, इक्ष्वादीनामेव तथाभवनादिति । रूच्यादिगोचरा एवैताः, एतेषामेव संवेगमाधुर्योपपत्तेः,इक्षुकल्पत्वादिति । नलादिकल्पास्त्वभव्याः संवेगमाधुर्यशून्यत्वात् ।

ઉ૦- પહેલી ચાર દૃષ્ટિ પણ પાછલી ચાર સમ્યગ્દૃષ્ટિનું 'અવંધ્ય' અવશ્ય સફળ કારણ છે, માટે પહેલી ચાર મિત્રા આદિ દૃષ્ટિને કારણમાં કાર્યનો ઉપચાર કરીને 'સમ્યગ્દૃષ્ટિ' તરીકે અહીં ઓળખાવી છે.

## કારણમાં કાર્યનો ઉપચાર :-

વ્યવહારમાં આવા ઉપચાર કરીને ભાષા બોલવાનું દેખાય છે. માણસ ખાસ દૂધ પર જીવતો હોય તો કહે છે 'દૂધ મારું જીવન છે.' અહીં 'જીવન' તો ખરેખર આયુષ્યનો ભોગવટો છે. કોઇ અકસ્માત વગેરેથી આયુષ્ય પર ઉપક્રમ લાગે તો ભલે દૂધ પીવાનું ચાલુ છે છતાં જીવનનો અંત આવી જાય છે. ત્યાં દૂધ એ જીવન કયાં રહ્યું ? જીવન તો આયુષ્ય-ભોગવટો. છતાં આયુષ્ય-ભોગવટારૂપ જીવનને ટકાવનાર દૂધ એનું કારણભૂત હોઇ, એમાં કાર્ય- 'જીવન'નો પ્રામાણિક ઉપચાર થાય છે. એવા પ્રામાણિક ઉપચારથી અહીં મિત્રાદિ ચાર દૃષ્ટિ એ સદ્દૃષ્ટિનું કારણભૂત હોઇ, એમાં સદ્દૃષ્ટિપણાનો પ્રામાણિક ઉપચાર કરી, એને પણ સદ્દૃષ્ટિ કહી. દા.ત. શેરડીમાંથી રસ, ગોળની રસી, ગોળ બન્યા પછી ખાંડ સાકર મત્સ્યંડી અને વરસોલા બને છે. એની સાથે સરખાવીએ તો મિત્રાદિ ચાર દૃષ્ટિ આ ઇક્ષુ રસ-રસી-ગોળની પહેલી ચાર અવસ્થા જેવી છે; અને સ્થિરાદિદૃષ્ટિ ખાંડ વગેરે પાછલી ચાર અવસ્થા જેવી છે, કેમકે ઇક્ષુ વગેરે જ આગળ જઇને ખાંડ વગેરે અવસ્થા પામે છે, અર્થાત્ ઇક્ષુ વગેરેની ચાર અવસ્થા પસાર થઇને એમાંથી જ ખાંડ વગેરે પાછલી ચાર અવસ્થા નીપજે છે, તેમ જ એ પૂર્વેની ચાર અવસ્થા પણ રુચિ આદિનો વિષય બને છે. એમ પ્રસ્તુતમાં જીવ મિત્રાદિ દૃષ્ટિઓ પસાર કરીને જ સ્થિરાદિ દૃષ્ટિ પ્રાપ્ત કરે છે. એટલે એ મિત્રાદિદૃષ્ટિને પણ સદ્દૃષ્ટિ કહેવાય.

## પહેલી ચાર દૃષ્ટિમાં સંવેગવૈરાગ્યની મધુરતા :-

પ્ર૦- પરંતુ ઇક્ષુ વગેરેમાં તો ખાંડ વગેરેની જેમ મધુરતા હોય છે તેથી એમાં ખાંડ વગેરેનો આરોપ થાય, પરંતુ અહીં મિત્રાદિ દૃષ્ટિમાં ખાંડ વગેરેની જેમ કયાં સમ્યગ્દૃષ્ટિપણું છે તે એમાં એનો આરોપ થાય ?

ઉ૦- મિત્રાદિ દૃષ્ટિમાં પણ સંવેગ-વૈરાગ્ય વગેરે છે તે મધુરતા જ છે, ને એમાંથી જ આગળ પાંચમી દૃષ્ટિમાં સદ્દૃષ્ટિપણું નીપજે છે. સંવેગ-વૈરાગ્ય વિના સમ્યગ્દૃષ્ટિપણું જ શાનું ? સર્વજ્ઞ-વચન-કથિત નયોનો બોધ શ્રદ્ધા એ સમ્યગ્દૃષ્ટિ છે, અને એ મૂળ પાયામાં સંવેગ વૈરાગ્ય વિના આવી શકે નહિ, તેથી સમ્યગ્દૃષ્ટિની જેમ સંવેગ વૈરાગ્યને પણ અહીં માધુર્ય કહ્યું. અભવ્યને ઓઘદૃષ્ટિ હોય એ નદી કાંઠે ઊગનારી ઘરો (નળ) વનસ્પતિ જેવી હોઇ એમાં માધુર્ય તદ્દન ન હોય. કહો કે અભવ્ય જીવો પોતે જ ઘરો આદિ વનસ્પતિ જેવા છે, કેમકે એમનામાં સંવેગની કશી મધુરતા જ નહિ, અર્થાત્ મોક્ષની અભિલાષા જ હોતી નથી. એ ચારિત્ર પણ લઇને પાળે, કિન્તુ તે તો વિષયોની અભિલાષાથી,સંવેગથી નહિ. એટલે આગળના ગુણો તો આવે જ શી રીતે ? શેરડી મૂળ મીઠી છે, તો એને પીલવાથી મીઠો રસ નીકળે છે, ને એ રસમાંથી આગળ આગળ ગોળ-ખાંડ-સાકર -પતાસા વગેરે બને છે. સંવેગ એટલે મોક્ષાભિલાષા દેવ-ગુરુ-ધર્મનો અથાગ રાગ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ મૂળ પાયામાં પહેલી યોગ દૃષ્ટિવાળા યોગીઓમાં સંવેગ છે, તો એમાંથી ૨ જી, ૩ જી, ૪ થી દૃષ્ટિનો વિકાસ થતાં ૫ મી સ્થિરાદૃષ્ટિમાં સમ્યગ્દર્શન સમ્યગ્દૃષ્ટિ પામે છે. અનાદિની ઓઘદૃષ્ટિમાં સંવેગની કશી મધુરતા જ નથી. ત્યાં તો સંસાર-રસની કડવાશ જ છે.

## સંવેગ એ મધુરતા શી રીતે ? :-

સંવેગને અહીં માધુર્ય કહ્યું, કેમકે આત્માની ખરી મધુરતા આ જ છે. આમ કહીને શાસ્ત્રકાર સાવધાની આપે છે કે, જોજો, જગતની વચ્ચે રહ્યા છો એટલે પુણ્યોદયે માન-સન્માન-સંપત્તિ વગેરે મળવાના, પરંતુ એમાં મધુરતા માનતા નહિ. મધુરતા મોક્ષરંગ-ધર્મરંગ-દેવગુરુભક્તિ વગેરેમાં જ સમજજો. કોઇના પર કોપ કરી એને દબાવી દેવામાં ખુશી માનશો નહિ, અફસોસી માનજો કે 'આ ઊંચા જનમમાં મારે કયાં હલકટ કષાયની કટુતા વહોરવાનો પ્રસંગ આવ્યો ? અહીં તો ક્ષમાની મધુરતા અનુભવવાની હોય.' વાત પણ સાચી,

**ક્ષમાની મધુરતા અનુભવે એને જ ક્રોધમાં કટુતા લાગે.**

**ક્ષમામાં મધુરતા માને એ જ મોટા ખંધકમુનિ ગજસુકુમાળ મુનિ, મેતારજ મુનિ... વગેરેને સાચા ઓળખી શકે.**

અને એમની દિલથી અનુમોદના કરી શકે કે 'ધન્ય છે આ મહાત્માઓને કે એમણે ભયંકર ઉપસર્ગમાં પણ કેવી અદ્ભુત ક્ષમા રાખી ! હું પામર ક્રોધાદિ કષાય કરીને આત્મા પર કાળા કૂચડા ફેરવી રહ્યો છું.'

ક્ષમાની મધુરતાની જેમ સંવેગની મધુરતા લાગે તો વિષય-રસમાં, સંસાર-સુખના રસમાં અફસોસી થાય. એને મોક્ષની એક તમન્નાથી મહાન ત્યાગ કરનાર શાલિભદ્ર જંબૂકુમાર સનત્કુમાર વગેરે મહાત્માઓની દિલથી અનુમોદના થાય કે 'ધન્ય આમને કે મોક્ષના રસમાં એક કાચી સેકંડમાં આવા વૈભવ અને સુખને લાતે ફગાવી દીધા ! ને હું પામર એમના કરતાં અતિ તુચ્છ મળેલાં વિષયોમાં ય રસ રાખી આત્મા પર કાળા કૂચડા ફેરવી રહ્યો છું !'

આ અફસોસી હોય એ સંવેગની મધુરતાનું બેરોમીટર છે, માપક યંત્ર છે.

સંવેગ-મધુરતા પર તામલિતાપસને વિષયોની ઘૃણા હતી, તો સ્વર્ગીય સુખનું નિયાણું કરવા માટે ભવનપતિની દેવીઓએ ઘણાંય મનામણાં કર્યા, છતાં એના પર લેશ પણ ધ્યાન આપ્યું નહિ. તો શું બગડયું ? કશું નહિ, મરીને વૈમાનિક બીજા દેવલોકના ઈશાનેન્દ્ર થયા ! તો સંવેગની મધુરતા ઠેઠ સમ્યગ્દર્શનની મહામધુરતા સુધી પહોંચી ગઇ !

સમ્યગ્દર્શન- સમ્યગદૃષ્ટિ પ્રાપ્ત થતાં સર્વજ્ઞકથિત નયોનો બોધ થાય, એ એકાન્તવાદી દર્શનોમાં કેમ નહિ, અને એનું શું પરિણામ તે બતાવતાં ટીકાકાર કહે છે.

(टीका) अनेन सर्वथाऽपरिणामि-क्षणिकात्मवादे दृष्टिभेदाभावमाह, तत्तथाभवनानुपपत्तेरिति ।

**અર્થ** :- આ કહીને સૂચવે છે કે 'આત્મા સર્વથા પરિણામી છે' એવા મતમાં અને 'એ સર્વથા ક્ષણિક છે' એવા મતમાં આ સમ્યગ્દૃષ્ટિ વિશેષ નથી હોતી; કેમકે આત્મામાં તેવું એકાન્ત પરિણામીપણું કે એકાન્ત ક્ષણિકપણું ઘટી શકતું નથી. (પછી એવું દર્શન કરનારમાં સમ્યગ્દૃષ્ટિ કયાંથી હોય ?)

## વિવેચન :-

પહેલી ચાર દૃષ્ટિમાં ઔપચારિક સમ્યગ્દૃષ્ટિપણું હોય, પરંતુ વાસ્તવિક સમ્યગ્દૃષ્ટિપણું તો સ્થિરાદૃષ્ટિ પ્રાપ્ત થાય ત્યાંજ આવે, કેમકે ત્યાં નયો અર્થાત્ વસ્તુદર્શન માટેની જુદી જુદી અપેક્ષાઓનો સ્વીકાર કરવામાં આવે છે. આ સ્વીકારથી એક નયની અપેક્ષાએ સંગત થતો અમુક ધર્મ માનવા છતાં બીજા નયની અપેક્ષાએ એનો અભાવ અથવા એથી વિરુદ્ધ ધર્મ સંગત થતો હોય તો તે પણ માન્ય બને છે; જેમકે પૂર્વે કહ્યું હતું રામમાં લવણ-અંકુશની અપેક્ષાએ પિતૃત્વ ધર્મ ખરો, પરંતુ દશરથની અપેક્ષાએ એ જ રામમાં પિતૃત્વ નહિ; પણ પિતૃત્વનો અભાવ યા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુત્રત્વ સંગત થાય છે; તો તે માન્ય કરાય જ છે.

જો ન માન્ય કરે અને એકાન્ત પકડી રાખે કે 'ના, રામમાં પિતૃત્વ એટલે બસ પિતૃત્વ, પિતૃત્વનો અભાવ યા પુત્રત્વ હોય જ નહિ,' તો આ એકાન્ત દર્શન એ સમ્યક્ કહેવાય જ નહિ. એની દૃષ્ટિ સમ્યક્ નથી; એનામાં સમ્યગ્ દૃષ્ટિ છે જ નહિ.

આ જ રીતે એકાન્તવાદી દર્શનોમાં સમ્યગ્ દૃષ્ટિ નથી, કેમકે વસ્તુમાં એક ધર્મ માની બીજી અપેક્ષાએ એ જ વસ્તુમાં ઘટમાન યાને સંગત થતો એનો અભાવ યા વિરુદ્ધ ધર્મ સ્વીકારવા એ તૈયાર નથી. દા.ત.

### સાંખ્ય દર્શનવાળા કહે છે,-

પુરુષતત્ત્વ સર્વથા નિત્ય છે, ત્યારે પ્રકૃતિ અને પ્રકૃતિનાં સર્જન બુદ્ધિતત્ત્વ વગેરે સર્વથા પરિણામી છે. 'પરિણામી' એટલે પરિણમનશીલ. દા.ત. સૂતરમાંથી વસ્ત્ર બન્યું ત્યાં સુતર પરજ વસ્ત્રનો પરિણામ આવ્યો. વસ્ત્ર કોઇ જુદી વસ્તુજ નહિ, પણ માત્ર સૂતરનો પરિણામ. ઉપાદાનમાં અમુક પરિણામ એ એનું કાર્ય. એ સુતરથી કોઇ જુદી વસ્તુ નહિ, સૂતરમાં જ એક પરિણામ એ વસ્ત્ર.

### ન્યાયદર્શનનો મત :-

ન્યાય દર્શનવાળાને આ પરિણામવાદ માન્ય નથી. એ તો કહે, 'ઉપાદાન જુદી ચીજ છે, અને કાર્ય બન્યું એ તદ્દન જુદી જ ચીજ છે. સુતર સ્વતંત્ર દ્રવ્ય છે, અને વસ્ત્ર સ્વતંત્ર દ્રવ્ય છે. .ફકત, બેનો સમવાય સંબંધ છે એટલે દેખાય કે હવે વસ્ત્ર બન્યા પછી સૂતર એ જ વસ્ત્ર છે એટલું જ; બાકી વસ્ત્ર કાંઇ સૂતર નથી. સૂતર જુદું, વસ્ત્ર જુદું. માટે સૂતરમાં હવે વસ્ત્ર હોવાનો વ્યવહાર થાય છે. માણસ વસ્ત્ર તપાસીને કહે છે, 'આમાં આટલા કાઉન્ટનું સૂતર છે.' આ વ્યવહાર સૂચવે છે. સૂતર જ વસ્ત્રરૂપે પરિણામ નથી પામી ગયું, કિંતુ જુદા વસ્ત્રનું અસ્તિત્વ છે.

### સાંખ્યમતથી ન્યાયમતનું ખંડન :-

સાંખ્ય મતવાળા આનું ખંડન કરતાં કહે છે, આટલો બધો જનપ્રસિદ્ધ વ્યવહાર અને પ્રત્યક્ષ દર્શન કે 'સૂતર વસ્ત્રરૂપ થઇ ગયું' 'માટી ઘડારૂપ થઇ ગઇ,' એનો અપલાપ કેમ કરાય ? એમ કરવામાં તો સઘળા લોકને ભ્રાન્ત જ માનવા પડે, ને પ્રત્યક્ષ પ્રમાણ પ્રમાણ જ ન રહે ! માટે વસ્તુ-સ્થિતિ આ છે કે ઉપાદાનકારણમાં કાર્ય પરિણામ આવે છે, ઉપાદાનથી જુદું કોઇ કાર્ય અસ્તિત્વમાં આવતું નથી.

### જૈનમતે સાંખ્યતનું ખંડન :-

પરંતુ સાંખ્યમતનો આ સર્વથા પરિણામવાદ અસત્ છે; કેમકે તો તો પછી, કાર્ય જો ઉપાદાનથી જુદી વસ્તુ જ નથી, ઉપાદાનનો એક પરિણામ (ઘાટ) માત્ર છે, તો ઉપાદાનના ગુણધર્મથી કાર્યના ગુણધર્મ જે જુદા પ્રકારના દેખાય છે, તે જુદા નહિ પડી શકે. દા.ત. સૂતરથી પડિકાં બંધાય, પણ શરીર-લાજ ન ઢંકાય. એ તો વસ્ત્રથી જ થઇ શકે. તો જેવી રીતે 'ઘડાનું કામ પાણી ભરવાનું,' ને 'વસ્ત્રનું કામ લાજ ઢાંકવાનું,'- એમ બે ગુણધર્મ જુદા હોવાથી ઘડા કરતાં વસ્ત્ર એક જુદી વસ્તુ મનાય છે, એજ રીતે 'સૂતરનું કામ પડિકાં લપેટવાનું,' અને 'વસ્ત્રનું કામ લાજ ઢાંકવાનું,' એમ બે ગુણધર્મ જુદા હોવાથી, સુતર કરતાં વસ્ત્ર એક જુદી વસ્તુ માનવી જ જોઇએ. સૂતર અને વસ્ત્રમાં બીજા પણ કેટલાક તફાવતો છે, -દા.ત. (૨) સૂતર સંખ્યા મોટી છે, વસ્ત્ર-સંખ્યા એક જ છે. (૩) એકેક સૂતરતારનું વજન મામુલી, વસ્ત્રનું નોંધપાત્ર વજન છે. (૪) સૂતરનું નામ સૂતર, પણ વસ્ત્રનું નામ સૂતર નહિ, પણ વસ્ત્ર. (૫) ખાલી સૂતરના ભાવ નીચા, વસ્ત્રના ભાવ ઊંચા.

આટલા બધા ફરક છતાં આગ્રહ રાખવો કે 'વસ્ત્ર કોઇ જુદી વસ્તુ જ નથી, એ તો સૂતરનો જ પરિણામ માત્ર છે, ઘાટમાત્ર છે,' આ આગ્રહ એ અસદ્ દૃષ્ટિ, અસમ્યગ્ દૃષ્ટિ, મિથ્યા દૃષ્ટિ છે.

### જૈનમતે અનેકાન્ત પરિણામીપણું :-

જૈન દર્શન કાર્યને અલબત્ ઉપાદાનનો પરિણામ માને છે, પણ તે સર્વથા પરિણામ નહિ, અર્થાત્ કાર્ય એ એકાન્તે કારણ-પરિણામ માત્ર નહિ, કિન્તુ કથંચિત્ પરિણામરૂપ માને છે. ઉપાદાન એ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્યમાં પરિણમે છે એ દૃષ્ટિએ કાર્ય એ ઉપાદાનનો પરિણામ ખરો, પણ કાર્યના ગુણધર્મ ઉપાદાન ગુણધર્મ કરતાં જુદા છે, એ દૃષ્ટિએ કાર્ય એક જુદી વસ્તુ પણ છે. સાંખ્યમત સર્વથા યાને એકાન્ત પરિણામવાદ માનવા જતાં વસ્તુની આ બીજી બાજુ જોવી ભૂલી જાય છે, ઉલ્ટું એનો ઇન્કાર કરે છે ! તેથી એનું દર્શન સમ્યગ્ દર્શન નથી, એનામાં સમ્યગ્દૃષ્ટિવિશેષ નથી.

## બૌધ્ધનો ક્ષણિકવાદ :-

એમ વસ્તુ સર્વથા ક્ષણિક એટલે આત્માને પણ સર્વથા ક્ષણિક માનનાર બૌદ્ધદર્શનવાળા પણ વસ્તુની એક બાજુનું દર્શન કરે છે, અને બીજી બાજુનો ઇન્કાર કરે છે. એ કહે છે- વસ્તુ ક્ષણે ક્ષણે દીવાની જ્યોતની જેમ પરિવર્તનશીલ છે. કલાકભર તેલનો દીવો બળે તો એમ દેખાય કે 'દીવાની જ્યોત એની એજ છે,' પણ વાસ્તવમાં ક્ષણે ક્ષણે નવા નવા તેલબિંદુમાંથી નવી નવી જ્યોત જન્મે છે, ને તે તે તેલ બિંદુ ખર્ચાઇ જાય છે. તેથી જ તેલનું છેલ્લું બિન્દુ ખરચાઇ જતાં હવે જ્યોત રહેતી નથી. આમ એક કલાકમાં તો હજારો જ્યોત જન્મી ને ગઇ, છતાં કલાકભર દેખાય છે કે 'એની એ જ જ્યોત છે;' જ્યારે વસ્તુસ્થિતિએ જ્યોત ક્ષણે ક્ષણે નવી છે, તાત્પર્ય, જ્યોત ક્ષણિક છે. એ જ પ્રમાણે જગતની વસ્તુમાત્ર આત્મા સુદ્ધાં ક્ષણિક છે, પછી ભલે દા.ત. એજ ઘડો એમ ને એમ ઊભો છે એમ દેખાય.

## જૈનમતે બૌદ્ધમતનું ખંડન :-

પરંતુ સૂક્ષ્મ સમય પલટાતા છે, એમ સમય-સંબદ્ધ વસ્તુ પલટાતી છે. માટે વસ્તુમાત્ર ક્ષણિક છે. બૌદ્ધનો આ સર્વથા ક્ષણિકવાદ એ એકાન્ત દૃષ્ટિ છે. એણે પરિવર્તનો જોયાં, પણ મૂળ દ્રવ્ય ન જોયું કે 'પરિવર્તનો ખરાં, પરંતુ શાના ઉપર ? કોનાં પરિવર્તન ? મૂળ જો કોઇ દ્રવ્ય જ નથી, તો પરિવર્તન કોનાં ? ને કોની ઉપર થયાં ? સોનું એક દ્રવ્ય છે, તો એના લગડી, કડું, કંઠી, વીંટી વગેરે પરિવર્તનો થાય છે; ને એ આભૂષણ બધાજ સોનાના કહેવાય છે, સુવર્ણમય કહેવાય છે. તેલ-બિંદુમાંથી જ્યોત થઇ પછી બંને ખત્મ થયા, છતાં બંનેનું મૂળ તામસ દ્રવ્યો વાતાવરણમાં પ્રસરી ગયા તે ઊભાં જ છે.

## અનેકાન્તવાદથી જ સમાધાન :-

મૂળ દ્રવ્ય વિના પરિવર્તન કોના પર ? માણસે સુકૃત કર્યા અને મરીને એ દેવ થયો; ત્યાં રંગરાગમાં પડી ગયો અને મરીને તિર્યંચ થયો. આ મનુષ્યપણું, દેવપણું, તિર્યંચપણું, એ પરિવર્તનો થયા, પણ કોના પર ? મૂળ આત્મદ્રવ્ય પર જ થયા એમ માનવું જ પડે. એટલે જ કહેવાય છે કે 'એ મનુષ્યનો આત્મા મરીને દેવ થયો, એ જ પાછો મરીને તિર્યંચ થયો.' આત્મા ઊભો ને ઊભો, એના પર મનુષ્યપણું વગેરે પરિવર્તનો પલટાયા. એટલે પરિવર્તન ભલે ક્ષણિક, કિન્તુ મૂળ દ્રવ્ય અ-ક્ષણિક યાને નિત્ય માનવું જ પડે. સ્થાયી દ્રવ્ય જેવી કોઇ ચીજ છે, માટે જ અમુક સર્જનો અમુક દ્રવ્યમાંથી જે બનતા દેખાય છે, એ બીજા દ્રવ્યમાંથી નહિ. દા.ત. દૂધ વગેરેમાંથી જે સર્જનો થાય છે, એ પાણી વગેરેમાંથી નહિ. દૂધમાંથી માવો-પેંડા વગેરે બને, એ સર્જનો કાંઇ પાણીમાંથી નથી બનતા.

બૌદ્ધ સર્વથા ક્ષણિક આત્મા માની આત્માના સ્થાયિત્વનો ઇન્કાર કરે છે, તેથી એનું પણ દર્શન સમ્યગ્ નથી. એનામાં સમ્યગ્ દૃષ્ટિવિશેષ નથી.

સ્થિરાદૃષ્ટિ પામેલાને સર્વજ્ઞદર્શન મળ્યું હોવાથી, જુદા જુદા નયથી ઘટતું બધું માન્ય છે; દા.ત. 'વસ્તુ દ્રવ્યની અપેક્ષાએ સ્થાયી પણ છે, અને પર્યાય-પરિવર્તનની અપેક્ષાએ ક્ષણિક પણ છે.' તેથી એમનું દર્શન સમ્યક્ છે, એમનામાં સમ્યગ્ દૃષ્ટિ છે.

અહીં 'સમ્યગ્દૃષ્ટિવિશેષ, એમ 'ભેદ-વિશેષ' શબ્દ કેમ મૂકયો ? કહો, એટલા માટે મૂકયો છે કે બૌદ્ધ સાંખ્ય વગેરે એકાન્ત દર્શનોમાં મિત્રાદિ ચાર દૃષ્ટિના ઘરની સમ્યગ્દૃષ્ટિ હોઇ શકે છે, કેમકે એ જો ભવાભિનંદીપણામાંથી બહાર નીકળ્યા છે, ને મોક્ષરસિક બન્યા છે, તો એટલે અંશે એમની દૃષ્ટિ સુધરીને સમ્યક્ બની છે. બાકી વિશિષ્ટ સમ્યગ્ દૃષ્ટિ તો ભિન્ન ભિન્ન નય-અપેક્ષાએ ઘટતા વિવિધ ધર્મોનો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વીકાર કર્યાથી જ આવે. તે (એકાન્તે=) સર્વથા પરિણામવાદી યા સર્વથા ક્ષણિકવાદીને ન હોઇ શકે; કેમકે

(टीका) 'तत्तथाऽभवनानुपपत्तेः'

અર્થાત્ 'તસ્મિન્ તથાભવનં' અનુપપન્ન છે, આત્મામાં સર્વથા પરિણામીપણું યા સર્વથા ક્ષણિકપણું અસંગત છે. અ-ઘટમાન છે, ઘટી શકતું નથી.તે આ રીતે, કે જો આત્મા સર્વથા યાને એકાન્તે પરિણામી જ હોય, એટલે કે મનુષ્યાત્મા, દેવાત્મા, તિર્યંચાત્મા વગેરે જો આત્માના પરિણામમાત્ર હોય, પણ જુદી વસ્તુ નહિ, તો તો 'મૂળ તો આત્મા જ જેવો છે તેવો ઊભો રહ્યો ! મનુષ્યપણું દેવપણું વગેરે થવાથી નવું કશું ન આવ્યું.... યાવત્ મોક્ષ થાય તો ય નવું કશું ન આવ્યું !' એ કાંઇ સંગત ન થાય, યુક્તિયુક્ત ન કહેવાય. અગર જો કહો કે 'નવનવા પરિણામ આવ્યાં,' તો તો આ જ કહી રહ્યા છો કે 'માત્ર મૂળ દ્રવ્ય સ્થાયી, બાકી એના પરિવર્તન પરિણામ-પર્યાય-ફરતા.' તો આ તો જૈનદર્શનનો અનેકાંતવાદ જ સ્વીકાર્યો ! એમ એકાન્ત ક્ષણિકવાદમાં પણ 'આત્મા જ તે તે અવસ્થા પામે છે,' એ ન ઘટી શકે, કેમકે આત્મા તો ઊભો જ નથી, પછી એ પામે છે કેમ કહેવાય ? આત્માને એકાન્તે ક્ષણિક માનવામાં,

### ક્ષણિકવાદે કૃતનાશ અને અકૃતઆગમની આપત્તિ આવે.

'કૃતનાશ' એટલે કે કરેલ કૃત્ય ફળ આપ્યા વિના નષ્ટ થયું, કેમકે દા.ત. આ ક્ષણે આત્માએ કશું અહિંસાદિ શુભ કાર્ય કર્યું, યા હિંસાદિ અશુભ કાર્ય કર્યું, એનું ફળ સુખ કે દુઃખ ભોગવનાર કોણ ? કેમકે આ કૃત્ય કરનાર આત્મા તો ક્ષણિક એટલે બીજી ક્ષણેજ નાશ પામી ગયો ! તો એ કૃત્ય એના કરનારને ફળ આપ્યા વિના નષ્ટ થયું ગણાય. 'અકૃત-આગમ' એટલે કે પોતે નહિ કરેલ કર્મનું ફળ આવવું તે. સંસારી આત્માને આ ક્ષણે કોઇ ને કોઇ સુખ કે દુઃખનો ભોગવટો તો થાય જ છે. એ સુખ-દુઃખરૂપી ફળનું કારણ પૂર્વે કરેલ કોઇ શુભ-અશુભ કૃત્ય છે. પરંતુ એ પૂર્વ કૃત્ય કરનાર તો, જુદો જ ક્ષણિક આત્મા હતો, એનું ફળ આ ક્ષણનો ક્ષણિક આત્મા ભોગવે, એટલે એને સ્વયં અકૃતનું અર્થાત્ અકૃતના ફળનું આગમન થયું.

### ક્ષણિકવાદે બીજા દોષ :

એકાન્ત ક્ષણિકવાદમાં આટલો જ દોષ નથી, કિન્તુ કાર્ય-કારણભાવની વ્યવસ્થા ય ન બની શકે એ ય મોટો દોષ છે. કેમકે પૂર્વ ઉત્તર કાળમાં કોઇ એક જ માણસ જુએ કે 'પૂર્વે આ કારણ હાજર હતું, અને પછી આ કાર્ય થયું,' તો એ કાર્યકારણ-ભાવનું ધોરણ બાંધી શકે. પણ એકાન્ત ક્ષણિકવાદમાં કોઇ એક માણસ જોનારો આવો દ્વિત્રિક્ષણ-સ્થાયી હોઇ શકે જ નહિ.

વળી એ પણ દોષ છે કે 'ઉપાદાન-ઉપાદેય ભાવની વ્યવસ્થા ય થઇ શકે નહિ.' કેમકે ઉપાદાન' તો તે છે જે-

'यम् उपादीय कार्यम् अवतिष्ठते तद् उपादानम्'

**જેને એકરૂપ વળગીને કાર્ય રહે તે ઉપાદાન.**

દા.ત. ઘડો માટીને એકરૂપ વળગીને રહે છે, માટે માટી એ ઘડાનું ઉપાદાન. એકાન્ત ક્ષણિકવાદમાં આ બની શકે નહિ; કેમકે એક ક્ષણથી વધારે કોઇ રહી જ શકતું નથી.

પ્ર૦- તો બૌદ્ધમતવાળા ઉપાદાન શી રીતે માનતા હશે ?

ઉ૦- એ પૂર્વક્ષણ ને પૂર્વ ક્ષણની વસ્તુને ઉપાદાન કહે છે. પરંતુ એમાં તો પૂર્વક્ષણમાં જગતમાં પાર વિનાની વસ્તુ છે. એમાંથી અમુક જ ઉપાદાન એ નિયમ શે બને ? તાત્પર્ય,

આત્મામાં એકાન્ત ક્ષણિકતા સર્વથા ક્ષણિકતા ઉપપન્ન સંગત થઇ શકતી જ નથી.

આમ સર્વથા પરિણામિતાનો યા સર્વથા ક્ષણિકતાનો સ્વીકાર અર્થાત્ એનું દર્શન; એની દૃષ્ટિ, અસત્ છે, મિથ્યા છે; એટલે એનામાં સમ્યગ્ દૃષ્ટિવિશેષ હોઇ શકે નહિ. કેમકે આત્મામાં તેવો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વથા પરિણામિતાનો કે સર્વથા ક્ષણિકતાનો ભાવ સંગત જ નથી.

હવે અહીં યોગ દૃષ્ટિવાળા યોગીઓના સ્વરૂપને બતાવવા કહે છે-

(टीका) इयं च सकलयोगिदर्शनसाधरणेति यथाविधानां यथा भवति तथाविधानां तथाभिधातुमाह, -

**(मूल) यमादियोगयुक्तानां खेदादिपरिहारतः ।**
**अद्वेषादिगुणस्थानं क्रमेणैषा सतां मता ॥१६॥**

**અર્થ :-** .આ ઇક્ષુ-માધુર્યથી માંડીને ઉત્તરોત્તર અધિક મધુર સર્જનોની જેમ, સમ્યગ્ દૃષ્ટિઓ નિખિલ યોગીઓમાં વર્તનારી હોય છે. એટલા માટે એ જેવા જેવા યોગીઓમાં જે જે રીતે હોય છે, તેવા તેવા યોગીઓને તે તે રીતે હોવાનું બતાવવા यमादियोगयुक्तानां ' ગાથા કહે છે,-

(ગાથાર્થ) આ સદ્દૃષ્ટિ (સમ્યગ્ દૃષ્ટિ) ક્રમશ : ખેદાદિ (દોષ)- ત્યાગપૂર્વક અદ્વેષાદિ ગુણમાં રહેલા યમ આદિ યોગયુકત (યોગીઓ)ને હોય છે; એમ (પતંજલિ વગેરે) ઋષિઓને ઇષ્ટ છે.

## વિવેચન :-

ઓઘ દૃષ્ટિમાં રહેલાને અસત્ દૃષ્ટિ હોય છે, ત્યારે મિત્રા દૃષ્ટિથી માંડીને આઠ યોગદૃષ્ટિમાં રહેલાને સદ્ દૃષ્ટિ યાને સમ્યગ્દૃષ્ટિ હોય છે. આ સદ્દૃષ્ટિ કેવાને કેવી રીતે હોય છે એ બતાવવા કહે છે,- ક્રમશઃ યમ-નિયમ આદિ ૮ યોગાંગને ધારણ કરનારને ઉત્તરોત્તર ચડતી સદ્દૃષ્ટિ હોય છે. તેમાં પણ ક્રમશઃ ખેદ ઉદ્વેગ આદિ દોષોનો ત્યાગ કરતા ચાલેલાને હોય છે. તે વળી ક્રમશઃ અદ્વેષ-જિજ્ઞાસા વગેરે ગુણમાં રહેલાને હોય છે.

(टीका) यमादियोगयुक्तानामिति । इह यमादयो योगाङ्गत्वाद्योगा उच्यन्ते यथोक्तं । "यमनियमासनप्राणायामप्रत्याहारधारणाध्यानसमाधयोऽष्टावङ्गानि" (पात० योग० २-२१) तदेवं (खेदादिपरिहारतः) यमादियोगप्रत्यनीकाशयपरिहारेण । एतेऽपि चाष्टावेव। तथा-'खेदोद्वेगक्षेपोत्थानभ्रान्त्यन्यमुद्रुगासङ्गैः ।युक्तानि हि चित्तानि प्रपञ्चतो वर्जयेन्मतिमान् ॥१॥( ) तदेतत्परिहारेणापि क्रमेणैषाष्टधेति । एवमद्वेषादि गुणस्थानमिति यत एतान्यप्यष्टावेव । यथोक्तम् 'अद्वेषो जिज्ञासा शुश्रुषा श्रवणबोधमीमांसाः। परिशुद्धा प्रतिपत्तिः प्रवृत्तिरष्टांगिकी तत्त्वे ॥१॥" एवं क्रमेणैषा सद्दृष्टिः 'सतां'=मुनीनां भगवत्पतञ्जलिभदन्तभास्करबन्धु भगवद्दत्तादीनां योगिनामित्यर्थः 'मता'=इष्टा । एतत्साकल्यं च प्रतिदष्टि दर्शयिष्यामः।

**ભાવાર્થ :-**

હવે અહીં સદ્દૃષ્ટિવાળાને જે આઠ યોગદૃષ્ટિ ક્રમશઃ પ્રાપ્ત થાય છે; એમાં કેવો કેવો વિકાસ થાય એ બતાવવા કહે છે, - એમાં ક્રમશઃ યમ વગેરે એકેક યોગાંગ આવતો જાય, ખેદ વગેરે એકેક દોષ હટતો જાય, અને અદ્વેષ વગેરે એકેક ગુણ આવતો જાય. ગાથામાં યમાદિ 'યોગ' લખ્યું છે, એમાં 'યોગ' શબ્દનો અર્થ 'યોગાંગ' લેવાનો છે; કેમકે યોગના અંગોની આરાધના કરી આગળ વધવાનું છે, જે અંતે 'યોગઃ ચિત્તવૃત્તિનિરોધઃ' એવા યોગને અવકાશ આપે છે, યોગને અનુકૂળ બને છે. આ પાંતજલ દર્શનનું સૂત્ર છે; પણ જૈન દર્શન પ્રમાણે એની ઘટના કરીએ તો આ રીતે થાય કે શુકલ ધ્યાનમાં નિર્વિકલ્પ દશા આવે છે ત્યાં ચિત્તવૃત્તિનો નિરોધ કરવામાં આવે છે, અને શુકલ ધ્યાનના પહેલા બે પ્રકારના અંતે 'કેવળજ્ઞાન પ્રાપ્ત થાય ત્યાં તો સર્વ કાળના સર્વ દ્રવ્ય સર્વ પર્યાયોનું પ્રત્યક્ષ જ્ઞાન થવાથી હવે કશું ચિંતવવા વિચારવાનું રહેતું નથી, એટલે એ માટે ચિત્તની કોઇ વૃત્તિ કરવાની રહેતી નથી. એ સ્થિતિએ પહોંચાડનાર યમ-નિયમ-આસન વગેરે અંગો છે, એને અહીં 'યોગ' નામ આપી આ યોગવાળાને યોગી તરીકે લેખવામાં આવે છે.

આઠ યોગાંગ આ પ્રમાણે છે, (૧) યમ, (૨) નિયમ, (૩) આસન, (૪) પ્રાણાયામ, (૫) પ્રત્યાહાર, (૬) ધારણા (૭) ધ્યાન; (૮) સમાધિ.

આ યમાદિ આઠ યોગાંગના શુભ આશયની સામ પ્રતિકૂળ દોષરૂપ આશયો પણ હોય છે. એ આશયો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિવારવામાં આવે, રોકવામાં આવે, તો જ આ આઠ યોગાંગના શુભ આશય દિલમાં આવી શકે, ટકી શકે, અને તેથી ભાવથી યોગાંગ પ્રાપ્ત થાય. માટે કહે છે કે-

एतेऽपि चाष्टावेव અર્થાત્ આ દોષરૂપ પ્રતિકૂળ આશયો પણ આઠ છે. એ ૮ દોષ માટે 'ખેદોદ્વેગ...' એ ગાથા છે. એમાં (૧) ખેદ, (૨) ઉદ્વેગ, (૩) ક્ષેપ, (૪) ઉત્થાન, (૫) ભ્રાન્તિ- (૬) અન્યમુદ્, (૭) રોગ, (૮) આસંગ,-આ આઠ દોષ બતાવી કહ્યું કે આ દોષોથી મુકત ચિત્તભાવનો બુદ્ધિમાન પુરુષ પ્રયત્નપૂર્વક ત્યાગ કરે.

આમ ખેદાદિ દોષોના ત્યાગથી પણ જેમ ક્રમસર આ આઠ પ્રકારે યોગદૃષ્ટિ ઊભી થાય છે, એમ અદ્વેષ આદિ ગુણસ્થાન પણ પ્રાપ્ત થાય છે, અને તે પણ આઠ પ્રકારે છે; જેમકે, 'અદ્વેષો જિજ્ઞાસા-' ગાથામાં કહ્યું છે, (૧) અદ્વેષ, (૨) જિજ્ઞાસા, (૩) શુશ્રુષા, (૪) શ્રવણ (૫) બોધ, (૬) મીમાંસા, (૭) પ્રતિપત્તિ, અને (૮) પ્રવૃત્તિ. તત્ત્વ અંગે આ આઠ ગુણો છે.

આ ક્રમથી આ સદ્દૃષ્ટિ ભગવાન પતંજલિ, ભદન્ત ભાસ્કરબંધુ, ભગવાન દત્ત... વગેરે યોગીઓને માન્ય છે.

આ દરેક દૃષ્ટિના નિરૂપણ અવસરે આ એકેક યોગાંગ એકેક દોષત્યાગ અને એકેક ગુણસ્થાન એકસાથે બતાવીશું.

## વિવેચન :-

આ હિસાબે નીચે પ્રમાણે કોષ્ટક બને,-

### આ 'યોગદૃષ્ટિ૦' શાસ્ત્રમાં શું શું ?

| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ દૃષ્ટિ | મિત્રા | તારા | બલા | દીપ્રા | સ્થિરા | કાન્તા | પ્રભા | પરા |
| ૮ યોગાંગ | યમ | નિયમ | આસન | પ્રાણાયામ | પ્રત્યાહાર | ધારણા | ધ્યાન | સમાધિ |
| ૮ દોષ ત્યાગ | ખેદ | ઉદ્વેગ | ક્ષેપ | ઉત્થાન | ભ્રાન્તિ | અન્યમુદ્ | રોગ | આસંગ |
| ૮ ગુણસ્થાન | અદ્વેષ | જિજ્ઞાસા | શુશ્રુષા | શ્રવણ | બોધ | મીમાંસા | પ્રતિપત્તિ | પ્રવૃત્તિ |

આ કોષ્ટક જોતાં દેખાશે કે એકેક દૃષ્ટિ સાથે ત્રણની સાંકળ ચાલે છે; એકેક દૃષ્ટિમાં તે તે યોગાંગ, તે તે દોષ ત્યાગ, અને તે તે ગુણ સ્થાન પ્રાપ્ત હોય છે. એનો અર્થ એ છે કે પૂર્વની યોગદૃષ્ટિનો અભ્યાસ કરતાં કરતાં પછીની યોગદૃષ્ટિમાં જરૂરી યોગાંગ, દોષત્યાગ અને ગુણસ્થાનની કક્ષાએ પહોંચવાની ભૂમિકા કરવી પડે. તાત્પર્ય, તે તે દૃષ્ટિમાં બતાવેલ યોગાંગ, દોષત્યાગ... વગેરે પ્રાપ્ત કરવા માટેનો પ્રયત્ન કાંઇ તે તે દૃષ્ટિમાં નથી કરવાનો, પણ પૂર્વની દૃષ્ટિમાં કરવાનો છે, અને એ પ્રાપ્ત થાય એટલે જ ઉપરની યોગદૃષ્ટિ પ્રાપ્ત થાય. આવું ત્રણેય સાંકળમાં ચલાવવાનું.

## ચારે અષ્ટકનું સાકલ્ય :-

આ સૂચવે છે કે એકેક દૃષ્ટિમાં ત્રણે ય હોવા જોઇએ, દા.ત. પહેલી 'મિત્રા દૃષ્ટિમાં યમ યાને અહિંસા-સત્ય-વગેરે તો પ્રાપ્ત છે, પરંતુ જો ખેદ દોષનો ત્યાગ નથી કર્યો, ખેદ દોષ ઊભો છે, તો એ આત્મામાં પહેલી દૃષ્ટિનો બોધ-પ્રકાશ ન ગણાય. અથવા માનો કે એણે ખેદ તો નથી રાખ્યો, પણ એનામાં 'અદ્વેષ' ગુણ નથી, તો પણ એનામાં પહેલી દૃષ્ટિ ન ગણાય. 'ખેદ પ્રવૃત્તિ કરતાં થાકીએ એ' અર્થાત્ ધર્મની કોઇ પ્રવૃત્તિ કરવાની આવી તે સાથે પહેલેથી જ થાક લાગે, કંટાળો આવે, ગ્લાનિ લાગે, દા.ત. મનને એમ થાય ''કયાં આવ્યું આ પ્રતિક્રમણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાનું ? કરો ભાઇ ! કરો પ્રતિક્રમણ કરવું તો પડશે જ.'' આ ભાર લાગે એ ખેદ દોષ છે. આ હોય તો પહેલી દૃષ્ટિ જ ન આવવા દે. આ ટાળવા માટે વિચારવું તો એ જ જોઇએ કે;

**યોગસાધના તો મોક્ષની નિકટ જવાનો રસ્તો છે, એમાં કંટાળો આવે તો મોક્ષની નિકટ થવાની લાયકાત જ ન રહે.**

પ્ર૦- પરંતુ કોઇ કોઇ વાર ક્રિયા પહેલાં આવો ખેદ થઇ જ આવે છે, એનું શું કરવું ?

ઉ૦- ત્યાં આ વિચારવું કે,

**'જન્મ પાવન આજ મારો,**
**પામીઓ આ સાધના !**

ધન્ય જીવન કે આ પ્રતિક્રમણ યા માળા જાપ કરવાનો અવસર મળ્યો ! આના દ્વારા જ મારે બીજી પાપપ્રવૃત્તિ અને પાપ વિચારોથી બચી જવાશે. દિવસભર રખડતું મન આમાં સ્થિર થશે ! ધન્ય ઘડી ! ધન્ય' એમ 'ધન્ય મારો માનવ સમય ! કે જિન-મંદિરે વીતરાગ પ્રભુનાં દર્શનનો અનુપમ લાભ મળશે !

**રાગદ્વેષથી ખરડાયેલાનાં દર્શન તો ઘણાં કર્યાં, એનાથી અત્યારે આ વીતરાગનાં દર્શન વખતે બચી જવાશે !'...**

એમ 'ધન્ય ઘડી કે ધનનો તારણહાર સદુપયોગ કરવા દાનની તક મળે છે !' 'ભલું થજો મહારાજ સાહેબનું કે હું તો ધનના રાફડા પર એરુની જેમ અતિ મમતાથી બેઠો હતો, તે મને જગાડયો, અને આ તરણતારણ દાનનો મોકો આપે છે ! **સંગ્રહ કે રંગરાગમાં ગયેલું ધન તો આત્મામાં પ્રતિક્ષણ રાગનાં ઝેર અને પાપના બંધન જ આપે છે.**

આમ સુંદર ભાવનાથી તે તે સત્ક્રિયા વખતે ઊઠતા ખેદ-દોષને દૂર હટાવી શકાય. ખેદ દૂર ન થાય તો ક્રિયા તો થાય, પણ રોતાં રોતાં થાય, એનું મૂલ્ય શું ઊપજે ?

**રોતાં રોતાં ક્રિયા થાય એમાં લાખનો માલ પાંચમાં લીલામ કરવાની મૂર્ખાઇ થાય.**

અલબત્ આઠેય યોગાંગ, દોષત્યાગ, અને ગુણસ્થાનોનો તે તે દૃષ્ટિ વખતે વિસ્તૃત વિચાર આવવાનો છે, પરંતુ એ વિસ્તૃત વિચારના મહાનગરમાં પેસવા માટે એના સામાન્ય પરિચયના દરવાજામાં દાખલ થઇએ.

✤ ✤ ✤

# યોગના ૮ અંગનો પરિચય

(૧) **યમ** પાંચ, - અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય-અપરિગ્રહ. આ દરેકની આ ચાર કક્ષા હોય છે,(૧) ઇચ્છા, (૨) પ્રવૃત્તિ, (૩) સ્થૈર્ય, (૪) સિદ્ધિ. તેથી ભલે પહેલી પ્રારંભિક દૃષ્ટિમાં અહિંસાદિની એવી પ્રવૃત્તિ ન પણ હોય, છતાં આ અહિંસાદિ દરેકની જો સાચી ઇચ્છા જાગે તો પણ અહિંસાદિ યમના પહેલી કક્ષામાં આવ્યા ગણાય. મિત્રા નામની પહેલી દૃષ્ટિમાં આ પ્રથમ કક્ષાના યમ સુલભ છે.

(૨) **નિયમ** પાંચ, શૌચ-સંતોષ-તપ-સ્વાધ્યાય અને ઇશ્વરપ્રણિધાન. અહિંસાદિ પાંચ યમને મૂળ ગુણ કહીએ, તો પાંચ નિયમ એ ઉતરગુણ છે. ઉતરગુણનો ખપ ગરજ ન રાખે તો મૂળ ગુણ ગુમાવે. (૧) શૌચ એટલે મનની પવિત્રતા. (૨) સંતોષ એટલે પોતાને મળેલ ધન વગેરે ઘણું લાગે. (૩) સ્વાધ્યાય એટલે શાસ્ત્ર-વ્યવસાય, પઠન-પારાયણ- ચિંતનાદિ, (૪) તપ ઉપવાસાદિ. (૫) ઇશ્વરપ્રણિધાન; એમાં ભગવદ્‌ભજન-ચિંતન - ધ્યાન વગેરે આવે.

(૩) **આસન** એટલે ધર્મક્રિયા વખતની ગાત્રોની વિવિધ મુદ્રાઓ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૪) **પ્રાણાયામ** એટલે માત્ર બાહ્ય પ્રાણના રેચક-પૂરક-કુંભકની વ્યવસ્થિતતા નહિ; કેમકે એ તો દ્રવ્ય પ્રાણાયામ છે, એનાથી કોઇ ઉચ્ચ કોટિની ચોથી યોગદૃષ્ટિનો બોધ-પ્રકાશ ન આવે. એ તો ભાવ-પ્રાણાયામથી આવે. દ્રવ્ય-પ્રાણાયામ શરીરને સ્ફુર્તિ આપે છે, *ત્યારે ભાવ-પ્રાણાયામ આત્માને સ્ફુર્તિ આપે છે.*

(૫) **પ્રત્યાહાર :-** વિષયોના વિકલ્પો તરફ ઈંદ્રિયોને ન જોડવી, અર્થાત્ રાજી-નારાજ ન થવા દેવી. એનું નામ પ્રત્યાહાર છે. કહ્યું છે 'વિષય વિકારે ઇન્દ્રિય ન જોડે તે ઈહા પ્રત્યાહારો રે.' વિષયોના વિકારો એટલે ફેરફારો ઇષ્ટતા-અનિષ્ટતા... વગેરે. એમાં ઇન્દ્રિયો મધ્યસ્થ રહે, ઉદાસીન રહે. એને કશું ઇષ્ટ નહિ, અનિષ્ટ નહિ, વિષયો સાથે જાણે કશી નિસ્બત નહિ.

(૬) **ધારણા** - આમાં જે કાંઇ તત્ત્વ સમજાયાં, એને ભૂલી ન જવાય એ રીતે દિલમાં ધારી રાખે. એ એનાં પુનઃ પુનઃ પારાયણથી થાય.

(૭) **ધ્યાન**- એ તત્વ-પારાયણમાં જ્યાં મન કેન્દ્રિત થાય, એકાગ્ર તન્મય થાય, એ ધ્યાન. વારંવારના એવા અભ્યાસથી ધ્યાનબળ વધતું જાય.

(૮) **સમાધિ :-** એમાં ધ્યાનબળ વધવાથી ધ્યાનના વિષયમાં એકતાનતા એકરસતા એકરૂપતા આવે.

## ૮ ત્યાજ્ય દોષ :

(૧) ખેદ :- ખેદ એટલે થાક. માર્ગમાં ચાલતા થાક લાગ્યો, પછી આગળ ચાલવાનું તો છે જ, પણ ખેદ લાવે, અર્થાત્ થાકેલા મનથી ચલાય. એમ અહીં દેવકાર્યાદિ ધર્મ પ્રવૃત્તિ ખેદ સાથે કરાય. ભવાભિનંદીપણાનો આ ખેદ દોષ છે. એ યોગની પહેલી મિત્રાદૃષ્ટિમાં ન જોઇએ. એ ટાળો, એનો ત્યાગ કરો, એટલે મિત્રા-દૃષ્ટિમાં અવાય. આગળ આગળની દૃષ્ટિમાં આ પ્રમાણે સમજવાનું છે કે, તે તે દૃષ્ટિમાં જે જે દોષનો ત્યાગ છે, તે તે દોષ પૂર્વ પૂર્વ દૃષ્ટિમાં તજવાની મહેનત કરવાની; ને એ દોષ ટળે એટલે ઉપરની દૃષ્ટિમાં અવાય.

(૨) **ઉદ્વેગ :-** ઉદ્વેગ એટલે મનને સુખ નહિ. ધર્મ-પ્રવૃત્તિ તો ઉત્સાહથી શરુ કરી, પરંતુ પછી ગમે તે કારણે ધર્મ-પ્રવૃત્તિમાં ઉદ્વિગ્નતા આવી, મનને સુખરૂપતા ન લાગી, એ ઉદ્વેગ દોષ. દા.ત. ચૈત્યવંદન તો હોંશથી કરવા બેઠા પણ પછીથી બીજો કોઇ ચૈત્યવંદન કરવા આવ્યો; તે જરા મોટેથી બોલે છે એટલે પોતાને ઉદ્વેગ થઇ આવે.

(૩) **ક્ષેપ :-** ક્ષેણ એટલે જ્યાં ત્યાં મનને ફેંકવું અર્થાત્ ધર્મ પ્રવૃત્તિ કરતાં કરતાં ચિત્તને બીજે ત્રીજે લઇ જવું તે. તાત્પર્ય, બીજાત્રીજા વિચાર કરવા એ આ ક્ષેપ દોષ છે.

(૪) **ઉત્થાન :-** બીજા આડાઅવળા વિચાર તો ન કરે, પરંતુ આ જ ધર્મપ્રવૃત્તિમાં ચાલુ યોગમાંથી ચિત્તને ઉઠાડીને પછીના યોગમાં લઇ જાય તે ઉત્થાન. દા.ત. પ્રભુને પ્રક્ષાલપૂજા કરતી વખતે મનમાં લાવે કે 'આ પતાવીને સરસ આંગી બનાવવી છે.' આમાં પ્રક્ષાલપૂજામાં ચિત્ત એકાકાર ન થાય, ઈષ્ટ ફળ ન આપે. આ એના જેવું છે કે ડાંગરના રોપાને ૨-૩, ૨-૩ દહાડે મૂળ સાથે ઉપાડી-ઉપાડી બીજે-બીજે રોપ્યા કરે, તો એના પર પાક ન આવે.

(૫) **ભ્રાન્તિ :-** ભ્રાન્તિ એટલે ભ્રમણા. ચાલુ ધર્મ-પ્રવૃત્તિમાં ભ્રમ પડી જાય કે 'આટલું' મેં કર્યું કે નહિ ? દા. ત. કાઉસ્સગ્ગમાં ભ્રમ થાય કે 'બે લોગસ્સ ગણ્યા કે ત્રણ લોગસ્સ ?''

(૬) **અન્યમુદ્ :-** મુદ્ એટલે આનંદ ચાલુ ધર્મ પ્રવૃત્તિમાં બીજી ધર્મ-પ્રવૃત્તિનો આનંદ લાવે; દા.ત. પ્રક્ષાલપૂજા વખતે મનમાં આંગી પૂજા કરવાનો આનંદ લાવે, કે 'આંગી રચવાની મજા ઓર!'- એવું મનમાં લાવે, આ અન્યમુદ્ ચાલુ ધર્મયોગમાં એવો જોરદાર આનંદ ન રહેવા દે.

(૭) **રોગ :-** ધર્મ પ્રવૃતિ કરતાં કોઇ માનસિક પીડા ઊઠે, મનોભંગ થાય, એ રોગ દોષ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દા. ત. પોતે ચારિત્ર પાળે છે. ત્યા કોઇ ભિખારીને કોઇ દાતાર આગળ કરગરતો જોઇ મનને આવી જાય કે 'માણસને કર્મવશ કૃપણતા કેવી નડે છે કે આ કૃપણ આ બિચારી ભિખારીને દાન આપતો નથી ?' આ મનોરોગ છે. ઉચ્ચ સંયમ પાળવામાં દુનિયાની આ ઘડભાંગમાં નથી પડવાનું; નહિતર એમાં પોતાની એકધારી સંયમ-પરિણતિને ધક્કો પહોંચે, ને નહિ દેનારા કૃપણ માણસ પર દ્વેષ થાય.

**(૮) આસંગઃ-** પ્રવૃત્તિ સંયમની ઊંચી કક્ષાએ પહોંચતાં ધર્મ-પ્રવૃત્તિ સહજભાવની બનાવવાની છે, એના બદલે અમુક ધર્મ-પ્રવૃત્તિ પર આસકિત રહે, એ આ સંગદોષ છે. એનાથી આત્મામાં અનાસક્તયોગ લાવવો છે તે ન આવે.

### ધર્મયોગમાં આસક્તિ કેમ જરૂરી ? :-

અલબત્ પૂર્વની કક્ષામાં ધર્મયોગ પર આસક્તિ જોઇએ જ; તો જ પાપયોગમાં મન ન જાય, અને ધર્મયોગમાં મન સમર્પિત રહે. દા. ત. નાગકેતુ પ્રભુની-પૂજા કરતા હતા એમાં પુષ્પના કરંડિયામાં છૂપાયેલો નાનો સર્પ હાથે ડસ્યો, શરીરે પીડા ઊભી થઇ, પરંતુ અહીં નાગકેતુનું મન પ્રભુ-ભકિતમાં એવું સમર્પિત હતું, એવું એકતાન હતું, કે શારીરિક પીડાને લક્ષમાં જ લીધી નહિ ! ને ઉલ્ટું ભકિત-ભાવોલ્લાસ વધારી દીધો ! જો ધર્મ-યોગમાં મન આવું આસકત ન હોય તો શારીરિક પીડામાં મન જાય, ને એને મહત્ત્વ આપી એનો વિચાર કરે, વેદનાનું આર્તધ્યાન કરે. પરંતુ અહીં શરીરને જરાય મહત્ત્વ જ આપ્યું નહિ, ધર્મયોગને જ મહત્ત્વ આપ્યું છે; તેથી શરીરનો વિચાર શરીરની પરવા જ કોણ કરે છે ? આમ ધર્મયોગને મહત્ત્વ આપી ધર્મયોગમાં જ આસક્તિ રાખવાથી પાપયોગમાં મન જતું અટકી જાય.

### ધર્મયોગમાં અનાસક્તિ કયારે કેમ જરૂરી ? :-

પરંતુ એ ધર્મયોગમાં મન સ્થિર રાખ્યા પછી તો ભાવ વધારવા છે, વીતરાગતાએ પહોંચવું છે, તો ત્યાં ધર્મયોગમાં આસક્તિ ન રાખતાં ધર્મયોગ સહજભાવનો બની જવો જોઇએ, તો જ ધર્મયોગનો ય રાગ ન રહેતાં, સંપૂર્ણ રાગ જવાથી અનાસક્ત યોગી અને વીતરાગ બનાય.

### ૮ ગુણસ્થાન :-

(૧) અદ્વેષ : અદ્વેષ એટલે દ્વેષ નહિ, માત્સર્ય નહિ, અસૂયા નહિ, કોના પર નહિ ? તો કે પોતે જે ધર્મયોગ સાધી રહ્યો છે, એ નહિ સાધનારા બીજાઓ પર અસૂયા નહિ કે 'આ લોકો કેમ એદી જેવા છે, ને ધર્મયોગ નથી સાધતા ?' આ અસૂયા-અસહિષ્ણુતા આવે તો શો વાંધો ? વાંધો આ, કે આમ મન બીજામાં રોકાઇ ગયું એટલે અદ્વેષ પછી મનને બીજા પગથિએ 'જિજ્ઞાસા' ગુણસ્થાન પર જવું છે, તે મન ન જઇ શકે.

અથવા કહો; જીવ જ્યાં સુધી ઓઘદૃષ્ટિમાં હતો ત્યાં સુધી એને દુનિયાનું બધું ગમતું હતું, માત્ર તત્ત્વ જ નહોતા ગમતા, મોક્ષની વાત જ ગમતી નહોતી. તત્ત્વ પર અરુચિ દ્વેષ હતો, તે હવે ઓઘદૃષ્ટિમાંથી પહેલી યોગદૃષ્ટિમાં આવવું હોય તો આ તત્ત્વ પ્રત્યેનો દ્વેષ ટાળવો જોઇએ. તત્ત્વ પ્રત્યે અદ્વેષ આવે તો જ પહેલી યોગદૃષ્ટિમાં અવાય, અને તે પછી 'તત્ત્વ-જિજ્ઞાસા' નામનું બીજું ગુણસ્થાન આવે, ને તેથી બીજી યોગદૃષ્ટિમાં પ્રવેશ મળે.

**(૨) જિજ્ઞાસા :-** તત્ત્વ જાણવાની રુચિ થાય, ઇચ્છા થાય, એ 'જિજ્ઞાસા' છે. એ હોય તો જ બીજી યોગદદૃષ્ટિમાં ગણાઇએ. આ કોને થાય ? સંસારની માયાજાળમાં જેનું મન મુંઝાતું હોય કે 'શું આવા ઉચ્ચ માનવ જનમને આ નાશવંત અને આત્મહિત વિરોધી માયાજાળમાં જ વેડફી નાખવાનું ?' આવી મુંઝવણ રહેતી હોય એના મનને થાય કે 'ત્યારે તત્ત્વ શું ? તાત્ત્વિક કર્તવ્ય શું હશે ?'

**(૩) શુશ્રૂષા :-** 'શુશ્રૂષા' એટલે સાંભળવાની ઇચ્છા. તત્ત્વની જિજ્ઞાસા (જાણવાની ઇચ્છા) તો કરી, પણ મોહમાયામાં પરોવાયેલો જ રહે તો કયાંથી તત્ત્વ જાણી શકાવાનાં ? એટલે જિજ્ઞાસા ઉપરાંત હવે તત્ત્વ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંભળવાની ઈચ્છા થાય કે 'લાવ, તત્વનાં જાણકાર ગુરુ પાસે તત્ત્વને સાંભળું.' આનું નામ શુશ્રૂષા.

અષ્ટાપદ પર્વત પર તપ તપતા ૧૫૦૦ તાપસોને ગણધર ભગવાન ગૌતમ સ્વામીજીએ પ્રતિબોધ કર્યો. પેલા કહેતા હતા 'તમે અમને અષ્ટાપદ પર કૈલાસનાથના દર્શન કરાવો.

ગૌતમ મહારાજ કહે, 'ઉપર તો મૌન કૈલાસનાથ છે, તમને બોલતા અને જીવતા જાગતા કૈલાસનાથના દર્શન કરાવું તો ? એ તમને સંભળાવે, તમે એમાં દિલના સંદેહ ઊઠે તે પૂછી શકો. એમની પાસેથી સમાધાન સાંભળી શકો.'

બસ, તાપસો એમ તૈયાર થઇ ગયા, લગન લાગી કે 'ક્યારે જીવંત કૈલાસનાથને ભેટીએ ને ક્યારે એમની પાસે તત્ત્વ સાંભળીએ !' 'આ લગન આ તત્ત્વ-શુશ્રૂષા એટલી બધી જોરદાર વધી ગઇ કે પ્રભુ પાસે સાંભળવાની સ્થિતિએ પહોંચતા પહેલાં, ૫૦૦ તાપસ ખીરપારણું કરતાં કરતાં, ૫૦૦ દૂરથી સમવસરણ જોતાં, અને ૫૦૦ તાપસ સમવસરણના પગથિયે પહોંચી પ્રભુની મધુર વાણીનો રણકાર સાંભળતાં કેવળજ્ઞાન પામી ગયા ! તત્ત્વશુશ્રૂષાનો કેવો પ્રભાવ !

**(૪) શ્રવણ :-** આ ક્રમથી તત્ત્વનું શ્રવણ કરવા સુધી પહોંચે તે ચોથી યોગદષ્ટિમાં આવ્યો. પરંતુ જોજો, આ શ્રવણ તત્ત્વનો દ્વેષ-અરુચિ મૂકી, જોરદાર તત્ત્વજિજ્ઞાસા કરી, અને ઉત્કટ તત્ત્વશુશ્રૂષા કરીને તત્ત્વ-શ્રવણ કરતો હોય તે જ યોગની ૪થી દૃષ્ટિમાં આવ્યો ગણાય. એટલું જ નહિ પણ, સાથે સાથે ધર્મક્રિયાના ખેદ-ઉદ્વેગ-ક્ષેપ અને ઉત્થાન એ ચાર દોષ ટાળ્યા હોય, ને તત્ત્વ-શ્રવણ કરતો હોય, એ જ યોગની ૪ થી દૃષ્ટિમાં આવ્યો ગણાય.

**(૫) બોધ :-** તત્ત્વશ્રવણ કરતાં કરતાં તત્ત્વનો બોધ મેળવે એ પાંચમું ગુણસ્થાન. અંતરાત્મામાં તત્ત્વનો પ્રકાશ થાય, અજવાળું થાય, અને અત્યાર સુધીના હૈયામાં છવાઇ રહેલા તત્ત્વના અંધકાર ઉલેચાઇ જાય, તત્ત્વ-પ્રકાશ પામ્યાનો અવર્ણનીય આનંદ થાય એવા તત્ત્વપ્રકાશ નામ તત્ત્વબોધ.

**(૬) મીમાંસા :-** મીમાંસા એટલે મનન, વિચારણા. તત્ત્વબોધ પામ્યા પછી સંતોષ નથી વાળવાનો કે 'ચાલો તત્ત્વ સાંભળી લીધાં, જાણી લીધા, પત્યું.' અથવા 'હવે આપણે આગળ શાસ્ત્રો ભણીએ તો વિદ્વત્તા આવશે' એમ ખોટો લોભ નથી કરવાનો, કિન્તુ જે જીવાદિ તત્ત્વ જાણ્યા એને આત્મામાં જડબેસલાક સ્થિર કરવાનાં છે, દૃઢ કરવાના છે; અને તે તત્ત્વ-મીમાંસાથી થાય. તત્ત્વમિમાંસા એટલે જાણેલા તત્ત્વ પર ચિંતન-મનન ચાલે. હેય તત્ત્વનાં નુકસાન ને ઉપાદેય તત્ત્વના લાભ વિચારે. એમાં યુક્તિ-દૃષ્ટાન્ત વિચારે. તત્ત્વ-નિર્ણય દૃઢ થાય. યા તત્ત્વ એટલે સિદ્ધાન્ત (૧) એકાન્ત,-સિદ્ધાન્ત,- દા.ત. 'આત્મા એકલો નિત્ય જ યા ક્ષણિક જ,' એમ 'દ્રવ્ય-ગુણ એકાન્તે ભિન્ન જ,' યા 'એકાન્તે અભિન્ન જ.' (૨) અનેકાન્ત સિદ્ધાન્ત, દા.ત. નિત્યાનિત્ય, ભિન્નાભિન્ન, આ સિદ્ધાન્તને પણ ઘટમાન-અઘટમાન લાભ-નુકસાન વગેરે મુદ્દાથી વિચારે.

**(૭) પ્રતિપત્તિ :-** પ્રતિપત્તિ એટલે 'આ જ તત્ત્વ છે,'- એવો સ્વીકાર. સાચા સ્વીકાર પર હૃદયનો પક્ષપાત ઊભો થાય. હજી તેવું વીર્યસ્ફુરણ નથી એટલે સ્વીકૃતમાં પ્રવૃત્તિ નથી.

**(૮) પ્રવૃત્તિ :-** સ્વીકૃતમાં પ્રવર્તમાન થાય, હેયનો સર્વથા ત્યાગ કરે, ઉપાદેયમાં સર્વથા આદર પ્રયત્ન કરે. વીતરાગના જીવનનું લક્ષ્ય મળ્યું, પછી વીતરાગતા તરફ પ્રવૃત્તિ, એટલે કે રાગ-દ્વેષને સર્વથા અટકાવવાનો પુરુષાર્થ આદરે. રાગ-દ્વેષનિગ્રહ સહજ બનાવે.

આ ક્રમથી સદ્દૃષ્ટિ સમ્યગ્ દૃષ્ટિ વિકસે છે, એ ભગવાન પતંજલિ વગેરે યોગીઓને માન્ય છે.

**પ્ર૦- અહીં પતંજલિ વગેરેને ભગવાન કેમ કહ્યા ? શું એ ઈશ્વર પરમાત્મા છે ?**

ઉ૦- 'ભગવાન' શબ્દનો અર્થ સમજવાનો છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'ભગ'નો અર્થ ઐશ્વર્ય પ્રભાવ વગેરે થાય છે. કલ્પસૂત્ર ટીકામાં 'શ્રમણ ભગવાન મહાવીર' એનો શબ્દાર્થ બતાવતાં 'ભગવાન' શબ્દ લઈ, 'ભગ'ના ૧૪ અર્થ બતાવ્યા છે. પતંજલિ વગેરે ભલે મિથ્યાદૃષ્ટિ હતા, પરંતુ વૈરાગ્યના ઐશ્વર્યવાળા હતા, પ્રભાવવાળા હતા, અપુનર્બંધક દશાના લક્ષણવાળા હતા.

પ્ર૦- શું વૈરાગ્ય એ ઐશ્વર્ય છે ? એનો પ્રભાવ છે ?

ઉ૦- હા, જે વૈરાગ્ય વિના જીવને સંસારમાં ભટકતા અનંતા પુદ્ગલ-પરાવર્તકાળ થયા ને એ એકેકા પુદ્ગલ-પરાવર્તમાં અનંતા જન્મ મરણ થયા, તે હવે વૈરાગ્ય આવ્યા પછી એક જ પુદ્ગલ-પરાવર્તકાળની અંદર અંદર જન્મ-મરણની પરંપરાનો અંત આવી જાય, ને અનંતાનંત શાશ્વત કાળ માટે અનંત સુખના ધામ મોક્ષની પ્રાપ્તિ થાય, એ વૈરાગ્યનો પ્રભાવ ઓછો ગણાય ?

## આત્માને વૈરાગ્ય વિના મોહ માયાની ગુલામી કેટલી છે ?

-એ જગતના જીવોમાં નજરે દેખાય છે ને ? વૈરાગ્ય નથી તો મોટો પહેલવાન પણ તુચ્છ ખાનપાનની ગુલામી કરે છે ! વૈરાગ્ય નથી તો મોટો શહેનશાહ પણ પટ્ટરાણીની આંખ પર નાચે છે ! ત્યારે જેનામાં વૈરાગ્ય હોય એને મોટી ઈંદ્રાણીઓ પણ ગમે તેવા હાવભાવ અને મનામણાથી ય ડગાવી શકતી નથી.

તામલિ-તાપસને એના મહાવૈરાગ્યમાંથી ભવનપતિની દેવીઓ ડગાવી શકી નહિ ! દેવીઓને પોતાનો પતિદેવ ગુજરી ગયો હોવાથી 'સારો પતિ કોણ થાય ?' એ શોધતાં તામલિતાપસને પસંદ કરેલો. કોણ તામલિતાપસ ? એક વખતનો સુખી ગૃહસ્થ, પણ અડધી રાતે એકવાર જાગી જવાથી વિચારમાં ચડયો કે,

### તામલિની ભવ્ય વૈરાગ્ય-ભાવના :-

'આ ઉચ્ચ માનવ અવતાર શું કરવા માટે મળ્યો છે ?

તરણ તારણ ભગવાનને મૂકી આ મોહમાયાની આરતિ ઉતારવા માટે મળ્યો છે ? આ મોહમાયા તો અહીં મૃત્યુ વખતે જીવને માટે બધી જ ઊડી જવાની. પછી પરલોકે મારા આત્માનું કોણ ? અને શું મોહમાયાની સેવાથી સદ્ગતિ મળે ? તો તો જગતમાં કોઈ જીવ દુર્ગતિમાં હોય જ નહિ; કેમકે મોહમાયાની સેવા તો જનાવરને ય, અરે નાની કીડી અને જડ જેવા ઝાડના જીવને ય, કરતા આવડે છે. બધાય પછી સદ્ગતિમાં જ પહોંચી જાય ! જ્યારે દુર્ગતિમાં તો અનંતા જીવ રખડતા અને ભયંકર દુઃખ ભોગવતા દેખાય છે. એ બતાવે છે કે મોહમાયાની સેવાથી દુર્ગતિ જ મળે. ભગવાનની સેવાથી જ સદ્ગતિ મળે. ભગવાનની સેવા કરવી હોય તો આ કુટુંબ કબીલા વગેરેની મોહમાયાનો તદ્દન ત્યાગ કરી, પછી રુડાં ખાનપાનની પણ મોહમાયાનો ત્યાગ કરી, કઠોર તપના માર્ગે ચડી ખાવું ભૂલવું જોઈએ, તો જ પછી નિરાંતે ભગવદ્ નામસ્મરણ ભગવદ્ભજન વગેરે ભગવાનની સેવા થાય.''

### કુટુંબને સમજાવટ : સાચો પ્રેમી કોણ ? :-

બસ, મનથી નિર્ધાર કરી સવારે કુટુંબને સમજાવી દીધું કે, ''જુઓ, મારા મર્યા પછી હું જ્યાં જાઉં ત્યાં કોણ જાણે કેવી ય ઘોર દુઃખમય સ્થિતિ હોય. ત્યાં તમે કોઈ મને મળવાના નથી, મને તમે ત્યાં શરણ કે રક્ષણ આપી શકવાના નથી. શરણ કે રક્ષણ મળે તો એકમાત્ર ભગવાનથી મળે. પરંતુ તે અહીં ભગવાનને આપણે ભજ્યા હોય તો જ મળે; ને ખરેખરૂં એકાન્તે ભગવાનને ભજવાનું મોહમાયાથી સર્વથા અલગ થયા વિના ન થાય. જગતમાં ભગવાનને ભજવા માટે આ ઉત્તમ મનુષ્યભવ જેવો કોઈ ભવ નથી. મારા પર તમારો બધાનો પ્રેમ છે, તો તમે મારા સાચા પ્રેમી થઈ પરલોકમાં હું દુર્ગતિઓમાં ભટકતો ન થાઉં, અને સદ્ગતિ યાવત્ મોક્ષ પામી જઈ અનંતા જન્મ-મરણની વિટંબણામાંથી હંમેશ માટે મુક્ત થાઉં, એવું જ ઈચ્છો, ને મારા નિર્ધારમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુકૂળ થઇ જાઓ. નહિતર **પ્રેમીને દુર્ગતિઓમાં નરકની ભઠ્ઠીમાં અસંખ્ય વાર શેકાવા સુધીની ઘોર પીડા મળે એવું પ્રેમી પાસે કરાવવું એ પ્રેમ છે ?'**

### છટ્ઠના પારણે છટ્ઠ કેટલા ?

બસ, કુટુંબને સમજાવી દઇ તામલિ ગૃહસ્થ બધી મોહમાયા મૂકી જંગલમાં ઘોર તપ તપવા લાગ્યો ! છઠના પારણે છઠ કરે છે, તેમાંય પારણામાં ખાનપાનની મોહમાયા ન નડી જાય, તે ભિક્ષા-પાત્રમાં ચાર ભાગ કલ્પી એક ભાગ પોતાનો, અને બાકી ત્રણ ભાગ જલચર-સ્થલચર-ખેચર જીવો દા.ત. માછલી-કૂતરા-પંખેરાના કલ્પી, ભિક્ષા જે ભાગમાં પડે, તે તેને આપી દેવાની. પોતાના ભાગે કેટલું આવે ? એ ય ભિક્ષામાં માલપાણી નહિ, કિન્તુ કોરા ભાત માત્ર ! તેને લાવીને ય સીધે સીધા ખાઇ નહિ લેવાના, પરંતુ એમાં એકવીસ વાર પાણી નાખી એ ભાતને એકવીસ વાર ધોઇ નાખવાના ! પછી એનાથી પારણું કરી ઉપર તરત છટ્ઠ લેવાનો ! એવો ઘોર તપ એણે ૬૦ હજાર વર્ષ ચલાવ્યો ! કલ્પનામાં આવે છે ?

પ્ર૦- શું માણસ આટલો બધો તપ ખેંચી શકે ?

ઉ૦- હા, 'મોંઘેરી માનવકાયા અંતે લાકડામાં તો જવાની જ છે; એ પહેલાં એનો જેટલો કસ નીકળે તે કાઢી લેવો,' આ નિર્ધાર હોય એને ૬૦ હજાર વર્ષ તો શું, મહાવીર ભગવાનના જીવ નંદન રાજાએ ચારિત્ર લઇ એક લાખ વરસ છટ્ઠના પારણે છટ્ઠ નહિ, માસખમણના પારણે માસખમણથી કાયાના કસ ખેંચેલા !!

### દેવી કોને પસંદ કરે ?:-

તામલિ તાપસ એ તપમાં નર્યા હાડપિંજરશો બની ગયેલો. એને દેવીઓ સારા પતિ તરીકે પસંદ કરે છે ! કોઇ સારા રૂપાળા લષ્ટ પુષ્ટ ગુલાબી કાયાવાળાને કે કોઇ મોટા શ્રીમંત યા રાજા મહારાજાને નહિ. કેમ વારુ ? દેવીઓ સમજે છે કે 'આવા રૂપાળા તો રંગ રાગ ખેલી દુર્ગતિગામી બનનારા હોય છે. જ્યારે, આવા તામલિતાપસ જેવા સુક્કા-લુખ્ખા એ ઉચ્ચ ઈંદ્ર વગેરેની પદવી પામનારા બને છે ! માટે દેવીઓ તામલિ તાપસને પસંદ કરી એની પાસે આવે છે, અને વિનંતિ કરે છે, કે ''હે મહાતાપસ ! આ અમે સ્વર્ગની દેવીઓ છીએ. અમારો પતિ ગુજરી ગયો છે. તો તમે આ તપના પ્રભાવે અમારા પતિદેવ થવાનું નિયાણું કરો. અમે તમારી જીવનભર સેવા કરી તમને અસંખ્ય વરસ સુધી દિવ્ય આનંદ આપશું.''

પરંતુ તામલિ મૌન રહે છે, ત્યારે દેવીઓ જાણે કે આમને સ્વર્ગ-સુખની શી કલ્પના હોય ? તેથી ત્યાં સ્વર્ગીય વાતાવરણ સરજે છે. એમાં વસંતઋતુ ખીલી ઉઠી છે, મનોરમ ઉદ્યાન ફૂલો, એની સુગંધિની મહેક મહેક, નાના નાના સરોવરો, એમાં દેવ-દેવીઓની જલક્રીડા કામક્રીડા, વળી દેવીઓ પોતે દેવતાઇ રૂપ અને દેવતાઇ ઉદ્ભટ વેશમાં ગીત-ગાન અને ઉદ્ભટ નૃત્ય કરે છે. સાથે એવા પાછા વાજિંત્ર વાગે છે, પવૈયાને પાનો ચડે એવું દૃશ્ય સરજાયું છે.

પરંતુ અહીં દેવીઓ જુએ છે તો તામલિ તાપસને લેશમાત્ર વિકાર નથી. કેમ વારુ ? તામલી તાપસ ધ્યાનસ્થ ચક્ષુથી બેઠો છે. એટલે આંખ લગભગ પોણી મીંચેલી, તેથી આ બધું જુએ છે જ કોણ ? પૂછો,-

પ્ર૦- પણ ગીતના શબ્દ તો કાને આવે ને ?

ઉ૦- મૂળ આંખનું જ પહેલું મોટું તોફાન છે. એ જ્યાં બંધ જ રાખી, પછી તો ધ્યાનમાં કરવાનું શું ? ભગવાનના નામ-સ્તોત્રો વગેરે તથા શાસ્ત્રનાં તત્ત્વ ચિંતનમાં જ મન પરોવી દીધું; એવું કે કશા બહારના શબ્દ પર મન જાય જ નહિ.

કદાચ સહેજ મન ગયું, તો તામલિતાપસને એક જ વિચાર છે, જાણે મૌનપણે મનોમન દેવીઓને કહે છે, 'તારા આવા અસંખ્ય વરસના સુખ ચૂલામાં નાખ. એ અસંખ્ય વરસે ય મર્યા પછી શું ? મારો આત્મા ક્યાં જાય ? પાછું જનમ-મરણની વિટંબણામાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂરાઇ જ જવાનું ને ? અને દુર્ગતિઓના લાખો ક્રોડો ભવ જાલિમ દુઃખોની ભઠ્ઠીઓમાં શેકાવાનું રીબાવાનું જ ને ? આવડો મોટો તપ કરી કાયા કાંઇ તારા માટે કસી નાખી છે ? ચાલતી થઇ જા.' અંતે હારી થાકીને દેવીઓ એના પર થૂંકીને ગઇ.

નમાલાને થૂંકવા સિવાય બખાળા કાઢવા સિવાય બીજું શું આવડે ?

## કાર્તિક શેઠને કેટલામાં વૈરાગ્ય ? :

તામલિ તાપસ પાસે આવું વૈરાગ્યનું ઐશ્વર્ય હતું. તેમાં વળી આવા ૬૦ હજાર વર્ષના ઘોર તપનું ઐશ્વર્ય ! એણે દેવીઓને હંફાવી દીધી ! ત્યારે એ બીજા દેવલોકના ઇંદ્ર ઇશાનેન્દ્ર થયા છે ! જ્યારે શ્રાવકની ૧૧ પડિમા સો વાર વહન કરનાર કાર્તિક શેઠ સાધુ થઇ પહેલા દેવલોકના ઇન્દ્ર સૌધર્મેન્દ્ર થયા છે. શું કાર્તિક શેઠનો વૈરાગ્ય ઓછો હતો ? ના, એક સામાન્ય પ્રસંગમાં સંસારમાંથી ઊભા થઇ ગયેલા ! પ્રસંગ કેટલો ? મિથ્યાદૃષ્ટિ ગૈરિક તાપસનું બીજા વેપારી બહુમાન કરે, પણ આ સમકિતી શ્રાવક કાર્તિક શેઠ ન કરે. પેલાએ એમને દાઢમાં ઘાલી પારણાનું રાજાનું આમંત્રણ આ શરતે સ્વીકાર્યું કે 'કાર્તિકશેઠ મને પીરસે.' કાર્તિકશેઠને અનિચ્છા છતાં રાજાના આગ્રહ-અભિયોગથી પીરસવું પડયું. તાપસ નાક પર આડી આંગળી ફેરવી સૂચવે છે 'કેવું નાક કાપ્યું ?' શેઠ વિચારે છે કે ''પ્રભુની આજ્ઞા મુજબ આઠ વર્ષની ઉંમરે ચારિત્ર ન લીધું. તેથી આ મિથ્યાદૃષ્ટિનું સન્માન કરવાનો અવસર આવ્યો. આ મારો જ વાંક,'' એમ વિચારીને ચારિત્રની તૈયારી કરી. આવા મોટા શ્રીમંતને ચારિત્રેચ્છુ જોઇ ૧૦૦૦ વણિકપુત્રો પણ તૈયાર થયા અને સૌ દીક્ષિત બન્યા ! કેવો વૈરાગ્ય ? અદ્ભુત!

છતાં તામલિનો અતિદીર્ઘ તપ અને વૈરાગ્ય તથા અંતે મુનિ-દર્શને સંભવિત સમ્યક્ત્વ-પરિણામના હિસાબે આયુષ્ય બંધાવા સમયે આંતર અધ્યવસાય-પરિણતિ કાર્તિકશેઠ કરતાં ઊંચી હશે, તેથી તામલિએ બીજા દેવલોકના ઇંદ્રનું આયુષ્યકર્મ બાંધ્યું.

આવા ઇશાનેન્દ્રપણાને અપાવનાર તપ અને વૈરાગ્ય એ શું આત્માનું ઐશ્વર્ય ન ગણાય ? અને પૈસાટકા-રાજ્યપાટ એ ઐશ્વર્ય છે ?

## દુન્યવી સંપત્તિલીલા તો ચોરલીલા છે, દુર્ગતિની જેલોમાં એ ખોસી ઘાલે !

પતંજલિ, ભાસ્કર દત્ત વગેરે યોગીઓ મહાન વૈરાગ્યાદિનું ઐશ્વર્ય ધરનારા હતા, ને 'ભગ' એટલે ઐશ્વર્ય, તેથી અહીં એમને શાસ્ત્રકાર હરિભદ્રસૂરિજી મહારાજ 'ભગવાન' કહે છે. 'ભગવાન પતંજલિ, ભદન્ત (ભગવાન) ભાસ્કર, ભગવદ્ દત્ત.'

આ યોગીઓને ઉપરોકત ક્રમથી આઠ પ્રકારવાળી સદ્દૃષ્ટિ અભિમત છે.

હવે અહીં ગ્રંથકાર કહે છે કે એકેક યોગદૃષ્ટિ સાથે એકેક યોગાંગ, દોષ-ત્યાગ, અને ગુણસ્થાનનો સહચાર, દરેક યોગદૃષ્ટિના વર્ણન વખતે બતાવીશું. અહીં યોગદૃષ્ટિમાં 'દૃષ્ટિ' શબ્દનો શો અર્થ તે બતાવવા ગાથા ૧૭મી કહે છે,-

(टीका) सांप्रतं दृष्टिशब्दर्थाभिधानायाह सच्छ्रद्धासंगतोबोधो,

**(मूल-) दृष्टिरित्यभिधियते । असत्प्रवृत्ति-व्याघातात् सत्प्रवृत्तिपदावहः ॥१७॥**

**અર્થ** :- હવે 'દૃષ્ટિ' શબ્દનો અર્થ કહેવા કહે છે. સમ્યક્ શ્રદ્ધા-યુક્ત બોધ એ દૃષ્ટિ કહેવાય છે; કેમકે એ અસત્ પ્રવૃત્તિ (શાસ્ત્ર વિરુદ્ધ પ્રવૃત્તિ)ને અટકાવી દે છે, અને સત્પ્રવૃત્તિ (શાસ્ત્રથી અવિરુદ્ધ પ્રવૃત્તિ)ના પદને પ્રાપ્ત કરાવે છે.

(टीका) 'सच्छ्रद्धासंगतोबोधः' इत्यनेनासच्छ्रद्धाव्यवच्छेदमाह । असच्छ्रद्धा चेह शास्त्रबाह्या स्वाभिप्रायतस्तथविधासदूहात्मिका गृह्यते । तद्वैकल्यात् सच्छ्रद्धासंगतः इति । 'दृष्टिरित्यभिधीयते; दर्शनं दृष्टिरितिकृत्वा निष्प्रत्यपायतया ।

**અર્થ** :- 'સત્શ્રદ્ધા-સંગત બોધ' એમ કહીને અસત્ શ્રદ્ધાની બાદબાકી કરી; અહીં 'અસત્ શ્રદ્ધા' શાસ્ત્ર બાહ્ય સમજવાની છે; અર્થાત્ પોતાની અસત્

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રદ્ધા સમજવાની છે. યોગદૃષ્ટિમાં એનો અભાવ હોવાથી (સમ્યક્ શ્રદ્ધા હોઇ) બોધ 'સત્શ્રદ્ધા-સંગત' અર્થાત્ સત્ શ્રદ્ધાથી સંપન્ન હોય છે, આવા પ્રકારનો બોધ યાને અવગમ (જ્ઞાન), એ શું છે ? તો કે દૃષ્ટિ કહેવાય છે. કેમકે દર્શન એ જ દૃષ્ટિ છે, અને એ અપાય- અનર્થથી રહિત હોય છે.

### વિવેચન :-

'સત્ શ્રદ્ધાથી સંપન્ન બોધ એ દૃષ્ટિ,' એમ દૃષ્ટિની ઓળખ કરાવી. એમાં 'સત્ શ્રદ્ધા' કહીને અસત્ શ્રદ્ધા ન લેવા સૂચવ્યું. દૃષ્ટિના બોધ-પ્રકાશમાં અસત્ શ્રદ્ધા ન હોવી જોઇએ.

### પ્ર૦- અસત્ શ્રદ્ધા કોને કહેવાય ?

ઉ૦- જે શાત્ર-બાહ્ય હોય, શાસ્ત્ર-સંગત ન હોય, એવી સ્વમતિ કલ્પનાની તેવા પ્રકારની અસત્ તર્કણા એ અસત્ શ્રદ્ધા છે. આવી શાસ્ત્રબાહ્ય સ્વોત્પ્રેક્ષિત તર્કણા ન હોય એ સત્ શ્રદ્ધા છે.

અત્યાર સુધી 'યોગદૃષ્ટિ આઠ, એમાં યોગાંગ આઠ....' વગેરે કહ્યું, તો જિજ્ઞાસા થાય કે "યોગદૃષ્ટિમાં 'દૃષ્ટિ' એટલે શું ?" એ હવે અહીં સમજાવતા કહે છે કે,-

## 'દૃષ્ટિ' એટલે સમ્યક્શ્રદ્ધાસંપન્ન બોધ

જીવ જ્યાં સુધી અનાદિ કાળથી ભવાભિનંદીપણે- સંસારરસિકપણે ઓઘ-દૃષ્ટિમાં હતો, ત્યાં સુધી એને મિથ્યા શ્રદ્ધા હતી. અહીં આ 'મિથ્યાશ્રદ્ધા' એટલે 'મિથ્યા દશનોનાં શાસ્ત્રોની શ્રદ્ધા' નથી લેવાની, કેમકે એ તો પહેલી ચાર દૃષ્ટિમાં જીવ હોય તો એને ય મિથ્યાધર્મનાં શાસ્ત્રોની શ્રદ્ધા તો હોય છે, છતાં એના બોધને ય યોગની દૃષ્ટિ કહેવાય છે, જો 'સમ્યક્ શ્રદ્ધા-સંપન્ન બોધ એ દૃષ્ટિ, પણ મિથ્યા શ્રદ્ધા-સંપન્ન બોધ એ દૃષ્ટિ નહિ', એમ કરી આ ઇતર મિથ્યા દર્શનવાળાના બોધને બાદ કરીએ, તો એમનામાં યોગની પહેલી ચાર દૃષ્ટિ હોવાનું સંગત ન થાય. માટે અહીં 'અસત્ શ્રદ્ધા મિથ્યાશ્રદ્ધા' એટલે પૌદ્ગલિક દૃષ્ટિ, પુદ્ગલાનંદી દૃષ્ટિ, નીતરતી સંસાર-દૃષ્ટિ લેવાની છે, શુદ્ધ સંસારરસિકતા લેવાની છે. એવી શ્રદ્ધાવાળા બિલકુલ મોક્ષદૃષ્ટિ વિનાના ને આત્મદૃષ્ટિ વિનાના હોય છે. એવાનો બોધ એ દૃષ્ટિ નહિ, સદ્દૃષ્ટિ નહિ; પણ સમ્યક્ શ્રદ્ધા-સંપન્ન અર્થાત્ પૌદ્ગલિક નહિ પણ આત્મિક દૃષ્ટિવાળાનો યાને મોક્ષ દૃષ્ટિવાળાનો બોધ, એ અહીં દૃષ્ટિ સમજવી. આ આત્મદૃષ્ટિ શી રીતે આવે ? કહો, વૈરાગી ત્યાગી ગુરુ પાસે શાસ્ત્રો સાંભળવાથી.

### ધર્મ વિદ્યા માટે ગુરુની જરૂર નહિ ? :

આ પરથી સમજાશે કે શાસ્ત્રજ્ઞ ગુરુની પરવા ન કરે, અને સંસ્કૃત પ્રાકૃત ભાષાનું જ્ઞાન થયું એટલે ગુરુગમ વિના, ગુરુ પાસેથી શાસ્ત્ર ભણ્યા વિના, આપમેળે મતિ કલ્પનાથી શાસ્ત્રો વાંચી કાઢે, સંબંધ-ભાવ સમજ્યા વિના શાસ્ત્રની પંક્તિઓ લગાવે, એની શ્રદ્ધા એ સમ્યક્ શ્રદ્ધા નહિ; કેમકે એક તો એને એમ કરવામાં પહેલું તો આત્મદૃષ્ટિ જ નથી. એને તો અભિમાન-માનાકાંક્ષા અને સ્વચ્છંદતા છે; અને બીજું એ કે એ શાસ્ત્ર લગાવવામાં છબરડા ઘણા વાળવાનો, દા.ત. શાસ્ત્રમાં આવ્યું કે 'ગુણેહિ સાહૂ, અગુણેહિ સાહૂ.' મતિ કલ્પનાવાળો એનો અર્થ શું કરશે ? આવોજ કોક કે 'ગુણોથી સાધુ કહેવાય, અને અગુણોથી ય સાધુ કહેવાય.' ત્યાં એ આવી કાંક મતિકલ્પના લગાવશે કે 'જેનામાં સંયમ હોય, પછી ભલે બીજા ગુણો ન હોય તો પણ એ સાધુ છે.' ગુરુગમ નહિ, સમ્યક્ શ્રદ્ધા નહિ, એટલે આવા છબરડા વળે. ત્યારે સમ્યક્ શ્રદ્ધાવાળો તો ગુરુગમને પહેલો આગળ કરે; એટલે એમાં એને ગુરુ પાસેથી એનો અર્થ આ પ્રમાણે જાણવા મળે કે

### 'અગુણેહિ સાહૂ' કેવી રીતે ? :-

એ જે કહ્યું છે એમાં 'સાહૂ' એટલે 'અસાહૂ' શબ્દ સમજવાનો છે, ને એ 'અસાહૂ'માંનો પહેલો 'અ' અક્ષર પ્રાકૃત ભાષાના ખાસ સંધિનિયમથી પૂર્વના 'હિ' અક્ષરમાં ભળી ગયો છે. પ્રાકૃતમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામાન્યથી બે સ્વર સાથે આવે ત્યારે પહેલો સ્વર ઊડી જઇ બીજો કાયમ રહે છે, ને પહેલો બીજામાં ભળી જાય છે. દા.ત. 'જિણ + ઈંદં = જિણિંદં, 'કલ્લાણકંદં પઢમં જિણિંદં' આવે છે ને ? પરંતુ અપવાદે કવચિત્ પહેલો સ્વર કાયમ રહી બીજો પૂર્વમાં ભળી જાય છે એટલે ઊડી જાય છે. દા.ત. અહીં જ 'અગુણેહિ + અસાહૂ = 'અગુણેહિસાહૂ !' આમાં બીજો સ્વર 'અ' પૂર્વમાં ભળી ગયો. આ બધું કોણ સમજાવે ? ગુરુ સમજાવે. પણ ગુરુ-શરણની પરવા જ ન હોય, એ કયાંથી સમજી શકે ? એ તો છબરડા જ વાળે, ને એના પર પાછો અસત્ તર્ક લગાવે !

કેવો કળિકાળ ? દુન્યવી વિદ્યાઓ-શાસ્ત્રો ભણવા માટે ગુરુ કરવા પડે, ને ધર્મવિદ્યા- ધર્મ-શાસ્ત્રો ભણવા માટે ગુરુની જરૂર નહિ ?

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| હીરાનું | જાણવું | હોય | તો | હીરાના | જાણકાર | પાસે, | ને |
| મોતીનું | ,, | ,, | ,, | મોતીના | ,, | ,, | એમ |
| ડોકટરીનું | ,, | ,, | ,, | એના | ,, | ,, | ને |
| વકિલાતનું | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ને |
| ઈજનેરીનું | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ભણવું પડે છે. |

ત્યારે ધર્મ-શાસ્ત્રોનું જાણવું હોય, તો એના જાણકાર ગુરુ પાસે ભણવું ન પડે ? પરંતુ

## ગુરુ પાસે કેમ નથી ભણાતું ?

(૧) મનમાં અભિમાન છે કે 'હું સંસ્કૃત-પ્રાકૃત ભાષા ભણેલો છું. મારી જાતે શાસ્ત્રો લગાવતાં મને આવડે છે.' અથવા (૨) માનાકાંક્ષા છે કે,- 'ગુરુ પાસે ભણતાં વરસો લાગે, જાતે જલ્દી શાસ્ત્રો વાંચી લઇ વિદ્વાન થઇ જવાય અને બહાર વિદ્વાન વ્યાખ્યાનકાર સાધુ તરીકે ફરતા રહી કીર્તિ-પ્રતિષ્ઠા-સન્માન મળે' અથવા (૩) એદીપણું છે કે 'ગુરુ પાસે ભણવામાં ગુરુની સેવા કરવી પડે. જાતે વાંચી લઇશું, અને આરામથી રહીશું.'

આ બધામાં કયાંય આત્મદૃષ્ટિ નથી.

**સ્વાભિમાનની દૃષ્ટિ માનાકાંક્ષાની દૃષ્ટિ, સુખશીલતાની દૃષ્ટિ એ આત્મદૃષ્ટિ ન કહેવાય.**

માટે એવાનો બોધ સમ્યક્‌શ્રદ્ધા સંગત નહિ. સમ્યક્‌શ્રદ્ધા લાવવા માટે મિથ્યા શ્રદ્ધા દૂર કરવી જોઇએ.

સમ્યક્ શ્રદ્ધાવાળો બોધ એ અહીં 'દૃષ્ટિ' કહેવાય છે. આ સમ્યક્ શ્રદ્ધા ગુરુ પાસેથી ગુરુગમથી શાસ્ત્રોનો બોધ મેળવ્યો હોય તો થાય, વ્યાવહારિક વિદ્યાઓ ગુરુગમથી લીધી હોય તો એમાં સાચા રહસ્ય જાણવા મળે છે. એવું જ ધાર્મિક વિદ્યામાં છે. પછી એને સાચી દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. હીરાને જોનારા અનેક, પણ ગુરુગમથી હીરા પરખવાની વિદ્યા મેળવી હોય, એનાં રહસ્ય જાણ્યા હોય, તો એ હીરામાં અનેરૂં દર્શન કરશે.

## ધનાજીનાં અનેરાં દર્શન : હીરાની પારખ :-

ધનાજી એવી હીરા પરખવા વગેરેની વિદ્યાઓના જાણકાર હતા તેથી હીરા વગેરેમાં એમનું એવું અનેરૂં દર્શન હતું. એકવાર દેશાટને એ નીકળેલા ત્યાં રાજાની સભામાં ગયા, ને જોયું કે રાજા એક હીરો બતાવી પૂછી રહ્યો છે કે 'પરાપૂર્વથી ખજાનામાં આ હીરો ચાલ્યો આવે છે એના ગુણદોષ કોઇ બતાવો ? ઝવેરીઓ ઉટપટાંગ કલ્પનાઓ ઠોકે છે; પણ રાજાને એ જચતી નથી. ધનાજીએ રજા માગી, ચોખાનો થાળ મંગાવ્યો, વચમાં હીરો મુકાવી, રાજાને કહે, 'આપ બહાર ચોગાનમાં પધારો, અને ત્યાં દૂર આ થાળ મુકાવો.' થાળ મૂકયો, ચોખા પર ઉપરથી પંખેરા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઊતરી પડે છે, થાળને આઘે આંટા મારે છે, પરંતુ થાળને કે એક ચોખાના દાણાને અડી શકતા નથી. ધનાજી કહે 'જુઓ નામદાર ! ચોખાની વચમાં રહેલા આ હીરાનો પ્રભાવ છે કે પંખેરા ચોખાને અડી શકતા નથી. હવે હીરો મંગાવી લો, પછી જુઓ.' કર્યું એમ, માણસ હીરો લઇ આવ્યો કે તરત પંખેરા થાળ પર તૂટી પડયા, ચોખા સાફ કરી નાખ્યા.

ધનાજી કહે,-

'બસ સાહેબ ! આ હીરાનો પ્રભાવ છે કે જ્યાં સુધી હીરો આપની પાસે છે, ત્યાં સુધી દુશ્મનની મજાલ નથી કે આપના રાજ્યને અડી શકે. હવે અખતરો કરવો હોય તો હીરો બીજા કોઇને આપી દો, ને પછી જુઓ શું બને છે ?' શું હવે રાજા આ અખતરો કરે ? ના, ધનાજીના કહેવાથી હીરામાં એને મહાપ્રભાવકતાનું દર્શન થયું, તે હવે શું કામ અખતરો કરી ખતરામાં ઊતરે ?

## માટીની પારખ :-

ધનાજી એવી રીતે માટી પરખવાની વિદ્યાના ય જાણકાર હતા. એકવાર બજારે નીકળેલા, તે આગળ વધતાં સમુદ્ર કિનારે પહોંચ્યા. ત્યાં એક વહાણ ઊતરેલું. એનો માલિક રસ્તામાં મરી ગયેલો તેથી વહાણનો રાજાએ કબ્જો કરાવી, એમાંનો માલ વેચવા માંડેલો. ધનાજી પહોંચ્યા ત્યારે બધો માલ વેચાઇ ગયેલો, એટલે રાજાના માણસોને બીજા વેપારીઓ મશ્કરીમાં કહે, 'ભાઇ ! આ ધનાશેઠને પણ સારામાં સારો માલ આપજો.' માણસો કહે 'હવે તો આ વહાણ સમતોલ રહે એ માટે વહાણમાં નીચે નાખેલા માટીના થેલાઓ છે.' વેપારીઓ કહે 'વાહ ! એમાં શું ? એ પણ માલ છે ને ?' ધનાજીએ પાસે જઇ થેલાની માટી તપાસી, ચમકયા ! 'અહો ! આ તો તેજંતુરી માટી છે. તાંબુ ઓગાળી એમાં આ માટી થોડી નાખતાં બધું તાંબુ સોનું થઇ જાય ! ને વેપારીઓ બુધ્ધુ છે, આને ઓળખતા નથી, એટલે મશ્કરી કરે છે ! ખેર આપણે ઉઠાવો આને !'

રાજપુરુષોને કહે, 'આ પણ મારે કિંમતી માલ છે. બોલો, શું લેવું છે ?' રાજપુરુષોને ક્યાં ગમ હતી ? એ તો ખાલી ખેતરની માટી સમજતા હતા, એટલે કહે 'જે આપવું હોય તે આપો.' ધનાજીએ સારી માટીના સામાન્ય ભાવથી સોદો પતાવ્યો. ઘરે લાવી વિધિ કરી એ તેજંતુરી વડે હજારો મણ સોનું બનાવ્યું !

ગુરુગમથી પ્રાપ્ત આ પરખવાની શક્તિવાળાને વસ્તુમાં સાચું રહસ્યમય દર્શન થાય.

એમ અહીં ગુરુગમથી એવો શાસ્ત્રબોધ મેળવ્યો હોય તો વસ્તુ-વસ્તુમાં રહસ્યમય યથાર્થ દર્શન થાય, સદ્દષ્ટિ આવે. એટલે સમ્યક્શ્રદ્ધા-સંપન્ન બોધ થાય. આવી દૃષ્ટિનું ફળ શું ? તો કે જગત પ્રત્યે એવી દૃષ્ટિ આવે છે, જગતનું એવું દર્શન થાય છે કે એમાં પછી 'પ્રત્યપાય'યાને અનર્થ ન આવે.

## નિષ્પ્રત્યપાય દર્શન :

યોગદૃષ્ટિમાંની દૃષ્ટિ એ એવો શ્રદ્ધાયુક્ત બોધ છે કે એ નિષ્પ્રત્યપાય છે. એમાં પછી અપાય યાને અનર્થ ન આવે. આવા બોધવાળાને અનર્થ શાનો ? આપત્તિ શાની ? કેમકે એવા બોધમાં ગર્ભિત શ્રદ્ધા છે, વૈરાગ્ય છે, તેથી જગતના પદાર્થોને એ મહત્ત્વ આપતો નથી. તામલિતાપસે એ કરેલું, જગતના જડ-ચેતન પદાર્થ માત્ર પર વૈરાગ્ય એટલે પછી દેવતાઇ સમૃદ્ધિને ય માલ વિનાની સમજે, અને પોતાની કાયાને ય મડદું સમજે. એને જરાય મહત્ત્વ ન આપે પછી સંપત્તિનું પ્રલોભને ય શાનું થાય ? ને મોતનો ભય પણ શાનો રાખે ? મોત પણ શી ચીજ છે ? વૈરાગ્યના ઐશ્વર્ય પાસે કાયા તો મડદા જેવી છે, અને સંપત્તિઓ આયારામ ગયારામ છે, પવનચક્કી જેવી છે, નાશવંત છે, જરાય ભરોસાપાત્ર નહિ કે પરલોકાનુયાયી નહિ. પછી.

**વિરાગી જીવ એ મડદું માનેલી કાયા પર વાહવાહ કે માન-પ્રતિષ્ઠાનું લફરું શાનો લઈને ફરે ? તેમ પવનચક્કી જેવી માનેલી સંપત્તિ પર પણ એવું મમતાનું કે યશ-માનનું લફરું શાનો લગાવીને ફરે ?**

## દર્શન નિષ્પ્રત્યપાય :-

સત્ શ્રદ્ધાયુકત બોધને અહીં 'દૃષ્ટિ' કહી,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમાં 'દૃષ્ટિ'નો અર્થ 'દર્શન' લેવાનું ટીકાકાર કહે છે; કેમકે એ દર્શન નિષ્પ્રત્યપાય છે. 'નિષ્પ્રત્યપાય' એટલે કે જેનો નાશ નથી, અર્થાત્ અવિનાશી છે.

પ્ર૦-શું દર્શન આવેલું જાય નહિ ? જો જાય, તો સપ્રત્યપાય થયું, નિષ્પ્રત્યપાય કયાં રહ્યું ?

ઉ૦-આનો ખુલાસો ગ્રંથકાર આગળ કરવાના છે; છતાં અહીં ટુંકમાં સમજવાનું છે કે આ દર્શનથી આત્મામાં એક સ્વાદ એવો ઊભો થઇ જાય છે કે જેના પ્રભાવે કદાચ હવે પછી કર્મવશ પાપમાં પડવું પડે, તો ય ત્યાં પૂર્વની જેમ પાપમાં રસ નથી રહેતો. માટે ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે શાંતિનાથ પ્રભુના 'ધન દિન ધન વેળા ઘડી એ'-વાળા સ્તવનમાં કહ્યું,-

**"તુજ સમકિત રસ સ્વાદનો જાણ,**
**પાપ કુભકતે બહુ દિન સેવિયું જી ;**
**સેવે જો કર્મના જોગે તોહિ,**
**વાંછે તે સમકિત અમૃત ધૂરે લિખ્યું જી."**

અર્થાત્ પ્રભુ ! તારા સમ્યક્ત્વના રસનો સ્વાદ જેણે ચાખ્યો છે, એ જેમ કોઇ ભીલ જેવા ગમાર પુરુષે જીવનભર લુખ્ખી બંટી ને કોદરી જ ખાધી હોય, તેને એકવાર પણ મીઠી મધુરી ખીર ખાવા મળે, તો એનો એને દાઢમાં એવો સ્વાદ લાગી જાય છે કે ત્યાં પછી પેલું લુખ્ખી બંટી કોદરીનું ભોજન કરવું પડે તો ય એને એ કુભકત (ભકત=ભોજન)કુ-ભોજન લાગે છે.

**કુભકત ન્યાય :-**

પછી કદાચ એ કુભકત ફરી સેવવાનો અવસર આવે તો પણ પેલા ખીરના સુભોજનનો સ્વાદ ભૂલતો નથી. એ પ્રમાણે એકવાર પણ સમકિતના રસનો આસ્વાદક, કુભોજન-તુલ્ય પાપ સેવવાનો અવસર આવે તો પણ સમકિતનો સ્વાદ ભૂલતો નથી.

આ દૃષ્ટિએ દર્શનને અહીં નિષ્પ્રત્યપાય અર્થાત્ અવિનાશી કહ્યું.

આ લખતા શ્રી હરિભદ્રસૂરિજી મહારાજને સમ્યગ્દર્શનનો કેવો જબરદસ્ત સ્વાદ લાગ્યો હશે ! તે સમજાય એમ છે.

પ્ર૦- એમને કેમ એટલો બધો સ્વાદ ?

ઉ૦- કારણ સ્પષ્ટ છે, એમણે ન દેખ્યાનું દેખ્યું છે, જનમથી જૈન ધર્મ નહિ પામેલા, તે હવે પામ્યા એટલે એમને જિનવચનો પર અહોભાવનો પાર નથી ! એમને એનો સ્વાદ ભરચક છે. માટે તો એમનાં વચન ટંકશાળી મનાય છે. એમનું એક પણ વચન જૈનમાર્ગથી જૈનતત્ત્વથી લેશમાત્ર પણ આડુંઅવળું જનારું નહી. એકેક પદાર્થ એવો બતાવે છે કે દુનિયામાં કોઇ એનો મુકાબલો ન કરી શકે. આટલે સુધી દૃષ્ટિનું સ્વરૂપ બતાવ્યું કે સત્શ્રદ્ધા-યુકત બોધ એ દૃષ્ટિ. હવે એનું ફળ બતાવે છે,-

(टीका) फलत एतामेवाह "असत्प्रवृत्तिव्याघातात्" इति तथाश्राद्धतया शास्त्रविरूद्धप्रवृत्तिव्याघातेन । किमित्याह "सत्प्रवृत्तिपदावहः" इति, शास्त्राविरूद्धप्रवृत्तिपदावहोऽवेद्यसंवेद्यपरित्यागेन वेद्यसंवेद्यपद-प्रापक इत्यर्थः । वेद्यसंवेद्यपदरूपत्वेऽपि स्थिरादिदृष्टीनां, सामान्य लक्षणत्वाददोषेतत्यदोष इति । अथवा सत्प्रवृत्तिपदं परमार्थतः शैलेशीपदमिति तदावहत्वे न कश्चिद्दोष इति ॥

**અર્થ :-** ફળની અપેક્ષાએ આ જ 'દૃષ્ટિ'-વસ્તુને કહે છે,-

'અસત્પ્રવૃત્તિ-વ્યાઘાતાત્' એટલે કે તેવા પ્રકારની શ્રદ્ધા હોવાથી શાસ્ત્રવિરુદ્ધ પ્રવૃત્તિની અટકાયત થવાને લીધે, શું ? તો કે દૃષ્ટિ 'સત્પ્રવૃત્તિ પદાવહ' અર્થાત્ શાસ્ત્રથી વિરુદ્ધ નહિ એવી પ્રવૃત્તિના પદને લાવનાર બને છે. અવેદ્ય સંવેદ્ય (પદ=અવસ્થા)નો ત્યાગ કરીને વેદ્ય સંવેદ્ય પદની પ્રાપક બને છે. (અલબત્ અહીં સવાલ થાય કે દૃષ્ટિને વેદ્યપદની પ્રાપક કેમ કહી ? કેમકે)સ્થિરાદિ દૃષ્ટિ પોતે જ વેદ્યપદરૂપ છે, (તો દૃષ્ટિ વેદ્યપદની પ્રાપક કયાં બની ? છતાં દૃષ્ટિ માટે) આ સ્વરૂપ સામાન્ય લક્ષણરૂપ છે; તેથી દોષરૂપ નથી. અથવા 'સત્પ્રવૃત્તિપદ' પરમાર્થથી શૈલશી નામનું પદ છે. એટલી એની પ્રાપક દૃષ્ટિ બની શકે છે. તેથી એ સત્પવૃત્તિપદાવહ હોય એમ કહેવામાં કોઇ દોષ નથી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વિવેચન :-

હવે 'દૃષ્ટિ'નું એનાં ફળ કહેવા દ્વારા નિરૂપણ કરે છે. એ માટે કહે છે કે દૃષ્ટિ અસત્ પ્રવૃત્તિનો વ્યાઘાત કરવા દ્વારા સત્પ્રવૃત્તિપદને લાવનાર બને છે.

## અસત્પ્રવૃત્તિ કેમ છૂટે ? :-

'અસત્ પ્રવૃત્તિ' એટલે શાસ્ત્ર-વિરુદ્ધ પ્રવૃત્તિ. એનો ત્યાગ કરાવનાર યોગદૃષ્ટિ છે. જેમ કોઇ શાહુકાર કયાંક વેપારમાં ઉતરી ગયો હોય, કમાણી પણ સારી કરી રહ્યો છે, કિન્તુ કોઇએ કાનમાં ફૂંક મારી કે 'અહીં કયાં ભૂલા પડી ગયા ? અહીં તો બધા ઠગ છે, એટલે સાફ થવું હોય તો અહીં વેપાર કરજો' તો પછી એ શાહુકાર શું કરે ? કહો, ઝટ વેપાર સમેટી ત્યાંથી ચાલ્યો જાય. બસ એ પ્રમાણે યોગની દૃષ્ટિ પામેલો માણસ અસત્પ્રવૃત્તિનો શાસ્ત્રવિરુદ્ધ પ્રવૃત્તિનો ત્યાગ કરી જાય છે; કેમકે એમાં સરવાળે ઠગાવાનું ને સાફ થવાનું દેખે છે. એ દૃષ્ટિ મળ્યાથી શાસ્ત્ર-વિરુદ્ધ પ્રવૃત્તિને આત્મસંપત્તિને સાફ કરનારી દેખે છે.

આ શાસ્ત્રવિરુદ્ધ પ્રવૃત્તિ કેમ અટકે છે ? તો કે 'તથાશ્રાદ્ધતયા,' અર્થાત્ તેવા પ્રકારનો એ 'શ્રાદ્ધ' અર્થાત્ જિનવચનનો શ્રદ્ધાળુ બન્યો છે. જિનવચનનો શ્રદ્ધાળુ એટલે શાસ્ત્રનો શ્રદ્ધાળુ. એ બન્યા પછી અનાદિથી ચાલી આવતી આપમતિ ને મિથ્યામતિ પડતી મુકાયે છે.તેથી આપમતિમાં જે કરણીય લાગતું હતું, તે હવે જો શાસ્ત્રથી વિરુદ્ધ માલમ પડે છે, તો તેને છોડી દેતાં કશો જ આંચકો નહિ, કે ખચકો નહિ.

## મન પર જ્ઞાનીઓનું આલંબન આવી જાય એટલે મનમાંથી આપમતિ વગેરે કચરા દૂર ફેંકાઇ જઇ મન નિર્મળ બને છે.

'મારે તો જ્ઞાનીનો આશરો. એમનો ઉપદેશ એ જ મારુ જીવન; પછી એ ઉપદેશના અનુષ્ઠાનમાં કઠણાઇ હો, એની ચિંતા નહિ; પણ જીવન -દૃષ્ટિ તો એના પરજ.'-આ શ્રદ્ધા એ મનની નિર્મળતા છે, શાસ્ત્ર પર સચોટ શ્રદ્ધા છે. એના લીધે શાસ્ત્રથી વિરુદ્ધ કશું આચરવાની રુચિ જ ન હોય એટલે આચરવાનું તો શાનું જ બને ?

## 'દૃષ્ટિ' એટલે શ્રદ્ધાભીનું જ્ઞાન, પરિણતિ જ્ઞાન :-

દૃષ્ટિ એ કોરું જ્ઞાન માત્ર નથી, જ્ઞાનનો આભાસ નથી, કિન્તુ શ્રદ્ધાભીનું જ્ઞાન છે, પરિણતિરૂપ જ્ઞાન છે. કહો, આત્મામાં પરિણમેલું જ્ઞાન એ દૃષ્ટિ.' એથી જ એ હવે અસત્ પ્રવૃત્તિને યાને શાસ્ત્રવિરુદ્ધ પ્રવૃત્તિને અટકાવે છે. અલબત્ આમાં એકલા જ્ઞાનાવરણ કર્મનો ય ક્ષયોપશમ જોઇએ છે; અને જીવોના ક્ષયોપશમોમાં તરતમતા ઘણી; તેથી જ્ઞાન-પરિણતિમાં જ ફરક પડે એટલે સત્પ્રવૃત્તિમાં ય ફરક રહે. કોઇની જોરદાર પ્રગતિ હોય; પરંતુ સૌમાં એક વસ્તુ નક્કી કે શાસ્ત્રવિરુદ્ધ પ્રવૃત્તિને તાળાં દેવાઇ ગયા હોય; એટલે કે જિનની વાણીથી વિરુદ્ધ નહિ વર્તવાનું એ ભાર મન પર આવી જાય. એટલે મન નિર્મળ થયું કહેવાય. મન પરથી આપમતિ-મિથ્યામતિનો મળ નષ્ટ થઇ ગયો.

પ્ર૦-મન પર જ્ઞાનીઓનાં આલંબન ધરવાથી મનની મલિનતા જાય એવું કેમ ?

ઉ૦-કારણ આ જ, કે-

## મનની મોટામાં મોટી મલિનતા-ખરાબી આપમતિ અને વિષયરાગ છે.

છોકરો બાપની ગમે તેટલી સેવા કરતો હોય, પરંતુ જો બાપના કહ્યા પ્રમાણે ન ચાલતાં આપમતિથી વર્તતો હોય, તો એની કશી કિંમત નથી રહેતી. એ જ એના મનની મોટી ખરાબી છે. એમ આપણે જ્ઞાનીનું આલંબન ન રાખતાં આપમતિમાં ચાલનારા હોઇએ, તો એ આપણા મનની મોટામાં મોટી ખરાબી છે. જ્ઞાનીનું આલંબન એટલે શાસ્ત્રનું આલંબન . એ મન પર ન રાખ્યું પછી આપમતિમાં તો સ્વાભાવિક છે કે આપણે શાસ્ત્ર-વિરુદ્ધ પણ પ્રવર્તનાર બનીએ. ત્યાં આપણો બોધ આપમતિ યુકત હોવાથી શાસ્ત્ર-શ્રદ્ધા-યુકત બોધ ન કહેવાય.પછી પ્રમાણમાં એ ગમે તેટલો બોધ હોય, પણ એ દૃષ્ટિ ન કહેવાય, સમ્યગ્ દૃષ્ટિ ન કહેવાય. એનું પરિણામ આ, કે જીવનમાં અસત્ પ્રવૃત્તિ ચાલ્યા કરવાની, અર્થાત્ શાસ્ત્ર-વિરુદ્ધ પ્રવૃત્તિ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલ્યા કરવાની. ત્યારે 'દૃષ્ટિ' આવી, સમ્યક્ શ્રદ્ધા-યુક્ત બોધ આવ્યો, એનો આ પ્રભાવ છે કે શ્રદ્ધામાં મનને શાસ્ત્રનું આલંબન છે. એટલે એણે માથે ભાર રાખ્યો છે કે 'મારે તો શાસ્ત્રથી જરાય આઘા-પાછા નહિ થવાનું.' એટલે શાસ્ત્ર-વિરુદ્ધ યાને અસત્ પ્રવુત્તિ અટકી જવાની, અને આનું શુભ ફળ આ, કે સત્પ્રવૃત્તિ-પદ પ્રાપ્ત થવાનું. અહીં શાસ્ત્રકાર એનું આ તાત્પર્ય કહે છે કે દૃષ્ટિ યાને સમ્યક્શ્રદ્ધા-સંપન્ન બોધ એ અવેદ્ય સંવેદ્યના ત્યાગપૂર્વક વેદ્યપદનો પ્રાપક બને છે.

અંહીં સહેજે પૂછવાનું મન થાય કે,-

# વેદ્ય-સંવેદ્ય એટલે ?

પ્ર૦- 'અવેદ્ય સંવેદ્ય' અને 'વેદ્ય સંવેદ્ય પદ' એટલે શું ?

ઉ૦- આનો ખુલાસો એ છે કે આના પર ગ્રંથકાર આગળ ચોથી યોગદૃષ્ટિના વર્ણનમાં મજેની વિસ્તૃત વિચારણા કરવાના છે. છતાં એનો સામાન્ય પદાર્થ આ છે,-

**'વેદ્ય સંવેદ્ય'** એટલે જ્યાં વેદ્ય અને સંવેદ્ય બને છે તે. 'વેદ્ય' એટલે જાણવા યોગ્ય હેય અને ઉપાદેય પદાર્થ, અર્થાત્ ત્યાજ્ય અને આદરણીય પદાર્થ. આ હેય-ઉપાદેય પદાર્થ કોઇ અજ્ઞાનીએ સ્થાપેલા ઠરાવેલા નહિ, પણ અનંતજ્ઞાની સર્વજ્ઞ ભગવાને ફરમાવેલ વાસ્તવિક હેય અને ઉપાદેય પદાર્થ. આ ખરેખરા હેય-ઉપાદેયનું જ્યાં હૈયે સંવેદન છે, એવી દૃષ્ટિ એ વેદ્ય-સંવેદ્ય કહેવાય.

પ્ર૦- અહીં સર્વજ્ઞે કહેલા હેય-ઉપાદેય એમ કહ્યું, તો શું અસર્વજ્ઞને હેય હિંસાદિ અને ઉપાદેય તપ-સ્વાધ્યાયાદિ ઉપદેશતાં ન આવડે ? બતાવતાં ન આવડે ?

ઉ૦- અસર્વજ્ઞને સ્વતંત્રપણે ઉપદેશતાં ન આવડે, એનું ગજું નહિ; કેમકે એક ચીજ દા.ત. હિંસાને હેય-ત્યાજ્ય કહેવી છે, તો સવાલ થાય કે હિંસા ત્યાજ્ય એણે શી રીતે જાણી ? કહેશો 'હિંસા આત્માના ભાવ બગાડે છે, અને પાપકર્મ બંધાવે છે માટે હિંસા હેય' એમ જાણી શકે અને કહી શકે ને ?

## અસર્વજ્ઞ કેમ યથાર્થ ન કહી શકે ? :-

તો આ સવાલ છે કે, આત્મા અતીન્દ્રિય છે, ઈંદ્રિયાતીત છે, ચક્ષુઆદિથી પ્રત્યક્ષ દૃષ્ટ નથી, પછી એનામાં રહેલ અશુભ ભાવ યા શુભ ભાવ ક્યાંથી પ્રત્યક્ષ થવાના ? તેમજ કર્મ પણ અતીન્દ્રિય છે, એટલે અમુક શુભ-અશુભ ભાવથી અમુક આવા આવા કર્મ બંધાયા, એ પણ અસર્વજ્ઞ શી રીતે પ્રત્યક્ષ દેખી શકવાના ? તાત્પર્ય, અસર્વજ્ઞ ઉપદેશક અતીન્દ્રિય આત્મા અને કર્મને પ્રત્યક્ષ જાણી શકે નહિ, તો કહી જ શી રીતે શકે ? ને કદાચ એ કહેવાની ધૃષ્ટતા કરે, તો કહેવું પડે કે એણે કલ્પના-અનુમાનથી કહ્યું, પણ પ્રત્યક્ષ જોઇને નહિ. અનુમાન સાચું હોય તો ય એમાં અવાંતર વિશેષતાઓ અને સૂક્ષ્મતાઓ ન જાણી શકાય. દા.ત. ઘરની બારીમાંથી ધૂમાડો આવતો દેખી અનુમાન કર્યું કે, 'ઘરમાં અગ્નિ સળગાવ્યો લાગે છે.' એટલે કે, સામાન્યથી અગ્નિનું જ્ઞાન થયું, પરંતુ એ અગ્નિ લાલાશ પર છે કે પીળાશ પર ? એની જ્વાળાઓ જોરદાર છે કે સામાન્ય ? અગ્નિ છાણાનો છે કે કાષ્ટનો ? વગેરે વગેરે કશું અનુમાનમાં ન જાણી શકાય.

એમ અહીં હિંસાથી કર્મ બંધાય પણ એ જ્ઞાનાવરણાદિ કર્મ કયા કયા ? એ કેટલા કેટલા પ્રમાણમાં ? દરેકની કેવી કેવી ખાસિયતો ? એની કાળસ્થિતિ કેટલી ? એમાં તીવ્ર મંદ રસ કેવા કેવા ? આમાંનું કશું અનુમાનમાં ન જાણી શકાય...

## સર્વજ્ઞ જ સાચા હેય-ઉપાદેય કહી શકે :-

ત્યારે જે સંપૂર્ણ પ્રત્યક્ષ દર્શન કરી શકે છે એજ અતિન્દ્રિય આત્મા તથા કર્મ વગેરેને સવિસ્તર સૂક્ષ્મતાઓ-વિશેષતાઓ સાથે પ્રત્યક્ષ જોઇ શકે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણી શકે. પછી એ બતાવે કે 'આ હિંસાથી આ આ પાપ કર્મો આવા આવા દળ-રસ-સ્થિતિ-પ્રકૃતિવાળા બંધાય છે, એનાં આ આ ફળ આવે છે,'- એ જ બતાવેલું સાચું હોય અને પ્રમાણભૂત હોય.

સારાંશ, સર્વજ્ઞ ભગવાન જે હેય ઉપાદેય ખરેખરા કયા કયા છે એ પ્રત્યક્ષ જોઇ શકે છે, અને જોયા પ્રમાણે કહે છે, માટે સાચા કહે છે. આવા સર્વજ્ઞે 'વેદ્ય' પદાર્થ તરીકે કહેલા હેય અને ઉપાદેય હૈયાથી જેણે માન્યા સ્વીકાર્યા હોય, એને વેદ્યનું સંવેદન થયું કહેવાય, એની દૃષ્ટિ વેદ્ય-સંવેદ્ય બની કહેવાય. ન સ્વીકાર્યા હોય ત્યાં સુધી દૃષ્ટિ વેદ્ય-સંવેદ્ય નહિ, પણ અવેદ્ય સંવેદ્ય બની રહી ગણાય.

**વેદ્ય જેમાં સંવેદ્ય છે એવી દૃષ્ટિ એ વેદ્ય-સંવેદ્ય.**

પહેલી ૪ યોગદૃષ્ટિમાં અવેદ્ય-સંવેદ્ય પદ હોય છે. પાછલી સ્થિરાદિ ૪ દૃષ્ટિમાં વેદ્ય-સંવેદ્ય પદ આવે છે. અહીં પૂછો,

પ્ર૦- સ્થિરાદિ દૃષ્ટિ પોતે જ એવી છે કે જેમાં વેદ્ય જે હેય ઉપાદેય એ સંવેદ્ય બન્યા છે, એટલે કે દૃષ્ટિ પોતે જ વેદ્ય સંવેદ્યપદ છે, તો પછી આ દૃષ્ટિ વેદ્ય સંવેદ્યપદની પ્રાપક છે એમ શી રીતે કહો છો?

ઉ૦- વાત સાચી છે કે સ્થિરાદિ ચાર દૃષ્ટિ પોતે જ વેદ્યસંવેદ્ય પદ સ્વરૂપ છે; છતાં અહીં કરેલું કથન એ સામાન્ય સ્વરૂપ હોવાથી કાંઇ દોષ નથી. વ્યવહાર પણ કેટલોક આવો ચાલે છે, દા.ત. આજે શાળામાં ૧૦મી કલાસ એ જ મેટ્રિક કલાસ છે, છતાં વ્યવહાર એમ થાય છે કે ૧૦મી કલાસ એ છોકરાને મેટ્રિક કલાસનું પદ પમાડે છે. અથવા

**'સ્થિરાદિ દૃષ્ટિ સત્પ્રવૃત્તિપદની પ્રાપક છે' એનો બીજો અર્થ :-**

બીજો અર્થ એ કહી શકાય કે 'સત્પ્રવૃત્તિપદ' એટલે 'વેદ્યસંવેદ્યપદ' નહિ, કિન્તુ 'શૈલેશીપદ' સમજવું. કેમકે પરમાર્થથી અર્થાત્ તાત્વિક રીતે જોતાં અંતિમ સત્પ્રવૃત્તિપદ શૈલીશીપદ છે; કેમકે એ તરત જ પ્રવૃત્તિનું મોક્ષરૂપ ફળ ઉત્પન્ન કરે છે.

**આધુનિક કેળવણી એ જ્ઞાન કેમ નહિ ? :-**

અહીં મહત્ત્વની વાત આ આવી કે વેદ્ય એટલે કે જાણવા યોગ્ય વસ્તુ શી કહી ? હેય અને ઉપાદેય. અર્થાત્ 'આ ઉત્તમ જનમમાં શું છોડવું ? ને શું આદરવું ?' એજ ખરેખર જાણવા યોગ્ય છે. એ જાણ્યું-માન્યું તો એ જ્ઞાન થયું કહેવાય, વિવેક આવ્યો કહેવાય. આજની કેળવણીને જ્ઞાન કહેવાય ? ના, કેમકે એથી વિદ્યાર્થી શું જાણે છે ? જે આદરવા યોગ્ય ધર્મ છે એને છોડવાનું, ને છોડવા યોગ્ય અર્થકામ છે એને આદરવાનું ! આ જ્ઞાન કે અજ્ઞાન ? વિવેક કે અવિવેક ?

ખબર નથી કે જીવને અત્યારસુધી કોણે ૮૪ લાખ યોનિઓમાં રખડાવ્યા ? હેયોપાદેયના અવિવેકે, હેય એવા અર્થકામને આદરણીય માન્યા એણે. એટલે પહેલું કામ હેયને અત્યંત ત્યાજ્ય માની એના પ્રત્યે અરુચિ ઊભી કરવાનું છે. તો બુદ્ધિ ભ્રષ્ટ થતી અટકે, ને સારી બુદ્ધિ જાગવાને અવકાશ રહે, સારાં કામ થવા માંડે. અસંયમ હેય છે; તો અસંયમ પર અરુચિ થાય.

**જાતનું અસંયમ ખટકે તો જ મુનિઓના સંયમ પર સાચું બહુમાન આવે.**

**એમ હેય છે દુન્યવી પદાર્થોના બહુ સંગ. એજ બુદ્ધિને ભ્રષ્ટ કરે છે.**

**જેટલા અંશે એ સંગ ઓછા કરાય, એટલા અંશે બુદ્ધિ નિર્મળ થાય, તો જ સારાં કામ થાય.**

કલિકાલ સર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય મહારાજે જૈન શાસનનો સાર આ જ બતાવ્યો,-

आश्रवः सर्वथा हेयः उपादेयश्चसंवरः ।
इतीयमार्हती मुष्टि-रन्यदस्याः प्रपञ्चनम् ॥

આશ્રવ (કર્મબંધ હેતુ) સર્વથા ત્યાજ્ય છે, અને સંવર (કર્મનિરોધ-કર્મનાશ હેતુ) એ સર્વથા આદરણીય છે. આ આર્હત-જૈન પ્રવચનનો મુઠીમાં સંક્ષેપ છે, બાકી બધો આનો જ વિસ્તાર છે. અલબત્ હેય બધું જ છોડી ન શકાય એમ બને. પણ દિલમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હેય પર અભાવ અને ઉપાદેય પર આદર-બહુમાન અથાગ હોય, કેમકે સર્વજ્ઞે કહેલા એ વેદ્ય પદાર્થ છે. સર્વજ્ઞ-વચનની આ ખૂબી છે- આગળ ચોથી દૃષ્ટિના વર્ણનમાં કહેશે કે 'ધર્મ ખાતર પ્રાણ છોડે, પણ પ્રાણ બચાવવા ખાતર ધર્મ ન છોડે',- એટલી ઊંચી દશા અહીં આવી છે, જેમ ભર્તૃહરિ પતંજલિ, તામલિતાપસ વગેરેને; પરંતુ એમને બિચારાને સર્વજ્ઞ-વચન જિનપ્રવચન નથી મળ્યું, તેથી એ ચોથી દૃષ્ટિએ આવી અટકી ગયા, પાંચમી દૃષ્ટિના વેદ્ય સંવેદ્યપદમાં નથી આવ્યા. સર્વજ્ઞ-વચન વિના સાચા હેય-ઉપાદેયરૂપ વેદ્ય ક્યાંથી જણાય ? બાકી તામલિતાપસે શરીર કેવું કરી મૂકેલું ? છતાં સદ્દૃષ્ટિવાળી સાધના નહિ. એથો અર્થ આ, કે

**સત્સાધના શરીરને ત્યાગ તપથી સુકાવી નાખવા પર આધારિત નહિ, કિન્તુ વેદ્યસંવેદ્ય પદ પર આધારિત છે.**

અલબત્ ત્યાગ-તપથી શરીર સુકાવી નાખવું સહેલું નથી. હા, સહેલું થાય, જો શરીરને સંયમનું ખૂની સમજે.

દ્વાદશાંગીમાં છઠ્ઠા અંગ 'જ્ઞાતાધ્યયન'માં શેઠ અને વિજય ચોરનું દ્રષ્ટાન્ત લઈ શરીરને તો સંયમનાં ખૂની તરીકે ઓળખાવ્યું છે.

### વિજય ચોરનું દૃષ્ટાંત :-

### શરીર સંયમનું ખૂની શી રીતે ?

વિજય ચોરે એક શેઠના બાળકને ઘરેણાં સહિત ઉપાડી ગામ બહાર જઈ ઘરેણાં ઉતારી લઈ, બાળકને કૂવામાં ફેંકી દીધેલું. પછી એ પકડાયો, રાજાએ એને જેલમાં નાખ્યો. બીજા અવસરે શેઠ જ કોઈ રાજગુન્હામાં આવ્યાથી રાજાએ એજ ચોરના પગની એક જ હેડમાં શેઠના પગ ઘલાવી કેદખાનામાં એક માસ માટે રાખ્યા. શેઠના ઘરેથી ભાણું આવ્યું. શેઠ જમે છે.

ચોર કહે, 'મને ખાવા દો.'

શેઠ તડૂકયા 'મારા દીકરાના ખૂની ! તને ખાવા દઉ ?'

પેલો કહે, 'શેઠ દો, નહિતર સાર નહિ નીકળે.'

શેઠ કહે, 'જા તારાથી થાય તે કરી લેજે.'

શેઠે જમી તો લીધું, ને વધેલું નોકર ઘરે લઈ ગયો, પણ પછી શેઠને સંડાસની હાજત લાગી, ચોરને કહે 'ચાલ સંડાસમાં.'

ચોર કહે 'મને ખાવા નથી આપ્યું માટે હરગીજ નહિ આવું.'

હવે શેઠ શું કરે ? બંનેના પગની એક જ હેડ છે એટલે એકલા જવાય એમ નથી. તો શું ધોતિયું બગાડે ? કબૂલવું પડ્યું, 'કાલથી ખાવા આપીશ,' ત્યારે ચોર સાથે ગયો. બીજા દિવસથી ચોરને ખાવા આપવું પડયું,પણ નોકરે ઘરે જઈ શેઠાણીને વાત કરી કે, 'શેઠ ચોરને ખાવા આપે છે.' મહિને કેદમાંથી છૂટી શેઠ ઘેર ગયા; પણ પત્નીએ-શેઠાણીએ કશો આવકાર-વધામણાં ન કર્યા, ને મોં ચડેલું.

શેઠ પૂછે 'તમને મારી કદર નથી ?'

શેઠાણી કહે, 'મારા દીકરાના ખૂનીને તમે ખવરાવનારા , તમારી કદર ?'

શેઠ કહે, 'દિકરો તમારો તો મારો નહોતો ? પણ પૂછો તો ખરા કે કેમ ખવરાવતા હતા ?'

'હા, કેમ ખવરાવતા હતા ?'

શેઠ કહે,- એટલા માટે કે પહેલે દિવસે તો એ બહુ કરગર્યો તો ય ખાવા ન જ આપ્યું. પણ પછી કહે સંડાસ સાથે નહિ આવું, હવે મારે શું કરવું ? આપવાનું કબૂલ્યું ત્યારે એ સાથે આવ્યો !'

સાંભળી શેઠાણી સમજ્યા, રાજીપો દેખાડયો કે 'એમ છે ? તો તો આપ્યું એ બરાબર.'

આ દૃષ્ટાન્ત આપી જ્ઞાની કહે છે, -શેઠાણી એટલે સમજો આચાર્ય. એ શેઠના સ્થાને રહેલ શિષ્યને ઠપકો આપે છે, 'કેમ ચારિત્ર સંયમ લઈને શરીરને ખાનપાનથી મહલાવવાનું કર્યું ?

### શરીર સંયમનું ખૂની કેવી રીતે ?:-

શરીર તો સંયમનું ખૂની છે. શરીરને અસંયમ ગમે, સારું સારું ખાવા પીવા પહેરવા ને આરામ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાનું ગમે, એમાં સંયમનો ખૂરદો બોલાવે, એટલે શરીર એ સંયમનું ખૂની છે. એવા શરીરને ખીલાવવાનું ?'

શિષ્ય કહે 'બાપજી, સાંભળો તો ખરા, શરીરને કેમ ખવરાવ્યું ? ગઇ કાલે ઉપવાસ કરી ખાવા આપ્યું જ નહિ. પણ આજે સવારથી એ ગળિયું થયું, આંખે અંધારા આવે, સ્વાધ્યાય-વૈયાવચ્ચ કશામાં શરીર ઊઠવાજ તૈયાર નહિ. બધી આરાધના બગડતી હતી, તેથી ન છૂટકે એને ખાવા આપવું પડયું.'

આ ખુલાસાથી આચાર્ય રાજી થયા. શરીરને સંયમનું ખૂની સમજતા હતા તેથી ધન્ના અણગાર અને તામલિતાપસ બંનેએ તપથી શરીરને હાડપિંજરશું કરી નાખેલું. છતાં પણ ધન્ના અણગારને સદ્દૃષ્ટિની સાધના ખરી, તામલિને નહિ ! કેમ વારુ ? કહો, સદ્દૃષ્ટિની સાધના શરીર સુકાવવા પર નહિ, પણ વેદ્ય-સંવેદ્યપદ પર આધારિત છે, ને એ સર્વજ્ઞ-વચન મળવા પર આધારિત છે. તામલિને કિંમતી માનવદેહ મળવાની પુણ્યાઇ હતી, પરંતુ સર્વજ્ઞ-વચન મળવાનું પુણ્ય નહોતું.

### સર્વજ્ઞ-વચન અતિ મહાન પુણ્યોદયે મળે.

એ મળ્યાની કદર હોય તો અપૂર્વ નિધાન મળ્યા જેવો હરખનો પાર ન હોય.

ફ્રાન્સમાં સંસ્કૃત ભણેલા વિદ્વાન લેખક ગોએથને કવિ કાળિદાસનું શાકુંતલ નાટક જોવા મળ્યું. વાંચી એ એટલો બધો હરખમાં આવી ગયો કે સભા વચ્ચે 'શાકુંતલ' પુસ્તક માથે મૂકીને નાચવા માંડયો ! લોકો પૂછે 'કેમ આટલું બધું શું છે ?' એ કહે,- 'અરે ! આજ મને દુનિયાનો અદ્ભુત ખજાનો મળ્યો !'

**'જ્ઞાન મારા પ્રાણ છે, ને એ આપનાર પુસ્તક છે,- એ ભાવ આવે તો પુસ્તકનો ય આદર થાય.'**

સર્વજ્ઞ વચનની કદર હોય એ એના શાસ્ત્રનો વારંવાર અતિઆદર કરે. ભણવા બેસતાં એ શાસ્ત્રને પહેલાં પગે લાગે, એનો ઉપકાર માને. પુસ્તકનો આદર કર્યા પછી સ્વાધ્યાયના આદરનું પૂછવું જ શું ? ઝટ સમય મળે સ્વાધ્યાય લઇ બેસી જાય. શ્રાવક માટે પણ કહ્યું 'બહુસો સામાઇયં કુજ્જા;' અને સામાયિકમાં કરવાનું શું કહ્યું ? મંત્ર જાપ નહિ, 'સજ્ઝાય સંદિસાહું ? સજ્ઝાય કરું ?' સામાયિકમાં સજ્ઝાય એટલે કે સ્વાધ્યાય કરવાનો કહ્યો. સર્વજ્ઞ-વચનના સ્વાધ્યાયનો મહિમા કેટલો બધો ? અપાર પુણ્યે સર્વજ્ઞશાસ્ત્રો મળે, સર્વજ્ઞ-વચન મળે; માટે એની કદર ખૂબ કરવાની, ને એની પ્રાપ્તિ સાર્થક કરવાની. સમરાદિત્ય કેવળી કેવળી બન્યા એનું બીજ કયાં ?પહેલા ભવમાં **રાજા ગુણસેન, તે એમણે સર્વજ્ઞ વચનની કદર કરી, એમાં એમને કેવળજ્ઞાનરૂપી પાકનું બીજાધાન થયું.**

### રાજા ગુણસેનને સર્વજ્ઞ-વચનની કદર :-

રાજા ગુણસેને એકવાર ઝરુખેથી કોઇની સ્મશાનયાત્રા જોઇ વિચાર્યું ''અહો ! જમરાજની આ જોહુકમી ? અને આ વિશ્વવ્યાપી સત્તા ? જાણે એ જમરાજ કહી રહ્યો છે,-'આ અભિમાનીને એના જ સગાઓ પાસે મુશ્કેટાટ બંધાવી જગતની વચ્ચે થઇને લઇ ચાલું છું ! કોઇની મજાલ નથી મને અટકાવે.' તો પછી મારે એનાં આક્રમણ પહેલાં જ ચેતી જવું.'' તરત પુત્રને ગાદી સોંપી મહેલના એકાંતમાં સર્વ ત્યાગ કરી 'બીજી સવારે ગુરુ પાસે જઇશ.' એમ ધારીને રાતના ધ્યાનમાં બેઠા. ત્યાં દુશ્મન બનેલા અગ્નિશર્માએ દેવતા થઇ અગ્નિમય મેદા જેવી રેતી એમના પર વરસાવી ! ત્યાં મહાત્મા ગુણસેન આ વિચારે છે,-

### ગુણસેન જિનવચન માટે શું વિચારે છે ? :-

''અહો ધન્ય છે મને કે આ અસાર અને ભયંકર સંસારમાં ભટકતાં કોઇ અનંતકાળે મને અતિ દુર્લભ એવા અમૃતરસમય શ્રીજિનવચનો મળ્યા ! તો જીવ ! એને સફળ કરજે ! જિનવચન કહે છે,-

'जइ इच्छह परमपयं,
धरेज्ज पसमं, करेज्ज मा कोहं ।'

'જો મોક્ષની કામના છે, તો ઉપશમને ધારણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર, ક્રોધ ન કરીશ.' માટે એ વચન મારે ઉપશમભાવ રાખીને સફળ કરવાનું. અગ્નિમય રેતી વરસાવનારને લાખ લાખ ધન્યવાદ કે મને કર્મક્ષય અને ઉપશમ કમાવાની તક આપી !'' લાખો પૂર્વ વર્ષના આયુષ્યના જીવનના લગભગ અંત સમયે એમને જિનવચન મળેલા ! એનાથી એવું વેદ્યસંવેદ્ય પદ પામ્યા, વિવેક પામ્યા, કે અગ્નિ વરસાવનાર પર જરાય ગુસ્સો લાવ્યા વિના ઉપશમ જાળવી, મરીને સ્વર્ગમાં ગયા. જિનવચનની આ કદર કરી. જિનવચન જે હેય-ઉપાદેયને વેદ્ય તરીકે બતાવે છે, એનું આંતર સંવેદન કર્યું; એને અંતરમાં પરિણત કર્યું.

અલબત્ યોગની પહેલી ચાર દૃષ્ટિ ચડતાં વેદ્યસંવેદ્ય પદની ભૂમિકા ઊભી થાય; પછી પાંચમી સ્થિરા દૃષ્ટિમાં એ પદ પ્રાપ્ત થાય. ત્યાં વેદ્યનું સંવેદન થાય, પરિણતિ થાય, એટલે કે સર્વજ્ઞે કહેલા હેય તત્ત્વો તરફ હૃદયથી અરુચિ ને ઉપાદેય તરફ રુચિ ઊભી થાય.

## હેયનું નામ સાંભળતાં હૈયું કંપે, ઉપાદેયનું નામ સાંભળતાં હૈયું પ્રસન્નતાથી ખીલે.

**'હેય કોણ ?'**

પ્રમાદ હેય છે. એક ક્ષણનો પણ વિષયરાગ હેય છે. અલ્પ પણ કષાય હેય છે. સાધુના છઠ્ઠા ગુણઠાણાના હિસાબે કષાય સંજવલનનો એટલે કે પાણીમાં લાકડીથી રેખા કરે એના જેવો. રેખા કરી કે ઊડી, એમ કષાય ઊઠયો કે શાંત થઇ જાય, તો સાધુપણું રહે. હેય તત્ત્વ 'કષાયાદિ' પર કલેજે કંપારો થાય, અને ઉપાદેય તત્ત્વ 'ક્ષમાદિ' પર ઉમળકો રહેતો હોય, તો આ સ્થિતિ બની રહે. એ લાવનાર છે વેદ્યસંવેદ્ય પદ. અહીં ધ્યાન રાખવાનું છે કે

## વેદ્યસંવેદ્ય પદની પહેલાં શું કરવું પડે ?:-

આટલું બધું કિંમતી વેદ્યસંવેદ્ય પદ લાવવા માટે યોગની પહેલી ચાર દૃષ્ટિની ભારે ગડમથલ કરવી રહે છે. યમ-નિયમ-આસન અને ભાવ-પ્રાણાયામ એટલે કે બાહ્ય ભાવનાં રેચક તથા આંતરભાવનાં પૂરક અને કુંભક બરાબર વિકસાવવા પડે. આત્માના નુકસાનકારી અપાયસ્થાનો એ બાહ્ય ભાવ, એનાથી ગભરામણ રહે; અને ઉપાદેય સ્થાનો પરમાત્મભક્તિ-સાધુસેવા-તપ-સ્વાધ્યાય વગેરે, એના ઉમળકા થાય, મનોરથ થાય, જેમ કે,- 'ક્યારે મારા હૈયામાં નાગકેતુની અર્હદ્ભક્તિ આવે ! ધન્ના અણગારનો તપ આવે ! દુર્બલિકા પુષ્ય મિત્રનો સ્વાધ્યાય આવે !'- આ બધી ગડમથલ હૈયામાં ચાલ્યા કરતી હોય એ વેદ્ય-સંવેદ્ય પદને આભારી છે. એમાંથી અસત્ પ્રવૃત્તિ રોકાઇ સત્ પ્રવૃત્તિ પદ આવે.

અહીં પ્રશ્ન થયો હતો કે, પાંચમી દૃષ્ટિ પોતેજ વેદ્યસંવેદ્ય છે, ને એ પોતેજ સત્પ્રવૃત્તિ પદ છે, તો આ દૃષ્ટિને સત્પ્રવૃત્તિ પદને લાવનારી કેમ કહો ?

(૧) એનું એક સમાધાન આ આપ્યું કે અહીં દૃષ્ટિ સામાન્યનું લક્ષણ કહ્યું કે દૃષ્ટિ એટલે શું ? તો કે 'સત્ શ્રદ્ધાયુકત બોધ એ દૃષ્ટિ.' એના પર જિજ્ઞાસા થાય કે, 'એનું ફળ શું ?' તો કહ્યું કે એ અસત્ પ્રવૃત્તિ રોકવાપૂર્વક સત્પ્રવૃત્તિપદ પ્રાપ્ત કરાવે. એટલે આ રીતે પાંચમી દૃષ્ટિને સત્પ્રવૃત્તિપદ-પ્રાપક કહેવામાં કોઇ દોષ નથી. અથવા,

## નિશ્ચયનયથી સત્પ્રવૃત્તિપદ શૈલેશીપદ :-

(૨) બીજું સમાધાન કહે છે કે ગાથાના 'સત્પ્રવૃત્તિપદ' શબ્દથી પરમાર્થથી શૈલેશીપદ લેવાનું છે. 'સત્' પ્રવૃત્તિનો સામાન્ય અર્થ બતાવેલો શાસ્ત્ર-અવિરુદ્ધ પ્રવૃત્તિ. આ પ્રવૃત્તિ છેલ્લી પરાકાષ્ઠાની પ્રવૃત્તિ શૈલેશીની પ્રવૃત્તિ છે. એ કરી એટલે સત્પ્રવૃત્તિપદ તરીકે શૈલેશીપદ પ્રાપ્ત થયું. હવે સંસારમાં કશી પ્રવૃત્તિ કરવાની નહિ રહે; કેમકે હવે તો તરત જ પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચારણ જેટલા કાળમાં સર્વકર્મનો ક્ષય થઇ મોક્ષ થાય છે.

પ્ર૦- આ ઊંચામાં ઊંચું શૈલેશીપદ સ્વરૂપ સત્પ્રવૃત્તિપદ એને જ કેમ પરમાર્થથી સત્પ્રવૃત્તિપદ કહો છો ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦- પરમાર્થથી એટલે કે નિશ્ચયનયથી સત્પ્રવૃત્તિપદ શૈલેશીપદ જ છે; કેમકે નિશ્ચયનય ચરમ ફલોપધાયક કારણને જ કારણ તરીકે માને છે. મોક્ષનું એવું કારણ શૈલેશી છે. માટે એજ સત્ પ્રવૃત્તિપદ છે. અલબત્ મોક્ષરૂપ કાર્ય માટે બીજી પૂર્વની સત્પ્રવૃત્તિઓ છે, પરંતુ એ એની ઉપર ઉપરની આગળ આગળની સત્પ્રવૃત્તિ ઊભી કરવા માટે છે. એટલે પૂર્વની સત્પ્રવૃત્તિનું સાક્ષાત્ ફળ એની ઉપરની અર્થાત્ આગળની સત્પ્રવૃત્તિ; એનું ફળ વળી એની ઉત્તર સત્પ્રવૃત્તિ;.... એમ છેલ્લે મોક્ષ ફળ કોનું ? તો કે શૈલેશીની ચરમ સત્પ્રવૃત્તિનું.

પ્ર૦- તો શું પૂર્વની સત્પ્રવૃત્તિઓનું ફળ મોક્ષ નહિ ?

ઉ૦- મોક્ષ ફળ ખરું, પરંતુ પરંપરાએ અર્થાત્ ઉત્તરોત્તર પ્રવૃત્તિઓ દ્વારા મોક્ષ ફળ. માટે એ સત્પ્રવૃત્તિઓ વ્યવહારનયથી મોક્ષમાં કારણ. જ્યારે નિશ્ચયનયથી મોક્ષમાં કારણ શૈલેશી-પ્રવૃત્તિ. કેમકે શૈલેશી-પ્રવૃત્તિનું તો સાક્ષાત્ ફળ મોક્ષ. શૈલેશી પછી કોઇ પ્રવૃત્તિ જ નહિ, સીધું મોક્ષ ફળ. તેથી શૈલેશી-પ્રવૃત્તિ એજ પરમાર્થથી નિશ્ચયનયથી સત્પ્રવૃત્તિ કહેવાય.

આ શૈલેશીરૂપ સત્પ્રવૃત્તિ સુધી પહોંચાડનાર છે 'દૃષ્ટિ'=યાને સત્શ્રદ્ધા-યુક્ત બોધ, વેદ્ય-સંવેદ્યપદ. બીજા શબ્દમાં કહીએ તો 'દૃષ્ટિ' એ પરંપરાએ ઠેઠ શૈલેશીરૂપ સત્પ્રવૃત્તિ-પદની પ્રાપક છે, માટે એને સત્પ્રવૃત્તિ-પદાવહ કહેવાય.

(टीका) एषा च परिस्थूरभेदाद् अष्टधा,
अन्यथा बहुभेदा इत्याभिधातुमाह,

(मूल) **इयं चावरणापाय-भेदादष्टविधा स्मृता ।**
**सामान्येन विशेषास्तु भूयांसः सूक्ष्मभेदतः ॥१८॥**

**અર્થ :-** અને આ દૃષ્ટિ આઠ પ્રકારે કહી, એ બહુ સ્થૂલ ભેદના હિસાબે કહી. બાકી તો એ બહુ પ્રકારે હોય છે. એ વસ્તુ બતાવવા માટે કહે છે,- 'ઇયં ચ' ગાથા, (ગાર્થા-અર્થ :-) અને આ દૃષ્ટિ તે તે આવરણના નાશથી સામાન્યથી ૮ પ્રકારે માનવામાં આવી છે. બાકી સૂક્ષ્મ પ્રકારોના હિસાબે વિશેષ પ્રકારો ઘણા છે.

## વિવેચન :-

મિત્રા તારા વગેરે ગાથાથી યોગદૃષ્ટિ આઠ પ્રકારે બતાવવામાં આવી, તે બહુ સ્થૂલ દૃષ્ટિનાં અર્થાત્ દૃષ્ટિના મોટા મોટા પ્રકારનાં હિસાબે બતાવી. બાકી સૂક્ષ્મતાથી વિચારતાં તો ઘણા પ્રકારો થાય. આનું કારણ એ છે કે-

(टीका) 'इयं च'=अनन्तरोदितलक्षणा दृष्टिः' 'आवरणापायभेदाद्'=आवरणापगमभेदन परिस्थूर-नित्या, 'अष्टविधा स्मृता' पूर्वाचार्यैः 'सामान्येन' = सूक्ष्मेक्षिकाम् अनादृत्य । 'विशेषास्तु' = भेदाः पुनः सद्दृष्टेः, 'भूयांसो' = ऽतिबहवः, सूक्ष्मभेदतोऽनन्तभेदतोऽनन्तभेदत्वाद् दर्शनादीनां, मिथः षट्स्थान- पतितत्वाभिधानादिति ।

**અર્થ :-** અને આ પૂર્વે કહેલ ('શ્રદ્ધાસંગતો બોધો દૃષ્ટિ' એ) લક્ષણવાળી દૃષ્ટિ (એના આવરણોના નાશના ભેદથી સૂક્ષ્મ દૃષ્ટિને ગણતરીમાં લીધા વિના સ્થૂલ દૃષ્ટિના હિસાબે સામાન્યથી આઠ પ્રકારની (પૂર્વાચાર્યોએ) માનેલી છે. સદ્દૃષ્ટિના (સૂક્ષ્મ ગણતરીએ) ભેદો તો અતિ બહુ, અર્થાત્ અનંત થાય છે; કેમકે દર્શન આદિ પરસ્પરમાં ષટ્સ્થાન-પતિત કહેલ છે.

## વિવેચન :-

દૃષ્ટિ એ શ્રદ્ધાયુક્ત બોધ સ્વરૂપ છે, અને બોધના સ્થૂલ આઠ પ્રકાર પડતા હોવાથી યોગદૃષ્ટિ આઠ પ્રકારની કહી. બોધના આ સ્થૂલ આઠ પ્રકાર કહેવાનું કારણ એ છે કે આઠ પ્રકારના આવરણને હટાવવાથી એ ઉત્પન્ન થાય છે. દૃષ્ટિની આડે આવેલ આ આઠ આવરણને એકેકને હટાવતા જાઓ, તેમ તેમ ઉપરની દૃષ્ટિ ખૂલતી જાય.

## દૃષ્ટિ પુણ્યથી નહિ, પુરુષાર્થથી આવે :-

આ સૂચવે છે કે દૃષ્ટિ યાને સદ્બોધ એ આકસ્મિક વસ્તુ નથી કે અકસ્માત્ એમ જ ઉત્પન્ન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઇ જાય. એ અંતરઆત્માની વસ્તુ છે.અંતરાત્મામાં દૃષ્ટિ તો પડેલી જ છે, કિન્તુ એના પર કર્મના આવરણ છવાઇ રહેલા છે, તેથી દૃષ્ટિ યાને સદ્બોધ પ્રગટ નથી વર્તાતો. આ આવરણ દૂર હટે એ પણ અકસ્માત્ નથી બનતું, કિન્તુ એને હટાવવા પુરુષાર્થ કરવો પડે.

આ સૂચવે છે કે દૃષ્ટિ જેમ આકસ્મિક નથી, તેમ પુણ્યોદયનો વિષય પણ નથી; કેમકે શુભાશુભ કર્મોના ભેદોમાં કોઇ એવું શુભ કર્મ નથી, કોઇ એવી પુણ્ય પ્રકૃતિ નથી, કે જેના ઉદયે દૃષ્ટિ પ્રાપ્ત થાય. ઉલ્ટું દૃષ્ટિ રોકનારા છારનારા અશુભ કર્મો છે, કે જેના ઉદયે દૃષ્ટિ રોકાઇ જાય, આવરાઇ જાય, પ્રગટ ન થાય. એ તો આવરણને હટાવો, તો સદ્દૃષ્ટિ પ્રગટ થાય. આ હટાવવાનું કામ પુરુષાર્થથી બને. જેમકે,

પ્ર૦- આજે કેટલાક કહે છે ને કે, 'અમારે પુણ્યનો ઉદય નથી એટલે અમને ચારિત્ર મળતું નથી, ચારિત્રના ભાવ નથી થતા. પુણ્યનો ઉદય હોય તો ચારિત્રના ભાવ ન જાગે ?'

ઉ૦- આવું કહેવું એ ખોટું છે, કેમકે પુણ્યકર્મની ૪૨ પ્રકૃત્તિઓમાં કોઇ એક એવી પુણ્ય પ્રકૃતિ નથી કે, જેના ઉદયે ચારિત્રના ભાવ જાગે, ને ચારિત્ર મળે. હા, એવી ચારિત્ર મોહનીયની પાપ પ્રકૃતિ છે કે જેના ઉદયમાં ચારિત્રના ભાવ ન જાગે, ને ચારિત્ર ન મળે, ન લેવાય. ચારિત્રની આડે ચારિત્ર-મોહનીય કર્મ એ આવરણ છે. એને પુરુષાર્થ ખેડી હટાવવાનું કરો તો જ ચારિત્રના ભાવ જાગે, ને ચારિત્ર લેવાય. બાકી ચારિત્ર માટે પુણ્યોદયની આશાએ રહ્યા, તો હજી આવા સેંકડો મનુષ્યભવ વીતે, તો ય ચારિત્ર નહિ મળે... અસ્તુ.

યોગદૃષ્ટિમાં પણ આવું છે. પુરુષાર્થ કરવાનો થાય તેમ તેમ આવરણ હટવાથી આગળ આગળની દૃષ્ટિ પ્રાપ્ત થાય.

અહીં આઠ દૃષ્ટિ કહી તે સ્થૂલથી કહી; પરંતુ એમ તો એકેકી દૃષ્ટિમાંય ચઢતી ઊતરતી કેટલીય કક્ષાઓ હોય. સૂક્ષ્મતાથી એ દરેક કક્ષાનો વિચાર કરીએ તો એના આમાં આવરણ કેટલાય પ્રકારના સિદ્ધ થાય, કહો, અનંતા પ્રકાર બને. કેમકે દૃષ્ટિ એ બોધસ્વરૂપ છે, તત્ત્વદર્શન સ્વરૂપ છે, અને શાસ્ત્રો દર્શનાદિ ગુણોને ષટ્સ્થાનપતિત કહે છે, તેથી એ દર્શનાદિના અનંત પ્રકાર બને છે.

* * *



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# 'ષટ્સ્થાન-પતિત' એટલે શું ?

પુદ્ગલના રૂપાદિ ગુણોમાં કે આત્માના બોધાદિ ગુણોમાં અધ્યવસાયોમાં તરતમતા જોવી હોય ત્યારે એમ જોવાય, કે પાયામાં અમુક માત્રામાં ગુણ હોય, પછી એ માત્રા કેટલી વધે છે, યા ઘટે છે, એ વધ કે ઘટ જોવાનાં સ્થાન ૬-૬ છે. એ સ્થાનોમાં રહેલ એ 'ષટ્સ્થાન-પતિત' કહેવાય. વૃદ્ધિમાં સંખ્યાત ભાગ વૃદ્ધિ, અસંખ્ય ભાગ વૃદ્ધિ, અનંત ભાગ વૃદ્ધિ, એમ સંખ્યાતગુણ વૃદ્ધિ, અસંખ્યગુણ વૃદ્ધિ, અનંતગુણ વૃદ્ધિ. એ રીતે હાનિમાં છ પ્રકાર. જૈન શાસ્ત્રોમાં 'ષટ્સ્થાન-પતિત' શબ્દ (૧) પુદ્ગલના રૂપ-રસાદિ ગુણોમાં વપરાય છે, (૨) ચૌદ પૂર્વધરોના સૂત્રાર્થના જ્ઞાનમાં એમ બીજી જ્ઞાનાદિલબ્ધિમાં વપરાય છે, (૩) ગુણસ્થાનકની વિશુદ્ધિમાં વપરાય છે... ઇત્યાદિ.

દા.ત. પુદ્ગલ-દ્રવ્યમાં શ્યામવર્ણ હોય એ એકગુણ શ્યામ હોય, દ્વિગુણ શ્યામ... શતગુણ શ્યામ, સહસ્ત્રગુણ શ્યામ, લક્ષગુણ શ્યામ, કોટિગુણ શ્યામ, કોટિકોટિ ગુણ શ્યામ હોય. આ બધી વૃદ્ધિ સંખ્યાતગુણશ્યામ વૃદ્ધિ કહેવાય. પરંતુ ૧, ૨, ૩... થી વૃદ્ધિ થાય ત્યારે સંખ્યાતભાગ વૃદ્ધિ કહેવાય. એમ પછી આગળ જ્યાં સંખ્યાનો આંકડો ન મૂકી શકાય, અર્થાત્ 'અનવસ્થિત, શલાકા, પ્રતિશલાકા, મહાશલાકા' એ ચાર પ્યાલાના હિસાબથી પ્રાપ્ત સંખ્યા આવે, ત્યારે 'અસંખ્યાત'ની સંખ્યા શરુ થાય. શ્યામતામાં આવી અસંખ્યગુણથી વૃદ્ધિ થાય. પણ એમાં માત્ર ૧, ૨, ૩ વધે તો અસંખ્યભાગવૃદ્ધિ થઇ કહેવાય. આગળ નવ પ્રકારના અસંખ્ય પાર કરી જતાં અનંતગુણ વૃદ્ધિ અથવા અનંત ભાગ વૃદ્ધિ આવે. પુદ્ગલના શ્યામગુણમાં આમ સંખ્યાતગુણ - અસંખ્યાતગુણ - અનંતગુણ વૃદ્ધિ તેમજ સંખ્યાતભાગ -વૃદ્ધિ, અસંખ્યાતભાગ અને અનંતભાગ વૃદ્ધિ થાય. એજ પ્રમાણે ૬ પ્રકારની હાનિ થાય. એ વૃદ્ધિ-હાનિ ૬-૬ સ્થાનમાં પડેલી ગણાય, અર્થાત્ ષટ્સ્થાનપતિત કહેવાય.

ચૌદ પૂર્વધર મહર્ષિઓ સૂત્રાક્ષરથી તો બધાય પૂરા 'ચૌદ પૂર્વ' નામના શાસ્ત્રોના ભણેલા હોય. પરંતુ એનો અર્થબોધમાં, દરેકના જ્ઞાનાવરણાદિ કર્મોના ક્ષયોપશમ વિચિત્ર-જુદા જુદા પ્રકારના હોવાથી, સંખ્યાતગુણવૃદ્ધિ અસંખ્યગુણવૃદ્ધિ સંખ્યાતભાગવૃદ્ધિ અસંખ્યભાગવૃદ્ધિ... વગેરે વૃદ્ધિના તથા હાનિના ષટ્સ્થાન હોય, એ વૃદ્ધિ-હાનિ ષટ્સ્થાનપતિત કહેવાય.

આમ ચિત્તના રાગાદિના સંકલેશ, અને એની સામે ચિત્તમાં સંયમના અધ્યવસાયોની વિશુદ્ધિ, એમાં વૃદ્ધિ-હાનિ ષટ્સ્થાન-પતિત બને. એ સૂચવે છે કે આપણા ચિત્તમાં જો કોઇ ચીજનો રાગ ઊઠયો યા દ્વેષ ઊઠયો, એ ચિત્તને પકડી લે એટલે ચિત્તના સંક્લેશરૂપ બને છે. પછી એ વધતો ચાલે તો કેટલો વધે ? અનંતગુણ વૃદ્ધિ પણ પામે ને ? માટે જ નાના પણ સંક્લેશને મનમાં ઘાલતા પહેલાં આ હાઉ નજર સામે રહે કે 'આ વધશે તો કેટલો વધશે ?'

ચિત્તના પરિણામ યાને ભાવ-અધ્યવસાય બે જાતના (૧) અશુભ અશુદ્ધ સંક્લેશરૂપ, અને (૨) શુભ વિશુદ્ધિરૂપ. રાગ-દ્વેષ-ક્રોધ અભિમાન, અસંયમ વગેરે કષાયના અધ્યવસાય (ભાવ) એ સંક્લેશરૂપ છે, ત્યારે વૈરાગ્ય-ઉપશમ-ક્ષમા-મૃદુતા સંયમ વગેરેના અધ્યવસાય (ભાવ) એ વિશુદ્ધિરૂપ છે. આમાં નિયમ એવો છે કે

**સંક્લેશમાં ઓછપ આવતી જાય તેમ વિશુદ્ધિ વધતી ચાલે, અને સંક્લેશ વધતો ચાલે તેમ વિશુદ્ધિ ઘટતી આવે.**

વિશુદ્ધિ વધતી ચાલે એટલે ઉપર ઉપરનું ગુણસ્થાનક પ્રાપ્ત થતું જાય. એમાં જો સહેજ પણ સંક્લેશ પેઠો તો વિશુદ્ધિ ઘટવા માંડે, અને સંકલેશ વધતો ચાલે. એટલે ગુણસ્થાનકમાં આગળ આગળ વધતો હોય એ વિશુધ્યમાન ગણાય, અને નીચે ઊતરતો હોય એ સંકિલશ્યમાન ગણાય. એનો અર્થ એ કે એક જ ગુણસ્થાનકે રહેલો હોય એ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંકિલશ્યમાન પણ હોઇ શકે અને વિશુધ્યમાન પણ હોઇ શકે. જો એના ચિત્તના અધ્યવસાય મલિનતા તરફ ખેંચાતા હોય તો એ સંકિલશ્યમાન છે, અને ઉજજવલતા-નિર્મળતા તરફ આગળ વધતા હોય તો એ વિશુધ્યમાન છે.

આ એના જેવું છે કે સીડીના પાંચમે પગથિયે બે જણ ભેગા થયા, પણ એમાં એક ઉપરથી નીચે ઉતરે છે, બીજો નીચેથી ઉપર ચડે છે. ૧૪ ગુણસ્થાનકની પાયરીએ આવું જ છે જેમ સીડી પર બંને ભલે એક પગથિયા ઉપર હોય, પણ મનના ભાવનો મોટો તફાવત છે,-એકના ઊતરવાના છે, બીજાના ચડવાના છે, એમ ગુણસ્થાનકમાં ઉપશમ શ્રેણિએ ચઢનારો ૯મે ગુણઠાણે પહોચ્યો હોય, અને બીજો ઉપશ્રમ શ્રેણિએ ઠેઠ ૧૧મે ગુણઠાણે પહોંચી જઇ ત્યાંથી હવે ઉતરતો ૯મે ગુણઠાણે આવ્યો હોય, આ બંનેના ૯મા ગુણઠાણે ભાવ સરખા, પરંતુ હજી ચડનારો પોતાના ભાવને અધિક અધિક નિર્મળ કરી રહ્યો છે, એ વિશુધ્યમાન ગણાય, વિશુદ્ધિવાળો ગણાય; ત્યારે નીચે ઊતરનારો બીજો પોતાના ભાવને મલિન મલિન કરતો નીચે ઊતરે છે એટલે એ સંકિલ-શ્યમાન ગણાય, સંકલેશવાળો ગણાય.

આમ જોઇએ તો ૯મા ગુણઠાણાની પરિણતિ છઠ્ઠા-સાતમા ગુણઠાણા કરતાં ઘણી ઊંચી પરિણતિ છે. પરંતુ છઠ્ઠેથી સાતમે જનાર વિશુધ્યમાન છે, ત્યારે આ ૧૧ મેથી નીચે ઊતરતો ૯મે આવેલો ને હજી નીચે જવા તરફ છે એ સંક્લેશવાળો છે. આ પરથી શીખવા મળે છે કે સારામાં સારા વિશુદ્ધિના પરિણામ છતાં જો એમાં એક સહેજ નબળો નરસો ભાવ ઘાલશો, તો તમે વિશુદ્ધિમાંથી સંક્લેશમાં ચાલ્યા જશો. દા. ત. જિનમંદિરમાં પ્રભુના ચૈત્યવંદનમાં ભકિતના ભાવમાં ચડયા એ વિશુદ્ધિ છે. પરંતુ ત્યાં ભગવાનની આડે આવી કોક ઊભું રહ્યું, એ વખતે જો એના પર સહેજ ગુસ્સો ઇતરાજી લાવ્યા, તો તમે વિશુદ્ધિમાંથી સંક્લેશમાં ગયા ! ત્યારે સાચવવાનું આ જ છે, કે અશુદ્ધ પરિણામોથી ખચ ભરેલા સંસારમાં યાને સાંસારિક જીવનમાં માંડ પ્રભુભકિતના શુભ પરિણામ જાગ્યા છે, તો હવે બીજા ત્રીજા ગમે તે નિમિત્તને પામી તમે ભાવ બગાડશો નહિ.

સમજી રાખવાનું છે કે મલિન ભાવ લાવવા સહેલા છે, કેમકે એના માટે કશું કષ્ટ કશો ખરચ નથી લાગતો; પરંતુ એ પણ હકિકત છે કે જેમ મલિન ભાવ બહુ સસ્તા અને સહેલા, એમ શુભ ભાવ પણ બહુ સસ્તા અને સહેલા છે, માત્ર આપણને એની ગરજ જોઇએ, નિર્ધાર જોઇએ કે ‘મારે ભાવ શુભ જ રાખવા છે.’ ચિત્તના ભાવ ષટ્સ્થાનપતિત છે, તેથી જો સહેજ સંક્લેશના ભાવ શરુ કર્યા તો એમાં સંખ્યાતગુણ વૃદ્ધિ અસંખ્યાતગુણ વૃદ્ધિ.... વગેરે થવા માંડશે.’ માટે પ્રારંભમાંથી જ અશુભ ભાવને ઊઠવા ન દો, અને નવનવા શુભ ભાવ જરૂરી ઊભા કરો.તો પછી એના વિશુદ્ધિના શુભ ભાવમાં સંખ્યાતગુણ વૃદ્ધિ અસંખ્યાતગુણ વૃદ્ધિ વગેરે થવાને અવકાશ છે. જૈન શાસનનું આ ષટ્સ્થાનપતિતનું વિજ્ઞાન આપણને સંકલેશથી બચવા આ સંકલેશમાં સંખ્યાતગુણ હાનિ વગેરે કરવા પ્રેરે છે. એમ વિશુદ્ધિમાં એવી વૃદ્ધિ કરવા પ્રેરે છે.

પ્રસ્તુતમાં યોગદૃષ્ટિમાં બોધમાં જોઇએ. દા.ત. પ્રારંભિક જીવને મિત્રાદૃષ્ટિના બોધની અમુક પ્રમાણમાં પરિણતિ થઇ, પછી ઉપદેશશ્રવણ અને ભાવના વધારતા એ બોધ-પરિણતિની માત્રા વધતી ચાલી; એ કેટલા વેગથી વધે છે, યા સંખ્યાતગુણ વેગથી ? કે અસંખ્યગુણ વેગથી ? યા સંખ્યાતભાગ વેગથી ? કે અસંખ્યભાગ વેગથી ?...વગેરે જોવાય. એમ વિપરિત શ્રવણ-વાંચનાદિથી બોધ-પરિણતિ કદાચ ઘટતી ચાલી. તો કેટલા વેગથી ઘટતી ચાલી ? સંખ્યાતગુણ હાનિ થઇ ? કે અસંખ્યાતગુણ હાનિ થઇ ? વગેરે જોવાય. આમ બોધ-દર્શન વગરે ગુણો વૃદ્ધિ-હાનિની દૃષ્ટિએ આ છ સ્થાનમાં પડે, એનું નામ ષટ્સ્થાન -પતિત કહેવાય.

આ સૂક્ષ્મતાના હિસાબે જોતાં એકેક દૃષ્ટિમાં બોધમાત્રાના ઘણા ઘણા પ્રકાર પડે; ને એમ વિચારતાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગદૃષ્ટિ આઠને બદલે અગણિત થાય. પ્રસંગવશાત્ આ ધ્યાનમાં રહે કે અનાદિસિદ્ધ મિથ્યાત્વ ગુણસ્થાનથી ઉપર ઉપર અપુનર્બંધકદશા, સમ્યક્ત્વ, દેશ-વિરતિ વગેરે ગુણસ્થાનક ઉચ્ચ ઉચ્ચ આવતું જાય, એમાં જીવને કર્મનિર્જરા અસંખ્યગુણ અસંખ્યગુણ વધતી ચાલે છે; એટલે દા.ત. મિથ્યાત્વી અપુનર્બંધક જીવ કરતાં સમકિતી જીવ અસંખ્યગુણ કર્મનિર્જરા કરે, અને એના અધ્યવસાય અનંતગુણ વિશુદ્ધ હોય. એમ એજ વ્રત વિનાનો સમકિતી જીવ જ્યાં દેશવિરતિ અણુવ્રતો સ્વીકારે ત્યારે એના અધ્યવસાય પૂર્વ કરતાં અનંતગુણ વિશુદ્ધ બને, અને ત્યારે એ પૂર્વ કરતાં અસંખ્યાતગુણ કર્મનિર્જરા કરે. એમ શ્રાવકપણામાં આગળ વધતાં એ ઉત્કૃષ્ટ કોટિનો સંવાસાનુમતિ શ્રાવક બને, એ શ્રાવક કરતાં જઘન્ય કોટિના સાધુને અધ્યવસાયમાં સર્વવિરતિ હોવાથી પેલા દેશવિરતિ કરતાં અનંતગુણ વધારે વિશુદ્ધિ હોય, અને અસંખ્યગુણ વધારે કર્મનિર્જરા હોય.

**'સંવાસાનુમતિ' શ્રાવક એટલે** પોતે ઘરમાં કુટુંબ સાથે રહ્યો હોય એટલા પૂરતી જ ઘરવાસમાં અનુમતિ; પરંતુ કુટુંબ સાથે એને કશી લેવા દેવા નહિ; પોતાના નિમિત્તે ઘરમાં એક પણ આરંભ-સમારંભનું કામ ન થાય એવો એણે પ્રબંધ કર્યો હોય. કુટુંબને કહી દીધું હોય કે 'મારા નિમિત્તે કોઇ જ આરંભ-સમારંભ નહિ કરવાનો. મારા માટે રસોઇ પણ નહિ કરવાની, મને ઘર-કુટુંબ-વેપાર સંબંધમાં કશું પૂછવાનું નહિ...' આમ ઘર-દુકાન-કૌટુંબિક વ્યવહારો વગેરેથી તદ્દન અલિપ્ત થઈને માત્ર ઘરમાં રહે, ત્યાં ઘરમાં એને સહવાસ સંવાસ હોય એટલું જ; બાકી પોતે પોતાના વ્રત-નિયમો પાળતો, જિનભક્તિ-સાધુસત્સંગ તથા ત્યાગ તપસ્યામાં અને સામાયિક-શાસ્ત્રસ્વાધ્યાયમાં જ જીવન પસાર કરતો હોય, એ સંવાસાનુમતિ શ્રાવક કહેવાય.

આવા ઉત્કૃષ્ટ શ્રાવક અને એમાંય શ્રાવકની ૧૧મી પડિમા વહન કરતો હોય એવા શ્રાવકની અધ્યવસાયની વિશુદ્ધિ કરતાં જઘન્ય કોટિના સંયમી સાધુના અધ્યવસાયની વિશુદ્ધિ અનંતગુણ કહી. પ્રશ્ન થાય.

* * *

# દૂષ્કૃતાનુમોદનની અવિરતિનું જંગી પાપ

પ્ર૦- ઉત્કૃષ્ટ શ્રાવક તો કેટલું બધું પાળે છે ! લગભગ સાધુ જેવો છે ! તો એના કરતાં જઘન્ય સાધુને અનંતગુણ વિશુદ્ધિ કેમ ?

ઉ૦- સાધુને અનંતગુણ વિશુદ્ધિ હોવાનું કારણ એ કે એ સર્વવિરતિ ભાવમાં છે. શ્રાવક ગમે તેવું ઊંચું પાળે છતાં એને અહિંસાદિ વ્રતની દૃષ્ટિએ દ્વિવિધ ત્રિવિધે પચ્ચક્ખાણ છે, 'મન-વચન-કાયાથી' ત્રિવિધે, 'હિંસાદિ પાપો કરું નહિ, ને કરાવું નહિ,' એમ કરણ-કરાવણના દ્વિવિધ પચ્ચક્ખાણ છે; પરંતુ 'પાપો અનુમોદું નહિ,' એવું પાપનાં અનુમોદનનું પચ્ચક્ખાણ નથી. આમ વિશ્વમાં ચાલી રહેલા પાર વિનાના હિંસાદિ પાપોની અનુમોદના ન કરવાનાં એને પચ્ચક્ખાણ નથી એટલે એણે 'પચ્ચક્ખામિ દુવિહં'થી કરણ-કરાવણની અવિરતિ તો ટાળી, પરંતુ અનુમોદનની અવિરતિ જંગી ઊભી છે ! ત્યારે સાધુને ત્રિવિધ ત્રિવિધે પચ્ચક્ખાણ છે. એટલે પેલી અનુમોદનાની જંગી અવિરતિ પણ એણે ટાળી છે, એની ય વિરતિમાં આવ્યો છે, એટલે એના અધ્યવસાય ઉત્કૃષ્ટ કોટિના શ્રાવકના દ્વિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણવાળા અધ્યવસાય કરતાં અનંતગુણ વિશુદ્ધિવાળા હોય, એમાં નવાઇ નથી. પૂછો,-

હિંસાની અનુમોદના નહિ કરવા છતાં કેમ પાપ લાગે ?

પ્ર૦- શ્રાવક પોતે જગતમાં ચાલી રહેલા જંગી હિંસાદિ પાપોને સારા તો માનતો નથી, અર્થાત્ એની અનુમોદના તો કરતો નથી, પછી અનુમોદનાના જંગી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાપ એને શી રીતે લાગે ?

ઉ૦- અહીં ખાસ સમજવાનું છે કે પ્રસ્તુતમાં ખુદ પાપ-અનુમોદનારૂપી દુષ્કૃતના પાપની વાત નથી. પરંતુ અનુમોદના-દુષ્કૃતની અવિરતિના પાપની વાત છે. જેમ માણસ દુષ્કૃત આચરે નહિ એ કરણનું પાપ ન કર્યું, પરંતુ એને જ્યાં સુધી 'હું દુષ્કૃત આચરીશ નહિ' એવી પ્રતિજ્ઞા નથી, વિરતિ નથી, ત્યાં સુધી દુષ્કૃત ન આચરવા છતાં દુષ્કૃતકરણની અવિરતિનું જંગી પાપ એના માથે ઊભું જ છે. એમ બીજાનાં હિંસાદિ દુષ્કૃતની અનુમોદનાનું પાપ ન કરવા છતાં 'મારે અનુમોદના પણ ન કરવી.' એવી પ્રતિજ્ઞા નથી, વિરતિ નથી, ત્યાં સુધી એના માથે જગતભરમાં ચાલતા જંગી હિંસાદિ દુષ્કૃતોની **અનુમોદનાની અવિરતિનું** જંગી પાપ માથે ઊભું જ છે. શ્રાવક જો જીવનભર પૌષધમાં રહે તો પણ એને 'સાવજ્જં જોગં પચ્ચક્ખામિ દુવિહં તિવિહેણં' એમ દ્વિવિધ ત્રિવિધેજ વિરતિના પચ્ચક્ખાણ હોય છે, એટલે કે કરણ-કરાવણની જ અવિરતિનો ત્યાગ હોય છે, પરંતુ દુષ્કૃત અનુમોદનાની અવિરતિનો ત્યાગ નથી હોતો. એ અવિરતિ ઊભી જ છે.

ત્યારે જોઇએ તો,

## વિશ્વમાં હિંસાદિ પાપો કેટલા ચાલે છે ?

(૧) સમુદ્રમાં અસંખ્ય માછલા એનાથી નાના માછલાને આખાને આખા ખાઇ જાય છે ! જંગલમાં સિંહ-વાઘ-વરુ વગેરે શિકારી પશુ જીવતા હરણિયા-સસલા વગેરેને ચાવી ખાય છે ! અમેરિકા વગેરેમાં ને હવે અહીં ભારતમાં પણ પંચેન્દ્રિય જનાવરો રોજના લાખો કરોડો કપાય છે ! માંસાહારીઓથી ઈંડા-મરઘા-મચ્છી રોજના કેટલા મરાય છે ? હિંસાનો પાર નથી ! એમ (૨) જગતમાં ધંધા-ધાપા અને પરિગ્રહનાં પાપ કેટલા ચાલે છે ? (૩) જૂઠ-અનીતિ-ચોરી-લૂંટનાં પાપ કેટલા ચાલે છે ? તો (૪) અબ્રહ્મનાં પાપો માણસો અને જનાવરોમાં કેટલા ચાલે છે ? 'આવા સુમાર વિનાના હિંસાદિ પાપ દુષ્કૃતોની અનુમોદના હું ન કરું' એવી જો પ્રતિજ્ઞા નથી, વિરતિ નથી, તો અવિરતિ ઊભી છે; ને એ અનુમોદનાની અવિરતિનું પ્રમાણ કેટલું બધું મોટું ! શ્રાવકને આ અવિરતિ ખુલ્લી છે; ત્યારે સાધુને ત્રિવિધ ત્રિવિધે પચ્ચક્ખાણ હોવાથી આ અનુમોદનાની અવિરતિ પણ તદ્દન બંધ છે. એ હિસાબે સાધુના અધ્યવસાયની શ્રાવક કરતાં કેટલી બધી ઊંચી વિશુદ્ધિ ગણાય ?

## ચારિત્રનું ઊંચું મૂલ્ય શાથી :-

આ હિસાબે જો વિચારાય તો લાગે કે ચારિત્રનું કેટલું વધું ઊંચું મૂલ્ય ? શાથી ? વિશ્વભરના દુષ્કૃતોની અનુમોદનાની અવિરતિ ત્યજવાથી ઊંચું મૂલ્ય ! આ સમજે તો 'ઘરમાં રહીને ધર્મ ક્યાં નથી થતો ?'- એવો મૂઢતા-અજ્ઞાનતાભર્યો બોલ ન બોલાય. તેમ ઘરવાસમાં રહીને સારી ધર્મપ્રવૃત્તિ તથા ત્યાગ-તપસ્યા જ્ઞાન-ધ્યાન વગેરે કરતો હોય એ સંતોષ ન માની બેસે કે 'ભલે આપણે ચારિત્ર નથી લીધું, પણ ઘણો ધર્મ કરીએ છીએ, તેથી ફિકર નથી.' આ મૂઢતા ય ખોટી, અને સંતોષ પણ ખોટો. કેમકે, પૂર્વે કહ્યું તેમ ચારિત્ર વિના ઘરવાસમાં જગતભરના અપાર હિંસાદિ દુષ્કૃત્યોની અનુમોદનાની અવિરતિ માથે ઊભી છે. એનાં પાપ કેટલા બધા લાગે ! આ પાપનો ભય હોય, પાપ પ્રત્યે ઘૃણા હોય, તો ઝટ ચારિત્ર લેવાની ઉતાવળ થાય. આજે કેટલાય જણ કહે છે,- 'ચારિત્ર તો સારું છે, પણ અમને ચારિત્ર લેવાના ભાવ નથી થતા.' ક્યાંથી થાય ? મૂળ પાયામાં કરણ-કરાવણ- અનુમોદનની અવિરતિના જંગી પાપનો ભય જ લાગતો નથી, પાપ પર ત્રાસ છૂટતો નથી. એ જો ત્રાસ છૂટે કે 'હાય બાપ ! ઘરવાસમાં આટલા બધા સુમાર વિનાના પાપ લાગે છે ? તો ઊઠ જીવ ! ઊઠ, સીધો ચારિત્ર માર્ગ પકડ,' એમ ચારિત્રના ભાવ જાગતાં વાર નહિ. અસ્તુ.

વાત એ ચાલતી હતી કે બોધ દર્શનસંયમમાં ૬-૬ રીતે વિશુદ્ધિ વધે ઘટે એ ષટ્સ્થાનપતિત કહેવાય.

'જીવ જો મનના અધ્યવસાય બગડવાથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમાંથી પતન પામે તો અધ્યવસાયની વિશુદ્ધિમાં હાનિ થવા માંડે, ને રાગાદિ સંકલેશમાં વૃદ્ધિ થવા માંડે, તેય સંખ્યાતગુણ અસંખ્યગુણ અનંતગુણના યા સંખ્યાતભાગ- અસંખ્યભાગ- અનંતભાગના હિસાબથી. આમ સંયમ, સમ્યગ્દર્શન અને બોધ એની માત્રાના હિસાબે ષટ્સ્થાનપતિત બને. પ્રસ્તુતમાં મિત્રાદિ દૃષ્ટિઓના બોધમાં આમ બનવાથી સૂક્ષ્મતાથી જોતાં દૃષ્ટિના અનંત પ્રકાર પડે. પરંતુ સ્થૂલ દૃષ્ટિએ અહીં યોગદૃષ્ટિને આઠ પ્રકારથી વિચારવામાં આવે છે -

**(મૂલ) प्रतिपातयुताश्चाद्या-श्चतस्रो नोत्तरास्तथा ।**
**सापाया अपि चैतास्ताः प्रतिपातेन नेतराः ॥१९॥**

**અર્થ** :-પહેલી ચાર (દૃષ્ટિ) (સંભવિત) પતનવાળી હોય છે, પાછલી (ચાર દૃષ્ટિ) એવી નથી. આ પહેલી ચાર (ક્વચિત્) અપાય (દુઃખ) વાળી પણ હોય છે, અને તે પતન દ્વારા; ત્યારે પાછલી ચાર એવી નથી.

(टीका) इह च दृष्टिसमुच्चये 'प्रतिपातयुताः' = भ्रंशोपेताः, 'आद्याश्चतस्रो दृष्टयो मित्रादिरुपाः, 'एता अपि च' प्रतिपातयुता अपि, तथाकर्मवैचित्र्यात्; न तु प्रतिपातयुता एव, ताभ्य -स्तदुत्तरभावादिति । 'नोत्तरास्तथा'=न स्थिराद्यास्तेन प्रकारेण प्रतिपातयुता इति ।

**અર્થ** :-અહીં આઠ દૃષ્ટિના સમૂહમાં મિત્રા આદિ સ્વરૂપ પહેલી ચાર દૃષ્ટિ પતનવાળી હોય છે. એ પણ તેવા પ્રકારની કર્મવિચિત્રતાના યોગે પ્રતિપાતવાળી પણ હોય, કિન્તુ નહિ કે પ્રતિપાતવાળી જ હોય; કેમકે આ ચાર દૃષ્ટિઓમાંથી એની ઉપરની દૃષ્ટિ નીપજે છે. 'નોત્તરાસ્તથા' અર્થાત્ સ્થિરા વગેરે (ચાર) દૃષ્ટિઓ તેવા પ્રકારે પતન યુકત નથી હોતી.

### વિવેચન :

હવે અહીં આઠ યોગ દૃષ્ટિમાં મિત્રાદિ પહેલી ચાર દૃષ્ટિ અને સ્થિરાદિ પાછલી ચાર દૃષ્ટિનો તફાવત બતાવવા દ્વારા એનું સ્વરૂપ વર્ણવે છે. તફાવત આ છે કે પહેલી ચાર દૃષ્ટિ આવેલી કદાચ પતન પણ પામે, અર્થાત્ આવેલી કદાચ જાય પણ ખરી, નષ્ટ પણ થઇ જાય; ત્યારે સ્થિરાદિ ચાર પતન નથી પામતી, એ દૃષ્ટિ આવેલી જતી નથી.

અહીં ધ્યાનમાં રહે કે પહેલી ચારમાં પતન થાય જ એવું નક્કી નથી, પતન ન પણ થાય, કેમકે નહિતર તો જો પતન જ થઇ જતું હોય, તો તો પછી આગળ ઉપરની દૃષ્ટિ આવી જ ન શકે, લાધી શકે જ નહિ. પરંતુ ઉપરની દૃષ્ટિ લાધે તો છે જ. એ સૂચવે છે કે, આ ચાર દૃષ્ટિ પતન પામ્યા વિના એમાં વિશેષ પુરુષાર્થ કરીને આગળ ઉપરની દૃષ્ટિએ ચડી શકાય છે.આમ છતાં પહેલી ચાર દૃષ્ટિમાં પડવાનો ભય છે; કેમકે જીવોના જ્ઞાનાવરણાદિ કર્મ વિચિત્ર હોય છે, તેથી કોઇને એવા બળવાન કર્મ નડે, કર્મ ઉદયમાં આવી જાય, તો એ પામેલી દૃષ્ટિ ગુમાવે, દૃષ્ટિનું પતન થઇ જાય.

પ્ર૦-મૈત્રી આદિ દૃષ્ટિ જીવ પામ્યો તે તો એના આવરણ કર્મ હટાવીને પામ્યો, તો પછી હવે હટેલા કર્મ શી રીતે નડે ?

ઉ૦-હટાવેલા કર્મ ન નડે, પરંતુ સત્તાગત શિલિકમાં રહેલા કર્મ નડી શકે ને ?

પ્ર૦- તો તો જો એવા સત્તાગત કર્મ નડતા જ હોય, તો એમાં તો કર્મની શિરજોરી જ થઇ ! એમાં પછી પૂર્વની દૃષ્ટિ પામવાની મહેનત માથે જ પડીને ?

ઉ૦- કર્મની શિરજોરી બધે જ નિશ્ચિત નથી. અગર કહો,

### સંશયથી પ્રવૃત્તિ થાય ખરી ? :

પ્ર૦- ભલે નિશ્ચિત નહિ પણ કર્મની શિરજોરી થવાનો સંશય તો ખરો ને ? એવા સંશયમાં કર્મને ઘડીભર રોકી દૃષ્ટિ પામવાની મહેનત કોણ કરે ? માણસને સંશય હોય કે અમુક નોકરી મળ્યા પછી કાઢી ય મૂકે, તો એવી નોકરી મેળવવા મહેનત ન કરતાં સ્થાયી નોકરી મેળવવાની જ મહેનત કરે છે.

ઉ૦- સંશયથી પણ વ્યવહારમાં ઘણી પ્રવૃત્તિ થાય છે. દા.ત. (૧) ખેડૂતને વરસાદ આવવાનો નિર્ણય નથી હોતો, છતાં સંશય હોય છે કે વરસાદ કદાચ આવે પણ ખરો,' ને તેથી ખેતર-ખેડાણ અને બીજ-વાવેતર કરે છે. (૨) રાજાને સંશય હોય છે કે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'દુશ્મન કદાચ આવે,' તેથી લશ્કર પોષે છે. (૩) નોકરીમાં ય બીજી નિશ્ચિત સ્થાયી નોકરી ન મળતી હોય તો અમુક નોકરીમાં સંશય છતાં લાગુ થઇ જાય છે.

**કર્મની શિરજોરી સામેના યત્નમાં ૩ લાભ :-**

એજ રીતે અહીં ભલે ભાવી કર્મની શિરજોરી થવાનો સંશય હોય, છતાં ભવી જીવ વર્તમાન કર્મને દબાવી હટાવી દૃષ્ટિ પામવાની મહેનત કરે, એ ખોટું નથી. એ મહેનત લેખે છે, કેમકે (૧) કદાચ દૃષ્ટિનું ભાવિમાં પતન થવાનું હોય તો પણ વર્તમાનમાં દૃષ્ટિ પામ્યાથી આત્મામાં સારા સંસ્કાર પડે છે. (૨) વળી એ પણ સંભવિત છે કે બળવાન કર્મ ન પણ ઉદયમાં આવે; ને તો દૃષ્ટિનું પતન થયા વિના આગળ ઉપરની દૃષ્ટિ પ્રાપ્ત થવાનો અવસર મળે છે. તેમજ (૩) દૃષ્ટિ પ્રાપ્ત કરવા આવરણભૂત કર્મનો જે ક્ષયોપશમ કરવાની મહેનત કરાય છે, એ ક્ષયોપશમને ટકાવવાની જાગૃતિ અને મહેનત ચાલુ રહે, તો કર્મની શિરજોરી નથી ચાલતી. ત્યાં તો ક્ષયોપશમમાં સત્તાગત કર્મને માત્ર પ્રદેશોદયથી ભોગવાઈને ખપી જવું પડે છે.

* * *

# આંતરગુણની રક્ષાના ૭ ઉપાય

ગુણ-ક્ષયોપશમ ટકાવવાની આ જાગૃતિ અને ઉદ્યમ માટે શ્રી પંચાશકશાસ્ત્ર આ ૭ ઉપાય બતાવે છે,-

१ तम्हा निच्चसतीए २ बहुमाणेणं च अहिगयगुणंमि ।
३ पडिवक्खदुगुंछाए ४ परिणइ-आलोयणेणं च ॥३६॥
५ तित्थंकर-भतीए, ६सुसाहुजणपज्जुवासणाए य ।
७उत्तरगुणसद्धाए य, एत्थ सया होइ जइयव्वं ॥३७॥

અહીં પહેલાં કહ્યું સમ્યક્ત્વ અને અણુવ્રતોની પ્રતિજ્ઞા કરી લીધા પછી જો આ પ્રયત્ન રાખવામાં આવે તો, એ પ્રતિજ્ઞા બાહ્યથી લેવા છતાં કદાચ અંતરમાં સમ્યક્ત્વ અને વિરતિના પરિણામ ન પણ જાગ્યા હોય તો, એ જાગે છે, અને પરિણામ જાગ્યા હોય તો એ ટકે છે; પણ ક્યારેય પડી જતા નથી. આંતર પરિણામ જગાડવા-ટકાવવાના એ પ્રયત્ન કયા કયા ? તે ઉપરોક્ત બે ગાથામાં બતાવ્યા છે. એ પ્રયત્ન સાત પ્રકારના છે, તે આ પ્રમાણે-

(૧) પ્રસ્તુત ગુણની નિત્ય સ્મૃતિ અર્થાત્ હંમેશા એ ગુણનું સ્મરણ રાખવું કે 'મેં આ સમ્યક્ત્વાદિ ગુણ સમજીને ધારણ કરેલ છે, ને મારે તે બરાબર પાળવાનો સાચવવાનો છે.' આ રોજને રોજ યાદ કર્યા કરાય, તો સ્વાભાવિક છે કે, એની રક્ષા ને વૃદ્ધિ માટે સારી તકેદારી રહે; તેમજ એના બાધક સંયોગ-નિમિત્તોમાં સાવધાન રહેવાય, ને એની અસર ન લેતાં એનાથી દૂર જ રહેવાય.

(૨) ગુણો યાદ તો કરાય, પરંતુ જો શુષ્કકોરા હૃદયે યાદ કરાતા રહે તો એના ઊંડા સંસ્કાર ન પડવાથી આગળ પર સંભવ છે ગુણનું પતન થાય. તેથી બીજો ઉપાય આ, કે એ ગુણ ઉપર અતિશય બહુમાન ધરાય, હૃદયથી એની ખૂબ મમતા રખાય. દા.ત. અહિંસા પરની મમતા હોય તો અહિંસાનું પાલન સતત ચાલે.

(૩) ગુણથી વિપરીત દોષ પ્રત્યે દિલમાં સતત ઘૃણા-અરુચિ-ગ્લાનિ રખાય; દા.ત. અહિંસાથી વિપરીત હિંસા પ્રત્યે જો સતત ઘૃણા રહ્યા કરે, તો એવું કોઇ અસત્ નિમિત્ત ઊભું થવા છતાં ય હિંસા આચરવાનું મન નહિ થાય.

(૪) ચોથો ઉપાય એ છે કે ' તે તે ગુણ અને તેના તેના પ્રતિપક્ષી દોષ સેવ્યાના પરિણામ કેવા કેવા ?' એનો વિચાર રાખ્યા કરાય. એ માટે જગતમાં બનતા દૃષ્ટાન્ત વિચારાય. દા.ત. અહિંસા પાળવાથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧) દિલના પરિણામમાં દિલમાં સંકલેશ ન થાય, (૨) પાપકર્મ બંધાતા અટકી પુણ્યકર્મની ભરતી થાય. વળી (૩) આગળ અહિંસાનો વિકાસ પણ સધાય, નાની અહિંસામાંથી મોટી અહિંસામાં જવાય, સ્થૂલમાંથી સૂક્ષ્મ અહિંસા કેળવવાનું મન થાય. ખપી મુનિમાં આવું બનતું દેખાય છે. માટે પૂર્વના મહાપુરુષોના અહિંસામય જીવન અને એથી એમના ઊંચા વિકાસ પર ચિંતન કરાય.

એમ સામે હિંસાના દુઃખદ પરિણામ વિચારાય, દા.ત. 'હિંસાથી (૧) દિલમાં અતિ રૌદ્ર ભાવો જાગે; (૨) બીજાઓ સાથે વૈર ઊભા થાય; (૩) આપણા મનના પરિણામ નિષ્ઠુર બની જાય; એથી (૪) ભવાંતર માટે તીવ્ર અશુભ અનુબંધો ઊભા થાય, જેથી દીર્ઘકાળ ભવોના ભવો સુધી પાપિષ્ઠ બુદ્ધિ જ ચાલ્યા કરે... એનાં દૃષ્ટાન્ત વિચારાય.

ગુણનાં સુખદ પરિણામોના વિચારથી મનને ગુણનું મમત્વ-મહત્વ વધે, એમ દોષના દુઃખદ પરિણામો જોઇ એના પ્રત્યે હાઉ ઊભો થાય. મનને એમ થાય કે 'ભાઇ ! દોષ ન સેવવામાં તાત્કાલિક કષ્ટ હોય તો ભલે સહી લઇશ, પણ દોષોના પરલોકના ભયંકર દુઃખદ પરિણામો તો ભોગવવાનું આપણું ગજુ નથી.'

(૫) પાંચમો ઉપાય સુંદર બતાવ્યો : 'તીર્થંકર ભગવાનની ભક્તિ' ખૂબ કરવી. એથી વીતરાગ ભગવાનની વધુને વધુ નિકટ રહેવાય, અને આપણા મન પર પ્રભુના ઉત્કૃષ્ટ ગુણોની ઘેરી અસર પડતી રહે. પૂછો,-

## પ્રભુ-ભક્તિથી મન પર ઘેરી અસર કેમ પડે ? :-

પ્ર૦- તો પછી પ્રભુની ભક્તિમાં અમારા મન પર પ્રભુના ગુણોની કેમ એવી ઘેરી અસર પડતી નથી દેખાતી?

ઉ૦- અસર તો પડતી જ હશે, પણ અવ્યક્ત; તેથી અનુભવ ન થાય. છતાં માનો કે અસર નથી પડતી, તો એનું કારણ એ છે કે, પહેલું તો આ જ નક્કી નથી કર્યું કે, 'મારે બીજા સરાગી દેવને નહિ ને આ વીતરાગ દેવને શા માટે ભજવાના ?' કદાચ ઓઘથી નક્કી કર્યું હશે તો આટલું જ, કે 'ભગવાનને ભજવાથી આપણું કલ્યાણ થાય....' પરંતુ પછી આગળ વિચાર નથી કે 'કલ્યાણ' એટલે શું જોઇએ છે?

## વીતરાગને જ કેમ ભજવાના ? :

ખરી રીતે વીતરાગ ભગવાનને ભજવાના તે એ સમજીને કે 'એ ભગવાનમાં એક પણ રાગાદિ દોષ નથી, અને ક્ષમા-મૈત્રી-કરુણા ગંભીરતા-ઉદારતા આદિ અનંત ગુણ છે, તેથી એમને ભજું એટલે મારી નજર સામે ને નજર સામે આ નીતરતા ગુણોનો જ આદર્શ દેખાયા કરે. તો મને એની પ્રેરણા મળ્યા કરે.'' વીતરાગ તીર્થંકર ભગવાનની ભક્તિ કરવામાં જો આ સમજ હોય તો બહુ ભક્તિમાં પ્રભુની બહુ વાર નિકટતા રહેવાથી પ્રભુના ગુણોની આપણા મન પર ઘેરી અસર પડે એ સહજ છે. અલબત્ આ ભક્તિમાં તનનો, એમ ધનનો અને મનનો પણ સારો ભોગ આપવો જોઇએ.

## વીતરાગની ભક્તિમાં તન-મન-ધનનો સારો ભોગ આપીએ તો આપણને તન-મન-ધન કરતાં વીતરાગ વધારે ગમ્યા ગણાય.

વીતરાગ દેવાધિદેવ ખાતર એ કિંમતી પણ તન-મન-ધનનો ભોગ આપવા જતાં એ તન-મન-ધનને બહુ મૂલ્યવાન ન લેખવાથી એની સામે સહેજે પેલા આપણા બહુ મૂલ્યવાન માનેલા સમ્યક્ત્વ-વિરતિ-બોધ આદિ ગુણોનું સંરક્ષણ સારું રહે. વળી પ્રભુભક્તિમાં બહુ રોકાયા રહેવાથી બીજી કેટલીય એવી અસત્ પ્રવૃત્તિઓ બંધ થઇ જાય કે જે ગુણની બાધક હતી, ગુણને જોખમાવનારી હતી. માટે પણ પ્રભુભક્તિથી ગુણનું જતન થાય.

(૬) ગુણરક્ષા માટે છઠ્ઠો ઉપાય 'સુસાધુ જનોની ઉપાસના છે. આમાં તો સહેજે ગુણરક્ષા થાય એ સમજાય એવું છે; કેમકે (૧) પહેલું તો સાધુજનોનાં જીવન અને ચર્યાનાં દર્શનથી જ આપણા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિલમાં સારા ભાવ જાગે છે. વળી (૨) સાધુજનો પાસેથી વાતો-ઉપદેશ-પ્રેરણા પણ ગુણોની ને ધર્મની જ મળ્યા કરે. વળી (૩) સાધુજનોનો જ બહુ સંપર્ક રાખવા જતાં કુસંગો છૂટી જાય, ને તેથી ગુણો કે ધર્મને બાધ ન પહોંચે.

(૭) છેલ્લો ઉપાય 'ઉત્તરગુણ શ્રદ્ધા' છે. આમાં ઉત્તરગુણ એટલે વર્તમાનમાં આપણે જે ગુણ ધરાવીએ છીએ એના કરતાં ઉપરની કક્ષાનો ગુણ દા.ત. અપુનર્બંધકતા ધરાવતા હોઈએ તો એની ઉપરનો ગુણ સમ્યક્ત્વ છે. સમ્યક્ત્વ ધરાવતા હોઈએ તો ઉપરનો ગુણ દેશવિરતિ-શ્રાવકવ્રતો છે. એ ધરાવતા હોઈએ તો ઉપરનો ગુણ સર્વવિરતિ-ચારિત્ર છે. એમ યોગદૃષ્ટિમાં જોઈએ તો, મિત્રા દૃષ્ટિ ધરાવતા હોઈએ તો એથી ઉપરનો ગુણ તારા દૃષ્ટિ, (એનો બોધ-પ્રકાશ). એ આવી તો ઉપરનો ગુણ બલાદૃષ્ટિ... આ ઉપરના ગુણની 'શ્રદ્ધા' એટલે કે તીવ્ર અભિલાષા રાખવી. એ ગુણરક્ષાનો સાતમો ઉપાય છે. સ્વાભાવિક છે કે ઉપરના ગુણની તીવ્ર અભિલાષા તીવ્ર તાલાવેલી રાખીએ એટલે ચાલુ ગુણની રક્ષા કરવાનું તો ધ્યાન રહે જ. જેને લાખપતિમાંથી પાંચલાખ પતિ બનવાની તાલાવેલી છે, એ શું પાસેના લાખનું રક્ષણ નહિ કરે ? કરે જ. ઉપરના ગુણની તાલાવેલીનો આ પ્રભાવ છે કે પાસેના વર્તમાન ગુણની રક્ષા કરાવે.

સમ્યક્ત્વ-દેશવિરતિ વગેરે ગુણોની જેમ તે તે મિત્રાદિ દૃષ્ટિના શ્રદ્ધાયુક્ત બોધ અને ગુણોને ટકાવવા માટે, અને ઉપરની દૃષ્ટિમાં જવાના વિકાસને કરવા માટે, આ સાત ઉપાય સચોટ ઉપાય છે. છતાં પહેલી ચાર દૃષ્ટિમાં આત્માની પરિસ્થિતિ એવી છે કે, ક્યારેક ઉપાયના પુરુષાર્થમાં સ્ખલના આવી પણ જાય, ને ત્યાં કર્મની વિચિત્રતાથી એ દૃષ્ટિ ગુમાવી ય બેસે. ગુમાવે જ એવો નિયમ નથી, નહિતર જો ગુમાવતો જ હોય તો તો પછી ઉપરની દૃષ્ટિનો વિકાસ જ ન થાય. પરંતુ યોગની દૃષ્ટિમાં આગળ વધનાર કેટલાક આત્મા પાછા પડયા વિના ચાર દૃષ્ટિ વટાવી પાંચમી સ્થિરા-દૃષ્ટિમાં ચડી પણ જાય છે. એ બતાવે છે કે, પહેલી ચાર દૃષ્ટિનું પતન થાય એવો નિયમ નથી; છતાં એવા પણ કર્મ-પરાધીન જીવો હોય છે, જેમની દૃષ્ટિનું પતન પણ થાય છે. તેથી અહીં કહ્યું- 'આદ્ય ચાર દૃષ્ટિ પ્રતિપાત-યુક્ત પણ હોય છે, અને પાછળની ચાર દૃષ્ટિ પ્રતિપાતયુક્ત નથી હોતી, એનું પતન થતું નથી.'

આમ બંને દૃષ્ટિ-ચતુષ્ક વચ્ચેનો આ એક ફરક; હવે બીજો ફરક બતાવતાં કહે છે,-

(टीका) यत एवं 'सापाया अपि' दुर्गति हेतुत्वेन, 'एतास्ता'=एता एव । कथमित्याह 'प्रतिपातेन' - भ्रंशेन । 'नेतरा'=न स्थिराद्याः सापाया इति । आह- कथं श्रेणिकादीनामे-तदप्रतिपातादपायः?' उच्यते-एतदभावोपात्तकर्म-सामर्थ्येन । अत एवोक्तं प्रतिपातेन तु संभवमात्रमधिकृत्य 'सापाया अपि', तथापि प्रायोवृत्तिविषयत्वात्सूत्रस्यैवमुपन्यासः । अथवा सद्दृष्ट्यघाते सत्यपि अपायोऽप्यनपाय एव, वज्रतन्दुलवत्पाकेन तदाशयस्य, कायदुःखभावेऽपि, विक्रियानुपपत्तेरित्येवमुपन्यासः । योगाचार्या एवात्र प्रमाणमिति । अतः 'प्रतिपातेन नेतरा' इति स्थितम् ॥१९॥

**અર્થઃ-** જે કારણથી (આદ્ય ચાર દૃષ્ટિ) આવી (પ્રતિપાતવાળી) હોય છે, તેથી જ એ 'સાપાય' યાને અપાયવાળી-દુઃખવાળી પણ હોય છે; કેમકે એનું પતન દુર્ગતિનું કારણ બને છે. બાકી આ પહેલી ચાર જ આવી સાપાય હોય છે, કેમકે એનું પતન થાય છે, કિન્તુ 'ઇતર'= બાકીની પાછલી સ્થિરાદિ ચાર દૃષ્ટિ એવી યાને સાપાય નહિ. સવાલ થાય કે, તો પછી શ્રેણિકાદિને તો સ્થિરાદિ-દૃષ્ટિ હોવાથી એમની દૃષ્ટિ અપ્રતિપાતી છે, છતાં એમને કેમ અપાય-નરક દુઃખ આવ્યાં ? એનો ઉત્તર એ છે કે, એ અપાય એમણે આ દૃષ્ટિની ગેરહાજરીમાં અર્થાત્ આ દૃષ્ટિ પામવા પૂર્વે બાંધેલા કર્મના પ્રભાવે આવેલ છે.

એટલા જ માટે કહ્યું કે, 'પૂર્વની ચાર દૃષ્ટિ સાપાય પણ હોય' એ નિર્દેશ પ્રતિપાતની સંભાવનાને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લઇને કરેલ છે. આવી રજુઆતનું કારણ એ છે કે, સૂત્રનો અભિધેય-વિષય પ્રાયિક વૃત્તિવાળો હોય છે.

અથવા (બીજું સમાધાન આ છે કે) સદ્દૃષ્ટિનું જ્યાં સુધી પતન નથી, ત્યાં સુધી 'અપાય' પણ અપાય નથી, અનપાય જ છે; કેમકે 'વજ્ર તંદુલ' દેવચોખો યા કોરડું-ચોખો ગમે તેટલો પકવવામાં આવે છતાં એ પાકતો નથી; એમ અહીં સદ્દૃષ્ટિવાળાને ગમે તેટલું કાય દુઃખ આવે, છતાં એના આંતરિક જાગેલા શુભ અધ્યવસાયમાં વિકાર થઇ શકતો નથી. એટલા માટે આવી રજુઆત કરી. આ બાબતમાં યોગાચાર્યો જ પ્રમાણરૂપ છે. એથી એમ નક્કી થયું કે પાછલી ચાર દૃષ્ટિ પ્રતિપાતવાળી નહિ હોવાથી, અપાયવાળી પણ નથી.

## વિવેચન :-

મિત્રાદિ પહેલી ચાર દૃષ્ટિ અને સ્થિરાદિ પાછલી ચાર દૃષ્ટિ વચ્ચે એક તફાવત આ બતાવ્યો કે પહેલી ચાર પતનના સંભવવાળી હોય છે, ત્યારે પાછલી ચાર પતન વિનાની હોય છે.

## સ્થિરાદિ ચાર દૃષ્ટિ અપાય વિનાની :-

હવે બીજો ફરક આ બતાવે છે કે પહેલી ચાર દૃષ્ટિ અપાયવાળી હોય છે, પાછલી ચાર અપાય વિનાની જ હોય છે, અર્થાત્ પહેલી ચાર દૃષ્ટિવાળાને દૃષ્ટિના પતનનો સંભવ હોવાથી જ્યારે દૃષ્ટિપતન થાય ત્યારે એવાં કર્મ બાંધે છે કે એને એથી અપાય આવે એટલે દુર્ગતિનાં દુઃખ આવે; ત્યારે પાછલી ચાર સ્થિરાદિ દૃષ્ટિવાળાને દૃષ્ટિનું પતન નથી, તેથી એને અપાયનો પણ સંભવ નથી.

સારાંશ-

આદ્ય ૪ દૃષ્ટિ,- સપ્રતિપાત અને સાપાય.

પાછલી ૪ દૃષ્ટિ- અપ્રતિપાતી અને નિરપાય.

'પહેલી ચારમાં પ્રતિપાત (પતન) થવાથી જ અપાય; પાછલી ચારમાં પ્રતિપાત નહિ હોવાથી જ અપાય નહિ,' એમ કહીને આ સૂચવ્યું કે,

## સદ્દૃષ્ટિનું પતન એ અપાય-અનર્થ દુઃખનું કારણ છે.

અર્થાત્ જો તમારે ભાવી દુર્ગતિના અનર્થથી બચવું હોય તો સદ્દૃષ્ટિને અખંડ સાચવો, એનો ભંગ ન થવા દો; તો પતન પણ નહિ અને દુર્ગતિના અનર્થ પણ નહિ. એટલા જ માટે અહીં પહેલી ચાર દૃષ્ટિમાં નિશ્ચિત પતન ન કહ્યું, પણ પતનનો સંભવ કહ્યો; એમ નિશ્ચિત અપાય નહિ, પણ અપાયનો સંભવ કહ્યો. તાત્પર્ય, અંતરાત્મામાં જાગેલ દૃષ્ટિ યાને શ્રદ્ધાસંયુત બોધને સાચવવાનો અને વિકસાવવાનો પ્રયત્ન બરાબર હોય, તો પહેલી ચાર દૃષ્ટિમાં પણ પતનેય નહિ, ને અપાય (અનર્થ) પણ નહિ. ત્યારે, પાછલી ચાર દૃષ્ટિમાં તો એવો સચોટ-દૃઢમૂળ-શ્રદ્ધા સંપન્ન બોધ છે, કે એમાં પતનનો સંભવ જ નથી રહેતો; તેમ અપાય પણ સંભવિત નથી. અહીં પ્રશ્ન થાય-,

## શ્રેણિકાદિને કેમ અપાય ? એનું એક સમાધાન :-

પ્ર૦- તો પછી શ્રેણિક કૃષ્ણ આદિ ક્ષાયિક સમ્યગ્દર્શનવાળાને પ્રાપ્ત દર્શનનો પ્રતિપાત તો છે જ નહિ, અર્થાત્ દૃષ્ટિનું પતન તો છે જ નહિ, એટલે એ-મને અપાય યાને દુર્ગતિ-ગમનનો અનર્થ પણ હોય નહિ; જ્યારે હકીકતમાં તો શ્રેણિકાદિને નરકગમન થયું છે. તો પાછલી ચાર દૃષ્ટિવાળાને ય અપાય સંભવિત બન્યો ને ?

ઉ૦- શ્રેણિકાદિને 'અપાય' અર્થાત્ દુર્ગતિ ગમનરૂપ અનર્થ આવ્યો એ આ સ્થિરાદૃષ્ટિની ગેરહાજરીમાં બાંધેલા કર્મના પ્રભાવે આવ્યો છે; પણ નહિ કે સ્થિરાદૃષ્ટિનો પ્રતિપાત થઇને બાંધેલા કર્મના પ્રભાવે. સ્થિરાદિ ચાર દૃષ્ટિ તો આવી તે આવી, એનું પતન પ્રતિપાત-નાશ થાય જ નહિ. જ્યાં દૃષ્ટિનો પ્રતિપાત જ નહિ, પછી અપાય પણ શાનાં સર્જાય ? અપાય દૃષ્ટિનાશને આભારી છે, દૃષ્ટિના અભાવને આભારી છે. માટે જ શ્રેણિકને જે નરકગમનરૂપ અપાય અને નરકના દુઃખ આવ્યા, તે અહીં શ્રેણિકે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમ્યગ્દર્શન યાને સદ્દૃષ્ટિ જ્યારે નહોતી પ્રાપ્ત કરી, અને ગર્ભિણી હરણીનો શિકાર કરી ઉપરથી વિષને વધારવાની જેમ અનુમોદના કરી ગાઢ કર્મ બાંધેલા, તેનું ફળ હતું. અનુમોદના કેવી કરી કે 'વાહ કેવો અજબ શિકાર ! એક બાણે હરણી અને એના ગર્ભનું બચ્ચું, બંનેનો શિકાર થયો !' આ અનુમોદના કેવા દૃશ્ય ઉપર ? જ્યાં હરણી પેટ ફાટી જવાથી કરુણ ચીસ પાડતી તરફડતી હતી, અને ગર્ભ-બચ્ચું બાણથી વિંધાયું મૂંગાં કરુણ રુદન સાથે તરફડી રહ્યું હતું ! તેવા દૃશ્ય પર શિકારી હિંસાની અનુમોદના કરે છે ! તો એ વખત શ્રેણિકના હૈયામાં કેટલા ક્રૂર-નિષ્ઠુર-નિર્ધ્વંસ પરિણામ થયા હશે ? એવા અતિ સંક્લિષ્ટ પરિણામ પર રૌરવ નરકનાં નિકાચિત કર્મ બાંધ્યા હોય તે, પછીથી શ્રેણિક ભલે ક્ષાયિક સમ્યગ્દર્શન પામી ગયા, ને એમને સ્થિરાદૃષ્ટિ વિકસી ઊઠી, પણ એ નિકાચિત કર્મ એમને એમ જ ભોગવાયા વિના કેમ છોડે ? એ કેમ ઉદયમાં ન આવે ? કેમ પોતાનો દારુણ અંજામ નરકમાં દુઃખનો ન દેખાડે ? અલબત્ પ્રતિપાત (પતન) નહિ પામનારી સ્થિરાદૃષ્ટિના કાળમાં આ નરક દુઃખરૂપી અપાય આવ્યો ખરો, છતાં પણ એથી આ દૃષ્ટિ અપાયવાળી યાને સાપાય ન ગણાય. દુર્ગતિના અપાય તો દૃષ્ટિના અભાવને આભારી હોય છે; ને તે અપાય મહારાજા શ્રેણિકને દૃષ્ટિ પામ્યા પૂર્વના કર્મના હિસાબે આવેલ.

### મહાવીર પ્રભુને કેમ 'અપાય' યાને દુઃખ ? :-

એમ તો ત્રિલોકનાથ તીર્થંકરદેવ ભગવાન મહાવીર સ્વામીને શું બનેલું ? સામાન્ય રીતે તીર્થંકર બનનાર દરેક પરમ પુરુષને અશાતા વેદનીયના ઉદય વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર બનવા પૂર્વે જ આવી જાય છે, ને તીર્થંકર બન્યા પછી તો એમને એકલી શાતાનો ઉદય ચાલે છે ! પરંતુ એના અપવાદ રૂપે ત્રિભુવનગુરુ મહાવીર પ્રભુને કેવળજ્ઞાની તીર્થંકર બન્યા પછી ગોશાળાએ તેજોલેશ્યા મૂકી ! પ્રભુને એની ગરમીથી છ મહિના સુધી લોહીના ઝાડાનો વ્યાધિ નડ્યો ! પૂછો, પ્રભુ જેવા આઠ યોગદૃષ્ટિ પાર કરી ગયેલા અને વીતરાગ સર્વજ્ઞ બનેલાને આ અપાય ? હા, પરંતુ આ અપાય પ્રભુએ કોઈ પૂર્વભવમાં સદ્દૃષ્ટિના અભાવ વખતે ઉપાર્જેલા નિકાચિત અને તેવી જ કાળસ્થિતિવાળા કર્મના ઉદયે આવેલો. એ એવા પ્રકારની કાળસ્થિતિને પાકવાનો સમય કેવળજ્ઞાન પછી અત્યારે જ આવીને ઊભો ! ને વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવાનને છ મહિના અશાતા ભોગવવાની માથે પડી ! છતાં એમ થોડો જ પ્રશ્ન થાય કે 'વીતરાગ પ્રભુને દૃષ્ટિનો ઘાત (પ્રતિપાત) તો હોય જ નહિ, પછી અપાય કેમ ?' આવો પ્રશ્ન ન થવાનું કારણ આ જ કે, આ અપાય બહુ પૂર્વના કોઈ ભવના દૃષ્ટિના અભાવનું ફળ હતું....

સારાંશ, શ્રેણિક સ્થિરાદૃષ્ટિવાળા એટલે અ-પ્રતિપાત દૃષ્ટિવાળા છતાં એમને નરકગમનરૂપ અપાય કેમ ? એ પ્રશ્નનું એક રીતે આ સમાધાન આપ્યું કે અપાય એ પૂર્વના દૃષ્ટિના અભાવને લઈને બંધાયેલ કર્મનાં ફળ સ્વરૂપ હતો. બાકી સ્થિરાદિ ચાર દૃષ્ટિમાં જેમ પ્રતિપાતપતન-નાશ નહિ, એમ અપાય પણ નહિ; કેમકે અપાય એ દૃષ્ટિ પ્રતિપાતને આધીન છે, યા દૃષ્ટિના અભાવને આભારી છે.

ત્યારે પહેલી ચાર દૃષ્ટિ માટે કહ્યું કે પ્રતિપાતનો સંભવ હોવાથી એ 'સાપાય' પણ હોય, જો દૃષ્ટિનાશ નથી, તો અપાયસર્જન પણ નથી. અહીં પ્રશ્ન થાય.,-

પ્ર૦- તો પછી 'પ્રતિપાતયુતા આદ્યાઃ ચતસ્રઃ, સાપાયાઃ' એવું સૂત્ર કેમ મૂક્યું ? આ સૂત્રનો અર્થ તો એવો થાય કે પહેલી ચાર દૃષ્ટિ પ્રતિપાત (પતન-નાશ) વાળી અને અપાયવાળી હોય છે.'

ઉ૦- સામાન્ય રીતે કોઈ પણ સૂત્ર પ્રાયિક વસ્તુનું વિધાન કરનારું હોય છે. અર્થાત્ સૂત્ર જે વિષયનું વિધાન કરે છે તે પ્રાયઃ એ પ્રમાણે હોય છે; અપવાદે અન્યથા પણ હોઈ શકે છે. એટલે પ્રસ્તુતમાં આ સૂત્ર કહે છે તે પ્રાયિક કથન છે, પહેલી ચાર દૃષ્ટિ પ્રાયઃ પ્રતિપાતવાળી હોય, કિન્તુ એકાન્તે પ્રતિપાતવાળી જ હોય એમ નહિ. એમ પ્રાયઃ પ્રતિપાતના હિસાબે પ્રાયઃ 'સાપાય' યાને અપાયવાળી હોય, કિન્તુ એકાન્તે અપાયવાળી જ એમ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ, તાત્પર્ય પહેલી ચાર દૃષ્ટિનું પતન ન પણ થાય, અને અપાય ન પણ સર્જાય, એમ બને.

આ હિસાબે શ્રેણિકાદિને સ્થિરાદિ દૃષ્ટિ અપ્રતિપાતી અખંડ ઊભી છે છતાં એમને દુર્ગતિગમનનો અપાય આવ્યો, તે પૂર્વેના દૃષ્ટિ વિહોણા કાળમાં બાંધેલા કર્મને લઇને આવ્યો એમ કહેવાય, અથવા

**'શ્રેણિકાદિને કેમ અપાય ?' એનું બીજું સમાધાન :-**

'શ્રેણિકાદિ ક્ષાયિક સમકિતીને હવે દૃષ્ટિ તદ્દન પ્રતિપાત રહિત છે, અવિનાશી છે, છતાં એમને નરકગમનનો અપાય અનર્થ કેમ થયો ?' એ પ્રશ્નનું બીજું સમાધાન આ છે કે જેમને દૃષ્ટિનો ઘાત નથી, એમને અપાય પણ નથી. એટલે કે દેખીતો અપાય અનર્થ એ વાસ્તવમાં અનપાય જ છે, અનર્થરૂપ જ નથી. ભલે નરકમાં કાયિક દુઃખ રૂપ અનર્થ આવ્યો એમ દેખાય, પરંતુ એમના આત્મામાં જે સ્થિરાદૃષ્ટિનો શુભ આશય ઊભો થયો છે, એને કશી હાનિ નથી પહોંચી, અને જોવા જઇએ તો દેખાય કે-

**આત્માને વાસ્તવિક અનર્થ કયો ?**

**કાયાને હાનિ પહોંચે એ ? કે શુભ ભાવને હાનિ પહોંચે એ ?**

કહેવું જ પડે કે આત્માને કાયામાં હાનિ પહોંચે છતાં જો શુભ ભાવ સલામત છે, તો આત્માને કશો અનર્થ જ નથી. માટે તો મેતારજ- ગજસુકુમાલ- સુકોશલ વગેરેને કાયિક હાનિ ભયંકર આવી છતાં, એમણે શુભ ભાવ સલામતમાત્ર નહિ, પણ વધતા રાખ્યા ! તો એ એ કેવળજ્ઞાન પામીને મોક્ષે સિધાવ્યા ! આમાં કયાં અનર્થ થયો ? ઊલટું એમ કહો, કે અનર્થ સર્વકાળ માટે ખત્મ થઇ ગયો. એથી ઊલટું, માનો ને પુણ્યોદયે અહીં કાયાને કશી હાનિ ન પહોંચી, કશું દુઃખ ન આવ્યું, પરંતુ જો ભાવ બગડયા, અશુભ સંકિલષ્ટ અધ્યવસાય થયા, તો મરીને એ નરકભેગા થયા. માટે કહો,-

**કાયિક દુઃખ એ અનર્થ નથી પણ માનસિક દુઃખ અશુભ આશય એ જ અનર્થ છે.**

શ્રેણિકાદિને સ્થિરાદૃષ્ટિનો જે શુભ આશય પ્રગટ્યો છે, એમાં બીજી બાજુ નરકના દુઃખ છતાં કશો વિકાર કશો બિગાડો નથી આવતો. જેમ અગ્નિ બધાય ચોખાને પકાવી નાખે, પરંતુ દેવચોખાને કે કોરડું ચોખાને ન પકાવી શકે; એમ અહીં નરકના દુઃખોમાં બીજા જીવોના ભાવ બગડી જાય, આશય વિકૃત થઇ જાય, પરંતુ ક્ષાયિક સમકિતી જીવોના સ્થિરાદૃષ્ટિના શુભ આશયમાં કશું બગડી જવાનું કશો વિકાર થવાનું બનતું નથી.

એટલે તો નરકમાં બીજા જીવોને 'હાય ! કેવાં દુઃખ ?' એમ દુઃખ-ખેદના અશુભ ભાવ થાય છે, જ્યારે ત્યાં સમકિતી જીવને એ ન થતાં 'હાય ! કેવાં મારાં પૂર્વભવના દુષ્કૃત !' એમ દુષ્કૃત-ગર્હાના શુભ ભાવ થાય છે. સમજી રાખો,

'હાય ! મારે કેવાં દુઃખ ?' એ દુઃખવેદના અશુભ ભાવ છે, ને એમાં વિરાધના છે, 'હાય ! મારે પૂર્વનાં કેવા દુષ્કૃત ?' એ દુષ્કૃત-ગર્હાના શુભભાવ છે, ને એમાં આરાધના છે.

આમ સ્થિરા દૃષ્ટિવાળાને નરકના દુઃખમાં અપાયમાં પણ આંતરિક આશયનો નાશ નથી, અપાય નથી; તેથી કહેવાય કે ત્યાં એ બાહ્યથી સાપાય છતાં અભ્યન્તરથી નિરપાય (અપાય વિનાના) છે. નરકમાં પણ એમના સમ્યક્ત્વનો સદ્દૃષ્ટિનો આશય એવો નિર્મળ છે કે, એમને નરકનો વર્તમાન બાહ્ય અનર્થ અનર્થરૂપ જ નથી લાગતો. એમને તો પોતાના પૂર્વ દુષ્કૃત જ અનર્થરૂપ લાગે છે.

સવાલ થાય કે એવા નરકાદિ દુઃખમાં પણ સદ્દૃષ્ટિનો પ્રતિપાત ન થાય, ઘાત ન થાય, એમાં પ્રમાણ શું ? એનો ઉત્તર કહે છે કે આ વિષયમાં યોગાચાર્યોજ પ્રમાણ છે, એટલે ફલિત આ થયું કે પાછલી ચાર દૃષ્ટિમાં પ્રતિપાત પણ નહિ અને અપાય પણ નહિ. દુઃખમાં સમ્યગ્દૃષ્ટિ જીવની બલિહારી છે, માટે તો 'ઉવસગ્ગહરં' સ્તોત્રમાં પાર્શ્વપ્રભુની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્તુતિમાં કહ્યું.

"ચિટ્ઠઉદૂરેમંતો, તુજઝ પણામોવિ બહુફલો હોઈ;
નર તિરિયેસુવિ જીવા પાવંતિ ન દુક્ખદોગચ્ચં"

"પ્રભુ ! તમારો 'વિસહર ફુલિંગ' મંત્ર તો દૂર, પણ તમને પ્રણામ કરે તે પણ બહુ ફળદાયી થાય છે, (એથી) મનુષ્ય-તિર્યંચગતિમાં રહેલા પણ જીવો દુઃખ-દૌર્ગત્ય પામતા નથી;" દુઃખ એટલે શારીરિક ત્રાસ, દૌર્ગત્ય એટલે અપમાન-તિરસ્કારાદિ માનસિક વ્યથા. પ્રભુને પ્રણામથી એ ન આવે.

## સમકિતી જીવને દુઃખમાં દુઃખ કેમ ન લાગે ?

પ્ર૦- શું એ જીવોને પૂર્વકર્મો છોડી દે ? ને એમને દુઃખ-દૌર્ગત્ય નહિ ? અથવા શું પૂર્વના અશુભ કર્મ અહીં ઉદય-પ્રાપ્ત જ ન થાય ? કર્મસ્થિતિ પાકે એટલે ઉદયમાં તો આવે જ. અગર કહો 'પાર્શ્વપ્રભુને કરેલ પ્રણામ-નમસ્કાર એ કર્મોને તોડી નાખે,' તો પછી મહામુનિઓના તો જિન-નમસ્કાર કેટલા બધા ઊંચા હતા ? તો ય એમને દુઃખ-દૌર્ગત્ય દેનારા કર્મ ક્યાં તુટ્યાં ? એમનેય દુઃખ-દૌર્ગત્ય તો ભારી વેઠવા પડ્યા છે ! ખુદ મહાવીર પ્રભુ પર સાડા બાર વર્ષના છદ્મસ્થ ચારિત્ર-કાળમાં દુઃખ-અપમાન પારાવાર વરસ્યા છે. તાત્પર્ય, પ્રભુને પ્રણામથી દુઃખ-દૌર્ગત્ય ન આવે એ ક્યાં રહ્યું ?

ઉ૦- અહીં 'પાવંતિ ન દુક્ખ-દોગચ્ચં'નો ભાવ આ છે કે શારીરિક દુઃખ મારપીટ વગેરે અને માનસિક દુઃખકારી દૌર્ગત્ય, અપમાન, તિરસ્કાર વગેરે ગમે તેટલા વરસે પરંતુ પ્રભુને પ્રણામ-નમસ્કાર કરનાર એ પ્રભુ પર પ્રેમ-શ્રદ્ધા-ભકિતવાળો હોય છે, એને આ બાહ્ય દુઃખ-દૌર્ગત્ય એ વાસ્તવમાં દુઃખરૂપ લાગતા નથી, એનો એને અફસોસ નથી હોતો, પરંતુ એને અફસોસી હોય છે એ દુઃખદૌર્ગત્યનાં મૂળ કારણભૂત પોતાના પૂર્વકૃત દુષ્કૃતોની. તેથી જ એ દુઃખની હાય નથી કરતો કે 'હાય મારે કેવાં દુઃખ !' પણ પોતાના પૂર્વ દુષ્કૃતોની હાય કરે છે, કે 'હાય મેં કેવાં દુષ્કૃત કેવાં પાપ કરેલાં !

**મારો આત્મા કેવો કનિષ્ઠ, કેવો અધમાધમ કે સુકૃત કરવાના અવસરભૂત પૂર્વ માનવભવે સુકૃતો છોડી દુષ્કૃતો આચર્યા ?'**

**આમ આ દુષ્કૃતની હાય (દુષ્કૃતગર્હા, અને આત્મનિંદા) એ આરાધના છે; ત્યારે દુઃખની હાય એ વિરાધના છે.**

**પ્રભુ પર પ્રેમ-શ્રદ્ધા-ભક્તિવાળો સમકિતી જીવ દુઃખના અવસરે આવો જાગ્રત્ હોય છે કે દુઃખને દુઃખરૂપ અપાય-અનર્થરૂપ લેખતો નથી, પણ પાપને દુષ્કૃતને દુઃખરૂપ અપાય-અનર્થરૂપ લેખે છે.**

સારાંશ, જાગૃતિ રાખવી હોય તો ગમે તેટલું દુઃખ આવે ત્યાં દુઃખના ખેદ અને દુઃખની ગર્હાને બદલે દુષ્કૃતના ખેદ દુષ્કૃતની ગર્હા કરો. દ્વેષ આવે તો દુઃખ પર નહિ, પણ દુષ્કૃત પર દ્વેષ આવે, એવું કરો; અને જો દુઃખ પર દ્વેષ નથી, હાય નથી, તો તમે અપાયમાં નથી, અનર્થમાં નથી, પણ દુષ્કૃત પરના દ્વેષથી આરાધનામાં છો.

સ્થિરાદિ ચાર દૃષ્ટિવાળાને નરકાદિ દુઃખમાં પણ દૃષ્ટિ અખંડ ઊભી હોવાથી આ વિવેક જાગતો છે કે દુઃખ એ દ્વેષ્ય નહિ, પણ દુષ્કૃત એ દ્વેષ્ય છે. દુઃખમાં આત્માનું કશું બગડતું નથી, આત્માને કશું ગુમાવવાનું નથી, આત્માને કશો અપાય નથી; આત્માનું બગડે છે દુષ્કૃતમાં, આત્માને ગુમાવવાનું છે દુષ્કૃતમાં, માટે દુષ્કૃત જ અપાય યાને અનર્થ છે. પ્રભુ પર અવિહડ શ્રદ્ધા-પ્રેમ-ભક્તિવાળાની આ સમ્યગ્ દૃષ્ટિને, ને આ નિર્મળ વિવેકભર્યા શુભ આશયને નરકાદિનાં દુઃખ પણ વિકૃત ન કરી શકે. ધીખતા અગ્નિ પર ઉકળતું પાણી બધાય મગને પકાવી નાખે, પણ કોરડુ મગને નહિ, પુષ્કરાવર્ત મેઘ મોટા પર્વતોને ઘસારા પાડી દે પરંતુ નાના મગશેળિયા પાષાણને નહિ. ઘસારો તો શું પણ ભીંજવી ય ન શકે. એમ દુન્યવી દુઃખો અસદ્દૃષ્ટિવાળાના મનને ભીંજવે, પીગાળી નાખે, વિકૃત કરી નાખે, પરંતુ સ્થિરાદિ સદ્દૃષ્ટિવાળાના મનને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ.

**સમકિતીના શુભ આશયને દુન્યવી દુઃખ બગાડી શકે નહિ.**

એટલે તો નરકમાં બીજા જીવો પોતાની પર ઘા કરનારને મારવા દોડે, પણ સમકિતી જીવ એમ નહિ કરે. અલબત્ એના પર ભયંકર દુઃખ વરસવાથી ચીસ પડી જાય. કહ્યું ને,-

''હાંજી બળમદથી દુઃખ પામીયા,
શ્રેણિક-વસુભૂતિ જીવો રે,
જઈ ભોગવ્યા દુઃખ નરક તણાં,
મુખે પાડંતા નિત્ય રીવો રે,
-મદ આઠ નિવારો મહામુનિ !''

શ્રેણિક જેવા ક્ષાયિક સમકિતીને પણ પૂર્વે બળનો પોતાની શક્તિનો મદ આવ્યાથી, કરેલ દુષ્કૃતના કર્મે, નરકમાં એવાં દુઃખ ભોગવવા પડયા, કે હંમેશા મુખેથી ચીસાચીસ પડે છે, છતાં સમ્યગ્દર્શનનો આ પ્રભાવ કે 'સામા મારનારા જીવને હું મારી નાખું' એવી દુષ્ટ ભાવના નથી થતી. ત્યાં તો માત્ર આ જ ખેદ રહે કે 'અહો ! મારા પૂર્વનાં કેવાં દુષ્કૃત કે એ કરતાં પાછું વાળીને જોયું નહિ; ને આ ભયંકર વેઠવાનું આવ્યું !' આમાં ખૂબી કેવી છે કે, પોતાના માથા પર સીધો કુહાડાનો ઘા કરનારા પરમાધામી યા બીજા નરકના જીવો એવા ખરાબ નથી લાગતા, જેવા પોતાના દુષ્કૃત અને દુષ્કૃતકારી પોતાનો જીવ ખરાબ લાગે છે. આટલી ધીરતા અને આટલો વિવેક એ સ્થિરાદૃષ્ટિના સમ્યગ્દર્શનના પ્રભાવે રહે છે. સારાંશ,

**સદ્દૃષ્ટિવાળાને મન દુઃખ અને દુઃખદાયી સામો જીવ ખરાબ નહિ, પણ દુષ્કૃત અને દુષ્કૃતકારી પોતાનો આત્મા ખરાબ લાગે.**

સ્થિરાદૃષ્ટિમાં એવો સ્થિર શુભાશય ઊભો થયો છે કે અશુભ કર્મના ઝંઝાવાતો આવે, પણ પવનના ઝંઝાવાતોમાં જેમ મેરુ અડોલ નિશ્ચલ, એમ અહીં શુભાશય અડોલ ! નિશ્ચલ ! કહેતા નહિ, કે

પ્ર૦- આવો અડોલ સ્થિર શુભાશય શે આવે ?

**હેયોપાદેયમાં ખતવણીથી શુભાશય :-**

ઉ૦- આવે, સર્વજ્ઞકથિત હેયોપાદેય તત્ત્વનો ધીખતો વિવેક જાગતો રાખવાથી એવો સ્થિર શુભાશય આવે. એ વિવેકમાં આ કરવાનું કે,- જગતમાં જે કાંઈ દેખાય, જે કાંઈ સામે આવે, એને હેય-ઉપાદેયની ખાતાવહીમાં ખતવવાનું. દુન્યવી પ્રલોભન નજર સામે આવ્યાં તો તરત એને હેયના ચોપડામાં ખતવવાના; અર્થાત્ આ વિચારવાનું કે,

**આ દુન્યવી પ્રલોભનો મારા આત્મા માટે અત્યંત હેય છે, કેમકે આત્મનાશ કરનારા છે, આત્માના શુદ્ધ ચૈતન્યને નષ્ટ કરનારા છે.**

પછી ભલે ઈંદ્રપણાનો ઠઠારો હોય, કે મોટી ઈંદ્રાણી હોય. એમ આપત્તિ નજર સામે આવે તો એ જુએ કે 'એ કેવા પ્રકારની આપત્તિ છે ? મારા આત્માનું કશું ગુમાવરાવે એવી નથી ને ? તો ફિકર નહિ, કશો વાંધો નહિ.' 'અરે ! પૌદ્‌ગલિક સંપત્તિ જાય છે ? જવા દે. એ કર્મના હાથની વસ્તુ છે. એટલે કર્મ રુઠે, અશુભ કર્મ ઉદયમાં આવે, તો સહેજે સંપત્તિ જાય; ને આમેય સંપત્તિ જવાના સ્વભાવની તો છે જ; સ્વભાવ પર રોવું શું ? એમાં ઉપાદેય તત્ત્વ આટલું છે કે, પુદ્‌ગલ પ્રત્યે મારો ઉદાસીનભાવ જાગ્રત્ રાખું. પછી કશી મારે હાયવોય નહિ, કે કોઈના પર દ્વેષ અરુચિ નહિ.'

પંચમકાળમાં જન્મ્યા છીએ ને ? તો આવી તત્ત્વદૃષ્ટિ-તત્ત્વપરિણતિ જાગતી રાખવી પડશે; કેમકે,

**એક બાજુ આપણા પુણ્ય દુબળાં છે, હવે ત્યાં બીજી બાજુ સત્ત્વ પણ નબળું પાડીએ તો શી દશા ?**

**પુણ્ય દુબળાં એટલે** માનો કે લાખ રૂપિયા તો મળી ગયા, પણ પાછળ ઈન્કમટેક્ષ વગેરેના લફરા લાગેલાં હોય. સત્ત્વ નબળું એટલે નબળી પુણ્યાઈ વખતે હાય ને વોય કરાય. સ્વાભાવિક છે કે સત્ત્વ નબળું પાડીએ એટલે હાયવોય કેટલીય રહ્યા કરે; તે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ય પાછું કેટલુંક તો આફતોની કલ્પના કરી કરી ચિંતા-સંતાપ થયા કરે. આ તો એક પૈસા અંગે; બાકી બીજીય કેટલીય બાબતોમાં પુણ્ય-પાપનાં સંમિશ્રણ, તેથી દુબળી પુણ્યાઇ; એમાં જો નબળું સત્ત્વ તો શે બચાય ? એ સત્ત્વ નબળું ન પડવા દેવા માટે, ને સત્ત્વ હણાઇ ન જવા દેવા માટે, તત્ત્વદૃષ્ટિ-તત્ત્વપરિણતિ જાગતી રાખવી પડે.

### સત્વ ન હણાય એ માટે શી તત્ત્વપરિણતિ ?

સત્ત્વની રક્ષા માટે તત્ત્વથી વિચાર કરવો દા.ત. ભૂખ લાગી, પણ ભોજનની વાર છે, તો મનને ગુસ્સો આવવા જાય,- 'હજી સુધી રસોઇ તૈયાર નથી ?' પણ ત્યાં તત્ત્વથી વિચાર આ કરાય કે,

### ગુસ્સો દબાવવા વિચારણા :-

(૧) 'ચાલો, આમ તો રસોઇ તૈયાર હોત તો ક્ષુધાપરીસહ સહવાનો જે સંવરમાર્ગ તે આરાધત નહિ, ઝટ જમીને ક્ષુધા હટાવી દેત. ત્યારે આ સહેજે સહેજે સંવરમાર્ગ આરાધવા મળ્યો, એ સારું થયું, સહન કરી લો.'

અથવા તત્ત્વથી વિચાર આ, કે

(૨) આ મારી એકાદ કલાકની ભૂખ નરકના જીવની જીવનભરની કારમી ભૂખ આગળ શી વિસાતમાં છે ? થોડી વાર પછી તો મને ખાવા મળવાનું જ છે, તો થોડીવાર ક્ષુધા સહન કરી લેવા દે, એમાં સત્ત્વ કેળવવાનો અવસર મળશે.

## ઈંદ્રિયનિગ્રહ માટે વિચારણા

એમ અનુકૂળ વિષયમાં ઈંદ્રિય તણાવા જાય, દા.ત. પરસ્ત્રી પર આંખ ખેંચાવા જાય ત્યાં તત્ત્વથી વિચાર આ, કે -

(૧) આ જોઇને શું વળવાનું ? ઈંદ્રિયગુલામી પોષાશે, ને એ ગુલામી આગળ પર વધી જશે. જોવાથી સારું કશું મળશે નહિ. માટે નથી જોવું.

(૨) વળી ન જોઉં તો ઈંદ્રિય સામે આત્માનું સત્ત્વ અખંડ રહેશે; જોવામાં સત્ત્વ હણાશે, માટે નથી જોવું,' એમ ઈંદ્રિય વિષય તરફ ખેંચાતી અટકે.

એમ (૩) પરસ્ત્રી, કે પરસંપત્તિ, દા.ત. કોઇની મોટર બંગલો ઠાઠબંધ કપડા વગેરે જોવા આંખ ખેંચાતી હોય, ત્યાં તત્ત્વ-વિચાર આ, કે-

(૪) 'આમાં શું જોવાનું છે ? જોવું જ હોય તો કલ્પનાથી આના કરતાં ઘણું ઊંચું જોઇ શકું છું, મોટરને બદલે દેવતાઇ વિમાન, ઈંટ-ચૂનાના બંગલાને બદલે સોનાનો બંગલો, ઠાઠબંધ કપડાંને બદલે દેવતાઇ હીરા-મોતી ટાંકેલા ઝરિયાન વસ્ત્રો, આ બધું આંખ મીંચીને કલ્પનાથી જોઇ શકું છું. પરંતુ એમાં જોવા જેવું છે જ શું ? માનવી સ્ત્રીને બદલે કલ્પનાથી ઈંદ્રાણી જોઇ શકું છું. પરંતુ

### આ પરસ્ત્રી-પરધન આદિ બધામાં જોવા જેવું છે જ શું ?

જોવા જેવું તો હાલમાં વિચરતા મારે સીમંધર ભગવાનનું સમવસરણ કે ભગવાનની છાવણી છે. કલ્પનાથી એ જોઉં તો મન પ્રસન્ન પ્રશાંત થઇ જાય. માટે મૂક અહીંનું જોવાનું.' આમ મન શમી જાય, ને ઈંદ્રિય-નિગ્રહનું સત્ત્વ વિકસે.

બીજી એક તાત્ત્વિક વિચારણા આ છે, કે

(૫) દુનિયાના પદાર્થો એ મારા આત્માથી પર પદાર્થો છે.

પરપદાર્થ ઉપર મારો કોઇ અધિકાર નથી. અધિકાર બજાવવા જાઉં તો હું કર્મનો ગુનેગાર થાઉં છું. અધિકાર બહારની પ્રવૃત્તિ એ ગુનો છે.

પરપદાર્થ પર રાગદ્વેષ કરવા એ એના પર અધિકાર બજાવવા જેવું છે. એથી કર્મ બંધાય છે. આમ જો વિચારે તો આત્મા ઈંન્દ્રિયો દ્વારા 'પર' એવા વિષયોમાં ન ખેંચાય. 'જ્યાં મારો અધિકાર નહિ ત્યાં શા માટે હું માથું મારું ?'

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૬) બીજી એ પણ વિચારણા છે કે,-

એક બંગલો બીજા બંગલાને જોતો નથી. જોઈને રાજી કે નારાજ થતો નથી. એમ એક ફરનીચર બીજા ફરનીચરને જોતું નથી, જોઈને રીઝતું કે ખીજતું નથી. તો પછી મારે શા માટે બંગલો ને ફરનીચર જોવામાં પડવું ? શા માટે જોઈને રીઝવું કે ખીજવું જોઈએ ?'

(૭) 'અરે ! એ બંગલો-ફરનીચર વગેરે ખુદ મને જોવા નવરા નથી, તો હું તે એવો કેવો નવરો કે એને હું જોયા કરું ? જડ પદાર્થો તો પોતાના અધિકાર બહાર નથી જતા, તો ચેતન એવા મારે શા સારુ મારા અધિકાર બહાર જવું ?

....આવી આવી વિચારસરણીથી પણ મનની દુન્યવી વિષયોની બહુ આતુરતા શમી જાય, અને ઈંદ્રિયના-નિગ્રહનું સત્ત્વ વિકસે. એવું ઈંદ્રિયને કે મનને પ્રતિકૂળ કાંઈ આવ્યું ત્યાં સત્ત્વ ખીલવવા તત્ત્વથી વિચાર કરાય. દા.ત. ઉનાળો છે ગરમ પવન આવ્યો કે પવન બંધ થઈ ગયો ઘામ લાગવા માંડયો, ત્યાં તત્ત્વથી વિચાર આ, કે નરકમાં ભયંકર ભઠ્ઠીઓની અગ્નિમાં નારકો શેકાય છે, અહીં પણ આજે દુષ્ટ માણસો ભૂંડને ઊંચા સળીયા સાથે બાંધી નીચે ભડભડતી અગ્નિ સળગાવી શેકે છે ! એ ગરમી આગળ આ ઘામ શી વિસાતમાં છે ? આ તો સહેજે ઉષ્ણતા-પરીસહ સહવાનો સંવર માર્ગ મળ્યો, સંવર-કમાણીનો આનંદ માની શાંતિથી સહન કર.' જીવનમાં આવા કેઈ અનુકૂળ પ્રતિકૂળ કેઈ સુખ-દુઃખના પ્રસંગ આવે ત્યાં તત્ત્વથી વિચારણા રાખવાની, તો એમાં ખીલવાનું કે કરમાવાનું ન બને, ને સત્ત્વ ન હણાય, મનને સ્વસ્થ-સમતોલ રાખવાનું સત્ત્વ વિકસે. ધ્યાનમાં રાખવાનું છે કે;

**સત્ત્વની રક્ષા અને વિકાસથી ગુણસ્થાનકની પાયરીએ ચડાય છે, અને સત્ત્વને ગુમાવવાથી નીચે ઊતરી જવાય છે.**

દા.ત. યથાપ્રવૃત્ત-કરણના શુભ અધ્યવસાય જાગ્યા, પછી સંવેગ વૈરાગ્ય વિકસાવવાનું સત્ત્વ દાખવો, તો અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, અંતરકરણના શુભ અધ્યવસાય જાગીને સમ્યક્ત્વ ગુણસ્થાનકે ચડાય. પરંતુ સમકિત છતાં જો ઈષ્ટ વિષયમાં આંધળો રાગ કર્યો કે અનિષ્ટ વિષયમાં બેફામ દ્વેષ-અરુચિ કરી, તો ત્યાં સત્ત્વ હણી નાખ્યું. અનંતાનુબંધીના કષાય ને મિથ્યાત્વ ઉદયમાં આવતાં સમકિતના ગુણસ્થાનકની પાયરીએથી મિથ્યાત્વ ગુણસ્થાનકે ઊતરી જવાનું થાય. પૂછો,-

પ્ર૦- પણ એટલું બધું તે સત્ત્વ એમ શી રીતે આવે ? કે શી રીતે ટકે ? અમે કાંઈ સાધુ મહાત્મા થોડા જ છીએ ?

ઉ૦- સત્ત્વ આવે, સત્ત્વ ટકે, જો મનને કોઈ પ્રબળ ભય ઊભો થઈ જાય, યા મહાન આત્મહિત-કમાઈની પ્રબળ લાલચ ઊભી થઈ જાય દા.ત. જુઓ, કલકત્તામાં પહેલ પહેલી પાકીસ્તાની શરુ થઈ, કાપાકાપી ચાલી, ત્યારે જે માળાના દરવાજા તોડી મુસ્લીમો છરા લઈ અંદર ઘુસ્યા, ત્યાં એ માળાની સ્ત્રીઓ પણ માળાની ઉપરની અગાસી પર ચડી કછોટાવાળી પાસેના માળાની અગાસીમાં કૂદી પડી. બે માળા વચ્ચે ૩/૪ ફૂટની ગટર હતી, તો ય કૂદી ! આમ સારા સારીમાં કૂદે ? ના, તો અત્યારે કૂદી જવાનું ભારે સત્ત્વ ક્યાંથી આવ્યું ? કહો, કપાઈ મરવાનો ભારે ભય લાગ્યો. એમ

**આપણને પરલોકમાં દુર્ગતિનો, ને ભવચક્રમાં ખોવાઈ જવાનો ભય લાગે, તો ભારે સત્ત્વ આવી જાય.**

એમ અનુકૂળ વિષયોમાં ન લોભાવા માટેનું સત્ત્વ મહાન સંવરકમાઈ-તપકમાઈ-ત્યાગકમાઈ વગેરે આત્મહિતની ભારે લાલચ ઊભી કરાય તો અનુકૂળમાં ન તણાવાનું સત્ત્વ વિકસી ઊઠે.

વાત આ, તત્ત્વથી વિચારણા કરવા એક ઉપયોગી મુદ્દો આ છે કે,

તુલનાત્મક દૃષ્ટિએ જુઓ, તો પ્રતિકૂળમાં હાયવોય, કે અનુકૂળમાં હરખ હરખ નહિ થાય, અને સત્ત્વ ખીલશે.

દા.ત. વેપારમાં કે ચોરીમાં લાખ રૂા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુમાવ્યા, ત્યાં આ વિચાર કે 'ચક્રવર્તીને આખાને આખા છ ખંડ ખોવાઇ ગયા છે, એની સામે મારે તે એવી શી ખોટ છે ?'

એમ શરીર માંદું પડ્યું, ત્યાં આ વિચાર કે 'ટાટા-ઇસ્પિતાલમાં જઇને જોઉં તો દેખાય કે મારા કરતાં કેવા ભયંકર રોગીઓ ત્યાં આવે છે ! એમના રોગ આગળ મારે શો મોટો મંદવાડ છે ?' આ વિચારથી હૈયે ધરપત રહે, મન સત્ત્વહીન બની હાયવોય ન કરે.

એમ સારું કમાયા, તો તુલનાત્મક દર્શન આ, કે- 'અમેરિકાના મોટા ફોર્ડ કે રોકફેલર જેવા ક્રોડો કમાયા, એની આગળ તુચ્છ એવી મારી કમાઇ પર શું હરખાઇ જવું ?' બાકી તો-

**કર્મના પલટાતા પ્લોટોમાંનો આ કમાઇ એક પ્લોટ છે, ને તેય એક દિ પલટાવાનો.**

એના પર શું ખીલવું ?' આમ વિચારવાથી સત્ત્વ ધરી મનને સ્વસ્થ રખાય.

મિત્રાદિ ચાર દૃષ્ટિમાં આગળ વધવું હોય, કે સ્થિરાદૃષ્ટિમાં જવું ને ટકવું હોય, તો આ જ કરવાનું છે કે, તત્ત્વવિચારણા-તત્ત્વપરિણતિ કેળવી સત્ત્વને વિકસાવવાનું છે. સત્ત્વને ન હણી નાખવા ને સત્ત્વને વિકસાવવા આ એક મહાન સત્ય યાદ રાખવા જેવું છે કે,-

**સત્ત્વ અને સમાધિ બંને સાથે ચાલે છે.**

**અંતકાળે સમાધિ જોઇએ છે ? તો જીવન જીવતાં સમાધિ યાને ચિત્ત સ્વસ્થતા ખૂબ જાળવો. એ સમાધિ સત્ત્વથી જ સચવાય. માટે જો સમાધિ જોઇએ તો સત્ત્વને હણો નહિ.**

દા.ત. જરા ગરમી લાગી કે ઝટ સ્વીચ દાબી પંખો ચલાવ્યો, તો ત્યાં ગરમી સહન કરી લેવાનું સત્ત્વ ગુમાવ્યું; એટલે સ્પર્શનેન્દ્રિયની ગુલામીમાં ચિત્તની સ્વસ્થતા, ચિત્તની સમાધિ પણ ગુમાવી.

આનું પરિણામ ખબર છે ? જીવનભર આવી ને આવી રીતે સત્ત્વ હણી હણી ઈંદ્રિયોની ગુલામી સેવતાં સમાધિનો અભ્યાસ જ નથી પડતો. તેથી અંતકાળે દુબળા પડેલા શરીરમાં અનેક પીડાઓ હોય ત્યાં સમાધિ દુર્લભ થઇ જાય છે. મોટા ભાગે, જુઓ, જીવોને અંતકાળે અ-સમાધિ કેમ હોય છે ? તો કે જીવન જીવતાં ઈંદ્રિયોની ગુલામી ન સેવવાનું સત્ત્વ કેળવ્યું નથી, ને એથી ચિત્તની સમાધિનો કશો અભ્યાસ નથી રાખ્યો. જરાક જરાકશી અનુકૂળતા-પ્રતિકૂળતામાં સત્ત્વ ગુમાવી અસમાધિ જ કર્યે રાખી છે. તેથી અંતકાળ ભૂંડો અસમાધિનો આવે છે; ને

**અસમાધિમાં મૃત્યુ એટલે દુર્ગતિમાં પ્રયાણ.**

અસમાધિ સત્ત્વ ગુમાવવાથી થાય, અથવા જાતને કહો, 'અસમાધિમાં પડો છો એટલે સત્ત્વને હણી રહ્યા છો.' યોગની દૃષ્ટિ પામ્યા પછી એમાં પ્રતિપાત-પતન ન લાવવું હોય તો સત્ત્વને હણવું નહિ જોઇએ. પહેલી ચાર દૃષ્ટિમાં સત્ત્વ હણાવાનો સંભવ રહે છે, તેથી પ્રતિપાતનો અને એથી અપાયનો સંભવ રહે છે. સ્થિરાદિ પાછલી ચાર દૃષ્ટિમાં એ સંભવ નથી એટલી બધી તત્ત્વ-પરિણતિ સુનિશ્ચલ પ્રાપ્ત કરી છે.

અહીં એક સવાલ થાય કે 'ઠીક છે આ ભવમાં તો સ્થિરાદિ દૃષ્ટિમાં પ્રાપ્ત સમ્યક્ત્વ ઉપરાંત ચારિત્રનો પ્રતિપાત યાને ઘાત ન થાય, પરંતુ ભવાંતરે દેવલોકમાં જાય ત્યાં કયાં ચારિત્રનો ભાવ રહે છે ? ને એ ગયો એટલે દૃષ્ટિનો પ્રતિપાત થયો જ ને ?

આના જવાબ માટે હવે ગ્રંથકાર કહે છે,-

**(मूल) प्रयाण-भङ्गाभावेन, निशि स्वापसमः पुनः ।**
**विघातो दिव्यभवतश्चरणस्योपजायते ॥२०॥**

અર્થ :- દેવતાઇ ભવથી ચારિત્રની અટકાયત જે થાય છે એ તો (સતત પ્રવાસીના) રાત્રિની ઊંઘ સમાન છે,- પણ તેથી એનું પ્રયાણ બંધ પડી ગયું નથી ગણાતું. (કહેવાય તો એમ જ છે કે એ સતત પ્રયાણથી જઇ રહ્યો છે.)

(टीका)-प्रयाणभङ्गाभावेन इति कन्यकुब्जादि-गमने अनवरतप्रयाणकगमनेनापि, 'निशि'=रात्रौ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'स्वापसमः पुनः'=स्वापतुल्यस्तु, किम् ? इत्याह 'विघातः'= प्रतिबन्धः 'दिव्यभवतः'=देवजन्मनः सकाशात्, 'चरणस्य'= चारित्रस्य, 'उपजायते', तथाविधौदयिकभाव-योगेन । तदभावे, तु पुनस्तत्रैव प्रवृत्तिः, स्वापविगमेऽनवरतप्रयाणे च प्रवृत्तकन्य-कुब्जगन्तृगमनप्रवृत्तिवत् ।

**અર્થ:** અહીં પણ 'પ્રયાણ-ભંગાભાવેન' એટલે કે કન્યકુબ્જ વગેરે નગર તરફના પ્રવાસમાં સતત પ્રયાણ ચાલુ રહેવા દ્વારા પણ રાત્રિમાં (લેવાતી) ઊંઘની જેમ, ઊંઘ તુલ્ય શું ? તે કહે છે 'વિઘાત' અર્થાત પ્રતિબંધ (અટકાયત), દિવ્ય ભવમાં દેવજન્મના લીધે, ચારિત્રનો થાય છે. કેમકે ત્યાં દેવભવમાં તેવા પ્રકારના ઔદયિક ભાવનો યોગ હોય છે. એના અભાવમાં તો પાછી તે પ્રયાણમાં જ પ્રવૃત્તિ થાય છે, ઊંઘ પતી જતાં સતત પ્રયાણમાં પ્રવર્તમાન કન્યકુબ્જના પ્રવાસીની ગમન-પ્રવૃત્તિની જેમ.

## વિવેચન :-

હવે અહીં ગ્રંથકાર 'સમકિત સહિત ચારિત્ર પાળી દેવલોકમાં જનાર આત્મા ત્યાં ચારિત્ર ગુમાવે, છતાં દૃષ્ટિનો ઘાત નથી', એ સમજાવવા પ્રવાસીનાં પ્રયાણનું દૃષ્ટાંત આપે છે.

દા.ત.કોઈ પ્રવાસી ગામડેથી કન્યકુબ્જ વગેરે મોટા નગર તરફ જવા નીકળ્યો હોય, અને સતત પ્રયાણથી એ કન્યકુબ્જ વગેરે પોતાના ઇષ્ટ નગરે પહોંચવા માગતો હોય, તો સતત પ્રયાણ તો કરી રહ્યો છે; છતાં વચમાં રાત પડે એટલે ઊંઘવા માટે એને મુકામ કરવો પડે છે. ત્યાં ઊંઘ વખતે કોઈ પ્રયાણ ચાલુ જ કરી દે છે. એમ વચમાં ભોજન માટે અટકવું પડે તે વખતે પણ પ્રયાણ ચાલુ નથી કિન્તુ ભોજન પતી જતાં પાછું પ્રયાણ ચાલુ કરી દે છે. આવા પ્રવાસીને ઊંઘ વગેરે માટે પ્રયાણ અટકેલું હોવા છતાં કહેવાય તો એ જ કે 'એ પ્રવાસી સતત પ્રયાણથી પોતાના ઇષ્ટ નગર તરફ જઈ રહ્યો છે.' મુનિ માટે કહેવાય છે ને ? - મહારાજ સતત વિહાર ચાલુ રાખી મુંબઈ પહોંચ્યા.' તે શું વચમાં ગોચરી-નિદ્રા માટે અટકયા નહોતા ? અટકયા હતા, એ વખતે વિહાર નહોતો, પણ એ પતતાં બીજે દિવસે વિહાર ચાલુ જ હતો. તેથી કહેવાય 'સતત વિહારથી મુંબઈ પહોંચ્યા.'

એમ પ્રસ્તુતમાં સ્થિરાદિ દૃષ્ટિનાં સમકિત સહિત ચારિત્રને પાળતાં જીવ મરીને દેવલોકમાં જાય, ત્યાં કોઈ ચારિત્ર નથી હોતું; કેમકે ત્યાં દેવભવના હિસાબે વધુમાં વધુ માત્ર ચોથું સમ્યક્ત્વનું ગુણઠાણું હોય. સમ્યક્ત્વ હોય એટલે સમ્યક્ત્વના વિરોધી અનંતાનુબંધી કષાયમોહનીય-કર્મનો ઉદય ન હોય; કિન્તુ અહીં ચોથાથી આગળ દેશ-સર્વચારિત્રનું ગુણઠાણું નથી; કેમકે એને 'અપ્રત્યાખ્યાનીય' કષાય -મોહનીય તથા 'પ્રત્યાખ્યાનાવરણ' કષાયમોહનીય સ્વરૂપ ચારિત્રમોહનીય કર્મનો ઉદય છે, ઔદયિક ભાવ છે. ચારિત્ર તો આ મોહનીય કર્મનો ક્ષયોપશમ હોય તો જ આવે.

## યોગદૃષ્ટિ-પ્રયાણમાં

## વીસામાતુલ્ય દેવભવ :-

અહીં ચારિત્ર મોહનીયનો ઉદય છે, ઔદયિકભાવ છે, તેથી અહીં દેવલોકમાં ચારિત્ર નથી, છતાં જ્યાં એ દેવલોકમાંથી મનુષ્યપણું પામશે ત્યાં એને પાછી ચારિત્રમાં પ્રવૃત્તિ ચાલુ થઈ જવાની.

એટલે સ્થિરાદિ દૃષ્ટિમાંથી પાછું પડવાનું છે જ નહિ. દેવભવમાં ચારિત્ર નથી એ તો વીસામા તુલ્ય છે. વીસામો પૂરો થયો એટલે ચારિત્રમાર્ગે પ્રયાણ ચાલુ જ રહેવાનું છે. સારાંશ,-

અહીં પ્રવાસની ઉપમા આપીને કહ્યું, જેમ પ્રવાસી રાતના વીસામો કરે છતાં એનો પ્રવાસ આઠ દિવસનો કે પંદર દિવસનો..વગેરે સતત ચાલુ કહેવાય છે, તેમ અહીં સમ્યગ્દૃષ્ટિવાળી પાંચમી સ્થિરા દૃષ્ટિથી યોગી આગળ વધે છે. તેમાં વિઘાત અર્થાત પાછું પડવાનું નથી આવતું, પછી ભલે દેવલોકનો અવતાર લેવો પડયો, અને ત્યાં તો સર્વવિરતિ-ચારિત્રનું છટ્ઠું ગુણઠાણું છે નહિ. છતાં એ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવતાર પૂરો થયા પછી મનુષ્ય અવતારે ચારિત્ર આવવાનું અને એ આગળ વધતો રહેવાનો. રાત-વીસામા પછી પ્રવાસી સવારે આગળ પ્રવાસ આદરી દે છે, અને આગળ વધતો જાય છે, એમ અહીં યોગી દેવલોક-વીસામા પછી મનુષ્ય અવતારે યોગદૃષ્ટિમાં આગળ વધતો રહે છે.

આનું તાત્પર્ય આ છે કે સ્થિરાદૃષ્ટિમાં જે આંતરિક અધ્યવસાય વિશુદ્ધિ કરી તેમાં દેવના અવતારે મલિનતા આવી દેખાય, પરંતુ તે તો વીસામા તુલ્ય છે; બાકી તો વીસામો પૂરો થયે પાછો સ્થિરાદૃષ્ટિના વિશુદ્ધ આંતરિક અધ્યવસાય ઊભા કરી દે છે અને એમાં અધિક નિર્મળતા કરતો જાય છે.

## યોગદૃષ્ટિની સાધના શું છે ? :-

યોગદૃષ્ટિની સાધના આંતરિક નિર્મળ અધ્યવસાયની સાધના છે. બાહ્ય યમ-નિયમાદિની સાધના આ આંતરિક વિશુદ્ધિની સાધના માટે છે. એટલે બાહ્ય સાધના કરતાં કરતાં આપણે આ સાવધાની રાખવાની છે કે આપણા આંતરિક મનના ભાવ યાને ચિત્તના અધ્યવસાય મલિનમાંથી વિશુદ્ધ, વિશુદ્ધમાંથી વિશુદ્ધત્તર, વિશુદ્ધત્તરમાંથી વિશુદ્ધતમ બનતા આવે છે ને ?

અધ્યવસાયની વિશુદ્ધિના અસંખ્ય સ્થાનક છે. વિશુદ્ધિ સહેજ પણ વધતી ચાલે એટલે તમે એકેક વિશુદ્ધિ-સ્થાનકે આગળ વધી રહ્યા છો; અને જો વિશુદ્ધિ સહેજ પણ ઓછી કરી, અર્થાત્ સહેજ પણ અધ્યવસાયમાં મલિનતા આવી, તો વિશુદ્ધિ સ્થાનકમાંથી પાછા પડયા, આ વિશુદ્ધિમાંથી પાછા પડવાનું થાય એ સંક્લેશ-સ્થાનક છે.

આત્માના ક્ષમા-નમ્રતા-સરળતા-નિર્લોભતા, અહિંસા- સત્ય- પરમાત્મ- ભકિત, સાધુસેવા, ધર્મરાગ... વગેરેના શુદ્ધ ભાવ એ વિશુદ્ધિ કહેવાય. એ વધતા જાય એમાં ભરતી ચડે, તેમ વિશુદ્ધિ વધતી કહેવાય. એમાં જ્યાં ઘટાડો થાય, ઓટ આવે, તેમ સંકલેશ આવ્યો કહેવાય. સંક્લેશ એ કષાયનો યાવત્ ... મિથ્યાત્વનો ઉદય છે; વિશુદ્ધિ એ એનો ક્ષય-ક્ષયોપશમ છે. આ ક્ષયોપશમ નાજુક છે, ચંચળ છે. જો તમે એને ઉપાયોથી સુરક્ષિત નહિ રાખો, તો મિથ્યાત્વ-કષાયાદિ મોહનીય કર્મ ઉદયમાં આવવા તૈયાર જ છે, એનો ઉદય થયો એટલે સંક્લેશ થવાનો.

આમાં ખૂબી કેવી છે કે વિશુદ્ધિમાં આગળ વધ્યા, દા.ત. ૧૦ ટકાની વિશુદ્ધિથી આગળ વધતા ૨૦ ટકા, ૩૦ ટકા, ૪૦ ટકા, ૫૦ ટકા એમ વધતા ચાલ્યા, ત્યાં ૧૦-૨૦-૩૦-૪૦-૫૦ ટકા વધે તેમાં વિશુદ્ધિમાં છો; પરંતુ ૫૦ ટકાની વિશુદ્ધિથી ઊતરતાં ૪૦ ટકા, ૩૦ ટકાની વિશુદ્ધિએ ઊતર્યા, તો ત્યાંના ૪૦ ટકા, ૩૦ ટકા વખતે તમે સંક્લેશમાં છો; જ્યારે ચડવામાં ૩૦ ટકા ૪૦ ટકામાં વિશુદ્ધિમાં હતા ! શુભ ભાવના-અધ્યવસાયના ટકા એના એ, પણ એમાં વિશુદ્ધિ કે સંક્લેશ ? એનો આધાર શુભ ભાવમાં ચડતા છો કે ઊતરતા, એના પર છે. તાત્પર્ય,

**અંતરના શુભ ચિત્ત-પરિણામ ચડતા રંગે છે તો વિશુદ્ધિ છે, અને ઊતરતા છે, એટલે કે અશુભ થવા તરફ છે તો સંકલેશ છે.**

રાગદ્વેષ-ક્રોધાદિ કષાયને દબાવતા ચાલો તો વિશુદ્ધિ છે; અને રાગદ્વેષ-કષાયને મહેકાવતા ચાલો તો સંકલેશ છે. એમ સંસારના ઇષ્ટાનિષ્ટ પદાર્થોમાં આકર્ષણ-નારાજી થાય તો તે સંક્લેશ છે, અને બેચેની છે. સંસારના પદાર્થોની આતુરતા હોય, એ સંક્લેશ છે. એ પદાર્થો તરફ નફરતની-વૈરાગ્યની આગ સળગતી હોય, તો એ વિશુદ્ધિ છે.

પાંચમી સ્થિરાદૃષ્ટિથી અ-પ્રતિહત મોક્ષ-પ્રયાણ શરુ થાય છે. એમાં વચ્ચે દેવલોક જેવા ભવ આવે તે વીસામા જેવા છે; કેમકે તે પછી મોક્ષ-પ્રયાણ ચાલુ જ રહે છે.

આઠ યોગદૃષ્ટિની સામાન્ય રૂપરેખા અહીં વિચારી. હવે પ્રત્યેક દૃષ્ટિની સવિસ્તર વિચાર શરૂ થશે.

✤ ✤ ✤

**(હવે આગળ પ્રત્યેક યોગદૃષ્ટિનું વિવેચન બીજા ભાગમાં પ્રગટ થશે. - સંપાદક )**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ગચ્છાધિપતિ સ્વ. આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ આલેખિત સંપાદિત અને પ્રેરિત સાહિત્ય

| | પુસ્તકનું નામ | મૂલ્ય રૂપિયા |
|---|---|---|
| ૧. | નવપદ પ્રકાશ અરિહંતપદ | ૧૦ - ૦૦ |
| ૨. | નવપદ પ્રકાશ સિદ્ધપદ | ૨૦ - ૦૦ |
| ૩. | નવપદ પ્રકાશ આચાર્ય ઉપાધ્યાયપદ | ૧૦ - ૦૦ |
| ૪. | યશોધરમુનિ ચરિત્ર ભાગ-૧ | ૧૨ - ૦૦ |
| ૫. | યશોધરમુનિ ચરિત્ર ભાગ-૨ | ૯ - ૦૦ |
| ૬. | સૂરિ પુરંદર | ૫ - ૦૦ |
| ૭. | પીવત ભરભર પ્રભુ ગુણપ્યાલા | ૧૫ - ૦૦ |
| ૮. | અમીચંદની અમીદૃષ્ટિ | ૧૦ - ૦૦ |
| ૯. | તાપ હરે તનમનના | ૧૦ - ૦૦ |
| ૧૦. | ગણધરવાદ | ૧૦ - ૦૦ |
| ૧૧. | મીઠા ફલ માનવ ભવના | ૨૫ - ૦૦ |
| ૧૨. | મહાસતી ઋષિદત્તા ભાગ-૧ | ૭ - ૦૦ |
| ૧૩. | મહાસતી ઋષિદત્તા ભાગ-૨ | ૯ - ૦૦ |
| ૧૪. | પ્રતિક્રમણ સૂત્ર ચિત્ર આલ્બમ | ૨૦ - ૦૦ |

: પ્રાપ્તિસ્થાન :

**દિવ્ય દર્શન ટ્રસ્ટ**

કુમારપાળ વિ. શાહ

૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા - ૩૮૭ ૮૧૦ (જિ. અમદાવાદ)

For Private and Personal Use Only